માત્ર મને જ પ્રેમ કરુ છું..." અને પ્રતાપ કેવો ગળગળો થઈ ગયો હતો-?

ચમેલી મનોમન હસી પડી...તેનું મન કહેતું હતું પ્રતાપને એક વખત મળી આવું અને કહેતી આવું કે હવે રજાઓ પડવાની છે એટલે મમ્મી - પપ્પા ઘરની બહાર નીકળવા નહીં દે એટલે હવે તો રજાઓ પછી જ મળી શકાશે...

ચમેલીએ પોતાના વિચારનો તરત અમલ કર્યો. ચમેલી સાંસારિક જીવનનું રહસ્ય જાણે એટલી સમજણી નહોતી. દસમા ધોરણમાં ભણતી ૧૫-૧૬ વર્ષની સગીર બાળા હતી. પરંતુ આધુનિક જમાનામાં પસાર થઈ રહેલા સંજોગોએ તેને માનસિક રીતે પુખ્ત બનાવી દીધી હતી. છેલબટાઉ છોકરાઓના ટોળા આગળથી પસાર થતી વેળાએ તેના મનમાં પણ આકાંક્ષા જન્મતી કે મને પણ કોઈક છોકરો પ્રેમ કરે... મને સ્પર્શ કરે...કંઈ નહિ તો છેવટે મારી છેડતી પણ કરે... અને આ વિચાર માત્રથી જ ચમેલીના કોમળ શરીરમાં એક મીઠી ઝણઝણાટી પસાર થઈ જતી. એટલું જ નહિ પણ ત્યારે તે અમુક છોકરાને વિચિત્ર દ્રષ્ટિથી નિહાળતી. અને આખરે તેને પ્રેમ કરે, તેના શરીરને સ્પર્શ કરે તેવો પ્રતાપ તેને મળી ગયો હતો. અને ત્યારથી તે ખુશખુશાલ રહેવા લાગી.

માથે સૂરજ તપતો હતો અને ચમેલી સાયકલ લઈને ઘરની બહાર નીકળી કે તેની મમ્મીએ તેને ટોકી; " અત્યારે બપોરે ક્યાં જાય છે? તારી પરીક્ષા તો પુરી થઈ ગઈ છે એવું તું કહેતી હતી ને અત્યારે?"

" હા મમ્મી, પરીક્ષા તો પુરી થઈ ગઈ છે -" મમ્મી આગળ કંઈ ઉચ્ચારે તે પહેલાં ચમેલી એ બહાનું શોધી કાઢ્યું હતું, " પણ મારી બહેનપણીને હજુ એક વિષયની પરીક્ષા આપવાની છે. એટલે એણે મને એના ઘેર બોલાવી છે. હમણાં જઈને પાછી આવું છું"

તેની મમ્મી માની ગઈ. પપ્પા તો આખો દિવસ કામ - ધંધાર્થે ઘરની બહાર જ રહેતા હતા. એટલે પપ્પા આવે તે પહેલાં તો તે આવતી રહેશે. એમ માનીને ચમેલી પ્રતાપને મળવા સાયકલ લઈને રવાના થઈ. અને તેની બહેનપણી સંજુને સાથે લીધી. સંજુને તેણે એટલાં માટે સાથે લીધી હતી કે પ્રતાપનો મિત્ર રાજેન સંજુને પ્રેમ કરતો હતો. પ્રતાપ મળી જતાં ચમેલી અને સંજુ પ્રતાપને લઈને નજીક આવેલા બગીચામાં ગયા. ત્યાં રાજેન પણ આવી ચડતાં ચારેય પ્રેમગોષ્ઠિ કરતા બેસી રહ્યા.

ચમેલીએ પ્રતાપને જણાવી દીધું કે હવેથી વેકેશન પડે છે એટલે મળી શકાશે નહિ.

અને આ તકને ઝડપતાં પ્રતાપે કહ્યું : તો પછી હું તારા વગર કેવી રીતે રહી શકીશ...? ચમેલી... શું તું પણ મારા વગર રહી શકીશ...?"

"તારા વગર રહી ન શકી એટલે તો તને મળવા આવી છું... હું પણ તને મારા પ્રાણથી પણ વધારે ચાહું છું..."

" તો પછી આપણે આજે એક ફિલ્મ જોઈ આવીએ... આપણા વિરહની યાદ રુપે આ ફિલ્મ રહેશે."

" પણ મોડું થશે તો...?"

" કશુંય મોડું નહિ થાય... ચાલને?" અને પ્રતાપે ચમેલીને મનાવી લીધી એટલે તેણે તેના મિત્ર રાજેન પાસેથી પૈસા ચમેલી, સંજુ અને પ્રતાપ ત્રણેય ૬ થી ૯ ના ખેલમાં ફિલ્મ જોવા માટે ઉપડી ગયા. ત્રણ કલાક થીએટરના અંધકારમાં બે બાળાઓ સાથે પ્રતાપે પસાર કર્યા અને બહાર નીકળ્યા ત્યારે બહાર પણ અંધારુ છવાઈ ગયું હતું. રસ્તા પર સ્ટ્રીટ લાઈટો પણ અજવાળું પાથરતી હતી. ત્યારે ગભરાઈ ગયેલી સજુ અને ચમેલીએ પોતાની ચિંતા જણાવી.

"કેટલું બધું મોડું થઈ ગયું" આટલી મોડી રાતે ઘેર જઈશ તો મમ્મી પપ્પા મારી ધૂળ કાઢી નાખશે... મારી મારીને હાડકાં ભાંગી નાખશે... ક્યાં ગઈ'તી એવું પૂછશે તો શું જવાબ આપીશ... મને તો ગભરામણ થઈ ગઈ છે..." ચમેલી ઢીલી પડી જઈને કહ્યું સંજુની પણ એવી જ હાલત હતી.

પ્રેમના આવેગમાં ને આવેગમાં પ્રિયતમ સાથે ફિલ્મ જોઈ પણ હવે પછી કેવી કફોળી સ્થિતી ઊભી થશે એ વિચારથી જ બંને બહેન - પણીઓ હામ હારી ગઈ હતી. ત્યાં તેમનામાં હિંમત આવે એવો રસ્તો કાઢતાં પ્રતાપે કહ્યું

" ઓહો... એમાં આટલી બધી ચિંતા શાને કરે છે?"... ચાલ...હવે

ઘેર જવું નથી... મા-બાપનું ખોટું ઘેર જવું નથી... મા-બાપનું ખોટું સાંભળવું એના કરતાં મારી સાથે ચાલો... હરીશું-ફરીશું મોજ મજા કરીશું. ફરી આવો સમય ક્યારે આવવાનો છે? અને વળી વિચારવા માટે આખી રાત પડી છે કોઈને કોઈ બહાનું શોધી કહ્નશે ત્યા

સુધી ચિંતા છોડી દો..."

પ્રતાપની વાત સાંભળી બંન્ને બાળાઓને થોડી સાંત્વના મળી અને પ્રતાપની સાથે જવા તૈયાર થઈ ગઈ. પણ પ્રતાપ ચાલાક છોકરો હતો. પોતાની વાક્ છટાથી છોકરીઓને ભોળવી દીધી હતી.અને રાજેનને પણ બોલાવી લીધો. ચારેય જણા બાકરોલ ગામ તરફ ચાલ્યા ત્યારે ચમેલીએ પ્રતાપને કહ્યું કે "આટલામાં મારી એક બહેનપણી રહે છે એનું ઘર મળી જાય તો વાંધો નહી આવે... તેને સમજાવી દઈ રાત પસાર કરી દઈશું અને બાકરોલ અમારી બહેનપણીને ત્યાં રાત રોકાઈ ગયા હતાં."

પરંતુ ચમેલીની એ આશા ફળી નહીં શોધવા છતાં તેની બહેનપણીનું ઘર મળ્યું નહિ ત્યારે ચારેય જણા બાકરોલ તળાવ પાસે આવેલી બાવળીમાં ગયા. અને રાત ત્યાં જ પસાર કરવાનું વિચારી લીધું.

આકાશમાં પૂર્વ દિશાએ ચંદ્ર ક્યારનોય અજવાળું પાથરી રહ્યો હતો. ત્યારે બાકરોલની બાવળીમાં ફિલ્મમાં આવતાં હીરો-હિરોઈનના રાતવાસા જેવું દ્રશ્ય સર્જાયુ હતું. ઉનાળા નો સમય હોવાથી ઠંડા પવનથી ચારેય જણાંના મન પ્રફુલ્લિત બની ગયા હતા. એકાંત અને રાતનો સમય... ચન્દ્રનું ઝાંખુ અજવાળુ અને બે સગીર બાળાઓ સાથે બે નવયુવાન...

ધીરે ધીરે પ્રતાપ અને રાજેનની પ્રેમ ભરી વાતોમાં વાસનાની ગંધ આવવા લાગી. અને બંન્ને યુવતી પણ જાણે કે હવે કોઈ છૂટકો જ નથી એવું માનીને પોતપોતાના પ્રેમીઓ સાથે સૂઈ ગઈ. ત્યારે હવસના પૂજારી પ્રતાપે અને રાજેને બંન્ને છોકરીઓ સાથે શરીર શરીર સંબંધ બાંધ્યો... જો કે સગીર બાળાઓને એ વાતનો સહેજેય ખ્યાલ નહિ હોય કે પ્રેમના નામે બંન્ને યુવાનો તેમનું સર્વસ્વ લુંટી રહ્યા છે...સ્ત્રીના આભૂષણ જેવા શિયળ લુંટાઈ રહ્યા છે..માત્ર રમત સમજીને જે રમી રહ્યા છે તે જીવન આખું નષ્ટ તેવો અપરાધ હતો પણ એ ન સમજી શકનાર આ બાળાઓની સાથે આનંદ લૂંટી રહેલા બંન્ને યુવાનો પુખ્ત હતા. તેમને સાંસરિક જીવનના આ ભાગની પણ ખબર હતી.

સૂર્યોદય થયો. હોળીનો દિવસ હતો. ઘેર જવાની હિંમત ન હોતી એટલે અને રાતે ખેલાઈ ગયેલા પ્રણય ફાગની અસરમાં ડુબેલી બંન્ને તરુણીઓ પ્રતાપ અને રાજેન સાથે વડતાલ મંદિરમાં દર્શન કરવા ગયા. ત્યાં જમ્યા ત્યાંથી પાછા વિદ્યાનગર આવ્યા અને ચારેયજણાંએ સાથે ફિલ્મ જોઈ, ત્યાંથી છૂટ્યા બાદ એક ખંડેર મકાનમાં રાતવાસો કરવા પહોંચી ગયા. ત્યારે પ્રતાપની સાથે સૂતેલી ચમેલીએ કહ્યું " પ્રતાપ... હવે તો મારાથી તારો વિયોગ સહન નહિ થાય...ન જાણે તે શો જાદુ કરી નાંખ્યો છે કે હવે તને છોડીને જવાનું મન થતું નથી..."

"મને પણ હવે તારા વગર નહીં ગમે ...તું શાંતિ રાખ... એક દિવસ આપણે બંન્ને જણા દૂર દૂર ભાગી જઈને સુખેથી જીવન પસાર કરીશુ..."

અને આવો મીઠો મીઠો ગલગલિયાં કરે એવો પ્રેમલાપ કરતા પ્રતાપે મન ભરીને શરીરસુખ માણ્યું ત્યારે એને ખબર નહોતી કે સગીર અવસ્થા ધરાવતી આ ચમેલી તેને જેલના સળિયા ગણાવી દેશે...

ત્યાર બાદ કરમસદ અને લાંભવેલ ગામે એક એક રાત વિતાવી .

આ બાજુ સંજુ અને ચમેલી ના માં-બાપો પોતાની દિકરીઓ ગુમ થઈ હોવાથી રઘવાયા બનીને શોધાશોધ કરી રહ્યાં હતા. ચમેલીના પોતાની પિતા પત્નીને વારંવાર એક જ વાત પૂછતાં હતા કે ચમેલી કોના ઘરે ગઈ છે?

ત્યારે ચમેલીની મમ્મી રડતાં રડતાં જવાબ આપતી કે એ તો બહેનપણીને ઘેર જાઊં છું એવું કહીને ગઈ છે. મને શી ખબર કે આમ એકાએક તે ગુમ થઈ જશે નહિંતર એને ઘેરથી જ નીકળવા ન દેત... પણ હવે શું કરું -?"

" અરે પણ આ તારી છોકરી હજુ નાસમજ છે અને એને કોઈ છોકરો... જોતી નથી જમાનો કેવો છે તે ? હજુ થોડા દિવસો જ થયા છે... અહીં આપણા ગામ નજીક કરમસદમાંથી ભણતી છોકરીઓને ભગાડી ગયાના સમાચાર છાપામાં ચમક્યા હતા, કશું કહેવાય નહિ...

માં - બાપ ચિંતાના માર્યા અડધા થઈ જતા હતા અને તેમની લાડલી દિકરીઓ મોજ માણી રહી હતી. ત્રણ ત્રણ દિવસ અને રાત પસાર થવા છતાં ચમેલી અને સંજુ ઘેર પાછી ફરી નહોતી. પણ એમના મા-બાપ કરે પણ શું -? કોને જઈને કહે કે મારી દીકરી ભાગી ગઈ છે? સમાજમાં તેમનું નાક જ કપાઈ જાય. લોકોની આંગળિયો તેમની સામે તકાય ત્યારે?... પોલીસ મથકે જાણ કરવાથી પણ શો ફાયદો-? છોકરી કદાચ ના કરવાનું કરી બેઠી હોય તો ગાંઠનો ગાળિયો પોતાના ગળે પહેરી લેવાનો થાય.

એટલે ગુપ્ત રીતે શોધ કરી રહ્યા હતા. અને ધૂળેટીના બીજા દિવસે વિદ્યાનગરમાં શોધ કરવા નીકળ્યા હતા ત્યારે ચમેલી અને સંજુને સાજીનરવી શાસ્ત્રી મેદાન આગળ જોઈને તેમને શાંતિ વળી, તેમણે વલણથી ચમેલીની પૂછપરછ કરી:

" બેટા... આમ નીકળી જવાતુ હશે...? તારી મમ્મીને કહીને ગઈ હોત તો અમે ચિંતા તો ન કરત તને શોધવા માટે કેટલી બધી દોડધામ કરી છે. અમે... પણ જવા દે એ બધી વાત અમને એ તો કહે કે અત્યાર સુધી તું હતી ક્યાં - ?"

ત્યારે ના સમજ ચમેલીએ તેના પપ્પાને સઘળી હકીકત નિર્દોષપણે કહી સંભળાવતાં તેને લઈને પોલીસ મથકે આવી તેમની સગીર દિકરીને ફોસલાવી પટાવી ભગાડી જઈ ચાર દિવસ રાત સાથે ફેરવીને તેની સાથે શરીર સંબંધ બાંધી પોતાની દિકરી જીંદગી ધૂળધાણી કરનાર નરાધમોને સજા કરાવવા માટે ફરિયાદ કરવામાં આવી.

પરંતુ આ આખાય બનાવમાં ગુનેગાર છે કોણ-? ચમેલી...? તેના મા-બાપ ...? પ્રતાપ...? કે પછી પશ્ચિમી દેશોના અનુકરણને અનુસરીને એકવીસમી સદી તરફ પ્રયાણ કરી રહેલા જમાનાની નગ્ન તાસીર જવાબદાર છે? શું દીકરીઓને તેના મા-બાપ ભણવા મોકલે છે કે પ્રેમ કરવા-? દીકરીઓને આડા રસ્તે જતી રોકવા માટે શું મા-બાપે દિકરીઓનો પીછો કરવો? કોણ જવાબ આપશે...?

## ૨. કોઈનું મીટળ કોઈને વળગાડ્યું

લોકલ ટ્રેનના છેલ્લા ડબ્બામાં બારી બાજુ બેઠેલા રાજુ ગમગીન બની ગયો હતો... ઉદાસ નજરે બારીમાંથી પસાર થઈ રહેલ કુદરતની કરામતને અમસ્તો જ જાણે નિહાળી રહ્યો હતો. તેના ચહેરા પર બેવફાઈના પ્રતિઘાતથી ઉદ્ભવેલા દર્દના ચિહ્નો નજરે પડતા હતા. બાજુમાં બેઠેલા તેના મિત્ર જીતુએ તેને હસાવવા ઘણા પ્રયત્નો કર્યા પણ રાજુ હસી શક્યો નહતો... વારેવારે ઊંડા નિ:સાસા નાંખ્યા કરતા રાજુને જીતુએ હલબલાવી નાંખ્યો...

"અલ્યા તું મારી સાથે કન્યા જોવા આવે છે કે પછી કોઈકના ઉઠમણામાં જાય છે? તારો ચહેરો જોઈને કન્યા જ સામે થી નન્નો ભણી દેશે તો પછી જીંદગીભર કોઈ કન્યા તને મળશે નહી... આપણે જેને જોવા જઈએ છીએ એવી કન્યા દીવો લઈને શોધવા જઈએ તો ય નહીં મળે..."

" શાની કન્યા... અને શાનો દીવો...? મારે કોઈ કન્યા નથી જોવી..." રાજુએ ઉડાઉ જવાબ આપ્યો એટલે જીતુ અકળાયો..." તો તારે પહેલેથી ભસવું હતું ને ? હું કન્યાના મા-બાપને સંદેશો કહેવડાવી દેત તો એ લોકો બિચારા રાહ તો ન જુએ...? એમણે બધી તૈયારીઓ કરી લીધી હશે અને હવે તું અત્યારે પાણીમાં બેસી ગયો?"

"શાનું પાણી...?"

"અલ્યા તને ભાન બાન છે કે નહિ? કંઈ સમજ પડતી નથી ? શાનું પાણી તે કૂવાનું પાણી..." જીતુએ ઉશ્કેરાઈને કહ્યું.

"તે કૂવાના પાણીમાં બેસવાનું ના હોય.... એમાં તો ડૂબી મરવાનું હોય.... મારે તો કૂવો પુરવા જેવી હાલત થઈ ગઈ છે. હજુ યે એ બેવફા શાંતુની મને યાદ સતાવી રહી છે.... એણે મારૂ ખૂન કરી નાંખ્યું છે.... મારી ઉદારતા

અને મારી લાગણી ની કરપીણ હત્યા કરી નાંખી છે.... એણે મને ઝેર આપ્યું હોત તો પણ હું હસતા મુખે એ ઝેર પી જઈને મારી વફાદારી અને એના પ્રત્યેનો પ્રેમ સાબિત કરી બતાવત...."

"તું સ્પષ્ટ કહે કે શું ગયું છે તે સમય પડે.... ચોખવટ કરવી નથી ને ગોળ ગોળ વાત મને સમજાતી નથી.... માંડીને વાત કર...."

"માંડીને વાત કરૂ તો મારે મારી જાતે જ મારી જાંઘ ઉઘાડી કરવી પડે અને એ સાંભળ્યા પછી તું મને નામર્દ નમાલો ગણીશ...." એમ કહીને રાજુ એક શાયરી બોલ્યાો :

મંદિર મેરા બનાયા, મૂર્તિ કિસી ઓર કી ડાલ દી,

પૂજારી મુજે બનાયા, દક્ષિણા કિસી ઓર કો ડાલ દી,

કબર કિસી ઓર કી બનાઈ, લાશ મેરી ડાલ દી

આ સાંભળી જીતુ તરત જ બોલી ઉઠ્યો: "ઓ ભાઈ .... આ શાયરીની ભાષામાં મને સમજ પડે નહીં, કોનું મંદિર, કોની મૂર્તિ, કોની કબર અને કોની લાશ... તું ભલે શાયર બનવા માંગતો હોય.... પણ મહેરબાની કરીને મને સીધી સાદી ભાષામાં મને બધું સમજાવી દે.... હજુ સ્ટેશન આવવાની વાર છે ત્યાં સુધી મને પણ કંટાળો ન આવે...."

"જો સાંભળ...." રાજુ જાણે અતિતમાં ડુબી જતો હોય તેવી ગંભીર મુદ્રા કરીને બોલવા લાગ્યો.

"મારી પરણેતર શાંતુ.... રૂપાળી રાયણ જેવી....ભગવાને એને ઘડીને જાણે હાથ ધોઈ નાંખ્યા હોઈ....મધ્યમ બાંધો....સ્વભાવે ગુણવાન....દેખાવે રૂપસુંદરી.... અને હું રહ્યો શ્યામ....પણ મારૂ પગાર પાણી સારૂ મારા ફોઈનો દીકરો શંભુ મારા માટે કન્યા શોધી લાવ્યો.... શાંતુને... એના જ ગામની છોકરી અને નાનપણથી શંભુની નજર તળે ઉછરેલી શાંતુના વખાણ કરતા થાકતો એટલે હું શાંતુને જોવા માટે ગયો હતો. "

આમ તો હું એકલ પંડ્યે... બહેનો એમની સાસરીમાં.... મોટો ભાઈ એનું કરીને બેસી ગયો.... મા-બાપ ભગવાનને ધામ પહોંચી ગયા.... હું એકલો જ કાચો કુંવારો રહી ગયો...સગા ભાઈએ સાથ છોડી દીધો.... મારા ભાગની મિલકતમાંથી મારા લગ્નનો ખર્ચો કાઢી નાંખીશ.... એક આ મારી ફોઈના છોકરા શંભુ મારી પડખે આવ્યો અને મારા માથે ખૂંપ મૂકવાની હિંમત કરી હતી.

શાંતુને જોઈને જ હું એના પર મોહી પડ્યો હતો.... ગામમાં અને મારા ભાઈ શંભુના ઘેર ગયો ત્યાં સુધી તો હું ગભરાતો રહ્યો હતો કે છોકરી મને પસંદ કરશે કે નહિ? ના પાડી દેશે તો? એ બધી વાતોથી હું ગભરાતો હતો પણ જ્યારે એ છોકરી એટલે કે શાંતુએ મારા ભાઈના ઘેર શંભુની હાજરીમાં જ મને જોતાંની સાથે જ પસંદ કરી લીધો અને શરમાઈને એના ઘેર ચાલી ગઈ ત્યારે તો હું ખુશીનો માર્યો કૂદી પડ્યો હતો....

આટલી સુંદર અને કોમળ કાયા, નમણી આંખો ધરાવતી શાંતુએ મારા શ્યામ રંગની પરવા કર્યા વગર મારી સાથે લગ્ન કરવા તૈયાર થઈ ગઈ એ મારા માટે અતિ આનંદની વાત હતી.... મે શંભુનો આભાર માન્યો અને ત્યાંથી વિદાય લેતાં મેં ફરીથી શાંતુને બોલાવડાવી. એ આવી ત્યારે હું એને જોંઈ જ રહ્યો.... હું જાઉં છું એવું કહેવાની પણ મારામાં હિંમત નહોતી છતાં.... મેં વિદાય લીધી અને મેં પણ એને પસંદ કરી છે એની નિશાની રૂપે મેં શાંતુને ૫૦ રૂપિયાની કડકડતી નોટ આપી અને એણે મારા હાથને સ્પર્શે એ રીતે લઈ પણ લીધી....

એ ક્ષણે જીતુ તું નહિ માને પણ શાંતુના કોમળ હાથનો સ્પર્શ થતાં જ મારા આખા શરીરમાં ઝણઝણાટી પસાર થઈ ગઈ હતી.... અને મેં શંભુ દ્વારા વહેલામાં વહેલી તકે લગ્ન પણ ગોઠવી દીધાં. એક જ અઠવાડિયા બાદ શાંતુ મારી પત્ની બનીને મારા ઘરમાં.... મારી સાથે એક જ ઢોલીયામાં મને અડીને બેઠી હતી.... હું ખુશખુશાલ હતો.... પત્ની તરીકે શાંતુને પ્રાપ્ત કરવા બદલ મારી જાતને હું ધન્ય માનવા લાગ્યો.... પણ શાંતુના શાંતુના મોહમાં ફસાયેલો હું એ વાત વિચારી નહોતો શક્યો કે રૂપરૂપના અંબાર સમી શાંતુને તો મારાથી હજાર ગણો રૂપાળો વર મળત અને એણે મારા જેવા શ્યામરંગીને પતિ તરીકે પસંદ કર્યો ? પણ કોણ જાણે કેમ મને આ વાત વિચારવાની તક ન મળી.

એ પછી અમે બંન્ને મારી નોકરીના સ્થળે રહેવા ચાલ્યા ગયા. લગ્નને બે માસ થયા અને હું નોકરી પર જવા માટે નીકળતો જ હતો કે શાંતુને ચક્કર આવવા લાગ્યા અને ઉબકા થવા લાગ્યા.... હું શાંતુને જીવથી પણ વધારે ચાહતો હતો એટલે શાંતુની તબિયત બગડતી જોઈને હું ગભરાઈ ગયો.... નોકરીએ જવાનું મેં માંડવાળ રાખ્યું અને શાંતુને દવાખાને લઈ ગયો. ત્યારે ડૉક્ટરે મારી સાથે હાથ મિલાવી અભિનંદન આપતાં જણાવ્યું કે "ચિંતા કરવાની જરૂર નથી.... તમારી પત્નીને ગર્ભ રહ્યો છે...."

હું તો ફુલ્યો શમાયો નહીં મને એવું લાગ્યું કે, મારા નસીબ આડેથી પાંદડુ ખસી ગયું છે...શાંતુ જેવી પત્ની મળી અને ઘરમાં ઘોડિયું બંધાશે.... ઉત્સાહમાંને ઉત્સાહમાં મેં ડૉક્ટર ને પૂછી લીધુ: "ડૉક્ટર સાહેબ ...બાબો આવશે કે બેબી? એની જરા તપાસ કરી લો ને?"

ત્યારે ડૉક્ટર મારી સામે હું નાનું બાળક હોઉં એ રીતે જોઈ રહ્યા અને બોલ્યા: "એની તપાસ તો ચોથા મહીને કરીએ ત્યારે ખબર પડે.... હજુ તો તમારી પત્ની ને ત્રણ મહિનાનો જ ગર્ભ છે...."

"ત્રણ મહિના....?" "મને આશ્ચર્ય થયું ..." "તમને ચોક્કસ ખબર છે?"

" હા - હા.... વળી કેમ ? અમે ડૉક્ટરો ખોટું ના બોલીએ...."

ડૉક્ટરની વાત સાંભળ્યા પછી મારો તમામ ઉત્સાહ મરી પરવાર્યો.... શાંતનું ને ત્રણ મહિનાનો ગર્ભ રહ્યો છે એ જાણીને હું વિચારમાં પડી ગયો.... બહાર નીકળ્યો ત્યારે શાંતુએ મને પૂછ્યું કે "શું કહ્યું ડૉક્ટરે ? શું આવશે ?"

"ડૉક્ટરે કશું કહ્યું નહિ.... ચિંતા કરવાની જરૂર ની એક મહિના પછી આવવાનું કહ્યું છે એ વખતે તપાસ કરી આપશે...."

ત્યારબાદ મેં બીજા ડૉક્ટર પાસે શાંતુની તપાસ કરાવી.... ત્રીજા ડૉક્ટર પાસે તપાસ કરાવી.... અને ત્યારબાદ મેં ઘણો વિચાર કર્યો અને પછી એકરાતે મેં શાંતુને પૂછ્યું.

"શાંતુ.... જો મને તારી ઉપર પૂરો વિશ્વાસ છે અને મેં મારી જીંદગીમાં તારા સિવાય કોઈ છોકરીનો સ્પર્શ કર્યો નથી.... તું જ મારી જીંદગી છે તારા સિવાય બીજી કોઈનો મેં વિચાર પણ કર્યો નથી પણ હવે તારા ઉપર મને થોડેક શક ગયો છે....તારે આજે મને સાચેસાચું કહી દેવું પડશે..."

"તમે પણ મારી ઉપર વિશ્વાસ રાખો.... હું પણ તમારા સિવાય બીજા કોઈના સંપર્કમાં આવી નથી.... મારા શરીરનો પ્રથમ સ્પર્શ કરનાર એક તમે જ છો.... પસંદગીનો કંથ મેળવવા માટે તો મેં બાર વર્ષની હતી ત્યારથી દર વર્ષે ગૌરીવ્રત કર્યા છે અને તમને પસંદ કરી લીધા....હવે હું સાચેસાચું કહું છું કે તમારા સિવાય મારો બીજો કોઈ સંપર્ક નથી પણ તમને મારી ઉપર શાનો શક છે એ કહો?"

" આપણા લગ્ન પહેલાં તું કોઈની સાથે બોલતી હતી? કોઈની સાથે તેં શરીરસંભોગ ભુલથી પણ કર્યો છે ? સાચુ કહી દે.... તારી અને મારી વચ્ચે કોઈ તિરાડ નહીં પડે કે એ જાણ્યા પછી તારા પ્રત્યેનો પ્રેમ ઓછો નહીં થાય...."

પણ તો ય શાંતુએ ઈન્કાર કરી દીધો....કહી દીધું કે, મારા સિવાય તેણે કોઈની સાથે સહવાસ કર્યો નથી. એટલે મેં એની ઉલટ પૂછપરછ શરૂ કરી.

" શાંતુ.... આપણા લગન થયે કેટલો ટાઈમ થયો....?"

" કેમ ભુલી ગયા ? તમને તો તારીખ વાર સાથે બધું યાદ રહે છે ને ?"

" મને તો બધુ યાદ છે પણ હું તને પૂછુ છું...."

" આપણા લગ્નને બે મહિના થયા છે...."

" અને તારા પેટમાં ત્રણ મહિનાનો ગર્ભ છે." આપણા લગ્નને બે મહિના થયા છે અને તારા પેટમાં ત્રણ મહિનાનો ગર્ભ છે ત્રણે ત્રણ ડૉક્ટરોના એકસરખા રિપોર્ટ છે.... આપણા લગ્ન પહેલાં એક મહિને તેં કોઈની સાથે વાસના સંતોષી હોય અને એનાથી તને ગર્ભ રહ્યો છે એટલે હવે તું કબૂલે કે ના કબૂલે પણ તારા પેટમાં મારો નહિ પણ બીજાનો ગર્ભ છે...."

શાંતુ ભાંગી પડી એટલે કબૂલી લીધું અને માફી પણ માગી કે એને

તેનાં જ ગામના તેના જ ફળિયામાં રહેતા મનોજ સાથે આડો સંબંધ હતો અને એનાથી જ એને ગર્ભ રહ્યો છે.

મનોજનું નામ આવતાં જ હું ચમક્યો....

આ એ જ મનોજ હતો કે જ્યારે શાંતુને મેં પસંદ કરી ત્યારે મેં ૫૦ રૂપિયા આપ્યા હતા એ ૫૦ રૂપિયા લઈને શાંતુ અને મનોજ પીક્ચર જોવા ગયા હતા. લગ્ન પહેલાં જ્યારે મને મળવા શાંતુ આવી અને અમે પિક્ચર જોવાનો પ્રોગ્રામ બનાવ્યો ત્યારે પણ આ મનોજ તેની સાથે હતો. ચા- પાણી- નાસ્તો- પિક્ચર વગેરે જલસા કરવામાં આ મનોજ સાથે જ રહ્યો હતો. એટલું જ નહિ પણ સગાઈ બાદ મને મળવા આવેલી શાંતુને તેના માટે ખરીદી કરવા ૫૦૦ રૂપિયા આપ્યા હતા એ રૂપિયાની શાંતુએ મનોજને પોતાના નામની વિંટી બનાવી આપી હતી.... ત્યારે મને આ મનોજ પ્રત્યે કોઈ શક નહોતો પણ એ ભેદ અત્યારે ખુલતાં મને અદેખાઈ થઈ.

હું મૂર્ખ તે શાંતુના મા-બાપને જાણ કર્યા વિના કોઈકનું પાપ લઈને ફરતી મારી પત્ની શાંતુનો ચાર મહિને ગર્ભપાત કરાવી દીધો. એ મારી ભયંકર ભૂલ.... ગર્ભપાત બાદ શાંતુ મુક્ત બની ગઈ અને મને છોડીને તેના પિયરમાં પહોંચી ગઈ હું જ્યારે તેડવા ગયો ત્યારે તે અગાઉ શાંતુએ તેના પિયરમાં મારા વિરૂધ્ધ ચડવણી કરી ચુકી હતી અને મેં બળજબરીથી તેનો ગર્ભપાત કરાવી દીધો છે એવો આક્ષેપ કરીને મને માર મારી કાઢી મૂક્યો.... ગામની ભાગોળે ઊભેલા મનોજ મને ચપ્પુ બતાવી ધમકી આપી કે શાંતુ મારી છે અને મારી રહેશે હવે જો એને તેડવા આવ્યો છે તો આ ચાકુ હુલાવી દઈશ.... તેં અમારા પ્રેમની નિશાની કઢાવી નાંખી છે....

ત્યાંથી હું ભાગ્યો.... મેં મારા ભાઈ શંભુને વાત કરી પણ ત્યારે મને ખબર પડી કે શાંતુ - મનોજ વચ્ચે ચાલતા અનૈતિક સંબંધો ગામ આખું જાણતું હતું. ખુદ મારો ભાઈ શંભુ જાણતો હતો માત્ર હું જ જાણતા નહોતો.... હું અભાગિયો ભોળો હતો.... મેં મારા માણસો ઉપર આંધળો વિશ્વાસ મુક્યો હતો. પણ એમણે જ મારી સાથે વિશ્વાસઘાત કર્યો હતો. પ્રથમ મારા ભાઈ અને પછી મારી પત્નીએ દગો કર્યો.... શંભુ શાંતુના સંબંધો જાણતો હોવા છતાં પૈસા લઈને મને વળગાડી દીધી હતી.

આખરે શાંતુએ મારી સાથે આવવાની ના પાડતાં અમોએ છૂટાછેડા લઈ લીધા.... છ માસના લગ્ન જીવન બાદ અમો બંન્ને છૂટા પડ્યા પણ શાંતુએ કરેલા દગાએ મને ભાંગી નાંખ્યો છે...."

સ્ટેશન આવી ગયું જીતુએ રાજુને દિલાસો આપ્યો.... સ્ટેશને ઉતરવા કહ્યું બંન્ને ઊતર્યા તો ખરા પણ પછી ગામમાં આવવાની રાજુએ ના પાડી દીધી મારે હવે કોઈ કન્યા જોવી નથી.... મારે હવે લગ્ન પણ કરવું નથી.... મારી ચરિત્ર્ય મને ભોળો જાણીને છેતરતી રહેશે.... એક પાપ તો મેં ગર્ભપાત કરાવીને કર્યુ હવે બીજુ પાપ કરવું નથી.

અને જીતુ સમજાવતો રહ્યો અને રાજુ વળતી ગાડીમાં પાછો રવાના થઈ ગયો....

## ૩. એક હતી ચૂંડેલ... અને એક હતો હત્યારો

સૂરજ આથમણી દિશામાં અર્દશ્ય થઈ ગયો અને થોડી ક્ષણો બાદ અવનિ પર અંધકારના ઓળા ઉતરી આવ્યા... શિયાળાનો સમય હતો. સૂર્યાસ્ત પછી તુરત જ ચોમેર અંધારૂ છવાઈ જતાં ગામથી એકાદ ફલાંગ દૂર આવેલ ખેતરમાં આંટો મારવા ગયેલા સામંતે ધારિયું સંભાળ્યું અને ઝડપથી ચાલવા માંડ્યો ગામ તરફ...

સામંત મજબુત બાંધાનો પચ્ચીસેક વર્ષની ઉંમરનો જુવાન હતો. સાડા પાંચેક ફૂટની ઉંચાઈ ધરાવતો સામંત જો કડિયાળી ડાંગ સાથે નીકળે તો કાચો - પોચો તો એનો રસ્તો ચાતરી જાય... પોતાની ઉંમરના ચાર - પાંચ જણાને એ એકલો જ ભારે પડી જાય એટલી એનામાં તાકાત અને હિંમત હતી, પરંતુ.....

આ બળુકો ભૂત પ્રેતથી નાના બાળકની જેમ ફફડી જતો... એની કમજોરી એ હતી કે જ્યાં પણ એને જે પણ ભૂતપ્રેત ની દંતકથા કે ઉપજાવી કાઢેલી વાર્તા કહેતું હોય ત્યારે પોતાનું કામ પડતું મૂકીને પણ સાંભળવા માટે રોકાઈ જતો....એને આવી બધી વાતો સાંભળવાનો ભારે રસ હતો અને પછી આ

વાતો મમળાવતો.... ક્યાંય એકલો જાતો આવતો હોય ત્યારે એના દિમાગ પર ભૂત-પ્રેતની વાતો યાદ આવતી અને સાંભળેલી વાતોનું એની નજર સમક્ષ નાટકીય રૂપાંતર થવા લાગતું એ વખતે જો અચાનક કોઈ પક્ષીના ઉડવાનો અવાજ આવે કે સામંત ફફડી જતો.

આજે ખેતરમાંથી ઘેર જવામાં અચાનક મોડો પડેલો સામંત હિંમત રાખીને ગામ તરફ ચાલવા દોડવા લાગ્યો..... ગામમાં સીમ જાણે એને ભૂત - પ્રેતનો વાસ હોય એમ લાગવા માંડ્યું.ગામમાં જવા માટે ગાડાવાટ હતી અને સામંત માટે આ ગાડાવાટ પસાર કરવી ભારે પડી ગઈ જાણે.... તેના હાથમાં ધારિયું હતું પણ જાણે એના હાથ ધારિયાના હાથા સાથે બાંધી દીધા હતાં.

" રામ - રામ - જય બજરંગબલી" ને યાદ કરતો સામંત આજુબાજુ નજર કર્યા સિવાય ફાટી આંખે, ડરામણી આંખ ગાડાવાટ પર ફેંકતો જઈ રહ્યો હતો....

ત્યાં અચાનક તેને યાદ આવી ગયું કે આજે તો રવિવાર છે અને એના હાંજા ગગડી ગયા.... અત્યાર સુધી ભૂત-પ્રેત-પિશાચની સાંભળેલી વાતોમાં ઘણે ભાગે આવા કૌતુક મંગળવારે કે રવિવારે દેખા દેતા હોય છે અને આજે રવિવાર છે. સૂરજ આથમી ચૂક્યો હતો. અંધારૂ છવાવા લાગ્યું હતું. આકાશમાં ક્યાંક ક્યાંક ઝાંખા તારા દેખાવાનો પ્રારંભ થઈ ચૂક્યો હતો....

અડધી ગાડાવાટ સુધી પહોચ્યો સામંતના પગ જલદી જલદી ઉપડવા લાગ્યા.... અડધી ગાડાવાટ બાકી હતી પસાર કરવામાં.... પણ જાણે પગ ભારે થઈ ગયા.... એના હ્યદયના ધબકારા વધી ગયા હતા.... મનોમન એવું પણ વિચારી રહ્યો હતો કે હવે રવિવાર કે મંગળવારનો દિવસ હોય તે વખતે કોઈપણ જગ્યાએ થી સૂરજ આથમે તે પહેલાં ઘરે પહોંચી જવું.... એકલો હોય તો.... કોઈ ગાલાબોલું સાથે હોય તો વાંધો નહિ....

વિચારતો.... ફફડતો.... જઈ રહેલા સામંતના પગ એકદમ થંભી ગયા.... હોઠ ફફડવા લાગ્યા.... આંખો એની ભયભીત બની ગઈ....

ગામ તરફથી આવતી ગાડાવાટમાં એક કાળો ઓળો તેનાં તરફ આવતો હતો.... ચાલવાના હાવભાવથી સામંતને એ ઓળો કોઈ ભૂત-પ્રેત હોય એવું લાગ્યું અને એ ફફડી ગયો... હવે? ખભા પરના ધારિયાના હાથાને બે હાથે પકડ્યો. અંધારાનો ઓળો તેની નજીક આવતો ગયો.... અને સામંતના હાજાં ગગડવા લાગ્યા...

સામેથી આવતી છાયા કોઈ માનવી કે પ્રાણીની છે એની તેને ખબર પડી નહીં માંડ દશેક ડગલી નજીક આવી પહોંચેલ છાયાને થોભાવી દેવા સામંતે ધ્રૂજતા અવાજમાં કહ્યું.

" ઊભું રહે જે હોય તે.... ત્યાં જ ઉભુ રહે.... કોણ છે તું ?"

માનવી જેવી લાગતી આ છાયા ઉભી રહી નહી બલ્કે એણે સામંતનો પ્રશ્ન જાણે સાંભળ્યો જ ન હોય તે રીતે ચાલવા લાગતાં.... ભયભીત બની ગયેલા સામંતે એકદમ નજીક આવી ગયેલ એ છાયા નક્કી ડાકણ કે ચૂંડેલ જ હોવાનું માની લઈને સામંતે ખભા પરનું ધારિયું ઉચુ કર્યુ અને સામેથી આવી રહેલ છાયાએ એકદમ હાથ ઉંચા કરીને હલાવવા લાગી. આ છાયાએ જ્યારે તેના બંન્ને હાથ ઉંચા કર્યા ત્યારે જાણે સામંતને પકડવા પ્રયત્ન કરતી હોય એવું લાગ્યું કે....

એ ચૂંડેલ આવીને મને પકડશે એવા ગર્ભિત ભયથી જીવ પર આવી ગયેલા સામંતે તેના પાસેના ધારિયાને બંન્ને હાથમાં મજબુતાઈથી પકડી ઉંચુ કર્યુ અને એકદમ બે કદમ નજીક આવી ગયેલ છાયાને જોઈને ફફફડી ઉઠેલા સામંતે આંખો બંધ કરી દીધી અને હવામાં ઉંચા થયેલા ધારિયાને આમ-તેમ વીંઝીને પેલી છાયા પર વાર કરી દીધા.... ચાર-પાંચ વખત જોરથી વીંઝેલ ધારિયાના તીક્ષ્ણ ધારના ઘાથી છાયા ધરતી પર સહેજ પણ ચીસ કે બૂમ પાડ્યા વિના ઢળી પડી....

કોઈ માનવી હોત તો તેનો જવાબ આપત.... ધારિયાનો ઘા વાગવાની ચીસ પાડી હોત પરંતુ આ છાયાતો કોઈ જ પ્રકારની ચીસ પાડી નહી ત્યારે નક્કી કોઈ ડાકણ કે ચૂંડેલ તેને ભેટી ગઈ છે અને તેને ડરાવવા માટે જ ઢળી પડી છે. એમ સમજીને સામંતે ધારિયા સાથે ગામ ભણી હડી કાઢી.... અને પાછળ જોયા વગર ગામને પાદર પહોંચ્યો ત્યારે તેની છાતી ધમણની માફક ઉંચી નીચી થતી હતી.... રાત્રિના સમયે ગામને ગોંદરે કુદરતી હાજતે જવા આવેલ ગામના બે-ત્રણ જણાએ એને દોડતો પણ જોયો હતો. ગામના ગોદરે આવીને ઉભેલા

સામંતે શ્વાસ લીધો અને પછી ગામમાં દાખલ થઈ ગયો.

પાછળ ભૂત પડ્યું એ રીતે ભાગેલા સામંતે પાછુ વળીને પણ જોયું નહોતું કેમ કે એ જિંદગીમાં પ્રથમ ભૂતડી જોઈને આવ્યો હતો. ધારિયાના ઘા માર્યા પછી એ છાયાનું શું થયું એ જોવા પણ ઉભો રહ્યો નહોતો.... ઘેર પહોંચ્યો ત્યારે એની ભાભીએ તેના ગભરામણ ભર્યો ચહેરો પારખીને પૂછ્યું ય ખરૂં.

" કેમ સામંતભાઈ ? આમ ભૂત પાછળ પડ્યું એમ દોડીને આવ્યા છો કે શું?"

" ભૂત ? હા ભૂત...." સામંતે ધ્રૂજતા અવાજે કહ્યું અને હાથમાંનુ ધારિયું ઘરના ખૂણામાં નાંખી દઈને ગોદડું ઓઢીને ઉંઘી ગયો.... વાળુ પણ કરવા રોકાયો નહોતો. એને વાળુ કરવા માટે જગાડવા ગયેલી ભાભીએ સામંતના શરીરને હાથ લગાડ્યો.... તાવ ચડી ગયો હતો સામંતને.... ભૂત-પ્રેતથી સામંત કરે છે એ એની ભાભી જાણતી હતી અને આજે રવિવાર છે એની જાણ થતાં કોઈ પડછાયાથી કદાચ સામંત ડરી ગયો હશે એવું માનીને તેની ભાભીએ આવડતી વિધી કરી પણ સામંતનો તાવ ન ઉતર્યો.... સવાર સુધી તે પગથી માથા સુધી ગોદડી ઓઢીને પડ્યો રહ્યો.

પરંતુ બીજા દિવસની સવાર એના માટે કમનસીબ સાબિત થઈ. સામંતને જગાડવા માટે અવોલી ભાભીએ અઘટિત સમાચાર સંભળાવ્યા અને સામંતની આંખો પહોળી થઈ ગઈ....

" સામંતભાઈ.... તમે તો રાતના ગોદડી ઓઢીને સૂઈ ગયા આરામથી પણ ગામમાં શું શું બને છે એની તમને કશી ખબર છે?"

" શુ....?"

" સાવ અજાણ છો તમે તો બુધ્ધુ...." ભાભીએ છણકો કરતાં કહ્યું : " આપણા ગામના છેવાડે પેલા પોપટ ભરવાડ નથી રહેતા....? એમની જુવાન છોકરી છે જમકુ.... બિચારી બહેરી મુંગી હતી.... કશુંય બોલી શકતી નહોતી....

" તે એનું શું છે?"

" એની કોઈકે હત્યા કરી નાંખી.... ધારિયું મારીને અને મેં તો ત્યાં સુધી સાંભળ્યું છે કે કોઈકે એ બચારી ઉપર બળાત્કાર કરીને પછી ધારિયાથી મારી નાંખી છે.... "

" હેં.... ના હોય....? " સામંતની આંખો પહોળી થઈ ગઈ.... સાથે એનું મોઢું પણ પહોળુ થઈ ગયું ક.....ક....ક્યાં આગળ થયું.?

" આપણા ખેતરમાં જતાં ગાડાવાટમાં.... બિચારીના ગળામાં બહું વાગ્યું છે... મને તો વધારે ખબર નથી પણ આ તો ગામના લોકો વાતો કરે છે.... જમકુ રાતે સમી સાંજે લોટો લઈને કુદરતી હાજતે જવા નીકળી હતી. પણ જ્યારે પાછી ના આવી ત્યારે એના મા-બાપે તેની શોધખોળ કરી પણ રાતે ક્યાંથી મળે એક તો બુમો પાડીએ તો સાંભળે નહી અને કોઈક એને પજવતું હોય તો બૂમ પાડી ના શકે....બિચારી જમકુ.... એની લાશ ગાડાવાટની વાડ બાજુ પડી હતી....કાળા કપડાં લોહીલુહાણ થઈ ગયા હતા....એનો ચણિયો પણ ફાટી ગયો હતો....જાણે રાત્રે શિયાળવાએ ફાડી ખાધો હોય એમ...."

આ વાત સાંભળીને સામંત પથારીમાં બેઠા બેઠા ધ્રુજી ઉઠ્યો....

એની નજર સામે ખેતરમાંથી પાછા ફરતી વખતે ગાડાવાટમાં બનેલી ઘટના યાદ આવી ગઈ....અને થોથવાઈ ગયો....

" ત...ત...તો એ ભરવાડની બહેરી - મૂંગી છોકરી જમકુ હતી....?" સામંત મનોમન બબડ્યો... કદાચ એટલે જ એ ભૂતડી જેવી દેખાતી જમકુને બોલાવી પણ મૂંગી જમકુ બોલી ન શકી અને એટલે જ તો એ બિચારી હાથ ઉંચા કરીને હલાવતી હતી અને હું બિકણ એમ સમજ્યો કે એ ભૂતડી છે અને હવામાં ઉડવા હાથ ઉંચા કર્યા છે. હે ભગવાન હવે શું થશે ? મનોમન બબડતા સામંતના ચહેરાનો રંગ ફિક્કો પડી ગયો.... ખાટલા પરથી એકદમ ગોદડી ફેંકીને ઊભો થઈ ગયો.... અને સીધો ગયો ઘરમાં જે ખૂણામાં તેણે રાત્રે ધારિયું મૂક્યું હતું....

ધારિયાની ધાર પર ઝીણવટથી જોયું તો ત્યાં લોહી લપેટાયેલું દેખાયું....સામંત એટલું તો જાણતો જ હતો કે ભૂત-પ્રેતને ધારિયાના ઘા વાગે નહીં

કેમ કે એ તો ભટકતી આત્માની છાયા પડછાયો હોય છે. જ્યારે આ તો માણસનું લોહી છે. નક્કી પોતાના હાથે જમકુંનું ખૂન થઈ ગયું છે... એણે ધારિયું એક પૂળાના ઓઘલામાં સંતાડી દીધું અને કંઈ જ બન્યું ના હોય એવા ભાવથી રોજનો ક્રમ પતાવવા લાગ્યો. વિચારતો હતોકે જો એ જમકુડી હોય તો એણે તેને ભૂતડી સમજીને ધારિયાથી અજાણતાથી જ મારી નાંખી છે પણ ભાભી કહેતી હતી એમ જમકુડી ઉપર બળાત્કાર કરીને મારી નાંખી છે ? કદાચ એનાં ફાટેલાં કપડાં ઉપરથી લોકોએ વાતો કરી હશે.

જમકુના પિતાએ પોલીસ સ્ટેશને જઈને તેમની જુવાન પુત્રીને બહેરી - મૂંગી દીકરીની ઉપર બળાત્કાર કરીને ધારિયાથી કાપી નાંખી હત્યા કરી નાંખી હોવાની ફરિયાદ કરી.... પોલીસે ડોગસ્કવોડ ની મદદથી સામંતના ઘર સુધી પહોંચી ગઈ અને સામંતે ધારિયું પણ પોલીસને સોંપ્યું... અને પોતે પોલીસને શરણે થઈ જતાં જણાવી દીધું કે તેણે જમકુડીની હત્યા કરી નથી કે એના પર બળાત્કાર કર્યો નથી પરંતુ કાળ ચોઘડિયે મને ભરમાવી દીધો જમકુને ભૂતડી સમજીને ધારિયું મારી દીધુ હતું. એ ભરવાડની છોકરી જમકુની મારા હાથે હત્યા અજાણતામાં થઈ ગઈ છે.

## ૪. માદળિયાની ફેરબદલીનું રહસ્ય

રાષ્ટ્રીય ધોરી માર્ગ એક મિનીટ માટે પણ રાહત અનુભવે એમ નહોતી....સતત વાહનોની વણઝાર પસ્વર થતી રહેતી.... નાના-મોટા-ભારે વાહનોથી ધમધમતા આ રાષ્ટ્રીય ધોરી માર્ગને વીંધીને પસાર થતી મહી કેનાલની બાજુમાં આવેલા ઝાડી-ઝાંખરામાં કંઈક પોટલા જેવું પડેલું જોતાં ત્યાંથી પસાર થતાં એક વટેમનર્ગુ થોભી ગયો.... નસીબ ખુલી ગયા.... કોઈક ટ્રકમાંથી ચોરેલો માલ કદાચ જગ્યા ભુલી જવાથી ચોર લઈ જઈ શક્યો નહીં હોય... અથવા તો કોઈ લૂંટારૂ ટોળકી લૂંટેલો માલ પાછળ પડેલા લોકોના ડરથી અહીં ઝાંખરામાં ફેંકીને જતા રહ્યા હોય.... એવું માનીને પેલા વટેમાર્ગુએ આજુબાજુ નજર કરી.... પછી પોતાની તરફ કોઈની નજર નથી પડતી એની ખાતરી કરી લીધા બાદ એ પેલા પોટલા તરફ આગળ વધ્યો.... અને પછી જ્યાં પેલું પોટલું પડ્યું હતું એની એકદમ નજીક જઈને પછી પોતાને કોઈ જોતુ તો નથીને ? એવી ખાતરી ફરીથી કરી લેવા માટે એ વટેમાર્ગુએ પેશાબ કરવાના બહાને ઉભો રહ્યો અને દૂર...દૂર નજર કરી તો એના શરીરમાંથી ભયનું એક લખલખુ પસાર થઈ ગયું.

એ જેને ચોરેલો કે લૂંટેલો માલનું પોટલું સમજતો હતો, એ પોટલામાં તો કોઈકની લાશ હતી.... ઢગલો કરીને બાંધેલી એ લાશનું માથું તથા પગના ઢીંચણ નીચેની પીંડી સુધી મજબુત રીતે પોટલામાં બાંધી હતી અને પોટલાની બહાર માત્ર બે પગ જ દેખાતા હતા.... પગ ઉરથી જ કોઈ છોકરીની લાશ હોવાનું માની લેવાય એવું હતું.

કિંમતી માલ સામાનને બદલે પોટલામાં કોઈકની લાશ હોવાનું જોતાં જ ફફડી ઉઠેલા વટેમાર્ગુ પાછળ કોઈ ભુત પડ્યું એવી રીતે ભાગવા લાગ્યો.... ભાગતા ભાગતા તેને એક વિચાર આવ્યો કે રખેને આ બિનવારસી લાશ અંગે કોઈક તો પોલીસને જાણ કરશે અને પોલીસ સ્થળ પર કુતરા લાવશે તો.... કૂતરા તાજા જ પડેલા પોતાના પગની નિશાની સૂંઘશે અને પછી પોલીસ કૂતરો મને શોધી કાઢશે તો નાહકનો હું ભરાઈ જઈશ... એ મરનાર જે હોય એ પણ.... પોલીસ એવું જ માનશે કે હું એ લાશનું પોટલું મૂકવા ગયો હતો અને કદાચ જો એ મરનારની હત્યા કરવામાં આવી હશે તો એ હત્યા મેં જ કરી એવું પોલીસ જોડી કાઢશે...

વટેમાર્ગુ એકદમ થંભી ગયો.... એને શ્વાસ ચડી ગયો હતો.... છાતી ધમણની માફક ઉંચી-નીચી થતી હતી.... હવે તો બહાનું બનાવ્યા વિના અને પેશાબ કરવાનું ફરજિયાત થઈ પડ્યું... વિચારવા લાગ્યો.... પોટલા પાસે જતાં તો ગયો પણ હવે પોલીસથી બચવા પોલીસને જાણ કરી લઉં તો કદાચ પોલીસ એને સરકારી સાક્ષી માનશે અને તાજના સાક્ષીને ગુનેગાર ન ઠરાવી શકાય એમ માનીને એ વટેમાર્ગુ પહોંચ્યો પોલીસ સ્ટેશને અને પોલીસ ઈન્સ્પેક્ટરને પોતે જોયેલી અને અનુભવેલી હકીકતથી વાકેફ કર્યા.

સ્થળ બતાવવા માટે પોલીસ એ વટેમાર્ગુને પણ સાથે લીધો અને જે સ્થળે લાશનું પોટલું પડ્યું હતું એ સ્થળે પહોંચ્યા.... પોલીસે પંચો રૂબરૂ એ પોટલું ખોલ્યું તો એ પોટલામાંથી એક વીસેક વર્ષની યુવતીની અર્ધનગ્ન લાશ નીકળી.... લાશ ફેંકી દીધી હોવાનું અનુમાન લગાવ્યું.... યુવતીના શરીર પર બુશર્ટ પહેરેલા હતો પણ આ બુશર્ટના તમામ બટનો ખુલ્લા હોવાથી યુવતીનું ઉપરનું શરીર આખું

ઉઘાડું હતું અને કમરના ભાગે જીન્સ પેન્ટ પહેરેલ હતું.... જો કે પ્રથમ દ્રષ્ટિએ પોલીસ ઈન્સ્પેક્ટરને લાગ્યું હતું કે મરનારની હત્યા કરી ને લાશ ફેંકી દેવામાં આવી હશે કેમ કે યુવતીનું મોત કુદરતી રીતે થયું હોય તો તેની લાશને આ રીતે પોટલામાં બાંધીને નિર્જન સ્થળે ઝાડી-ઝાંખરામાં ફેંકી શા માટે દેવાય....? પણ પોતે કરેલા અપરાધને છુપાવવા અને પુરાવાનો નાશ કરવા માટે જહત્યારાઓએ યુવતીની લાશ પોટલામાં બાંધીને અહીં ફેંકી દીધી હશે....

પોલીસે યુવતીની લાશનું સ્થળ ઉપર જ ઈન્કવેસ્ટ પંચનામું ભર્યું અને અજાણી આ યુવતીની ઓળખ માટે તેના વાલી વારસો ઓળખી બતાવે એટલા માટે આ લાશના ફોટા પણ પડાવી લીધા...

ઈન્કવેસ્ટ પંચનામાં પોલીસે બે વસ્તુ ખાસ નોંધી.... એક તો એ કે યુવતીના જમણા હાથ ઉપર દિલ દોરેલ હતું જેમાં અંગ્રેજીમાં કે લખેલું હતું અને તેની બાજુમાં ગુજરાતીમાં કાજલ નામ ત્રોફાવેલું હતું. બોબકટ વાળ ધરાવતી આ યુવતીના ગળામાંથી પોલીસને પતરાનું એક માદળિયું મળી આવ્યું હતું જે માદળિયા ઢાંકણ ખોલતાં એક તરફ મરનાર યુવતી તસ્વીર હતી અને બીજી તરફ એક આધેડ પુરૂષની તસવીર હતી.

પોલીસ ઈન્સ્પેક્ટરને આ કેસ સુલઝાવવામાં થોડી સરળતા થઈ પડશેં એટલી રાહત અનુભવી કેમ કે મરનાર યુવતીનો ફોટો જે માદળિયામાં હતો તેના પરથી તેના વાલી વારસ સુધી પહોંચી શકાશે અને એક વખત મરનારના વાલીવારસ મળી જાય પછી હત્યારા સુધી પહોંચવામાં સરળતા રહે છે.

પોલીસે લાશને પી.એમ. માટે મોકલી આપી અને અજાણી યુવતી કે હાથ ઉપર " કે" અને કાજલ છુંદાવેલ છે એવી યુવતીની બિનવારસી હાલતમાં લાશ મળી આવી હોવાની જાહેરાત કરી દીધી અને બીજા દિવસે અખબારોમાં માદળિયામાંથી નીકળેલી યુવતીની અને અજાણ્યા આધેડ પુરૂષનો ફોટા તથા લાશના ફોટા પ્રસિધ્ધ થયા કે ત્યાંથી લગભગ ૮૦ કિલોમીટર દૂર આવેલા એક ગામમાંથી આધેડ દંપતી પોલીસ સ્ટેશને એ લાશ અંગેની તપાસ કરવા આવી પહોચ્યા. આ દરમ્યાન પોલીસને પી.એમ. રિપોર્ટ મળી ચૂક્યો હતો જેમાં મરનાર યુવતિનું મોત શ્વાસ રૂંધાવાથી ગુંગળાઈ જવાથી થયું છે. હત્યા ૧૨ કલાક પહેલાં થઈ હતી અને મરનાર યુવતિનો તાજેતરમાં ગર્ભપાત કરવામાં આવ્યો હોવાની શક્યતા સાથેનો રિપોર્ટ પોલીસને મળતાં જ પોતાના અનુમાનો સાચા ઠરતાં હોવાનું પોલીસ ઈન્સ્પેક્ટર ગૌરવ અનુભવવા લાગ્યા.

આ દરમ્યાનમાં મરનાર યુવતીની લાશ ઓળખવા આવેલ આધેડ દંપતિને ઈન્સ્પેક્ટરે થોડી પૂછપરછ કરી.... લાશના ફોટા બતાવ્યા.... વર્ણન કહ્યું અને ત્યારબાદ કોલ્ડ રૂમમાં મુકવામાં આવેલી લાશને પ્રત્યષ જોવા લઈ ગયા અને જોતાં વેંત જ આ આધેડ દંપતીએ રોકકળ કરી મૂકી. એમના કહેવા પ્રમાણે મરનાર યુવતી કાજલ રાવળ તેમની એકની એક દીકરી હતી અને બી.એ. નો અભ્યાસ કર્યા બાદ અહીંથી ૧૦૦ કિલોમીટર દૂર આવેલ નગરમાં એક ખાનગી પેઢીમાં ટેલિફોન ઓપરેટર તરીકે નોકરી કરતી હતી એ નગરમાં તેના મામાની સાથે રહેતી હતી અને વીસેક વર્ષની ઉંમરની કાજલના આ વર્ષે તો લગ્ન થવાનાં હતાં. એ લગ્નના ખર્ચારૂપે પેઢીમાંથી પચ્ચીસ હજાર રૂપિયા હજુ અઠવાડિયા પહેલાં જ આપીને પાછી નોકરીએ ચાલી ગઈ હતી....

આધેડ દંપતિએ દુઃખ વ્યક્ત કરતાં કરતાં પોલીસ ઈન્સ્પેક્ટરને તેમના પૂછેલા પ્રશ્નોના જવાબ પણ આપતા હતા. એ નિવેદનને આધારે ઈન્સ્પેક્ટરને એટલો તો ખ્યાલ આવી જ ગયો હતો કે કાજલની હત્યાનું મૂળ એની નોકરીના સ્થળમાં છે.

ઈન્સ્પેક્ટર એ નગરમાં પહોંચ્યા હતા અને જ્યાં કાજલ નોકરી કરતી હતી એ પેઢીમાં અન્ય કર્મચારી અને પેઢીના માલિકની પૂછપરછ કરી.... કાજલના પિતાને કાજલના ગળામાંથી મળેલા માદળિયામાંના આધેડ પુરૂષની તસવીર વિશે પોલીસે પૂછ્યું હતું અને ત્યારે કાજલના પિતાએ જણાવેલું કે તેઓ બે-ત્રણ વખત કાજલના શેઠને મળ્યા હતા એટલે સારી રીતે ઓળખતા હતા અને જે ફોટો કાજલના ગળામાંના માદળિયામાંથી મળ્યો હતો તે ફોટો કાજલના શેઠનો હોવાની ખાતરીપૂર્વક જણાવ્યું હતું.

ઈન્સ્પેક્ટરે કાજલના શેઠની ઉલટ- સુલટ પ્રશ્નોત્તરી કરી હતી પરંતુ મેળ ખાતો નહોતો. એટલામાં શેઠે એક ભેદી વાત કહી દીધી કે કાજલ રૂા. ૨૫૦૦૦ લઈને ગઈ ત્યારે પરત આવ્યા બાદ તે ફરીથી એક અઠવાડિયાની રજા લઈને

ગઈ હતી અને ત્યારથી તેમની ઓફિસનો એક જુવાન ક્લાર્ક સંજય સક્સેના પણ દેખાતો નથી.

ઈન્સ્પેક્ટરે સંજય સક્સેના વિશેની તમામ માહિતી મેળવી લીધી અને સરનામું મેળવીને પહોંચ્યા સીધા સંજય સક્સેના પાસે.... પોલીસના સારા નસીબ કે સંજય ઘેર જ મળી ગયો.... એના ઘરમાં તેની પત્ની હતી. બે બાળકો હતા... દેખાવે રંગીલો લાગતો સંજય સક્સેના પ્રથમ તો ઈન્સ્પેક્ટરને હાથ મુકવા દીધો નહી જ્યારે સંજયના ગળામાંથી ઈન્સ્પેક્ટરે એક પતરાનું માદળિયું ખેંચી લીધુ અને એ માદળિયામાંથી જ્યારે ઈન્સ્પેક્ટરે કાજલનો અને તેનો પોતાનો ફોટો કાઢ્યો ત્યારે સંજય ભાંગી પડ્યો.ઈન્સ્પેક્ટરના આ ફોટાઓ વિશેના આડા અવળા પ્રશ્નોના મારા સામે સંજય ટક્કર ઝીલી ન શક્યો. એણે તમામ હકીકત ઓકી નાંખી...

" સાહેબ.... આ કાજલ જ્યારથી નોકરીએ આવી હતી ત્યારથી મારે અને એને પ્રેમસંબંધ હતો... હું પરણેલો હોવા છતાં અમે બંન્ને એ તમામ સાંસારિક સુખ ભોગવ્યું હતું મેં કાજલને એવું વચન આપ્યું હતું કે હું મારી પત્ની ને છુટાછેડા આપીને કાજલને મારી પત્ની તરીકે ઘેર લઈ જઈશ.... અને એ વચનના વિશ્વાસે મેં કાજલને ભોગવી હતી."

પણ આ રંગરેલીયા મનાવવામાં અમને એટલી પણ ખબર નહોતી કે કાજલના પેટમાં મારી નિશાની ઉછરી રહી છે.... આની જ્યારે મને જાણ થઈ ત્યારે હું ગભરાયો.... હવે કાજલ મને લગ્ન કરવા મજબુર કરશે તો ? મારી જીંદગી ધૂળધાણી થઈ જશે. મારે બે બાળકો હોવાથી મારી પત્નીને હું છુટાછેડા આપવા તૈયાર નહોતો.

મેં આઈડીયા ગોઠવ્યો....ચારેક મહિનાનો ગર્ભ પડાવી નાંખવા મેં કાજલને સમજાવી કે મારા ઘરમાં તારાથી ઉધા મસ્તકે ન અપાય. તારે ગર્ભ પડાવવો પડશે. કાજલે એક અઠવાડિયાની રજા લીધી એટલે હું એને લઈને મારા એક ડૉક્ટર મિત્ર પાસે લઈ ગયો અને ગર્ભપાત કરાવી નાંખ્યો પણ એ પછી તો કાજલ મારી પાછળ હાથ ધોઈને પડી હતી કે લગ્ન કરીને મને લઈ જા અને તારી બૈરીને કાઢી મૂક મેં વચ્ચેનો રસ્તો કાઢ્યો.... મારા બાળકો અને બૈરીને બચાવવા કાજલનો કાંટો કાઢવાનું નક્કી કર્યુ.... કાજલની હત્યા કરતાં પહેલાં મેં એના ગળામાં હતું એવું જ બીજું માદળિયું બનાવ્યું જેમાં કાજલના ફોટા મારી જગ્યાએ અમારા શેઠનો ફોટો ચોંટાડી દીધો જેથી કદાચ પોલીસ કેસ થાય તો પોલીસને પ્રથમ શક શેઠ ઉપર જાય અને તપાસને વળાંક આવી જાય.... પણ.... હાથના કર્યા હૈયે વાગ્યા.... મેં માદળિયું પણ મારા ગળામાંનું માદળિયું કાઢવાનું હું ભૂલી ગયો.

## ૫. વેવિશાળ, વિવાહ અને વિષપાન

કામિની જીવનમાં પ્રથમ વખત જ આટલી બધી ખુશ થઈ ગઈ હતી. કોલેજના છેલ્લા વર્ષમાં ફર્સ્ટ ક્લાસ ફર્સ્ટ પાસ થઈ ત્યારે પણ એને આટલી ખુશી થઈ નહોતી. એના પિતાએ જાણે કેસરિયો વર એને શોધી આપ્યો હતો. ગ્રામ આખામાં વિરેન જેવો કોઈનો જમાઈ નહોતો મળ્યો. ગામની કામિનીની બહેનપણિઓ જે તમામ પરણીને સાસરિયે સિધાવી ચુકી હતી એ તમામ બહેનપણિઓના ભાગ્યકમાં વિરેન જેવો કોઈ મૂરતિયો મળ્યો નહોતો.... મનોમન હરખાતી હતી. કામીની એવું વિચારીને કે તેની બહેનપણીઓ તેના પ્રત્યે ઈર્ષા કરશે. એવો તો એના પિતાએ મૂરતિયો શોધી આપ્યો હતો. ખાનદાન અને સુખી ઘરના વિરેને પણ કામીનીને પસંદ કરી લીધી ત્યારે તો કામીનીને જાણે સ્વર્ગ મળી ગયું.

વેવિશાળ થયું ત્યારે કામિની વિરેનને મનોમન વરી ચૂકી હતી. મનોમન પોતાનો પતિ માની બેઠી હતી. વૈવિશાળ પછી બે ત્રણ મુલાકાતો પણ થઈ.... ત્યારે કામીની બની ઠનીને જતી.... મનના માણીગરને.... પોતાની જાતને ભાગ્યવાન સમજવા લાગી હતી એ....

પણ.... કુદરતના ખેલ અલગ હોય છે.... ક્યારેક ધારેલું ન થાય અને અણધાર્યુ બની જાય.... કદાચ કોઈની નજર ન લાગી જાય આ જોડીને.... એની ચિંતા ખુદ કામિની કર્યા કરતી....

વેવિશાળ પછી કામિનીના પિતા અને વિરેનના પિતાએ દહેજની રકમ પૈઠણ વગેરે નક્કી કરી લીધું હતું. વિરેન શહેરમાં પ્રખ્યાત પેઢીનો માલિક હતો.... દીકરી પરણ્યા પછી લહેર કરશે એવી આશાથી કામિનીના પિતાએ વિરેનના પિતાને તેમની માંગણી પ્રમાણેનો કરિયાવર કરવા વચન આપ્યું હતું.... રંગેચંગે દીકરીનો

વિવાહ કરવા માટે એક લાખની લોન પણ લઈ લીધી હતી.... વેવિશાળ થયાને પંદર જ દિવસ થયા હતા અને લગ્નને આડા દસ દિવસ જ બાકી રહ્યા હતા. લગ્ન પૂર્વેની તમામ તૈયારીઓ થઈ ચુકી હતી કે એક દિવસ કાળજું ફાટી પડે એવા સમાચાર કામીનીને મળ્યા કે જે સાંભળીને કામીની સૂનમૂન થઈ ગઈ.... કળ વળી ત્યારે એને જાણે કે દેહમાંથી પ્રાણ ચાલ્યા ગયા હોય એવો અનુભવ થયો.

કામિનીને એવા સમાચાર મળ્યા કે તેના પિતાએ નક્કી કરેલ કરિયાવર વિરેન અને તેના પિતાને ઓછો પડ્યો હતો અને એનાથી પણ બમણો કરિયાવર આપવા તૈયાર થયેલા એક શેઠની દીકરી સાથે તેમણે વાત નક્કી કરી લીધી હતી અને કામીનીની માટલી પાછી આવવાની હતી.... કામિનીના શરીરમાં આડો વાઢ મુકાઈ ગયો જાણે.... દિલના અરમાનોના ટુકડા થઈ જતા લાગ્યા....દુનિયા આખી એને નિરર્થક અને દોજખ જેવી લાગી.... દુનિયા સ્વાર્થી છે. મતલબી છે....

કામિનીએ વિરેનને એક દિવસ મળવા બોલાવ્યો. દુ:ખી દુ:ખી થઈ ગયેલી કામિનીએ ડૂસકાં ખાતાં ચોધાર આંસુ વહાવતી એણે સમજાવવા માંડ્યો વિરેનને....

જુઓ વિરેન.... આપણે બંન્નેએ એકબીજાને પસંદ કર્યા છે.... અને પછી જ વેવિશાળ થયા છે.... તમને ગમે એમ હશે પણ હું તમને મનોમન વરી ચૂકી છું.... મનોમન મેં તમને મારા પતિ માની લીધા છે.... અને હવે છેલ્લી ઘડીએ જ્યારે લગ્નની તમામ તૈયારીઓ થઈ ગઈ છે. ત્યારે તમેં મને આમ અધવચ્ચે કૂવામાં ઉતારીને વરત કાપી લો એ ક્યાંનો ન્યાય....? આ દુનિયામાં સમાજ છે.... સમાજનો નીતિરીતિ હોય છે.... એ ન હોત તો આ સમાજમાં કોઈનો ઘરસંસાર સુખેથી ચાલતા ન હોત.... તમામે તમામના ઘર સંસારમાં આગ લાગતી હોત.... પણ સમાજ.... આબરૂ.... ખાનદાન.... રીત-રિવાજને અનુકૂળ અને એનું પાલન કરવાથી તો સંસારચક્ર ફર્યા કરે છે....

કામિની બોલ્યે જતી હતી અને વિરેન સાંભળ્યે જતો હતો. એણે સામી દલીલ કકે રજુઆત કરવાનો પણ કોઈ પ્રયાસ કર્યો નહોતો.... બસ કાન દઈને સાંભળતો હતો એણે રડતી કામીની છાની રહેવા કે દિલાસો આપવાનો પણ પ્રયાસ કર્યો નહોતો....

વિરેન.... તમારે થોડો મારો તો વિચાર કરવા હતો કે મારી શી હાલત થશે....? તમે તો પુરૂષ છો અને તમને કોઈ લાંછન નહિં લાગે.... પણ તમારા આવા નિર્ણયથી મારી.... મારા બાપની.... અમારા ખાનદાનની કેવી હાલત થશે એનો વિચાર કરવો હતો? તમને તો ઘણી બધી કન્યાઓ મલી રહેશે પણ મને કોણ લઈ જશે...? લોકો તો એવું જ વિચારશે ને કે છોકરીનામાં કંઈ ખામી હશે એટલે તો એની માટલી પાછી થઈ.... અમારે કેટલાંકને જવાબ આપવાના.... અને અમો નિર્દોષ છીએ.... અમારો કોઈ વાંકગુનો નથી એવું સાબિત પણ કેમના કરીએ....? એક વખત માટલી પાછી આવે એટલે પછી એ ખાનદાન પ્રત્યે લોકોને શંકા જાય જ અને` પછી એ ઘર સાથે સંબંધ બાંધવા કોઈ તૈયાર થાય નહિ....

અને પછી કામિનીએ અંતિમ ચરણમાં સમજણના છેલ્લા વાક્યો કહી દીધા.

તમને મેં મારા પતિ માની લીધા પણ તમે દહેજના તોલે મોલ કર્યા મારા.... મારા કરતાં તમને કરિયાવર વધુ વહાલો લાગ્યો.... દહેજની ભૂખ જાગી અને મારા સ્વપ્ના ચકનાચૂર કરી નાંખ્યા.... વધુ દહેજની લાલચમાં મને તમે તરછોડી.... તમો પુરૂષોને મન અમો પગની જૂતી.... અમારો કોઈ સમાજ નહિ, આબરૂ નહિ.... તમારા આ નિર્ણયથી.... અને માટલી પાછી આવશે ત્યારે મારા મા-બાપની શી હાલત થશે? એ માટલી અમારા ઘરમાં કોહરામ મચાવી દેશે.... અમારા ઘરની શાંતિ ડહોળી નાંખશે.... તમે આવા લાલચું હશો એવું મેં વિચાર્યું પણ નહોતું.

ઘણું બધું કહી ચુકી કામિની.... એણે વિરેનને ઘણો સમજાવ્યો.... એક વખત પરણીને લઈ જાવ પછી તમારી દાસી થઈને રહીશ.... એટલે સુધી કહી નાખ્યું પણ વિરેને એક છેલ્લું વાક્ય કહી દીધું.

" હું મજબુર છું...." અને વિરેન ઉભો થઈ ગયો અને ચોધાર આંસુએ જતાં જોઈ રહેલી કામિનીથી ન રહેવાયું અને ધ્રુસકેને ધ્રુસકે રડી પડી....

એને એના જીવનનો કોઈ જ અર્થ લાગ્યો નહિં.

કામિની જ્યારે વિરેનને મળીને ઘેર આવી ત્યારે જાણે કોમામાં સરી પડી હોય તેવી હાલત હતી.... એ આખી રાત પોતાના રૂમમાં લાઈટ ચાલુ રાખીને જાગતી રહી.... તેના મા-બાપે બે-ત્રણ વખત અને રાત ઘણી થઈ છે હવે તો ઊંઘી જા એમ કહીને ટપારી પણ હતી પરંતુ મારે વાંચવાનું છે તમ તમારે ઊંઘી જાવ.... મને ઉંઘ આવશે એટલે ઊંઘી જઈશ. એમ કહીને તેણે મા-બાપને ઊંઘાડી દીધા....

સવાર સુધી રૂમની લાઈટ ચાલુ હતી.... વહેલા ઉઠેલી એની મમ્મીએ જોયું અને મનમાં બબડતા ઉભા થયા....

" આ છોકરી પણ ખરી છે....ઊંઘતા પહેલાં લાઈટ પણ બંધ કરી નથી...." બબડતા બબડતા અડધી પડધી ઊંઘમાં ઉઠીને તેમણે જેવો રૂમમાં પ્રવેશ કર્યો કે ઝેરી દવાની તીવ્ર ગંધ એમના નાકમાં ઘૂસી ગઈ... અને એમની આંખો ફાટી ગઈ જાણે....

પોતાના પલંગમાં કામિની અસ્તવ્યસ્ત પડી હતી... ડોકુ પલંગ નીચે લબડી પડ્યું હતું.... હાથ પગના ટૂંટિયા વળી ગયા હતા... એને ઉઠાડવા.... શરીર ઢંઢોળ્યું તો કામિનીનું શરીર લાકડા જેવું થઈ ગયું હતું.... મોઢામાંથી ફિણ નીકળતું હતું.... આંખો ફાટી ગઈ હતી.... અને હાથમાં ઝેરી દવાની બાટલી જકડાઈ ગઈ હતી....

બૂમરાણ થઈ ઉઠી.... કામિનીએ પોતાના જીવનનો અંત આણી દીધો હતો.... દવાખાને લઈ જવાનો કોઈ રહ્યો નહોતો છતાં પણ કંઈક કુદરત જુએ એવી રહીસહી આશા રાખીને પણ દવાખાને લઈ ગયા પરંતુ ડૉક્ટરે એને મૃત જાહેર કરતાં તેના મા-બાપ ભાંગી પડ્યા. ડૉક્ટરે પોલીસને જાણ કરતાં પોલીસે અકસ્માત્ મોતની નોંધ કરી. લાશનું પી.એમ. કરાવ્યું અને તપાસ આરંભી.

કામિનીએ જે રાત્રે ઝેર ગટગટાવ્યું હતું એ રાત્રે તેણે વાંચવાના બહાને મરતાં પહેલાં એક પત્ર એના પિતાને લખ્યો હતો જે પત્ર ટેબલ પર પેડમાં ભરાવેલો મળી આવ્યો હતો જે પત્રમાં તેણે પોતાની આત્મહત્યા કરવાનો મર્મ સમજાવ્યો હતો... પત્રમાં એણે લખ્યું હતું કે :

" પિતાજી.... વિરેનને મેં ઘણો સમજાવ્યો પણ એકનો બે ન થયો.... મા-બાપના કહેવા પર જીવતો હતો. જાતે કોઈ નિર્ણય કરતો નહોતો અને એટલે જ તેના મા-બાપની દહેજ લાલચ સંતોષવા મારી માટલી પાછી મોકલવાનો હતો.... પિતાજી.... તમે મને ભણાવી.... ગણાવી.... મૂરતિયો અને સાસરૂં પણ સારૂં શોધી આપ્યા પછી પણ મારા નસીબમાં એ સુખ નહોતું.... હું જાણું છું કે, મારૂ વેવિશાળ તૂટી જાય એ જાણ્યા પછી તમારી હાલત કેવી થશે એ જોઈ શકવાની મારી હિંમત નહોતી.... મારા કારણે તમારી આબરૂના કાંકરા થાય.... એ મારાથી સહન થઈ ના શકત અને એટલા જ માટે મારી માટલી પાછી ફરે અને મારૂ વેવિશાળ તૂટે એ પહેલાં જ હું મારો દમ તોડું છું...."

આમેય જીવન મારૂ નિરર્થક થઈ ગયું છે.... હું મનોમન વિરેનને વરી ચૂકી હતી એટલે એક ભવમાં હું બે ભવ કરવા માગતી નહોતી.... આમેય દહેજ ભૂખ્યા સાસરિયાઓની વચ્ચે રહી મરતાં મરતાં જીવવું પરણીને સાસરે ગઈ હોત તો પણ મને એ રાક્ષસો સુખેથી રહેવા ન દેત. મને મારી નાંખીને બીજા બૈરી કરીને દહેજ ભરપૂર માગી લેત કે પછી તેમના ત્રાસથી બચવા મારે કાંતો છૂટાછેડા લેવાનો વખત આવત પણ એક ભવમાં બીજો ભવ હું કરત નહીં એટલે આમેય મારે મારી સાસરીમાં આત્મહત્યા કરી લેવી પડત.... તમારે લગ્નનો ખર્ચો થાત.... પૈઠણ, માટલી, દહેજ, કરિયાવર.... કેટલો બધો ખર્ચો થાત? અને મારા મોત પછી એમાંનું કશું તમને પાછુ મળવાનું નહોતું.... એ દહેજ ભૂખ્યા સાસરિયામાં હું જીવવા માંગતી નહોતી.... છેલ્લે તમને તમારી દીકરી એક કફનનો ખર્ચ કરાવી અલવિદા કરે છે.... મને માફ કરજો અને આશિર્વાદ આપજો કે બીજા અવતારે પણ મને તમે જ મા-બાપ મળો....

છેલ્લે એટલું વચન માંગુ છું કે તમારી દીકરીએ જાતે આત્મહત્યા તો કરી છે પણ એના માટે વિરેન જવાબદાર છે.... એ ગદ્દાર અને દહેજના ભૂખ્યા ડાંશ જેવા સ્વાર્થી માણસને કારણે મારે આત્મહત્યા કરવી પડી છે. સમાજમાં એનો કોઈ શિકાર ન બને એવું કરજો.... બસ.... આવજો....

આ પત્ર પરથી પોલીસે તપાસ શરૂ કરી અને વિરેન દહેજ માટે જ

એક કોડભરી કન્યાને જીવતર ટૂકાવવા વેવિશાળ થયા બાદ વિવાહ થાય તે પહેલાં વિષપાન કરવા મજબૂર કરેલાનું સાબિત થતાં વિરેનને કસ્ટડી ભેગો કરી દીધો....

## ૬. ઊંચી મેડી તે મારા કંથની....

ઊનાળાની રાત્રિના આઠ - સાડા આઠેકનો સુમાર હતો.... શહેરના લોકો જમી પરવારીને ઘરના ઉકળાટમાંથી ઉગરવા માટે રોડ ઉપર ટહેલવા નીકળ્યા હતા.... ક્યાંક ક્યાંક જુવાનિયાઓના ટોળાં પણ ફરતાં હતાં.... વૃધ્ધનું ટોળું સાર્વજનિક બાકડાઓ પર બેસીને ગામ-ગપાટા હાંકતા હતા અને એવા સમયે આ ટોળાંઓથી થોડે દૂર જ્યાં માણસો છૂટા છવાયા આંટા મારતા રોડની આજુ બાજુમાં ઝાડીઓના ઝુંડ હતા એવા આછા અંધકારમાંથી એક તીણી ચીસ સંભળાઈ અને આખું વાતાવરણ ડહોળાઈ ગયું....

" બચાવો.... બચાવો...." એવી તીણી ચીસ એક અબળાની હતી અને થોડી જ ક્ષણોમાં સ્ત્રીની સાથે સાથે પુરૂષની પણ ચીસ સંભળાઈ - " બચાવો.... આ....આ...."

શહેરના છેવાડાના ભાગે આ ધમાલ મચી.... નજીકમાં ફરતા એક જુવાનિયાના ટોળાએ જે તરફથી ચીસ સંભળાઈ હતી એ તરફ દોટ મૂકી અને બનાવના સ્થળે આ જુવાનિયાઓનું ટોળું પહોચ્યું ત્યારે રોડની બાજુમાં એક મોટર સાયકલ પડી હતી અને તેની બાજુમાં જ એક સ્ત્રી કણસી રહી હતી તેનાથી થોડે દૂર એક પુરૂષ પણ દર્દથી બૂમો પાડી રહ્યો હતો....

શું થયું - કેમ થયું એ પૂછવાનો સમય ન્હોતો.... બંન્ને સ્ત્રી પુરૂષ ઘવાયેલાં હતાં એટલે સૌપ્રથમ તો રોડ પર પડેલી મોટર સાયકલ પર ગંભીર રીતે ઘવાયેલી પેલી સ્ત્રીને બેસાડી બે જુવાનિયાઓએ દવાખાને સારવાર માટે પહોંચાડી અને બીજા જુવાનિયાઓએ રોડ પરથી પસાર થતાં એક ખાનગી વાહનને રોકીને તેમાં પેલા પુરૂષને નાંખીને એને પણ દવાખાને પહોંચાડ્યો....

જુવાનિયાઓ જાણતાં હતાં કે આ પોલીસ કેસ છે છતાં પણ માનવતા દાખવીને ઈજાગ્રસ્તોની મદદે ચડ્યા હતા અને સમયસર દવાખાને પહોંચાડ્યાં હતાં. જો કે કોઈને એ ખબર નહોતી કે આ સ્ત્રી પુરૂષ કોણ છે અને બંન્ને વચ્ચે શું સંબંધ છે અને તેમને મારનાર કોણ છે.... શામાટે હુમલો કર્યો હશે એવી કોઈને ખબર નહોતી....

એક હોંશિયાર જુવાનિયાએ પોલીસ સ્ટેશને ફોન કરીને બનાવની જાણ કરતાં જ સબ ઈન્સ્પેક્ટર તત્કાળ પોતાના સ્ટાફ સાથે હોસ્પિટલે પહોંચી ગયા હતાં ત્યારે ઈજાગ્રસ્ત સ્ત્રી થોડી થોડી ભાનમાં હતી. પરંતુ તત્કાળ સારવાર આપવાની જરૂર હોવાથી ડૉક્ટરે એની પૂછપરછ કરવાની ના પાડી અને તેને ઓપરેશન થીએટરમાં લઈ જવામાં આવી.... જ્યારે એ સ્ત્રી સાથેનો ઈજા પામેલ પુરૂષ હતો. એ સંપૂર્ણ ભાનમાં હતો જો કે તેને ઓછી ઈજા થયેલી હોવાથી તેની પૂછપરછ કરતાં પેલા પુરૂષે પોતાનું નિવેદન આ પ્રમાણે લખાવ્યું હતું.

નામ એનું ભાવેશ.... પચ્ચીસેક વર્ષની ઉંમર.... ખાનગી પેઢીમાં નોકરી.... પત્નીનું નામ ભૂમિકા.... એકાદ વર્ષ પહેલાં લગ્ન થયું હતું.... બનાવ બન્યો એ દિવસે બંન્ને પતિપત્ની જમી પરવારીને મોટર સાયકલ લઈને ફરવા નીકળ્યા હતાં.... એક વર્ષના લગ્નગાળામાં બંન્ને વચ્ચે પ્રેમ તો અતૂટ રહ્યો હતો.... એટલે મોટર સાયકલ પર બેસીને ઝાડીમાંથી આવતી ઠંડી હવાની લહેરોમાં પ્રેમાલાપ કરતા હતા.... એવામાં ભાવેશ પેશાબ કરવા માટે રોડની સામેની બાજુ ઝાડીમાં ગયો એ દરમ્યાન ન જાણે ક્યાંકથી બે - ત્રણ જણા ઈસમો ફૂટી નીકળ્યા અને હાથમાંના છરા જેવા તીક્ષ્ણ હથિયારથી ભૂમિકા ઉપર ઘા કરવા લાગ્યા.... ભૂમિકાએ ચીસો પાડતાં પોતે દોડી આવ્યો અને એ લોકોનો સામનો કરવા જતાં તેના હાથમાં અને પગમાં ઈજાઓ કરીને એ લોકો નાસી છૂટ્યા હતાં....

ભાવેશે નોંધાવેલા નિવેદનમાં ભૂમિકાએ પહેરેલ અછોડો એ લોકો લૂંટી ગયા હતા. પચ્ચીસથી ત્રીસ વર્ષની ઉંમરના આશરાના ત્રણેક જેટલા યુવાનો હતા. પોલીસે ભૂમિકાનું નિવેદન લેવા ઈચ્છા દર્શાવી પરંતુ ડૉક્ટરે તેને મૃત જાહેર કરતાં ભાવેશના નિવેદન આધારે ફરિયાદ દાખલ કરી તપાસ હાથ ધરી હતી....

એક જ વર્ષના લગ્નજીવન બાદ પોતાની અર્ધાંગિની ભૂમિકાનું મોત થતાં ભાવેશ ભાંગી પડ્યો હતો... નાના બાળકની જેમ રડતો હતો.... મારી સારસ બેલડીની જોડ તૂટી ગઈ.... હવે હું ભૂમિકા વિના કેવીરીતે જીવીશ... મારે મરી

જાવું છે....સમજે નહીં કોઈ વાત્યે.... પોલીસ તેની પાસે પૂછપરછ માટે આવે ત્યારે પણ રડતા રડતા કહેતો " હવે શું કરશો સાહેબ.... એ લોકોએ મારી ભૂમિકાને ખતમ કરી નાંખી.... એમને પકડો કે ના પકડો.... પણ મારી ભૂમિકા થોડી જીવતી થવાની છે ? દશ હજારનો અછોડો લઈ ગયા પણ એમને મારી ભૂમિકાને મારી નાંખવાની શું જરૂર હતી.... ભૂમિકાના બદલામાં મારસ મોટર સાયકલ લઈ ગયા હોત તોય શું....? પણ મારી ભૂમિકા તો મારી સાથે રહી શકતને ?"

આવા આવા ગાંડા - ઘેલા જવાબો આપતાં ભાવેશ ઉપર પોલીસને શંકા ગઈ....

લૂંટ કરનાર લૂંટ કરીને પોતાનો હેતુ પાર પડતાં જ છૂમંતર થઈ જાય.... ભૂલે ચૂકે પણ જો સામેની વ્યક્તિ તેમનો સામનો કરે તોજ ઘા કરે એ પણ છટકી જવાની પેરવીમાં જ માર મારી નાસી છૂટે.... આડેધડ ઘા કરીને જ તો....પણ ભાવેશના નિવેદનથી પોલીસને સંતોષ થયો નહીં.... જો લૂંટ કરવા આવ્યા હોય તો લૂંટ કરીને નાસી જાય.... ભૂમિકા સ્ત્રી હતી એ સામનો કરી શકે એમ નહોતી.... તેમ છતાં લૂંટારૂઓએ ભૂમિકા ઉપર તીક્ષ્ણ હથિયારથી હમલો કરવાનો કોઈ ઉદ્દેશ હોય નહીં છતાં ભાવેશના કહેવા પ્રમાણે હુમલાખોરોએ પ્રથમ ભૂમિકા ઉપર સીધો જ હુમલો કર્યો હતો અને પછી અછોડો તોડ્યો હતો એટલું જ નહિપણ દોડી આવેલા ભાવેશને ઓછો માર પડ્યો હતો.... લૂંટ કરનારા સોનાનો દોરો હાથમાં આવ્યા પછી નાસી છૂટે.... એ પછી માર મારવા માટે રોકાય નહિ.

બીજી વાત શંકાસ્પદ એ હતી કે ભાવેશ અને ભૂમિકા બંન્ને જમી પરવારીને મોટર સાયકલ લઈને ફરવા નીકળ્યા હતા.... અને રાત્રિના આઠ - સાડા આઠ વચ્ચેનો સમય હતો.... સ્ટ્રીટ લાઈટોનું અજવાળું હતું પણ આ બંને થોડા આછા અજવાળામાં રોડ પર મોટર સાયકલ પર બેઠા-બેઠા વાતો કરતા હતા.... એ જ વખતે ભાવેશને પેશાબ લાગતાં એ ઊભો થઈને રોડ પસાર કરીને સામેની બાજુ છેક ઝાડીમાં ગયો હતો.... હવે એ સમયે બંને પતિ પત્ની એકલા જ હતા.... મોટર સાયકલ જ્યાં ઉભી રાખી હતી એ જ સ્થળે નજીકમાં ભાવેશ પેશાબ કરવા જઈ શક્યો હોત.... પણ એ આટલે દૂર સુધી કેમ ગયો? એ શંકાસ્પદ હિલચાલ પરથી પોલીસે ભાવેશ અને ભૂમિકાના આડોશી - પાડોશીના નિવેદનો લીધા.... પોલીસને એમ હતુ કદાચ ભૂમિકાને કોઈ પરપુરૂષ સાથે આડો સંબંધ હોય અને એણે ભૂમિકાને ખતમ કરવા માણસો મૂક્યા હોય એવી શંકાને આધારે ભૂમિકાના પિયરમાં પોલીસ પહોંચી.... અને ત્યારે જ પોલીસને ખબર પડી કે ભૂમિકાના પિયર પક્ષે કોઈ હયાત રહ્યું નહોતું.... ભૂમિકાના લગ્ન એના પિતાએ કરાવ્યા હતા અને ત્યારે જ એમણે પોતાની તમામ મિલકત ભૂમિકાના નામે કરી નાંખી હતી.... લગ્ન પછી એકાદ મહિનામાંજ ભૂમિકાના પિતાનું મોત થતાં તમામ મિલકતની વારસદાર ભૂમિકા બની હતી. પણ ભૂમિકાએ નિર્દોષ ભાવે આ તમામ મિલ્કત પતિ ભાવેશના નામે કરી દીધી એટલે ભાવેશે આ તમામ મિલ્કત વેચી મારીને રોકડી કરી લીધી હતી. પચ્ચીસ લાખની આ રોકડમાંથી ભાવેશે મોટર સાયકલ ખરીદી હતી અને શહેરમાં પાંચ લાખનો બંગલો ખરીધ્યો હતો.... જો કે બંગલો પોતાના નામે કર્યો હતો પણ બંગલાનું નામ " ભૂમિકા" રાખ્યું હતું.

તપાસ કરનાર અધિકારીના દિમાગમાં આખી સ્ટોરીબેસી ગઈ.... એમણે " ભૂમિકા" બંગલા પર નજર રાખવા માટે પોતાના બે બાતમીદારોને ગોઠવી દીધા.... ભૂમિકાની હત્યાનું પગેરૂ તેમને અહીંથી જ મળી જશે એવી ખાતરી સાથે....

બંગલામાં એકલા રહેતા ભાવેશ પર નજર રાખતા પોલીસના બાતમીદારે બનાવના પંદર જ દિવસ બાદ ઈન્સ્પેક્ટરને રાત્રે બાર વાગ્યે બાતમી આપી કે સાહેબ ભાવેશના ઘરમાં પાર્ટી હોય એવું લાગે છે.... એક ટેક્સીમાં એક સ્ત્રી અને બે પુરૂષો બંગલામાં ગયા અને....

બસ આટલી જ વાત સાંભળતા ઈન્સ્પેક્ટર પોતાની સરકારી જીપ લઈને ભૂમિકા બંગલે પહોંચી ગયા... જીપ એમણે થોડે દૂર ઉભી રાખી અને સ્ટાફના માણસોને તેમણે બંગલા ફરતે વીટાળી દીધા.... પોતે ચોરી છૂપીથી બંગલાના મુખ્ય દરવાજા આગળ જઈને ઉભા રહી ગયા.... અને કાન દઈને સાંભળવા લાગ્યા. એમના કાન સરવા થયા....

" લો ભાવેશ .... આ તમારો અછોડો...."

" એ અછોડો હવે મારે શું કરવો છે.... પોલીસને શંકા જાય એના કરતાં આ અછોડો હું બીજલને આપી દઉં છું. બદલામાં બીજલી આપણને જલસા કરાવી દેશે...."

" પણ અમારે જલસો કરવો નથી.... બીજલી સાથે તમે જલસો કરજો અમને અમારા એક લાખ રૂપિયા આપી દો એટલે અમે રવાના થઈ જઈએ...."

" એ પૈસા મારે તમને આપી દેવાના.... પણ તમે યાર મને એવો ઘા કર્યો છે કે મારો ડાબો હાથ હજુ પણ કામ નથી કરતો.... છતાં તમે મારું કામ કરી આપ્યું છે.... એક લાખ તો મેં તમને આપી દીધા છે એડવાન્સમાં.... બાકીના એક લાખ તમને કાલે આપી દઈશ.... બેંકમાંથી પૈસા લાવવાના છે.... કાલે આજ સમયે આવી જજો...."

વાતચીત પૂરી થતાં એ લોકો રવાના થવા તૈયારી કરતાં જ દરવાજે ઉભેલા ઈન્સ્પેક્ટરે દોડીને બહાર નીકળી ગયા અને પોતાના પોલીસ માણસોને સતેજ કરી દીધા બે માણસો " ભૂમિકા" બંગલામાંથી બહાર નીકળેલા બે પુરૂષોની પાછળ પીછો કરવા મોકલી દીધા અને બે પોલીસ માણસોને બંગલા આગળ જ ઊભા રહેવા જણાવ્યું અને જ્યારે બીજલી નામની સ્ત્રી " ભૂમિકા" બંગલામાંથી નીકળે ત્યારે તેનો પીછો કરવાની સુચના આપી પોતે રવાના થઈ ગયા.

બીજા દિવસે રાત્રે ઈન્સ્પેક્ટરે પોલીસ સ્ટેશનના તમામ પોલીસ માણસોને ખાનગી ડ્રેસમાં " ભૂમિકા" બંગલાની આજુબાજુ ગોઠવી દીધા.... લગભગ બારેક વાગ્યા ત્યારે એક રીક્ષા બંગલા સામે આવીને ઉભી રહી એમાંથી બે જણ ઉતર્યા અને સીધા બંગલામાં ઘૂસી ગયા.... જો કે નિશ્ચિત બનીને ભાવેશે એક લાખની બેગ પકડાવી દીધી કે તરત જ દરવાજો ખોલીને ઈન્સ્પેક્ટર હાથમાં રિવોલ્વર લઈને ઉભા થઈ ગયા....

પોલીસને જોતાં જ ત્રણેયના છક્કા છૂટી ગયા.... ઈન્સ્પેક્ટરે એક લાખની બેગ સાથે ભાવેશ સાથે ત્રણેયને પોલીસ જીપમાં બેસાડી લઈ ગયા પોલીસ સ્ટેશન.ત્યાં અગાઉથી જ પોલીસ ઈન્સ્પેક્ટરની સૂચનાથી બીજલીને ઉપાડી લાવ્યા હતા. બીજલીને પોલીસ સ્ટેશને જોતાં જ બધો ભાંડો ફૂટી ગયો હોવાનું જાણીને ભાવેશે ઈન્સ્પેક્ટર સામે બધું ઓકી નાંખ્યું.

" સાહેબ.... મેં જ મારી પત્ની ભુમિકાની હત્યા કરાવીછે.... પચ્ચીસ લાખ રૂપિયાની લાલચમાં મેં આ બંન્નેને બે લાખની સોપારી આપી હતી.... આ બંન્નેનો ભેટો કરાવનાર બીજલી હતી.... લૂંટનો ગુનાનો તખ્તો તૈયાર કર્યો હતો.... અને અગાઉથી નક્કી કર્યા પ્રમાણે જ હું મારી પત્નીને ફરવા લઈ ગયો હતો મને ઈશારો થતાં જ હું પેશાબ કરવાના બહાને રોડની સામે ઝાડીમાં પહોંચ્યો હતો અને ખેલ ખતમ થઈ જતાં હું પાછો આવ્યો હતો...."

પોતાની જ પત્નીની મિલકત પચાવવા હત્યા કરવા પતિએ સોપારી આપી હોવાના સમાચારે ચકચાર મચાવી દીધી હતી.

## ૭. પત્નીનું પાનેતર બન્યું પતિનું કફન

સુમન હું તને ખૂબ ચાહું છું.... તારા વગર હું રહી શકું એમ નથી.... તારા વીનાની જિંદગી મારી અધુરી છે.... તને જ્યારથી જોઈ છે ત્યારથી જ તું મારા દિલની રાણી બની ચૂકી છું.... યેનકેન પ્રકારેહું તને એક નજરે જોવા તડપતો રહું છું.... સવારે ઉઠીને હું તારો ચહેરો જોઉં છું ત્યારે મને મારા જીવનનો એ સોનેરી દિવસ ઉગેલો હોય એમ લાગે છે.... ન્હાઈ ધોઈને તું જ્યારે છૂટા વાળ રાખીને મારી રૂમમાં ચ્હા લઈને આવે છે અને પછી મને જગાડે છે ત્યારે ઉઘડેલી આંખો નજર સામે તારો રૂપાળો અને મદહોશ આંખો યુક્ત ચહેરો જુએ છે. ત્યારે મારા મનમાં તને બાહુપાશમાં જકડી લેવાની પ્રબળ ઈચ્છાને હું કેમ કરીને દબાવુ એ તો મારૂ મન જાણે છે... તું મારી બધી જ સગવડ સાચવે છે... તું જ્યારે કૉલેજ જવા નિકળે છે ત્યારે હું ઉદાસ થઈ જાઉં છું કેમ કે પછી તું પરત ન આવે ત્યાં સુધી મારે ઘરમાં જ ભરાઈ રહેવું પડે છે... બપોરે જમવાનું આવે છે પણ તારા સિવાય મને જમવાનું પણ ભાવતું નથી... સુમન.... તારી પાછળ હું પાગલ થઈ ગયો છુ..... તુ મને અપનાવવાનો ઈન્કાર કરીશ તો મારે આત્મહત્યા કરી લેવી પડશે.... હું ય જાણું છું સુમન કે તુ પણ મને મનોમન ચાહે છે અને એટલે જ તો તું મારી સંભાળ રાખે છે ..... મારા એંઠા વાસણ તું કેટલા આનંદથી ઉટકી નાખે છે.... મારા કપડાં પણ તું ધુએ છે..... તું મને ચાહે છે પણ તારાથી કહી શકાતુ નથી.... તું સહનશીલ છે. એટલે

દિલમાં પ્રેમ સંઘરી રાખે છે. જ્યારે હું તો અધિરો બની ગયો છું અને એટલે જ તારી સમક્ષ મારો પ્રેમ વ્યક્ત કરવા માટે આ પત્ર લખ્યો છે.... તારાથી જવાબ ન અપાય તો કંઈ નહી પણ રાત્રે બાર વાગે આપણા મકાનના ધાબા ઉપર તું આવીશ એટલે હું સમજી જઈશ કે તું પણ મને ચાહે છે.... પછી તારે કહેવાની કંઈ જરૂર નહિ રહે.... બસ.... વધુ ઘેલા નથી કાઢતો.... હું ધાબા ઉપર રાહ જોઈશ.... રાત્રે બાર વાગ્યે....

આ પત્ર લખનાર હતો સુમનના ઘરમાં પેઈંગ ગેસ્ટ તરીકે રહેલા મોરલાનો.... એનું નામ મોરલો.... પચ્ચીસેક વર્ષની ઉંમરનો.... જેવું નામ એવો સુંદર પણ હતો.... કુંવારો હતો.... પરદેશી હતો.... ખાસ્સુ દૂર એનું વતન હતું.... છ માસ પહેલાં તે અહીં આવ્યો હતો.... શહેરના છેવાડે આવેલી ફેક્ટરીમાં તે નોકરી કરતો હતો.... ફેક્ટરીના મેનેજરની ઓળખાણથી તે સુમનના ઘેર પેઈંગ ગેસ્ટ તરીકે રહ્યો હતો. મકાનની નીચેના ભાગમાં સુમન તેના મા-બાપ સાથે રહેતી હતી. કોલેજ કરતી સુમન દેખાવે અને શરીરે મધ્યમ હતી. પણ ભણવામાં અને ઘરકામ કરવામાં એની તોલે કોઈ આવે એમ નહોતું.... રસોઈ પણ તેણે જ કરવાની રહેતી....

જો કે એના મા-બાપ મધ્યમ વર્ગના હતા એટલે મકાનનો ઉપરનો ભાગ ભાડે આપી દઈ આવકમાં વધારો કરતા હતા. જો કે છ મહિનાથી મોરલો પેઈંગ ગેસ્ટ તરીકે રહેતો હતો અને ભાડા કરતાં બેવડી રકમ તેમને મળતી હતી.

સુમન કોલેજથી આવી ત્યારે તેના મા-બાપની નજર ચુકવીને મોરલાએ તેના હાથમાં પત્ર પકડાવી દીધો. જો કે ગભરૂ હરણીની માફક ગભરાયેલી સુમને પત્ર પોતાની નોટમાં સરકાવી દીધો. વીસ વર્ષની ઉંમરની સુમનના મનમાં પણ કોડ જાગ્યા હતા.... એને પણ બોય ફ્રેન્ડની જરૂર હતી.... એણે મોરલાનો પત્ર વાંચી લીધો.... એ દિવસે એણે પોતાના કપડાં ધોઈને ધાબા ઉપર લગાવેલા તાર ઉપર સુકવી આવી. કંઈક અજંપાભરી સ્થિતીમાં એણે સમય પસાર કર્યા.... રાતનું ભોજન લીધા બાદ સુમન વાંચવા બેઠી.... એ એનો નિત્યક્રમ હતો.... બાજુમાં તેની માતા અને અલગ પલંગમાં એના પિતા સૂતા હતા. સુમને મોરલાનો પત્ર ફરીથી વાંચી લીધો....

બાર વાગ્યાના ટકોરા પડ્યા અને સુમનના શરીર પરથી એક પ્રકારની ઝણઝણાટી પસાર થઈ ગઈ.... એણે એની માતાને જગાડી....

" શું છે બેટા.... ઉંઘવા દે ને....? અને તારૂં ય વાંચવાનું પુરૂં થયું હોય તો તું યે સૂઈ જા.... સવારે વહેલા ઉઠવાનું છે...."

"હા પણ મમ્મી.... સવારે મારે કોલેજ પહેરી જવાના કપડાં મેં ધાબા ઉપર સૂકવ્યા છે અને હું ભૂલી ગઈ છું હું લઈ આવું...."

"હા જઈ આવ.... આવું તારી સાથે કે એકલી જઈશ....?"

"ના ના.... હું લઈ આવું છું...."

સુમન ઉઠી અને ધીમે રહીને રૂમની બહાર નીકળી.... ધાબા ઉપર પહોંચી ત્યારે ચંદ્રના આછા અજવાળામાં એણે મોરલાને ઉભેલો જોયો.... સુમને પોતાના કપડાં લીધાં અને "આઈ લવ યુ...." કહીને ઝડપથી પગથિયાં ઉતરી ગઈ... એ આછા અજવાળામાં આટલું કહીને નીચે ઉતરી ગયેલી સુમનની શ્વાસોશ્વાસની ક્રિયા ઝડપી બની ગઈ હતી.

અને ત્યાર બાદ સુમન-મોરલાની રોજ મુલાકાત થવા લાગી.... જો કે પરજ્ઞાતિના યુવાન સાથે પોતાના લગ્ન થશે નહીં એવું જાણતી હોવા છતાં સુમન મોરલા તરફ ઢળી હતી.... તેણે તમામ સાંસારિક મર્યાદા ઓળંગી નાંખી હતી અને આખરે બંને પ્રેમી - પંખીડા આકાશમાં વિહરવા ઉડ્યા.... દૂર પર પ્રાંતમાં જઈને લગ્ન કર્યા. સુમન મોરલાની નજરમાંજ જોતી હતી. મોરલો જ એની દુનિયા બની ગઈ હતી. પણ બાહ્યાકર્ષણનો આ પ્રેમ બહુ લાંબો ચાલ્યો નહી.... મોરલો જ્યાં નોકરી કરતો હતો એ ફેક્ટરીવાળા એને પરત નોકરી રાખે એમ નહોતા એટલે મોરલા એ અન્ય શહેરમાં જઈને નોકરી શોધી કાઢી.... મોરલાના રૂપમાં અને લાગણીસભર બોલીમાં ફસાયેલી સુમનને પોતે કરેલી ભૂલનો પસ્તાવો થવા લાગ્યો.... મોરલાની આવક ઓછી હતી અને ખર્ચા વધુ હતા. પાંચસો રૂપિયા મકાનના ભાડામાં આપતાં સાતસો રૂપિયા બચતા જેમાં ઘરનું ગુજરાન ચલાવવું પડતું.... સુમન પહેરી લાવેલ ઘરેણાં એકપછી એક વેચાવા લાગ્યા.... માત્ર લગ્નટાણે મંગલસૂત્ર એકલું જ રહ્યું ત્યારે ન છૂટકે સુમને મોરલાને સમજાવ્યો....

પણ હવે મોરલાનો સ્વભાવ ચિડીયો થઈ ગયો હતો.... વાત વાતમાં મારવા તડતો હતો.... આખરે કંટાળેલી સુમન જે ઘરનો ઉંબરો ઓળંગીને મર્યાદારેખા તોડીને બહાર નીકળી હતી એ જ ઘરમાં પસ્તાવો લઈને પાછી ફરી.

છ મહિના પરપુરૂષ સાથે રહીને આવેલી સુમનને ધુત્કારવાને બદલે એના મા - બાપે દીકરીને આવકારી.... છોકરું છે.... ભૂલ કરી બેઠી.... હવે ભૂલ સમજાઈ અને પાછી ફરી છે તો હવે જાગ્યા ત્યાંથી સવાર જાણીને સુમનને સ્વીકારી લીધી.... પણ હવે સાપના ભારાને ક્યાં સુધી ઘરમાં સંઘરી રાખવો....? સુમનને બીજવર સાથે વરાવી દીધી.... જનક મધ્યમ વર્ગનો હતો જ્યારે આ બાજુ સુમનના મા - બાપ એકલા રહેતા હોવાથી સુમન અને જનકને આગ્રહ કરીને મકાનના ઉપરના માળે રહેવા રાજી કરી લીધા જેથી મા-બાપ માંદા-સાજાં હોય તો તેમની સાર સંભાળ રાખી શકે....

પણ.... સુમનના પિતાને ખબર નહોતી કે એમને દીકરીના સુખી સંસારમાટે મહા અપરાધ કરવો પડશે.... સુમનને શોધતો શોધતો મોરલો આવી પહોંચ્યો ત્યારે સુમને એને મળવાની પણ ઈચ્છા દર્શાવી નહીં અને હવે એ એનો સંસાર લઈને બેઠા છે માટે હવે તેણે આવવું એવી સ્પષ્ટ ચેતવણી આપતાં મોરલો ગુસ્સે ભરાયો.... સુમનને એના મા-બાપની હાજરીમાં ચોટલો ઝાલીને પછાડી અને જો તું મારી સાથે નહી આવે હું તને સુખેથી રહેવા નહીં દઉં.... તને જીવતી સળગાવી દઈશ.... એમ કહીને એ જાતે રસોડામાં જઈને કેરોસીનનું ભરેલું ડબલું લઈ આવ્યો અને સીધું સુમન ઉપર રેડવા ગયો કે સુમનના પિતા વચ્ચે આવી ગયા....

"થોભી જા જમડા.... તારી આટલી હિંમત...? મારી હાજરીમાં મારી દીકરી પર અત્યાચાર કરતાં અચકાતો નથી નરાધમ....?" ઉશ્કેરાઈ ગયેલા સુમનના પિતાનામાં ન જાણે ક્યાંથી તાકાત અને હિંમત આવી ગઈ કે એમણે જુવાન મોરલાના હાથમાંથી કેરોસીનનું ડબલું ઝૂંટવી દીધું અને મોરલા ઉપર ઢાલવી દીધું....

આ ધમાચકડીમાં મોરલાએ સુમનને પકડી લીધી અને પોતાની પાસેની દિવાસળીની પેટી કાઢી સળગાવી અને સુમન ઉપર નાંખી.... પણ સુમન સળગે એ પહેલાં એની સળગતી સાડી એના પિતાએ ઝાટકો મારીને મોરલા ઉપર નાખતાં એક ભડકા સાથે મોરલો સળગ્યો....

મોરલો જેવો સળગ્યો કે સમનના પિતાએ એને એક રૂમમાં ધક્કો મારી દઈ રૂમનો દરવાજો બંધ કરી દીધો....

આખા શરીરે સળગતો મોરલો રૂમમાં દોડાદોડી કરવા લાગ્યો.... દીવાલોમાં ભટકવા લાગ્યો.... બચાવો.... બચાવો.... ની બૂમો પાડવા લાગ્યો.... અને થોડી વાર પછી રૂમમાંથી આવતો અવાજ બંધ થઈ ગયો...

ત્યારે બહાર ચણીયો અને બ્લાઉઝ પહેરી હાલતમાં થરથર કાંપતી સુમન બેભાન થઈને ઢળી પડી.....

## ૮. પ્રેમીનો "ઓવરટાઈમ": હત્યા

રેલ્વે સ્ટેશનથી બહાર નીકળો એટલે મુખ્ય રસ્તો પસાર કરો અને પચાસેક ડગલાં ચાલો એટલે ડાબી બાજુ એક મોટો દરવાજો... અને દરવાજા ઉપર લખેલું છે ટાઉન પોલીસ સ્ટેશન... શહેર ઘણું મોટુ છે... અને આવા મોટા શહેરનું પોલીસ સ્ટેશન સંભાળવું કંઈ કાચા પોચાનું કામ નથી...પણ જેવું પોલીસ સ્ટેશન એવા જ પોલીસ ઈન્સ્પેક્ટર નાગપાલ... છ - સાડા છ ફૂટની ઊંચાઈ... મજબૂત બાંધો અને પોલીસની વર્દીમાં શોભે એવા... એમના આવ્યા પછી ગુનેગારો ભૂગર્ભમાં ઉતરી ગયા હતા. કોઈ ગુનો કરવાનું નામ લેતાં ન હોતા કે એક દિવસ.

બપોર પછી... સાંજના ચારેક વાગ્યાના સુમારે શહેર પોલીસ મથકનો ટેલિફોન રણકી ઉયો... પોલીસ સ્ટેશને સતત ફરજ પર હાજર રહેનાર ઈન્સ્પેક્ટર નાગપાલે તરત જ રિસીવર ઉપાડ્યું... ટેબલ ઉપર પગ ઉપર પગ ચડાવીને રીવોલ્વીંગ ચેર પર બેઠેલા નાગપાલે ફોન પર "હેલો"કહ્યું...

"કોણ...? નાગપાલ સાહેબ છે?" સામા છેડેથી કોઈ અજાણ્યાનો અવાજ આવ્યો...

"બોલું છું..." નાગપાલે ઠંડે અવાજે કહ્યું પછી ઉમેર્યુ : "તમે કોણ

બોલો છો ? શું કામ છે ?"

"એક બાતમી આપવાની છે તમે ઈન્સ્પેક્ટર નાગપાલ સાહેબ જ છો ?" સામે છેડે થી શંકા વ્યક્ત કરતો અવાજ આવ્યો....

"હા.... ભાઈ.... બોલો...." નાગપાલે થોડાક ઊંચા અને સત્તાવાહી અવાજે કહ્યું.

"ન...ન... નાગપાલ સાહેબ.... ?.... મેં એક લાશ જોઈ છે...."

"ઓહો... તમે એક લાશ જોઈ છે.... મેં તો ઘણી બધી લાશ જોઈ છે મારી સર્વિસમાં...." નાગપાલે જે હાથમાં ફોનનું રીસીવર પકડ્યું હતું એ હાથની વચલી આંગળી મૂંછના છેડા ઉપર ફેરવતાં થોડાક મજાકભર્યા સ્વરે બોલ્યા....

"ના... એમ નહીં સાહેબ... પણ મેં ખરેખર એક લાશ જોઈ છે... કદાચ કોઈકે ખૂન કર્યુ હોય એવું લાગે છે.."

"ખૂન....? કોનું...? લાશ... ક્યાં છે?...?"

ઈન્સ્પેક્ટર નાગપાલે ટેબલ પરથી પગ લઈ લીધા અને ખુરશી પર ટટ્ટાર બેસી ગયા.... રિસીવર કાન સાથે નજીક લાવ્યા અને ધ્યાનથી સાંભળવા લાગ્યા.

"સાહેબ... મારું નામ ના પૂછો તો અને ક્યાંય મને સંડાવો નહિ તો કહું છું... "

ઈન્સ્પેક્ટરે ફોન કરનાર અજાણ્યાને તેનું નામ નહી આપવાની ખાતરી આપતાં સામે છેડેથી પેલાએ માહિતી આપી...

"સાહેબ.... અહીંથી હાઈવે તરફ જવાના રોડ ઉપર આવેલી મોટી નહેર ઉપર પૂર્વ તરફ થોડુંક ચાલીએ એટલે નહેરની બાજુ નિલગીરીનું એક ખેતર છે અને એ ખેતરમાં એક છોકરીની લાશ પડી છે...."

આટલી હકીકત તો ઈન્સ્પેક્ટર નાગપાલ માટે પૂરતી હતી... ફટાક દઈને થઈ ગયા અને ઓફિસની બહાર નીકળ્યા.... પોલીસ જીપગાડીનો ડ્રાઈવર ગાડીમાં જ બેઠોબેઠો આરામ ફરમાવી રહ્યો હતો.

"ખાન..." ઈન્સ્પેક્ટર નાગપાલે બુમ પાડી કે તરત જ ડ્રાઈવર ખાન સાવધ થઈ ગયો "જી સર...."

ખાનને ખબર પડી ગઈ કે નક્કી ક્યાંક જવાનું થયું છે.... પોલીસ સ્ટેશને હાજર બે-ત્રણ માણસોને ગાડીમાં બેસવાનું કહેતાં જ ઈન્સ્પેક્ટર નાગપાલ પોતે પણ ગાડીમાં આગળ જમાવ્યું.... પોતાની ખાસિયત પ્રમાણે ડાબો પગ બહાર પગથિયાં ઉપર મૂક્યો અને આદેશ કર્યો.

"હાઈવે રોડ તરફ...."

નાગપાલનો હુકમ છૂટતાં ખાને ગાડી સ્ટાર્ટ કરી અને ઈન્સ્પેક્ટરના ઈશારા પ્રમાણે ગાડી દોડાવી.... મોટી નહેર પર ભારે વાહન જઈ શકે એવો કાચો માર્ગ હતો... જીપગાડી નહેર પર દોડવા લાગી અને નીલગીરીનું ખેતર આવતાં જ સાહેબના ઈશારાથી ગાડી થોભાવી દીધી.

નાગપાલની આદત હતી કે જ્યાં પણ કોઈ ખાનગી મીશન માટે જતાં હોય ત્યારે તેમના સિવાય બીજા કોઈને ખબર ન પડે કે ક્યાં જવાનું છે? શું કરવાનું છે? એટલે નહેર ઉપર ગાડી ઉભી રહેતાં સાથે સાથે નીચે ઉતર્યા અને આજુબાજુ નજર કરી પણ પણ જણાયું નહીં એટલે એ બધાયની નજર ઈન્સ્પેક્ટર સાહેબ પર પડી.

નાગપાલે નિલગીરીના ખેતર ઉપર નજર નાંખી અને પછી ઝડપથી એ બાજુ ચાલવા માંડ્યા. એમની સાથે પોલીસ માણસો પણ અનુસર્યા.

આગળ ચાલતા નાગપાલની નજર એક ખેતરના ખૂણા પર પડી અને તેમની આંખોમાં ચમક આવી ગઈ.... તેજ ગતિએ એ તરફ ધસ્યા.... જઈને જોયું તો ખેતરના શેઢા પાસે એક બાવીસેક વર્ષની ઉંમરની યુવતીની લાશ પડી હતી....નજીક જઈને જોયું તો.... સુંદર યુવતીના મોઢામાંથી જીભ બહાર નીકળી ગઈ હતી.... તેની આંખો ફાટી ગઈ હતી... તેણે પહેરેલા શરીર પરના કપડા અસ્ત વ્યસ્ત થઈ ગયા હતા.... બ્લાઉઝનાં બટન ખુલ્લાં થઈ ગયાં હતાં.... ચણિયો અધ્ધર સાથળ સુધી ચડી ગયો હતો.... તેનાં પગનાં ચંપલ થોડે દૂર ઊંધા -

ચત્તા પડ્યા હતા....

પોલીસ ઈન્સ્પેક્ટર નાગપાલે લાશ અને ઘટનાસ્થળનું ઝીણવટપૂર્વક નીરીક્ષણ કર્યું.... અને મનોમન કંઈક ગણિત ગણવા લાગ્યા.... અજાણી યુવતીની લાશ હતી.... લાશની હાલત જોઈને લાગતું હતું કે તેની સાથે દેહસંબંધ બાંધ્યા પછી તેની હત્યા કરીને હત્યારો નાસી છૂટ્યો હતો.

આવશ્યક કાર્યવાહી અને કાગળો કર્યા પછી લાશનો કબજો મેળવી શબ પરીક્ષણ માટે રવાના કરી દીધી.

ઈન્સ્પેક્ટર નાગપાલનું પોલીસ દિમાગ કામે લાગી ગયું.... કોણ હશે હત્યારો....?

મરનાર યુવતી જુવાન હતી.... કદાચ એની ઈજ્જત લૂંટવા કોઈ લલચાયેલ યુવાને તેના પર બળાત્કાર ગેજાર્યો હોય અને ત્યારબાદ આ યુવતી કોઈને કહી દે કે પછી પોલીસ ફરિયાદ કરશે એવા ડરથી બળાત્કારી યુવાને તેનું ગળું દબાવી દીધું હોય....

પરંતુ બાવીસેક વર્ષની અજાણી યુવતી આટલે દૂર સુધી શા માટે આવે? અને જે સ્થળેથી લાશ મળી આવી હતી તે સ્થળનું નિરીક્ષણ કરતાં આ યુવતીની ઉપર જબરજસ્તી કરીને બળાત્કાર કરવામાં આવ્યો હોય અને બળાત્કારથી બચવા માટે યુવતીએ પ્રતિકાર કર્યો હોય એવા કોઈ નિશાન મળી આવ્યા નહોતા....

પોસ્ટમોર્ટમ રીપોર્ટમાં મરનાર યુવતીનું ગળું દબાવીને હત્યા કરવામાં આવી છે અને હત્યા કર્યા પહેલાં તેની સાથે દેહસંબંધ બંધાયેલો હોવાનું ચોક્કસપણે જણાવ્યું હતું....

આ રિપોર્ટ પરથી એટલું તો સાબિત થયું કે તેના પર બળાત્કાર નહીં પણ સંભોગ કરવામાં આવ્યો હતો અને જ્યારે સંભોગ કરવામાં આવે ત્યારે સ્ત્રી-પુરૂષની પરસ્પર સંમતિથી થાય એટલે જો કદાચ આ યુવતી પરિણત હોય તો કદાચ તેના પતિ સાથે તો આટલે દૂર નિલગીરીના ખેતરમાં આવે અને સંભોગ કરે એ શક્યતા ઘણી જ ઓછી હતી પણ કદાચ આ યુવતી તેના કોઈ પ્રેમી સાથે ચોરી છૂપીથી આવી હોય અને તેના પ્રેમીએ તેની સાથે આ એકાંતમાં શરીર સંભોગ કર્યો હોવો જોઈએ અને એ પછી કોઈક કારણને લઈને બન્ને વચ્ચે ઝઘડો થયો હોય જેથી કદાચ આવેશમાં આવી જઈને આ યુવતીનું ગળું દબાવી દીધુ હોય અને પછી ફરાર થઈ ગયો હશે....

આ વાત અને વાર્તા ઈન્સ્પેક્ટર નાગપાલના પોલીસ દિમાગમાં બંધબેસતી લાગી અને એ દિશામાં એમણે તપાસનો દોર લંબાવ્યો.... તેમનું પ્રથમ કામ હતું મરનાર યુવતીની ઓળખાણ.... તેમણે તમામ પોલીસ મથકોએ આ અજાણી યુવતીની લાશ અને વર્ણન સાથેનો સંદેશો પહોંચાડી દીધો.... પરિણામે એમને સફળતાં મળી....

બીજા દિવસે શહેરથી દશેક માઈલ દૂર આવેલા નાનકડા એક ગામેથી આધેડ વિધવા મહિલા ઈન્સ્પેક્ટર નાગપાલ પાસે આવી અને યુવતી તેની પોતાની દીકરી જ છે કે કોઈ બીજી એ જાણવા ઉત્સુક બની.

" સાહેબ... મારી દિકરી નીલા ગઈકાલે સવારથી અહીં શહેરમાં આવવા નીકળી હતી. ત્યારની પાછી આવી નથી. વાતે વાતે મેં જાણ્યું કે મારી દીકરી જેવી જ કોઈક છોકરીની હત્યા કરેલી લાશ મળી છે એટલે.... સાહેબ.... હું જોવા આવી છું...."

આધેડ મહિલાએ જે વર્ણન અને જે કપડાં પહેરીને તેની પુત્રી નીલા શહેરમાં આવવા નીકળી હતી તે જણાવતાં વર્ણન લાશના વર્ણન સાથે મળતું આવતું હોવાનું જણાતાં ઈન્સ્પેક્ટર નાગપાલ એ મહિલાને લઈને હોસ્પિટલે પહોંચ્યા જ્યાં પી.એમ. કર્યા બાદ લાશને કોલ્ડરૂમમાં રાખવામાં આવી હતી.

આગલા દિવસે મળી આવેલી અજાણી યુવતીની લાશના કપડાં અને લાશને જોઈને આધેડ મહિલા હૈયાફાટ રૂદન કરવા લાગી... લાશ એની પુત્રી નીલાની હતી.... પણ હત્યા કરી કોણે ?

ઈન્સ્પેક્ટર નાગપાલે નીલાની માને શાંત પાડી આશ્વાસન આપ્યું અને પૂછપરછ આદરી.... નાગપાલને શક હતો કે નીલાની આજુબાજુ રહેનારા કોઈ યુવાન સાથે જ આડો સંબંધ હોવો જોઈએ અને એ શંકાની પૂર્તિ કરવા નાગપાલે

કેટલાંક પ્રશ્નો પૂછ્યા અને આધેડ વિધવા મહિલાએ જવાબો આપ્યા એના પરથી ઈન્સ્પેક્ટર નાગપાલને હત્યારાની કડી મળી ગઈ. મહિલાને પોલીસ મથકે જ બેસાડી રાખી અને પોતે જીપગાડી લઈને શહેરમાં એકલા નીકળી ગયા. તેમનો ડ્રાઈવર ખાન પણ વિચારમાં પડી ગયો....

શહેરમાં આવેલી કાપડની પ્રખ્યાત મીલના ગેટમાં ઈન્સ્પેક્ટર નાગપાલની જીપ પ્રવેશી.... દશ જ મિનીટમાં જીપગાડી પરત મીલના ગેટમાંથી બહાર નીકળી અને પોલીસ સ્ટેશને પાછી આવી ત્યારે ઈન્સ્પેક્ટર નાગપાલ સાથે એક યુવાન બેઠેલો હતો....

ચરરર.... કરતી જીપગાડીની બ્રેક વાગી અને તુરત નાગપાલ નીચે ઉતરીને સાથે લાવેલા યુવાનનો કોલર પકડીને નીચે ઉતાર્યો અને સીધા જ પોતાની ઓફિસમાં લઈ ગયા.... એને જોઈને ઓફિસમાં બેસી રહેલી નીલાની માનું મોઢું આશ્ચર્યથી પહોળું થઈ ગયું.... અને એ મોઢામાંથી બે શબ્દો નીકળી ગયા : " અનિલ.... તું.....?"

" હા માજી.... આ અનિલ છે.... અને એણે તમારી દિકરી નીલાની હત્યા કરી છે...." ઈન્સ્પેક્ટર નાગપાલ બોલી ઉઠ્યા : અને અનિલ સામે જોઈને કંઈક કહેવા જ જતા હતા કે અનિલ બે હાથ જોડીને ધ્રૂજવા લાગ્યો....

ગામડામાં ભલે રહેતો અનિલ પણ નોકરી શહેરમાં કરતો હતો અને એ ઈન્સ્પેક્ટર નાગપાલની ગુનેગારોને પૂછપરછ કરવાની પધ્ધતિ સારી રીતે જાણતો હતો.

"ફટાફટ બોલી જા.... તેં નીલાની કેવી રીતે અને ક્યા કારણે હત્યા કરી....?"

અનિલ ધ્રૂજતો હતો અને એને ધ્રૂજતા અવાજે કહેવાનું ચાલુ કર્યુ :

"સાહેબ... નીલા અમારા ઘરની પડોશમાં રહેતી હતી.... હું મીલમાં નોકરી કરૂ છું. છેલ્લા ચાર - પાંચ વર્ષથી અમારી વચ્ચેનો આડો સંબંધ હતો.... અમો બંન્નેને જ્યાં તક મળતી ત્યાં અમો શારિરીક સુખ માણતા હતા.... સાહેબ... મારા લગ્ન થયા ત્યાં સુધી તા હું નીલા પાછળ મારા પગારના અડધા પૈસા વાપરતો હતો.... એના મોજ શોખ કપડાં - લતા પાછળ ખર્ચતો હતો.... પણ મારા લગ્ન થયા પછી અમારા ઘરનો ખર્ચો વધી જતાં નીલા પાછળ મારાથી પૈસા વપરાતા નહોતા.... ધીરે ધીરે મેં એની સાથેના સંબંધો ઓછા કરવા માંડ્યા.... મારી પત્ની પણ છે.... એને પણ મારે ખુશ કરવી પડે.... એક વર્ષ થયું મારા લગ્નને મારી પત્નીને સારા દિવસો ચાલે છે ટૂંકો પગાર છે એવામાં નીલા મારી પાસે પાંચ હજાર જેટલી મોટી રકમ માંગે એ હું ક્યાંથી લાવું.... સાહેબ....?"

થોડીવાર રોકાઈને ગુનાનો એકરાર કરતાં બોલ્યા :

"સાહેબ.... કાલે સવારે નીલા મારી પાસે આવી હતી અને મને અહીં શહેરમાં બોલાવ્યો હતો.... મારી ડ્યુટી બપોરે ત્રણ વાગ્યે હતી. સવારે હું "ઓવરટાઈમ"નું નામ દઈને ઘરેથી નીકળ્યો હતો જેથી હું નીલાને મળવા માટે જાઉં છુ એ વાતની મારી પત્નીને જાણ ન થાય... અમારી વચ્ચે બોલચાલનો સંબંધ છે એ નીલાની મા જાણતી હતી પણ એ પોતે વિધવા હોવાથી અને આવકનું કોઈ સાધન નહિ હોવાથી અમારી વચ્ચે દરમ્યાનગીરી કરતી નહોતી.

ગઈકાલે સવારે શહેરના બસ સ્ટેશને નીલા મને મળી.... અમે બંને ચાલતા ચાલતા નહેર પર પહોંચ્યા અને નીલગીરીના ખેતરમાં બેઠા.... શરૂ શરૂની વાતોમાં પ્રેમ હતો અને અમે બંને ભાન ભૂલીને હવસ સંતોષી પણ ત્યારબાદ નીલાએ મારી સાથે પાંચ હજાર રૂપિયાની માંગણી બાબતે ઝગડો કર્યો.... મને કહેવા લાગી કે " તારે મને ન મળવું હોય તો ના મળીશ.... પણ ચાર ચાર વર્ષ સુધી મારા શરીરને વાપર્યુ.... એના બદલામાં તું મને પાંચ હજાર રૂપિયા આપ નહીંતર તારી પત્નીને આપણા સંબંધોની વાત કરીશ પછી જો તારો ઘરસંસાર કેવો સળગે છે...."

સાહેબ.... નીલાની ધમકીથી હું ડરી ગયો.... તેને પાંચ હજાર રૂપિયા હું આપી શકું એમ નહોતો અને મારો ઘરસંસાર સળગે એવું ઈચ્છતો નહોતો.... મેં તત્કાળ નિર્ણય કરી લીધો.... પૈસા અને ઘરસંસાર બચાવવાનો મારી સામે એક જ રસ્તો હતો અને એ હતો નીલાનું મોત.... અમે છૂપાઈને બેઠા હતા કોઈ આવતું જતું નહોતું એટલે મેં એ જ વખતે નીલાનું ગળું એની જ સાડીથી દબાવી દીધું અને પછી સાડીનો છેડો છોડીને હું સીધો મીલમાં નોકરી પર ચાલ્યો ગયો.

ઈન્સ્પેક્ટર નાગપાલે અનિલને હાથકડી પહેરાવી દીધી.

## ૯. લોહી નીતરતું ખંજર અને અપરાધી

મહેશે એ પ્રેમપત્ર એક...બે...વાર નહિં પરંતુ વારંવાર વાંચ્યો... પત્ર વાંચતા વાંચતા મનોમન હરખાતો હતો.... પોતાની જાતને ધન્ય માનવા લાગ્યો.... એ પ્રેમપત્ર એના દિલની રાણી સપનાનો હતો. જો કે મહેશની જગ્યાએ કોઈ બીજો યુવાન હોત તો એ પણ આટલો જ પાગલ થઈ ગયો હોત. કેમ કે મહેશને લખેલા પ્રેમપત્રમાં સપનાએ પોતાના કાળજાની તમામ વાત કહી નાંખી હતી.

"પ્રાણ પ્યારી પ્રિયતમ...."

મહેશકુમાર....

તમને મારી યાદ આવતી નથી....?

જો કે હું ઈશ્વરને નથી માનતી એથી પણ વધારે હું તમને માનું છું.... તમે જ મારા ભગવાન છો.... તમે જ મારૂં સર્વસ્વ છો.... તમે મને મળવા આવજો... વધસ્તંભની પાસે.... હું તમારી રાહ જોઈશ.... આ આપણા વિયોગની છેલ્લી મુલાકાત હશે.... પછી આપણે બંને કદ્યપિ અલગ નહીં થઈએ.... કાયમને માટે એક સાથે જીવવાનું સ્વપ્ન પૂરું કરીશું....

તમારો હુકમ માથે ચઢાવીશ.... તમારૂ કહ્યું માનીશ.... હું તમને યાદ કરૂં છું.... તમારા દિલમાં મારે માટે થોડી જગ્યા તો હશેને...?... હું તમને પહેલા જેટલો પ્રેમ કરતી હતી એટલો પ્રેમ આજે પણ કરૂં છું.... પાણી વિના માછલી જેમ તરફડે છે.... તડપે છે.... તેમ હું તમારા વગર તડપુ છું.... તમારા સાથ વગર તરફડુ છું.... નદી સાગરને મળવા ઉતાવળી થઈ જાય છે તેમ હું તમને મળવા બહાવરી થઈ જાઉં છું.... મારી જીંદગીમાં એક તોફાન આવી ગયું છે.... બસ.... એક વખત મને મળવા આવો.... મારા મનમાં ઉઠેલી આંધીને શાંત કરી દો.... બસ....

સપનાએ પત્રમાં લખ્યા પ્રમાણેના આપેલા વાયદા પ્રમાણે મહેશ વધસ્તંભે પહોંચી ગયો.... સપના હજુ સુધી આવી નહોતી પણ એ આવશે જ એવો મહેશને પાક્કો ભરોસો હતો.... સ્તંભને અડીને પીઠનો ટેકો દઈને સપના સાથે વિતાવેલી ક્ષણ યાદ કરવા લાગ્યો....

મહેશ અને સપના એક જ કોલેજમાં ભણતા હતા. સપનાની બહેનપણી મધુ મહેશની ધર્મની બહેન હતી. મધુ સાથેના આ પવિત્ર સંબંધને કારણે સપના સાથે પ્રેમસંબંધ બંધાયો હતો.... જ્યાં સુધી સાથે ભણ્યા ત્યાં સુધી બંને જણે અતૂટ પ્રેમ બંધનથી બંધાયેલા રહ્યા હતા.... કોલેજ કાળ પૂરો થયો.... નોકરી ધંધો શોધવાના કામે લાગી ગયા....

મહેશે કોમ્પ્યુટર કેન્દ્ર શરૂ કર્યુ હતું.... ઘણી વખત ટાઈમ લઈને એ સપનાને મળવા.... એકાંતમાં પહોંચી જતો.... પણ છેલ્લા કેટલાય સમયથી સપના મહેશને મળવા આવવામાં અનિયમીત રહેતી અને એટલા મહેશને તેના પ્રત્યે શંકા ગઈ હતી.

અને એક વખત જ્યારે વાયદા પ્રમાણે સપના મળવા આવી નહી ત્યારે રઘવાયો બનેલો મહેશ સપનાને શોધતો જઈ રહ્યો ત્યારે રસ્તામાં આવતી એક બિલ્ડરની ઓફિસમાંથી બહુ જ ઝડપભેર નીકળેલી સપના મહેશની સાથે ભટકાઈ પડી. મહેશને જોઈને તરત જ સપના બોલી ઉઠી.

"અરે... મહેશ... હું તમને જ મળવા આવતી હતી.... એક ખુશખબર સંભળાવવી હતી.... મને અહીં ઓફિસમાં પ્રાઈવેટ સેક્રેટરીની નોકરી મળી ગઈ છે.... મારે એટલે જ તો મોડું થયું.... જલદી જલદી તમને મળવા આવતી જ હતી...."

મહેશને પણ સપનાની વાત સાચી લાગી હતી પણ થોડા સમય બાદ મહેશને લાગ્યું કે, એ વખતે સપનાની વાત પર વિશ્વાસ કર્યો હતો એ એની ભૂલ હતી....

અને એ પછી તો આખું નાટક સપનાનું બહાર આવ્યું ત્યારે ખુદ મહેશ પણ ચકચાઈ ગયો હતો. એને ખબર પડી કે સપના એના શેઠ પ્રત્યે આકર્ષાઈ છે.... તેની સાથે છૂટથી વર્તી રહી છે અને પોતાનાથી દૂર થઈ રહી છે. ત્યારે તેના શરીરમાં એક ઝેરી અને ઈર્ષાની ઝણઝણાટી પસાર થઈ ગઈ હતી.... કાળજે જાણે ઘા વાગ્યાં હતાં.

મહેશે ઘણી વખત સપનાને વાળવા સમજાવી હતી.... ધનદોલતવાળાના બાહ્યાકર્ષણમાં અંજાઈ ન જા.... એ લોકો કેરીના ગોટલાની માફક રસ ચૂંસીને ફેંકી દેશે....

પરંતુ સપના પર એની કોઈ જ અસર નહોતી. એપોતાનું ધાર્યુ કરતી હતી.... પોતાના મનની એ રાણી હતી એના દિલ પર એનું જ આધિપત્ય હતું.... અને એ મહેશને નાપસંદ હતું.

પોતાની પ્રેમ કહાણીને પ્રણય ત્રિકોણ તરફ ઢસડી જનાર સપનાના શેઠ દામોદર અને મહેશ વચ્ચે એક-બે વખત દ્વિઅર્થી ઝઘડા પણ થયા હતા.... પરંતુ બંને વચ્ચે અંતર વધતું જતું હતું.... પોતાનો ધર્મનો ભાઈ મહેશ અને બહેનપણી સપનાના શેઠ દામોદર વચ્ચે સમાધાન કરાવવા માટે મહેશની ધર્મની બહેને પણ ભૂમિકા ભજવી હતી.... પણ એમાં પણ નિષ્ફળતા મળી હતી.

આ દરમ્યાન દિલનો ઉભરો ઠાલવતો પ્રેમપત્ર મળતાં વાયદા પ્રમાણે છેલ્લી મુલાકાત કરવા માટે આવેલો મહેશે સ્મૃતિપટલ પર છવાયેલી સ્મૃતિને ખંખેરી જાગ્રત થાય એ પહેલાં જ એક મારૂતિ કાર આવીને ઊભી રહી ગઈ....એમાંથી શેઠ દામોદર અને સપના બંને નીચે ઉતર્યા.... પાછલી સીટ પરથી સપનાના કાકા અને મહેશના મામા પણ ઉતર્યા.... એ ચારેય જણા મહેશ પાસે આવ્યા ત્યારે જ મહેશને ખબર પડી કે સપના તેને મળવા નહોતી માંગતી પરંતુ વડીલોની હાજરીમાં શેઠ અને તેની વચ્ચેના ઝઘડાને મિટાવવા આવી હતી.

આવતાંની સાથે જ દામોદર શેઠે મહેશને કહેવા માંડ્યુ :

" જો મહેશ.... સપના મારી ઓફિસમાં પ્રાઈવેટ સેક્રેટરી છે અને એની સાથે કોઈ જાતનું લફરૂં ચલાવી લેવા હું માગતો નથી.... તું સપનાનો પીછો છોડી દે.... તમારા બંનેના સંબંધીઓની હાજરીમાં તારે વચન આપવું પડશે..."

સપનાએ લાગણી ભરેલો પત્ર લખીને મહેશને મળવા બોલાવ્યો હતો.... સપના વાત કરે તે પહેલાં દામોદર શેઠે સપના જાણે પોતાની વાગ્દત્તા હોય એવા અધિકારથી મહેશને વડીલોની હાજરીમાં તતડાવવા લાગ્યો એટલે મહેશની કમાન છટકી :

" ઓ શેઠ.... અહીં હું સપનાને મળવા આવ્યો છું.... તારે વચ્ચે ટૂંડી હલાવવાની જરૂર નથી....સાં....તમે પૈસાદાર છો લોકો સપના જેવી અનેક છોકરીઓની જિંદગી ખરાબ કરીને ફેંકી દીધી છે.... સપનામાંથી પણ રસ ઉડી જશે એટલે કેરીના ગોટલાની માફક એને પણ ફેંકી દેશો.... "

આ સાંભળીને ગુસ્સે ભરાયેલી સપનાએ ઉઠાવીને એક લાફો મહેશના ગાલ ઉપર રસીદ કરી દીધો....

" જો મહેશ.... મારા શેઠ મારા નોકરી દાતા છે.... એમના વિશે એક પણ શબ્દ બોલીશ તો મારા જેવી કોઈ ભૂંડી નથી.... "

પોતાના વડીલોની હાજરીમાં લાફો મારતાં ઉશ્કેરાઈ ગયેલા મહેશે દામોદર શેઠ ઉપર હુમલો કરવા ગયો પરંતુ વડીલોએ તેને પકડી રાખ્યો.... વડીલોની હાજરીમાં બેઈજ્જત થયેલો મહેશ ત્યાંથી તો નીકળી ગયો પણ ધૂંઆપૂંઆ થયેલો મહેશ કંઈક કરી બેસશે એવો ડર સપનાને સતાવવા લાગ્યો. એણે બીજા દિવસે મહેશની માંફી માંગી લેવાનો મનોમન નિર્ણય કર્યો...

ત્યારબાદ વડીલોને રવાના કરીને સપના તેના શેઠ સાથે રવાના થઈ ગઈ.... શેઠની ચેમ્બરમાં આ બાબતે બંને ચર્ચા જ કરી રહ્યા હતા કે.... ચેમ્બરની બહાર ધમાલ મચી ગઈ.... શું થયું એનો તાગ મેળવવા માટે સપના બહાર જતી જ હતી કે ચેમ્બરનો દરવાજો ધડામ કરતો ખૂલ્યો...

સામે હાથમાં ખંજર લઈને ઉભેલા મહેશનું વિકરાળ સ્વરૂપ જોઈને સપના ડઘાઈ ગઈ.... પણ મહેશના દિમાગમાં ખૂન્નસ સવાર હતું.... એણે સપનાને એક ધક્કો મારીને ચેમ્બરના એક ખૂણામાં ધકેલી દીધી.... હાથમાં ખંજર લઈને ધસી આવેલો મહેશ દામોદર શેઠ તરફ ફર્યો અને પરસેવે રેબઝેબ થઈ ગયેલ શેઠ ખુરશીમાં ઉભો થઈ ગયો....

મહેશે એક ત્રાડ નાંખી....

" સપનાડી... હું તને મારા દિલથી પણ વધારે ચાહતો હતો.... અને તેં મારા કાકાની હાજરીમાં આ દોલતીયા કીડાને માટે..... મને લાફો માર્યો હતો... તું એમ સમજતી હતી કે હું ડરી જઈશ....? તને મારી પાસેથી છીનવી લેનારને

હું જીવતા નહી છોડું... હવે તો આ પાર કે પેલે પાર.... એમ કહેતો મહેશ આગળ વધ્યો.... એને મનાવવા સપનાએ કોશિષ કરી પરંતુ મહેશ એને ગણકારી નહી અને સીધો જ ખંજરનો એક ઘા દામોદર શેઠની છાતીમાં ઉતારી દીધો.... લોહીની ધાર છૂટી.... મહેશે બીજો ઘા તેના પેટમાં ઝીંક્યો.... ઉપરા ઉપરી ઘા કરીને દામોદર શેઠને તેની જ ઓફિસમાં ઢાળી દીધો અને લોહીલોહાણ થઈને ઢળી પડતા દામોદર શેઠને જોઈને સપના ચીસ પાડી ઉઠી...."

મહેશ એના તરફ ફર્યો કે ગભરાઈ ગયેલી સપના ચેમ્બરની બહાર દોડી ગઈ.... તેની પાછળ પાછળ લોહીથી ખરડાયેલા ખંજર સાથે મહેશ પણ બહાર નીકળ્યો.... ગુરખો બહાર લોહી લુહાણ હાલતમાં પડ્યો હતો.... મહેશે પ્રેમની આગમાં બબ્બે લાશો ઢાળી દીધી હતી.... અને પોતે કરેલા અપરાધની કબૂલાત કરી પોતાની જાતને પોલીસને હવાલે કરી દીધી હતી.

મહેશની કેફિયતને આધારે પોલીસે તેના વિરૂધ્ધ બેવડી હત્યાનો ગુનો દાખલ કરી કસ્ટડી ભેગો કરી દીધો.

એક ભણેલો ગણેલો.... સમજુ અને કમાઉ યુવાન પ્રેમમાં પાગલ બની પોતાના છિનવનારને ઢાળી દઈ મહા અપરાધ કરી બેઠો હતો.... છતાં તેને પસ્તાવો નહોતો થયો.... એણે પ્રિયતમાના બેવફાઈનો બદલો લઈ લીધો હતો.

## ૧૦. ભાઈ મારો રખવાળો - પિતાનો હત્યારો

રક્ષાબંધન એ ભાઈ - બહેનો પવિત્ર સંબંધનો તહેવાર છે અને આ તહેવારના દિવસે બહેન પોતાના ભાઈના હાથે રાખડી બાંધીને તેના રક્ષણ માટે, સલામતી માટે ભગવાનની પાસે પ્રાર્થના કરે છે. ક્યાંય કોઈક એકલો અટૂલો ભાઈ આ તહેવારે કોઈ બહેન ધર્મનો ભાઈ શોધીને રક્ષાબંધનનું પર્વ ઉજવે છે. પરંતુ આ વખતના રક્ષાબંધન પવિત્ર નહીં પણ પાપી બની ગયો. આવા પવિત્ર તહેવારના દિવસે લોહી રેડાયું.... કોઈકનું ખૂન થઈ ગયું અને એ પણ બહેનના પવિત્ર નિર્દોષ કરકમળથી બંધાયેલા રક્ષાવાળા હાથથી....

રક્ષાબંધનનો દિવસ પૂર્ણ થઈ ગયો હતો. રાખડી બાંધવા આવેલી બહેનો પોતાના ભાઈને ત્યાં રોકાઈ ગઈ હતી તો કેટલીક બહેનો ભાઈ તરફથી મળેલ ભેટ લઈને રવાના થઈ ગઈ હતી.

રઘુ શહેરમાં રહેતો હતો. નોકરી કરતો હતો. ત્રણ બહેનો એની કુંવારી હતી અને ગામડે રહેતી હતી.... જો કે ત્રણ બહેનો સાથે પિતા પણ રહેતા હતા. સગો બાપ.... પણ પત્નીના અવસાન બાદ દારૂ પીવાની લતે ચડી ગયો હતો. ભરજુવાનીમાં વિધુર થયેલ માવજી જ્યાંને ત્યાં મોઢું મારતો રહેતો.... ક્યારેક તો કોઈનો માર પણ ખાઈને આવતો. ઘેર ત્રણ - ત્રણ જુવાન દિકરીઓની એને ચિંતા નહોતી.... ત્રણેય બહેનો મહેનત મજુરી કરીને ગુજરાન ચલાવતી.... બાપને દારૂ પીવાના પૈસા પણ પૂરા પાડતી.... ન આપે તો માવજી બળજબરીથી લડીઝઘડીને પણ દારૂ પિવાના પૈસા લઈ લેતો.

આજે રક્ષાબંધનનો પવિત્ર દિવસ હોવા છતાં ઘેર જવાના બદલામાં વહેલી સવારથી જ દારૂ પીવા માટે ઘેરથી નીકળી ગયો હતો.

જો કે મોટો ભાઈ શહેરમાંથી આવવાનો છે અને મીઠાઈ પણ લાવશે.... ભાઈના હાથે રાખડી બાંધીશું અને સાથે ભાઈ-બહેન જમીશું.... આવા સંજોગોમાં દારૂ પીધેલી હાલતમાં ઘેર રહેતો બાપ કંઈક ધાંધલ ધમાલ કરે કે તોફાન મચાવે તો ભાઈનો જીવ બળે.... લડાઈ ઝઘડો થાય તો.... દારૂ પીધેલી હાલતમાં બાપ ભાઈ-બહેનના સંબંધો અને પવિત્ર તહેવારનો આનંદ ધૂળમાં ભેળવી દે એનાં કરતા ઘરની બહાર હોય એટલું વધારે સારૂ એવું વિચારીને માવજીની ગેરહાજરી જ બરાબર છે.

રાત પડી ગઈ હતી. માવજી આખો દિવસ દારૂ ઢીંચીને રખડ્યા બાદ રાત્રે આવીને પોતાની રૂમમાં જઈને સૂઈ ગયો હતો. પોતાનો દીકરો શહેરમાંથી તહેવાર મનાવવા આવ્યો છે એને સુખદુ:ખના ખબર-અંતર પૂછવા પડે.... બે ઘડી તેની સાથે બેસવું પડે તો પુત્રને હુંફ પણ મળે.... પરંતુ આ બધાથી પર રહીને માવજી સીધો જ જઈને સૂઈ ગયો હતો.

ચારેય ભાઈ-બહેનો પણ વાતો કરતાં સૂઈ ગયા હતા. રાત્રિના લગભગ બાર - સાડા બારેક વાગ્યા હશે ત્યાં તો એક કારમી ચીસ સંભળાઈ....

"ઓ.... મા....મરી ગયો....." અને આ કારમી ચીસ રાત્રિના શાંત વાતાવરણને ડહોળી ગઈ. આ ચીસ પછી થોડી જ ક્ષણો બાદ બુમાબુમ સંભળાઈ.

"ઓ.... બાપા....રે.... મારા બાપને મારી નાંખ્યા રે...." એવી બુમો સંભળાતા આજુબાજુના લોકો ભેગા થઈ ગયા. માવજીભાઈની ત્રણેય દીકરીઓ પણ પોતાના જ ઘરમાં થયેલી બુમાબુમ સાંભળીને સફાળી બેઠી થઈ ગઈ.

"શું થયું.... શું થયું...." કરતી દોડી આવી તો પિતાની રૂમ આગળ ઊભો ઊભો રઘુ બૂમો પાડતો હતો અને પિતાની રૂમ તરફ ઈશારો કરીને કહેતો હતો : " બાપાને મારી નાંખ્યા...."

"કોણે મારી નાંખ્યા કેમ મારી નાખ્યા...." એવું પૂછતા લોકોને રઘુ " કોને ખબર.... કોકે આવીને મારી નાંખ્યા...." એવું ઈશારાથી અને મોઢેથી કહેતો હતો.

ઉંઘમાંથી ઉઠીને આવેલી ત્રણેય છોકરીઓએ માવજીના રૂમમાં જઈને જોયું અને ત્રણેય છોકરીઓ છાતીફાટ રૂદન કરવા લાગી. માવજીનું ધડથી મસ્તક અલગ થઈ ગયું હતુ અને ખાટલો લોહી લુહાણ થઈ ગયો હતો.

આ રડારોડ અને બુમરાણ વચ્ચે કોઈકે પોલીસને જાણ કરતાં એકાદ કલાકમાં તો તાલુકા મથકેથી પોલીસ જીપગાડી લઈને આવી પહોંચી. માવજીભાઈની લાશનું સ્થળ પર ઈન્કવેસ્ટ રીપોર્ટ ભરીને લાશનું સ્થળ પર પી.એમ. માટે મોકલી આપી હતી અને ઈન્સ્પેક્ટરે ત્રણ બહેનો અને તેમના ભાઈ તથા આડોશ પડોશના લોકોના નિવેદનો લીધા હતાં.

રક્ષાબંધનનો પવિત્ર દિવસ પૂર્ણ થતાં રાત્રિ જાણે ભેંકાર બની ગઈ. પિતાની હાજરી વગરનું ઘર ખાવા દોડતું હોય એવું લાગ્યું..... અડધી સદી વટાવી ચૂકેલો માવજીનું ખૂન કોણે કર્યુ હશે ? કેમ કર્યુ હશે....? એના જવાબો શોધવાના હતા. જો કોઈ અજાણ્યાઓએ તેમનું ખૂન કર્યુ હોય તો શા માટે કર્યુ હોય? તેમની પાસે એવી તો કોઈ મિલ્કત નહોતી કે જેના કારણે તેમનું ખૂન થયું હોય ? કે ન તો તેમનો કોઈ નજીકનો કોઈ વેરી કે તેને કોઈની સાથે વેર બંધાયા હોય.... ધોલધપાટ કરીને મન માની લે તેવા હલકા-ફૂલકા દુશ્મનો ખરા કે જેઓ પાંચ-દશ રૂપિયા માંગતા હોય કે દારૂના ઉધાર રહેલા પૈસા માંગતા હોય આટલી નાની રકમમાં ખૂન કરવા સુધીની હિંમત કે સાહસ કરવું પડે એવો કોઈ દુશ્મન નહોતો જેણે આ કામ કર્યુ હોય.... કોઈ ચોર કે લુંટારો આવ્યો હોય તો એ આમ લૂંટ કરવાને બદલે ખૂન કરીને ન જાય. પોઝીશન પ્રમાણે તો હત્યારો માવજીભાઈનું ખૂન કરવાના પ્રયોજનથી જ આવ્યો હોવાનું અનુમાન કર્યુ પણ માત્ર ખૂન કરવા જ શા માટે હત્યારો આવે ? એવા પ્રશ્નનો જવાબ નહોતો....

તપાસ ચાલી રહી હતી..... ઘરમાં ઘૂસીને નિર્દયતાથી એક આધેડ પુરૂષના ગળે તીક્ષ્ણ ઘા કરીને હત્યા કરે અને હત્યા કર્યા બાદ ભાગી જવું ત્યાં સુધીની કહાની ફીટ થતી હતી કે ઈન્સ્પેક્ટરના દિમાગમાં ઝબકારો થયો.... એમણે આડોશી-પાડોશી સહિત મરનાર માવજીની ત્રણેય દીકરીઓના વારાફરતી નિવેદનો લીધા અને આ તમામ માવજીભાઈની છેલ્લી ચીસ સાંભળી એનો સમય લગભગ સરખો આવતો હતો પરંતુ રઘુએ જે વાર્તા બનાવી હતી એમાં થોડો તફાવત પડતો હતો અને આ તફાવત શંકાસ્પદ લાગતાં ઈન્સ્પેક્ટરે ઝીણવટથી તપાસ શરૂ કરી.

મરનાર માવજીભાઈને છેલ્લે કોણે જોયા હતા અને તેમના મોત બાદ સૌપ્રથમ કોણ હાજર હતુ. એ તપાસ કરતાં માવજીભાઈને છેલ્લે કોણે જોયા હતા તેના તપાસમાં ઈન્સ્પેક્ટરને શંકાસ્પદ માહિતી મળી આવી.

પ્રથમ તો જે વ્યક્તિએ બૂમાબૂમ કરી એ મરનારનો પુત્ર રઘુ જ્યારે તેના પિતા માવજીભાઈએ ચીસ પાડી એની થોડી જ ક્ષણો બાદ તેણે પણ બુમાબુમ કરી મૂકી હતી. એટલે છેલ્લે માવજીભાઈના મોત બાદ સૌપ્રથમ લાશ જોનાર રઘુ હતો....

આ દરમ્યાન પોલીસે કૂતરાની મદદ લીધી એમાં માવજીભાઈની લાશ જે ખાટલામાં લોહીલુહાણ હાલતમાં મળી આવી હતી તે ખાટલાની ગોદડીઓ કૂતરાને સુંઘાડી છૂટો મૂકતાં ઘડીના છઠ્ઠા ભાગમાં કૂતરાએ તરાપ મારી રઘુને પકડી પાડતાં ઈન્સ્પેક્ટરે રઘુને પકડી પાડ્યો. હવે રઘુને બોલ્યા વગર છૂટકો નહોતો એણે નાટક રચ્યું હતું પણ નાટકમાં તેણે ધારેલા અંતથી વિરૂધ્ધમાં અંત આવ્યો.

એણે ઈન્સ્પેક્ટર સમક્ષ માંડીને વાત કરી "સાહેબ... હું શહેરમાં રહું છું મારી ત્રણ બહેનો જુવાન છે.... પરણાવવાની છે..... મારા બાપુ સાથે રહે છે.... હું રક્ષાબંધન હોવાથી રાખડી બંધાવવા આવ્યો હતો. ત્રણેય બહેનોએ મને રાખડી

બાંધી હતી.... મારા બાપુ દારૂ પીવા ગયા હતાં.... એમની આદત છોડાવવા માટે મારી બહેનોએ મને જણાવ્યું અને દારૂ પીધા પછી મારા બાપુને સામાજીક સંબંધો યાદ રહેતા નથી એવું પણ મને જણાવ્યું"

વર્ષો પહેલાં મારી મા મરી ગઈ.... અમો ચારેય નાના હોવાથી અમારી સારસંભાળ રાખવા મારા બાપુએ બીજા લગ્ન કર્યા નહોતા. રઘવાયા થયેલો મારો બાપ દારૂ પીધા પછી અધર્મી બની બની જતો. હેવાન બની જતો.... દારૂના નશામાં મારી જવાન બહેનોના શરીર સાથે અડપલાં કરતો.... અને ત્રણ પૈકીની મોટી બહેન સાથે શારિરીક છેડછાડ કરતાં કરતાં આ નરાધમે તેની ઈજ્જત લૂંટવાની કોશિષ કરી હતી. પણ ત્રણેય બહેનોએ એમને વાર્યા હતા....

આજે રક્ષાબંધનના દિવસે મારી બહેનોએ મારા હાથે રાખડી બાંધી એટલે તેમની ઈજ્જતનું રક્ષણ કરવાની મારી જવાબદારી અને ફરજ બને છે. સગો બાપ સગી દિકરી પર નજર બગાડે એ કયો ભાઈ સાંખી લે? આ વાત મારાથી સહન ન થઈ.... મેં નક્કી કરી લીધું. જેલમાં જવાય તો ભલે પણ આવા પાપને ધરતી પર જીવતો ન રખાય અને મેં જ મારા હાથે તલવારથી ધડથી માથું અલગ કરી નાંખ્યું. એ પહેલાં મેં મારી બહેનના શરીરને અડેલા હાથ કાપી નાંખ્યા માટે મેં હાથ ઉપર તલવારના ઘા કર્યા એટલે મારા બાપુએ ચીસો પાડી.... આગળ કંઈ વિચારૂં એ પહેલા જ મેં પુરા જોશણી તલવારનો ઘા કરી માથું ધડથી અલગ કરી નાખ્યું અને ત્યારબાદ મારી જાતને નિર્દોષ સહિત કરવા બહાર આવીને મેં બૂમાબૂમ કરી મૂકી...."

પોલીસે રઘુનું નિવેદન લઈ તેની અટક કરીને જેલના સળિયા પાછળ ધકેલી દીધો.....

## ૧૧ ...એ પડછંદ પડછાયો કોનો હતો...?

લૈલા.... લૈલા.... કરતો અને ગલીએ ગલીએ પોતાની પ્રેમિકાને શોધતો ફરતો મજનું ગામના છોકરાઓના હુમલાનો ભોગ બનતો રહેતો. છોકરાઓ તેને ગાંડો સમજીને પથ્થરો મારતા.... ક્યારેક પથ્થરના ઘા ચુકવી દેતા મજનુને કેટલાક પથ્થરો વાગતા હતાં.... પરંતુ પથ્થર વાગતા પણ હતા.... પરંતુ પથ્થર વાગવાથી થતી વેદના કરતાં પણ અનેકગણી વેદના એને લૈલાના વિયોગની હતી. આવી જ કરૂણ કહાની નિલેશના જીવનમાં પણ બની હતી ફર્ક માત્ર એટલો જ હતો કે મજનુને પોતાના પાગલ જેવા શરીરનું પણ ભાન નહોતુ રહેતું જ્યારે નિલેશને બાહ્ય દેખાવથી એટલું તો ભાન હતું જ.... મજનુ પોતાની લૈલાને શોધવા ખુલ્લે આમ ચિલ્લાતો રહેતો જ્યારે નિલેશ પોતાની પ્રેમિકા નિરાલીનું નામ સુદ્ધા જાહેરમાં બોલી શકતો નહોતો.... મજનુંના શરીર પર લોકોના મારેલા પથ્થરના ઘા સ્પષ્ટ દેખાતા પણ નિલેશના દિલમાં વાગેલા ઘા માત્ર નિલેશ જ અનુભવતો રહેતો.... એકલો અટૂલો ફરતો રહેતો હતો.... ગુમ ગુમ બનીને.... નિરાલીનું ઘર એના ફળિયામાં હતું.... સવાર સાંજ એક બીજાનું મુખડું જોતા રહેતા....

નિરાલી અને નિલેશ બંને એક સાથે જ ભણતા હતા.... એક સાથે ઘરકામ કરતા.... બચપણથી જ બંને મિત્રો હતા... પ્રેમ શું કહેવાય એની પણ સમજ નહોતી એવી ઉંમરથી બંને સાથે હતા.

પરંતુ દશમાં ધોરણની પરીક્ષા આપવાની થઈ અને ત્યારે નિરાલી બની ઠનીને પરીક્ષા આપવા આવતી ત્યારે ટીકી ટીકીને જોઈ રહેતા નિલેશના મનમાં કંઈનું કંઈ થઈ જતું.... એની આંખોમાં રમતા સાપોલીયાંને ઓળખી જાય એટલી ઉંમર અને સમજણ નિરાલીમાં આવી ગઈ હતી.... અને ત્યારબાદ બંને મિત્રો મટીને પ્રેમીઓ બની ગયાં હતાં... પછી તો ચાલી પ્રેમપત્રોની વણઝાર.... પરસ્પર જાન કુરબાન કરી દેવા સુધીના પ્રેમપત્રોના લખાણ થતાં....

શરૂઆતમાં કદાચ બંને આવું બધું લખવા ખાતર લખતા હશે પરંતુ પ્રેમની કુંપળ એટલી મજબૂત બનવા લાગી કે બધુ વાસ્તવિક બનવા લાગ્યું.... બંને એકબીજાને દિવસમાં એકવખત ન મળે તો આફરો ચડતો...

ચારેક વર્ષ સુધી આ પ્રેમ પત્ર લેખન અને ઉડતા ચુંબનનો સિલસલિો ચાલ્યો... નિરાલી વીસેક વર્ષની ઉંમરે પહોંચી હતી.... એના કામણગારા શરીર ઉપર જોબનિયું છલકાવા લાગ્યું.... જોબન જાણે ચટકા ભરવા લાગતું હતું જ્યારે નિલેશ એના આ આરસની પુતળી જેવા શરીરને અબાધિત રાખવામાં માનતો હોવાથી સૌદર્યનું રસપાન દૂરથી જ કરતો રહેતો....પણ નિરાલી એની પાસેથી હજુ પણ આગળ વધીને પરિણામની અપેક્ષા રાખતી હતી.... જાત સ્ત્રીની હોવાથી

પહેલ કરી શકતી નહોતી સહન કરી શકતી નહોતી.... નવરાત્રિમાં શહેરના માણેકચોકમાં ગરબા ગાવા ગયેલી નિરાલી નવે નવ રાત્રિ ત્યાંજ ગરબા ગાવાનો આગ્રહ રાખતી.... પ્રથમ બે રાત્રિએ તો તેની સાથે નિલેશ પણ ગયો હતો જો કે નિરાલીએ જ તેને સાથે લીધો હતો જેથી વળતી વખતે તેનો સાથ રહે....

પરંતુ ત્રીજી નવરાત્રિએ તો નિરાલી એકલી ગરબે ઘુમવા ચાલી ગઈ.... અને બાકીની સાત નવરાત્રિ પણ એજ રીતે પસાર કરી.... નિલેશે તેના પર નજર રાખી તો ગરબે ઘુમતી નિરાલી તેના પર નજર રાખવાને બદલે ગામના ઉદ્યોગપતિના દીકરા સાથે હસી બોલીને મજાક મશ્કરી કરતી જોઈ અને નિલેશના પેટમાં તેલ રેડાયું..... આ ઉદ્યોગપતિનો દીકરો સતીસ નિરાલીને લેવા માટે ફળિયાના નાકે મારૂતિવાન લઈને આવતો અને રાત્રે ગરબા પતે એ પછી એક કલાક બાદ તેને ઘેર મૂકી જતો.... અને ત્યારથી નિરાલીએ નિલેશને તેના હાલ પર છોડી દીધો હતો.... જોકે આમ છતા પણ નિલેશ નિરાલીને મેળવવા આમ તેમ ભટક્યા કરતો.... પણ નિરાલી સાથે વાત કરી શકાય એવું એકાંત કે મોકો તેને મળતો નહીં....

નવરાત્રિ તો ક્યારનીયે પુરી થઈ ગઈ તેમ છતાં નિરાલી સખીને ઘેર જવાનું બહાનું કાઢીને સતીશની મારૂતિવાનમાં ફરવા ચાલી જતી.... મારૂતિવાનમાં બેઠા પછી એ બંને જણા ક્યાં જાય છે એની ખબર નિલેશને પડતી નહિં.... અને આ બંને ક્યાં જાય છે એની શોધમાં ને શોધમાં નિલેશ મજનું જેવી હાલત કરી બેઠો હતો....

નિરાલી પોતાની મનસ્વી રીતે ઘરની બહાર જતી આવતી એ નિલેશને પસંદ નહોતું પણ નિરાલી પર અંકુશ મૂકવાનો પણ તેને અધિકાર નહોતો... ચાર ચાર વર્ષના પ્રેમ સંબંધને આમ પલકવારમાં ભૂલાવી દેનાર નિરાલી પાસેથી તે શું અપેક્ષા રાખી શકે!

બીજી બાજુ સતીશ પૈસાદાર બાપનો ઉડાઉ દિકરો હતો.... પૈસાની બેને પડી નહોતી.... પૈસાદારની દીકરી સાથે લગ્ન કર્યા હતા..... પાંચ વર્ષની નાની બાળકી હતી અને બીજું બાળક આવવાની તૈયારી હતી. સુવાવડના સમયે તેની પત્ની પિયર ગઈ હતી અને એટલે જ તો સતીશ નિરાલી પાછળ સમય અને પૈસા વેડફતો હતો....

પ્રેમી પરિણીત બે બાળકોનો પિતા અને પ્રેમિકા અબોટ યૌવન ધરાવતી હતી.... આ બેમાં મૂરખ કોણ એની કોઈને ખબર પડતી નહોતી.... નિરાલીને સતીશે પાગલ જેવી બનાવી દીધી હતી કારણ કે જિંદગીમાં લ્યુના ચલાવ્યું ન હોય એને મારૂતિવાન ચલાવતા આવડી ગયું હતું.... સતીશે એને ડ્રાઈવીંગ શીખવાડ્યું હતું.

એ રાત્રે નિરાલી પોતાના ઘેરથી સહેલીની વર્ષગાંઠની પાર્ટીમાં જાઉં છું એમ કહીને સાંજના નીકળી હતી. અને સવાલ-જવાબ કરવાવાળું કોઈ નહોતું.... ભાઈ-ભાભી બંને ભાભીના પિતાની તબિયત ખરાબ હોવાથી તેમને ત્યાં ગયા હતાં.... મા-બાપે વર્ષગાંઠની પાર્ટીમાં ચંચુપાત કરેલો નહિં એટલે ગગન વિહાર કરતા પક્ષીની માફક નિરાલી ઉડતી હતી.

પરંતુ રોજ બને છે એમ નિરાલી વાયદા અને સમયે પાછી ઘેર આવી નહીં ત્યારે હારી થાકીને અને બહેનપણીને ઘેર સૂઈ ગઈ હશે એમ મન મનાવી સૂઈ ગયેલા મા-બાપની આંખો એકદમ ઉઘડી ગઈ.... બહાર કોઈક દરવાજો ખખડાવતું હતું.... જાગીને જોયું તો રાતના ચાર વાગ્યા હતા અને દરવાજે કોઈ પોલીસવાળો હતો....

" તમારી દીકરી નિરાલીને અકસ્માત થયો છે અને સરકારી દવાખાનામાં દાખલ કરી છે...."

આટલુ સાંભળતા જ ગભરાઈ ગયેલા એના મા બાપ દવાખાને જવા પહેરેલ લુગડે પોલીસની ગાડીમાં બેસી ગયા.... રસ્તામાં પોલીસે એમને બનાવથી વાકેફ કર્યા....

"તમારી દીકરી નિરાલી બેફિકરાઈથી મારૂતિવાન ચલાવતી હતી અને સામેથી આવતી ટાટા સુમો ગાડી સાથે મારૂતિવાન અથડાવી દેતાં એને મોઢા ઉપર અને છાતીના ભાગે વત્તા ઓછા પ્રમાણમાં ઈજાઓ થઈ છે..... ઈંજેક્શનનું ઘેન ઉતરશે એટલે વધુ ખબર પડશે.... "

"પણ નિરાલીને તો મારૂતિવાન ચલાવતા આવડતુ નથી અને અમારી પાસે કે અમારા કોઈ સંબંધીમાં કોઈ મારૂતિવાન છે જ નહિ. એ કોની

મારૂતિવાન ચલાવતી હતી અત્યારે મધરાતે.... ”

“એ તો કાકા તમે જાણો.... પણ તેની સાથે એક જુવાન હતો એને પણ ગંભીર ઈજા પહોંચી અમે એનું નામ-ઠામ પૂછ્યા વગર અને એને જોવા પણ રહ્યા નથી. નિરાલીએ જેવું સરનામું આપ્યું કે સાહેબે અમને તમને બોલાવી લાવવા મોકલ્યા....”

હોસ્પિટલમાં આવ્યા ત્યારે નિરાલી ભાનમાં આવી નહોતી.... પોલીસે પ્રથમ અકસ્માતનો ગુનો દાખલ કર્યો પણ મારૂતિવાનમાંથી કાઢવામાં આવેલ ઈજાગ્રસ્ત યુવાનને ઓપરેશન થીએટરમાં લાવવામાં આવ્યો ત્યારે યુવાનને ડૉક્ટરે મૃત જાહેર કરી દીધો હતો. ડૉક્ટરે પોલીસને જણાવેલ કે આ યુવાનને અકસ્માતથી નહીં પણ તીક્ષ્ણ હથિયારના ઘા વાગવાથી તેનું મોત થયું છે. એની છાતી અને પેટના ભાગે પાંચ છ જેટલા ઘા વાગ્યા હતા.

પોલીસે મારૂતિવાનની નંબર પ્લેટ પરથી તેના માલિકની તપાસ કરી તો એ શહેરના ઉદ્યોગપતિનો દીકરો સતીશ હોવાનું જાણવા મળેલ.... પોલીસ મુંઝવણમાં મુકાઈ ગઈ હતી....

મારૂતિવાન ..... મારૂતિવાનના માલિકનો પુત્ર સતવશ.... એના પર તીક્ષ્ણ હથિયારથી હુમલો.... મારૂતિવાન ચલાવતી નિરાલી ચૌહાણનો અકસ્માત.... બંનેના સંબંધો અલગ અલગ સતીશના પિતાને બોલાવી લેવામાં આવ્યા હતા. એમને પણ આ બનાવ ગળે ઉતર્યો નહોતો.... બધા રાહ જોઈ રહ્યા હતા નિરાલીના ભાનમાં આવવાની લગભગ સવારે છ વાગ્યે ભાનમાં આવેલી નિરાલીએ પોતાની જાતને હોસ્પિટલના વોર્ડમાં જોતા અને પોતાની આજુબાજુ મા-બાપ અને સતીશના પિતાને જોતા ગભરાટ ભરી આંખોથી જોઈ રહી અને પછી શરમાઈ જઈ નજર ઝુકાવી દીધી.... એને ઘડીભર એવું લાગ્યું કે ધરતી માર્ગ આપે તો દવાખાનાના પલંગ સાથે ધરતીમાં ઉતરી જાઉં....

એ કોઈને કશું પૂછી ન શકી કે સતીશ કેમ છે?

નિરાલી ભાનમાં આવી હોવાનું જણાતા ઈન્સ્પેક્ટર આવી પહોંચ્યા હતા અને તમામને બહાર કાઢી મૂકીને નિરાલીનું નિવેદન લેવાનો પ્રારંભ કર્યો. અને ત્યારે સત્ય હકીકત જાહેર થઈ.... નિરાલીએ પોલીસ સમક્ષ કેફિયત રજુ કરતા જણાવ્યું હતું કે...

સતીશ સાથે એને પ્રેમ સંબંધ હતો અને છેલ્લા નવ મહિનાથી એટલે કે નવરાત્રિના સમયથી તેની સાથે શારિરીક સંબંધ બાંધ્યા હતા. સતીશ પરણેલો છે અને તેને એક સંતાન છે તથા બીજું સંતાન આવવાનું છે એ જાણતી હોવા છતાં એણે સતીશ સાથે સંબંધો બાંધ્યા હતા.... બે વખત તો એણે સતીશ સાથેના સહવાસથી રહી ગયેલા ગર્ભને પડાવી નાંખ્યો હતો.

બનાવને દિવસે સાંજના તે પોતાના મા-બાપને ઉલ્લુ બનાવીને સતીશ સાથે રંગરેલીયા મનાવવા નીકળી પડી હતી.... શહેરના છેવાડે આવેલા બંગલા પાર્કની બાજુમાં મારૂતિવાન ઉભી રાખીને બંને તરસ્યા યૌવનોએ મારીતિવાની પાછળની સીટ પર જઈને પોતાની શારિરીક ભૂખ સંતોષી હતી. પરંતુ રંગરેલિયા મનાવ્યા બાદ જ્યારે અમે એ જ હાલતમાં હતા ત્યારે મારૂતિવાનની પાછળ એક પડછંદ પડછાયો દેખાયો એટલે હું સફાળી બેઠા થઈ ગઈ.... મારી પાછળ પાછળ સતીશ પણ બેઠો થઈ ગયો અને કોણ છે.... કોણ છે એવું કહીને વાનમાંથી બહાર નીકળેલ સતીશ કંઈ કહે એ પહેલાં જ પેલા પડછાયાએ હાથ ઉંચો કર્યો અને ઉપરા ઉપરી ઘા કરીને નાસી છૂટ્યો.... ચંદ્રના અજવાળામાં એ પડછાયો ઓજલ થઈ ગયો.... અને સતીશ બેભાન થઈને પાછો મારૂતિમાં પડી ગયો.... હું ગભરાઈ ગઈ હતી અને સતીશને દવાખાને લઈ જવા મેં વાન ચલાવી હતી.... મને બરાબર વાન ચલાવતા આવડતું નહોતું અને સામેથી આવતી ગાડીની લાઈટના અજવાળાથી મારી આંખો અંજાઈ જતાં હું સ્ટ્રેરીંગ પરથી કાબુ ગુમાવી બેઠી અને અથડાઈ પડી વાત પૂરી કરતા અંતે તેણે સતીશની ખબર પૂછી.

“સતીશનું મોત થઈ ગયું છે અને અત્યારે એનું પી.એમ. થઈ રહ્યું છે....”

સતીશના મોતની ખબર જાણ્યા પછી નિરાલી ફરીથી બેભાન થઈ ગઈ....

પોલીસ માટે પડછંદ પડછાયો પ્રશ્ન બનીને રહી ગયો... કોનો હતો એ

પડછાયો ? જેણે સતીશનું તીક્ષ્ણ હથિયારથી ખૂન કરી નાંખ્યુ હતુ....

ત્રીજા જ દિવસે પોલીસ દિલાવર નામના ગુંડાને પકડી લાવી પૂછપરછ ધરી તો એક સનસનાટી ભરી વિગત બહાર આવી. આ દિલાવર એવા પ્રકારનો ગુંડો હતો કે જે થપ્પડની જગ્યાએ ચાકુ હુલાવી દેતો.... પોલીસ સમક્ષ એણે કબુલાત કરી કે એણે જ સતીશની હત્યા કરી નાંખી છે..... કોના કહેવાથી અને શા કારણે તેણે હત્યા કરી એના જવાબમાં દિલાવરે જણાવ્યું હતું કે.....

સતીશની પત્ની તેની પ્રેમિકા હતી. અને સતીશ તેની પત્ની સાથે દિલાવરને જોઈ ગયો હોવાથી તેનું કાસળ કાઢવા સતીશ કોઈ ચાલ રમે તે પહેલાં દિલાવર તેની ચાલ રમી ગયો.... વળી એવા સ્થળે અને એવા સમયે એની હત્યા કરી હતી કે નજરે જોનાર નિરાલીને હત્યારો બીજો કોઈ નહિં પણ પ્રેમમાં દગો ખાનારો નિલેશ હશે એવું કહેવા મજબૂર બને.... જોકે પોલીસે નિરાલીએ પડછાયાનું જે વર્ણન કર્યુ હતું એ પોલીસ રજીસ્ટરમાં નોંધાયેલા દિલાવર સિવાય બીજા કોઈનું નહોતું ને.... અંતે.... દિલાવર જેલની દિવાલ પાછળ ધકેલાઈ ગયો.

## ૧૨. સળગતો ઘરસંસાર અને પ્રતિઘાત

ઘરમાં બે વાસણ ખખડ્યાં અને પતિ-પત્ની વચ્ચે એક તિરાડ ઉભી થઈ ગઈ.... પોતાના એકના એક પુત્રને સાસરીમાં પતિની પાસે છોડીને સરોજ રિસાઈને પિયર ચાલી ગઈ હતી. સરોજ અને ચંદનના લગ્ન પરસ્પર પસંદગીના થયા હતા. અને સુખી લગ્નજીવનના પરિપાકરૂપે રાજકુંવર જેવો પુત્ર પણ પ્રાપ્ત થયો હતો. પરંતુ ત્યારબાદ બંને પતિ-પત્ની વચ્ચે જોરદાર ઝઘડ થયો અને સરોજ કાળજાના કટકા જેવા રાજકુંવરને છોડીને પિયર ચાલી ગઈ હતી.

સંસાર જીવનમાં આ પ્રથમ ઝઘડો થયો હતો અને ઝઘડાના મૂળમાં વહેમ ભરાયેલો હતો. સરોજ જાણતી હતી કે વહેમનુ ઓસડ દ્દ’ડા છે.... પત્નીના વિયોગ બાદ ચંદનને પસ્તાવો થશે.... વહેમ દૂર થશે અને પછી સુખેથી નાનું કુંટુંબ એક સંસારચક્ર પુરૂં કરશે. પણ એ અનુમાન સરોજનું ખોટું પડ્યું.... ન તો તેને મનાવવા કોઈ માટે તેનો પતિ આવ્યો કે ન એનો કોઈ પત્ર આવ્યો... સરોજની પાંપણો પર પતિના આગમનની પ્રતિક્ષા છલકતી હતી....

ખાસ્સો એવો સમય પસાર થઈ ગયો હતો.... હવે પતિ એને તેડવા આવે એ આશા પણ એણે છોડી દીધી હતી પરંતુ.... મનમાં એવી ઊંડી આશા ખરી કે કંઈક બહાનું મળી જાય અને એ પોતાના રાજકુંવરને મળી આવે... કદાચ રાજકુંવર જ હવે તેના સંસારચક્રના બે પૈડાંને એક સાથે જોડી શકશે... એના સિવાય બીજો કોઈ ઉપાય નહોતો... અને એક વખત રાજકુંવરના બહાને સાસરીમાં ગયા પછી કદાચ તેનો પતિ ચંદન પિગળી જાય અને એની સાથે સમાધાન કરી લે એ પણ શકયતા હતી.... અને એ શક્યતા પણ કારી શકાય એમ નહોતી....

સરોજ દસમાં ધોરણ સુધી ભણેલી હતી અને સમાજનું સારૂ-નરસુ સમજી શકે એટલી સમજદાર પણ હતી.... પરંતુ રાજના જન્મ પછી કોઈક વિઘ્નસંતોષી ધ્વારા એના પતિ ચંદનની કાન ભંભેરણી કરી હશે કે એની પત્ની સરોજ ચારિત્ર્યહિન છે.... અને ચંદન જેવા પતિથી અસંતુષ્ટ સરોજ પોતાની શરીરભૂખ સંતોષવા કોઈ અન્ય પુરૂષ સાથે આડો સંબંધ ધરાવે છે... કારખાનામાં નોકરી કરતો ચંદન પૈસા કમાવવા માટે ઘણી વખત ઓવરટાઈમ નોકરી કરતો. રાત્રે મોડો આવીને થાક્યો પાક્યો ઘસઘસાટ ઉંઘી જતો.... બસ.... એની આ કમજોરીનો દુશ્મને ફાયદો ઉઠાવ્યો હતો અને તેના કાન ભંભેરવાના શરૂ કર્યા.

“ચંદન.... તું તો પૈસા કમાવવા ઓવરટાઈમ કરે છે અને અહીં તારી બૈરી ઓવર ટાઈમ કરે છે... તું એના માટે કમાય છે અને એ તારા જ પૈસે મોજશોખ માણે છે....”

સરોજ દેખાવે સુંદર હતી.... પરણીને આવી ત્યારે તેની સાસરીના જ કેટલાંક જુવાનીયાઓની નજર એના આ રૂપ અને દેહ પર બગડી હતી... અને અંદરો અંદર વાતચીત કરતા ત્યારે ઈર્ષાને કારણે બકી પણ મરતા કે કાગડો દહીંથરૂ લઈ આવ્યો છે... પરંતુ સરોજ પતિવ્રતા સ્ત્રી હતી પણ એના સૌદર્યએ જ એના સંસારમાં આગ લગાડી...

“ચંદન.... જો... તું આખો દિવસ કામ કર્યા કરે.... રાત્રે થાક્યો પાક્યો આવીને ઊંઘી જાય.... પણ ભૂંડા તને તો એટલી યે ખબર નથી પડતી કે સ્ત્રી જાતને એક સંપૂર્ણ પુરૂષના સહવાસની જરૂર હોય છે તારી ગેરહાજરીમાં તારી બૈરી શું ધંધા કરતી હશે એની તને શી ખબર પડવાની ?”

બસ.... ધીરે ધીરે ચંદનના કાનમાં ઝેર રેડાયું અને એ જ્યારે આખા શરીરમાં પ્રસરી ગયું ત્યારે ચંદને એ દિવસ સુધીનું ભરેલું ઝેર ઓકી નાખ્યું.

"તું બદચલન છે... મારી ગેરહાજરીમાં તું ધંધા કરે છે....તારે મારા જેવા ધણીની નહી પણ એક પુરૂષની જ ગરજ છે...." એ વખતે ચંદને સરોજને થપ્પડ મારી દીધી હતી અને એ થપ્પડ કરતાં પણ વધારે કડવા ચંદનના શબ્દો સરોજને લાગ્યા અતા. જે પતિને એણે પરમેશ્વર માન્યો હતો એજ પતિએ એને ગણિકાની હરોળમાં મૂકી દીધી અને સરોજ પોતાના માનભંગનો બદલો વાળવા પતિગૃહનો ઊંબરો ઓળગ્યો... રહી રહીને હવે સરોજને એ વાતનો પસ્તાવો થઈ રહ્યો હતો....

શામાટે એ એના પતિને છોડીને આવતી રહી? શામાટે એ દુશ્મનોને તક આપી? પતિ સાથે લડી ઝઘડીને પણ પતિના કાન ભંભેરનારના કાન આમળીને પાઠ ભણાવત.... પણ અરે... મેં શામાટે ઉશ્કેરાઈ જઈને પતિનું આંગણું ત્યજી દીધું.... મારે ક્યાં એક ભવમાં બીજો ભવ કરવાનો હતો.... મેં ભૂંડી ક્યાં કેલૈયા કુંવર જેવા છોકરાને પતિના હવાલે કરી દીધો? મારો દીકરો શું કરતો હશે....! માંડ ચારેક વર્ષનો થયો હશે-મમ્મી-પપ્પા જેવા શબ્દો કેવી કેવી કાલી કાલી ભાષા બોલતો હતો...

પોતાના કાળજાના કટકા જેવા રાજકુંવરની યાદ આવતી કે એનું કાળજું વિંધાઈ જતું.... એકાંતમાં પુત્રને યાદ કરીને રડી પડતી સરોજ.....

અને એક દિવસ આ તમામ ઉદ્વેગ... નિરાશા અને નિસાસાનો અંત આવી ગયો હોય એવું લાગ્યું.... સરોજને એવો સંદેશો મળ્યો કે એના પુત્ર રાજકુંવરને અકસ્માત થયો છે આટલું સાંભળતાની સાથે જ સરોજ તમામ સિદ્ધાંતોને નેવે મૂકીને સાસરીનો મારગ પકડ્યો....

છ-છ મહિનાથી પુત્રનું મુખારવિંદ જોયા વિના દહાડા પસાર કરનાર માતાને પુત્રનું મુખ જોવા મળશે એવો ઉમળકો હતો તો બીજી તરફ પુત્રને અકસ્માત થયેલાનું જાણીને દુઃખી દુઃખી થઈ ઉઠેલી સરોજને પાંખો હોત તો ઉડીને પુત્ર પાસે પહોંચી જવાની તીવ્ર ઈચ્છા થઈ આવી હતી.

પરંતુ જ્યારે સરોજ પતિગૃહે પધારી ત્યારે એને બીજો આંચકો લાગ્યો... પુત્રને અકસ્માત થયાના સમાચાર ખોટા નીકળ્યાં.... કોઈકે ખોટો સંદેશો મોકલ્યો હતો.... તેનો પુત્ર તો સાજો નરવો હતો અને આંગળામાં રમતો હતો... પોતાની દાદીમા સાથે.... ચંદન કંઈક કામ હોવાથી શહેરમાં ગયો.... વ્હાલસોયા પુત્રને સરોજે ખૂબ વહાલ કર્યુ.... સરોજની સાસુએ વિચિત્ર વાત કરી.... ચંદન બહાર ગામ ગયો એ જાણ્યા પછી ચંદનનો મિત્ર કપૂરચંદ બે ત્ર વખત આવી ગયો હતો અને સરોજ આવી કે નહી એવું પૂછતો હતો.... કપૂરચંદ શામાટે આવું પુછતો હશે એ સરોજને સમજાયું નહિ પણ જ્યારે ચોથી વખત કપુરચંદ ચંદનના ઘેર આવ્યો ત્યારે સરોજને જોઈને આનંદી ઉઠ્યો....

"અરે.... સરોજ તું આવી ગઈ....? કેટલી બધી રાહ જોવડાવી તેં... તારા વિના મારી જિંદગી અધૂરી લાગતી હતી...."

સરોજની સાસુ બજારમાં ગઈ હતી અને એજ વેળાએ આવી ચડેલા કપૂરચંદે દિલની વાત કહેવાનું શરૂ કરી દીધું હતું....

"કેવા કેવા ખેલ કર્યા છે તમે ? અને એ પણ મારા માટે ?" સરોજે પૂછ્યું.

"કેમ.... અત્યાર સુધી તું પિયરમાં રિસાઈ રહી હતી.... તને બોલાવવા માટે મેં તારા છોકરાને એક્સીડન્ટ થયો છે એવો સંદેશો કહેવડાવ્યો અને તું આવી પણ ગઈ...."

કપુરચંદે મદિરાપાન કર્યુ હતુ એટલે બક્યે જતો હતો. સરોજને એક રીતે ખોટો સંદેશોમોકલનાર કપૂરચંદ સારો એટલા માટે લાગ્યો કે એના સંદેશાથી એ સાસરીમાં તો આવી શકી પણ જ્યારે કપુરચંદના મુખેથી એક ભેદી વાત જાણી ત્યારે સરોજ રણચંડી બની ગઈ.

"સરોજ... તારા રૂપ પાછળ હું એટલો બધો પાગલ બની ગયો હતો કે મને ચંદન પર અદેખાઈ આવી આવતી હતી અને એટલે જ મેં ચંદનની કાનભંભેરણી કરી અને તમારી વચ્ચે ઝઘડો કરાવ્યો."

સરોજને લાગ્યું કે તેના સંસારમાં આગ લગાડનાર આ કપુરચંદ જ છે

એ જાણ્યા પછી સરોજ જાણે રણચંડી બની ગઈ.... તેની આંખોમાં તિરસ્કાર છવાઈ ગયો.... સરોજ એકદમ ઉશ્કેરાટમાં આવી ગઈ... પોતાનો હર્યો ભર્યો સંસાર ઉજાડવામાં કપૂરચંદનો ઘડો લાડવો કરી નાખવા સરોજ પોતાના ઘરની ઓશરીમાં પડેલી કુહાડી તરફ લબકી અને કુહાડીનો હાથો બે હાથે મજબુતાઈથી પકડ્યો....

"પાપીલા... તેં મારો ઘરસંસાર સળગાવ્યો છે.... મારા પતિના કાન ભંભેર્યા છે.... હું તને જીવતો નહીં છોડું..." સરોજના માથાના વાળ છૂટા થઈ ગયા હતા એની આંખો અગનજ્વાળા ઓકતી હતી....

કપુરચંદ સરોજનું આવું રૂપ જોઈને ડઘાઈ ગયો.... સરોજ શું કરવા માગે છે એની એને કશી ખબર પડી નહીં અને એ કંઈ સમજે એ પહેલાં તો સરોજે કુહાડીનો ઘા કપુરચંદના શરીર ઉપર ઝીંક્યો.... કુહાડીનું ફળ કપુરચંદની ગરદન પર ઘૂસી ગયું.... કપુરચંદના ગડથોલિયું ખાઈને પડી ગયો.... નશો એનો ઉતરી ગયો હતો.... જમીન પર પડ્યા પછી એને લાગ્યું કે બચવું હોય તો ભાગવું પડશે અને એ ઉઠીને ભાગ્યો....

લોહીલુહાણ થઈ ગયેલો કપુરચંદ જીવ લઈને નાઠો પણ એને જીવતો છોડવા સરોજ માંગતી નહોતી. એણે કુહાડી લઈને કપુરચંદની પાછળ દોટ મુકી.... આગળ ઘવાયેલો કપુરચંદ અને પાછળ રણચંડી બનેલી સરોજ....

કપુરચંદે માંડ પંદર વીસ કદમ ભર્યા હશે કે એ ફરીથી ગડથોલિયું ખાઈ ગયો અને એ એના જીવનની અંતિમ ક્ષણ હતી.... ઉપર આવી પહોંચેલી સરોજે આડેધડ કપુરચંદ ઉપર કુહાડીના ઘા ઝીંકવા માંડ્યા.... અને જ્યારે એનો જુસ્સો હલકો પડ્યો ત્યારે કપુરચંદની લાશ ધરતી પર પડી હતી. એની લાશ ઉપર અનેક ઘા પડ્યા હતા.

એક પાપીનો નાશ કર્યા બાદ પોતે કોઈ અપરાધ કર્યો છે એવી કોઈપણ જાતની લાગણી જન્માવ્યા વગર સરોજ ખરડાયેલી કુહાડી સાથે પહોંચી ગઈ એસ.પી.ચૌધરીના બંગલે....

"ચૌધરી સાહેબ..... ચૌધરી સાહેબ...."

ચૌધરીએ જોયું તો તેમના બંગલાના આંગળે એક છૂટા વાળવાળી... લોહીથી ખરડાયેલાં કપડાં.... મોઢા ઉપર પણ લોહીના છાંટા હતા.... હાથમાં પણ લોહીથી ખરડાયેલી કુહાડી હતી.... ખુદ પોલીસવડા આવા રૂદ્રસ્વરૂપમાં સાક્ષાત સ્ત્રીને જોતાં ડઘાઈ ગયા.

એમને સરોજે તમામ હકીકત જણાવી.... પોતાનો ઘરસંસાર સળગાવનાર કપુરચંદને એના પાપની સજા આપીને આવી છે....એક પાપીનો નાશ કર્યો છે.... અને પોલીસ શરણે આવી છે.

એસ.પી.ચૌધરીએ પોલીસ સ્ટેશને ફોન કરીને ઈન્સ્પેક્ટર નાગપાલને બોલાવડાવ્યા અને ઈન્સ્પેક્ટર નાગપાલની આવી પહોંચતા એમને તમામ હકીકત જણાવી.

ઈન્સ્પેક્ટર નાગપાલે સરોજ પાસેથી લોહીથી ખરડાયેલી કુહાડી જપ્ત કરી અને સરોજની ધરપકડ કરી... સરોજની ફરિયાદ લઈ ખુદ સરોજ વિરૂધ્ધ ગુનો દાખલ કર્યો...

કોઈકનો ઘરસંસાર સળગાવનારનો કેવો અંત આવે છે એવું સમાજમાં દેખાડનાર સરોજ વિરૂધ્ધ કોર્ટમાં ચાર્જશીટ મૂક્યું હતું અને અંતે ન્યાયની દેવીએ પણ સરોજને નિર્દોષ છોડી મુકી.....

## ૧૩. દોલત... દીકરી... અને દેહનો સોદો...

જીવરામ ભગત..... સમાજમાં પાચમાં પુછાય એવા વ્યવહારૂ અને અગ્રણી.... એકલ પંડ્યે રહેતો.... તેમના પત્ની વર્ષો થયાં.... ભગવાનને ધામ પહોંચી ગયા હતા... પત્ની વિનાના જીવનમાં રસ નહિ રહેતાં વ્યાપાર છોડી ભગવાનનું નામ લેવાનું શરૂ કર્યુ હતું.... જિંદગી આખી એમણે ઢગલો ધન કમાયું હતું.... એકની એક દિકરીને સારો એવો કરિયાવર કરીને વીસેક વર્ષ પહેલાં સાસરે વળાવી હતી.... દિકરી જમાઈ આ જ શહેરમાં છેવાડે આવેલી સોસાયટીમાં રહેતા હતા. એ મકાન પણ જીવરામ ભગતે લઈ આપ્યું હતું.... એકલા રહેતા જીવરામ માંદા-સાજા હોય ત્યારે જીવરામ માંદા-સાજા હોય ત્યારે તેમની દિકરી એમની સેવા કરવા માટે આવી પહોંચતી....

જમાઈ પણ અવારનવાર આંટો મારી જતા.... દીકરીનો પુત્ર સત્તર-અઢાર વર્ષનો.... સંજય પણ દાદાની ખબર કાઢવા આવતો જતો.... રજાના

દિવસોમાં તો તે દાદાને ઘેર જ રહેતો.... આમ તો જીવરામ ભગતે ઘરકામ અને રસોઈ કરવા માટે એક ઘરઘાટી રાખ્યો હતો.... રામલો એનું નામ.... વિશ્વાસુ પણ ખરો.... એ પણ ભગત જેવો એટલે બંનેને સારૂ ફાવતું.... નવરાશના સમયે સત્સંગ કરતા....

એક વખત રામલાને તેના વતનમાં રહેતા કુટુંબમાં લગ્ન પ્રસંગે જવાનું થયું.... કાગળ આવ્યો હતો અને કાગળમાં આર્થિક મદદ કરવા માટે પૈસા પણ મંગાવ્યા હતા. એટલે રામલાએ જીવરામ ભગત પાસે દશ હજાર રૂપિયાની માગણી કરી.... આમ તો રામલાની મહેનતના લગભગ વીસ-પચ્ચીસ હજાર રૂપિયા જીવરામ ભગત પાસે જમા પડ્યા હતા એટલે ના કહેવાનો કોઈ અર્થ નહોતો.... આ રકમમાંથી જ એને પૈસા આપવાના હતા....

જીવરામ ભગતે તિજોરી ખોલી અને પાંચસોની નોટોના બંડલો કાઢ્યા એ વખતે એમને તિજોરીમાં કંઈક હાથ ફરેલાનું લાગતાં તેમણે ઝીણવટથી તપાસ કરી તો તિજોરીના બે લોકરો એકદમ ખાલી થઈ ગયા હતા. આ બે લોકરોમાં એમણે સોનાના કિમતી આભૂષણો અને સોનાના બિસ્કીટ મુક્યાં હતાં.... વિચારમાં પડી ગયા જીવરામ.... એમને ધનની પડી નહોતી પરંતુ સોનું ચોરાય કે પડી જાય એ સારૂં ન કહેવાય.... અને વળી પોતાની સતત હાજરી રહેતી હોવા છતાં ઘરેણાં કેમ ના ચોરાયા....? એ પ્રશ્ન ભગતના દિમાગમાં હથોડાની પેઠે ઠોકાવા લાગ્યો... રામલા ઉપર વિશ્વાસ હતો પરંતુ એને પૂછવું તો પડે જ....

“રામલા.... તારી ઉપર મને ભરોસો છે છતાંય પુછું છું.... તિજોરીમાંથી સોનાના ઘરેણાં ચોરાયાં છે લગભગ સવા લાખેક જેટલી રકમના.... તેં જો.... ”

“કેમ ભગત.... હું એટલો બધો હરામી નથી.... અને માલિકના ઘરમાં ચોરી કરવી એટલે ભગવાનના મંદિરમાં ચોરી કરવા બરાબર છે.... વળી મારે એટલા બધા રૂપિયાની પણ જરૂર નથી.... મારે જરૂર પડી ત્યારે તો દશ હજાર રૂપિયા માંગ્યા.... ચોરી કરવાનું પાપ મારાથી ન થાય.... અને છતાં પણ તેમને મારા ઉપર ભરોસો ન હોય તો તમે કહો એ કરવા તૈયાર છું.... મારા દશ હજાર રૂપિયા તમે કોઈકના દ્વારા મારા વતનમાં મોકલાવી દો.... હું અહીં જ રહું.... જેથી પોલીસને પણ મને શોધવામાં દોડધામ કરવી ન પડે....”

રામલાની વાત સાચી હતી.... અને સાચો માણસ જ આટલી હિંમતથી બોલી શકે છે એ ભગવતને ખબર હતી. પણ પોલીસને ફરિયાદ કરવી પડે તે રામલાની જરૂર પડે એમ હોવાથી હવે રામલાને તેના વતનમાં જવા દેવાય નહી એટલે જીવરામ ભગતે તેમના પૌત્ર સંજયને બોલાવી લાવવા રામલાને મોકલ્યો જેથી સંજય રામલાના વતનમાં જઈને પૈસા આપીને પાછો આવે.

સંજયને બોલાવવા ગયેલા રામલાએ પાછા આવીને જીવરામને ચોંકાવનારી વાત કહી.... એક તો એવી કે અમથો.... અમથો દાદાને ઘેર આવતાં સંજયે પહેલાંતો દાદાને ઘેર આવવાની સ્પષ્ટ ના પાડી દીધી પણ પછી થોડીવાર પછી આવું છું કહીને રામલાને પાછો મોકલી દીધો.... બીજી ખાસ વાત રામલાએ એ કહી કે સંજય તેના ઘરની બાજુમાં આવેલ રમણિકના ઘરમાં ભરાયો હતો. એની તપાસ કરવા ગયેલા રામલાએ ઘરમાં થતી થોડી વાતો સાંભળી હતી એમાં સંજય તથા રમણિક, રમણિકનો ભાઈ, પત્ની વગેરે એવી વાતો કરતા હતા કે સોનાના આભૂષણો મળીને સવા લાખ રૂપિયા આવ્યા હતા અને ખરીદનાર સોનીએ એમને છેતરી લીધા હતા.... નહિંતર બે લાખ રૂપિયા આવત....

આટલી વાત સાંભળતા સાંભળતા દરવાજો ખખડાવી રામલો એ રમણિકના ઘરમાં પહોંચ્યા ત્યારે રમણિકના ભાઈ હસમુખે રામલાને જોઈને પોતાના ગળે પહેરેલ સોનાનો જાડો અછોડો બુશર્ટમાં સંતાડવા જતો હતો એ રામલો જોઈ ગયો હતો.... અને અચાનક આવી પહોંચેલ રામલાને સંજયે છણકો કર્યો....

આ બધા વાતોથી જીવરામ ભગતે પોતાનું અનુભવી દિમાગ દોડાવ્યું.... વિચાર કરતા યાદ આવી ગયું.... એક દિવસ રામલો બજારમાં ગયો હતો અને જીવરામ ભગત પૂજામાં બેઠા હતા એ વખતે આ સંજય આવ્યો હતો અને તેની સાથે તની પડોશમાં રહેતો હસમુખ પણ હતો. પાણી પીવા આવ્યા છીએ એવું બહાનું કર્યુ હતું.... સાત થી આઠ ઓરડાના બંગલામાં જીવરામે એક ઓરડો પૂજા-પાઠ કરવા ફાળવ્યો અને અવળા મોઢે બેસીને પૂજા કરતા જીવરામ ઉઠ્યા નહોતા કે થોડીવાર પછી સંજય અને હસમુખ બંને પાણી પીને નીકળી ગયા હતા. અને એ જ વખતે રામલો આવ્યો હતો. એણે જીવરામને કહ્યું પણ ખરૂં કે “આ

લોકો" .... ત્યારે પાણી પીવા આવ્યા હતા એવું જણાવી જીવરામે એ વાત ત્યાં જ ટાળી દીધી હતી.

પણ હવે એ આખી ઘટના.... સંજયનું વર્તન.... ઘરેણાં વેચવાની વાત.... અને હસમુખના ગળામાં સોનાનો અછોડો....

સંજય આવ્યો એટલે જીવરામે સીધું જ પૂછ્યું કે બે મહિના પહેલાં તું અને હસમુખ બંને આવ્યા હતા પાણી પીવા ત્યારે તિજોરીમાંથી શું શું લઈ ગયા હતા એ મને કહે....

સીધો જ પ્રશ્ન પુછતાં સંજય પોતાનો બચાવ કરી ન શક્યો.... મૌન થઈ ગયો... એના મૌનથી જીવરામ ભગતનો શક પાકો થયો.... એ ઘરેણાં અને સોનાના બિસ્કીટ તારા ઘેર કે પછી.... કોઈને ત્યાં મુક્યાં છે?

આડાઅવળા પણ ચોક્કસ પ્રશ્નોના જવાબ આપવામાં સલવાઈ ગયેલ સંજયે સાચેસાચું જણાવી દીધું કે રમણિકભાઈ અને એમની પત્નીએ મને લાલચ આપી હતી અને હસમુખને સાથે રાખી ચોરી કરી હતી.... બે મહિના પહેલાં.... પણ દાગીના હજુ હમણાં જ વેચ્યાં.

પોતાની દિકરી કે જમાઈના ઘરમાં આ ધન ગયું હોત તો કાંઈ કરત નહિ.... પરંતુ આ ધન પારકા લોકો વાપરે એ પોસાય નહી એટલું જ નહીં પણ પોતાની દીકરીનો એકનો એક દિકરો સંજય ચોરીના રવાડે ચડે એ ચલાવી ન લેવાય.... લોકોના કહેવાથી એણે દાદાના ઘરમાં ચોરી કરી.... કાલે ઉઠીને એ બીજાને ઘેર ચોરી કરે.... અરે.... લોકો કહે તો પોતાના મા-બાપનું ખૂન કરવાનો પણ અપરાધ કરવાની પણ ઘૂલ કરી બેસે.... આવા ગુનેગારને ઉગતો ડામવા માટે તેને પોલીસને સોંપી દીધો.... અને આવા કુમળા માનસને ગુનો કરવા.... અધમ કૃત્ય કરાવા પ્રેરણા આપનારને પણ કાયદાનો ચાબખો ચખાડવો પડે....

પોલીસ ફરિયાદ થઈ.... જીવરામે આખા બનાવની ઝીણવટતાથી વાત કરી.... અને સંજય જ્યારે આ આખાયે બનાવ પાછળ છુપાયેલી હકીકતનો ઘટસ્ફોટ કર્યો ત્યારે ખુદ ઈન્સ્પેક્ટર અચરજ પામ્યા હતા.

સાહેબ.... અમારા ઘરની પાડોશમાં બહારનું એક કુટુંબ રહે છે.... રમણિકભાઈ, એમના ભાઈ હસમુખભાઈ, હસમુખભાઈ ની પત્ની સંતોકબેન અને રમણિકભાઈની દીકરી સંગીતા.... સંગીતા બારમાં ધોરણમાં ભણે છે.... સત્તર વર્ષની છે.... હું પણ બારમા જ ધોરણમાં સંગીતા સાથે ભણું છું.... સંગીતા રૂપાળી છે.... શરીરે ઘાટીલી છે.... અમે બંને પાડોશી અને એકજ સ્કુલમાં એક જ ક્લાસમાં ઘણતાં હોવાથી અમારી વચ્ચે પ્રેમસંબંધ બંધાયો હતો.... સ્કુલે જતા સાથે... આવતા સાથે.... અને ઘરકામ પણ સાથે જ કરતા.... અમારો સંબંધ વધતો ગયો....

અમારા પ્રેમસંબંધની જાણ સંગીતાના કાકા હસમુખભાઈને થતાં એમણે રમણિકભાઈને કહી દીધું.... એમણે મને ઠપકો આપ્યો અને સંગીતા સાથે વાત-ચીત કરવાની ના પાડી દીધી.... એમના ઘેર જવાની પણ ના પાડી દીધી.... આ બધું એવા સમયે બન્યું જ્યારે અમે બંને એકબીજાને વચન આપી ચૂક્યા હતા. એકબીજાને મળ્યા સિવાય રહી શકતા નહોતાં.... સંગીતા માટે જીવ આપી દેવાની મારી તૈયારી હતી એવા સમયે જ મારા પર પાબંદી લગાવી દીધી....

આ પાબંદી થોડા દિવસો ચાલી.... પણ પછી કદાચ સંગીતાની હઠને કારણે હોય કે પછી એના મા બાપને મારી અને સંગીતા હઠને કારણે હોય કે પછી એના મા-બાપને મારી અને સંગીતાની હાલત પર દયા આવી હોય.... મને રમણિકભાઈએ એમના ઘેર બોલાવ્યો.... હું આ તકની જ રાહ જોતો હતો. હું ગયો ત્યારે રમણિકભાઈની સાથે તેમની પત્ની, હસમુખભાઈ અને સંગીતા પણ હાજર હતી. સંગીતાના કાકા અને એના મમ્મી - પપ્પાએ મને બેસાડ્યો અને શાંતિથી વાત કરી....

"જો.... સંજય.... અમને એવી ખબર પડી હતી કે તું અને સંગીતા એકબીજાને ખૂબ પ્રેમ કરો છો.... જોકે સંગીતાની ઉંમર હજુ થઈ નથી.... એ કંઈક અવળું પગલું ભરે તો અમારે તો દુનિયામાં રહેવું મુશ્કેલ બની જાય.... અમારી આબરૂ જાય.... પણ સંગીતાની ઈચ્છા અમારે પૂરી કરવાની છે.... પણ બદલામાં તારે એક કામ કરી દેખાડવું પડશે.... છ મહિના તારે રાહ જોવી પડશે.... સંગીતાના અઢાર વર્ષ પુરા થાય પછી તારા અને સંગીતાના લગ્ન કરી આપીશું.... ત્યાં સુધી રાહ જોવી પડશે.... પણ તારે જો સંગીતા સાથે પ્રેમસંબંધ

જાળવી રાખવો હોય તો એક કામ તારે કરી આપવું પડશે.... અમારે આ મકાન વેચાતું રાખવું છે જેથી અમો અહીંજ નજીકમાં રહી શકીએ.... અને સંગીતા અને તું એકબીજાને મળી શકે.... કાલે ઉઠીને મકાન માલિક અમને આ મકાન ખાલી કરી આપવાનું કહે તો અમારે બીજે ઠેકાણે રહેવા ચાલ્યા જવું પડે અને પછી તમે બંને એકબીજાને મળી ના શકો.... વળી અમો બીજે રહેવા જઈએ ત્યાં સંગીતાને કોઈ બીજો પ્રેમી મળી જાય તો તું અલગ થઈ જા.... એટલે આખરે અમે અહીં રહેવાનો નિર્ણય કર્યો છે.... પરંતુ મકાન માલિક આ મકાન દોઢ લાખમાં વેચવાનું કહે છે.... પચાસ હજાર રૂપિયા જેટલું તો અમો ભેગું કર્યુ છે હવે અકે લાખ રૂપિયાની જરૂર છે.... જો તું અમને એક લાખ રૂપિયા લાવી આપે તો સંગીતા સાથે તારા લગ્ન કરાવી આપીશું."

પણ એક લાખ રૂપિયા હું ક્યાંથી લાવું....?

તો પછી સંગીતાના સ્વપ્ન જોવાના બંધ કરી દે - એક લાખ રૂપિયા તો શું પણ પાંચ લાખ રૂપિયા લાવી શકે એટલું તો તારામાં સામર્થ્ય છે.... જો.... તારા જીવરામદાદા પાસે અઢળક દોલત છે.... એમની પાસે સોનાના બિસ્કીટો,સોનાના કિંમતી ઘરેણાં છે.... કોણ વાપરવાનું છે.... જતે દિવસે એ મિલકત મળતાં મળે એ પહેલાં આ જરૂર પડી છે.... જીવરામદાદાની તિજોરીમાંથી સિફતથી દાગીના કાઢી લવાય.... તારા ઉપર કોઈ શક નહિ કરે.... તારે માત્ર હસમુખને સાથે લઈ જવાનો....

સંગીતા કોઈ બીજાની પ્રેમિકા બને.... કોઈ બીજાની બાહુપાશમાં સમાય એ મારાથી સહન ન થઈશકે.... મેં એમની વાત માની લીધી અને હસમુખને સાથે લઈ જઈ મારા દાદાના ઘરમાંથી સોનાના ઘરેણાં ચોરી લાવીને રમણિકભાઈને આપી દીધા.... આ ઘરેણાંમાંથી સોનાનો અછોડો હસમુખભાઈએ રાખી લીધો.... બાકીના દાગીના વેચી દેતાં સવા લાખ રૂપિયા આવ્યા.... બે મહિનાથી સંગીતાને એના પિતાએ મને સોંપી દીધી હતી.... એટલું જ નહિ પણ રમણિકભાઈ અને એમની પત્નીએ સંગીતા સાથે સુહાગરાતે ભજવાતા પતિ પત્નીનું નાટક રમવા માટે આ લોકોએ મને છૂટ આપી દીધી હતી અને અમને બંનેને તેમના ઘરમાં એકલા છોડી બહાર જતા રહેતા.... આમ સંગીતા સાથે શરીર સંભોગ કરવા માટે તેના મા બાપે મને છ-છ વખત ચાન્સ આપ્યો હતો અને એ તકનો લાભ અમે બંનેએ ભરપૂર ઉઠાવ્યો....

હવે જ્યારે મેં કરેલા ચોરીના ગુનાનો એકરાર કરૂં છું ત્યારે મને પસ્તાવો થઈ રહ્યો છે કે જે મા-બાપ ધનદોલત માટે પોતાની સગી દીકરીને પારકા યુવાનની હવસ સંતોષવા સોંપી દે તેવા મા-બાપ કાલે ઉઠીને દોલત ખાતર દીકરીને વેચી દે તોય નવાઈ નહિ.... આવા કુટુંબ સાથે પનારે પડીને મેં મારા ભગવાનદાદા સાથે દગો કર્યો છે. મને માફ કરશો... મને સખ્તમાં સખ્ત સજા અપાવજો.... જેથી આવા આંધળા પ્રેમમાં પાગલ બનેલા યુવાનો દેહનો સોદો કરતાં પહેલાં સો વાર વિચારે....

## ૧૪. ઝેરથી વાળ્યું વેર....

શેઠ ધનરાજની પેઢી શહેરમાં સારી એવી પેઢી હતી. ધનના ઢગલા જાણે થતાં હોય એટલી બધી આવક ધરાવતી આ પેઢીના માલિક ધનરાજના વારસદાર તરીકે માત્ર એમની એકની એક લાડકી દીકરી કાજલ હતી. કોલેજ કરતી હતી. કાજલ લાડકોડમાં ઉછરી હતી.... કોમળ કાયા ધરાવતી કાજલ ઉંમરલાયક થઈ ગઈ હોવાં છતાં શેઠ ધનરાજ એના હાથ પીળા કરવાનો વિચાર કરતા નહોતા.... એનું એક કારણ એ હતું કે કાજલ હજુ ભણતી હતી અને એની ઈચ્છા હજુ પરણવાની નહોતી અને જ્યાં સુધી કાજલની ઈચ્છા ન હોય ત્યાં સુધી એની ઈચ્છા વિરૂધ્ધ લગ્ન કરવા તેઓ તૈયાર નહોતા....

બીજું કારણ એ હતું કે કાજલને લાયક કોઈ મુરતિયો મળતો નહોતો.... સુંદર અને કમનીય કાયા ધરાવતી કાજલ પણ પોતાની જ પસંદગીનો વર શોધવાની હતી અને એટલે જ તો શેઠ ધનરાજની ઠંડી નજર હતી.

કાજલ સાથે કોલેજમાં ભણતો એક હોંશિયાર અને અલબેલો યુવાન નવઘણ પોતાની આર્થિક પરિસ્થિતિને અનુરૂપ નોકરીની શોધમાં હતો કે એને શેઠ ધનરાજે નામું લખવા માટે રાખી લીધો....

નવઘણ સ્વભાવે સરળ અને કામગરો હતો. પેઢીનું કામકાજ ઉપરાંત ઘરનું પણ કેટલુંક અગત્યનું કાર્ય કરતો હતો.... ધીરે ધીરે નવઘણ શેઠ ધનરાજના

જ ઘરનો એક સભ્ય જેવો બની ગયો.... કાજલ એની સાથે છૂટથી વાતચીત કરતી હતી....

કાજલ અને નવઘણ એકજ કોલેજમાં એક સાથે ભણતા હોવાથી ક્યારેક બંને વચ્ચે ભણતરના કોઈ વિષય પર ચર્ચા થતી.... પરસ્પર સલાહ સુચનો પણ થતાં ક્યારેક વહેલી સવારે બંને સાથે જ કોલેજ જતા.... કોલેજથી છૂટ્યા બાદ નવઘણ સીધો પેઢીએ જતો અને કાજલ સીધી ઘેર જતી. નવઘણનું જમવાનું પણ શેઠના ઘેર જ બનતું....

કાજલ - નવઘણ બંને એક સાથે કોલેજ આવતા ત્યારે કાજલની કમનીય કાયા પાછળ મજનુની માફક ફરતા કોલેજીયન યુવાનો નવઘણ પ્રત્યે ઈર્ષા કરતા રહેતા પણ એમાં એમનું કશું વળવાનું નહાતું.... કાજલના તીખા અને તમતમતા જવાબ સાંભળવાની કોઈ યુવાનની હિંમત નહોતી. જોકે કાજલ અને નવઘણ વચ્ચે પવિત્ર વહેવાર હતો એ કોઈને ખબર નહોતી.... અન્ય યુવાન-યુવતીઓ આ બંને પ્રત્યે શંકાની નજરે જોતા જેની પરવા કર્યા વિના કાજલ અને નવઘણ બંને પોતાના કાર્યમાં વ્યસ્ત રહેતાં.

લગભગ એક વરસ પસાર થઈ ગયું.... આ દરમ્યાન બંનેની કોલેજ પણ પુરી થઈ ગઈ હતી. ઉનાળું વેકેશનમાં હવે નવઘણ આખો દિવસ પેઢીએ જ રહેવા લાગ્યો. જો કે દિવસમાં એકાદવાર બંગલે જઈ આવતો.... તેના મનમાં કાજલ પ્રત્યે પ્રેમભાવ જાગ્યો હતો.... કાજલ પણ તેની સાથે નિર્દોષભાવે મજાક-મશ્કરી કરતી ત્યારે નવઘણ પોતાની જાતને ધન્યતા અનુભવતો. પરંતુ પોતાના દિલની વાત કહી શકતો નહોતો વખત આવે કાજલ સમક્ષ પોતાના દિલની વાત કહી દેશે અને જો કાજલ પણ એના દિલની વાત સાથે સહમત થાયતો તેની મરજીથી તેની સાથે લગ્ન કરી શકાય.

જો કાજલ તેની સાથે લગ્ન કરવા તૈયાર થાય અને તેના પિતા પણરાજીખુશીથી લગ્ન કરાવી આપે તો શેઠ ધનરાજની તમામ મિલકતનો નવઘણ એકલો વારસદાર બની જાય.

શરૂઆતમાં જ્યારે શેઠ ધનરાજે પોતાની દીકરીના કહેવાથી નવઘણને પોતાની પેઢી ઉપર નોકરીએ રાખ્યો ત્યારે જો કે શેઠને પોતાની દિકરીની આમાં ભાવી હશે તેવું માન્યું હતું. જે કે નવઘણ શરૂઆતમાં આર્થિક સહાય મેળવવા માટે માત્ર નોકરી જ કરવા આવ્યો હતો. પરંતુ શેઠ ધનરાજ અને કાજલના સ્વભાવને કારણે તે ઘરનો એક સભ્ય જેવો બની ગયો એ બધું આપોઆપ જ હતું. નોકરી કરતા કરતા એને શેઠ બની જવાનો વિચાર આવી ગયો હતો.

પરંતુ કાજલ તેની સાથે લગ્ન કરવા માગે છે કે નહિ તેની ઈચ્છા છે કે નહિં એ જાણવું ખૂબ જ અઘરૂં હતું નવઘણ સાથેના વ્યવહાર અને વર્તન થી એવું અનુમાન થતું હતુ કે, કાજલ પણ નવઘણ સાથે લગ્નના બંધનથી બંધાવવા તૈયાર છે પણ તેનાથી કહી શકાતું નથી. પણ જો એને પૂછવામાં આવે તો તે ચોક્કસ હા પાડે જ એવો પાકો વિશ્વાસ નવઘણને હતો.

પરંતુ એ વિશ્વાસ થોડા દિવસ પછી તૂટી ગયો. એક સંબંધીને ત્યાં લગ્ન પ્રસંગમાં ગયેલા શેઠ ધનરાજ અને કાજલ બંને બે દિવસ મહેમાનગિરી કરીને આવ્યા હતા. આ બે દિવસ નવઘણે પેઢી સંભાળી હતી. એટલો બધો વિશ્વાસુ બની ગયેલા નવઘણના દિલમાં તેલ રેડાયું જ્યારે એણે જાણ્યું કે કાજલે તેના માટે તેનાથી વધુ સંપતિ ધરાવતા કાર્તિક પર પસંદગી ઉતારી હતી. અને બે દિવસ પછી એ લોકો શેઠ ધનરાજને ત્યાં આવ્યા પણ ખરા.

કાર્તિક દેખાવડો યુવાન હતો. અને વળી ધનરાજ કરતાં પણ વધારે ધનાઢ્ય હતો. એટલું જ નહિ પણ તેની સાથે લગ્ન કરવાની કાજલે પણ સંમતિ આપી દીધી હતી. દિકરીએ પોતાની ઈચ્છા મુજબનો વર શોધી કાઢતાં શેઠ ધનરાજ પણ ખુશ હતાં.

સમાજના રિતરીવાજ પ્રમાણે કાજલ અને કાર્તિકના લગ્ન થઈ ગયા. શેઠ ધનરાજે સારો એવો કરીયાવર પણ કર્યો. આખા લગ્ન પ્રસંગમાં હાજર રહેલા નવઘણના ચહેરા પર સ્મિત અને દિલમાં ઈર્ષાની આગ સળગતી હતી, એ કઈનેય ખબર પડી નહિ.... કાજલ પરણીને સાસરે ચાલી ગઈ એ પછી નવઘણનું દિલ ઉડી ગયું. પણ કોઈને વહેમ ન જાય એ રીતે નોકરી કરવા લાગ્યો.

એક વખત શેઠ ધનરાજે કાજલના ખબર અંતર કાઢવા માટે નવઘણને

મોકલ્યો અને મોંકાણ સર્જાઈ. બે દિવસ કાજલના ઘેર રહીને પરત આવેલા નવઘણે શેઠ પાસે નોકરીનો હિસાબ કરી વતનમાં જવું છે તેવું બહાનું કાઢીને પગારની રકમ લઈને ઉપડી ગયો. એ જે દિવસે કાજલના ઘેરથી પાછો આવ્યો એ જ દિવસે રવાના થઈ ગયો હતો.

એ સાંજે શેઠ ધનરાજને ત્યાં એક પોલીસવાળો આવ્યો એમાં જણાવ્યું કે તેમનાં જમાઈ કાર્તિક ઝેરી દવા પી જઈને આત્મહત્યા કરી લીધી છે. આ સાંભળતા જ શેઠ ધનરાજના પગ નીચેથી ધરતી સરકી જતી લાગી. દોડતી ગાડીએ તેઓ કાજલના ઘેર પહોંચ્યા ત્યારે કાજલ તેમને વળગીને ધ્રુસકે ધ્રુસકે રડી પડી....

શું થયું બેટા.... આમ અચાનક જમાઈએ આવું શામાટે કર્યુ? બાપા.... હું તો લુંટાઈ ગઈ.... એમણે મને કશું કહ્યું નથી. હું તો બજારમાં ગઈ હતી બપોરે અને એ નવઘણ સાથે બેઠા હતા. હું આવી ત્યારે તેઓ આરામ કરતા હતા એટલે  નવઘણ પણ નીકળી ગયો હતો.... નવઘણના ગયા પછી ઉંઘા પડખે આરામ કરતા કાર્તિકને મેં જગાડવા માટે ફેરવ્યા ત્યારે તો.... ત્યારે તો....

અને કાજલ આગળ કશું બોલી શકી નહિ.... બંગલામાં પોલીસ ઈન્સ્પેક્ટર નાગપાલ ઝીણવટભરી તપાસ કરી રહ્યા હતા. તેમણે ઈન્કવેસ્ટ રીપોર્ટ ભરીને લાશને પી.એમ માટે મોકલી આપી હતી. કાજલ થોડી શાંત થઈ અને સ્વસ્થ લાગતાં ઈન્સ્પેક્ટરે થોડી પૂછપરછ હાથ ધરી.

પૂછપરછ દરમ્યાન ઈન્સ્પેક્ટર નાગપાલે નવઘણની હાજરીની નોંધ લીધી. કાર્તિકના મોત પહેલાં છેલ્લે તેની સાથે નવઘણ હતો. કાજલના આવ્યા બાદ કાર્તિક આરામ કરે છે એમ કહીને તે રવાના થઈ ગયો હતો.

અત્યારે આ નવઘણ ક્યાં હશે?

એ તો હિસાબના નાણાં લઈને એના વતનમાં ચાલ્યો ગયો છે. શેઠ ધનરાજે કહ્યું.

કાર્તિક કોઈ માનસિક તણાવમાં હતો? એણે શામાટે આપઘાત કર્યો હશે? એનું કારણ તમને કંઈ ખબર પડે?

ના.... કાજલે કહ્યું.... એવું કોઈ એમને ટેન્શન નહોતું.... એ તો હંમેશા ખુશમાં રહેતા હતા....

તમારા બંને વચ્ચે કોઈ અણબનાવ જેવું કંઈ....?

ના રે.... અમારી વચ્ચે ક્યારેય ઉંચા અવાજે વાતચીત થઈ નથી ત્યાં અમારે અણબનાવ ક્યાંથી બને?

આ નવઘણ તમારે ત્યાં કેટલા સમયથી હતો? ઈન્સ્પેક્ટર નાગપાલે સીધો પ્રશ્ન શેઠ ધનરાજને કર્યો.

દોઢ-બે વર્ષ થયા.... કાજલ સાથે કોલેજ કરતો હતો. અમારા ઘરનો જ એક વિશ્વાસુ સભ્ય હતો.... ચાલચલગત પણ સારી હતી. ભણવામાં પણ હોંશિયાર હતો.... મારી દિકરી કાજલને પણ ભણવામાં મદદ કરતો હતો....

ઈન્સ્પેક્ટર નાગપાલ મૂંછો ચાવવા લાગ્યા.

કાજલ અને શેઠ ધનરાજ વિચારમાં પડી ગયા કે ઈન્સ્પેક્ટર કાર્તિકના આપઘાતનું કારણ શોધવાને બદલે નવઘણ વિશે કેમ પૃચ્છા કરે છે? પણ આવો જવાબ એમને મળ્યો ત્યારે જ ખબર પડી કે શેઠ ધનરાજે ઝેરી સાપને પાળ્યો હતો.

નવઘણના વતનનું સરનામું લઈને ઈન્સ્પેક્ટર નાગપાલ તેને પકડી લાવ્યા ત્યારે પોતાના પતિને ઝેર પીવડાવી મારી નાંખનાર નવઘણને કાજલે ઝેરી નજરથી નીરખ્યો. એની આંખોમાં નર્યુ ઝેર નીતરતું હતું.

ઈન્સ્પેક્ટર કાર્તિકના પી.એમ. રીપોર્ટમાં વાંચી લીધું હતું કે કાર્તિકે ઝેર પીધુ નહોતું પણ તેને પીવડાવવામાં આવ્યું હતું અને શકના દાયરામાં તેમને નવઘણ દેખાયો. નવઘણને પૂછપરછ કરતાં તેણે ગુનો કબુલતાં બધું કહી દીધું.

સાહેબ.... હું કાજલને ચાહતો હતો.... એની સાથે લગ્ન કરીને શેઠ ધનરાજનો ઘરજમાઈ બનીને તેમની તમામ મિલકતનો માલિક બનવા માંગતો હતો પરંતુ કાર્તિક મારી કાજલને પરણી ગયો એ મારાથી સહન થયું નહોતું.... મને ધનરાજે કાજલના ઘેર મોકલ્યો ત્યારે એકાંત મળતા હું અને કાર્તિક બંને વાતોએ

ચડ્યા હતા અને કાર્તિક વારંવાર કાજલના વખાણ કરતો હોવાથી મારી કાજલને પરણીને ધન્ય થઈ ગયેલા કાર્તિક પ્રત્યે ઈર્ષા જાગી.... બીજા દિવસે બપોરે કાજલ બજારમાં ગઈ ત્યારે કાર્તિકને મેં ઝેર પીવડાવી દીધું હતું. અને તેજ ઝેરની અસરથી કાર્તિક રામશરણ થઈ ગયો હતો. મારી ઉપર કોઈને વહેમ ન આવે એટલા માટે મેં કાર્તિકને ઉંધો સુવડાવી દીધો હતો અને કાજલના આવ્યા પછી કાર્તિક આરામ કરે છે અને એમને જગાડવાની ના પાડી છે. એવું કહીને હું નીકળી ગયો હતો.... મને એવું હતું કે કાર્તિકે આપઘાત કર્યો છે એવું જાણ્યા બાદ અને વિધવા બનેલી કાજલના શેઠ ધનરાજ થોડા મહિના બાદ મારી સાથે પરણાવી દેશે.... પણ મારા નસીબ બે ડગલાં આગળ હતું.

## ૧૫. ગુનેગારના પીંજરામાં પુત્ર અને સાક્ષીના પીંજરામાં જનેતા....!

અદાલતમાં સન્નાટો છવાઈ ગયો. સોપો પડી ગયો હતો.... કોર્ટ હાઉસ ખીચોખીચ ભરેલો હતો.... કાળો કોટ અને સફેદ પેન્ટ-શર્ટ પરિધાન કરેલા વકીલો પણ સારી એવી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.... એમને પણ આજે ચાલનારા કેસમાં કંઈક વધુ પડતો રસ હતો.... જિંદગીમાં વકીલાત કરવા માટે નમૂનારૂપ આજના કિસ્સાનો અંત આવવાનો હતો....

આજનો કિસ્સો હતો એક હવસખોર દિયરનો જેણે પોતાની હવસ સંતોષવા માટે સગી ભાભીની કરપીણ હત્યા કરી હતી જેણે પોતાની પાંચ વર્ષની નિર્દોષ ભત્રીજીની હત્યા કરીને લાશ ઝાડ ઉપર લટકાવી દીધી હતી.... અને આવા ક્રૂર પાપીની જનેતા આજે તેના વિરૂધ્ધ જુબાની આપવાની હતી.

પોતાનું લોહી શોષીને પોતાના થાનકે જેને દૂધ પાઈને મોટો કર્યો હતો એ સગા દિકરાએ માનું ધાવણ લજવ્યું હતું અને સગી ભાભીને એણે પોતાની નજર સામે જ પોતાની હવસ સંતોષીને કૂહાડીના ઘા મારી પતાવી દીધી હતી.

કોર્ટ હાઉસમાં પોતાની ચેમ્બરમાંથી પ્રવેશેલા સેશન્સ જજના આગમનની સાથે જ વકીલો સહીત કેસનો ચૂકાદો સાંભળવા માટે એકત્રિત થયેલા લોકો પણ ઉભા થઈ ગયા. ન્યાયાધિશના બેઠા પછી સૌએ પોતાની બેઠક લીધી.

કેસની કાર્યવાહી શરૂ થઈ.

આરોપી નદીમને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો ત્યારે પ્રેક્ષકો એને જોવા માટે ઉભા થઈ ગયા.... સાડા પાંચ ફૂટની ઊંચાઈ અને પડછંદ કાયા ધરાવતા નદીમની દાઢી વધી ગઈ હતી.... એની આંખો ચોતરફ ચકળ-વકળ ફરીને પાછી નીચું જોઈ ગઈ.... પરંતુ તેની નજરમાં ક્યાંય પસ્તવાનો અણસાર દેખાતો નહોતો. આરોપીના કઠેરામાં ઉભેલા નદીમે પછી તો ઊંચી નજરે જોવાની પણ તસ્દી લીધી નહોતી પરંતુ જ્યારે એની જનેતાને હાજર કરવા માટે બૂમ પાડી ત્યારે કોર્ટ હાઉસમાં પ્રવેશી આરોપીના કઠેરા પાસેથી પસાર થઈ એક સેકન્ડ માટે કઠેરો પકડીને ઉભી રહી ત્યારે ઈચ્છા નહીં હોવા છતાં નદીમે ધીરે રહીને તેની માતા સામે જોયું - એની નજર જાણે કહેતી હોય કે “હે જનેતા.... પાપ મેં કર્યુ કે ના કર્યુ પણ હું તારો દિકરો છું.... તું મારી વિરૂધ્ધમાં જુબાની ના આપીશ.... જે મરી ગઈ છે એતો પારકી હતી.... પણ હું તો તારી પોતાની કૂખનો જન્મેલો છું.... મને બક્ષી દે....મા.... મારી ભત્રીજીનું મોત થયું છે પણ એવી કેટલીય ઢીંગલીઓ હું જીવતો તારી પાસે રહીશ તો તને રમાડવા મળશે.”

પણ નદીમની માતાએ એક જ ક્ષણ માટે નદીમની નજર સાથે નજર મિલાવી અને સાક્ષીના કઠેરા તરફ આગળ મક્કમ ડગલે આગળ વધી ત્યારે તેના એકે એક કદમ નદીમના દિલ પર લાગતાં હતાં.... એના એક કદમ બરાબર એક વર્ષની સખ્ત કેદની સજા ફટકારાતી હોય એવું નદીમને લાગ્યું.

સફેદ સાડીમાં જનેતાએ જ નદીમને બચાવવા માટે કોર્ટના વકીલને રોક્યો હતો.... નદીમને એવું હતું કે જે જનેતા એને બચાવવા માટે પૈસા ખર્ચીને પણ અને પોતાની ઘરેણાંની મૂડીની ચિંતા કર્યા વગર ગીરો મૂકીને વકીલ રોક્યો હતો એ જનેતા જ આજે એની જુબાની આપી....

આખા કેસનો આધાર જનેતાની જુબાની ઉપર હતો.... એ એક જ નજરે જોનાર સાક્ષી હતી. અને એની જુબાની ઉપર નદીમના ચુકાદાનો આભાર હતો....

સાક્ષીના કઠેરામાં જઈને ઉભેલી જનેતા સામે આરોપીના કઠેરામાં ઉભેલો નદીમ નજર કરવાની પણ હિંમત કરી શક્યો નહોતો.... આજે જનેતા જો તેની

વિરૂધ્ધમાં જુબાની આપે અને એને જો કડકમાં કડક સજા થાય તો પછી આખી જિંદગી એની જનેતાને એકલવાયો જન્મારો કાઢવો પડશે.... દીકરો હોવા છતાં દીકરા વિના જીવન જીવવું પડશે.... નદીમનો મોટો ભાઈ બે વરસ પહેલાં જ અકસ્માતે મોતને ભેટ્યો હતો. પિતાના ગુજરી ગયે વર્ષો વીતી ગયાં હતાં. બંને ભાઈઓ ઘણાં નાના હતા ત્યારે ભાભીની ઉંમરે જ એની માતા વિધવા બની હતી.... પણ લોહીનું પાણી કરીને એણે બંને દીકરાઓને ઉછેર્યા હતા. એકલે હાથે ખેતર-વાડીનું સંચાલન કર્યુ હતું.... મોટો ભાઈ ખેતી સંભાળવા લાયક થયો ત્યાં સુધી જનેતાએ ખેતી અને વાડીમાં રસ લીધો હતો... મોટા દીકરાને પરણાવ્યો.... રૂપરૂપના અંબાર અને ગુણવંતી વહુ ઘરમાં આવી હતી... ઢીંગલી જેવી ભત્રીજી ત્રણેક વર્ષની થઈ ત્યારે આ નાનકડી ઢીંગલીએ પિતાનું છત્ર ગુમાવ્યું હતું.... છેલ્લા બે વરસથી મોટાભાઈના મોટા ગામતરે ગયા પછી ખેતીવાડી સંભાળવાનો ભાર નદીમના માથે આવી પડ્યો હતો.

"તમે આરોપી નદીમની જનેતા છો?" અદાલતે પ્રશ્ન પુછ્યો ત્યારે નદીમે તેની સામે ઉભેલી માતા સામે જોયું.... અને માતાએ હકારમાં માથું હલાવ્યું. પ્રાથમિક પૂછપરછ બાદ અદાલતે જ્યારે પૂછ્યું કે આ આરોપી નદીમે તેની ભાભી અને ભત્રીજીની કરપીણ હત્યા કરી એ આખી ઘટનાનું વર્ણન સાચે સાચું કહી બતાવો.... અને ત્યારે જાણે કે કોર્ટ હાઉસમાં શાંતિ છવાઈ ગઈ.... ટાંકણી પડે તો પણ એનો અવાજ સંભળાય એવો સોપો પડી ગયો... લોકોએ કાન સરવા કરી દીધા.... પોતાનો અવાજ શ્વાસ પણ અવાજ કરશે એ બીકે જાણે શ્વાસ લેવાનું પણ બંધ દીધું હોય એવું વાતાવરણ સર્જાયું.

"સાહેબ... હું જે કંઈ કહીશ એ સત્ય હકીકત જ કહીશ.... આ સામે ઉભો છે એ મારો દીકરો છે.... મારા પેટનો જણ્યો છે પણ અત્યારે એ આરોપી કઠેરામાં ઉભો છે....."

થોડો શ્વાસ લઈ એકીશ્વાસે હકીકત વર્ણન કરવા એણે હિંમત એકઠી કરી અને બોલવા માંડ્યુ:

"એ દિવસે આ નદીમ બપોરે ખેતરેથી ઘેર જમવા માટે આવ્યો હતો... પણ જમવાનું તૈયાર નહોતું એટલે એ ઘરની ઓશરીમાં પાથરેલા ખાટલામાં તે આડો પડ્યો.... અમારૂ ઘર ત્રણ રૂમવાળું છે. એક રૂમ રસોડાનો છે. બીજો રૂમ એની પાછળ જ આવેલો છે અને ત્રીજો રૂમ રસોડાની સામે આવેલો છે. હું રસોડામાં નદીમ માટે રોટલા બનાવતી હતી અને સામેના રૂમમાં મારા છોકરાની વહુ તેની તબિયત નરમ હોવાથી આરામ કરતી હતી.... નાની દીકરી એની પાસે નીચે બેઠી બેઠી રમતી હતી..."

અચાનક શું થયું કે ઓશરીમાં સૂઈ રહેલો નદીમ તેની ભાભીના અસ્તવ્યસ્ત કપડાં જોઈને એ તરત પાછો આવ્યો અને રસોડાનો દરવાજો એણે બંધ કરી દીધો.... મને શક ગયો એટલે મેં દરવાજો ખટખટાવ્યો પણ ખુલ્યો નહી તરત જ મેં રસોડાની બારી ખોલી....બુમો પાડવા લાગી... પણ નદીમ જાણે બહેરો થઈ ગયો હતો.

એને મેં એની ભાભીની રૂમમાં જતો જોયો.... બારીમાંથી મારી વહુનો અડધો પલંગ દેખાતો હતો.... મારી બુમો સાંભળીને મારા દીકરાની વહુ રંજન બેઠી થઈ ગઈ પરંતુ નદીમે એને બેઠી થવા દીધી નહી અને એ નરાધમ હવસખોરે મારી પણ શરમ રાખી નહી, મારી બૂમો સાંભળી નહીં અને મા સમાન ભાભીની ઈજ્જત લૂંટીને બેઈજ્જત કરી દીધી....

હું બૂમો પાડતી રહી.... રંજન વહુ ચીસો પાડતી રહી.... નાની છોકરી રડતી રહી પણ કોણ જાણે કેમ નદીમે કોઈની દયા ન આવી..... એની હવસ સંતોષી લીધા બાદ એણે મારી નજર સામે જ રંજન ઉપર કુહાડીના ઘા મારીને પતાવી દીધી.... એ જોઈને હું બેભાન થઈને ઢળી પડી....

જ્યારે ભાનમાં આવી ત્યારે હોસ્પિટલમાં હતી. ગુણવંતી વહુની ઈજ્જત બચાવવા, એનો જીવ બચાવવા બુમો પાડતાં પાડતાં મેં રસોડાની બારીમાંના સળિયામાં માથા પછાડ્યા હતા.... કપાળ લોહીવાળું થઈ ગયું હતું. મારાથી મારી નજર સામે મારા દિકરાની વહુની હત્યા થતી જોઈ ન શકાય....

ત્યારબાદ મને ખબર પડી હતી કે આ નરાધમે મારી વહુ રંજનના કટકા કરીને તેના અંગો ઝાડ ઉપર લટકાવ્યા બાદ એણે નાની ઢીંગલી જેવી ભત્રીજીને પણ મારી નાખીને ઝાડ ઉપર લટકાવી દીધી હતી. આ નરાધમને

છોડશો નહી.... એણે બે નિર્દોષોના જીવ લીધા છે.... એને માફ ના કરશો..."

અને આટલું બધું કહ્યા પછી નદીમની જનેતા ફુટ ફુટ રડી પડી....

અદાલતે બેવડી હત્યા કરનાર નદીમને જિંદગીના છેલ્લા શ્વાસ સુધી સખત કેદની સજા ફટકારી ત્યારે કોર્ટ હાઉસમાંથી બહાર નીકળતાં નદીમે એક મિનીટ માટે એની જનેતા સાથે વાત કરવાની ઈચ્છા દર્શાવી.

અને જ્યારે તેની જનેતા સામે આવી ત્યારે નદીમે એક પ્રશ્ન કર્યો : "મા... તારે જ જો મને સજા કરાવવી હતી તો મને બચાવવા માટે જમીન તારા ઘરેણાં ગીરો મુકીને શામાટે વકીલ રોક્યો તેં....?"

આના પ્રશ્નના જવાબમાં નદીમને એની મમ્મીએ બહુ ઊંચી વાત કરી દીધી :

"જો દીકરા.... તેં મારી કૂખે જન્મ લીધો છે.... તું મારો દિકરો છે.... તેં ભયંકર અપરાધ કર્યો છે પણ તું મારો દિકરો હોવાથી તને બચાવવા માટેની મારી જવાબદારી છે.... તને બચાવવા હું મારી જાતને વેચીને પણ મારી બનતી તમામ કોશીષ કરૂં.... હું તારી મા છું અને એટલે તને બચાવવા માટે મેં જમીન ગીરો મુકીને વકીલ રોક્યો હતો.... પણ કોર્ટમાં તું આરોપીના પીંજરામાં હતો અને હું સાક્ષીના પીંજરામાં.... ત્યારે તું મારો દીકરો નહીં પણ સમાજનો ગુનેગાર હતો અને ગુનેગારને સજા કરાવવાની સમાજના નાગરિક તરીકેની મારી ફરજ બને છે અને એટલે પછી એ ગુનેગાર મારો દીકરો કેમ ન હોય?"

અને આટલું બોલીને રડતી આંખે નદીમને માથે હાથ દઈ આશીર્વાદ આપીને એ ચાલતી થઈ કઠણ કાળજું કરીને....

"પણ બીજા ચાર લાખ આપશે કોણ?"

" હું આપીશ... મારા ગુરૂકુળની આવકમાંથી... પણ એક શરતે... વહીવટ હાથમાં આવતાં જ કુબેર ભંડારની ચાવી મારા હાથમાં રહેશે... એમાંથી મેં ખર્ચેલા પાંચ લાખ રૂપિયાના પાંચ ગણા રૂપિયા હું લઈ લઉં... પછી બાકીની ધન-દોલત પર આપણા ચારેયની ભાગીદારી રહેશે... અને એ દોલત પોતાના હિસ્સામાં વાપરવાની રહેશે..."

" પણ એની થઈ લોકોને જાણ થઈ જશે કે ગુરૂની ગેરહાજરીમાં મંદિરની દોલત આપણે વહેંચી લીધી છે તો... "એનો પણ મારી પાસે રસ્તો છે..."

સોદો નક્કી થયા પછી એક વ્યવસ્થિત એક્શન પ્લાન ઘડી નાંખવામાં આવ્યો " ઓપરેશન ગુરૂગોવિંદ અને પછી પાંચ લાખની સોપારી લેનાર સાધુને બોલાવવામાં આવ્યો."

સાડા છ ફૂટની ઉંચાઈ ધરાવતા આ યુવાન સાધુની આંખમાં નરી લાલસા... લાલચ અને વાસના તલસતી હતી... ભગવા વસ્ત્રધારી આ સાધુ ભયાનક ગુનેગાર લાગતો હતો... એને આખો એક્શન પ્લાન સમજાવ્યો અને પછી સોપારીબાજ સાધુ સહિત પાંચેય સાધુ વિખેરાઈ ગયા... પોત પોતાના કામે લાગી ગયા... પાંચમો સાધુ કે જેણે સોપારી લીધી હતી એણે ગુરૂગોવિંદની સેવા સરભરા કરવાનો પ્રારંભ કરી દીધો. આરામના સમયે પગચંપી કરતા આ શિષ્ય સાધુ પ્રત્યે ગુરૂની અમી નજર રહેવા લાગી... જ્યારે ગુરૂને તેના પ્રત્યે અત્યંત વિશ્વાસ પ્રાપ્ત થઈ ગયો હોવાનો આત્મવિશ્વાસ થયો ત્યારે ગુરૂને વિહાર કરવાના બહાને નજીકમાં આવેલા ઉદ્યાનમાં લઈ જવાયા...

"ગુરૂજી જલપાન કરવું છે ?"

"હા... વત્સ... ક્યારનીયે તરસ લાગી છે..."

"હમણાં જ લઈ આવું છું..."

થોડીવાર બાદ તાંબાના પાત્રમાં જળ લઈ આવી ગુરૂને પીવડાવ્યું... એ ઠંડુ શીતળ જળ પીતાની સાથે જ ગુરૂ બેશુધ્ધ બની ઢળી પડ્યા કે તરત જ સોપારીબાજ સાધુએ ગુરૂને ઉઠાવ્યા અને ઉદ્યાન બહાર મુકેલી પોતાની મારૂતિવાનમાં નાખ્યા અને ઉપડ્યો અજ્ઞાત સ્થળે...

રસ્તામાં એક સ્થળે મારૂતિવાન ઊભી રાખી અને પોતાની કમ્મરે વીંટાળેલી દોરી કાઢી અને ગુરૂના ગળા ફરતે વીંટાળી બેશુધ્ધ ગુરૂને ગળે ટૂંપો

દીધો. બેશુધ્ધ હાલતમાં પણ ઘોઘરા ઉપર દબાણ આવતા ગુરૂ થોડા તરફડ્યા અને પછી એકદમ શાંત થઈ ગયો એમનો દેહ...

આજુબાજુ નજર કરી લીધા પછી ખાતરી કર્યા બાદ ફરીથી મારૂતિવાન હંકારી... મંદિરથી દોઢસો કિલોમીટર દૂર આવેલ હવાખાવાના સ્થળ નજીક પહોંચી ગયો ત્યારે અંધકાર છવાઈ ગયો હતો... દૂર ઊભેલો પર્વત કોઈ રાક્ષસનો પડછાયો હોય એવો લાગતો હતો... મારૂતિવાન રોડની બાજુમાં પડતા કાચા રસ્તે વાળી લીધી... એકાદ કિલોમીટર દૂર જઈને મારૂતિવાન ઊભી કરી દીધી...

રાતના બારેક વાગ્યા હતા...

સમયઅને સ્થળ બરાબર હતા. ગુરૂની લાશ મારૂતિવાનમાંથી બહાર કાઢી અને કાચા રસ્તાની બાજુમાં આવેલા એક ઊંડા ખાડામાં નાખી... એની ઉપર પેટ્રોલનો કેરબો આખો ઉંધોવાળી દઈ દિવાસળી ચાંપી દીધી... ભડભડ સળગતા ગુરૂના મૃતદેહ તરફ છેલ્લી નજર કરીને મારૂતિવાન મારી મૂકી. મંદિરે આવીને કામ પતી ગયાનો સંદેશો આપ્યો.

બીજા દિવસે તો મંદિરમાં હાહાકાર વર્તાઈ ગયો.

આખા મંદિરના સમિયાણામાં ક્યાંય ગુરૂ દેખાયા નહિ... જેમા નજીકના શિષ્યો અને ભક્તો ચિંતા કરવા લાગ્યા... શોધખોળ મચી ગઈ... પણ ક્યાંય પત્તો લાગ્યો નહિ.... કુબેર ભંડાર પણ ખુલ્લો હતો અને અંદરથી તમામ ધન-દોલત અદ્રશ્ય થઈ ગયા હતા...

સાધુઓની ચંડાળ ચોકડી પાસે વાત પહોંચી... અને એમણે પણ ગુરૂગોવિંદની શોધ કરવાનો ડોળ કર્યો.

આ ચંડાળ ચોકડી સાધુઓએ ગુરૂના ગુમ થયાની સાથેસાથે બીજી વાત પણ વહેતી મૂકી.

“આપણા ગુરૂજી કુબેર ભંડાર ખાલી કરીને જતા રહ્યા છે... એમણે મોજશોખ પાછળ પૈસા ખર્ચેલા... એ દેવું ભરપાઈ કરવા એમણે આ કામ કર્યુ છે...”

“ અરે પણ ગુરૂએ મંદિરના કુબેર ભંડારમાંથી શામાટે ચોરી કરી ? એમને પૈસાની જરૂર હતી તો અમને કહેવું જોઈએ... એમના માટે અમારી જાત વેચી દેત પણ... આવું હલકટ કામ કેમ કર્યું...?”

“છેલ્લા કેટલાય દિવસથી તેઓ વિષાદમગ્ન હતા... પણ એમના વિષાદની અમને તો વાત કરવી જોઈએ... મારૂ ગુરૂકુળ એમનું જ હતું ને...? વેચી દઈને એમનો વિષાદ દૂર કરત...”

ત્યાં પાછુ ગુરૂના કેટલાક શિષ્યોએ પોલીસમાં જાણ કરવા સૂચન કર્યુ... ગુરૂ ગૂમ થયા છે અને કુબેર ભંડારમાં ચોરી થઈ છે... પણ

“ આ મંદિર ધાર્મિક સ્થળ છે... મંદિરમાં આવું બન્યું છે એ લોકોને ખબર પડશે તો લોકોને મંદિર પ્રત્યેથી વિશ્વાસ ઉઠી જશે... વળી ગુરૂજીની કાર પણ નથી એટલે મંદિરના વહીવટકર્તા મંદિરની સંપત્તિ ચોરીને ભાગી ગયા છે એવું પોલીસ જાહેર કરશે તો આપણો સંપ્રદાય તો વગોવાશે જ અને ગુરૂનું નામ વગોવાય... બદનામ થાય એ છોગામાં...”

પોલીસને જાણ કરવાનું કહેનાર શિષ્યોના દિમાગમાં વાત ઉતરી ગઈ... પોલીસને જાણ કરવાની વાત પડતી મૂકાઈ...

ઘણો સમય થઈ ગયો... વાત ભૂલાઈ ગઈ... અને મંદિરના કુબેર ભંડારમાંથી મળેલ સંપતિના હિસ્સાથી ખુશહાલ સાધુઓની ચંડાળ ચોકડીએ મોજશોખ માણવાની શરૂઆત કરી મંદિરનો વહીવટ હાથમાં લઈ લીધો... કુબેર ભંડારમાંથી જ ચોરેલ સંપતિના આ ભાગીદારોએ પોતાના ચોથા ભાગના હિસ્સાને પોતે યજમાન પાસેથી દાનમાં લઈ આવ્યા છે એવા ડોળ સાથે એ હિસ્સો કુબેર ભંડારમાં મૂક્યો ત્યારે એમની ઉદારતા જોઈને મંદિરમાંના અન્ય સાધુઓ અહોભાવથી આ ચારેયને નમન કરવા લાગ્યા... ચારેયને ગરૂ માનવા લાગ્યા... એમના દાસ બની ગયા...

પણ પાપ કદાપિ છૂપતું નથી...એના સમયે એ છાપરે ચઢીને પોકારે છે. મંદિરથી દોઢસો કિલોમીટર દૂર લાશને સળગાવીને પાછા ફરેલા સોપારી બાજ સાધુએ એક ભૂલ કરી હતી... એને એમ હતું કે લાશ સદંતર બળી ગઈ છે

પણ હકીકતમાં લાશનો પા ભાગ બળવામાં બાકી હતો. અને આ લાશના અવશેષો પોલીસે જપ્ત કરીને આ અજાણ્યા ઈસમના ચહેરાની ઓળખ માટે કોમ્પ્યુટરમાં મોકલી આપ્યો... એક ચહેરો ઉપસી આવ્યો જેની જાહેરાત અખબારોમાં આપી... એ ચહેરો ગુરૂ ગોવિંદના જેવોજ છે એવું એક શિષ્યને લાગતા પોલીસને જાણ કરી... ફોટા ઉપર પાઘડી, તિલક લગાવી ગુરૂગોવિંદના અસલી ફોટા સાથે સરખાવ્યો અને આશ્ચર્ય વચ્ચે બેઉ ફોટા એકજ વ્યક્તિના લાગ્યા... પોલીસે આગળ તપાસ હાથ ધરી અને ગુરૂગોવિંદની હત્યા કોણે કરીએની ઝીણવટભરી તપાસ કરી... ભેદ શોધ્યો... કુબેર ભંડારમાં ચાર સાધુએ મૂકેલી સંપત્તિ વિશે જાણકારી મેળવી...પણ એ નામવાળા યજમાનોએ સ્પષ્ટ નન્નો ભણાવી દીધો... અને શંકા સાચી ઠરી.

આ ચારેય સાધુઓના અંગતકક્ષમાં તલાશી લીધી અને ધન-દોલત મળી આવી... પોલીસે આ ચારેય જણાની ધરપકડ કરી સાથે સાથે સોપારી લેનાર સાધુને પણ પોલીસે ના બક્ષ્યો... પાંચેય જણાએ પોલીસનો તાપ સહન ન થતાં બધું જ બકી ગયા...

આ આખી ક્રાઈમ થ્રીલર જ્યારે જાહેર થઈ ત્યારે જે લોકો આ સાધુઓને સાષ્ટાંગ દંડવત પ્રણામ કરતા હતા એ લોકો જ આ સાધુઓનો તિરસ્કાર કરવા લાગ્યા...

## ૧૭. ભેદી હત્યાની એક ભેદી ફાઈલ

ઈન્સ્પેક્ટર નાગપાલ પોતાની ઓફિસમાં એક ફાઈલ લઈને બેઠા હતા અને તેનો ધ્યાન પૂર્વક અભ્યાસ કરી રહ્યા હતા. એ ફાઈલ એક ભેદી હત્યાની હતી. જેનો ભેદ ખોલવામાં પોલીસ નિષ્ફળ ગઈ હતી. પરંતુ આવી નિષ્ફળતાથી હારી જાય એ ઈન્સ્પેક્ટર નાગપાલ નહીં.

આ ભેદી હત્યાની ફાઈલમાંની તમામ નોંધાયેલી વિગતો વાંચ્યા પછી તેઓ વિચારમાં પડી ગયા.

પચ્ચીસેક વર્ષની ઉંમરના અપરણિત યુવાનની હત્યા કરેલી લાશ હાઈવેથી દૂર એક તલાવડી નજીકથી મળી આવી હતી. તલાવડી ઉપર કુદરતી હાજતે ગયેલા એક ઈસમે આ લાશ જોતાં તેણે પોલીસને જાણ કરી હતી અને પોલીસ સ્થળ ઉપર જઈને લાશનો કબજો મેળવીને તપાસ હાથ ધરી હતી.

યુવાનના શરીર પરના કપડાં પરથી એવું અનુમાન કરવામાં આવ્યું કે તે એક સુખી ઘરનો નબીરો હશે. તો એ અહીં તલાવડી પારે કેમ આવ્યો હશે ? માંડ પચ્ચીસ વર્ષના યુવાનને કોઈ યુવતી સાથુ આડો સંબંધ હશે? કે પછી?

લાશનું નિરીક્ષણ કરતા મરનાર યુવાનના ગળે ટૂંપો દીધાના નિશાન હતા અને છાતી ઉપર તિક્ષ્ણ હથિયારના ઘા પણ વાગેલા હતાં. પેન્ટ-શર્ટ પહેરેલ આ યુવાનના પગમાં મોંઘી કિંમતના બૂટ હતા. એ સિવાય બીજું કશું હતું નહિં. ઈન્ક્વેસ્ટ રીપોર્ટ ભરતી વખતે મરનારના પેન્ટના ખીસ્સામાંથી એક હોટેલની ચબરખી મળી આવી હતી. જે હોટેલ પાંચેક કિલોમીટર દૂર આવેલ શહેરમાં હતી.

હોટેલની ચબરખી ઉપર જે દિવસે લાશ મળી આવી તેના આગલા દિવસની તારીખનો સિક્કો મારેલો હતો. પોલીસે લાશના ફોટા પડાવ્યા અને ડોગ સ્કવોડની પણ મદદ લીધી પરંતુ ડોગ ડોગ થોડે દૂર સુધી એક ધાર્યા ચાલ્યા પછી એક રોડ પર આવીને અટકી ગયા.

પોલીસે અનુમાન લગાવ્યું કે આ યુવાનની હત્યા કર્યા બાદ ચાલતો-ચાલતો આ રોડ સુધી આવ્યો હશે અને ત્યારબાદ કોઈ વાહનમાં બેસીને ચાલ્યો ગયો હશે... પણ આવા ખાનદાન નબીરા જેવા યુવાનને અહીં શહેરથી દૂર આવેલી તલાવડી આગળ શું કામ લાવ્યો હશે? એની પાછળ કદાચ બે કારણો હોઈ શકે. એક તો આ ખાનદાની લાગતા યુવાનને કોઈ યુવતી સાથે સંબંધ હશે અને એ યુવતી સાથે યુવાન અહીં બેઠો હોય ત્યારે યુવતીના કોઈ સંબંધીએ યુવાનનો કાંટો કાઢી નાંખ્યો હોય કે પછી યુવતી હત્યાનો ભોગ બનનાર અને હત્યાનો ભોગ બનનાર અને હત્યારો એમ બંને સાથેના પ્રણય સંબંધ ધરાવતી હોય.

બીજું કારણ એ હતું કે કદાચ આ ખાનદાની યુવાન પાસે પૈસા હોય અને એ લૂંટી લેવાના ઈરાદાથી તેની હત્યા કરી નાંખવામાં આવી હોય... કેમ કે આ અજાણ્યા યુવાન પાસેથી એક પૈસો પણ પોલીસને મળ્યો નહોતો અને જો યુવાન બહારથી આવ્યો હોય તો પરત જવા માટે ખિસ્સામાં થોડા ઘણા રૂપિયાતો

હોય જ. તેની પાસેથી હોટેલના રૂમની પાવતી મળી આવી હતી એટલે એ નજીકના કોઈ ગામનો નથી. એવું પોલીસે માની લીધું.

લાશને પી.એમ. માટે મોકલી આપવામાં આવી અને હોટેલ પર જઈને પાવતી આધારે હોટેલના મેનેજરને પૂછપરછ હાથ ધરવામાં આવી. લાશના ફોટા પણ બતાવ્યા  અને પાવતી નંબર  આધારે હોટેલનું રજીસ્ટર ચેક કરવામાં આવ્યું. એમાંથી નામ અને સરનામું મળ્યું અને હોટેલના મેનેજરે ફોટો પણ ઓળખી બતાવ્યો કારણ કે આ યુવાન અઠવાડિયામાં એક દિવસ આ શહેરમાં આવતો હતો અને રાત  રોકાઈને બીજા દિવસે ચાલ્યો જતો હોવાથી તેને હોટેલના નોકરો પણ સારી રીતે ઓળખતા હતાં.

મરનાર યુવાન અહીંથી સો કિલોમીટર દૂર આવેલા ગામનો હતો. હોટેલના મેનેજરના જણાવ્યા પ્રમાણે એ તમાકુનો વેપારી હતો અને શહેરમાં તમાકુના પૈસા લેવા માટે આવતો હોવાનું મરનાર યુવાને હોટેલના લોકોને જણાવ્યું હતું. એવું હોટલના મેનેજરે કહ્યું.

પોલીસ નામ સરનામું લઈને પહોંચી ગયા ગામડે, ગામના સરપંચને બોલાવીને નામ સરનામાવાળા યુવાન અંગે પૂછ્યું સરપંચે જણાવ્યું કે આ નામ સરનામાવાળો યુવાન તો મુખીનો છોકરો છે અને તમાકુનો વેપાર કરે છે બે દિવસ પહેલાં જ શહેરમાં તમાકુના પૈસા લેવા ગયો છે. તમારે મળવું હોય તો ચાલો હું લઈ જાઉં એને ઘેર... અત્યાર સુધી તો ઘેર આવી જ ગયો હશે. છોકરો સીધો છે કંઈ કામ હતું.?

આ તમામ વાત બાદ પોલીસે યુવાનના ઘેર જવાનું જણાવ્યું અને સરપંચ પોલીસને લઈને મુખીના ઘેર ગયા. મુખી ઘેર હાજર જ હતા. પોલીસ આવેલી જોઈને ગામમાં કોઈકનું કામ હશે એવું માનીને પોલીસને તથા સરપંચને આવકાર્યા.

પોલીસે મુખીના ઘરના બારણા બહાર ટીંગાળેલા ફોટાઓમાં મરનાર યુવાનનો ફોટો જોયો એટલે એક વાત તો સ્પષ્ટ થઈ જ ગઈ કે મરનાર યુવાન બીજો કોઈ નહિં પણ મુખીનો છોકરો જ હતો.

મુખીને પોલીસ સબઈન્સ્પેક્ટરે ધીરે ધીરે વાત કરીને આખી હકીકત જણાવી દીધી. પોતાના દીકરાની હત્યા થઈ ગઈ છે અને તે હવે આ દુનિયામાં નથી એ જાણ્યા પછી મુખી પોકેને પોકે રડી પડ્યા એમનો એકનો એક કમાઉ દીકરાના મોતના સમાચાર જાણ્યા પછી મુખી અસ્વસ્થ થઈ ગયા.

પૂછપરછને અંતે પોલીસને ખાતરી થઈ ગઈ  કે મુખીના છોકરાની હત્યા તેને લૂંટી લેવા માટે જ કરવામાં આવી હોવી જોઈએ કેમ કે મુખીના કહેવા પ્રમાણે આ વખતે તેમનો છોકરો લાખ રૂપિયા ઉપરાંતની રકમ લઈને આવવાનો હતો જે હોટલમાં મુખી પુત્ર રાત રોકાયો હતો એ હોટલની નજીકમાં જ આવેલી પેઢી પરથી પૈસા લાવવાનો હતો એ પણ પોલીસે જાણી લીધું.

તમાકુના વેપારીની પેઢી પર જઈને પોલીસે પૂછપરછ કરી તો ખબર પડી કે જે દિવસે લાશ મળી તેના આગલા દિવસની સાંજના સમયે પેઢી પરથી તે સવા લાખ રૂપિયા લઈને નીકળ્યો હતો. એ પરથી ચોક્કસ થઈ ગયું કે તેની હત્યા રૂપિયા માટે થઈ છે પણ આટલી મોટી રકમ લઈને તલાવડી કિનારે શામાટે ગયો હતો? એ પોલીસની સમજમાં આવતું નહોતું... છોકરો કોઈ છોકરીના લફરામાં હોઈ એવું પણ ક્યાંયથી ખબર ન પડી. કોઈપણ આધાર વિના કે કોઈ દેખીતા કે આનુંસંગિક પુરાવા મળ્યા નહોતા એટલે આટલેથી આગળ તપાસ અટકી ગઈ હતી...

આખી ફાઈલનો અભ્યાસ કર્યા બાદ ઈન્સ્પેક્ટર નાગપાલે આ ભેદી હત્યાનો ભેદ ઉકેલવાનું બીડું ઝડપી પાડ્યું. એમણે એસ.પી. ચૌધરી સાહેબની પરવાનગી લઈને આ કેસની તપાસ સંભાળી ત્યારે ચૌધરી સાહેબે એમને રોક્યા પણ હતા કે આ બધી વ્યર્થ મહેનત છે... કોઈ પરિણમ આવવાનું નથી છતાં તમે તપાસ સંભાળી લો... કદાચ કંઈ નીકળે...

આ તપાસ ઈન્સ્પેક્ટર નાગપાલે બુદ્ધિ ચાતુરી વાપરીને સંભાળી લીધી હતી. કેમ કે કેસ ફાઈલમાં  ક્યાંય યુવાનના ગામના લોકોની વિગતો નહોતી જણાવી. તપાસ સંભાળ્યા બાદ પ્રથમ તેમણે મરનાર યુવાનના પિતા મુખીને ઘેર જઈને પૂછતાછ હાથ ધરી... પુત્રની હત્યા પાછળ કોઈનો હાથ છે કે નહીં ? તેમના પડોશી કે તેમના કોઈ સંબંધી ઉપર શંકા  છે કે નહિ વગેરેની પૂછપરછ હાથ ધરી પણ સંતોષ મળ્યો નહિ.

ગામ નાનું હતું એટલે ઈન્સ્પેક્ટરે કેટલાંક લોકોની પૂછપરછ હાથ ધરી હતી સરપંચ ઉપસરપંચ અને તમામ વોર્ડના સભ્યોની ઘનિષ્ઠ પૂછપરછ કરી. તેમના પૂછવાના પ્રશ્નોમાં ખાસ તો એ હતું કે તેમના વિસ્તારમાં કોઈ ઈસમ હત્યાના દિવસથી ગૂમ થયો છે? કોઈ ઈસમ પાસે પૈસા ન હોય અને છતાં છૂટથી પૈસા વાપર્યા હોય એવું તેવું કંઈ છે? ગામમાં પૈસાદાર મુખી એકલા જ હતા અને મુખીને પણ ઈન્સ્પેક્ટર નાગપાલે ફરીથી પૂછ્યું કે તમારી પાસેથી કોઈ પૈસા લઈ ગયું હોય અને તમે પૈસા ધીર્યા હોય એ પૈસા તમને મળી ગયા હોય એવો કોઈ દાખલો છે?

ઈન્સ્પેક્ટર નાગપાલની તપાસ સફળતા તરફ ધપી રહી હોય એવું લાગ્યું કેમ કે ગ્રામ પંચાયતના એક સભ્યએ પોલીસને જણાવ્યું હતુ કે તેના વોર્ડમાં અને તેના જ ફળિયામાં રહેતો એક યુવાન હત્યાના બે દિવસ પછી જ્યારે પોલીસ મુખીપુત્રના મોતના સમાચાર લઈને આવી ત્યારે તે દિવસે સવારતી જ તેના સંબંધીને ત્યાં ગયો છે હજુ સુધી પરત આવ્યો નથી.

અને આજ યુવાને મુખી પાસેથી વ્યાજે પચ્ચીસ હજાર રૂપિયા લીધા હતા જે વ્યાજ સાથે ત્રીસ હજાર રૂપિયા પરત કર્યા હોવાનું મુખીએ ઈન્સ્પેક્ટર નાગપાલને જણાવ્યું ત્યારે તેમના મનમાં પોતાની સફળતાથી ફુલાતા ઈન્સ્પેક્ટરે મુખીને એકનો એક પ્રશ્ન ફેરવી તોળવીને પૂછ્યો અને ત્રીસ હજાર જેટલી રકમ એ યુવાન સામટી ચૂકતે કરી ગયો હતો આ રકમ એ ક્યાંથી લાવ્યો હતો એની જાણ મુખીને નહોતી.

ઠીક છે... પણ એ ત્રીસ હજાર રૂપિયા તમારી પાસે છે કે પછી વપરાઈ ગયા છે ?

ના... મારી પાસે જ છે... બેન્કમાં મૂકવા જવાનો હતો પણ પછી મારા પુત્રનું મોત થતાં તિજોરીમાં પડ્યા છે...

મને એ ત્રીસ હજાર રૂપિયા આપો... હું એ તમને પાછા આપી દઈશ... જરૂરી કામ છે એટલે લેવાના છે...

મુખીએ આનાકાની કરી નહિ. તિજોરીમાંથી એ ત્રીસ હજારની થોકડી ઈન્સ્પેક્ટરને આપી દીધી પૈસા લીધા બાદ હું કાલે પાછું આવું છું એમ કહીને ઈન્સ્પેક્ટર નાગપાલ રવાના થઈ ગયા સીધા જ શહેરમાં આવેલ વેપારીની પેઢી પરથી ખાતરી કરી લીધી કે મુખીપુત્રને પેઢીએ જે સવાલાખ રૂપિયા ચૂકવ્યા હતા એમાની જ આ ત્રીસ હજારની થોકડી હતી. બસ હવે કંઈ બાકી નથી. બીજા દિવસે ફરી પાછા ઉપડ્યા મુખીને ઘેર અને ત્રીસ હજાર રૂપિયા તેમને પરત કર્યા અને પછી આ પૈસા મુખીને આપનાર સગા સંબંધીઓના નામ સરનામાં મેળવીને તપાસ હાથ ધરી અને એ યુવાન દિલાવરસિંહને તેની બહેનના ઘેરથી પકડી પાડ્યો.

શરૂઆતમાં તો દિલાવરસિંહે હાથ મૂકવા ન દીધો પણ અંતે ઈન્સ્પેક્ટર નાગપાલનો તાપ સહન ન થતાં તે પોપટની માફક બધું બોલી ગયો. નાગપાલ એને લઈને એસ.પી. ચૌધરીની ઓફિસમાં પહોંચી ગયા.

“લો સાહેબ... આ હત્યારો...” ઈન્સ્પેક્ટર નાગપાલે કહ્યું અને પછી દિલાવરસિંહ તરફ જોઈને ઉમેર્યું બોલ હવે... આખી હકીકત સાહેબને કહી સંભળાવ...”

અને દિલાવરસિંહે પોતાની કેફિયત રજુ કરવા માંડી.

દિલાવરસિંહ જુગાર રમવામાં નાદાર થઈ ગયો હતો અને તેની તમામ મિલકત જુગારમાં ખપી ગઈ હતી એટલે મુખી પાસેથી તેણે એક વરસ પહેલાં વ્યાજે પૈસા લીધા હતા. એની મુદ્દત પુરી થવા આવી હતી અને દિલાવરસિંહ પાસે બીજે કશેથી પૈસા આવવાના નહોતા એટલે એણે ગામ છોડી દેવાનો વિચાર કર્યો હતો... તેની પત્ની તેને છોડીને ચાલી ગઈ હતી.

આ દરમ્યાન શહેરમાં તેને મુખીનો છોકરો મળી ગયો હતો. સામાન્ય વાતચીત દરમ્યાન દિલાવરસિંહે જાણી લીધું કે મુખીપુત્ર સવાલાખ રૂપિયાની રકમ લઈને ઘેર જવાનો છે એ જાણ્યા પછી એની દાઢ સળકી અને કોઈપણ ભોગે આ રકમ પડાવી લેવાનો નિર્ણય કર્યો.

મુખીપુત્ર કુંવારો હતો અને સ્વર્ગનું સુખ માણવા માટે લલચાવ્યો અને કહ્યું કે મારી ઓળખાણમાં એક સરસ છોકરી છે. પાંચસો રૂપિયા લે છે પણ ખુશ કરી દેશે... અહીં શહેરમાં કોઈ જોઈ જાય એના કરતાં આપણેતલાવડી પર જઈએ... એ આજે મને મળવા તલાવડી પર આવવાની છે જુવાન છોકરીનો

ઉપભોગ કરવા મળશે એ લાલચે મુખીપુત્ર તૈયાર થઈ ગયો અને આ કાર્ય પતાવ્યા બાદ બંને સાથે જ ઘેર જશે એવું નક્કી કર્યું. બંને જણા શહેરથી દૂર આવેલ તલાવડી કિનારે પહોંચ્યા... બે કલાક પસાર થઈ ગયા છતાં છોકરી આવી નહિ એટલે દિલાવરસિંહે કહ્યું તું અહીં બેસ... હું એને રીક્ષામાં બેસાડીને સાથે જ લેતો આવું છું... એમ કહીને દિલાવરસિંહ ઉપડ્યો શહેર તરફ સાંજનો સમય થવા આવ્યો હતો. એકાદ કલાક પછી પાછો આવેલા દિલાવરસિંહે જોયું કે મુખીપુત્ર તલાવડી તરફનું મ્હોં કરીને હાથનો ટેકો દઈ આડો પડ્યો હતો. દિલાવરસિંહે દૂર દૂર સુધી નજર કરી, કોઈ હતું નહિ, એણે ચોર પગલે મુખીપુત્ર પાસે પહોંચ્યો અને પછી પોતાના ખિસ્સામાંથી ચપ્પુ કાઢ્યુ અને નાઈલોનની મજબુત દોરી કાઢી... સીધો જ ત્રાટક્યો અને નાઈલોનની દોરી મુખીપુત્રના ગળે નાંખીને ખેંચી... અને બીજા હાથે ચાકુના ઘા ઝીકી દીધા... અને તેની પાસેથી રૂપિયા ભરેલી થેલી ઝૂંટવી લઈ દિલાવરસિંહ નીકળી ગયો. રોડ સુધી ચાલ્યો અને પછી એક ટ્રકમાં બેસીને નીકળી ગયો.

આ સવા લાખ રૂપિયામાંથી દિલાવરસિંહે મુખીને વ્યાજ સહિત ત્રીસ હજાર ચૂકવી દીધા બીજા દિવસે સવારે ગામ છોડીને ચાલ્યો ગયો... આ દિવસો દરમ્યાન તે તેની બહેનને ત્યાં રહ્યો હતો તેની પાસેથી પંચોતેર હજાર રૂપિયા પોલીસે હસ્તગત કરી લીધા હતા.

ભેદી હત્યાનો ભેદ ખોલનાર ઈન્સ્પેક્ટર નાગપાલને એસ.પી. ચૌધરી સાહેબે ધન્યવાદ આપ્યા અને હત્યાના ગુનામાં દિલાવરસિંહને જેલ હવાલે કરી દીધો.

## ૧૮.કાવતરાની મહાખેલાડી પ્રણય બેલડી

શહેરના રેલવે સ્ટેશન સામે આવેલ કોમ્પ્લેક્ષમાં ટ્રાન્સપોર્ટની ઓફિસ લઈને બેઠેલો અનવર છેલ્લા કેટલાક સમયથી ઘૂંઘવાયેલો રહેતો હતો. એની પત્નીને એણે છૂટાછેડા આપી દીધા હતા. ત્રીસેક વર્ષની ઉંમરનો અનવર હતો તો દેખાવડો... ધંધો પણ સારો ચાલતો હતો... પત્નીને છૂછાછેડા પણ એણે પોતાની મરજીથી આપ્યા હતા... તો પછી તેની અસ્વસ્થત્વનું કારણ શું હતું...?

એની અસ્વસ્થતાનું કારણ સામેની એસ.ટી.ડી/પી.સી.ઓ બુથ પર કામ કરવા આવતી એક કામણગારી યુવતી બની હતી... એકાદ મહિનાથી આવતી આ રૂપસુંદરીએ અનવરનું દિમાગ ખરાબ કરી દીધું હતું. ધંધો કરવાની ચિંતા છોડીને અનવરે આ યુવતી પાછળ દિમાગ લગાવ્યું હતું... એ કોણ હતી યુવતી...? આટલી બધી સુંદર અને પૈસાદાર લાગતી યુવતી અહીં એસ.ટી.ડી. પર મામૂલી કરે...? અનવરને આ વાત વિશ્વાસ નહોતો... એ આ વાત માનવા તૈયાર નહોતો... નક્કી કોઈ ભેદ હોવો જોઈએ...

એક તરફ અનવર આ યુવતીના અસ્તિત્વ અને વ્યક્તિત્વ વિશે વિચારતો હતો તો બીજી તરફ આપોઆપ જ અનવર આ યુવતીનો આશિક બની ગયો હતો... મનોમન એની સાથે પ્રણય સંબંધ બાંધી ચૂક્યો હતો... નક્કી કરી લીધું એણે કે આ ટેલિફોન સાથે વાત કરીને જ ઝંપશે અને...

અનવરે પોતાની ઓફિસનો ટેલિફો હેન્ડઅપ કરી લીધો પછી જરૂરી વાત કરવા ફોન કરવાના બહાને પહોંચી ગયો પેલી યુવતી પાસે...

" મારો ફોન હેન્ડઅપ થઈ ગયો છે... બિઝનેસ માટે મુંબઈ - કલકત્તા ફોન કરવો છે..."

" તે કરોને અન્નુ... એસ.ટી.ડી. તમારા માટે જ છે ને ?" કોયલ જેવો ટહુકાર કરતી પેલી યુવતી બોલી

"ત...ત... તમે મારૂ હુલામણું નામ ?" અનવર ગેંગેંફેંફે થઈ ગયો હતો. યુવતીના મુખે પોતાનું હુલામણું "અન્નુ" નામ સાંભળીને...

"કેમ....? તમને અન્નુ નામ નથી ગમતું?" યુવતીએ મારકણી નજર કરીને કહ્યું.

"ના...ના... એવું નથી... મને તો મારૂ હુલામણું નામ જ વધુ ગમે છે... પણ આ હુલામણું નામ મારી નજીકની વ્યક્તિજ મને પ્રેમથી બોલાવે છે..."

"તો શું મારાથી તમને પ્રેમથી એ નામે ન બોલાવાય ? યુવતીએ બીજું તીર માર્યુ અને અનવર ઘાયલ થઈ ગયો... યુવતી ઘણી જ સતેજ લાગી...."

"પ્રેમ થી માત્ર નામ બોલવાથી કંઈ ના વળે... એ તો..."

"પ્રેમ કરવો પડે એમ જ ને ? અનવરનું અધરૂ વાક્ય પુરૂ કરતા યુવતીએ ઉમેર્યુ : મારૂ નામ સેજલ છે... સેજલ ચૌહાણ... એક મહિનાથી આ એસ.ટી.ડી/પી.સી.ઓ વેચાતું લીધું છે... હું અહીંની માલિક છું... આવી ત્યારની તમારી હરકત જોઉં છું... જેવું તમે વિચારતા હતા એવું હું પણ વિચારતી હતી..."

"જી...? મતલબ કે તમે પણ મને!"

"હા પ્રથમ નજરે જ તમે મને ગમી ગયા છો... મનોમન તમને પ્રેમ કરી ચૂકી છું... તમારા તરફથી હું આશા રાખતી હતી... ચાલો... ફોન કરી લો..."

"ફોન તો માત્ર બહાનું હતું... તમારી સાથે વાત"

" જો ખરેખર મને ચાહતા હોય તો બહુવચન વાપરવાની જરૂર નથી... સેજલ કહેશો તો ચાલશે..."

"હા... સેજલ... તારી સાથે વાત કરવા માટે અને તારા વિશે જાણવા માટે મેં મારો ટેલિફોન હેન્ડઅપ કરી દીધો હતો... એ બહાને ફોન કરવા આવીને... "

"મારા વિશે જાણવા માગો છો ?... વીસ વર્ષની હતી ત્યારે મારા લગ્ન થયા હતા અને બે વર્ષ બાદ મારા પતિનું બિમારીથી મોત થયું હતું... ત્યારથી એકલી જ રહું છું... પાંચ વર્ષ થયા આ શહેરમાં રહું છું... આથી વધારે કંઈ જાણવું છે ?... મેં બીજાં લગ્ન નથી કર્યાં એ તમારી જાણ સારૂં... કેમ લગ્ન નથી કર્યા એ ન પૂછશો... કેમ કે એ મારી અંગત બાબત છે...."

"લગ્ન નથી કરવા પણ મારી સાથે દોસ્તી તો બાંધીશ ને?"

" નહિંતર શું દુશ્મની બાંધવા મેં મારૂ જીવન તમને જણાવી દીધું...?"

સેજલની વાત કરવાની સ્ટાઈલ અને નખરાથી અનવર પાણી પાણી થઈ ગયો...

અને ત્યારથી અનવર પોતાનો ધંધો કરવાને બદલે સેજલ સાથે વધુ પડતો સમય વિતાવવા લાગ્યો... લગભગ છ એક મહિના પસાર થઈ ગયા કે અચાનક અનવરની ઓફિસે નયના આવી ચડી. ત્યારે અનવર સેજલ સાથે બેઠો હતો. નયનાને જોઈને અનવરની સાથેસાથે સેજલ પણ ચમકી હતી....

અનવર ઉભો થઈને પોતાની ઓફિસે પહોંચ્યો... અને થોડીવાર પછી થોડીવાર પછી નયના ગુસ્સામાં પગ પછાડતી નીકળી ગઈ... આખો મામલો સમજી ગયેલી સેજલ મનોમન હસતી હતી... ધૂવાપૂંવા થતો અનવર પાછો સેજલની એસ.ટી.ડી-પી.સીઓ. પર આવ્યો ત્યારે તેની કમાન છટકી ગઈ....

એસ.ટી.ડી.પી.સી.ઓમાં સેજલ એક અન્ય યુવાન સાથે ગુફતેગુ કરી રહી હતી... એ યુવાન કંઈક વધારે છૂટ લઈ રહ્યો હતો... અનવરને સેજલ થોડીવાર પછી આવવાનું કહ્યું ત્યારે અનવરના ગુસ્સાનો પાર ના રહ્યો... એ પણ પગ પછાડતો પોતાની ઓફિસમાં જઈને બેઠો... અને પેલો યુવાન ક્યારે બહાર નીકળે એની રાહ જોવા લાગ્યો....

ખાસ્સા એક કલાક બાદ પેલો યુવાન નીકળ્યો તેની સાથે સેજલ પણ હાથમાં હાથ ભરાવીને નીકળી ગઈ.... ટેલિફોન બુથને તાળું મારીને નીકળી ગઈ.... અને અનવર હાથ મસળતો રહી ગયો....

બીજા દિવસે અનવરે સેજલની પૂછપરછ કરી તો તેને ખબર પડી કે જ્યારથી સેજલ વિધવા બની હતી ત્યારથી એ પેલા યુવાનની રખાત બની ચૂકી હતી અને આ યુવાન જોગીન્દરની ઉપપત્ની તરીકે સેજલ સંસારની તમામ સુખ સુવિધા ભોગવતી હતી....

સેજલના પ્રેમમાં પાગલ બનેલા અનવરે પોતાની જૂની પ્રેમિકા નયનાની નારાજગી વહોરી લીધી હતી. નયનાને કારણે અનવરે પોતાની પત્નીને છૂટાછેડા આપી દીધા હતા અને એ નયના પોતાના સેજલ સાથે જોઈ જતાં રીસાઈને ચાલી ગઈ હતી.... જ્યારે આ બાજુ જેને કારણે નયનાએ ઝઘડો કર્યો હતો એ સેજલતો કોઈ બીજાની જ અમાનત હોવાનું જાણ્યું ત્યારે અનવરનું દિમાગ નફરતની આગમાં ફાટફાટ થવા લાગ્યું.... ગુસ્સો ગળી ન શકનાર અનવરે સેજલ ઉપર ગુસ્સો

ઓક્યો....

"હું એ જોગીન્દરનું ખૂન કરી નાખીશ.... એના મનમાં સમજે શું..." અનવરે સેજલને આ સંભળાવી દીધું.... અનવર નફરતની આગમાં જાણે સળગી રહ્યો હતો.... જે સેજલ સાથે રંગરેલિયા મનાવવાની આશામાં તેણે પોતાની તમામ મિલકત દાવમાં લગાવી દીધી હતી એ સેજલને જોગીન્દર ભોગવે એ અનવરથી સહન થતું નહોતું... અને જોગીન્દરને મારી નાખવા માટે પેંતરા રચવા લાગ્યો... પરંતુ જોગીન્દર પેંતરામાં ફસાય તે પહેલાં સેજલે જોગીન્દરને ચેતવી દીધો હતો.

જોગીન્દર ચેતતો રહેવા લાગ્યો... પરંતુ ક્યાંય આ અનવર તેની અજ્ઞાનતામાં પાછળથી કોઈવાર ન કરી બેસે એટલા માટે જોગીન્દર હેમેશા ચેતીને ચાલતો હતો કે એક દિવસ...

આખા શહેરને હચમચાવી મૂકે એવી ઘટના ઘટી ગઈ... શહેર પોલીસને બે લાશો અમૂક અંતરમાં મળી આવી... કમકમાટી ઉપજાવે એવી એ બે લાશ હતી.

એક નહેરના પાણીમાંથી ત્રીસેક વર્ષની ઉંમરના યુવાનની લાશ હતી... પોલીસ ઈન્સ્પેક્ટર નાગપાલને આ લાશની જાણ થતાં જ તેઓ ઘટનાસ્થળે દોડી ગયા હતા. લાશ પર માત્ર કમરે ચડ્ડી વીંટાળેલી હતી. પ્રથમ નજરે એવું લાગતું હતું કે આ અજાણ્યા યુવાને કદાચ નહેરમાં ન્હાવા પડ્યો હશે અને પાણીમાં ડૂબી જવાથી તેનું મોત થયું હશે અને ત્યારબાદ તેની લાશ તણાઈને અહીં આવી પહોંચી હશે....

ઈન્સ્પેક્ટર નાગપાલે લાશ બહાર કઢાવી સ્થળ ઉપર ઈન્કવેસ્ટ રીપોર્ટ ભરીને પી.એમ માટે મોકલી આપી નાગપાલને એવું હતું કે મરનાર યુવાન ડુબી જવાથી મોતને ભેટ્યો હશે અને એટલે પી.એમ રીપોર્ટ આવી જશે ત્યાર સુધીમાં તો તેના વાલીવારસો પણ આવી જશે....

પરંતુ જ્યારે મેડિકલ ઓફિસર પી.એમ રીપોર્ટ મોકલ્યો ત્યારે રીપોર્ટ વાંચીને ઈન્સ્પેક્ટર નાગપાલ ચમકી ઊઠ્યા... મરનાર યુવાનને ઝેર પીવડાવીને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યો હતો. જે પરથી પુરાવાનો નાશ કરવા માટે મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યો હતો. જે પરથી પુરાવાનો નાશ કરવા માટે મોતને ભેટેલા આ યુવાનની લાશને નહેરમાં ફેંકી દેવામાં આવી હતી.

ઈન્સ્પેક્ટર નાગપાલે હત્યાનો ગુનો દાખલ કરીને તપાસનો દોર હાથમાં લીધો... તપાસ કરતાં મરનાર યુવાન શહેરના સ્ટેશન વિસ્તારમાં ટ્રાન્સપોર્ટ ઓફિસ ધરાવતા અનવરની લાશ હતી... ઈન્સ્પેક્ટર નાગપાલે અનવર વિશે માહિતી એકઠી કરવા માંડી....

આ દરમ્યાન એ જ નહેરના આગળના ગેટ પરથી એક અજાણી સ્ત્રીની નિર્વસ્ત્ર હાલતમાં લાશ મળી આવતાં નાગપાલ ચમક્યા..... લગભગ પચ્ચીસેક વર્ષની ઉમરની આ યુવતીની લાશને પણ પી.એમ માટે મોકલી આપી... રીપોર્ટ આવ્યો કે એને પણ ઝેર પીવડાવવામાં આવ્યું હતું અને ત્યારબાદ તેની લાશને પણ નહેરના પાણીમાં ફેંકી દેવામાં આવી હતી.

યુવાનની લાશ મળી ત્યારે એવું અનુમાન લગાવવું સ્વાભાવિક હતું કે કદાચ તે નહેરમાં ન્હાવા પડ્યો હોય અને ડૂબી ગયો હોય પરંતુ યુવાન યુવતીની લાશ મળી એનાથી એ ન્હાવા પડી હોય અને એ ડૂબી ગઈ હોય એવું અનુમાન કરી શકાય એમ નહોતુ. કેમ કે કોઈપણ યુવતી નહેરમાં ન્હાતી હોય ત્યારે કોઈ તેના શરીર પર કપડાં તો પહેરેલા હોય જ પણ આ યુવતીતો તદ્દન નિર્વસ્ત્ર હતી. વળી ઝેર પીવડાવેલ હોવાનું જાણવા મળતાં જ ઈન્સ્પેક્ટર નાગપાલનું પોલીસ દિમાગ કામે લાગી ગયું...

યુવાન યુવતી બંનેના મોત ઝેર પીવાથી થયા હતા અને બંનેની લાશો નહેરના પાણીમાંથી મળ્યા હતા. ફર્ક માત્ર એટલો જ હતો કે યુવાન અર્ધનગ્ન હતો જ્યારે યુવતી તદ્દન નિર્વસ્ત્ર.... બંનેની લાશો થોડા થોડા સમયાંતરે મળી આવી હતી... એટલે બંને વચ્ચે કોઈક સંબંધ હશે... અને બંનેની હત્યા કરનાર પણ એકજ હોવો જોઈએ...

ઈન્સ્પેક્ટર નાગપાલે અનવરની ઓફિસ વિસ્તારમાં તપાસ આદરી તો ખબર પડી કે આ આખા વિસ્તારમાં ટ્રાન્સપોર્ટ ઓફિસની સામે આવેલ એસ.ટી.ડી/ પી.સી.ઓ.ની ઓફિસ અનવરની લાશ મળી તેના બે દિવસ પહેલાંથી બંધ હતી અને સેજલ ચૌહાણ ગૂમ હતી... શું યુવતીની લાશ એ આ સેજલની તો નહીં

હોય...?

ઈન્સ્પેક્ટર નાગપાલના દિમાગમાં પ્રશ્નોની ઝડીઓ ઉત્પન્ન થતી હતી. નહેરના પાણીમાંથી મળી આવેલ યુવતી અને યુવકની લાશે જાણે તેમની ઉંઘ હરામ કરી નાંખી હતી. બંનેની લાશો લગભગ નિ:વસ્ત્ર હતી. બંનેને ઝેર પીવડાવીને મારી નાંખવામાં આવ્યા હતા અને ત્યારબાદ લાશોને નહેરના પાણીમાં વહાવી દેવાઈ હતી.... આ બંને પૈકી યુવકની લાશ ઓળખાઈ હતી.... એ અનવરની લાશ હતી પરંતુ યુવતીનો કોઈ વારસદાર મળ્યો નહોતો એટલે યુવતીની ઓળખ થઈ નહોતી..... જેથી યુવતીની લાશને કોલ્ડરૂમમાં મૂકવામાં આવી હતી.

બંને લાશની હાલત પરથી એવું લાગતું હતું કે, બંને યુવક-યુવતીની હત્યા કરનાર એક જ છે.... પણ એ હત્યારા કોણ? મરનાર યુવતી કોણ? પ્રેમ પ્રકરણમાં બંનેની હત્યા કરવામાં આવી હોવી જોઈએ....કે પછી.....?

ઈન્સ્પેક્ટર નાગપાલનું દિમાગ તેજ ચાલવા લાગ્યું.... અનવરની ટ્રાન્સપોર્ટની ઓફિસની સામે આવેલી એસ.ટી.ડી./પી.સી.ઓ.ની ઓફિસને તાળું વાગેલું હતું..... અને એની માલિકણ સેજલ ચૌહાણ પણ અદ્રશ્ય થઈ ગઈ હતી. શું આ બીજી જે યુવતીની લાશ હતી. તે શું સેજલ ચૌહાણની હશે.....? નાગપાલે સેજલ ચૌહાણના ઘરનું સરનામું મેળવ્યું અને પહોંચી ગયા પણ એ ઘરના બારણે પણ ખંભાતી તાળું લટકતું હતું. સેજલના ઘર રહેઠાણની આજુબાજુ રહેતા કેટલાંક રહીશોને નાગપાલે લાશના ફોટા બતાવ્યા અને પૂછપરછ પણ કરી હતી.

આ લાશના ફોટા છે અને તમારી બાજુમાં રહેતી યુવતી સેજલ ચૌહાણને તમે ઓળખતા હોય તો ધ્યાનથી જરા જોશો?

સાહેબ.... લાશનો ફોટો તો સેજલ ચૌહાણ જેવો જ છે પણ આ લાશ સેજલ ચૌહાણની નથી.....

કેમ કેમ....? તમે એ કેવી રીતે કહી શકો છો કે ફોટામાં દેખાતો યુવતીનો ચહેરો સેજલ ચૌહાણ જેવો છે પણ લાશ એની નથી....?

સાહેબ..... તમે અમને જે કહ્યું એ ઉપરથી.....

કેમ....કેમ.... મેં એવું તે શું કીધું છે કે તમે મારા કહેવા પરથી ફોટામાંની લાશ સેજલ ચૌહાણની નથી એવું કહો છો. એક પોલીસ ઈન્સ્પેક્ટરને પણ વાતોની અંદર ગોથું ખવડાવનાર સેજલના પડોશીના દિમાગને દાદ આપતાં ઈન્સ્પેક્ટર નાગપાલે પૂછ્યું.

સાહેબ.... તમે આ ફોટો બતાવતા પહેલાં જ અમને કહી દીધું હતું અને બે દિવસ પહેલાંના છાપામાં પણ અજાણી યુવતીની લાશનો ફોટો છપાઈ ગયો હતો એ પ્રમાણે તમારી પાસે જે યુવતીની લાશનો ફોટો છે તે લાશ તમને ચાર દીવસ પહેલાં મળી છે. બરાબર....?

હા. હા.... બરાબર.... પણ....?

જો આ લાશ તમને ચાર દિવસ પહેલાં મળી હોય તો એની હત્યા પણ ચાર દિવસ પહેલાં જ થઈ હશે.........................................................................................................

ઈન્સ્પેક્ટરનું પોલીસ દિમાગ કામે લાગી ગયું..... લાશ ભલે બીજી કોઈ છોકરીની હોય પણ..... અનવર અને પેલી અજાણી છોકરીની લાશ મળી તે અરસામાં એસ.ટી.ડી ટેલિફોન બુથની માલિકણ સેજલ ચૌહાણ શા માટે ભૂગર્ભમાં ઉતરી ગઈ હશે ? આ ડબલ મર્ડરમાં ક્યાંક એનો તો હાથ નહિ હોય ને?

નાગપાલે મરનાર અનવર તથા ટેલિફોનવાળી સેજલ વિશે માહિતી મેળવી લીધી.... બનાવના છ એક મહીના પહેલાંથી અનવર સેજલનો પ્રેમ મેળવવા પાગલ જેવો બની ગયો હતો પણ સેજલ તેના પ્રેમી જોગીન્દર સાથે રંગરેલીયા મનાવતી હતી એ અનવરથી સહન ન થયું..... એણે જોગીન્દરનું ખૂન કરવાની નેમ લીધું હતું અને આ વાત તેણે સેજલને પણ કહી હતી..... આ દરમ્યાનમાં ત્રિકોણીયા પ્રેમમાં નયનાનો ઉમેરો થયો હતો.... જો કે નયના અનવરને ખૂબ ચાહતી હતી અને અનવર પણ.... પરંતુ સેજલના સંપર્કમાં આવ્યા બાદ અનવરે નયના પ્રત્યેનું વર્તન બદલી નાંખ્યું હતું.... જે નયના અનવર વચ્ચે શાબ્દિક ટપાટપી પણ થઈ હતી અને નયના એક વખત પગ પછાડતી ત્યાંથી ચાલી ગઈ હતી....

પરંતુ ત્યારબાદ શું થયું એની કોઈને ખબર નહોતી.....

નયના રાણા.... ઈન્સ્પેક્ટર નાગપાલે પોતાની ઈન્વેસ્ટીગેશન નજર નયના રાણા તરફ દોડાવી.... એના રહેઠાણ પર તપાસ આદરી.... બીજું કોઈ હતું નહીં પણ એક વિધવા હતી જે નયના રાણાની મા હતી. એની પૂછપરછ કરી તો ખબર પડી કે નયના તો ચાર-પાંચ દિવસથી ગૂમ હતી.... સામાન્ય રીતે નયના ઘેરથી નોકરી કરવાના બહાને જતી ત્યારે તેની માને કહી જતી કે એ કેટલા દિવસમાં પાછી આવવાની છે પણ છેલ્લે જયારે નયના...................................

"માજી..... તમારી નયનાનો ફોટો બતાવવામાં આવે તો તમે ઓળખી શકો ખરાં? એમ કહેતાં ઈન્સ્પેક્ટર નાગપાલે પોતાની પાસેના લાશના ફોટા કાઢીને નયનાની માને બતાવ્યા."

સાહેબ.... આ ફોટો તો મારી નયનાનો ક્લોઝઅપ ફોટો જ છે.... શું થયું છે એને? આ ફોટો તમે ક્યાંથી લાવ્યા?

ઈન્સ્પેક્ટર નાગપાલે નયનાનો ક્લોઝઅપ ફોટો જ નયનાની માતાને બતાવ્યો હતો જેનાથી નયનાની મા ઓળખી શકે.....

શાંતિ રાખો માજી.... બધું જ કહીશ તમને..... પણ મને એટલું જણાવો કે તમારી દિકરીને મળવા કોઈ આવતું હતું....?

હા.... ઘણી વખત અનવર નામના શેઠ આવતા હતા..... એ નયનાના શેઠ હતા.... પણ એય હમણાંના દેખાયા નથી....

નયના અને અનવર વચ્ચે કોઈ બીજો સંબંધ હતો?

સાહેબ.... એ તો મને ખબર નથી.... એ જ્યારે અહીં આવે ત્યારે નયનાને કામથી લઈ જવાની છે. નયના પણ એમની સાથે નીકળી જતી.... ઓફિસના કામે જતી હોવાથી મેં ક્યારેય એની પૂછપરછ કરી નથી.... પણ છેલ્લે જ્યારે ગઈ ત્યારે એને બોલાવવા માટે અનવર શેઠનો નોકર આવ્યો હતો. ટેક્સી ભાડે કરીને આવ્યો હતો અને નયનાને તેના શેઠે બોલાવી છે એવું કીધું હતું.....

કોઈક નહેર પાસેની વાડીમાં જવાનું હતું.....

નહેરની પાસેની વાડીમાં....?

હા....

એ નોકરનું નામ કહ્યું હતું એણે....? તમે એને ઓળખતા હતા....?

હું એને ઓળખતી નહોતી..... પણ એણે એનું નામ કાસમ હતું એવું એણે જાતે મને કહ્યું હતું....

ટેક્સી ભાડાની હતી ?

હા....

અને કાસમ જાતે ટેક્સી ચલાવી લાવ્યો હતો?

એ તો ખબર નથી સાહેબ.... એણે ટેક્સી દૂર ઉભી રાખી હતી એટલે ડ્રાયવર હતો કે નહિ એની મને ખબર નથી.... હું બજારમાં જતી હતી એ વખતે એ મને મળ્યો હતો.... એણે મને કહ્યું હતું કે એ અનવર શેઠનો નોકર છે. પણ એણે નયનાને શું કહ્યું એ હું જાણતી નથી....

ઠીક છે માજી..... શાંતિ રાખજો.... હું ફરીથી આવું છું.... એમ કહી ઈન્સ્પેક્ટર નીકળવા જતા હતા કે

સાહેબ.... પણ તમે અમને એ તો કહો કે આ ફોટો નયના નોકર.... એ બધું મારી દીકરી વિશે તમે પૂછ્યું પણ આ બધું કેમ પૂછો છો એ તો તમે મને કહ્યું જ નહિ....

જરૂર કહીશ માજી..... અત્યારે જાઉં છું.... નયના રાણાનું મોત થયું છે. એવું જાણીને એની મા ધમાલ મચાવી મૂકશે અને આરોપીઓ છટકી જશે.... એવા વિચારથી ઈન્સ્પેક્ટર ત્યાંથી રવાના થઈ ગયા....

રસ્તામાં વિચારોના ઘોડા દોડાવવા લાગ્યા.... અનવર અને નયના વચ્ચે ઝઘડો પણ થયો હતો.... બંનેની એક સાથે હત્યા થઈ છે.... સેજલ ચૌહાણ અદ્રશ્ય થઈ ગઈ હતી.... દિવસ દરમ્યાન ગૂમ રહેલી સેજલ રાત્રે આવીને સવારે

વહેલી સવારે નીકળી ગઈ.... નયનાને અનવર શેઠે વાડીમાં બોલાવી હતી કઈ વાડી એ ખબર નથી....

ઈન્સ્પેક્ટર નાગપાલે તુક્કો લગાવ્યો.... એમાનો સ્ટેશન સામે ઉભી રહેતી ટેક્સીઓના ડ્રાયવરોની પૂછપરછ કરી તો એક ડ્રાયવર નીકળ્યા જેનું નામ કાસમ હતું.... કાસમની ઝીણવટભરી પૂછપરછ કરી તો તેણે કબુલ્યું કે તે નયનાને ગાડીમાં બેસાડીને કિશનવાડીમાં લઈ ગયો હતો.... કાસમને સાથે લઈ ઈન્સ્પેક્ટર કિશનવાડીએ પહોંચ્યા.... એ એક ફાર્મહાઉસ હતું..... નહેરની નજીક જ હતું ફાર્મહાઉસ.... નયનાને આ વાડીએ પહોંચાડવાનું કાસમને ત્રણ ગણું ભાડુ ચૂકવવામાં આવ્યું હતું.

એ ફાર્મ હાઉસ જોગીન્દરનું હતું.... ફાર્મહાઉસના ચોકીદારની પૂછપરછ કરી તેણે જણાવ્યું કે ચાર-પાંચ દિવસ પહેલાં જોગીન્દર શેઠ તેમની રખાત સેજલ ચૌહાણ આવ્યા હતા તેમની સાથે બીજા બે યુવક-યુવતી હતા.... એ દિવસે પછી શેઠ સાહેબ મને પાંચસો રૂપિયા આપીને ઘેર જવા રજા આપી દીધી હતી....

ઈન્સ્પેક્ટર નાગપાલે અનવર અને નયનાના ફોટા બતાવ્યા.... ચોકીદારે ધ્યાનથી જોયા પછી કહ્યું કે સાહેબ આ બે જણા અમારા શેઠ સાથે અહીં ફાર્મહાઉસ પર આવ્યા હતા.... પણ પછી શું થયું એ હું જાણતો નથી. ખુશ થઈને શેઠે આપેલી રજા બાદ હું ગઈકાલે જ અહીં આવ્યો છું.....

આખા કેસની હિસ્ટ્રી ઈન્સ્પેક્ટર નાગપાલના દિમાગમાં બેસી ગઈ અને સીધા ઉપડ્યા જોગીન્દરના બંગલે.... જોગીન્દરને લઈને તેઓ ફરીથી ફાર્મહાઉસ પર પહોંચ્યા અને ઈન્સ્પેક્ટર નાગપાલે આખી હિસ્ટ્રી ગોઠવી.... અને જોગીન્દરે કબુલી લીધી.

અનવરે જોગીન્દરને મારી નાખવાની ધમકી આપી.... એ ધમકીની જાણ સેજલે જોગીન્દરને કરી.... જોગીન્દરે અનવરની હત્યાનો પ્લાન ઘડ્યો.... સેજલ મારફતે તેને વાડીએ બોલાવ્યો.... સાથે સાથે નયના રાણાને પણ બોલાવી..... સેજલના દેહને ભોગવવા માટે અનવર ફાર્મહાઉસમાં રૂમમાં હતો..... જ્યારે નજીકમાં આવેલા એક હાઉસમાં નયનાને ભોગવવા જોગીન્દર રાહ જોઈને જ બેઠો હતો પરંતુ નયનાએ મચક નહિં આપતાં જોગીન્દરે તેના પર બળાત્કાર કરવાની કોશિષ કરી..... નયનાના કપડાં ફાડી નાંખ્યા..... નિઃવસ્ત્ર થઈ ગયેલી નયના પોતાની જાતને બચાવવા આમ તેમ ભાગવા લાગી અને જ્યારે એણે કહ્યું કે તે માસિક ધર્મમાં છે તો જોગીન્દરે એને નિઃવસ્ત્ર હાલતમાં જ મહાપરાણે ઝેર પીવડાવી દીધું કે જેથી તે જોગીન્દરની હવસખોરીની વાત કોઈને કરે નહીં....આ બાજુ અનવરને સેજલે ઝેર પાઈ દીધું  અને ત્યારબાદ બંનેની લાશને વારાફરતી ઉંચકી જઈને નહેરના પાણીમાં ફેંકી દીધી.....

જોગીન્દર ઝડપાઈ જતાં ઈન્સ્પેક્ટરે સેજલ ચૌહાણના બંગલે પણ વોચ ગોઠવી દીધી અને રાત્રિના સમયે ઘેર આવેલી સેજલને ઝડપી પાડતાં સાત સાત દિવસથી માથાના દુઃખાવા સમાન બની બેઠેલા બે હત્યાકાંડનો ભેદ ઉકેલવામાં સફળતા મળી હતી.

## ૧૯. નરકંકાલ... કથાકાર સ્વામી અને.... હાથકડી

શહેરના એક ભાગમાં આવેલા મોટા ચોગાનમાં મંડપ બાંધવામાં આવ્યો હતો... ચોતરફ રોશની કરવામાં આવી હતી.... મંડપના પહેલા ભાગમાં એક મોટું સ્ટેજ બનાવવામાં આવ્યું હતું... સ્ટેજ પર વ્યાસપીઠ બનાવવામાં આવ્યું હતું.... અને સ્ટેજ પાછળના પડદા પર ચમકતા અક્ષરે લખવામાં આવ્યું હતું.

"મહારાજ સચદેવ સ્વામીની વાણી... ભાગવત જ્ઞાનયજ્ઞ"

હા.... સચદેવ સ્વામીની અમૃતવાણી સાંભળવા માટે હરિભક્તોની ભારે ભીડ રહ્યા કરતી... સમયસર આવીને પોત પોતાની બેઠક લઈ લેતા અને સ્વામીના આગમન પૂર્વે સર્વે શ્રીરામ જયરામ જયજય રામની ધૂન લગાવી ભજન કિર્તન કરતા. જેવું સ્વામીનું આગમન થાય કે તુરત જ સ્વામી સચદેવનો જયજયકાર થતો.... વ્યાસ પીઠ પર બિરાજતા સ્વામી સચદેવ અમૃતવાણી પીરસતા.શ્રધ્ધાળુ લોકો સ્વામીના પગે પડતા....

આજે પણ ભક્તોની ભારે ભીડ હતી.... ધૂન ગવાતી હતી.... લોકો સ્વામીના આગમનની રાહ જોતાં હતા....ભજન કિર્તન પૂરૂ થયું છતાં સચદેવ સ્વામી વ્યાસપીઠ પર પધાર્યા નહિં એટલે ભક્તોની ઈંતેજારી વધવા લાગી.... નજીકના

ગામડેથી ખાનગી વાહનો ભાડે કરીને સ્વામીની અમૃતવાણી સાંભળવા આવનાર લોકો પણ કાગડોળે સ્વામી વ્યાસપીઠ પર પધારે... એમનું આગમન થાય તેની રાહ જોઈ રહ્યા હતા કે અચાનક સભા મંડપમાં વિચિત્ર પ્રકારની હલચલ મચી ગઈ.

કેટલાંક જુવાનિયા સ્ટેજ પર ચડી ગયા કેટલાંક સ્ટેજની પાછળ કુતુહલવશ જોવા ભરાયા.... હરિભક્તો પણ ઉંચાનીચા થવા લાગ્યા... સ્વામીનું આગમન થયું નહોતું અને એમાંય આ વિચિત્ર પ્રકારનો કોલાહલ ?!

સચદેવ સ્વામી હંમેશા વ્યાસપીઠ પર સમયસર પધારતા.... પણ આજે તો ક્યાંય સ્વામીના દર્શન થતાં નહોતા ત્યાં એકાએક ઉડતી વાત આવી અને કોલાહલ વધી ગયો.... કેટલાંક અંદરોઅંદર વાતો કરવા લાગ્યા.

"શું થયું....?" સ્વામી હજુ કેમ ના આવ્યા? હેં?"

"સ્વામીને પોલીસ પકડી ગઈ...."

"હેં... ના હોય?....કેમ...?"

"એ તો ખબર નહિ.... પણ પોલીસે એમના હાથમાં હાથકડી પહેરાવી દીધી હતી અને જીપગાડીમાં બેસાડીને લઈ ગયા છે...."

"ના હોય.... કોક એમના જેવા હશે એમને પકડી ગયા હશે.... તમારી કંઈક ભૂલ થતી લાગે છે...."

"ના....ના.... હવે.... એ જ હતા.... અને એટલે જ સ્વામી હજુ વ્યાસપીઠ પર આવ્યા નથી..."

જાતજાતના તર્કવિતર્કો કરતા લોકો કલાક - દોઢ કલાક સુધી સભા મંડપમાં જ આમ તેમ કરી પરસ્પરની વાતો ધ્યાનથી સાંભળી સાચુ-ખોટું કરતા કરતાં વિખેરાઈ જવા લાગ્યા.... અને માત્ર મંડપ અને વ્યાસપીઠ એકલા અટુલા રહી ગયા....

વાતચીત અને ચર્ચાના અંતે લોકોને એટલું તો મનમાં ઠસી ગયું કે પોલીસ સ્વામી સચદેવની ધરપકડ કરીને લઈ ગઈ છે.... પણ કોઈને એ ખબર નહોતી પડી કે સચદેવ સ્વામીને કયા ગુનામાં પકડી ગઈ છે.

સિંધી માર્કેટમાં વેપાર કરતો સિંધી વેપારી એના જુવાન પુત્રની વહુને પિયરમાંથી તેડી લાવ્યો હતો. શહેરની ગીચ વસ્તીમાં રહેતા આ વેપારી પોતાના પુત્ર અને પુત્રવધુ સારી રીતે રહી શકે એટલા માટે નજીકમાં કોઈ મકાન ભાડે મળે એટલા માટે ફરતો હતો કે એને એક બે રૂમવાળું મકાન પાંચસો રૂપિયાના ભાડેથી મળી ગયું... મકાન માલિકને ૫૦૦ રૂપિયા ભાડુ એડવાન્સ ચૂકવી દીધુ અને મકાનની ચાવી લઈ લીધી.... એ ચાવી એણે એના પુત્રને આપી અને જણાવ્યું કે બે વર્ષથી એ મકાન બંધ રહેલું છે. એટલે તારી વહુને લઈને અત્યારે જાવ અને સાફસૂફ કરી નાખો.... બે વર્ષમાં ખાસો બધો કચરો પડ્યો હશે...!

નવી નવી સાસરીમાં આવેલી પુત્રવધુ તેના પતિ સાથે થોડું એકાંત મળશે તો બે પ્રેમની વાતો થશે એવા આનંદ સાથે બંને પતિ પત્ની ભાડાના મકાને પહોંચ્યાં.... સાથે સાવરણો પણ લીધો હતો. જુના તાળાને ચાવી લગાવી.... પણ કાટ લાગી ગયો હોવાથી થોડી મથામણ બાદ તાળું ખૂલ્યું. આંગળો ખોલીને જેવું બારણું ખોલ્યું કે અંદરથી ભયંકર દુર્ગંધ બહાર ધસી આવી.

જોકે બે વર્ષથી મકાન બંધ હાલતમાં જ હતું એટલે કદાચ ધુમ્મસ અને કચરાના ઢગને કારણે આવી દુર્ગંધ આવતી હશે એમ માનીને પ્રથમ બંને બારણાં ખોલીને દુર્ગંધ ઉડી જવા દીધી.

નવાનકોર કપડાં પહેરેલ પોતાની પત્નીના હાથમાંથી ઝાડુ ઝૂંટવતા જુવાને કહ્યું કે લાવ.... તારા કપડાં બગડશે... હું સાફ કરી દઉં છું....

નવોઢાએ થોડી આનાકાની કરી પણ પછી એણે પતિને સાવરણો આપી દીધો.... જુવાન સિંધીએ પ્રથમ રૂમમાં સફાઈ કરવાનો પ્રારંભ કર્યો.... અહીં રાત્રે પોતાની જુવાન અને સુંદર પત્ની સાથે મીઠી મધુરી મધુરજની મનાવશે એવા વિચારો કરતો યુવાન ઝટપટ સફાઈ કરવા લાગ્યો.... તો એની પત્ની એક ગૃહિણી બનવાની હતી અને પોતાનો ભાવિ ઘરસંસાર જ્યાંથી શરૂ થવાનો છે એવા મકાનનું નિરીક્ષણ કરવા એ ફરતી ફરતી અંદરના બીજા રૂમમાં ગઈ.... બીજા

રૂમનો પણ દરવાજો ખાલી બંધ હતો... એણે થોડું જોર લગાવ્યું અને દરવાજો ખૂલ્યો એની ચકળવકળ આંખો રૂમનું નિરીક્ષણ કરવા લાગી અને.... એક ખૂણામાં નજર પડતાં જ તેના મોંઢામાંથી ભયજનક ચીસ નીકળી ગઈ અને દોડીને તેના પતિને વળગી પડી...

આમ અચાનક ચીસ પાડીને આવેલી પત્નીએ બાથ ભરી એ ક્ષણે જુવાનના શરીરમાંથી ઝણઝણાટી પસાર થઈ ગઈ.... એણે પણ પત્નીને પોતાની બાહુપાશમાં જકડી લીધી....

"શું થયું... કેમ ચીસ પાડી?...."

પતિના બાહુપાશમાં જકડીને આંખો બંધ કરીને ફફડતી નવોઢાએ બીજા રૂમ તરફ ઈશારો કર્યો... તો બીજા રૂમના દરવાજા આગળ એક મોટી ગરોળી લબકારા મારતી હતી.

"ઓ...હો આ તો ગરોળી છે... ગરોળીથી ગભરાઈ ગઈ ?"

"તું અહીં ઉભી રહે.... હું જો તો આવું છું..."

જુવાન બીજા રૂમમાં જોવા ગયો ત્યાં સુધી ફફડી રહેલી નવોઢા ઘરની બહાર જતી રહી હતી.... બીજા રૂમમાં જોવા ગયેલો જુવાન પણ અંદરનું દ્રશ્ય જોઈને કૂદકો મારીને બહાર નીકળી ગયો.... એના પગ પણ થરથર ધ્રૂજતા હતા. એ પત્નીને લઈને સીધો ઘેર ગયો અને પિતાને વાત કરી...

"બાપુ... બાપુ... આપણે જે ભાડાનું મકાન રાખ્યું છે એમાં કોકનું હાડપિંજર પડ્યું છે..."

"હેં....ના હોય...? કોનું છે?"

"એ તો અમને ખબર નથી.... આપણે એ મકાનમાં રહેવું નથી.... જાવ ચાવી પાછી આપી આવો..."

"લો શેઠ.... એ તમારા મકાનની ચાવી.... અમને અમારૂ ભાડું પાછું આપી દો... અમારે એ મકાન ભાડેથી જોઈતું નથી...."

" પણ કેમ....? બે રૂમવાળુ મકાન પાંચસો રૂપિયામાં તમને કોઈ ભાડેથી નહિં આપે.... આતો બે વરસ બંધ પડી રહ્યું હતું અને તમે કહ્યું એટલે તમને આપી દીધું છે કેમ કે એ મકાન તો મારા ભાઈનું છે અને બે વર્ષથી ક્યાંય ચાલ્યો ગયો છે.... એ આવે એની રાહ જોઈને આ મકાન મેં કોઈને આપ્યું નહોતું.... મેં તમારી સાથે શરત પણ કરી હતી કે મારો ભાઈ આવે તો મકાન ખાલી કરવું પડશે.... પણ તમે તો...."

" શેઠ.... મારે તમારૂં એડવાન્સ ભાડું પણ પાછું જોઈતું નથી પણ લો આ ચાવી પકડો...."

" પણ ગયું છે શું.... એ તો કહો ?"

" એ મકાનમાં હાડપિંજર છે.... સિંધી વેપારીએ આખરે કહી જ દીધું એ સાંધળીને મકાન માલિકનું મ્હોં પહોળું થઈ ગયું... એમણે ચાવી લીધી અને સિંધી વેપારીને સાથે લઈને મકાનમાં પહોંચ્યા.... બંને જણાએ માનવ હાડપિંજર જોયું અને પછી પોલીસને જાણ કરી...."

ઈન્સ્પેક્ટર નાગપાલ પોલીસની ટુકડી સાથે ઘટના સ્થળે દોડી આવ્યા.... માનવ હાડપિંજરની ગરદન પર નાઈલોનની દોરી ખવાઈ ગઈ હતી... શરીર પરનાં કપડાં ક્ષીણ થઈ ગયાં હતાં. છતાં પેન્ટ અને શર્ટ પરથી મકાન માલિકે ઓળખી બતાવ્યું કે આ હાડપિંજર એના નાના ભાઈનું છે.... પોલીસે કાયદેસરની કાર્યવાહી આરંભી... હાડપિંજર તો ઓળખાયું પણ મકાન માલિકનાભાઈની હત્યા કરનાર કોણ....?

પોલીસ સમક્ષ આ એક વિકટ પ્રશ્ન હતો. ઈન્સ્પેક્ટર નાગપાલે મકાન માલિકની પૂછપરછ કરતાં જાણવા મળ્યું કે બે વર્ષ પહેલાં આ બે રૂમવાળું મકાન એમના ભાઈએ સચીન મહેતાને ભાડે આપ્યું હતું. બંને ગાઢ મિત્રો હતા. સચીન મહેતા ગામડામાંથી અહીં એના કુંટુંબ સાથે રહેવા આવ્યો હતો અને અહીં જ જ્યોતિષનું કામ કરતો હતો... પણ એના ગામમાં ચાલ્યો ગયો.... અમે ત્યારથી આ મકાન ખોલ્યું નથી.

ઈન્સ્પેક્ટર નાગપાલનું પોલીસ દિમાગ કડીઓ મેળવવા લાગ્યું અને

સીધા ઉપડ્યા સચીન મહેતાના વતનમાં...પણ ત્યાં સચીન મળ્યો નહિં.... એના ભાઈને અને સચીનની પત્નીને પૂછતાં ખબર પડી કે સચીન મહેતા ભાગવત કથા કરે છે... એમનું અત્યારે નામ પણ બદલાઈ ગયું છે.... લોકો એમને સ્વામી સચદેવ કહે છે.....

નાગપાલે અત્યારે સચદેવ સ્વામીની કથા ક્યાં ચાલે છે એની તપાસ કરી અને પહોંચી ગયા વ્યાસપીઠ પર... સચદેવ સ્વામીએ માથે જટા વધારી દીધી હતી... દાઢી પણ ખાસ્સી મોટી વધારી ગાંઠ વાળી દીધી હતી.... સચદેવ સ્વામી જો વ્યાસપીઠ પરથી પકડવામાં આવશે તો પબ્લીક તેનો વિરોધ કરશે એમ વિચારીને ઈન્સ્પેક્ટર નાગપાલે સભા મંડપમાં જવા નીકળેલ સ્વામી સચદેવને રસ્તામાં જ હાથકડી પહેરાવી જીપગાડીમાં બેસાડી દીધા.

પોલીસ સ્ટેશન લાવેલા સચદેવ સ્વામી ઉર્ફે સચીન મહેતાની પૂછપરછ કરતા ઈન્સ્પેક્ટર નાગપાલે ઉલટ ુલટ એવા પ્રશ્નો પૂછ્યા કે આખરે સચદેવ સ્વામી ભાંગી પડ્યા અને ગુનાની કબુલાત કરતાં સત્ય હકીકત બયાન કર્યુ ત્યારે ખુદ પોલીસ ઈન્સ્પેક્ટર પણચમકી ઉઠ્યા.

“સાહેબ.... હું અને ગુણવંત ગાઢ મિત્રો હતા.... એનું મકાન મને ભાડે આપ્યું હતુ.... મારા કુટુંબ સાથે હું ત્યાં જ રહેતો હતો અને જ્યોતિષ કાર્યાલય પણ ચલાવતો હતો... ગુણવંત ધિરધારનો ધંધો કરતો હતો એટલે મેં પણ એની પાસેથી વ્યાજે પૈસા લીધા હતા અને ત્યારથી અમારી મિત્રતા વચ્ચે તિરાડ પડી.... ગુણવંત અવાર નવાર વ્યાજ અને પૈસાની ઉઘરાણી કરતો એ મને પસંદ નહોતું..... એક દિવસ ચિક્કાર દારૂ પીને આવેલા ગુણવંતે મારી સાથે ઝઘડો કર્યો.... મેં ઉશ્કેરાટમાં નાઈલોનની દોરીથી એનું ગળું ટૂંપી દીધું અને ત્યારબાદ મારી બૈરી - છોકરાને ગામડે મૂકી આવ્યો... પરત અહીં આવીને ગુણવંતની લાશ ઉપર રેતી - રખિયા નાંખીને તથા એક સુગંધિત અગરબત્તીનું પાકીટ લાવી લાશ આગળ સળગાવી અને બારણું બંધ કરી તાળું માર્યા પછી ચાવી ગુણવંતના ભાઈને આપીને હું ચાલ્યો ગયો હતો.

જ્યોતિષ કાર્યાલય બંધ થતાં મેં ભાગવત કથા કરવાનું શરૂ કર્યુ અને સચીન મહેતામાંથી સચદેવ સ્વામી બની ગયો....

## ૨૦. હરતી ફરતી જીવતી લાશ....

ચોમાસાની ઋતુની શરસઆત થઈ હતી. અને પ્રથમ વરસાદે જ જાહેર જીવન છિન્નભિન્ન કરી નાખ્યું હતું. વાવાઝાડા સાથે વરસેલા વરસાદે સમગ્ર વિસ્તારમાં તળાવ, નાળા વગેરે છલકાવી દીધાં હતાં. આખી રાત વરસેલા વરસાદે વહેલી સવારે પારો ખાધો ત્યારે કુદરતી હાજતે જવા નીકળેલા ગામના સરપંચે રોડ પરથી પસાર થતા હતા ત્યારે એક ગટરમાં ભરાયેલા પાણી તરફ નજર પડતાં જ એકદમ થોભી ગયા. ગટરના પાણીમાં કંઈક તરતું હોય એવું લાગ્યું... કુતુહલવશ સરપંચે નજીક જઈને ધ્યાનથી જોયું તો તેમના પગ તળેથી ધરતી સરકી જતી હોય એવો અનુભવ થયો.

ગટરનાં ભરાયેલાં પાણીમાં એક તરફથી કિનારી પર એક અજાણી યુવતીની લાશ તરતી હતી. યુવતીની બિનવારસી લાશ તરતી હતી. ગામનો સરપંચ હોવાથી ધ્યાનથી જોયું અને ખાતરી થઈ કે એ લાશ જ છે અને અજાણી યુવતી છે ત્યારે પોતાની ફરજમાં આવતું હોવાથી તેમણે આ બિનવારસી લાશ અંગેની જાણ પોલીસને કરી.

આગળની રાત્રે મૂશળધાર વરસાદ વરસ્યો હતો અને કોઈક ઈલેક્ટ્રીક થાંભલાએથી કરંટ લાગવાથી કે પછી ઊંડી ગટરમાં ડૂબી જવાથી મોતને ભેટેલી આ અજાણી યુવતીની લાશની જગ્યાએ પહોંચી ગયેલી પોલીસ સ્થળ પર લાશનો ઈન્કવેસ્ટ ભર્યો.

લાશ એટલી બધી બેડોળ બની ગઈ હતી કે, આળખી શકાય તેવી રહી નહોતી.... તેના પહેરેલ કપડાં પાણી અને કાદવથી ખરડાઈ ગયા હોવાથી કાપડનો રંગ પણ જણાતો નહોતો. ઓળખી ન શકાય એવી હાલતમાં લાશ હતી.... પ્રથમ નજરે આ અજાણી યુવતી ત્રીસેક વર્ષની ઊંમરની લાગતી હતી.

પોલીસ પેનલ ડૉક્ટર દ્વારા પોસ્ટમોર્ટમ કરાવ્યું તો એનો રિપોર્ટ આવ્યો કે મરનાર યુવતીનું મોત ચારેક દિવસ પહેલાં થયું હતું અને તીક્ષ્ણ હથિયારના ઘા વાગવાથી મોત થયું હતું પોલીસે અનુમાન લગાવ્યું કે, મરનાર આ અજાણી યુવતીને પ્રેમપ્રકરણ કે આડાસંબંધને કારણે તેની હત્યા કરી પુરાવાનો નાશ કરવા અહીં ફેંકી દીધી હોવાનું અનુમાન લગાવ્યું.

બિનવારસી લાશ મળી તે જ વખતે પોલીસે યુવતીના વર્ણન સાથે અખબારોમાં સમાચાર પ્રગટ કરાવ્યા હતા અને તમામ પોલીસ મથકોએ આવા વર્ણનવાળી કોઈ યુવતી ગુમ થઈ છે કે નહિં તેની જાણ કરવામાં આવી હતી પરંતુ કોઈ વાલીવારસ દેખાયો નથી. આ દરમિયાન પી.એમ. રીપોર્ટમાં આ હત્યાનો બનાવ હોવાનું જણાતાં પોલીસ આ બાબતે અજાણી યુવતીની હત્યા કરનારાઓ વિરૂધ્ધ ગુનો દાખલ કરવાની તૈયારી કરી રહ્યા હતા એ જ વખતે પોલીસ માટે શુભ સમાચાર મળ્યા. અજાણ્યા હત્યારા અને અજાણી યુવતીની બિનવારસી લાશના વારસદાર મળી આવે એ પોલીસ માટે શુભ જ કહેવાય ને?

જે ગામની સીમમાંથી રોડની ગટરમાંથી લાશ મળી આવેલી તે જ ગામનો એક પચ્ચીસેક વર્ષની ઉંમરનો યુવાન તપાસ અધિકારી સમક્ષ હાજર થયો અને પોલીસને જણાવ્યું કે, સાહેબ અમારા ગામ નજીકથી મળી આવેલી લાશ મને બતાવશો? કેમ કે એના વર્ણન પ્રમાણે મારી ભાભી હોય એવું લાગે છે....

લાશનો વાલીવારસ મળી ગયો અને એનો હત્યારો પણ મળી જશે એટલે બનાવનો ભેદ ઉકેલવામાં સરળતા રહેશે. તપાસ અધિકારીએ પી.એમ. કરેલી લાશ બતાવી અને લાશ પરથી કબજે લીધેલ કપડાં પણ બતાવ્યાં કે તરત જ પેલો યુવાન ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યો....

"સાહેબ આ તો મારી ભાભી છે... મારી વિધવા ભાભી છે... શારદાભાભી પાંચ દિવસથી હું એમને શોધું છું... આજે જ હું ઘેર આવ્યો ત્યારે આ લાશ અંગે જાણ્યું એટલે સીધો અહીં જ આવ્યો છું સાહેબ..."

પ્રથમ તો તપાસ કરનાર અધિકારીએ પોસ્ટમોર્ટમ રૂમમાંથી શારદાના દિયરે લાશ ઓળખી બતાવતાં લાશની અંતિમક્રિયા માટે તેનો કબજો શારદાના દિયરને સોંપી દીધો. અને શારદાની લાશ ગામમાં લાવવામાં આવી.... તેની અંતિમક્રિયા પતાવવામાં આવી. દરમિયાનમાં પોલીસ અધિકારી ગામમાં પહોચ્યા અને અંતિમવિધિ પતાવી ઘેર આવેલા શારદાના દિયરની પૂછપરછ શરૂ કરી. એટલે શારદાના દિયરે આખી હકીકત જણાવી.

"સાહેબ.... મારો મોટો ભાઈ ટી.બી.ના દર્દથી મોતને ભેટ્યો હતો ત્યારથી આ મારી ભાભી શારદા વિધવા બની છે. આ મારી વિધવા ભાભી અલગ અને એકલી રહેતી હતી તેને એક-બે વર્ષથી એસ.ટી. બસના કંડક્ટર સાથે આડો સંબંધ હતો કંડક્ટરના કુટુંબીઓ, એના ભાઈ અને ભત્રીજાઓને આ સંબંધ પસંદ નહોતો.... આ બાબતે તેમણે શારદા અને કંડક્ટરને પણ ઠપકો આપી મારઝૂડ કરી હતી. કંડક્ટરે એસ.ટી. ખાતામાંથી રાજીનામું આપી દીધુ. ત્યારબાદ મારી ભાભી શારદાને લઈને નાસી ગયો હતો. એના ઘરવાળાએ શોધવા ઘણા પ્રયત્નો કર્યા હતા. ક્યારેક એ લોકો અમને પણ મારી નાંખવાની ધમકી આપતા હતા... એટલે અમે પણ શારદાભાભીની શોધખોળ કરી હતી"

આ દરમિયાન બે માસ બાદ શારદા અને તેનો પ્રેમી કન્ડક્ટર પાછા ગામમાં આવતાં રહ્યા હતા પરંતુ તેમના અનૈતિક સંબંધો ચાલુ હોવાથી કન્ડક્ટરના બે ભત્રીજાઓ જનક અને કિશન બંને જણા શારદાને ખતમ કરવાનો પ્લાન ઘડી રહ્યા હતા. એમને એવું હતું કે, શારદાને ખતમ કરી દેવાથી કંડક્ટર સીધો થઈ જશે એમ માનીને આ મારી ભાભી શારદાને આ બંને જણા રાત્રે નવેક વાગ્યાના સુમારે એક રીક્ષામાં ઉઠાવી ગયા હતા.

જે દિવસે મારી ભાભીને આ લોકો રીક્ષામાં ઉઠાવી ગયા એ રાત્રે ભારે વરસાદ થયો હતો એટલે બીજા દિવસે એમને ખબર પડેલી કે મારી ભાભી તેમના ઘેર નથી. એક બે દિવસ અમોએ રાહ જોઈ પરંતુ છતાંય શારદાભાભીનો કોઈ પત્તો લાગ્યો નહિ. કે પરત આવેલ નહિ. જે મેં તેમના પિયરમાં, મોસાળમાં તથા અન્ય સગા સંબંધીઓને ત્યાં તપાસ કરી હતી પણ ક્યાંય પત્તો લાગેલ નહિં.

મારી ભાભીને ગૂમ થયાને ચાર - પાંચ દિવસ પસાર થઈ ગયા હોવા છતાં તેઓ પરત નહિ આવતાં શારદાની સાથે આડો સંબંધ ધરાવતા કંડક્ટરના ભત્રીજાઓએ કદાચ તેમણે આપેલી ધમકીને અનુસરીને એમણે કદાચ મારી ભાભીને મારી નાંખી હશે એવી અમને શંકા ગઈ હતી.

આ દરમિયાન છાપાઓમાં બિનવારસી લાશ અને તેનું વર્ણન વાંચીને મને લાગેલું કે આ તો મારી ભાભી છે એટલે અહીં પોલીસ સ્ટેશને આવેલ અને ખરેખર મારી ભાભીની લાશ હોવાની ખાતરી કરી. એટલે મારી ભાભીને કંડક્ટર સાથે આડોસંબંધ હોવાથી અને બંને જણાં મહિના સુધી ભાગી ગયેલા હોવાથી

શારદાભાભીની આ કંડક્ટરના ભત્રીજાઓએ હત્યા કરીને તેની લાશ ગટરમાં ફેંકી દીધી છે. અને પછી વરસતા વરસાદના પાણીથી લાશ કોહવાઈ ગઈ છે.”

તપાસ કરનાર અધિકારીએ શારદાના દિયરની ફરિયાદ લઈને કંડક્ટરના બે ભત્રીજાઓ જનક અને કિશન વિરૂધ્ધ ગુનો દાખલ કરીને તેમને પકડવા માટે તજવીજ શરૂ કરી હતી.

ત્રીસેક વર્ષની ઉંમરની અજાણી યુવતીની લાશને બિનવારસી હાલતમાં ગટરમાં ફેંકી દીધી હોવાના આ ભેદી બનાવનો ભેદ ઉકેલવા માટે ઉચ્ચ અધિકારીઓ પણ આ ગામમાં ધ્યાન કેન્દ્રીત કર્યુ હતું. ભેદી હત્યાના આવા બનાવોની તપાસ મોટાભાગે એસ.પી. ચૌધરી સાહેબ જાતે સંભાળી લેતા હોવાથી તેમણે તપાસ અધિકારીને પોતાની ચેમ્બરમાં કેસના કાગળો લઈને બોલવ્યા હતા. અને ચેમ્બરમાં બેઠા બેઠા આખા કેસની વિગતે ચર્ચા કરી હતી.

લાશ મળ્યાની નોંધથી છેક લાશ સોંપીને હત્યાનો ગુનો દાખલ કરવા સુધીની તમામ તપાસના કાગળો, નિવેદનોનો ઝીણવટપૂર્વક અભ્યાસ કરવામાં આવ્યો હતો. અને આ અભ્યાસ દરમિયાન એસ.પી. ચૌધરીને શંકા ગઈ કે હત્યા કેસમાં કંઈક રંધાઈ રહ્યું છે એટલે તેમણે બનાવના સ્થળે તથા ગામે જવાની ઈચ્છા દર્શાવી. એસ.પી. ચૌધરીની માન્યતા હતી કે સો ગુનેગારો ભલે નાસતા ફરે પણ કોઈ નિર્દોષ દંડાવો ન જોઈએ.

જે સ્થળે લાશ મળી હતી તે સ્થળની અને ગામની મુલાકાત લીધી એટલું જ નહિ પણ મરનાર શારદાના કુટુંબીઓ, ખુદ ફરિયાદી, આરોપીઓ અને આરોપીઓના કુટુંબીઓ, ગામના અડોસ પડોસના લોકોના નિવેદનો ફરીથી લીધા અને આ તમામ નિવેદનો પરસ્પર વિરોધાભાસી લાગ્યા. સ્થળ,વર્ણન,સમય વગેરેમાં ભારે તફાવત લાગતાં એસ.પી.ચૌધરી સાહેબે આરોપીઓને પકડવા માટેની કાર્યવાહી થંભાવી દીધી અને નવેસરથી આખા બનાવને સ્ટેપ બાય સ્ટેપ ગોઠવવા લાગ્યા.

આ દરમ્યાન એસ.પી.શ્રી ચૌધરી સાહેબને ગામમાંથી જ એક કિશોરી પાસેથી ગુપ્ત બાતમી મળી જે જે સાંભળીને ખુદ ચૌધરીસાહેબ પણ અચરજ પામ્યા... પહેલાં તો તેમને આવાત એકદમ વાહિયાત લાગી અને આરોપીઓને બચાવવા માટે કદાચ આવું નિવેદન કે બાતમી આપવા માટે આ કિશોરીને તૈયાર કરવામાં આવી હોય અને તપાસને અવળા પાટે ચડાવી દેવાનો કદાચ આરોપીઓનો પ્રયાસ હોવાનો વહેમ પડ્યો.

એ કિશોરીએ એસ.પી. શ્રી ચૌધરી સાહેબને જણાવ્યું હતું કે, “સાહેબ, તમે જે શારદાકાકીની હત્યા થઈ છે અને શારદાકાકી મરી ગયાં છે એવું કહો છો એ શારદાકાકી તો જીવે છે.”

હવે કોઈ સંબંધી પોતાના સ્વજનની હત્યા થઈ ગઈ છે અને તેની બિનવારસી હાલતમાં મળેલી લાશ ઓળખી બતાવે છે અને ત્યાં સુધી કે એ લાશ પોતાના સ્વજનની છે એવી ખાતરી કરી લીધા પછી તેના અંતિમ સંસ્કાર પણ કરે છે એનો શોક પાળે છે એવા સમયે કોઈ એવું કહે છે કે, જેનું મોત થયું છે જેની લાશને અગ્નિદાહ દઈ દેવામાં આવ્યો છે એ મરનાર વ્યક્તિ જીવે છે એવું કહે ત્યારે સાંભળનારને પોતાના કાન પર વિશ્વાસ ન બેસે.

પણ આ તો પોલીસ ખાતું અને ભેદી હત્યાનો બનાવ હતો એટલે ખાતરી કરવી જ પડે. શ્રી ચૌધરીએ પેલી કિશોરીને પૂછ્યું કે, જો આ મરનાર શારદાને તું એમ કહે છે કે એ જીવે છે તો એનો તારી પાસે પુરાવો શું છે કે તે જીવે છે? તેં એને જીવતી ક્યાં જોઈ છે?

પણ બાતમી આપનાર કિશોરીએ ખાતરીપૂર્વક જણાવી દીધું કે, શારદા તેના મોસાળમાં ગઈ છે અને અત્યારે પણ ત્યાં જ છે...

આટલી હકીકત મળતાંની સાથે જ એસ.પી. શ્રી ચૌધરી સાહેબે એ કિશોરીને સાથે લઈને શારદાના મોસાળમાં પહોંચી ગયા અને તપાસ કરતાં શારદા એના ભાઈના ઘરમાંથી મળી આવતાં એ શારદા જ છે એવું એના ભાઈએ ઓળખી બતાવી એટલે શ્રી ચૌધરીએ શારદાને પોતાની ગાડીમાં બેસાડી તેની સાસરીમાં લઈ આવ્યા અને શારદાના દિયરને બોલાવ્યો અને તેની સામે શારદાને ઊભી કરી દઈ પૂછ્યું.

“ બોલો હવે.... આ કોણ છે ?”

“ આ તો મારી ભાભી શારદા છે ? ઓહ ભાભી.... તમે જીવો છો

?”

“ તે હું તો જીવું જ છું ને.... તમારે મને મારી નાંખવી હતી પણ એ તો સારૂ થયું કે હું મારા મોસાળમાં જતી રહી.”

એસ.પી. શ્રી ચૌધરીએ શારદાનો જવાબ લીધો અને એ નિવેદન પરથી ખબર પડી કે શારદા અને કંડક્ટર સાથેના આડા સંબંધ અંગે શારદાનો દિયર ઝેરે બળતો હતો અને શારદા જીવતી હોવાનું જાણવા છતાં બેડોળ બની ગયેલી અને બિનવારસી લાશ પોતાની ભાભીની હોવાનું જણાવી ખોટી ફરિયાદ કરી પોલીસને ગેરમાર્ગે દોરી હતી.

## ૨૧. અજ્ઞાતવાસનો અંધારપટ

નવરાત્રિ....આસો મહિનામાં આવતી ગરબાની રમઝટ બોલાવતી રાત્રિઓ દુર્ગા ભક્તિમાં તલ્લીન બનવાની રાત્રિઓ.... ગામડાઓમાં ધુળિયા મેદાનમાં શેરીના નાકે એક સાથે તાળિયો પડતી હોય.... ગામની વહુવારૂઓ હાથેકનો ઘુંઘટો તાણીને ઢોલના તાલે ઠુમકો આપી ગરબા ગાતી હોય ત્યારે કેવું સુંદર વાતાવરણ લાગે....! કલ્પના પણ ના કરી શકાય.... વચ્ચોવચ્ચ ગરબાની મટકી મૂકી હોય.... એમાં દિવડાના અજવાળામાં ઘુંઘટો તાણીને ગરબે ઘૂમતી વહુવારૂઓ અને એમાંની જ કોઈક-કોઈકની યુવાન નણંદો પણ ગરબે ઘૂમવાની લાલચ જાગે....

પરંતુ... આવા રસિક મનોરમ વાતાવરણવાળી નવરાત્રિઓ ક્યાં હવે જોવા મળે છે! અત્યારે તો ફિલ્મી ગીતોની સાથે બધું જ ડિસ્કો થઈ ગયું છે... ડિસ્કો ગરબા...ડિસ્કો દાંડિયા...ડિસ્કો ડેકોરેશન...ડિસ્કો ચણિયા ચોળી...ડિસ્કો ડ્રેસ... આજકાલ ગરબા ગાવાની, ફરવાની ફેશન થઈ ગઈ છે. નવેનવ રાત્રિઓ જાણે યૌવનને નાચવા-કૂદવા માટે જ બનાવ્યા હોય એમ યુવક યુવતીઓ આનંદી ઉઠે છે... ગામડાઓમાં તો ઠીક પણ શહેરોમાં ઝળાહળા કરતી લાઈટોમાં ઠેકઠેકાણે નવરાત્રિ મહોત્સવ ઉજવાય...ત્રણ તાલી...એક તાલી...દોઢીયું...રાસ...મોડે સુધી ક્યારેક તો પરોઢ સુધી યુવક - યુવતીઓ ગરબો રમતાં... યુવતીઓ આખા શરીરે શણગાર સજીને... આકર્ષક ચણિયા-ચોળી પહેરીને સુંદર દેખાવાના પ્રયત્નો કરીને ગરબે ઘૂમવા જાય. જ્યારે આવી વિધિન્ન આકર્ષક યુવતીઓને જોવા... એમની સાથે ગરબા રમવા મર્યાદાઓની ચિંતા કર્યા વગર ઘૂટથી ગરબે રમવા આવતી યુવતીઓને પટાવવા માટે યુવાનો પણ આ નવરાત્રિઓમાં ઉજાગરા કરતા હોય... કોઈ એમને રોકનાર કે ટોકનાર નથી... કોઈ રોકે કે ટોકે તો પણ આ યુવક - યુવતીઓ એમનું માને એમ નથી... પોતાનું ધાર્યું કરે એવા આ યૌવનને નાથવાનો હવે સમય પાકી ગયો છે...

નવરાત્રિઓમાં દેવીમાની ભક્તિ ગરબા ગાવાને બદલે યુવક-યુવતીઓ પરસ્પર આકર્ષાય... અને આ દિવસોમાં પરિચય વધે... પ્રેમસંબંધ બંધાય અને પછી... ન થવાનું થાય... પ્રેમસંબંધ પછી દેહ સંબંધ બાંધીને આ યુવાનો સમાજની-સંસારની તમામ મર્યાદાઓ, લજ્જા તોડી નાંખે પણ પછી.... આવી ભૂલની પાછળથી યુવાનને નહિ પણ ભૂલમાં ભાગીદાર બનેલી યુવતીઓને ભોગવવું પડતું હોય છે.... પુરૂષ જાત પોતાની હવસ સંતોષી લીધા પછી મુક્ત બને છે પણ સ્ત્રી જાત એ ક્ષણિક સુખ ભોગવ્યા બાદ એની સજા પણ ભોગવવા માટે લાચાર બની જતી હોય છે અને પછી તો....

પ્રેમી સાથે પ્રેમિકા ભાગી ગઈ... ક્યારેક આવી યુવતીઓને તેના પ્રેમી દ્વારા અન્ય હવસ ભૂખ્યા મિત્રોને હવાલે કરી દેવામાં આવે.... નવરાત્રિ દરમિયાન પાંગરેલા પ્રેમમાં નિષ્ફળ જતા યુવક અથવા યુવતી જીંદગીનો અંત પણ આણી દેતાં હોય છે એટલું જ નહિ કેટલાંક યુવાનો તામસી મગજના હોય અને પ્રેમની નિષ્ફળતા સહન કરી ન શકતા આવા યુવાનો પોતાના પ્રેમમાં આડે આવનાર યુવાનની કે પછી પ્રેમમાં દગો કરનાર યુવતીની હત્યા કરતાં પણ અચકાતા નથી અને પછી તો એ યુવાન ગુનાખોરીની દુનિયામાં પ્રવેશી જાય... ડિસ્કો નવરાત્રિના પ્રતાપે...

નવરાત્રિ દરમિયાન આકર્ષક યુવતીઓ પર તો ક્યારેક હવસખોરો દ્વારા પોતાના યૌવન પર અંકુશ ગુમાવી દેતાં બળાત્કાર.... સામહિક બળાત્કાર પણ ગુજારતા.... અને ક્યારેક હવસખોર યુવાનો દ્વારા આ યુવતીની હત્યા પણ કરી નાંખવામાં આવતી હોય.... ક્યારેક પ્રેમ સંબંધ અને દેહ સંબંધ બાંધ્યા પછી એ ક્ષણની નિશાનીરૂપ ગર્ભ ધારણ કરી કુંવારી યુવતીને કાં તો પછી ઝેર ઘોળવું પડતું હોય કે પછી આ પાપને છુપાવવા માટે અધુરા માસે જન્મેલા નવજાત શિશુને

રાત્રિનો અંધારપટ ઓઢીને ક્યાંક દૂર ઝાંડી-ઝાંખરામાં, તળાવ કે નદીમાં નિર્દય બની ફેંકી આવતી હોય છે અને ત્યારે તે યુવતી માતૃત્વની હત્યા કરી નાંખતી હોય છે... આ પાપથી છૂટકારો મેળવ્યા પછી પણ જ્યાં સુધી જીવતી રહે છે ત્યાં સુધી પોતે કરેલા પાપનું વિસ્મરણ કરી શકતી નથી... જીંદગી આખી અજંપામાં ગુજારતી હોય છે.

અને આવું દુષ્પરિણામ ન આવે એટલા માટે, આવા પાપ કરવા ન પડે એટલા માટે પણ હવે આવી એકલતાની રાત્રિઓમાં લાગણીઓના વમળમાં તણાવાને બદલે ગરબે ઘૂમવા જતાં પણ પોતાની જાતને બચાવવાનો હવે સમય આવી ગયો છે... પોતાના ખાનદાનની આબરૂ સાચવવા, જાળવવાનું યુવક-યુવતીઓના હાથમાં છે.... એ જા સ્વેચ્છાએ ખાનદાનની આબરૂ જાળવવા તૈયારી બતાવે તો ઘણું બધું જે ન બનવાનું બને છે એ ન બને.... સમાજમાં આડાસંબંધો, આત્મહત્યા,વેરઝેર,હત્યા નેવા ગુનાઓનું પ્રમાણ ઓછું થઈ જશે.... પાછળથી પસ્તાવાનો વારો ન આવે એ જો જો જરા...

નવરાત્રિ દરમિયાન પર પુરૂષના સંપર્કમાં આવીને પરિચય કેળવતાં માર્ગ ભૂલેલી એક કોડભરી કન્યાએ જ્યારે સમાજમાં નીચા જોણું કરાવ્યું ત્યારે તેની જનેતા એ જ સગી પુત્રીની હત્યા કરી નાંખવાનો એક કિસ્સો વર્ષો પહેલાં બન્યો હતો.

પતિનું છત્ર ગુમાવનાર મધુ પતિના નિશાનીરૂપ બે દીકરીઓને ઉછેરી રહી હતી... શહેરમાં રહેતી મધુને એના પતિના આકસ્મિક મોતને કારણે રહેમરાહે મિલમાં નોકરી પણ મળી ગઈ હતી... ભરજુવાનીમાં વિધવા બનેલી મધુએ બંને દીકરીઓને ઉછેરવાની જવાબદારી સ્વીકારી લઈ બીજું લગ્ન કરવાનું માંડી વાળ્યું હતું બીજી તરફ જો મધુ બીજું લગ્ન કરે તો તેની નોકરી તો જતી રહે પણ પછી પતિ એની બંને દીકરીઓને સારીરીતે રાખી પણ ન શકે તો.... પોતાની દીકરીઓ સમાજમાં ઠોકરે ચડે એવા વિચારથી પણ તેને બીજા લગ્ન કર્યા નહોતા... દીકરીઓને ભણવા નિશાળે મોકલ્યા બાદ પોતે નોકરીએ જતી રહેતી અને રાત્રે ત્રણેય મા-દિકરીઓ શાંતિથી નિંદર માણતા બીજા અવિસની સવારની રાહ જોતાં... મોટી દીકરી રંજન અને નાની દીકરી નીતા બંને ધીરે ધીરે મોટી થતી ગઈ....

દશમાં ધોરણની પરીક્ષા આપ્યા બાદ રંજને ભણવાનું છોડી દીધું. સોળ વર્ષની રંજનને હવે આગળ ભણાવવી નથી એવો નિર્ણય મધુએ કર્યો હતો. જુવાન છોકરી...એકલી અટૂલી... ક્યાંક તેનો પગ લપસ્યો તો ઝેર ઘોળવાનો વારો આવશે.... ઘરકામ કરે અને શીખે એ આશયથી મધુએ રંજનને ધીરેધીરે ઘરકામમાં લપેટી.... દેખાવે સુંદર.... શરીરે પણ રંજન સોળને બદલે બે વર્ષ મોટી લાગતી.... તેના હવે હાથ પીળા કરી દેવા પડશે. એવી ચિંતા મધુને થયા કરતી.... સમાજમાં રોજ સારો મુરતિયો જોવા એક-બે અગ્રણીઓને કાને વાત નાંખી હતી.... પણ મધુને ખબર ન હોતી કે તે પોતાના હાથે દિકરીને વળાવી નહિ શકે.

નવરાત્રિના દિવસો પસાર થતા હતા. ગરબા રમવા અને જોવા જતી રંજન મોડી રાત્રે પાછી આવતી....પણ ત્યારે મધુને પોતાની દીકરી કોઈ ભૂલ કરતી હશે એવો વિચાર પણ કરી શકતી ન હોતી વળી.... તેને પોતાની પરવરિશમાં ભારે વિશ્વાસ હતો... છતાં તેણે એક-બે વખત રંજનને આમ નવરાત્રિમાં ગરબા જોવા ગાવા જવા ટોકી હતી અને જાય તો વહેલી ઘેર આવી જવા ફરમાન કરતી....

રંજન જુવાન થઈ ગઈ હતી.... એના શરીરનો રંગ બદલાવા લાગ્યો હતો.જુવાની એને પણ ચટકા ભરતી હતી અને એને પણ સખીઓ સાથે રમવા જવાનો થનગનાટ થાય... અને જ્યારે મધુ એને ગરબે રમવા જવાની ના પાડતી ત્યારે રંજન રડતી...રિસાતી... અને મારા બાપૂ હોત તો મને ગરબે રમવા જવા દેત... એવી વાત કરતી અને પિતાને યાદ કરીને રડતી... એટલે નાછૂટકે તેને ગરબે રમવા જવા દેવી પડતી...

નવરાત્રિ પૂરી થઈ ગઈ.... દીવાળી ગઈ.... શિયાળો આવ્યો.... અને ઉત્તરાયણનો તહેવાર આવ્યો.... ત્યારથી રંજન કંઈક બદલાયેલી લાગી... તેના શરીરના અવયવોમાં પણ ફેરફાર થવા લાગ્યો... શરૂઆતમાં તો મધુ આ ફેરફારને સામાન્ય ગણીને ભૂલી ગઈ પણ....

એક દિવસ મધુ નોકરી ગઈ હતી. ઘેર બંને બહેનો એકલી હતી ત્યારે રંજનને ઉલટીઓ થવા લાગી ગભરાઈ ગયેલી નીતા તેની માને બોલાવી લાવી પણ ત્યાં સુધી તો રંજનની ઉલટીઓ થઈ ગઈ હતી. દવાખાને જવાનું કહ્યું ત્યારે રંજને ના પાડી.... પણ એણે દિલ ખોલીને વાત ના કરી... પણ જ્યારે નીતા કંઈક ખરીદવા માટે ગઈ ત્યારે પોતાના ઘર આગળ રીક્ષા ઉભેલી જોઈ અને ઘેર આવીને જોયું તો....

રંજન આ રીક્ષાચાલકની બાહુપાશમાં હતી અને કહેતી કે " હું તારા બાળકની મા બનવાની છું.... મને અહીંથી લઈ જા... તારા સિવાય હું કોઈને આ દેહ સોંપવાની નથી...."

છાનીછપની સાંભળતી ચારેક વર્ષની ઉંમરની નીતા થોડું ઘણું સાંસારિક જીવન પણ સમજતી હતી એ ત્યાંથી પરત બજાર બાજું ચાલી ગઈ.... રાત્રે ઘેર આવેલી મધુને પણ નીતાએ વાત ના કરી.... પણ અચાનક મધુની નજર રંજનના પેટ પર પડી અને તેને ફાળ પડી... માની નજર શંકાશીલ બનેલી જોઈ રંજને તેનું પેટ ઢાંકી દીધું પણ....

" રંજન... તને પેટમાં કંઈક દર્દ થયું છે....? તને ઉલટીઓ પણ થઈ હતી.... કંઈ સોજો-બોજો તો નથી નેં...?" મધુએ સાલશતાથી પૂછ્યું હતુ પણ એનો જવાબ આપવાને બદલે રંજન બાથરૂમમાં ઘૂસી ગઈ અને .....

વાંચવા બેઠેલી નીતાએ મમ્મીનો પ્રશ્ન સાંભળ્યો હતો એણે તેની મમ્મીને ઘરના વાડામાં બોલાવી અને.... રીક્ષા ચાલક સાથે કરેલી વાત કહી ત્યારે મધુના ગુસ્સાનો પાર ના રહ્યો... આટલી મોડી વાત કરનાર નીતાને તેણે થપ્પડ મારી દીધી....

બાથરૂમમાંથી બહાર આવેલી રંજનનો ચોટલો પકડીને મધુએ ઘરના અંદરના ખંડમાં ખેંચી.... ચીસો પાડતી રંજન મધુની પાછળ ઢસડાઈ.... પાછળના ખંડમાં લઈ ગયા પછી મધુએ આગળ પાછળના બંને બારણા બંધ કરી દઈ સાંક ચડાવી દીધી અને હાથમાં લાકડીનો દંડો લઈને પૂછપરછ ચાલુ કરી.

" બોલ રંડી.... પેલો રીક્ષાવાળો કોણ હતો ? તને ઉલટીઓ શાની થઈ હતી.... કેટલા દિવસ તું આ પાપ છૂપાવીશ... બોલ... નહિંતર આજે તારા હાડકાં ખોખરા કરી નાંખીશ...."

હવે વાત છૂપાવવાનો કોઈ અર્થ નથી કહેવું પડશે એમ જાણી ચૂકેલી રંજને નવરાત્રિ દરમિયાન એ રીક્ષાચાલક સાથે થયેલી ઓળખાણ-પરિચય અને પછી... ની બધી જ વાત કહી દીધી... તેના પેટમાં એ રીક્ષાચાલકનો ગર્ભ છે અને હવે ગર્ભપાત કરાવવાનો પણ ચાન્સ રહ્યો નથી એ બધી જ વાત કરી સાથે એ પણ કહી દીધું કે રીક્ષાવાળો પરણેલો હોવાથી એની સાથે પરણવાની ના પાડે છે એ પણ કહી દીધું કે હવે એ આવવાનો પણ નથી....

અને મધુનો પિત્તો ગયો.... સમાજમાં જાળવી રાખેલી આબરૂના કાંકરા થઈ જવા લાગ્યા.... કાલે ઊઠીને કો'ક શુ કહેશે.... આટલા માટે ભરજુવાનીનો રંડાપો ગાળ્યો? હવે શું મોઢું બતાવશે લોકોને ? ઝેર ઘોળવાનો વારો આવ્યો.... પણ....જો જાતે મરી જશે તો આ બંનેનું શું? ગર્ભપાત પણ કરાય એમ નથી... અકળાઈ ઉઠેલી મધુએ ઝટપટ નિર્ણય કર્યો અને.....

ઘરમાં પડેલું કેરોસીનનું ડબલુ લાવી રંજનની ઉપર રેડી દીધું.... આક્રોશ.... તિરસ્કાર.... અને આવેશ સ્વાર થઈ ગયા હતા. મધુના દિમાગમાં..... દીકરી પર વિશ્વાસ રાખેલો અને સગી દિકરીએ વિશ્વાસઘાત કર્યો હતો.... દિવાસળી ચાંપી અને સળગાવી દીધી દીકરીને.... રંજન ભડભડ સળગવા લાગી.... બુમો પાડવા લાગી પણ.... આવેશમાં આવી ગયેલી મધુએ એને જીવતી સળગાવી જ દીધી....

પારકાનું પાપ લઈને ફરતી દીકરીને જીવતી સળગાવી દઈ પાપ કર્યુ પણ તેણે હંમેશના માટે સમાજના બદનામીથી દૂર એકની એક દીકરીને સાથે લઈ મધુ ત્યાંથી ચાલી ગઈ.... ક્યાંક અજ્ઞાતવાસમાં.....

## ૨૨. એક પતિ...એક પ્રેમી...અને એક હતો પુત્ર

આનંદ કંટાળી ગયો હતો. એક તરફ નોકરી પર જવાનો દિવસ નજીક આવતો હતો અને પિયર ગયેલી પત્ની હજુ સુધી પાછી આવી નહોતી. બે વર્ષના પિન્ટુને પણ સાથે લઈ ગઈ હતી... જો કે આમ તો આનંદ પત્ની પ્રીતી વિના રહી શકતો નહોતો.... એટલે સુધી કેલગ્ન થયા બાદ બંને પતિ પત્ની

કોઈ દિવસ અલગ રહ્યા નહોતા.... માત્ર આ વર્ષે જ આટલા બધા દિવસો સુધી અલગ રહ્યા હતા.

જો કે આ વેકેશન દરમિયાન આનંદને પોતાની ઓફિસ માટે કેટલીક તૈયારીઓ કરવાની હતી. એટલે તે પોતે પ્રીતિ સાથે જઈ શક્યો નહોતો. પણ ત્રણ દિવસનું કહીને ગયેલી પ્રીતી આજે પંદર દિવસ થવા આવ્યા હોવા છતાં પાછી આવવાનું નામ લેતી નહોતી... એક તો ફુલ સમાન પુત્ર પીન્ટુ પણ એની સાથે ગયો હતો. નાનકડા પીન્ટુને રમાડવાનો આનંદને આનંદ આવતો.... નવરાશના સમયમાં પીન્ટુને રમાડતા રમાડતા આનંદ ખુદ બાળક જેવો બની જતો... પીન્ટુનો હસતો માસુમ ચહેરો જોવા આનંદ તલસી રહ્યો હતો. પીન્ટુને શરદી થાય તોય ચિંતા કરતો આનંદ પંદર પંદર દિવસથી દૂર રહેલા પીન્ટુની તબિયત વિશે ચિંતા કર્યા કરતો રહ્યો હતો.

આમ તો તે પોતે સાસરીમાં જઈને પત્ની અને પુત્રને તેડી લાવ્યો હતો પરંતુ શરૂઆતના દિવસોમાં તો આજે આવે કાલે આવે એવું માનીને મન મનાવતો હતો પણ ત્યાર પછી જ્યારે જ્યારે પત્નીને તેડવા જવાનો વિચાર આવતો ત્યારે ત્યારે તેને બીજો વિચાર પણ આવતો કે કદાચ હું ત્યાં જાઉં અને એ લોકો અહીં આવે તો? એમાં ને એમાં પંદર દિવસ પસાર થઈ ગયા. એક બે વખત તેણે પત્ર પણ લખ્યા હતા પણ એ પત્ર પોસ્ટ કરવાનું જ ભૂલી ગયો હતો....

આખરે એક દિવસ આનંદ જાતે ઉપડ્યો.... કેમ કે બીજા દિવસે એનું વેકેશન પુરૂ થઈ જતું હતું અને ઓફિસ ચાલુ થવાની હતી એટલે આજે ને આજે પ્રીતી અને પીન્ટુને લઈને પાછા આવવાનું હતું.

સવારે દશેક વાગ્યે આનંદ પોતાની સાસરીમાં પહોંચ્યો હતો... એણે જઈને તરતજ "પીન્ટુ પીન્ટુ"ની બૂમો પાડી પણ પીન્ટુને બદલે તેનો સાળો બહાર આવ્યો. એણે છોભીલો પાડી દીધો.

"આવો જીજાજી... કેમ બૂમો પાડો છો...કોને બોલાવો છો..." પીન્ટુ અહીં ક્યાં છે...? અને તમે એકલા કેમ આવ્યા? મારી બહેન અને પીન્ટુ ક્યાં છે?"

"કેમ...? એ લોકો ક્યારે... સવારે નીકળ્યા? મને એમજ હતું અને એટલે જ હું આવતો નહોતો લાવ મને પાણી આપ એટલે હું તરત પાછો નીકળું.... તમારી બહેન પાછી ત્યાં ઘર બંધ જોશે તો હેરાન થઈ જશે..."

" તમે કેવી વાત કરો છો જીજાજી.... મને કશું સમજાયું નહિ તમે મજાક તો નથી કરતા ને? મને તો એમ હતુ કે રજાઓમાં તમે ત્રણેય સાથે આવશો... પણ તમે તો મારી બહેનને અને ભાણિયાને પણ નથી લાવ્યા... પીન્ટુ કેટલો હોંશિયાર થઈ ગયો હશે?"

"એટલે શું તારી બહેન પીન્ટુને લઈ અહીં આવી નથી...?"

"ના... અમે તો કેટલાય દિવસથી તમારા બધાની રાહ જોતા હતા...."

" અરે હોય....! મારાથી અવાય એમ નહોતું એટલે તો મેં પ્રિતીને એકલી મોકલી હતી. પંદર દિવસ થવા આવ્યા... પીન્ટુ પણ એની સાથે હતો...."

પંદર પંદર દિવસથી પિયરમાં જવાનું કહીને નીકળેલી પ્રીતિ અહીં પહોંચી નથી તો ક્યાં ગઈ? ચિંતામાં પડી ગયો આનંદ.... બંને સાળા-બનેવીએ સાથે રહીને શોધખોળ કરી... સગાસંબંધીઓમાં જઈ આવ્યા.... પણ ક્યાંય આ બંનેનો પત્તો મળ્યો નહીં.

આનંદ નરવશ થતો જતો હતો... એને પોતાની જાત પર ફિટકાર થવા લાગ્યો... નોકરીના કામને વગોવવા લાગ્યો... ઓફિસનું કામ કરવાની લ્હાયમાં એણે પ્રીતીને એકલીને પિયર જવા દીધી.... હવે? ક્યાં શોધવા એ બંનેને? હારી થાકીને આખરે આનંદે પોલીસને જાણ કરી... પ્રીતી અને પીન્ટુના વર્ણન નિશાનીઓ પોલીસને લખાવી.... પોલીસે છેલ્લા પંદરેક દિવસમાં મળેલી અજાણી સ્ત્રીઓ અને અજાણી સ્ત્રીઓ જેમનું અકસ્માતે મોત થયું હતું એવી સ્ત્રીઓના ફોટા પણ બતાવ્યા પરંતુ એમાં એકેય પ્રીતિ નહોતી.

બંને સાળો બનેવી ઘણું રખડ્યા.... આનંદ થાકી ગયો હતો.... એક તરફ નોકરી હતી બીજી તરફ ખોવાયેલી પત્ની. પત્નીની શોધમાં રહે તો નોકરી પણ ખોવી પડે એમ હોતી. આ વખતે આનંદને તેનો ભાડુતી જુવાન અમર યાદ આવી ગયો. એ હોત તો પ્રીતીને શોધવામાં જરૂર મદદ કરત.... પણ એય

વતનમાં ગયો હતો.

બેઠો બેઠો આનંદ વિચારતો હતો એ વખતે એને એ પણ યાદ આવ્યું કે જે દિવસે પ્રીતિ તેના પિયર ગઈ હતી એ દિવસે અમર પણ તેના વતનમાં જવા નીકળ્યો હતો અને એય પાછો આવ્યો નહોતો....

આ દરમિયાનમાં એક દિવસ પ્રીતિ પાછી આવી ત્યારે તેની સાથે એનો પુત્ર પીન્ટુ નહોતો... પત્ની પાછી આવી ગઈ એ બાબતે આનંદ ખુશ તો થયો પણ પીન્ટુ નહોતો એટલે વળી પાછો નિરાશ થયો.... પણ પ્રીતીને શાંતિથી પૂછપરછ કરવાનું શરૂ કર્યુ... પીન્ટુ ક્યાં છે? પિયર જવાનું કહીને એ આમ અચાનક ક્યાં ગૂમ થઈ ગઈ હતી....? અને આટલા બધા દિવસો બાદ પરત આવી અને એ પણ એકલી...?

જો કે સંપૂર્ણ વિશ્વાસ ધરાવતો આનંદ પણ હવે પ્રીતિ ઉપર શક કરવા લાગ્યો. અને એ એકલી પાછી આવી હતી અને તેના ચહેરા પર ક્યાંક ક્યાંક પસ્તાવાના ભાવ નજરે પડતા હોવાથી કંઈક અજુગતું કરીને આવી હોવાનું આનંદ વિચારતો હતો. તેમ છતાં આડા-અવળા પ્રશ્નોની મધ્યમાં પીન્ટુ ક્યાં છે એ પ્રશ્નનો જવાબ મેળવવા માટે આનંદ તલસી રહ્યો હતો.

શરૂઆતમાં તો પ્રીતિએ પતિ આનંદ અને ભાઈને ગોળગોળ ફેરવ્યા.... ઉડાઉ જવાબો આપ્યા પણ જ્યારે એને એવું લાગ્યું કે કૂવો-હવાડો કર્યા વિના જ પરત પતિગૃહે આવી જ ગઈ છે. ફરી હવે સત્ય હકીકત જણાવું કે ના જણાવું કશો ફર્ક પડવાનો નહોતો. આમેય સત્ય છૂપાવીશ તો વધુ ગુંચવાડો ઊભો થશે એટલે સત્ય હકીકત હિંમતભેર કહી જ દેવી છે તેવો નિર્ધાર કર્યા બાદ પ્રીતીએ જે હકીકત અથથી-ઈતિ કહી સંભળાવી ત્યારે તેના પતિ અને ભાઈને પ્રીતિના કટકા કરી નાખશે એવા ઝનૂની બની ગયા.

પ્રીતિ.... સુડોળ અને સુંદર શરીર ધરાવતી જુવાન નારી.... એક બાળકની મા બનવા છતાં શરીરનો બાંધો એનો જાળવી રાખ્યો હતો.... લગભગ છ એક માસ પહેલાં આનંદના મકાનમાં ઉપરનો માં અમર નામના એક જુવાનને ભાડે આપ્યો હતો. સરળ સ્વભાવનો આ અમર હંમેશાં રોમેન્ટીક મૂડમાં રહેતો. જો કે આનંદને તે હંમેશાં મોટા ભાઈ કહીને સંબોધતો. પ્રીતિ સાથે પણ ક્યારેક આનંદની હાજરીમાં મજાક કરી લેતો જેને સ્વાભાવિકતામાં આનંદ ખપાવી દેતો અને વળી આનંદના મન કે દિમાગમાં ક્યારેક પ્રીતિના ચારિત્ર્ય વિશે શંકા જતી નહીં.

પ્રીતી અને આનંદ પરસ્પરના સહકારથી આ સંસારનું ગાડું ચલાવતા હતા. એમાં પીન્ટુ ભળ્યો.... જીવન જીવવાની ઓર મજા આવવા લાગી. દોઢેક વર્ષના પીન્ટુને રમાડવા અમર ઘણી આવતો... અને પીન્ટુને તેડવા માટેના પ્રયત્ન માં ક્યારેક અમરના હાથ પ્રીતીના શરીરને સ્પર્શી જતાં. ક્યારેક અમર જાણીબુઝીને પ્રીતિના શરીરને સ્પર્શ કરતો અને એમાં ને એમાં બંને વચ્ચે ગાઢ સંબંધ બંધાયો. નોકરી પર ગયેલા આનંદની ગેરહાજરીમાં આ અમર અને પ્રીતી રંગરેલીયા મનાવવા લાગ્યા. પાંચેક મહિનાથી રહેવા આવેલા અમરે છેલ્લા બે માસથી પ્રીતિને પ્રીતના તાંતણે બાંધી દીધી હતી.

આ દરમિયાન આનંદ વેકેશનમાં ઘેર જવા રહેવા લાગ્યો એટલે પ્રીતિ અને અમરને એકાંત મળવું મુશ્કેલ બની ગયું. વળી બંનેને મળ્યા વિના જંપ વળતો નહોતો. અને એકાંત મેળવવાની તલાશ માટે પ્રીતિએ પિયર જવાનું બહાનું કાઢ્યું એને ખબર હતી કે આનંદ તેની સાથે પિયરમાં નહીં જ આવે. આનંદને ઓફિસનું કામ કરવાનું છે એ પણતે જાણતી હતી. અને આનંદે પણ એને રજા આપી દેતાં ખુશખુશાલ પ્રીતી પીન્ટુને લઈને વહેલી સવારે નીકળી ગઈ, તેની પાછળ પાછળ અમર પણ નીકળ્યો. એણે પોતાની રૂમની ચાવી આનંદને આપતા જણાવ્યું કે તેને વેકેશનમાં વતનમાં જવું છે આવે ત્યાં સુધી ચાવી રાખો. એણે એડવાન્સમાં ચાલુ મહિનાનું ભાડુ પણ આનંદને ચૂકવી દીધું હતું.

એ વખતે આનંદે મજાક પણ કરી હતી કે હવે હું એકલો પડી ગયો. તમે પણ જાવ છો અને પીન્ટુ પણ એની મમ્મી સાથે ગયો છે.

"કેમ ક્યાં ગયા એ લોકો...."

"મારી સાસરીમાં.... બે દિવસ રહીને આવશે...." પછી આનંદને પૂછ્યું હતું કે " તમે તો વેકેશન આખ ગાળવાના હશો ને !"

" હા " કહીને અમર ઝડપથી નીકળી ગયો હતો.

બસસ્ટેન્ડે પ્રીતિ અને અમર ભેગા થયા ત્યાંથી બસમાં બેસી સાથે જ નીકળી ગયા.... જાણે બંને પતિ-પત્ની ના હોય.? એ રીતે મુસાફરી કરી.

પોતાના વતન બાજુ એક ગામમાં એક ઘર ભાડે રાખ્યું અને ત્યાં પ્રીતિ સાથે રહેવા લાગ્યો. પ્રીતી સાથે રંગરેલીયા મનાવવામાં અમરે પીન્ટુ કાંટાની જેમ ખૂંચતો હતો.... અને અમર કંટાળી જતો હતો.

એક દિવસ પ્રીતિ સાથે રંગરેલિયા મનાવવા અમરે રસ્તાનો કાંટો પીન્ટુને ખતમ કરી નાંખવા પ્રીતિને મનાવી લીધી અને નાનકડા બે વર્ષના પીન્ટુની નાનકડી કોમળ કાકડી જેવી ગરદન મરોડી નાખતા પીન્ટુ આ દુનિયા છોડી ગયો...

ત્યારબાદ થોડા દિવસો અમર પ્રીતિને પીંખતો રહ્યો અને એક દિવસ પૈસા લેવાના જવાના બહાને નાસી છૂટ્યો... એકલી રહી ગયેલી પ્રીતિએ આખરે પારોઠનો માર્ગ પકડ્યો અને પાછી આવી....

આખી હકીકત બયાન કરી રહેલી પ્રીતિ પીન્ટુની યાદમાં અને પોતે કરેલા પાપના પ્રાશ્ચાતાપના આંસુ વહાવતી રહી.... જો કે આખોય બનાવ પોલીસ દફ્તરે પહોંચતા પોલીસે અમરને નાનકડા પીન્ટુની કરપીણ હત્યા કરવાના ગુનામાં અંદર કરી દીધો પણ છતાંય છેહ દેનાર અમરને માફ કરવા પ્રીતિ અને પ્રીતિને માફ કરવા આનંદ તૈયાર નહોતો... એણે વાસનામાં અંધ બની પોતાની નજર સામે પોતાના બાળકની હત્યા કરાવનાર પ્રીતિને તેના ભાઈને સોંપી દીધી.

## ૨૩. કાલા ધંધા....ગોરે લોગ...

ઉદ્યોગ નગરમાં આવેલી શાનદાર વાતાનુકૂલિત ઓફિસમાં ફરતી ખુરશીમાં બેઠેલો મોટી ઈન્ડસ્ટ્રીનો માલિક સૂર્યકાન્ત ટેબલ પર પગ લંબાવીને વિદેશી સિગાર ચીરૂટ પી રહ્યો હતો.... ધુમાડાના ગોટેગોટા નીકળી રહ્યા હતા અને એ ધુમાડાના ગોટામાં એક સુંદર ચહેરો ઉપસી આવ્યો અને એ ચહેરો... જે ચહેરાએ સૂર્યકાન્તની નીંદર,ચેન, હરી લીધું હતું. એ ચહેરો હતો સૂર્યકાન્તની પર્સનલ સેક્રેટરી શાલીનીનો... એકદમ જુવાન, આકર્ષક શરીરનો બાંધો.... ઘાટીલી જુવાની જોઈને સૂર્યકાન્ત પાગલ જેવો બની ગયો હતો.

બે વર્ષ પહેલાં શાલીની નોકરીની શોધમાં સૂર્યકાન્ત પાસે આવી હતી... ત્યારે પ્રથમ મુલાકાતમાં જ નોકરાણી બનવા આવેલી શાલીની સૂર્યકાન્તના દિલની રાણી બની ગઈ... નોકરી તો એને મળી ગઈ જ ગઈ અને એ પણ કેવી?

સૂર્યકાન્તની પર્સનલ સેક્રેટરી... ઈન્ડસ્ટ્રીઝમાં મેનેજરથી માંડીને સ્ટાફની ઉપરી.... એમ કહો કે સૂર્યકાન્તની ઈન્ડસ્ટ્રીઝની પોણા ભાગની માલિકણ બની ગઈ.... સૂર્યકાન્તની ચેમ્બરમાં માત્ર એને એકલીને જ વગર પરવાનગીએ પ્રવેશ કરવાનો હુકમ મળી ગયો હતો. પ્રથમ જ મુલાકાતમાં સૌથી ઊંચો પગાર અને હોદ્દો શાલિનીને ધરાવનાર શાલીની પ્રત્યે કેટલાંક સ્ટાફના માણસો અદેખાઈ કરતા અને એમાંય કેટલીક સ્ત્રી કર્મચારી તો ઈર્ષાની આગમાં જલતી રહી હતી. શાલીનીની એન્ટ્રી થાય કે ભવાં ચડાવીને સ્ત્રી કર્મચારીઓ પરસ્પર આંખના ઈશારા કરતી... પણ શાલીનીને એની કોઈ ચિંતા નહોતી.

ધીરે ધીરે સ્ત્રી સહકર્મચારીઓએ ઓફિસમાં એક અચરજ પમાડે તેવી વાતને હવા આપી. કાનફુસિયા કરવા લાગી.

"સાંભળે છે લી.... પેલી શાલિની અને આપણા શેઠ...."

" ખબર છે.... બધી મને..."

" હેં તને કોણે કહ્યું...!"

" તો શું.... તું એકલી જ ચાંપલી છે....?.... અહીં તો તારા જેવી કેટલીયે છે..."

" ચૂપ... તું મને ચાંપલી કહે છે.....? ચાંપલી તો...."

વાતો આગળ વધે તે પહેલાં તો શેઠ સૂર્યકાન્તની એન્ટ્રી થતી અને સૌને સાપ સુંઘી ગયો હોય એ રીતે ચુપ થઈ જતાં અને ડાહ્યાડમરા બનીને કામમાં લાગી જતાં.

સેક્રેટરી બનીને આવેલી શાલીની સૂર્યકાન્ત પર જાણે જાદુ કર્યો હતો....એની મદમસ્ત આંખો મદમસ્ત ચાલ અને આકર્ષક આધુનિક કપડાં જોઈને સૂર્યકાન્ત પોતાનું અસ્તિત્વ સદ્ધાં ભૂલી થતો... સમય પસાર થતો ગયો.... સૂર્યકાન્ત

તેની ચેમ્બરમાં ઘુસતો કે તુરંત જ શાલીની કેટલીક ફાઈલો સાથે ઓફિસમાં ઘુસતી અને ક્યાંય સુધી બહાર નીકળતી નહિં. શાલીની સૂર્યકાન્ત શેઠની ચેમ્બરમાં હોય ત્યારે કોઈપણ આગંતુકને કે કર્મચારીને એ ચેમ્બરમાં ઘુસવાની પરવાનગી નહોતી...

કલાકોના કલાકો સુધી બોસની ચેમ્બરમાં પસાર કર્યા પછી જ્યારે શાલીની ચેમ્બરમાં દરવાજા ખોલી બહાર આવતી ત્યારે આખી ઓફિસના પટાવાળા સુદ્ધાના કર્મચારીઓની નજર એના તરફ મંડાતી. જ્યારે ચેમ્બરમાં ઘુસેલી શાલીનીના અપટુડેટ કપડાં,ઓળેલા માથાના વાળ,વાળમાં ભરાવેલ ગુલાબનું ફુલ,ચહેરા પરનો મેકઅપ,હોઠ પરની લીપસ્ટીક બધું જ ઝીણી નજરે જોઈ ચુકેલા કર્મચારીઓ શાલીની જ્યારે બહાર નીકળતી ત્યારે ફરીથી આખી અને ઝીણવટભરી નજર ફેરવી જોઈ લેવા ટેવાયેલા કર્મચારીઓની નજરમાં શાલીનીના માથાના વાળ અસ્તવ્યસ્ત,ગુલાબનું ફુલ ગાયબ,ચહેરા પરના મેકઅપ અને હોઠ પરના લીપસ્ટીકમાં આવી ગયેલી ઝાંખી કે પછી અપટુડેટ પરિધાન કરેલાં કપડાં પર પડેલી કરચલી કે ફિટ પહેરેલ કપડાં ઢીલા થઈ ગયેલાં.... એ કર્મચારીઓની નજરથી છુપાતા નહીં...

આટલા બધા ફેરફારો જયા પછી બોસ સૂર્યકાન્તની ચેમ્બરમાં શું બન્યું હશે.... શું થયું હશે....કેવા તોફાન મચ્યા હશે.... એક પરિણીત યુવાનની ચેમ્બરમાં કલાકોના કલાકો સુધી એક સ્વરૂપવાન મદમસ્ત કુંવારી યુવતી પસાર કરે ત્યારે એ ચેમ્બરમાં રહેલી એકલતામાં શું ખેલ ખેલાયા હશે એનું અનુમાન કર્મચારીઓમાં સ્ત્રીઓ, યુવતીઓ ઈર્ષાથી સળગતી અને યુવાન પુરૂષ કર્મચારીઓના ભાગે આહ ભરવાનું જ આવતું.

જો કે કર્મચારીઓની અદેખાઈભરી નજરો શાલીનીને કોઈ અસર કરતી નહોતી... બલ્કે શાલીની બિનદાસ્ત એ લોકોની નજર સાથે નજર ટકરાવતી અને સામેના સ્ત્રી કે પુરૂષ કર્મચારીની નજર ઢળી જતી.... રોજના કાર્યક્રમ બની ગયા હતા. ક્યારેક તો ઓફિસ ટાઈમ બાદ પણ શાલીની શેઠના ચેમ્બરમાં સમય પસાર કરતી. મોડું થઈ જાય ત્યારે સૂર્યકાન્ત શાલીનીને પોતાની મોંઘીદાટ કારમાં પોતાની બગલમાં બેસાડીને તેને ઘેર સુધી મુકી જતો અને કારમાં પાછલી સીટ પર શું બની રહ્યું છે એ દ્રશ્ય સૂર્યકાન્તનો ડ્રાઈવર આગળ મુકેલા અરીસામાં જોઈ લેતો.

શેઠ અને શાલીનીના આ સંબંધો સૂર્યકાન્તની પત્ની સુધી પહોંચ્યા અને વાવાઝોડાનું વંટોળ ઉભું થયું. પતિ પત્ની અને પ્રેમિકા વચ્ચે જંગ જામ્યો. એક તરફ પત્ની બીજી તરફ પ્રેમિકા અને બંને વચ્ચે પિસાતો શેઠ સૂર્યકાન્ત ચેમ્બરમાં બેઠો બેઠો ચિરૂટ પી રહ્યો હતો.

હજુ હમણાં જ થોડીવાર પહેલાં શાલીની આવી હતી અને સૂર્યકાન્તના દિમાગને હલાવી ગઈ હતી. બે વર્ષની નોકરી દરમિયાન શાલીની સૂર્યકાન્તના તમામ કાળા ધંધા જાણી ગઈ હતી અને જો એ પોતાને પત્ની તરીકે નહિ સ્વીકારે તો એના તમામ ગોરખધંધા જાહેર કરી દેશે એવી ધમકી આપીને ચેમ્બર છોડી ચાલી ગઈ હતી.

સૂર્યકાન્ત સંકટમાં મુકાઈ ગયો હતો. જો શાલીનીને પત્ની તરીકે સ્વીકારે છે તો તેની ખુદની પત્ની રિસાઈ જાય અને કદાચ તેને કોર્ટમાં ઢસડી જાય.... તો બીજી તરફ શાલીનીને તરછોડી દે તો સૂર્યકાન્તનો બેનંબરી ધંધો જાહેર થઈ જાય. તો... તો... સૂર્યકાન્ત કરોડપતિમાંથી રોડપતિ કદાચ બની જાય. એટલું જ નહિ પણ જેલની હવા પણ ખાવી પડે. અખબારોમાં પહેલાં પાને મોટી હેડલાઈનથી સમાચાર છપાશે..."જગપ્રખ્યાત ઈન્ડસ્ટ્રીઝના માલિક સૂર્યકાન્તના કાળા ધંધાનો પર્દાફાશ."

આનાથી આગળ કશું નહિ વિચારી શકતો સૂર્યકાન્ત વિદેશી સિગાર ચિરૂટ પીતો રહ્યો અને ધુમાડાના ગોટેગોટા ઉડાડતો રહ્યો... અને ધુમાડાના ગોટામાં આ બલાથી છૂટવા માટેનો માર્ગ શોધવા લાગ્યો... કલાકો સુધી....

એક દિવસ પોતાની સહેલીના લગ્ન માણવા ગયેલી શાલીની ગૂમ થઈ ગઈ અને જાણે સૂર્યકાન્તના જીવનમાં વાવાઝોડા પછી પથરાયેલી શાંતિ પથરાઈ ગઈ.... અને હવે ચેન આવવા માંડ્યું. બધું જ સ્વાભાવિક... સામાન્ય બની ગયું હતું. શાલીની ક્યાં ગુમ થઈ ગઈ કોઈને ખબર ન પડી... શાલીનીનો પિતા પુત્રીને શોધતો ફરતો હતો... પણ ક્યાંય શાલીનીનો પત્તો મળતો નહોતો.... તેણે પોતાની પુત્રી ગુમ થઈ છે એ બાબતે પોલીસને જાણ કરી. વર્ણન પણ આપ્યું. શાલીનીની

તસવીરો પોલીસને આપી. પોલીસે આ લાપત્તા યુવતીને શોધવાના તમામ પ્રયાસો હાથ ધર્યા. અખબારોમાં તસવીરો છપાવી અને ટી.વી. પર પણ જાહેરાત કરાવી. એના થોડા દિવસ બાદ પોલીસને એક હોટલમાંથી ફોન આવ્યો કે ગૂમ થયેલ યુવતી વિશે વાત કરવા માંગે છે.

ઈન્સ્પેક્ટર નાગપાલ મારતી ગાડીએ હોટલે પહોંચ્યા. ફોન કરનાર હોટલનો મેનેજર હતો. એણે ઈન્સ્પેક્ટર નાગપાલ સમક્ષ આખી વાત કરી....

"સાહેબ... આ છાપામાં છપાયેલ ફોટાવાળી છોકરી અમારી હોટલમાં આવી હતી. એની સાથે એક શેઠિયા જેવો માણસ હતો. પણ સાહેબ... એ લોકો રાત્રે જ રવાના થઈ ગયા હતા...."

"કેમ....?"

"એ લોકો એવું કહીને ગયા હતા કે એમની સાથેની છોકરીની તબિયત બગડી છે એટલે એને હોસ્પિટલમાં દાખલ કરવાની છે. બસ સાહેબ... એ પછી ક્યારેય એ લોકો પાછા આવ્યા નથી. એ રાત્રે મારી ડ્યુટી હતી. એટલે છાપામાં ફોટો જોઈને તુરત જ ઓળખી ગયો હતો."

"ઠીક છે... ઈન્સ્પેક્ટર નાગપાલે જતાં જતાં પૂંછી લીધું :" મેનેજર... એ છોકરી સાથે આવેલો આદમી કેવો હતો? એની કોઈ ખાસિયત...?"

"હા સાહેબ.... સુટબુટમાં આવેલ એ આદમી ચિરૂટ પીતો હતો... એ સિવાય બીજું કશું યાદ નથી..."

"ઈન્સ્પેક્ટર નાગપાલ ત્યાંથી રવાના થઈ ગયા. ચિરૂટ પીનારા આદમીની તલાશમાં હતા એ દરમિયાન શહેરથી દૂર ગામડાની સીમમાંથી કોઈ યુવતીની બળેલી હાલતમાં લાશ મળી આવી. જો કે લાશ એટલી બધી બળી ગઈ હતી કે લાશ ઓળખી શકાય એવી રહી નહોતી..."

ઈન્સ્પેક્ટર નાગપાલે શાલીનીના પિતાને ફરીથી પોલીસ સ્ટેશને બોલાવ્યા અને પૂછપરછ કરી. એમણે એટલું જાણી લીધું કે શાલીની જે ઈન્ડસ્ટ્રીઝમાં નોકરી કરતી હતી એ ઈન્ડસ્ટ્રીઝના માલિક જુવાન પણ છે અને ચિરૂટ પણ પીતા હોવાની જાણ થતાંની સાથે જ ઈન્સ્પેક્ટર નાગપાલનું માથું થનક્યું.... અને સીધા પહોંચ્યા ઉદ્યોગનગરમાં.... જતાંની સાથે જ એમણે કાર જોઈ જે કારનું વર્ણન હોટલના મેનેજરે આપેલ એ જ હતી. કાર ડ્રાઈવરની પૂછપરછ કરતાં કાર ડ્રાઈવર ઈન્સ્પેક્ટર નાગપાલની પોલીસ દિમાગી પૂછપરછ સામે ભાંગી પડ્યો...

"સાહેબ... એ દિવસે અમારા શેઠ સૂર્યકાન્ત શાલીનીને સમજાવવા માટે એક હોટલમાં લઈ ગયા હતા પણ પછી હોટલની અંદર જ એમણે શાલીનીનું ગળું દબાવી હત્યા કરી નાંખી હતી. પછી એ બિમાર છે એવો ઢોંગ કરીને અમે ત્યાંથી નીકળી ગયા. ગાડી એક વેરાન જગ્યામાં ઉભી રખાવી શાલીનીની લાશ બહાર કાઢી. અને પુરાવાનો નાશ કરવા લાશને સળગાવી અમે ત્યાંથી ભાંગી છૂટ્યા હતા."

ડ્રાઈવરે ઈન્સ્પેક્ટર નાગપાલને તમામ હકીકત કહી સંભળાવતા નાગપાલે શેઠ સૂર્યકાન્તની પણ ધરપકડ કરી લીધી.

શેઠ સૂર્યકાન્ત પોતાના બેનંબરી ધંધા પરથી પડદો ન ઉચકાય અને પોતાની પત્ની વચ્ચે પણ કોઈ તકરાર ઉભી ન થાય એ માટે તેની રખાત ગણાતી શાલીનીનો કાંટો કાઢી નાખ્યો હતો પણ આખરે તમામ ભેદ ખુલી જતાં અંતે સૂર્યકાન્તને જેલની હવા તો ખાવી જ પડી....

## ૨૪. દોરડે લટકતી નવોઢાની લાશ

શહેરના છેવાડે આવેલ એક સોસાયટીમાં આવેલ મકાનમાં સવાર સવારમાં રડારોડ મચી ગઈ હતી. આજુબાજુના લોકો ભેગા થઈ ગયાં હતાં....

"શું થયું-શું થયું" લોકો પૂછતા. અને જવાબ સાંભળે એ પહેલાં ઘરમાં અંદરના ઓરડામાં જઈને નજર કરે કે તરત જ જોનારનું મ્હોં અને આંખો ફાટી જતી અને ફાટેલા મોઢે હાયકારો નીકળી જતો.

હજુ હમણાં વીસેક દિવસ પહેલાં પરણીને સાસરે આવેલી અરજણની પત્ની કંકુએ ગળે ફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી હતી.... પરણીને આવેલી કંકુએ આ વીસ દિવસમાં બહારના કોઈને મોંઢુ બતાવેલું નહિં.... હંમેશા હાથેકનો ઘુંઘટ તાણીને ફરતી.... ઘૂંઘટમાં ફરતી કંકુ એટલી બધી રૂપાળી લાગતી કે લોકો એનું મોઢું જોવા માટે તત્પર રહેતાં... મનોમન કેટલાંક જુવાનીયાઓને મનમાં

વસવસો થવા થવા લાગ્યો કે શું કામ વહેલા પરણી ગયા.... થોડી રાહ જોઈ હોત અને એક -બે કન્યન વધુ જોઈ હોત તો આવી કંકુ જેવી કોમળકાયા વાળી પત્ની તો મળી હોત....

કંકુ હતી પણ વખાણવા લાયક સુંદર... માંડ વીસેક વર્ષની ઉંમરની.... કોમળ કાયા.... સરળ સ્વભાવ ધરાવતી કંકુને એવું તે શું થયું હશે કે એણે આત્મહત્યા કરી હશે ? આમ તો બંને પતિ પત્નીને સારૂ બનતું હતું....

ઘરમાં રડારોડ થઈ રહી હતી.... કોઈને કશી સૂઝ પડતી નહોતી... જે કંકુએ વીસ દિવસમાં કોઈને મોંઢું બતાવ્યુ નહોતું એ કંકુ અર્ધનગ્ન અવસ્થામાં તેના સૂવાના રૂમમાં છત પરની આંકડી નીચે લટકતી હતી. કૂવામાં પાણી ખેંચવાનું દોરડું લાંબુ લઈને એણે એક છેડો બારીના સળિયે બાંધ્યો હતો અને બીજો છેડો આંકડામાં ભરાવીને લટકી ગઈ હતી. જીભ એની બહાર નીકળી ગઈ હતી અને આંખો બંધ થઈ ગયેલી હતી. લટકતી લાશ નીચે એક સ્ટૂલ પડ્યું હતું.

કોઈકે સલાહ આપી કે આ તો પોલીસ કેસ કહેવાય.... પોલીસને જાણ કરવી પડે.... કોઈકે ફોન કરીને પોલીસને જાણ કરતાં અડધો કલાકમાં પોલીસની ગાડીઓ આવી ગઈ. પંચનામુ કરીને લાશ નીચે ઉતારી અને પોસ્ટમોર્ટમ માટે દવાખાને મોકલી આપી. ઘરના માણસોના અને કંકુના પતિ અરજણના જવાબ લીધા.... આ તમામ લોકોના જવાબો પ્રમાણે રાત્રે અરજણ અને કંકુ જમી પરવારીને પોતાના રૂમમાં ઊંઘી ગયા અને વહેલી સવારે અરજણની માએ દરવાજો ખટખટાવ્યો ત્યારે અરજણ ઊંઘમાંથી ઉઠ્યો હતો અને પોતાની સાથે સૂઈ રહેલી કંકુને છત નીચે લટકતી જોઈને ચીસ પાડી ઉઠ્યો હતો અને એણે જ રૂમનો દરવાજો ખોલ્યો હતો.... ત્યારે અરજણની માએ પણ વહુને ગળે ફાંસો ખાધેલી હાલતમાં જોતાં જ રડવા લાગી હતી...

પોલીસ અધિકારીને પ્રથમ તો એ શક ગયો હતો કે એક જ રૂમમાં એકજ પલંગમાં સૂઈ ગયેલી કંકુ ઊઠીને બારીએ દોરડું બાંધી.... પંખો લટકાવવાના આંકડામાં થઈને દોરડું ભરાવીને સ્ટૂલ ઉપર ચડીને ગળે ફાંસો ખાઈ લીધો ત્યાં સુધી અરજણને કેમ ખબર ન પડી.... તેની ઊંઘ કેમ ન ઊડી.... ગળે ફાંસો ખાધો હશે ત્યારે કંકુએ તરફડિયા પણ માર્યા હશે તો એના અવાજથી કે ધમાલથી અરજણ જાગી જવો જોઈએ....

પણ અરજણે જણાવેલું કે અડધી રાત સુધી તો અમે બંને વાતોએ વળગ્યા હતા.... બીજા દિવસે કંકુને તેડવા માટે તેના પિયરમાંથી મહેમાનો આવવાના હતા એટલે વિયોગના દિવસો આવે એ પહેલાંની રાત્રે અમો પ્રેમાલાપ કરતા હતા અને લગભગ અઢી વાગ્યા સુધી અમો સંસારસુખ ભોગવ્યા બાદ ઊંઘી ગયા હતા. હું થાકી ગયો હતો અને પરણ્યા પછી કંકુને તેડી લાવ્યા ત્યારથી મને અડધી - અડધી રાતના ઉજાગરા થતાં હોવાથી ઘસઘસાટ ઊંઘમાં પડ્યો હોવાથી મને કાંઈ ખબર પડી નહોતી.... એટલે આ વાત પરથી પોલીસ અધિકારીનો શક દૂર થયો....

શહેર પોલીસ મથકે પ્રથમ અકસ્માત મોતની નોંધ કરીને આગળની કાયદેસરની કાર્યવાહી આરંભવામાં આવી હતી.

આ દરમ્યાનમાં મરનાર કંકુના પિયરમાં ખબર મોકલાવવામાં આવી એટલે મહેમાનોની જગ્યાએ સઘળું કુટુંબ દોડતું આવી પહોંચ્યું.... પિયર પક્ષના લોકોનાં પણ પોલીસે નિવેદનો લીધાં પરંતુ કોઈએ તેમના જમાઈ અરજણ કે સાસરીવાળા પ્રત્યે કોઈ વિરોધ નોંધાવ્યો નહોતો... પી.એમ. થઈ ગયા બાદ લાશનો કબજો સોંપી દેતાં કંકુના પિયરિયાંઓએ સંમતિ આપતાં તેના સાસરિયાંને અંતિમ સંસ્કાર કરવા માટે લાશ સોંપવામાં આવી.

એ સાંજે ડૉક્ટરે પી.એમ. રીપોર્ટ આપ્યો એ જોઈને પોલીસ અધિકારીનું દિમાગ કામ પર લાગી ગયું.

મરનાર કંકુનાં શ્વાસ રૂંધાવાથી મોત થયું હતું. એટલે કે એણે ગળે ફાંસો ખાધો હતો જેથી ગરદન પરનું દોરડું બેસતાં તેનો શ્વાસ રૂંધાયો હશે અને એના કારણે તેનું મોત થયું હતું પરંતુ મરનાર કંકુના પેટમાં ત્રણ માસનો ગર્ભ હતો એ રીપોર્ટ વાંચતા જ પોલીસ અધિકારી ચમક્યા...

કંકુના પતિ સાસુ - સસરા, ઘરના સભ્યો, આજુબાજુના પડોશીઓના નિવેદનો ઉપરાંત કંકુના પિયરીયાઓએ પોલીસમાં નોંધાવેલ નિવેદનોમાં એવું જ જણાવવામાં આવ્યું હતું કે કંકુ અને અરજણના લગ્ન વીસેક દિવસ પહેલાં થયા

હતા તો પછી કંકુના પેટમાં ત્રણ માસનો ગર્ભ આવ્યો ક્યાંથી....?

શંકાસ્પદ લાગતાં અધિકારીએ તપાસ પોતાના ઉપરી અધિકારી વિભાગીય પોલીસ વડાનો સંપર્ક સાધ્યો. એસ.પી.ચૌધરી સાહેબે આ શંકાસ્પદ મોતની તપાસ ઈન્સ્પેક્ટર નાગપાલને સોંપી. નાગપાલે પ્રથમ તપાસ અધિકારીને બનાવની વિગતો મેળવી. એમાં જે દોરડાથી ગળે ફાંસો ખાધો હતો તે દોરડું કબજે લીધું હતું. ઈન્સ્પેક્ટર નાગપાલે પોતાની રીતે ઘટના સ્થળની મુલાકાત લીધી અને જે રૂમમાં કંકુએ ગળે ફાંસો ખાધો હતો તે રૂમનું ઝીણવટભર્યુ નિરીક્ષણ કર્યું. અરજણને ફરીથી પૂછપરછ કરી એમાં અરજણે ફરીથી નિવેદન કર્યું જેમાં એણે પોતે રાત્રે અઢી વાગ્યે સૂઈ ગયો હતો એ પણ એણે ભાર દઈને જણાવ્યું હતું.

પોલીસ સ્ટેશને પરત આવેલા ઈન્સ્પેક્ટર નાગપાલે પી.એમ. રીપોર્ટનો ફરીથી અભ્યાસ કર્યો. જેમાં ડૉક્ટરે જણાવ્યું હતું કે મરનારનું મોત રાત્રિના અઢી થી ત્રણ વાગ્યાની અંદર થયું હોવું જોઈએ.

ઈન્સ્પેક્ટર નાગપાલે વિચાર્યુ કે અરજણ રાત્રે અઢી વાગ્યે ઊંઘી ગયો હતો અને એની પત્ની અઢીથી ત્રણ વાગ્યા દરમ્યાન ગળે ફાંસો ખાધો હતો.... કોઈપણ વ્યક્તિ ઊંઘવાનો પ્રયત્ન કરે ત્યારે ઊંઘતા પહેલાં દશ-પંદર મિનીટ સુધી તો એ અડધો જાગતો જ હોય.... આંખો બંધ કરી હોય છતાં જાગૃત અવસ્થામાં હોય એટલે બાકી રહી પંદર મીનીટ.... આ પંદર મીનીટમાં એક યુવતી દોરડું બારીએ બાંધ્યું હોય.... પંખાના આંકડામાં દોરડું ભરાવ્યું હોય અને ત્યારબાદ ગળે ફાંસો ખાધો હોય.... આટલું કરવામાં અને શાંતિથી કાર્યવાહી કરવામાં અડધો કલાક તો નીકળી જાય... તો મોતનો સમય ત્રણ વાગ્યા પછીનો થાય.... જો અરજણ ઊંઘી ગયો હોય તે જ વખતે કંકુ ઉભી થઈને આત્મહત્યા કરવા માટેની તૈયારી કરે તો જ અઢી થી ત્રણ વાગ્યાની વચ્ચે તેનું મોત થાય.... પણ એમ કરવા જતાં જાગૃત અવસ્થામાં અરજણને ખબર તો પડે જ...

જો કે બનાવનાં ઊંડાણ સુધી પહોંચવા માટે કોઈ બાધા ન નડે એટલે પોલીસે ડૉક્ટરનો રીપોર્ટ મરનારના વાલીને પહોંચાડ્યો નહોતો...ડૉક્ટરનો રીપોર્ટ ગુપ્ત રાખ્યો હતો. આખો કેસ ઝીણવટથી તૈયાર કર્યા બાદ ઈન્સ્પેક્ટર નાગપાલ કંકુના પતિ અરજણની ધરપકડ કરી અને એસ.પી. ચૌધરી સાહેબ સમક્ષ ઊભો કરી દીધો....

જો કે અરજણને જોઈને ચૌધરી સાહેબ બોલી ઉઠ્યા કે આને કેમ પકડી લાવ્યા છો ? આનો કોઈ ત્રાસ નહોતો... કંકુના પિયરીયાઓએ પણ ફરિયાદ આપી નથી પછી.....

“ સાહેબ.... આ માણસે એની પત્ની કંકુને ત્રાસ આપીને આત્મહત્યા કરવા પ્રેરણા નહોતી આપી પરંતુ તેણે જાતે જ તેની પત્નીની હત્યા કરવા ગળે ફાંસો આપી મોતને ઘાટ ઉતારી દીધી છે.... પરણ્યાને હજુ વીસ જ દિવસ થયા હતા પરંતુ કંકુના પેટમાં ત્રણ માસનો ગર્ભ હતો.... કંકુ તેના પિયરમાંથી કોઈકનું પાપ લઈને આવી હતી... અને પોતાની પત્ની કોઈ પરપુરૂષ સાથે દૈહિક સંબંધ બાંધી ચૂકી હોય અને એનાથી એને ગર્ભ રહ્યો હોય પછી એ કયો પતિ સહન કરી લે? અરજણથી પણ સહન ન થયું અને સમાજમાં આ પાપને કારણે આબરૂ જાય તે પહેલાં કંકુને કે જેણે તેની સાથે દગો કર્યો તેને પતાવી દેવાનો પ્લાન ઘડ્યો હતો... અને બીજા દિવસે કંકુને તેડવા મહેમાન આવવાના હોવાથી કંકુ સાથે એના આડા સંબંધ અંગે ચોખવટ કરી લેવા માંગતા અરજણને જ્યારે કંકુએ પોતાની આ ગુપ્ત વાત જણાવવાની ના પાડી ત્યારે આવેશમાં આવી ગયેલા અરજણે આ ગુનો કરી નાખ્યો અને કંકુએ આત્મહત્યા કરી લીધી હોય એવી સિચ્યુએશન ઉભી કરી હતી.”

પોલીસ ઈન્સ્પેક્ટર નાગપાલ જાણે પોતાની નજર સામે જ અરજણે તેની પત્નીની હત્યા કરી હોય એ રીતે એક પછી એક દ્રશ્ય સમજાવવા લાગ્યા ત્યારે અરજણે પોતે કરેલા ગુનાની કબુલાત કરી લીધી. તેણે જણાવી દીધું કે સાહેબ... મારી પત્ની કંકુ સુંદર હતી અને એ લગ્ન પહેલાંથી બે વર્ષથી ગામના એક જુવાનિયા સાથે આડો સંબંધ બાંધતી આવી હતી... કેટલીય વખત તેણે ગર્ભ પડાવ્યો હતો પણ આ વખતે તો એના થઈ જતાં અહીં મારી હયાતીમાં એ ગર્ભ પડાવી ન શકી... મેં એની સાથે આડોસંબંધ ધરાવતા યુવાનનું નામ જાણવા ઘણું પૂછ્યું ત્યારે એણે ચોખ્ખું સંભળાવી દીધું કે મને મારી નાંખશો તો ય હું તમને મારા પ્રેમીનું નામ નહીં કહું.... બસ આ વાતથી હું આવેશમાં આવી ગયો હતો અને દોરડાથી એનું ગળું ટૂંપીને હત્યા કરી નાંખી હતી. દોરડાના ગાળિયો એની

ગરદને ભરાવ્યા બાદ છત પર લટકાવી દીધી હતી અને નીચે સ્ટૂલ મૂકી દીધું હતું જેથી એણે આત્મહત્યા કરી હોય એવું લાગે....

ભોળો લાગતો અરજણ આટલું બધું ખતરનાક કામ કરે એ નમાની શકાય એવી વાત હોવા છતાં પણ અરજણની કબુલાતથી વાત માનવી પડી પણ ચૌધરી સાહેબે ઈન્સ્પેક્ટર નાગપાલને પૂછ્યું કે વાત માની લઈએ કે કંકુની હત્યા કરી છે પણ તમે આ ભેદ ઉકેલવામાં સફળ કેવી રીતે થયા....?

ત્યારે હસીને નાગપાલે કહ્યું કે

"સાહેબ... આમ તો આ બનાવ અકસ્માતમાં જ ખપી જવાનો હતો પરંતુ તપાસ અધિકારીએ જે દોરડું કબજે લીધું હતું એ દોરડાનું નિરીક્ષણ કર્યુ જેના લીધે હત્યા થઈ હોય એવું લાગ્યું."

"પણ દોરડા પરથી કેવી રીતે લાગ્યું...." એસ.પી.ચૌધરી સાહેબને હજુ પણ સમજાતું નહોતું.

ત્યારે ઈન્સ્પેક્ટર નાગપાલે આખી વાત સમજાવી કે જે દોરડાથી કંકુનું ગળું ટૂંપવામાં આવ્યું હતું એ દોરડાથી મેં રિહર્સલ કર્યુ.... છત પરના કડાએ દોરડું ભરાવીને એ જે સ્થિતિમાં દોરડું રાખ્યું.... જોયું તો જો કોઈ ભારે વસ્તુને બાંધ્યા બાદ બીજા છેડાથી તેને ખેંચવામાં આવે તો દોરડામાં થોડો ઘણો ઘસારો પડે એ પરથી ખબર પડે કે વજન કંઈ તરફ ખેંચાયું છે.

કંકુને ગળે ફાંસો આપ્યા બાદ અરજણે દોરડાને છત પરના કડામાં થઈને દોરડું પસાર કર્યુ હતું અને દોરડું વિરૂધ્ધ દિશામાં ખેંચીને બારીએ બાંધ્યું હતું અને કડાથી બારી તરફ લગભગ ચારેક ફૂટ જેટલું દોરડું ઘસાયું હતું અને દોરડાના રેસા વિરૂધ્ધ દિશામાં હતા એના પરથી કંકુની હત્યા થઈ હોવાનું લાગ્યું જ્યારે રૂમમાં પતિ-પત્ની બે જ હતા અને સવારમાં અરજણની માએ બારણું ખખડાવ્યું ત્યારે અરજણે અંદરથી બારણું ખોલ્યું એટલે કંકુનો હત્યારો તેનો પતિ અરજણ જ હતો....

આખી વાત સાંભળીને એસ.પી. ચૌધરી સાહેબ અવાચક થઈ ગયા.

## ૨૫. સ્મશાન ઘાટનો સિદ્ધ અઘોરી યોગીબાવા

"યોગીબાવાની જય હો... યોગીબાવાની જય હો..." એકાદ મહિનાથી શહેરના છેવાડે આવેલા આશ્રમમાં તાંત્રિક અને સિદ્ધ બાવાએ પડાવ નાખ્યો હતો.... કંઈક વિધી કરીને પોતાના આશરે આવનારા દુઃખિયારાઓના દુઃખ દૂર કરતા હોવાની હવા આખા પંથકમાં ફેલાઈ ગઈ હતી. દુઃખ દૂર થાય કે ન થાય પરંતુ યોગીબાવાના આશરે આવનારાઓમાં એક પ્રકારની આધ્યાત્મિકતા...શાંતિ મળી રહેતી અને એમની વાતો પરથી આવનારા ઘડીભર માટે પોતાના દુઃખ પણ ભૂલી જતા હતા....

પોતાનો જય જયકાર સાંભળીને આશ્રમમાંથી બહાર આવતા યોગીબાવા સૌને આવકારતા... પ્રશ્નો પૂછતા... એના જવાબો આપતા... ધર્મ-જાતિ-ઘરસંસાર કોઈપણ પ્રકારના પ્રશ્ન અને સમસ્યાઓ વિશે પોતાનું જ્ઞાન વહાવતા યોગીબાવા કેટલાંક લોકોને તાવીજ પણ બનાવી આપતા... કેટલાંકને મંત્રેલું પાણી આપી એમને સેવન કરવાનું કહેતા... કેટલાંકને તો સ્મશાનઘાટની રાખ આપી અમુક દિવસની મુદત આપતા....

આ બધી વિધીઓમાં એકજ સામાન્ય વાત એ હતી કે પોતે જે જે ઉપાયો બતાવતા એ સિદ્ધિથી પ્રાપ્ત કરેલ હોવાથી તેની અસર ધીરેધીરે થાય છે એટલે એ લોકોને બબ્બે-ત્રણ ત્રણ મહિનાની મુદત આપતા....

અહીં આવ્યે હજુ એકાદ મહિનો થયો હતો અને એટલે કોઈ ચમત્કાર કે પરચો કે તેમણે આપેલા ઉપાયની અસરનો કોઈ પ્રશ્ન ઉભો થતો નહોતો... દરેક પ્રકારના લોકો પોતાના પ્રશ્નો ઉકેલ માટે તેમની પાસે આવતા.... અને યોગીબાવાની સિદ્ધિ વિશે આ પંથકમાં ચર્ચાઓ જેમ જેમ થવા લાગી તેમ તેમ લોકોની સંખ્યામાં વધારો થવા લાગ્યો... અને વિભિન્ન પ્રકારના લોકો પોતાની આધિ-વ્યાધિની સમસ્યાઓના નિકાલ માટે પ્રાર્થના કરતા....

" બાબા... મારા લગ્ન થયે વીસ વીસ વર્ષ થયા છતાં અમારા ઘેર પારણું બંધાયું નથી.... અમારી ઉપર કૃપા કરો બાપજી..." સંતાન પ્રાપ્તિનીની ભીખ માંગતા દંપતિને યોગીબાવા ભસ્મની પડીકી આપતાં અને આંખો બંધ કરી મનોમન સ્મરણ કરીને આશીર્વાદ આપતા...

" લો... આ ભસ્મ... ઘરના એક  ખૂણામાં એને મૂકી રાખજો... કોઈના હાથમાં આવવી જોઈએ નહિ... રોજ સવારે ન્હાઈ-ધોઈ બંને પતિ-પત્નીએ સાથે બેસીને એની પૂજા કરવાની.... આ વિધી કરવામાં ચૂક ન થવી જોઈએ... ભસ્મ પર કોઈનો પડછાયો પડવો જોઈએ નહિ...ત્રણ મહિના સુધી વિધી કરવી પડશે... આમ તો તમારા નસીબમાં સંતાનો છે પણ થોડી વિડંબણા છે એ આ વિધીથી દૂર થશે...જાવ... અને પ્રથમ ખોળે જ તમારા ઘેર પુત્ર જન્મશે..."

વીસ વીસ વર્ષ સુધી પુત્ર વિહોણું એ દંપતિ પોતાના ઘેર પુત્ર જન્મશે એવી વાત સાંભળીને જ આનંદિત થઈ ઊઠ્યું યોગીબાવાના પગ પકડી દંડવત્ પ્રણામ કરતા... અને બાબાના પગ આગળ સાથે લાવેલા રૂપિયાની નોટો મૂકતાં.

"આની કંઈ જરૂર નથી" એવું યોગીબાવા કહેતા અને પણ ખરા... એવું તો તેઓ દરેકને કહેતા... પણ લોકો એમ કંઈ મફતમાં થોડું કામ કરાવવા આવે? પોતાના ઘેર લૂલા-લંગડા ગરીબ ભીખારીઓ સામે સામે ચાલીને આવે અને કંઈક ભીખ માગે ત્યારે છણકા કરીને ઘર આગળથી કાઢી મૂકતા આવા અંધશ્રધ્ધાળું એક દુર્લભ કહેવાય એવી સંતાનપ્રાપ્તિની ભીખ માગવા યોગીબાવા પાસે જાય અને યોગીબાવા ના પાડે તો પણ સો-સો પાંચસોની નોટો ધરીને ચૂપચાપ રવાના થતાં....

સમાજમાં આવા ઘણાં બધાં છે... ઘેર માગવા આવતા ભિખારીઓમાં ભગવાનના દર્શન કરનારા કેટલા? ભાગ્યે જ કોઈ એવો હરિનો લાલ હોય... અને એ પણ મધ્યમ વર્ગનો જ હોય... પણ ઢોંગ-ધતુરા સાધુઅબાવાને ત્યાં પૈસાનો ઢગલો કરી આપનારાઓ ભીખ માંગવા આવનારાઓ ભીખારીઓને પાંચ પૈસાનું પણ દાન કરવાની દયા તાકતા  હોતા નથી.

" બાપજી મારી જમીન ફલાણાએ લઈ લીધી છે... બાપજી... મારા ધંધામાં બહુ મોટી ખોટ ગઈ છે.... મારો પુત્ર પાગલ થઈ ગયો છે... મારે ત્યાં પુત્ર નહિ પણ સાત સાત પુત્રીઓ જન્મી છે... પુત્ર જન્મે એવા કંઈક આશીર્વાદ આપો.... મારા સંબંધીનું ખૂન કરનાર મરી જાય એવો ઉપાય બતાવો... હું ધનવાન બની જાઉં... મારો બંગલો હોય...ગાડી હોય એના માટે વિધી કરી આપો... મારી માને કેન્સર મટાડી આપો... મારા પિતાના પગે વા થયો છે મટાડી આપો... બાબાજી...બાપજી...હું પેલી ()ને બહું પ્રેમ કરૂં છું પણ એ મારી તરફ જોતી પણ નથી... એ મારી સ્વપ્નની રાણી મને પ્રેમ કરે... બસ મને જ જુએ... કંઈક એવી ભસ્મ આપો..."

યોગીબાવાના આશ્રમમાં આવા તો ઘણાં બધા આવતા અને એ તમામને સંતોષકારક ઉપાય બતાવતા... જો કે ખુદ યોગીબાવા જુવાન હતા... બહુ  નાની ઉંમરે જ એમણે તાંત્રિક વિદ્યા સિધ્ધિ પ્રાપ્ત કરી હતી એવી વાત તેમણે ફલાવી હતી... કદાચ નાની ઉંમરના આ યોગીબાવાની તપસ્યાની વાતો સાંભળીને જ લોકોમાં તેમના પ્રત્યે ભાવ અને શ્રધ્ધા વધવા લાગી હતી.

એ દિવસે એક પચ્ચીસેક વર્ષની ઉંમરની જુવાન દેખાવડી,સુંદર દીકરીને લઈને એનો બાપ યોગીબાવાના આશ્રમ પર આવ્યા... એ દિવસે ભારે ભીડ હતી... સૌપ્રથમ આવેલા આ બાપ-દીકરી બંનેને યોગીબાવાએ એક તરફ બેસાડી રાખ્યા હતા... એક તો એ છોકરીનો બાપ બધાની હાજરીમાં પોતાની વાત કહેતાં શંકોચાતો હોવાથી એણે જ બાવાજીને એકાંતમાં મળવાનું જણાવ્યું હતું. એટલે બાપ-દીકરી બંને બાવાજીના પગ આગળ બેસી રહ્યા હતા....

જ્યારે બધા ચાલ્યા ગયા ત્યારે યોગીબાવાએ બંને બાપ-દીકરીને આશ્રમમાં એક રૂમમાં લઈ ગયા...

"બોલો... હવે તમારી શું સમસ્યા છે?"

"બાબા... આ મારી પુત્રી છે... જુવાન થઈ ગઈ છે... મારે એને માટે ફોરેનનો મુરતિયો શોધવો છે પણ... મારી પાસે ઘણાં બધા રૂપિયા છે... ગાડી-બંગલા ઘણું જ છે... પણ આ મારી દીકરી સાથે લગ્ન કરે એવો કોઈ મુરતિયો મળતો નથી... મુરતિયો મળે મળે છે પણ... પણ મારો કોઈ દુશ્મન એને બધી જ વાત કરી દે છે એટલે એ મુરતિયો ના પાડી દે છે..."

"કેમ... એવી તે શું વાત છે કે એ સાંભળીને મુરતિયો ના પાડે છે..."

"બાબા... આજે હું તમારી આગળ મારી જાંઘ ઉઘાડી કરૂ છું... ઘણા બધાએ તમારી વાત કરી એટલે એક આશાએ આવ્યો છું... આ મારી દીકરી

કોલેજ કરતી હતી ત્યારે કોઈ લફંગા છોકરા સાથે.... અને એનો જુવાનીમાંજ પગ લપસી ગયો... વીસેક વર્ષની હતી અને ન કરવાનું કરી બેઠી... પેલા લફંગાએ એને છોડી દીધી... કેમ કે મારી દીકરી કુંવારી મા બનવાની હતી... મારી દીકરીના પેટમાં પેલાનો ત્રણ મહિનાનો ગર્ભ હતો... મેં જાણ્યું એટલે એક ખાનગી હોસ્પિટલમાં લઈ જઈ ડૉક્ટર પાસે એનો ગર્ભપાત કરાવ્યો... એ ડૉક્ટરનું મ્હોં બંધ કરાવવા અને મારી તથા મારી દીકરીની આબરૂ સાચવવા મેં ડૉક્ટરે કહ્યા એટલા રૂપિયા આપી દીધા... પણ પછી આ વાત અમારા સમાજમાં ફેલાઈ ગઈ... બાપજી... પાંચ પાંચ વર્ષથી એના માટે રખડું છું પણ કંઈ ઠેકાણું પડતું નથી..."

આ વાત ચાલતી હતી ત્યારે યોગીબાવાની નજર જુવાન યુવતીના અંગ-ઉપાંગો પર ફરતી હતી. જો કે એ નજર બાપ-દીકરી બંનેમાંથી કોઈ પારખી ન શક્યું... બાપ શરમજનક વાત કરતો હોવાથી આંખો નીચી ઢાળેલી રાખી હતી પોતાની આવી વાત એક સાધુ-બાવા આગળ પોતાની હાજરીમાં એક બાપ કરી રહ્યા હોવાથી યુવતી પણ નીચું જોઈને જમીન ખોતરી રહી હતી...

વાત પૂરી થઈ... યોગીબાવાએ નજર ફેરવી અને યુવતીના પિતાને દિલાસો આપતાં જણાવ્યું કે -

"ઈશ્વરની દયાથી બધાં સારા વાના થઈ જશે... મારી સ્મશાનઘાટની તપસ્યા કામ લાગી જશે... પણ એના માટે તમારે અમાસની રાતે આ તમારી દીકરીને આશ્રમમાં મોકલવી પડશે... જે કંઈ વિધી કરવાની છે એ અહીં જ આશ્રમમાં ખુલ્લા આકાશ નીચે કરવાની છે... પછી જુઓ કે તમારી દીકરીના એકથી એક ચડિયાતા માંગા આવે છે કે નહિં..."

ખુશખુશાલ યુવતીનો બાપ યોગીબાવાના પગે પડી ગયો અને રૂપિયાની થોકડી મૂકી તો તરત જ યોગીબાવા બોલી ઉઠ્યા....

" ઉઠો અને આ રૂપિયાની થોકડી પણ લઈ લો... આ તો મારી તપસ્યાની કસોટી છે..." અને મારે પુણ્યના કામમાં તપસ્યાનો ઉપયોગ કરવાનો છે...જાવ...આ પૈસા લઈ જાવ અને ગરીબો-બ્રાહ્મણોને દાન કરી દેજો.... અમાસની રાત્રે આવી જજો...

બંને બાપ - દીકરી ત્યાંથી રવાના થઈ ગયા...

સાત દિવસ પસાર થઈ ગયા... અમાસની રાત્રે અગિયારેક વાગ્યાના સુમારે બા-દીકરી બંને ગાડી લઈને આવી ગયા.

યોગીબાવાએ યુવતીના બાપને કહી દીધું કે મારે જે વિધી કરવાની છે એ વિધિ બાર વાગ્યા પછી એકાંતમાં કરવાની છે તમે સવારે ગાડી લઈને આવજો... આખી રાત આ વિધિ ચાલશે....

બાપ રવાના થઈ ગયો... થોડી થોડી ગભરાતી યુવતી આશ્રમમાં ગઈ... યોગીબાવાએ આશ્રમની અગાસી ઉપર ધૂણી ધખાવી હતી... અમાસની રાત... ખુલ્લું આકાશ... એકાંત પણ હતું...

અમાસની રાતના બરોબર બારના ટકોરા પડ્યા એટલે યોગીબાવાએ પેલી યુવતીને અગાસી ઉપર બોલાવી... પોતે ધૂણીની સામે પાટ પર બેઠા હતા... સામેની ખાલી પાટ પર યુવતીને બેસાડી... ધૂણી બરાબર ધીખતી હતી... એના પ્રકાશમાં યુવતીનું શરીર સુંદરતામાં વધારો કરતો હતો... અડધો કલાક સુધી યોગીબાવાએ આંખો બંધ કરીને કંઈક જાપ જપ્યા પછી બોલ્યો... " હવે દીકરી... તારે હું જેમ કહું એમ કરવાનું.... તારે મારી બંધ આંખો સામે જોઈને મારી આજ્ઞા પ્રમાણે કરવાનું...."

યુવતીએ ડોકું હલાવી હા પાડી.

પંદરેક મિનિટ પછી યોગીબાવાએ બોલવાનું શરૂ કર્યું...

" દીકરી... હવે તારા શરીર પરના કપડાં ધીરે ધીરે ઉતારવા માંડ... પ્રથમ ભરી કમરના નીચેના કપડાં ઉતારવાના... પછી કમરના ઉપરના ભાગના તમામ કપડાં ઉતારવાના... માત્ર તારા શરીર ઉપર છેલ્લું કપડું પાતળું એટલે કે સાડી એકલી જ રહેવી જોઈએ... જો જે પાછી... વિધિ ચાલુ થઈ ગઈ છે એટલે એ પાટલી પરથી ઊભા થવાનું પણ પોટલી છોડવાની નથી... નહિંતર ભસ્મીભૂત થઈ જઈશ..."

ડરી ગયેલી યુવતીએ યોગીબાવાના કહ્યા પ્રમાણે તમામ કપડાં કાઢી

નાંખ્યા... માત્ર શરીર પર સાડી એકલી જ વીંટાળી રાખી હતી... બરાબર રાતના એક વાગ્યા હતા.... અને યોગીબાવાએ આંખો એકદમ ખોલી નાંખી...

ધૂણીના અજવાળામાં સામેની પાટલી ઉપર માત્ર સાડી વીંટેલી હાલતમાં યુવતી ઉભી હતી... યોગીબાવા પણ પોતાની જગ્યાએ ઊભા થયા... અને બોલ્યા..." હવે તારી આંખો બંધ કર અને સાડી કાઢી નાંખ..."

આ વાતથી યુવતી ચમકી... એને યોગીબાવાની દાનત સારી ન લાગી... એટલે એણે સાડી કાઢવાની ના પાડી દીધી કે તરત જ યોગીબાવા તેની તરફ લપક્યો... યુવતી કંઈ સમજે તે પહેલાં જ યોગીબાવાએ યુવતીના શરીર પરની સાડી ખેંચી કાઢી... તદ્દન નિર્વસ્ત્ર બની ગયેલી યુવતીએ બંને હાથ વડે પોતાના અંગો ઢાંકવા પ્રયત્ન કરીને ભાગવા લાગી પરંતુ પેલો હવસખોર યોગીબાવાએ તેને પકડી પાડી અને ધખાવેલી ધૂણીના અજવાળે જ લાચાર યુવતી પર બળાત્કાર ગુજાર્યો...

હવસખોર બાવાના પંજામાંથી છૂટવા માટે ઘણા ધમપછાડા કરતી યુવતીએ બૂમો પણ પાડી પણ....

અમાસની રાત... એકાંતમાં આવેલ આશ્રમની અગાસી... એની ચીસો કોણ સાંભળે...?... પોતાની હવસ સંતોષી ઊભા થયેલા યોગીબાવાએ જોયું તો પોતાના હુમલાને કારણે યુવતી અર્ધબેભાન જેવી બની ગઈ હતી... એને એજ હાલતમાં છોડી દઈને યોગીબાવો ત્યાંથી ભાગ્યો... અને અંધકારમાં અદ્રશ્ય થઈ ગયો....

સવારે જ્યારે યુવતીને લેવા માટે તેનો બાપ આવ્યો અને તેને વળગીને ધ્રુસકેને ધ્રુસકે રડી પડેલી યુવતીને બાવાના અસલી રૂપની વાત કરી ત્યારે એનો બાપ પણ ભાંગી પડ્યો.

અમેરિકા મોકલવાની લ્હાયમાં અને પરદેશી મુરતિયો શોધવાની પળોજણમાં પોતાની દીકરીને પોતાના જ હાથે અજાણ્યા બાવાને સોંપનાર પિતાના પસ્તાવાનો પાર ન રહ્યો... એ અઘોરી યોગીબાવાએ પોતાની દીકરી પર અત્યાચાર ગુજાર્યો ત્યારથી આવી અંધશ્રધ્ધા અને તાંત્રિક વિધિ-સિધ્ધિમાં વિશ્વાસ ન રાખવાનો નિર્ણય કરી ચૂકેલા પિતાએ દીકરીને પરદેશ મોકલવાની લાલચ પણ છોડી દીધી.

## ૨૬. સો દહાડા સાસુના; એક દહાડો વહુનો

જમાનો કઈ દિશામાં જઈ રહ્યો છે એ તો કુદરત જ જાણે... અગાઉના એટલે કે જૂના જમાનામાં ઘરમાં જુવાન દીકરીઓ ફરતી હોય ત્યારે બાપની નીંદર હરામ થઈ જતી... સારો અને ખાનદાનને શોભે એવો મૂરતિયો પોતાની દીકરી માટે શોધવા બાપ હંમેશા ચિંતા કરતો રહેતો.... અમુક કક્ષા સુધી દીકરીને ભણાવ્યા પછી ઉઠાવી... ભણતર છોડાવી દઈ તેને ઘરનું કામકાજ રસોઈ પાણી શીખવાડવામાં આવતું જેથે એને જ્યારે સાસરે વળાવવામાં આવે ત્યારે.... અને સાસરીમાં દીકરી ઘરસંસાર માંડે ત્યારે તેને આવા ઘરના કોઈપણ કામકાજ માટે કોઈપણ પ્રકારનો ઠપકો સાભળવો ન પડે.... કે તારી માએ તને કશું શીખવાડ્યું નથી કે પછી સાસરીમાં કોઈ ઢંગનું કામ કઈ રીતે કરવું કે કંઈ રીતે રહેવું એની શીખામણ પણ તારી માએ આપી નથી.

પહેલાંના જમાનામાં સાસરીમાં આવેલી નવોઢા પોતાના દિયર અને નણંદ સિવાય તમામ લોકોનો મલાજો જાળવવા હાથેકનો ઘૂંઘટ તાણીને પોતાનું મ્હોં છૂપાવતી.... એટલું જ નહિ પણ રાત્રે એક જ શયનકક્ષમાં.... એકજ ઢોલીયામાં તમામ મલાજાના આવરણ દૂર કરીને પતિના બાહુપાશમાં શરમાઈને પણ ઢગ વળી જતી નવોઢા દિવસના અજવાળામાં અન્યોની સમક્ષ પોતાના પતિનો પણ મલાજો જાળવવા માટે ઘૂંઘટ તાણતી... લગ્નના શરૂ શરૂના દિવસો તો ઠીક પણ શરૂ શરૂના વર્ષો સુધી ઘૂંઘટમાં મોઢું છુપાવતી ફરતી.... ઘરમાં આવેલી વહુ કેવું બોલે છે એની ઘરના કોઈ સભ્યને પણ ખબર પડતી નહીં...

ઘૂંઘટ... એક પ્રકારનો પડદો... પરણીને સાસરે પધારેલી નવોઢા હંમેશાં ઘૂંઘટમાં રહ્યા કરતી... ઘૂંઘટ એટલે વડીલોનો મલાજો જાળવવો એવો સીધો અર્થ થાય... જેઠ-જેઠાણી, સાસુ-સસરાનો મલાજો જાળવતી એ ભારતીય નારી ઘૂંઘટ ઓઢતી ત્યારે તેનું મુખડું ન દેખાય તો પણ સુંદર લાગતી અને એમાં ભારતીય નારીનાં લક્ષણો દેખાતાં....

જ્યારે અત્યારે ?

આ વૈજ્ઞાનિક અને આધુનિક જમાનામાં કુળવધૂઓ પણ આધુનિક બની ગઈ છે... હાથેક જેટલો લાંબો ઘૂંઘટ તાણવાનો તો ક્યાંય રહ્યો પણ ખુલ્લેઆમ બને એટલાં ઓછા કપડાં પહેરવાની ફેશનમાં આવી ગયેલી આજની વહુ સાસરીમાં પગ મૂકતાંની સાથે જ પતિગૃહે પતિ ઉપરાંત પતિના સગાં-સંબંધીઓ પર રોફ જમાવતી હોય છે.... પતિને પરમેશ્વર માનવાને બદલે ફેશનને પરમેશ્વર માનતી આધુનિક નારી પતિને પણ ઘાસ ચરતો ઘોડો સમજી બેસતી હોય છે... અને પોતાને પતિવ્રતા ભારતીય નારી ગણાવતી હોય છે. પુરૂષ સમોવડી બનવા જતી નારી ક્યારેક ક્યારેક તેની નાજુકતા, સંકોચ અને સ્ત્રીસહજ શરમાળ વૃતિ ભૂલી જતી હોય છે....

એકતરફ સમાજની અબળા નારી છે. તો બીજી તરફ સબળા અને મા-બાપની આબરૂના ધજાગરા ઉડાડતી પશ્ચિમી રંગે રંગાયેલી ઉચ્છૂંખલ નારી... પોતાનું ધાર્યું કરાવનાર આ નારી... ક્યારેક અપરાધના મૂળમાં પહોંચવામાં પણ પાછી પાની કરતી નહોતી.. એ વખતે તેના સ્ત્રીસહજ લક્ષણો તો ક્યાંય હવામાં ઓગળી ગયા હોય છે. નારીએ પોતાની પોઝીશન પ્રમાણે વ્યક્તિત્વ દેખાડવાને બદલે.... પોઝીશન જોયા વિના જ પોતાની નારીશક્તિનો પરચો આપવા જતાં ભયંકર ભૂલ કરી બેસતી હોય છે.

દહેજના રાક્ષસે કેટલીયે નારીનો ભોગ લીધો છે... કેટલીયે નારીનો ઘરસંસાર નંદવાયો છે પણ આ સંસારમાં પોતાનો પણ કંઈક અધિકાર છે. એવી માન્યતાના અતિરેકમાં કાચુ કાપી નાંખતી હોય છે.

અત્યાર સુધી તો દહેજ જેવા રાક્ષસને કારણે કેટલીયે નારીએ ઘરસંસારમાં ભંગાણ તો જોયું છે તદ્ઉપરાંત જીવ ખોવાનો પણ વારો આવ્યો છે પણ આવી કે જેને અબળા કહેવામાં આવે છે એ અબળા જ્યારે સબળા બને છે ત્યારે ન કરવાનું કરી બેસતી હોય છે અને આવું અજૂગતું બનવાની શક્યતાનું દ્રષ્ટાંત પુરૂ પાડતો એક ભેદભરમવાળો કિસ્સો તાજેતરમાં રાજ્યના મહાનગરમાં બની ગયો.... લોકો આંગળા મોઢામાં નાખી ગયા.... જેણે આ દ્રશ્ય જોયું એનું મોઢું પહોળું તો રહી ગયું સાથે સાથે આંખો પણ ફાટીને ફાટી રહી ગઈ...

પતિ ગયો છે પૈસા કમાવવા... સસરા તો છે જ નહિ... એક નણંદ હતી એને પણ સાસરે વળાવી દીધી.... દિયર તેના ધંધાર્થે ઓફિસે ગયો છે અને ઘરમાં માત્ર સાસુ-વહુ એકલા છે... ઘરમાં મોટી વહુ હતી એ... સાસુ સિવાય સઘળાં એની આજ્ઞા માને એવું... પણ છતાંય આજ્ઞા પણ એણે પાળવાની હતી જે પસંદ તો નહોતું પણ કરે શું....? ઘરમાં સાસુ હયાત હતાં...

બિચારી સાસુ છીંક ખાતાં પણ મોટી વહુનું નામ લેતાં નહિ છતાં પણ એ વહુ માટે આંખનો કણો બની ગયાં હતાં... ઘરની નાની અમથી તમામ બાબતોમાં મદદરૂપ બનવા છતાં મોટી વહુને સાસુ ખૂંચવા લાગી...

બપોર થવા આવી હતી... ધાબા ઉપર સૂર્યના તડકે ટાઢ ઉડાડતા સાસુમા બેઠાબેઠા વટાણા ફોલી રહ્યા હતા કે અચાનક આવી ચઢેલી મોટી વહુએ સીધો જ જાણે હુમલો કર્યો.

"તમે મને ગમતા નથી.... તમે મારી જીંદગી ધૂળધાણી કરી દીધી છે. તમને ભગવાન માફ઼ કરે કે ન કરે... પણ હું તમને આ આયખામાં માફ નહીં કરૂં...."

" પણ... મોટી વહુ મેં તારૂં શું બગાડ્યું છે એ તો કહે?"

એમ કહીને સાસુમા સમારેલું શાકભાજી રસોડામાં મૂકી આવવા માટે ધાબા પરથી નીચે ઉતર્યા..... એમની પાછળ સખ્ત ચહેરા સાથે મોટી વહૂ પણ પગથિયાં ઉતરી ગઇ..... એના સખ્ત ચહેરાના ભાવ પરથી એના મનમાં ભયંકર કલ્પના રમી રહી હશે એનો સહેજ પણ ખ્યાલ આવે એમ નહોતો.... સાસુમા જેવી ઘરના રસોડામાં ઘૂસી કે એની પાછળ પાછળ રસોડામાં આવેલી મોટી વહુએ દરવાજો અંદરથી બંધ કરી દીધો.....

એક ખૂણાંમાં પડી રહેલા શીકામાંથી એણે ધારદાર ચાકૂ ઉઠાવ્યું અને સાસુ તરફ લપકી..... સાસુમાના માથાના વાળ ઝાલીને નીચે પાડી દીધા..... સાસુની છાતી ઉપર ચડી બેઠેલી મોટી વહુનું રૌદ્ર રુપ જોઈને ગભરાઈ ગયેલા સાસુમાએ બૂમ પાડવાનો પ્રયાસ કર્યો પરંતુ.....?

સાક્ષાત જોગણી લાગતી મોટીવહૂએ જમણા હાથમાં મજબૂત પકડેલ ચાકૂથી સાસુમાની ગરદન વાઢવા લાગી....

આ દ્રશ્ય જોઈને ભલભલા પુરૂષનાં તો હાજાં ગગડી જાય ત્યાં જો આવુ દ્રશ્ય ભૂલેચુકે પણ કોઈ સ્ત્રી જોઈ ગઈ હોઈ તો નક્કી એનું હાર્ટ ફેઈલ થઈ જાઈ..... એટલું ભયાનક એ દ્રશ્ય હતુ.... એક સ્ત્રી બીજી સ્ત્રીના લોહીની તરસી બની હતી જાણે... લોહી તરસી ચૂડેલ  ની માફક મોટી વહૂએ ક્રૂરતા અને નિર્દયતાથી...... નિર્ભયતાથી સાસુની ગરદન પર કરવતની માફક ચાકૂ ચલાવતી હતી અને ..... અને ધડથી માથું અલગ કરી નાખ્યું......

સ્ત્રીઓ લાગણી દયા કરૂણાની મર્તિ કહેવાય છે. કોઈ અન્યને અકસ્માત થયો હોય કે કંઈક વાગવાથી...... ઘા, થવાથી લોહી નીકળ્યુ હોય તો કોઈ પણ સ્ત્રી આ લોહી જોઈ શકતી નથી... કંપારી વછૂટે એના આખા શરીરે.... આ તો ઠીક પણ દવાખાનામાં પોતાના બાળકને ડૉકટર ઈન્જેકશન મૂકે કે કોઈ વાગેલા ઘા ઉપર દવા લગાવે તો એ બાળકની માતા આંખો બંધ કરે દે કે પછી એક બાજુ નજર ફેરવી લેતી હોય એટલી નાજુક દિલની સ્ત્રી હોય છે..... કોઈની હત્યા થયેલી જૂએ કે અકસ્માતથી કોઈ નો શરીરનો ભાગ છૂંદાયેલ કે લાશ જોઈને બેભાન થઈ જનારી સ્ત્રી જ્યારે પોતાની માતા સમાન સાસુની છાતી ઉપર ચડી બેસીને હાથમાં ચાકૂ લઈને ક્રૂરતાથી એની ગરદન કાપી માથું ધડથી અલગ કરી નાંખે ત્યાં સુધીની ક્રૂરતા આચરે એ કદાચ સામાન્ય સંજોગોમાં માન્યમાં ન આવે એવી વાત છે.

પણ બની ગઈ એ હકીકત હતી....

સાસુ-વહુના ઝઘડા તો જગ જાહેર હોય છે...... નાની અમથી બાબતોને લઈને તકરાર તો થાય...... પણ આ તકરાર શાબ્દિક હોય છે બહુ બહુ તો સાસુ સબળ હોય તો વહુને અને વહુ સબળ હોયતો સાસુને માર ખાવો પડે પણ.....સાસુ-વહુના ઝઘડામાં હત્યા કરવા સુધીનુ હિચકારૂ કૃત્ય કરવા સુધીના ભાગ્યે જ બનાવો બનતા હોય છે..... અને આવા બનાવો પણ સળગાવી દેવાના, ગળું દબાવવાના, ગળે ફાંસો આપી દેવાના કે પછી ઝેર પીવડાવી દઈ હત્યા કરવામાં આવે પણ તીક્ષ્ણ હથિયારથી કરવત ની માફક ધડથી માથુ અલગ કરવાની આ હિચકારી ઘટનાએ ભારે ચકચાર જગાવી દીધી મહાનગરમાં...

સત્તર વર્ષ પહેલા પરણીને સાસરે આવેલી પરજ્ઞાતિની વહુના મગજમાં પ્રથમથી જ કોઈએ ભરાવી દીધું હતું કે તેના સુખી સંસારમાં તેની સાસુ નડતરરૂપ છે..... એ કાંટો તો કાઢવો પડશે..... અને ત્યારથી સાસુનો કાંટો કાઢવા પ્લાન ઘડતી વહુએ બપોરે લાગ સાધ્યો....

ધાબા પરથી ઘરમાં આવેલી સાસુની પાછળ પાછળ ઘરમાં આવેલી વહુને મુખ્ય દરવાજો  બંધ કરી દીધો અને સાસુની કરપીણ હત્યા કરી નાંખી.... ઠંડે કલેજે....માથું ધડથી અલગ તો કરી નાંખ્યું. એટલે થી વહુ અટકી નહીં પણ સાસુની ગરદનથી અલગ કરી નાખેલું માથું એને ચોટલાથી પકડ્યું અને લોહી નીતરતું માથું પાણિયારા ઉપર ચત્તું મુકી દીધું....

હત્યા  કરવાની હદ વટાવી ચૂકેલી મોટી વહુએ પોતે કરેલા હિચકારા કૃત્ય બાદ એજ લોહીયાળ ચાકુ પોતાના પેટમાં ઘોંચી દઈને આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યો પણ.... સાસુની હત્યા કરવામાં સફળ થયેલી વહુ પોતે પોતાની હત્યા કરવામાં નિષ્ફળ થઈ.... આજ તો કુદરતની કરામત છે....

## ૨૭. માથા વગરની લાશનું રહસ્ય

રાત્રે એક વાગ્યાની લોકલ ટ્રેન પ્લેટફોર્મ પર આવીને ઉભી રહી અને રડ્યા ખડ્યા મુસાફરો ટ્રેનમાંથી ઉતરીને ચાલતા થયા ત્યારબાદ આ ટ્રેનને લૂપ લાઈન પર લઈ જવામાં આવી. લોકલ ટ્રેનનું આ છેલ્લું સ્ટોપેજ હતું. આ ટ્રેન વહેલી સવારે ઉપડવાની હતી એટલે તેના તમામ ડબ્બા ચેક કરવામાં આવ્યા અને સાફસફાઈ પણ કરવામાં આવી ત્યારે જનરલ ડબ્બામાં પતરાંની એક મોટી પેટી પડેલી જોતાં કોઈ મુસાફર આ પેટી ભૂલી ગયો હશે.

સફાઈવાળાએ પેટીને ઉંચકવા પ્રયત્ન કર્યો... પણ પેટી વજનદાર હતી... એણે પોતાના હેડને આ વાતની જાણ કરી પોલીસને જાણ કરવામાં આવી. રેલવે પોલીસે આ પેટી બિનવારસી મળી આવતાં જપ્ત કરી અને પેટી પોલીસ સ્ટેશનના બિનવારસી મુદ્દામાલના રૂમમાં મૂકી દેવામાં આવી.

બીજા દિવસે સવારે પોલીસ સ્ટેશને હાજર થયેલા સબ ઈન્સ્પેકટરે રાત્રે

કંઈ નવાજૂની હતી કે નહિ એની પૂછપરછ કરતાં નાઈટમાં રોકાયેલા પી.એસ.ઓ.એ. જણાવ્યું આમ તો કંઈ ખાસ નવાજૂની નથી. માત્ર એક પતરાંની લાંબી પેટી બિનવારસી મળી આવી છે.... કોઈ મુસાફર ભૂલી ગયો લાગે છે.... યાદ આવશે એટલે આવીને લઈ જશે....

" શું હતું પેટીમાં....? કપડાંને એવું બધું હશે કેમ ?"

" એ તો ખબર નથી સાહેબ.... અમે પેટીનું તાળું ખોલ્યું નથી અને જોયું પણ નથી.... પણ સાહેબ.... એમાં કપડાં તો નહીં જ હોય.... કેમ કે પેટી ખૂબ વજનદાર છે...."

સબ ઈન્સ્પેક્ટરને શક પડ્યો અને શંકાનું સમાધાન કરવા માટે એમણે મુદ્દામાલ રૂમમાંથી એ પેટી બહાર કઢાવી તેમણે પણ ઉંચકવા માટે પ્રયત્ન કર્યો.... ભારે વજનદાર હતી પેટી.... તેમણે પેટીમાંથી આવતી સુગંધ ઓળખવા પ્રયત્ન કર્યો.... અત્તરની સુગંધ આવતી હતી. વધુ શક જતાં બે પંચો રૂબરૂ પેટીનું તાળું તોડાવ્યું અને જેવું ઢાંકણું ખોલ્યું કે જોનારની આંખો પહોળી થઈ ગઈ.

પેટીમાં કોઈ અજાણ્યા આધેડ પુરૂષની માથા વગરની લાશ પડેલી હતી.... માથું કાપી નાંખવામાં આવ્યું હતું.... પેટીના તળિયાના ભાગે લોહીના ડાઘ પડ્યા હતા.... લોહીની ગંધ ન આવે એટલા માટે મોંઘુ ડાટ અત્તર લાશ પર છાંટવાને બદલે રેડ્યું હોવાનું લાગ્યું....

જો કે ખૂન થવાને બહુ દિવસો વિત્યા નહોતા.... માંડ ચોવીસ કલાક પહેલાં ખૂન થયું હોવાનું પોલીસે અનુમાન લગાવ્યું.

સબ ઈન્સ્પેક્ટરે આ હત્યા કરેલી લાશને બિનવારસી હાલતમાં કબજો લઈ પી.એમ. માટે મોકલી આપી અને લાશનું વર્ણનવાળી પ્રેસનોટ ઈસ્યુ કરીને તમામ અખબારોમાં પ્રસિદ્ધ કરવા મોકલી આપી હતી.

આ દિવસે જ અહીં થી સિત્તેર કિલોમીટર દૂર આવેલા એક શહેર જેવા ગામના પોલીસ સ્ટેશને એક મહિલાએ જાહેરાત કરી હતી કે તેનો પતિ પાંચેક દિવસથી ગૂમ થઈ ગયા છે. આમ તો નજીકના સ્ટેશનવાળા ગામમાં ગયા હતા... તેમની પાસે પાંચ લાખ રૂપિયા રોકડા હતા.... અમારા બે ગામની વચ્ચે આવેલા સીમાડામાં એક ફાર્મહાઉસ વેચાતું લેવાનુ હતું અને એના પૈસા લઈને બે ગયા હતા.... અમે ત્યાં તપાસ કરી તો કહે કે અહીં તો એ આવ્યા જ નથી એટલે આખરે અમારે પોલીસને જાણ કરવા આવવું પડ્યું છે....

આ મહિલાની પાસેથી એના પતિનું વર્ણન ઉંમર વગેરેની નોંધ કરીને પોલીસે જાણવા જોગ એન્ટ્રીમાં ગૂમ થયાની નોંધ કરી અને પેલી મહિલાને દિલાસો આપીને રવાના કરી દીધી.

ગૂમ થનાર નારણ શેઠ.... ઉંમર ૪૫ વર્ષ.... ધોતી ઝભ્ભો પહેરીને નજીકના ગામમાં રહેતા તિવારીને ત્યાં પૈસા લઈને ગયા હતા.... પણ તિવારી અને તેનો ભાઈ બંધ જોગી બંનેએ જણાવી દીધું હતું કે, અમે તો નારણ શેઠની રાહ જોઈને બેઠા છીએ.... હજુ અહીં આવ્યા જ નથી....

બીજા દિવસના છાપામાં એક બાજુ નારણ શેઠના ગૂમ થયાની જાહેરાત અને બીજી તરફ હત્યા કરીને બિનવારસી છોડી દેવામાં આવેલી માથા વગરની લાશના સમાચાર.... દરમ્યાનમાં પોલીસ કંટ્રોલમાં પણ આ બંને બનાવના સંદેશા ઉતર્યા હતા.... બંને બનાવમાં ગૂમ થનાર અને લાશનું વર્ણન એકસરખું લાગતાં એસ.પી. શ્રી ચૌધરીએ આ ભેદી બનાવની તપાસ ઈન્સ્પેક્ટર નાગપાલને સોંપવાનો હુકમ કર્યો. ઈન્સ્પેક્ટર નાગપાલે તપાસની શરૂઆતમાં જ જાણી લીધું કે રેલવે પોલીસને મળી આવેલી બિનવારસી લાશ ગૂમ થનાર નારણ શેઠની જ હતી અને નારણની પત્નીએ પણ લાશને ઓળખી બતાવી....

હવે નારણ શેઠની હત્યા કોણે કરી ? એમની પાસેના પાંચ લાખ રૂપિયા ક્યાં ગયા....? એ શોધવા માટે પોલીસ દિમાગને જોર આપવા માંડ્યું નાગપાલને જે વ્યક્તિ પર શક હતો. તેના સુધી પહોંચવા માટે બે ત્રણ સાક્ષીઓની જરૂર હતી.

તેમણે વિચાર્યું કે, વજનદાર પેટે ટ્રેન સુધી પહોંચાડવા માટે ઓછામાં ઓછા બે માણસો જોઈએ જ.... અથવા તો જે જગ્યાએ હત્યા કરવામાં આવી હોય એ જગ્યાએથી કોઈ વાહનમાં આ પેટી મૂકવામાં આવી હોય.... જે સ્ટેશનેથી આ પેટી ટ્રેનમાં ચડાવવામાં આવી હશે ત્યાંથી કુલી કે મજુરોનો ઉપયોગ કરવામાં

આવ્યો હોય....

સૌથી પહેલાં તો ઈન્સ્પેક્ટર નાગપાલે પાંચેક ફૂટ લંબાઈવાળી પતરાની પેટી વેચનાર દુકાનદારની શોધ આરંભી તો જે પોલીસ સ્ટેશનમાં નારણ શેઠના ગૂમ થયાંની જાણ કરવામાં આવી હતી તે શહેરમાં માત્ર એક જ દુકાન હતી જેમાં આવી પતરાંની પેટી વેચાતી હતી.

ઈન્સ્પેક્ટરે પાંચ ફુટની લંબાઈવાળી પેટી વેચાતી લેવાની માગણી કરી ત્યારે દુકાનદારે સ્પષ્ટ જણાવી દીધું કે એવડી મોટી કોઈ પેટી એની પાસે નહોતી.... ઘણી રકઝક બાદ દુકાનદાર ઠેકાણે આવ્યો....

" સાહેબ... હું સાચું કહું છું.... આટલી લંબાઈવાળી પેટી અમારી પાસે નથી. એક પેટી હતી પણ એ તો ચાર-પાંચ દિવસ પહેલાં જ એક ઘરાક વેચાતી લઈ ગયો છે."

" ઠીક છે એ પેટી ખરીદનાર ઘરાકનું વર્ણન કરશો ?"

" આમ તો કંઈ યાદ ના આવે કેમ કે અમારે ત્યાં તો એવા કેટલાંય ઘરાકો આવે પણ એ ઘરાક થોડોથોડો યાદ રહી ગયો કેમ કે આઠસો રૂપિયાની પેટી ખરીદીને એણે પાંચસો પાંચસો રૂપિયાની બે નોટો અમને આપી દીધી હતી અને બાકીના બસો રૂપિયા પણ લેવા રોકાયો નહોતો.... અમે બિલ બનાવી આપવાની વાત કરી તો એણે જરૂર નથી એમ કહીને બિલ બનાવવા દીધું નહોતું.... દેખાવે આમ તો ગામડાનો હતો.... પણ ચહેરા ઉપર મોટી મોટી મૂંછો હતી અને જમણા ગાલ ઉપર કાળા રંગનો મસ થયેલો હતો... નામઠામ અમને ખબર નથી."

ત્યારબાદ ઈન્સ્પેક્ટર નાગપાલે રેલવે સ્ટેશને ઉભા રહેતા રીક્ષા ચાલકોની પૂછપરછ આરંભી.... ચાર પાંચ દિવસ પહેલાં વજનદાર પેટી કોની રીક્ષામાં સ્ટેશને આવી હતી. એની પૂછપરછ કરતાં અનવર રીક્ષાવાળાએ જણાવ્યું કે ગામના એક ચોકમાંથી એક જણાંએ પેટી તેની રીક્ષામાં ચડાવી હતી... પેટી પાછળની સીટમાં મૂકી હતી અને પેલો માણસ ડ્રાઈવરની બાજુમાં બેઠો હતો.... એનું વર્ણન પણ રીક્ષાવાળાએ જણાવ્યું એમાં પણ મોટી મોટી મૂંછોવાળો અને જમણા ગાલ ઉપર કાળો મસ....

આ માણસે રીક્ષાવાળાને વીસ રૂપિયાના બદલામાં પચાસ રૂપિયાની નોટ આપી દીધી હતી અને એટલે રીક્ષાવાળો ખુશ થઈ ગયેલો અને સ્ટેશને મજૂરી કરતા કારિયા ભીલને બોલાવી લાવ્યો હતો અને શેઠને અગવડ  ન પડે એટલા માટે મજૂર અને રીક્ષાવાળાએ ભેગા થઈને પેટી ટ્રેનમાં ચડાવી આપી હતી.... મજૂરને રૂા.૧૦  પણ આપી દીધા હતા. એ મજૂર કારિયાએ પણ અનવર રીક્ષાવાળાએ જણાવેલ વર્ણનવાળો માણસ હોવાનું જણાવ્યું.

હવે ઈન્સ્પેક્ટર નાગપાલને આ વર્ણનવાળો માણસ શોધવાનો હતો...રીક્ષાવાળાએ જે જગ્યા બતાવી હતી તે જગ્યાએ તપાસ કરતાં ત્યાં તો કોઈ એવી શંકાસ્પદ સ્થિતિ જણાઈ નહીં. હત્યારો હોંશિયાર હતો.... એણે લાશ ભરેલી પેટી દૂર જઈને રીક્ષામાં નાંખી હતી.

આટલે સુધી આવેલી તપાસમાં ઈન્સ્પેક્ટરે ઘણાં બધા પુરાવા મેળવી લીધા હતા... પોતે કરેલાં શક સાચો પડી રહ્યો હતો અને એટલે જ તેઓ મનમાં ને મનમાં ખુશ થઈ રહ્યા હતા. હત્યારા સુધી પહોંચવા માટે કડી મળી ગઈ હતી.

એમણે પૂર્વ તૈયારીઓ કર્યા બાદ તિવારીના નિવાસસ્થાને દરોડો પાડ્યો... ઈન્સ્પેક્ટરને જોઈને તિવારીએ નિખાલસ ભાવે આવકાર આપ્યો.

" કેમ સાહેબ... આટલે સુધી આવવું પડ્યું ? કંઈ...?"

" હું નારણ શેઠને શોધવા આવ્યો છું.... એ ગૂમ થઈ ગયા છે એ તો તમે જાણતા હશો...."

" હા સાહેબ.... નારણ શેઠને શોધવા એમના ઘરવાળા પણ અહીં આવ્યા હતા.... કેમ કે નારણ શેઠ પાંચ લાખ રૂપિયા લઈને મારે ત્યાં આવવાના હતા... ફાર્મહાઉસનો દસ્તાવેજ લેવા પણ એમની રાહ જોઈને અમે બેઠા હતા. પરંતુ નારણ શેઠ દેખાયા નહિં.... હમણાં બે દિવસ પહેલાં જ અમને ખબર પડી કે નારણ શેઠની કોઈ કે હત્યા કરી નાંખી છે. એમનું માથું કાપી નાંખ્યું છે અને લાશને રેલવે ગાડીમાં છોડીને હત્યારો નાસી છૂટ્યો છે એ એની પાસેના પાંચ લાખ રૂપિયા પણ લઈ ગયો છે. બિચારો.... નારણ શેઠ.... જાનથી યે ગયો અને

પૈસાથી યે ગયો...."

તિવારીએ નિખાલસતાથી નારણ શેઠના હત્યાના બનાવને વર્ણવીને અફસોસ વ્યક્ત કર્યો.

આ દરમ્યાન અજાણતા આવી ચડેલા તિવારીનો મિત્ર જોગી પોલીસ ઈન્સ્પકટરને જોઈને પ્રથમ ડઘાઈ ગયો હતો. પણ પછી સ્વાભાવિક બનીને ઈન્સ્પેક્ટરને સલામ કરી. પરંતુ તેના ચહેરા પરના બદલાયેલા ગભરાટના ભાવો ચાલાક ઈન્સ્પેક્ટરની નજરમાંથી છૂપાયા ન રહ્યા....

" આ.... કોણ....?" ઈન્સ્પેક્ટરે તિવારીને પૂછ્યું.

" આ... આ જોગી છે.... મારો ગાઢ મિત્ર છે.... મુંબઈથી થોડા દિવસ માટે મારે ત્યાં રહેવા આવ્યો છે...."

" એમ ?" ઈન્સ્પેક્ટરે કુતુહલ દર્શાવ્યું....મુંબઈમાં રહેતા હોય એવું લાગતું નથી.... પહેરવેશ ગામડીયા જેવો પહેર્યો છે એટલે અને વળી મોટી મોટી મૂંછો....

" ગાડાનો પહેરવેશ પહેરવાનો મને શોખ છે.... જોગીએ કહ્યું અને વાતચીત દરમ્યાન ઈન્સ્પેક્ટરે જોગીના જમણા ગાલ ઉપર કાળો મસ જોયો અને ચમક્યા.... એમણે મોઢામાંથી વિચિત્ર અવાજે સીટી મારી કે તિવારીના બંગલાની બહાર ગોઠવેલ પોલીસ દોડતી આવી ગઈ.... બે સબઈન્સ્પેક્ટરો પણ દોડી આવ્યા હતા અને તિવારી તથા જોગી સામે રીવોલ્વર તાકીને ઉભા રહી ગયા...."

એ જોઈને છોભીલા બની ગયેલા તિવારીએ " શું વાત છે. સાહેબ.... અમારી સામે રીવોલ્વર કેમ તાકી છે...?" પૂછ્યું

" કેમ કે તમે બંને જણા હત્યારા છો. નારણ શેઠના પાંચ લાખ રૂપિયા પડાવી લેવા માટે તમે એનું ખૂન કર્યું છે...."

થોડી ઉલટ સુલટ તપાસ અને મેથીપાકે જોગીએ કબુલાત કરવા માંડી....

" સાહેબ... મેં નારણ શેઠની હત્યા નથી કરી... શેઠના પાંચ લાખ રૂપિયામાં મને બે લાખ રૂપિયા આપવાનો તિવારીએ વાયદો કર્યો હતો. એ નથી આપ્યા એટલે જ હું અહીં રોકાયો હતો. નહિતર મુંબઈ ચાલ્યો ગયો હોત.... નારણ શેઠ પાંચ લાખ રૂપિયા લઈને અહીં આવ્યા હતા એમને તિવારીએ શરાબનો નશો કરાવ્યો હતો અને પૈસાની એટેચી લઈ લીધી હતી. પણ ભાનમાં આવતા નારણ શેઠ બકી નાંખે નહી એટલા માટે તિવારીએ ધારિયાના ઝાટકે નારણ શેઠનું માથું ધડથી અલગ કરી દીધું હતું. એ માથું અહીં બંગલાની પાછળ દાટી દીધું છે અને નારણ શેઠની લાશ ઓળખાય નહિં એટલા માટે માથું દાબી દીધા બાદ બે લાખ રૂપિયાની લાલચ આપીને આ લાશ વગે કરવાનું મને સોંપ્યું હતું લાશ વગે કરવા મને પચ્ચીસ હજાર રૂપિયા આપ્યા હતા. પતરાંની પેટી લઈ આવી એમાં લાશ નાંખી ઉપર અત્તર નાંખ્યું હતું અને રીક્ષામાં આ પેટી સ્ટેશને લઈ ગયો હતો જ્યાંથી ટ્રેનમાં પેટી મૂકી હું બેઠો હતો અને વચ્ચેના સ્ટેશને પેટી ટ્રેનમાં રહેવા દઈને ઉતરી ગયો હતો. "

પ્રત્યક્ષ નજરે જોનાર સાક્ષી બની ગયેલા જોગીની જુબાની પર ઈન્સ્પેક્ટરે જોગી અને તિવારીની ધરપકડ કરી જેલ ભેગાં કરી દીધા.

## ૨૮. મિસ્ટર નટવરલાલ

જિલ્લાના મુખ્ય શહેરના મુખ્ય માર્ગ પર પાંચ માળની બિલ્ડીંગમાં ત્રીજા માળે એક નવી ઓફિસનું ઉદ્‌ઘાટન થયું.... ભારત દેશના ખૂણે ખૂણે આવેલા યાત્રાધામોએ દર્શન કરવા માટે.... દિવાળીના વેકેશનમાં નોકરિયાત વર્ગના લોકોને હરવા ફરવા જવા માટે વેકેશન ટૂર... સુખ-સગવડભરી આરામદાયક ટૂર માટેની ઓફિસ.... કોમ્પ્લેક્ષમાં લિફ્ટ દ્વારા ત્રીજા માળે પહોંચતા જ સામે આકર્ષક ઓફિસ.... ઓફિસની બહાર ભલે પધાર્યાનું બોર્ડ.... અંદર પ્રવેશીએ એટલે સામે જ ટેબલ પાછળની ખુરશીમાં એક ખૂબસુરત યુવતી અકર્ષક કપડાં ધારણ કરીને બેઠી હોય.... ટેબલની ની ઉપર ટેલિફોન.... આ ટેબલની જમણી પાર્ટીશન.... અને તેમાં દરવાજાની જગ્યાએ સુંદર પડદો... પડદો ખસેડીને અંદર જુઓ તો ત્યાં પણ એક ટેબલ... ટેબલ પર ફોન... એક ખૂણામાં પૃથ્વીનો ગોળો... ટેબલ પર ભારતનો નકશો... ટેબલ પાછળ આરામદાયક રીવોલ્વીંગ ખુરશી... આગળ-

પાછળ જવાય એવી... ચારે બાજુ ફરી શકાય એવી... અને ખુરશી પર આકર્ષક કપડાંનું કવર ચડાવેલું...

ખુરશીમાં એક આકર્ષક યુવક બેઠો હોય... શરીર પર કોટ,કોટી,ટાઈ આકર્ષક લાગે એવી પહેરીને બેઠેલા આ યુવાનની આંખો પર સોનેરી ફ્રેમના ચશ્મા હંમેશા રહેતાં... જેનાથી એનું વ્યક્તિત્વ અનેરૂ ખીલી ઉઠતું...

અવિનાશ એનું નામ... જિલ્લા બહારના આ યુવાને આ શહેરમાં પગ મૂક્યો અને જિલ્લાની પ્રજાની પડતીનો પ્રારંભ થયો... ચાલવાની ઢબ... સૂટ-બૂટ... વાકછટા... કોઈપણને આંજી દે તેવી... એક પોશ વિસ્તારમાં એણે બંગલો ભાડે લીધો... આકર્ષક વ્યક્તિત્વ અને વાકછટાથી આ અપરણિત યુવાનને બંગલા માલિકે પેઈંગ ગેસ્ટ પણ બનાવી દીધો.. અવિનાશે આ જ બંગલા માલિકના માધ્યમથી શહેરના મુખ્ય માર્ગ પરના કોમ્પ્લેક્ષમાં ઓફિસ પણ ભાડે લીધી.

દિવાળીને હજુ ત્રણેક મહિના હતા. અવિનાશે શરૂઆતના દિવસોમાં શહેર અને જિલ્લાની પ્રજાનો અભ્યાસ કરી લીધો... જિલ્લામાં લોકો નોકરીની લાલચ તો રાખતાં હતા અને નોકરિયાત વર્ગ રજાઓ દરમિયાન પૈસા ખર્ચવાની પણ તૈયારી બતાવતા... કેટલાંક ઉદ્યોગપતિઓ પણ હતા અને બિઝનેસમેન પણ ખરા... અવિનાશે આ લોકોને આકર્ષવા માટે પ્રથમ સ્થાનિક અખબારોનો આશરો લીધો... મોટી મોટી જાહેરાતો આપવાની લાલચ આપી... શરૂઆતની એક-બે જાહેરાતોના પૈસા પણ એણે ચૂકવી દીધા... જેનાથી તેણે અખબારોવાળાનો વિશ્વાસ સંપાદન કરી લીધો...

અને એક વખત અખબારવાળાને ચક્કરમાં લઈ લીધા પછી તો...પૂછવું જ શું... આકર્ષક જાહેરાતો વાંચીને લોકોએ ધસારો કર્યો... દિવાળીની રજાઓમાં હરવા-ફરવા જવા માટે બહુ જ ઓછી કિંમતની ટિકીટ મળતી હોવાથી કેટલાંક ઉત્સાહી અને ઉતાવળિયાંઓએ પૈસા પણ ચૂકવી દીધા... વહેલાં તે પહેલાંની સ્કીમ હોવાથી ક્યાંક જગ્યાઓ ભરાઈ જશે તો રહી જઈશું... અને વળી ગૃહિણીની હઠ પણ પૂરી કરવાની એટલે... અહિંના પુરૂષો પોતાની પત્નીની હઠ પૂરી કરવા ગમે એવું જોખમ પણ ખેડી લે છે એ રહસ્ય અવિનાશ જાણી ચૂક્યો હતો...

થોડી ઘણી આવક થતાં અવિનાશે ફરીથી અખબારમાં આકર્ષક સેક્રેટરી જોઈએ છે. આસીસ્ટન્ટ જોઈએ છે. શહેરોમાં એજન્ટો આકર્ષક કમિશનથી એજન્ટ નીમવાના છે...

અવિનાશની ઓફિસમાં જાણે તડાકો પડી ગયો... જેમ જેમ અરજીઓ આવતી ગઈ એમ અવિનાશે ઉમેદવારોને સમયાંતરે બોલાવ્યા. સૌપ્રથમ એક બાવીસેક વર્ષની દેખાવડી, આકર્ષક યુવતીને પોતાની પર્સનલ સેક્રેટરી તરીકે રાખી લીધી... અંજલી એનું નામ... કોલેજીયન યુવતી હોવાથી પ્રથમ મુલાકાતમાં જ અવિનાશે એને પસંદ કરી લીધી સારા એવા પગારથી... અને ત્યારબાદ જિલ્લાના તમામ તાલુકાના મુખ્ય મથકોમાં એજન્ટો નીમ્યા... ઓફિસ આસિસ્ટન્ટ તરીકે બે જુવાનોને પણ નોકરીએ રાખી લીધા.

અવિનાશ પોતાના વ્યક્તિત્વ અને વાકછટાથી આવનાર વ્યક્તિને આંજી દેતો... ઓફિસ પણ એટલી બધી વ્યવસ્થિત કે આગંતૂકના દિમાગ પર અસર કરી જતી...

ઓફિસમાં આવનાર આગંતુકને પ્રથમ સેક્રેટરી અંજલી સાથે વાતચીત કરવી પડતી... સાહેબ બીઝી છે... કામમાં છે... હમણાં બેસો... બોલાવશે... અંજલી તેની સામેના સોફા પર બેસાડતી... પછી એ આગંતુકનું નામ સરનામું લઈને અવિનાશની ચેમ્બરમાં જતી... થોડીવાર પછી પાછી આવે... આગંતૂકને અંદર મોકલે... જો કે આગંતૂક સાહેબના બોલાવવાની રાહ જુએ ત્યાં સુધી સેક્રેટરી અંજલીની સામે જોઈ રહેતા... તેના ચહેરા પર નજર ફેરવતા... રાહ જોતો આગંતુક મનમાં એવું ઈચ્છતો કે હમણાં સાહેબ ના બોલાવે તો સારૂં...

અવિનાશ પોતાની ચેમ્બરમાં અદ્યથી ટેલિફોન પર વાતો કરતો... એના ઠાઠ જોઈને કોઈપણ બુધ્ધિજીવી વ્યક્તિ અંજાઈ જતી... હાલ સ્ટેશનો, યાત્રાધામો વગેરેની રહેવા-જમવા સાથેની ટૂર ગોઠવેલી હોવાથી ઘણા બધા ગ્રાહકો આકર્ષાયા હતા... ટૂર ક્યારે ઉપડશે, ક્યાંથી ઉપડશે,ક્યાં ક્યાં રાત્રિ રોકાણ કરશે, ક્યારે પરત આવશે બધું જ નક્કી કરી લીધું હતું.

એકાદ મહિનો પસાર થઈ ગયો... એ દરમિયાન અવિનાશ જાણે કે

હવે સંસારીજીવન જીવવાની ઈચ્છા ધરાવતો હોય અને ઉપકાર કરતો હોય એમ વીસેક વર્ષની એક યુવતીના મા-બાપને ભોળવ્યા... આટલો સુંદર અને લાખો રૂપિયાની કમાણી કરતો યુવાન પોતાનો જમાઈ બને... દિકરી સુખી સુખી થઈ જશે... આશા સેવતા એમણે અવિનાશ સાથે પોતાની દીકરીની સગાઈ કરી નાંખી... જમાઈ ટૂર ગોઠવશે તો પોતે પણ મફતમાં ટૂરમાં ફરવા જશે એવા કોડ પણ તેમના હ્રદયમાં જાગ્યા હતા...

અવિનાશે પોતાની આ ભાવિ પત્ની સાથે અલગ અલગ અંદાજમાં ફોટા પણ પડાવ્યા... તેને લઈને નાનકડી ટૂરમાં પણ જઈ આવ્યો... પછી ત્યાં એ બંને ભાવિ પતિ-પત્ની વચ્ચે શું બન્યું હશે એની તો એ બે સિવાય કોઈ જાણી શકે એમ નહોતું.

દિવાળીના દિવસે જ અવિનાશની અહીંથી ઘણી બધી ટૂર ઉપડવાની હતી. તેણે જીલ્લાના તમામ એજન્ટો પાસેથી ટિકીટ બુકીંગની તમામ રકમ મંગાવી લીધી હતી... અવિનાશે ભૌતિક સુખ ભોગવવા માટે આજુબાજુના ઓફિસ, શોરૂમ, વગેરે લોકો પાસેથી કલર ટી.વી, ફ્રીજ જેવી મોંઘીદાટ વસ્તુઓ ઉધાર લીધી હતી... જો કે અવિનાશ પૈસા ચૂકવી જ દેશે એવો ઉધાર ધીરનારને પાકો વિશ્વાસ હતોજ... લાખો રૂપિયાનો સામાન અવિનાશે મેળવ્યો હતો પોતાના વ્યક્તિત્વ અને વાકછટાથી એને લાખો રૂપિયા પ્રવાસની ટિકીટોના મેળવ્યા હતા.

અવિનાશે એક નવી સ્કીમ પણ કાઢી હતી. નવરાત્રિમાં નિયત કરેલા પાર્ટી પ્લોટમાં ગરબા ગાવા આવનાર યુવક-યુવતીઓને આકર્ષવા માટે પહેરવેશ પરિધાનમાં અને ગરબા રમવામાં વિજેતા બનતા યુવક યુવતીને અમૂક સ્થળની ટિકીટ તથા રહેવા જમવાની સગવડ મફત આપવામાં આવશે એવી જાહેરાતે આકર્ષણ જમાવ્યું પણ આ સ્કીમની પાછળ અવિનાશનું દિમાગ હતું. વિજેતા બનતી યુવતી કે યુવકને એક એક ટિકીટ મફત આપે એટલે આ વિજેતાઓ એકલા તો હરવા ફરવા જાય નહિ જેથી યુવક કે યુવતી તેમની સાથે પોતાના એક સાથીદારને પણ જોડે લઈ શકે અને એની ટિકીટ વેચાતી લેવી પડે... આવી ઊંડાણપુર્વકની યુક્તિ જિલ્લાના કોઈ બિઝનેસમેનમાં નહોતી જે અવિનાશે અમલમાં મૂકી હતી.

જેમ જેમ દિવાળી નજીક આવતી ગઈ એમ એમ એક તરફ દિવાળી વેકેશનમાં ટૂર પર જનારા લોકો તૈયારીઓ કરવા માંડ્યા બીજી તરફ અવિનાશની ઓફિસમાં પણ ટિકીટ બુક કરાવનારોઓની સંખ્યા વધવા લાગી...

આગંતૂક ગ્રાહકને પહેલી નજરે જ પારખી જનાર અવિનાશ “હવે તો મર્યાદિત સંખ્યામાં જ સીટ બાકી છે પણ હવે તમે આટલી બધી આશાએ આવ્યા છો, તમે ફલાણાની ભલામણ લઈને આવ્યા છો તો વ્યવસ્થા કરવી પડશે...” અને જાણે ઉપકાર કરતો હોય એમ ટિકીટ બુક કરતો.

દિવાળીનું વેકેશન પડી ગયું. અવિનાશના ભાવિ સસરા-સાસુ અને પત્ની પણ આનંદમાં આવી ગયા... ટુર ઉપડ્યા બાદ અવિનાશે લગ્નનું મુહુર્ત કઢાવ્યું હતું... આ દરમિયાન એણે પોતાની વાગ્દત્ત સાથે પડાવેલા તમામ ફોટા પણ મેળવી લીધા... એટલું જ નહિં પણ સ્ટુડિયોવાળા પાસેથી એણે નેગેટીવો પણ મેળવી લીધી... અવિનાશ શું કરવાનો છે એની કોયને ય ખબર નહોતી... એ ક્યાંનો છે?... એનું અસલી નામ શું છે એની પણ જાણ નહોતી...

આવતીકાલે દિવાળી છે અને વહેલી સવારે ટૂરમાં જવાનું છે એટલે આગળના દિવસની રાત્રે તૈયારીઓ કરતા ટરીસ્ટોએ ઉજાગરા કરવા માંડ્યાં... તો બીજી બાજુ અવિનાશે પણ દિવાળીની આગળની રાત્રે ભાડાના બંગલાનો તથા પોતાની ઓફિસનો સામાન એક ટ્રકમાં ભરવા માંડ્યો... તેણે પણ એ રાત્રે ઉજાગરો વેઠ્યો...

દિવાળીની વહેલી સવારે ટૂર પર જનારા લોકો પોતાના સરસામાન સાથે આવી પહોંચ્યા... હમણાં લકઝરી આવશે અને ટૂર પર ઉપડી જઈશું એવા આનંદ સાથે રાહ જોતા હતા... નિયત કરેલા સ્થળે અને સમયે આવીને ઉભેલા ટુરીસ્ટો અકળાયા... એક કલાક...બે કલાક...ત્રણ કલાક પસાર થઈ ગયા... નવ વાગ્યા છતાં ન તો લકઝરી આવી કે ન ટૂરનો સંચાલક આવ્યો... સવારથી જ કોમ્પ્લેક્ષમાં આવેલી અવિનાશની ઓફિસે લોકો કેટલાંય ચક્કર કાપી આવ્યા... પણ ઓફિસને તાળું લટકેલું હતું. પૈસા ખર્ચીને પ્રવાસ કરવા જનારાઓ અંદરો-અંદર ચર્ચા પણ કરવા લાગ્યા...

“ આમાં એવું હશે કે લકઝરી બીજી જગ્યાએ મોકલી હશે એ પાછી આવી નહિ હોય...”

"હા...હા... પણ એની આપણને જાણ કરવા એમની ઓફિસ તો ખોલવી જોઈએ ને?"

" ઓફિસ ક્યાંથી ખોલે ? એ પોતે કદાચ બીજી લકઝરીઓની વ્યવસ્થા કરવા ગયા હશે."

" બરાબર છે પણ એમના બે આસીસ્ટન્ટને તો હાજર રાખવા જોઈએ ને? એમની સેક્રેટરી પણ દેખાતી નથી."

" ક્યાંથી દેખાય, એમને તો દિવાળીની રજા આપી હશે."

ફરી પાછો એક કલાક વીતી ગયો. પણ કોઈ દેખાયું નહિ. ત્યાં એક જણ બોલ્યો :

" અલ્યા ભઈ... અહીં ઊભા રહેવા કરતાં એમના બંગલે જ જઈ આવો ને ? તરત ખબર પડી જશે ?"

" હા -અલ્યા... જાવ બે જણા રીક્ષા કરીને..."

બે-ત્રણ જણા એક રીક્ષા ભાડે કરીને સરનામે સરનામે અવિનાશના રહેણાંકવાળા બંગલે પહોંચ્યા...પણ એ બંગલાએ તાળું મારેલું જોયું... આજુબાજુના બંગલાવાળાઓને એની કંઈ ખબર નહોતી એટલે દૂર રહેતા બંગલાના માલિકને ત્યાં આ ત્રણ જણાં પહોંચ્યા બંગલાના માલિકને પણ કંઈ ખબર નહોતી... એમણે આવીને જોયું તો બંગલાને તાળું મારેલું હતું અને બારીઓ ખુલ્લી હતી... એમણે બારીમાંથી અંદર નજર કરી તો હેબતાઈ ગયા... બંગલાની અંદર કશું જ રાચરચીલું કે કોઈ સામાન નહોતો... એમણે તાળું તોડાવી તપાસ કરી તો ક્યાંય કશું દેખાયું નહિં. વાતે વાતે એમને ખબર પડી કે મધરાતે એક ટ્રકમાં સામાન ભરાતો હતો....

બંગલાના માલિકને શંકા જતાં એમણે ઓફિસનું પણ તાળું તોડાવ્યું... પણ ઓફિસ આખી ખાલી હતી... ટેબલ,ખુરશી સહિત બધું જ ઉઠાવી ગયેલા અવિનાશે ન તો બંગલાનું ભાડું ચૂકવ્યું કે ન તો ઓફિસનું ભાડું.... એમણે અવિનાશનું જ્યાં સગપણ કર્યું હતું ત્યાં તપાસ કરી તો ત્યાંય અવિનાશનો કોઈ પત્તો નહોતો... તેના ભાવિ સાસુ-સસરા અને ભાવિ પત્ની પણ ચિંતામાં પડી ગયા....

હોંશે હોંશે પૈસા ખર્ચીને ટૂરમાં જવાના ઉત્સાહથી આવેલા પ્રવાસીઓના મોંઢા વિલા થઈ ગયા... ઉધાર આપેલી ચીજવસ્તુઓના પૈસા લેવા માટે કેટલાક વેપારીઓ પણ ત્યાં આવી પહોંચ્યા તો ઉધારે જાહેરાત છાપનારા અખબારોના એજન્ટો પણ આવી પહોંચ્યા... ધ્રાસકો પડ્યો હતો બધાને... એકઠા થયેલાંઓના લાખો રૂપિયા ડૂબી ગયા હતા.

અને એ જ વખતે શહેર પોલીસ મથકે અંજલીના પિતા ફરિયાદ કરવા આવ્યા હતા. એમણે પોલીસને જણાવ્યું કે, તેમની દીકરી અવિનાશ સાથે નોકરી કરતી હતી. લોકો કહે છે કે અવિનાશ રાતના પોતાનો સામાન ભરી પલાયન થઈ ગયો એ જ સાતે એ જ સમયે મારી દીકરી અંજલી પણ ઘરેથી લાપત્તા બની છે...

જિલ્લાની ભોળી પ્રજાનો વિશ્વાસ પ્રાપ્ત કર્યા બાદ લાખો રૂપિયાનો ઉધાર માલ લઈને, પ્રવાસ ટિકીટના તમામ નાણાં અને સરસામાન સાથે અવિનાશ ઉડનછું થઈ ગયો... સાથે સાથે એની પર્સનલ સેક્રેટરી અંજલી પણ....

## ૨૯. પ્રેમ...પાગલ...ખંજર...અને...બલિદાન...

વિકસિત શહેરની મધ્યમાં આવેલી પ્રખ્યાત હાઈસ્કૂલના મુખ્ય દરવાજામાં ઉભેલા મેહુલની નજર દરવાજામાંથી પસાર થતાં દરેક છોકરા-છોકરી પર ફરતી હતી. મેહુલ આજ હાઈસ્કૂલમાં બારમાં ધોરણમાં અભ્યાસ કરતો હતો. બારમાં ધોરણમાં પ્રવેશ મેળવ્યા બાદ તેના કેટલાક મિત્રો પણ બન્યા હતા... થોડાક દિવસો પસાર થયા બાદ આ મેહુલ તેની મિત્ર મંડળીથી જાણે વિમુખ થઈ ગયો હતો....

મેહુલના મિત્રો પણ પોતાના મિત્ર અતડો-અતડો રહેતો અને બોલકા ગણાતા આ મિત્ર સૂનમૂન બની ગયેલ મેહુલને શું ચિંતા હશે એ જાણવા પ્રયત્ન પણ કર્યો અને એમાં અસફળતા મળી....

આજે મેહુલને દરવાજામાં ઊભેલો જોઈ તેને કંપાઉન્ડમાં આવવા હાથ

પકડ્યો પણ હાથ છોડાવી મેહુલે છણકો કર્યો.

"તમે જાવ... હું હમણાં આવું છું...."

મિત્રો મનીશ,નિમેશ અને અકબર ત્રણેય જણાં દંગ રહી ગયા. આ મેહુલને થયું છે શું? પહેલાંની જેમ હસતો નથી...બોલતો નથી...ક્લાસમાં પણ ધ્યાન આપતો નથી...પૈસાની પણ તેને ચિંતાફિકર નહોતી...તો પછી...?

અને એક દિવસ... મેહુલની ઉદ્યસિનતાનું કારણ મળી ગયું.... છેલ્લા કેટલાંય દિવસથી રજા પર રહેલી સોનલ જ્યારે તેની લ્યુના લઈને હાઈસ્કૂલના દરવાજામાં પ્રવેશી ત્યારે મેહુલે એના મિત્રો સાથે હસી-હસીને વાતો કરવાની ચાલુ કરી... પણ તેની નજર સોનલ પર હતી...

એકદમ સ્વાભાવમાં ફેરફાર થતાં મેહુલની નજર જે તરફ હતી એ તરફ જોતાં તેના મિત્રો પણ અચંબામાં પડી ગયા... નક્કી આ ભાઈ સાહેબની દવા સોનલ જ છે. ત્રણેય મિત્રોએ મેહુલને તેની ઉદ્યસીનતાનું કારણ પૂછ્યું અને આજની ખુશી વિશે પણ પૂછ્યું ત્યારે આનંદના અતિરેકમાં આવી ગયેલા મેહુલે કહી દીધું.

" મિત્રો.... આ સોનલને જ્યારથી જોઈ છે ત્યારથી હું મારૂ દિલ લઈ બેઠો છું અને.... મારૂં દિલ ચોરી ગઈ છે એ સોનલ....મારે એને પ્રેમ કરવો છે....એના ખાતર મારો જીવ આપવા પણ તૈયાર છું...."

" પણ યાર... તને ખબર છે એ છોકરી કોણ છે?"

" જે હોય એ... છોકરી તો છે ને...આપણા જ ક્લાસમાં ભણે છે... મારી બાજુની લાઈનમાં બેસે છે...શું એનું રૂપ છે ? એની કામણગારી આંખોએ મને પાગલ કરી દીધો છે યાર...."

"પણ સાંભળ તો ખરો....? એ સોનલ સામેની હાઈસ્કૂલના પ્રિન્સીપાલની એકનીએક દિકરી છે એના બે ભાઈઓ ખાઈ જાય એવા છે.... એટલું જ નહિં પણ આપણી હાઈસ્કૂલના પ્રન્સિપાલને ખબર પડશે તો તને કાઢી મૂકશે અને...."

"ભલે કાઢી મૂકે...હું સોનલને ખૂબ પ્રેમ કરૂં છું.... એનો ચહેરો જોવા માટે હું હાઈસ્કુલના દરવાજા આગળ ઉભો રહીશ.... દિવસમાં બે વખત પણ જો સોનલનો સુંદર ચહેરો જોઈ લઈશ તો પણ ઘણું છે."

"પણ એ સોનલ તને પ્રેમ કરે છે કે પછી....?"

" એ તો ખબર નથી... પણ પ્રેમ કરશે વહેલી મોડી... હજુ હમણાં જ એ મારી સામે જોઈ રહે છે.... એક બે વખત તક મળી જાય ત્યારે એની પણ ઈચ્છા જાણી લઈશ..."

એ તમ પણ મેહુલને મળી ગઈ.... અને પંદર દિવસથી ખિસ્સામાં લઈને ફરતો પ્રેમપત્ર એણે સોનલને પકડાવી દીધો... લોકલાજે ગભરાઈ જઈને સોનલે મેહુલ પાસેથી પત્ર તો લઈ લીધો....વાંચ્યો પણ ખરો....પણ એનો જવાબ આપ્યો નહિં.... માત્ર મેહુલ એની સામે જોતો ત્યારે પણ સોનલ એને મૂક નજરે જોતી...ગભરૂ હરણીની માફક.... જવાબ નહીં મળતાં મેહુલ અકળાયો.... એણે સ્કુલના કંપાઉન્ડમાં જ સોનલને પકડી અને કહી દીધું.

" આઈ લવ યુ..." પણ એની સામે જવાબ નહિ આપનાર સોનલે વિરોધ ન કર્યો એટલે મેહુલે માની લીધું કે સોનલ તેને ચાહે છે અને પછી તો જાણે એ આસમાનમાં ઉડવા લાગ્યો. તેના મિત્રોએ એને ઘણો સમજાવ્યો પણ ન માન્યો..

બારમાં ધોરણની પરીક્ષા પસાર થઈ ગઈ અને રજાઓ પડી ગઈ.... વિરહની વેદના અનુભવતો મેહુલ સોનલના બંગલાના ચક્કર કાપવા લાગ્યો... આ દરમ્યાન સોનલના ભાઈને આ મેહુલની વાત પહોંચી હતી.... સ્કુલમાં તે સોનલને પજવતો હોવાની વાત પણ કેટલાંક મિત્રોએ કરી હતી.... પણ એણે ધ્યાનમાં લીધી નહોતી અને સોનલે પણ ફરિયાદ કરી નહોતી.

રજાઓ બાદ જ્યારે સોનલે સાયન્સ કોલેજના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવ્યો અને ત્યારે એને ખબર પડી કે તેની પાછળ પડેલ મેહુલ પણ એની જ કોલેજમાં પ્રવેશ મેળવ્યો છે. ત્યારે એને ધ્રાસકો પડ્યો... અહીં પણ જો આ મેહુલ પત્ર આપશે કે રસ્તા વચ્ચે ઉભી રાખશે તો આબરૂ કાઢશે.... વળી જો

મારા ભાઈને ખબર પડશે તો મારૂ ભણતર બગાડશે અને આ મેહુલને મારશે એ જુદુ.... એનાથી પોતે તો મેહુલ વિશે કોઈ ફરિયાદ કરાય એમ નહોતી.... કેમ કે ફરિયાદ કરે તો તેના ભાઈઓ મેહુલની હત્યા કરી નાખે એવા ઝનૂની હતાં....

જો કે સોનલના ભાઈઓને ખબર પડી ગઈ કે સોનલની પાછળ પાછળ મેહુલે પણ સાયન્સ કોલેજમાં પ્રવેશ મેળવ્યો છે. ત્યારે એવું જાણીને ઉશ્કેરાઈ ગયેલ બંને ભાઈઓ અને તેમના મિત્રોએ મેહુલને કોલેજમાં જઈને ધોલધપાટ કરી આવ્યા પણ.... તેના મિત્રોએ છોડાવ્યો.... સમજાવ્યો.... પણ મજનું એક નો ના માન્યો.... તેના મિત્રો પણ આ જ કોલેજમાં હતાં.

માર ખાધા પછી મેહુલ વધુને વધુ સોનલ પાછળ ફરવા લાગ્યો.... તક મળતાં વાત કરવા જતો પણ ગભરાઈને તે ભાગી જતી. હવે એ કેડો નહીં મૂકે એવું જાણી ચૂકેલી સોનલે આખરે તેના ભાઈઓને ફરિયાદ કરી અને તેના ભાઈને ઝનૂન ચડ્યું.....

બીજા દિવસે કોલેજના કમ્પાઉન્ડમાં બેઠેલા મેહુલે તેના ત્રણ મિત્રો મનીષ,નિમેશ અને અકબર બેઠા બેઠા વાતો કરતા હતા અને ત્યાં સોનલના ભાઈ દશેક જુવાનિયાઓને લઈને આવી પહોંચ્યા અને સીધા જ તૂટી પડ્યા.... કોઈના હાથમાં ચેઈન હતી તો કોઈના હાથમાં કમર પટ્ટો....

મેહુલને માર ખાતો નહિ જોઈ શકનાર અકબર વચ્ચે પડ્યો.... પણ.... મેહુલની સાથે સાથે અકબરને પણ ટોળાએ મારવા માંડ્યો.... દરમ્યાનમાં એક યુવાને તેના હાથમાંનુ ખંજર ઉગામ્યું મેહુલ મેહુલના ઠેકાણે રહ્યો અને આ પ્રેમની વદી પર એક મિત્રએ મિત્રતાની લાજ રાખવા બલિદાન આપી દીધું....

## ૩૦. મારા પેટનો જણ્યો મારો હત્યારો

જીલ્લાના દક્ષિણ દિશામાં આવેલા શહેરમાં પોલીસનું તાલુકા મથક.... અને પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર પોતાની ઓફિસમાં હમણાં જ આવીને ટેબલ પરની ફાઈલો જોવામાં વ્યસ્ત બની ગયા હતા કે એવામાં પોલીસ સ્ટેશન ઓફિસરે આવીને સલામ આપી શિસ્તબદ્ધ રીતે ઊભા રહ્યા કે તરત જ ઈન્સ્પેક્ટરે તેમની સામે જોયું અને શું છે? એવું પૂછતા હોય એ રીતે માથું હલાવી આંખોથી ઈશારો કર્યો કે તરત જ ગભરાયેલી હાલતમાં હોય એવા ભાવથી પી.એસ.ઓ. ભેમાજીએ કહેવા માંડ્યું :

"સાહેબ.... કોઈ નનામો ફોન છે....નામ નથી આપતો....પણ એ એવું કહે છે કે આપણા શહેર બહારથી પસાર થતા હાઈવે ચોકડી નજીક એક બાઈનું ખૂન થઈ ગયું છે. ચપ્પાના ઘા માર્યા છે....ફોન ચાલુ છે....આપું આ બાજુ?"

ઈન્સ્પેક્ટરે માથું હલાવી હકારમાં જવાબ આપ્યો એટલે પી.એસ.ઓ. જાણે કે માથેથી ઘાત ગઈ હોય એ રીતે તુરત જ બહાર નીકળી ગયો અને ઈન્સ્પેક્ટરની ઓફિસમાં ફોનનું કનેક્શન કરી આપ્યું.

દીવાલ ઘડિયાળમાં સવારના દશેક વાગ્યા હતા. ફોન પર વાત પૂરી કર્યા પછી તરત જ ઈન્સ્પેક્ટર બહાર નીકળ્યા.... જીપ-ડ્રાઈવર તૈયાર જ હતો.... બે-ત્રણ પોલીસ માણસોને લઈને ફોનમાં જણાવેલી જગ્યાએ પહોંચ્યા .... રોડની એક સાઈડ પર ચોકડીથી થોડે દૂર માણસોનું ટોળું ઊભુ હતું. પોલીસની જીપ આવેલી જોઈને ટોળું થોડે દૂર વિખેરાઈ ગયું.

રોડની નજીકમાં જ પાંત્રીસેક વર્ષની ઉંમરની એક સ્ત્રીની લોહીલુહાણ હાલતમાં લાશ પડી હતી.... મધ્યમ બાંધાની ઘઉંવર્ણી કાયા ધરાવતી આ અજાણી સ્ત્રીના શરીરે છાતીના ભાગે ત્રણ-ચાર ઘા ઝીંકી દીધા હતા. અને કદાચ આ ઈજાઓને કારણે જ એનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યું હોવાનું પોલીસે અનુમાન કરી લીધું હતું.

પોલીસ ઈન્સ્પેક્ટરે સ્થળ પર ઈન્કવેસ્ટ રીપોર્ટ ભરીને લાશને પી.એમ. માટે મોકલી આપી હતી અને મરનાર બાઈ કોણ છે-ક્યાંની છે-એના વાલીવારસો માટે શોધખોળ આરંભી દીધી...અને સાથે સાથે હત્યારાની પણ તપાસ આરંભી હતી.

જે સ્થળેથી આ અજાણી સ્ત્રીની લાશ મળી હતી એ સ્થળેથી કોઈ શંકાસ્પદ વસ્તુ હાથ લાગી ન હતી કે આ સ્ત્રી સાથે કોઈ બળજબરી કે બળાત્કાર થયા હોવાના કોઈ નિશાન નહોતા પરંતુ તેની પાસેના નાના પાકીટમાંથી પોલીસ ઈન્સ્પેક્ટરને એસ.ટી. બસની ટિકીટો મળી આવી હતી....

જો કે આ અજાણી બાઈના વાલીવારસો મળી આવે માટે તમામ પોલીસ મથકોએ તેનું વર્ણન દર્શાવતા મેસેજ મોકલી આપવામાં આવ્યા હતા અને મરનાર સ્ત્રીની લાશના ફોટા સાથેના સમાચાર પણ ઈન્સ્પેક્ટરે પ્રસિધ્ધ કરાવ્યા હતા. પરંતુ તેના કોઈ વાલી-વારસો આવ્યા નહોતા.

આ દરમિયાન પોલીસ ઈન્સ્પેક્ટરે અજાણી બાઈ પાસેથી મળી આવેલ એસ.ટી.બસની ટિકીટોની તપાસ કરી...એ બે ટિકીટોના નંબરો પરથી વિભાગીય અધિકારીની કચેરીમાંથી આ ટિકીટો કયાં એસ.ટી. ડેપોને ફાળવી હતી તેની પૂછપરછ આદરી.

મરનારની ઓળખ માટે આધાર સમાન બે જ વસ્તુ પોલીસ સમક્ષ હતી. એક તો બસની ટિકીટ અને બીજું મરનારના જમણા હાથ ઉપર ત્રફાવેલું નામ કંચન હતું. માત્ર આ બે જ આધાર પરથી પોલીસને મરનારની ઓળખ શોધવાની હતી.

બીજા દિવસે ઈન્સ્પેક્ટરને પેલી ટિકીટો કયા ડેપોને ફાળવી હતી તેની માહિતી વિભાગીય કચેરીમાંથી મળતાં એ ડેપો પર તપાસ કરાવી કે આ ટિકીટો કયા કન્ડકટરને કયા રૂટ પર ફરે છે. એની માહિતી મેળવી... કારણ કે મરનારની જ્યાં સુધી ઓળખ ન થાય ત્યાં સુધી એનો હત્યારો કોણ છે એનું અનુમાન કરી શકાય એમ નહોતું અને મરનારની ઓળખ માટે માત્ર એસ.ટી. બસની ટિકીટો જ આધાર હતી.

નંબરવાળી ટિકીટ જે કંડકટરને ફાળવવામાં આવી હતી એ કંડકટર કયા કયા રૂટ પર ફરે છે એની પણ માહિતી મેળવ્યા બાદ ઈન્સ્પેક્ટરને એટલો તો ખ્યાલ આવી જ ગયો હતો કે આ શહેરથી પચાસ કિલોમીટર દૂર આવેલા એક નાનકડા ગામમાંથી બેઠેલા મુસાફરેને આટલી કિંમતની ટિકીટો આપવામાં આવે.... જો કે એક સરખી કિંમતની બે ટિકીટો હતી એટલે મરનાર સ્ત્રી સાથે બીજો પણ એક મુસાફર હોવો જોઈએ....

જો કે કદાચ પેલા કંડકટરને ખ્યાલ આવે કે મરનાર સ્ત્રી અને તેની સાથેના મુસાફરને ઓળખે એટલા માટે ઈન્સ્પેક્ટરે એ કંડકટરને પણ પૂછપરછ કરી હતી પરંતુ એક રૂટ પર આવા કેટલાંય મુસાફરો ચડે-ઉતરે. અને બનાવને ત્રણ ચાર દિવસ થઈ ગયા હોવાથી આવા સ્પેશ્યલ મુસાફર યાદ ન રહે એ સ્વાભાવિક હતું.

આખરે પોલીસ ઈન્સ્પેક્ટર મરનારના ફોટા લઈને કન્ડકટરના કહેવા પ્રમાણે જે ગામથી આ અજાણી મહિલા બેઠી હોવાનો અંદાજ કાઢ્યો હતો એ ગામમાં પહોંચી ગયા.... ગામના સરપંચ,મુખી,ગામના કેટલાંક આગેવાનોને મરનારના ફોટા બતાવ્યા અને સાથે સાથે કંચન નામની કોઈ સ્ત્રી રહે છે કે નહિ એની પૂછપરછ કરતાં ખબર પડી કે....

કંચન નામની મહિલા આ ગામમાં રહેતી નથી પણ પહેલાં તે અહીં પરણેલી હતી અને ફોટા પણ એ કંચનને જ મળતાં જ આવે છે... કદાચ આ ગામમાં રહેતી હતી એ જ આ કંચન હશે...

" કંચન પહેલાં પહેલાં અહીં પરણેલી હતી એનો મતલબ શું? પરણ્યા પછી છૂટાછેડા લીધેલા છે ? કે પછી બીજે રહેવા ચાલી ગઈ હતી? એ પહેલા ક્યાં રહેતી હતી આ ગામમાં ? જરા ઘર બતાવશો ?"

ઈન્સ્પેક્ટરના પૂછેલા પ્રશ્નના જવાબમાં સરપંચે કહ્યું " ચાલો સાહેબ... હું તમને એનું ઘર બતાવું." અને રસ્તામાં જ સરપંચે ઈન્સ્પેક્ટરને માહિતી આપી કે "કંચન ઘણાં વર્ષો પહેલાં પરણીને સાસરે આવી હતી અને તેને એક પુત્ર થયો હતો.... એ છોકરો દશેક વર્ષનો થયો હશે કે કંચનના પતિનું આકસ્મિક રીતે મોત થયું હતું અને ત્યારબાદ કંચનને પરજ્ઞાતિના યુવાન સાથે પ્રેમ થતાં તે દશ વર્ષના છોકરાને મૂકીને તેના પ્રેમી સાથે ભાગી ગઈ હતી."

" આ એનો છોકરો ક્યાં રહે છે?"

" એના જ ઘેર લઈ જાઉં છું સાહેબ તમને... કદાચ ઘેર મળી જાય તો સારૂં..."

ઈન્સ્પેક્ટરે આગળ કશું પૂછ્યું નહીં ગામના છેવાડે એક ઈંટેરીને ત્યાં પહોંચ્યા ત્યારે ઘરની ઓસરીમાં બેઠેલો સત્તરથી અઢાર વર્ષની ઉંમરનો યુવાન ઊભો થઈ ગયો.

"આવો સાહેબ... આ જ ઘર કંચનનું હતું... આ એનો છોકરો છે દશરથ... એકલો રહે છે...." સરપંચ વાત પૂરી કરે તે પહેલાં પોલીસ ઈન્સ્પેક્ટરે દશરથની પૂછપરછ ચાલુ કરી દીધી. મરનાર મહિલાનો ફોટો બતાવ્યો. એ જોયા પછી પણ જ્યારે દશરથને કોઈ આઘાત કે શોક જેવું ન લાગતાં ઈન્સ્પેક્ટરે તેની ઉલટ તપાસ કરી. " સાહેબ... આ મારી માનો જ ફોટો છે.... અને મેં જ મારી માનું ખૂન કર્યુ છે.... પણ મેં મારી જ જનેતાનું ખૂન શામાટે કર્યુ એ બહુ લાંબી વાત છે એ હું તમને પોલીસ સ્ટેશને કહીશ...."

એમ કહીને દશરથ ઘરમાં ગયો અને થોડીવાર પછી પાછો આવ્યો. ઈન્સ્પેક્ટરને તેણે એક લોહીવાળું ચાકુ આપતાં જણાવ્યું કે " આ ચાકુથી મેં મારી માની હત્યા કરી નાંખી હતી એ તમે જમા લઈ લો... નહિતર ફરી પાછો અહીં આંટો મારવો પડશે...."

કોઈજાતની અડોડાઈ વિના દશરથે સહેલાઈથી અપરાધ કર્યાનો એકરાર કરી લેતાં તેની પાસેનું ચાકુ જપ્ત કર્યુ અને પોલીસ જીપમાં તેને લઈને રવાના થઈ ગયા.

પોલીસ સ્ટેશનમાં આવ્યા પછી ઈન્સ્પેક્ટર સમક્ષ દશરથે પોતાની કેફિયત માંડીને કહેવા માંડી.

"સાહેબ... હું દશ વર્ષનો હતો ત્યારે મારા બાપૂ ગુજરી ગયા હતા. ત્યારે મને મારી દાદીમાં જે હાલમાં હયાત નથી એમના સહારે મને છોડીને આ મારી મા તેના પ્રેમી સાથે ભાગી ગઈ હતી. અને અહિથી પાંચેક કિલોમીટર દૂર આવેલા ગામમાં રહેતી હતી. મારા ભવિષ્યનો કોઈ વિચાર કર્યા વગર પોતાના સ્વાર્થને ખાતર એ પરાયા પુરૂષ સાથે ભાગી ગઈ ત્યારથી મને એના પ્રત્યે નફરત થઈ ગઈ હતી... મેં એ જ વખતે પ્રતિજ્ઞા લીધી હતી કે આવી માને હું સબક શિખવાડીશ... આઠ આઠ વર્ષથી હું તકની રાહ જોતો હતો પણ મારો બીજો બાપ મારી માને રેઢી મૂકતો નહોતો.

પણ... હમણાં થોડા દિવસ પહેલાં જ એ મારો ગેરકાયદેસરનો બાપ અકસ્માતમાં મરી જતાં મારી મા ફરીથી વિધવા બની મને મારી પ્રતિજ્ઞા પૂરી કરવાની તક સામે આવીને ઊભી રહી...હું મારા મા કંચનને એનો શોક ભગાવવા સમજાવીને મારા ઘેર તેડી ગયો હતો... પછી તેને મૂકવા માટે પણ બસમાં તેની સાથે જ નીકળ્યો હતો.... મારી સાથે મેં રામપૂરી ચાકુ પણ લીધું હતું.... મેં એવો વિચાર કર્યો હતો કે, મારી મા કંચનને એના જ ઘરમાં મારી નાખીને આવતો રહીશ... પણ કદાચ મારી માને મારા ચહેરાના ભાવ પરથી શક ગયો હશે એટલે આ શહેરમાં અમે બંને ઊતર્યા અને બીજી બસમાં બેસવાનું હતું ત્યારે જ મારી મા કંચને મને તેના ઘેર લઈ જવાનો નન્નો ભણ્યો અને મારો પિત્તો ગયો....

ચોકડી પર અમે બસની રાહ જોતાં ઊભાં હતાં ત્યારે જ તેણે માથાકૂટ કરતાં હું થોડે દૂર લઈ ગયો અને મારી પાસેના રામપૂરી ચાકુથી તેની છાતીમાં ઉપરાઉપરી ઘા કરીને પાડી દીધાં પછી ત્યાંથી હું મારા ઘેર ચાલ્યો ગયો હતો...."

ઈન્સ્પેટરે દશરથની કેફિયત નોંધી દીધા બાદ તેના વિરૂધ્ધ હત્યાનો આરોપ લગાવી અટક કરીને કોર્ટ હવાલે કરી દીધો ત્યારે એમને જંપ થયો....નહિતર અજાણી મહિલા...ખૂન કરેલી લાશ... અજાણો હત્યારો... માત્ર સ્ત્રીના હાથ પરનું નામવાળું છૂંદણું અને એસ.ટી. બસની ટિકીટો... અને ભેદી હત્યા કેસ માથાનો દુઃખાવો બનતાં રહી ગયો અને ભેદ ખોલવામાં સફળ થયા એ જ એક જાતનો પોલીસ ઈન્સ્પેક્ટર માટે આનંદ હતો.

## ૩૧. શિક્ષિતોને છેતરવા માટે શિક્ષિત હોવું જરૂરી નથી

આ વૈજ્ઞાનિક યુગ ચાલે છે.... અભણ માનવી સાક્ષરતાને પંથે આગળ ધપી રહ્યો છે.... શિક્ષણનું ધોરણ ઊંચુ જઈ રહ્યું છે.... એટલું ઊંચુ કે હવે માનવીની યાદ શક્તિનું કામ વૈજ્ઞાનિક સાધનો.... કોમ્પ્યુટરે લઈ લીધું છે....શિક્ષિત માનવી આ કોમ્પ્યુટર યુગમાં એક દૂરના ગામડામાં સીમમાં રહેતા તળપદા પરિવારની વાતો પર આંધળો વિશ્વાસ મૂકીને લાલચમાં લપેટાઈને શરમજનક રીતે છેતરાતો આવ્યો છે, શિક્ષિત લોકો જ્યારે બુદ્ધિપૂર્વક શિક્ષિત માનવી છેતરવાનો પ્રયાસ કરે છે ત્યારે માનવી છેતરાય એ પહેલાં તેને પોતાની સાથે છેતરપીંડી થઈ રહી હોવાની જાણ થઈ જાય છે. પણ અભણ અને અજ્ઞાન ગણાતી જાતિના લોકોની ધીરજ અને જોખમથી ભરેલા ચવાઈ ગયેલા ખેલમાં ભલભલા ચમરબંધી છેતરાયા પછી....લુંટાઈ ગયા પછી ભાનમાં આવે છે

અને ત્યારે પેલી ઠગ ટોળકી એકાએક અદ્રશ્ય થઈ જાય છે.... લૂંટાઈ ગયેલો માલ પણ પાછો આવતો નથી.

એક અનુભવી પોલીસ અધિકારીએ આવી ટોળકી લોકોને લલચાવવા માટે કેવા કેવા જોખમ અને નુસખા અપનાવતી હોય છે એનો એક દાખલો કહી બતાવ્યો જે અચરજ પમાડે એવો હતો.

એક ડોશી....સાઈઠેક વર્ષની ઉંમરની....લાકડીના ટેકે ટેકે ચાલે.... નજીકના રેલવે સ્ટેશને પહોંચે.... લોકલ ટ્રેનને આવવાનો સમય થાય એટલે ટીકીટ બારીએ પહોંચી જાય....નજીકના બીજા સ્ટેશનની ટીકીટ ટિકીટ માંગે.... અને તેના બદલામાં સાડલાના છેડાએ બાંધેલો એક ચાંદીનો સિક્કો કાઢીને ટીકીટ માસ્તરને આપે....૪૦-૪૫ રૂપિયા નાંખી દેતાં આવે એવા ચાંદીના એક સિક્કાના બદલામાં પેલી ડોશી ચાર-પાંચ રૂપિયાના ભાડાની ટીકીટ ખરીદીને ટ્રેનમાં બેસી જાય....

એક દિવસ....બે દિવસ....ત્રણ દિવસ નહિ પણ એક અઠવાડિયા સુધી આ ક્રમ ચાલ્યો....એટલે પેલા ટીકીટ માસ્તરથી ના રહેવાયું....એણે એક દિવસ પેલી ડોશીને અચરજથી પૂછ્યું.

“માજી તમે રોજ આ ચાદીના સિક્કા લઈને આવો છો તે તમારી પાસે....”

“ધીમે બોલ દીકરા....”ડોશી વચ્ચે જ બોલી “શું કરૂં બેટા.... મારી પાસે રૂપિયા રહ્યા નથી. એટલે આ સિક્કાથી ગુજરાન ચલાવું છું.... આવા તો ઢગલો સિક્કા મારી પાસે છે.... એની કોઈ વિશાત નથી.”

ઢગલો સિક્કા છે....? ક્યાંથી આવ્યા....?

“ક્યાંથી આવવાના હતા.... આ તો અમારા દાદા-પરદાદાએ બનાવેલ ચરૂ મળી આવ્યા છે પણ આ ચરૂની જાણ થાય તો સરકાર લઈ લે એટલે આમ છૂટક છૂટક વાપરૂ છું....”

“કોણ લે એ સિક્કા....એટલા બધા સિક્કાના બદલામાં ઢગલો રૂપિયા કોણ આપે.... અને વળી મારા જેવી ડોશી પાસે આટલા બધા સિક્કા હોય એવો કોણ વિશ્વાસ કરે?”

આ ડોશીએ સાત દિવસના સાત અસલ સિક્કા ટીકીટ માસ્તરને આપીને નુકશાન તો વેઠ્યું પણ પછી તેની પાસેના ચાંદીના સિક્કા ભરેલા ચરૂ સસ્તામાં ખરીદી લેવા ટીકીટ માસ્તર એવો તો લલચાયો કે લાલચમાં લાખ્ખો રૂપિયા ગુમાવી દીધા અને પેલી ડોશી ટીકીટ માસ્તરને ઉલ્લુ બનાવી ગઈ.

આવા તો ઘણાં બધા કિસ્સાઓ બની ગયા છે.... અખબારોના પાને હેડલાઈનથી આવા કિસ્સા પ્રકાશિત થયા છે.... અખબારો શિક્ષિત સમાજ વાંચતો જ હોય છે છતાં પણ ગામડાની અજ્ઞાન ટોળકીના સભ્યો દ્વારા શહરી અને શિક્ષિત સમાજના માનવીઓની સિફ્તપૂર્વક ઠગાઈ થતી હોવાના બનાવો હજુયે પણ બને છે. લોકો છેતરાય છે અને પછી સમાજમાં આબરૂ જવાની બીકે જાહેર પણ કરતા નથી. આવી રીતે જ એક તળપદી ટોળકી દ્વારા ધંધાદારી દિમાગ ધરાવનાર વેપારીને છેતરવાની એક અજીબોગરીબ ઘટના પ્રકાશમાં આવી છે પ્રસ્તુત છે નવાઈ પમાડે એવી છેતરપીંડીની આ ઘટનાની રસપ્રદ માહિતી સભર દ્રશ્યો.

## દ્રશ્ય નંબર એક

“સ્ટવ રીપેરીંગ... સ્ટવ રીપેરીંગ...”

મહાનગરી મુંબઈના બોરીવલ્લી વિસ્તારમાં ખભે પતરાની પેટી ભરાવીને એક યુવાન જઈ રહ્યો હતો. તેણે એક ચરોતરવાસીની ઓળખાણ કાઢી અને એમને વિશ્વાસમાં લીધા, મુંબઈ રહેતાં આ વેપારીને ત્યાં રહેવા ખાવાનું નક્કી કર્યુ.... થોડા મહિના આ ચાલ્યું....પછી સ્ટવ રીપેરીંગ કરનાર નટવરે મુંબઈ છોડી વતન પરત જવા વિચાર્યુ. પાસે પૈસા નહોતા. તેણે પેલા ઘર માલિકને કહ્યું : “સાહેબ.... સ્ટવ રીપેરીંગનું કામ બરાબર ચાલતું નથી એટલે હવે વતનમાં ચાલ્યા જવું છે. ભાડાના પૈસા થોડા ખૂટે છે એટલે...આ લો એક સિક્કો છે....થોડા પૈસા આપો....”

ચાંદીનો સિક્કો જોઈને ઘરમાલિક આશ્ચર્ય પામ્યા.

“ અરે... આ સિક્કો તને ક્યાંથી મળ્યો?”

" મળ્યો નથી સાહેબ....મારો જ છે....આવા તો ઘણાં બધા સિક્કા અમારી પાસે છે....વતનમાં...."

"ઘણા બધા એટલે....?"

"બે મણ જેટલા છે...."

"બે મણ ? શું હાંકે છે?" શેઠ સાહેબ બોલ્યા.

" હાંકતો નથી સાહેબ... અમારા ઘરમાંથી ચરૂ મળ્યા હતા.... એમાંથી બે મણ જેટલા ચાંદીના સિક્કા નીકળેલા છે.... આ તો વાત જાહેર કરાય નહીં.... સરકારને ખબર પડે તો અમારી પાસેથી એ સિક્કા લઈ લે....એટલે ખાનગી રાખીએ છીએ....બાકી ચાળીસ કિલો ચાંદીના સિક્કા અમે એક જગ્યાએ ચાર લાખ રૂયિયામાં ગીરો મૂક્યા છે. અને ૨૪ હજાર એનું વ્યાજ થાય છે.... જો તમારે એ સિક્કા જોઈતા હોય તો ચાર લાખને ચાલીસ હજાર રૂપિયા લઈને આવજો.... બધા સિક્કા આપી દઈશું."

"એટલા બધા રૂપિયા તો હાલ નથી પણ મારા મિત્રો પાસેથી પૈસા લઈને આવીશું."

આ નટવરલાલ લાલચ બતાવીને પોતાનું સરનામું આપીને રવાના થઈ ગયો. પણ ચાર લાખમાં ચાલીસ કિલો ચાંદી ખરીદવા માટે લાલચમાં લપેટાયેલ શેઠે તેમના એક મિત્ર જે રેલવે કેન્ટીન ધરાવે છે. એ દલસુખભાઈને વાત કરી. દલસુખભાઈ વેપારી લાઈનના માણસ બુદ્ધિ વાપરી અને ખરેખર સિક્કા છે કે નહીં તેની તપાસ કરાવવા માટે બે માણસોને નટવરલાલના ગામમાં મોકલ્યા. ગામના સીમાડામાં રહેતા નટવરલાલે ખાતરી કરવા આવેલા માણસોને સિક્કા ભરેલા ઘડા બતાવ્યા અને અસ્સલ ચાંદી છે કે નહીં એની ખાતરી કરાવવા સાત સિક્કા પણ આપ્યા, એ લઈને ખાતરી કરવા આવેલા માણસો પાછા મુંબઈ ગયા.

## દ્રશ્ય નંબર બે

એક રીક્ષા ગામડાના સીમાડામાં પૂરપાટ દોડ્યે જતી હતી. જેમાં મુંબઈથી આવેલા બે માણસો બેઠા હતા, એમની પાસેની એક બ્રીફકેસમાં પૂરા પચ્ચાસ હજાર રૂપિયા હતા. સીમમાં આવેલ એક છ-સાત ઘરોવાળા ફળિયાના નાકે રિક્ષા ઉભી રહી.... બે મુસાફરો ઉતરીને એક ઘરમાં ગયા. ત્યાં નટવરલાલના પિતા બેઠા હતા. તેમણે આવકાર્યા....૫૦ હજાર રૂપિયા લીધા પછી નટવરના પિતા આત્મારામે બહાનું કાઢ્યું જ્યાં સુધી પુરા પૈસા નહિ મળે.... તમને વિશ્વાસ ન આવતો હોય તો આ પચાસ હજાર રૂપિયા પણ તમે પાછા લઈ જાવ.

આત્મારામે અટલ વિશ્વાસથી હાથમાં આવેલા અડધો લાખ રૂપિયા ભરેલી બેગ પરત મૂકી પણ પેલા બંને મુસાફરો અમે બાકીના રૂપિયા લઈને આવીએ છીએ એમ જણાવી રૂપિયા ત્યાં જ રહેવા દઈને રવાના થયા.

દ્રશ્ય નંબર ત્રણ

આત્મારામ ખાટલા પર બેઠા બેઠા હૂકો પી રહ્યા હતા. એવામાં પેલી રીક્ષા ફરીથી આવી. બે જણાં નીચે ઉતર્યા અને આવીને તેમણે બે લાખ રૂપિયા આત્મારામને આપ્યા અને કહ્યું કે બાકીના રૂપિયા પછી આપી જઈશું.... ચાંદીના સિક્કા આપો....અમારી ઉપર વિશ્વાસ છે ને?

"અરે બાપલા.....તમારા જેવા શેઠ સાહેબનો વિશ્વાસ કોણ ના કરે...?" તમે ૫૦ હજાર રૂપિયા અમારા વિશ્વાસે મૂકીને ગયા એ અમે જાણીએ છીએ" એમ કહી આત્મારામે બૂમ પાડી "અલ્યા નટવર... લે આ બેગ અંદર લઈ જા અને પ્રજાપતિને ત્યાંથી આપણા ગીરો મૂકેલા સિક્કા લઈ આવ...."

પ્રજાપતિ નજીકમાં જ રહેતો હતો. નટવરે પૈસા લઈને ઘરમાં મૂક્યા અને પ્રજાપતિના ત્યાંથી ચાંદીના સિક્કા લેવા ગયો. પેલા બે માણસો ખાટલા ઉપર આત્મારામ સાથે બેસીને વાતો કરતા હતા.

એ દરમ્યાન પ્રજાપતિનો પુત્ર પૂનમ અને આત્મારામનો બીજો છોકરો ગોતો બંને જણાં લડતા લડતા ત્યાં આવી ચઢ્યા. એક કહેતો હતો કે પૂરા પૈસા નહિ આપો ત્યાં સુધી માલ નહિ મળે....બંને જણાં ગાળા ગાળી ઉપર આવ્યા. ગોતો કહેતો હતો કે," આ મુંબઈથી આવ્યા છે એમને પાછા ન કાઢ તારા પૈસા મળી જશે પણ આ બિચારા કેટલા આંટા મારે.....?"

"એ અમારે નહીં જોવાનું.... મુંબઈથી આવે કે દુબઈથી....પૈસા તો પૂરા જ લેવાના છે...." પૂનમ પ્રજાપતિ ઉશ્કેરાયો એટલે બંને જણા બથ્થમ બથ્થા આવ્યા. અને ગોતાએ પૂનમના પેટમાં ચાકૂ હુલાવી દીધું.... પૂનમ લોહલુહાણ હાલતમાં ત્યાં ઢળી પડ્યો... ખૂન થઈ ગયું... ખૂન થઈ ગયું... મારી નાખ્યો.... બૂમરાણ મચી ગઈ. પેલા બે માણસો પણ ઉભા થઈ ગયા.

આત્મારામે ગભરાટમાં એમને જણાવ્યું કે "સાહેબ તમે અત્યારે ચાલ્યા જાવ. પોલીસ કેસ છે ક્યાંક તમે આમાં સલવાઈ જશો... પછી બધું ટાંઢું પડે એટલે આવજો"

પેલા બે જણા ગભરાટના માર્યા રીક્ષામાં બેસી રવાના થઈ ગયા. અઠવાડિયા પછી ફરીથી આવ્યા ત્યારે આત્મારામે એમને સમજાવ્યા.

"જુઓ સાહેબ.... પ્રજાપતિના છોકરાનું ખૂન થઈ ગયું એ જાણી ગયેલી પોલીસ અહીં આવી હતી. એ લોકો તમારા નામ-સરનામા માગતા હતા. પણ પછી એક લાખ રૂપિયામાં તોડ કર્યો છે. એટલે આપણે અડધા અડધા રૂપિયા ભોગવીએ ૫૦ હજાર તમે ભોગવો અને ૫૦ હજાર અમે ભોગવીએ....જાવ લઈ આવો એટલે કામ પતે."

નજીકના સ્ટેશને આવી આ લોકોએ મુંબઈ ફોન કર્યો અને આખી હકીકત જણાવી ૫૦ હજાર રૂપિયા લઈને બોલાવ્યા. બીજા દિવસે કેન્ટીનવાળા દલસુખભાઈ તેમની પત્ની સાથે ૫૦ હજાર રૂપિયા લઈને આવી પહોંચ્યા અને પેલા બે માણસો સાથે દલસુખ તથા તેની પત્ની પણ રીક્ષામાં બેસી ૫૦ હજાર રૂપિયા લઈને નટવરના ઘેર પહોંચ્યા.

દ્રશ્ય નંબર ચાર

દલસુખભાઈ તેમની પત્ની અને દલસુખના બે મિત્રો ૫૦ હજાર લઈને નટવરના ઘેર પહોંચ્યા. બપોરનો સમય હતો. મુંબઈથી શેઠાણી આવી છે એવું જાણીને કેટલીક મહિલાઓ પણ ભેગી થઈ ગઈ. આત્મારામને ૫૦ હજાર રૂપિયા આપ્યા એટલે એ પૈસા તેમણે માતાજીના મઢમાં મૂકાવ્યા. એક થાળીમાં એ પૈસા મૂક્યા એ પણ માતાજીના મઢમાં મૂકાવ્યા, આત્મારામે જણાવ્યું કે, "તમે થોડીવાર બેસો.... માતાજીની પૂજાવિધિ કરી લઉં પછી તમે તમારો માલ લઈ જાવ...."

આત્મારામ પૂજા કરવા બેઠા.... પૂજાવિધિ ચાલતી હતી એ દરમ્યાન એક નવું કૌતુક ઊભું થયું.

એક યુવાન ધૂણતો ધૂણતો આવ્યો અને માતાના મઢ આગળ આવીને ઢળી પડ્યો....બેભાન થઈ ગયો એટલે ત્યાં આગળ એકઠી થયેલી મહિલાઓમાંથી એક ડોશીએ ત્રાડ પાડી.

"માતાજીની બાધા પૂરી નહિ કરો તો આ છોકરો મરી જશે...."

એકઠી થયેલી મહિલાઓએ ઢળી પડેલા છોકરા ઉપર લાલ કપડું ઓઢાડી દીધું. આ નવી આફતથી મુંબઈથી આવેલા ચારેય જણાં છક્ક થઈ ગયા. આત્મારામે દુઃખી અવાજે દલસુખભાઈને કહ્યું "માતાજીની બાધા પૂરી કરવી જ પડશે એટલે તમે અગિયારમાં દિવસે આવજો....નહિંતર જો બાધા અધૂરી રહેશે તો આ છોકરો મરી જશે...."

પેલા ચારેય જણાં વળી પાછા રીક્ષામાં બેસી રવાના થઈ ગયા.

અને છેલ્લે જ્યારે આ લોકો સિક્કા લેવા માટે ગયા ત્યારે જેનું ખૂન થયું હતું એ છોકરો ત્યાં જીવતો જાગતો ફરતો જોયો....તપાસ કરતાં ખબર પડી કે ખૂન બાબતે કોઈ હકીકત પોલીસને જાણ નથી. આઠ મહિના બાદ મુંબઈના આ શિક્ષિત સજ્જનોને ખબર પડી કે તેમના ત્રણ લાખ રૂપિયાની છેતરપિંડી થઈ છે..... ત્યારે એમને ધરતી ફરતી લાગી....

## ૩૨. "મને....માફ.....કરજો....રાજ..."

ગામ આખું જાણે શોકના સાગરમાં ડુબી ગયું હતું... ગામ આખામાં સન્નાટો છવાઈ ગયો હતો.... ગામના ચોરે ચૌટે ભેગા થયેલા સજ્જનો-સન્નારીઓના ચહેરા પર એક પ્રકારનો વિષાદ છવાયેલો હતો....એવું લાગતું હતું કે દરેકે દરેક વ્યક્તિનો કોઈ નજીકનો સ્વજન અકાળે અવસાન પામ્યો હોય..... ટોળાઓમાં એકજ વાત-વાક્ય બોલતું-આતો બહું ખોટું થયું.... ભગવાને ખરેખર અન્યાય કર્યો છે..... અરેરે ! બિચારી....બેઉ સાસુ વહુ અકાળે વિધવા બની....! સાસુ પણ

ભરજુવાનીમાં વિધવા થઈ હતી એકનોએક દીકરાને સાચવવા આખી જીંદગી રંડાપો વેઠ્યો.....અને... એની વહુ, પણ અરેરે... દરિયા જેટલી સામે પડેલી જીંદગી વહુ કેમની ગાળશે...? આ રંડાપો....?

આખા ગામમાં સાસુ-વહુના દુઃખણાની ચર્ચાઓ ચાલતી રહી... મૃતદેહ હજુ ગામમાં લવાયો નહોતો.... માત્ર સંદેશો જ આવ્યો હતો અને એ સંદેશાએ આખા ગામને શોકમગ્ન બનાવી દીધું હતું.... તો .... જયારે મૃતદેહ લાવવામાં આ વશે ત્યારે....?

જીવકોરબા ભરજૂવાનીમાં રંડાયાં હતાં... એમના પતિ અસાધ્ય રોગથી પીડાતા હતા... અને યુવાન વયે જ મોટા ગામેતર ઉપડી ગયા હતા.... ત્યારે પોતાની નિશાની રૂપ એક કુળદિપક છોડી ગયા હતા.... નામ એનુ દિપક... ખૂબ વહાલો... બચપણથી જ હોશિયાર.... અને તંદુરસ્ત પણ ખરો... નબાપો દિપક જાણે પોતાની ફરજ અને જવાબદારી સમજી ચૂકયો હતો.... જીવકોરબા લોકોના સીમ સીમાડે મેહનત મજૂરી કરીને દિપકને ભણાવ્યો....દિપક બની ગયો મોટો પ્રોફેસર.... એની તર્કબુદ્ધિ અને વાત કરવાની ઢંગથી લોકો દંગ થઈ જતાં....

ઉંમર લાયક થયેલા દિપકને સારી અને સુંદર કન્યા જોઈને પરણાવી દીધો.... સારો એવો પગાર આવતો હોવાથી દિપકને.... એને ગુણિયલ નારી મળી હતી.... પતિની છત્રછાયા ગુમાવી બેઠેલા જીવકોરબાની આંખ ઠરી હતી.... દિપક અને દિવ્યાની જોડીને જોઈને તેઓ ફૂલ્યા સમાતાં નહોતાં..... પોતાનો રંડાપો સાર્થક થયો હતો. દીવ્યા પણ સુંદર હતી અને હોંશિયાર પણ.... ભણેલી પણ હતી એણે નોકરી મળી જાય એટલા માટે દિપકને કહ્યું પણ હતું પરંતુ દિપકે તેને સ્પષ્ટ નન્નો ભણી દીધો હતો....

"દિવ્યા....? તારે નોકરી કરવાની જરૂર નથી.... હું કમાઉં છું એનાથી આપણે આરામથી જીંદગી વિતાવી શકીશું... માને પણ મેં ના પાડી દીધી છે એ પણ હવે મજુરી કરવા નહિ જાય... અને વળી તું નોકરી કરે એ મને પસંદ નથી....મારી નોકરી જતી રહેશે તો હું લાત મારીને પૈસા પેદા કરીશ... પણ તારે ક્યાંય કમાવા જવાનું નથી...તું કોઈ પરાયા પુરૂષ સાથે નોકરી કરે...મજબુરીથી હસવું બોલવું પડે એ મને પસંદ નથી..."

" પણ તમને મારી ઉપર વિશ્વાસ નથી...? હું થોડી કંઈ આઉટલાઈનની છું તે કોઈ પુરૂષ મને ભોળવી જાય.."

"એવું નથી દિવ્યા... મને તારી ઉપર પૂર્ણ વિશ્વાસ છે... આ ઘરસંસાર વિશ્વાસની બુનિયાદ પર તો ચાલે છે.... મને તારા પર વિશ્વાસ છે પણ પુરૂષજાતિ પર વિશ્વાસ નથી... સ્ત્રી જાત ગમે તેટલી અડગ રહે પણ પુરૂષો એને મજબુર કરે ત્યારે સ્ત્રી જાતિએ નમતું જોખવું જ પડે છે એટલે એ વાત હવે કરતી નહિં..."

અને ત્યારથી દિવ્યા સમજી ગઈ હતી કે દિપક તેને નોકરી કરવા નહિં દે...દિપકને પોતે કોઈ અન્ય પુરૂષ સાથે સંબંધ બાંધી દેશે એવો થોડો ઘણે અંશે પણ શંકા તો છે જ...સંકાનું કોઈ સમાધાન નથી હોતું.... પતિ જે કહે તેનું પાલન કરવું પત્નીની ફરજ છે.એવુ માનીને દિવ્યાએ નોકરી કરવાનું માંડી વાળ્યું હતુ. પતિ નોકરીએ જાય ત્યારે ઘરમાં દિવ્યા તેની સાસુ એકલા પડતા જમી પરવારીને બંને જણા ઘરમાં આરામ કરતા... કંઈ અન્ય કામ ધંધો કરવાનો નહીં એટલે કંટાળો પણ આવતો.... એટલે બંને સાસુ-વહુ દિપક નોકરી પર જતો તે દરમ્યાન બંને કામ ધંધો કરવા ઉપડી જતા જે દિપક જાણતો નહોતો.....

દરમ્યાન સુખી લગ્નજીવનના પરિપાકરૂપે દિવ્યાએ એક સુંદર પુત્રનો જન્મ આપ્યો..... બેમાંથી ત્રણ બન્યા... દવા દારૂના પૈસા ખર્ચતા હોવા છતાં દિવ્યા તેની પાસે માંગતી નહોતી... એણે તપાસ કરી... દવા-દારૂ-કપડાં લત્તાના પૈસા ક્યાંથી આવે છે.... કોણ આપે છે? ઝીણવટ અને ગુપ્ત તપાસ કરી ત્યારે દિપકને ખબર પડી કે તે જ્યારે નોકરી પર જતો અને તેની ગેરહાજરીમાં તેની મા અને પત્ની મજૂરી કરવા જતાં હતા તેની આવકમાંથી પૈસા વપરાય છે એ જાણ્યા પછી દિપક કાળઝાળ બની ગયો... એક તો એને પૈસાની ખોટ નહોતી અને વળી એની ના છતાં તેના આદેશનું ઉલ્લંઘન કરીને મા અને વહુએ મજૂરી કરવાનું ચાલુ રાખ્યું.... નાના બાળકોને સાચવવા ને બદલે તેને ભૂખ્યાં તરસ્યા રાખીને રૂપિયા કમાવવા જતી પત્ની દિપક ગુસ્સે ભરાયો...

દિપક-દિવ્યાના ઘરસંસારમાં ઘરકંકાસ પ્રવેશ્યો... બંને વચ્ચે શરૂ-શરૂમાં શાબ્દિક બોલાચાલી થતી...ધીરે-ધીરે મારઝૂડ થવા લાગી... પોતાનું અહમ ઘવાતાં એને પોતાના બચાવ ખાતર ક્યારેક દિવ્યા પણ દિપક પર હાથ ઉપાડતી... એટલે સુધી કંકાસ પહોંચ્યો કે ઘર,ફળિયામાં અને પછી તો આખું ગામ જાણવા લાગ્યું...

રોજનું થઈ પડ્યું... ધીરે ધીરે લોકો જે ઝગડો મટાડવા, સમજાવવા આવતા એ લોકો પણ બંધ થઈ ગયા...

દિવ્યા અને દિપક વચ્ચે એટલી મોટી ખાઈ પડી ગઈ હતી કે.... દિપક તેની નોકરી કરવા જાય ત્યારે કોઈક સાથી યુવતી સાથે સંવાળા સંબંધો રાખ્યા છે અને રાંડ યુવતીના કહેવાથી અને એની કાનભંભેરણી ઉશ્કેરાઈને દિપક દિવ્યાને મારઝૂડ કરતો હતો ત્યારે દિપક પોતાની ગેરહાજરીમાં કોઈ અન્ય પુરૂષ સાથે સંબંધ ધરાવતી હશે અને એટલે જ ઝગડો કરે છે એવું બંને જણાં પરસ્પર માનસ બેઠા હતા. એટલું જ નહિ ઝગડો થતાં બંને જણા આવા ચારિત્ર્યહિનતાના આક્ષેપો પણ એકબીજા પર કરતા હતા.

જ્યારે જ્યાર. ઝગડો થાય ત્યારે ત્યારે દિપક આત્મહત્યા કરી લેશે એવી ધમકી આપ્યા કરતો તો સામે નિર્દયી બની ચૂકેલી અને આવી ધમકી રોજની થઈ પડેલી જાણી ચૂકેલી દિવ્યા પણ તેને આત્મહત્યા કરી લેવા મહેણાં મારતી... પતિ-પત્નીના ઝગડામાં વૃધ્ધ જીવકોરબા અનતે પુત્ર રાહુલ પીસાતા રહેતા...

દિપક અને દિવ્યા બંને હઠે ભરાયા હતા... બેમાંથી એકેય નમતું જોખતા નહોતા... બંને ભણેલ હતા... બંનેને સ્વમાન વહાલું હતું... દિવ્યા પોતાના પતિના પગલે ચાલવાની ફરજ ચૂકી ગઈ હતી... વાત આગળ વધી ગઈ હતી... પતિગૃહ પર હક્ક જમાવતી અને એક પુત્રની મા બનેલી દિવ્યા પતિને કે પતિગૃહને છોડવાનું નામ લેતી નહોતી જ્યારે બીજીતરફ કંટાળેલો પતિ પત્નીને તરછોડવાના બનતા તમામ પ્રયત્નો કરી ચૂક્યો હતો... ખાનદાનમાં કોઈ છૂટાછેડાનો બનાવ બન્યો નહોતો છતાં દિપક દિવ્યાને છૂટાછેડા આપવા તૈયાર થઈ ગયો હતો. પોતાની આજ્ઞાનું ઉલ્લંઘન કરનાર પોતાના હુકમની એૈસીતૈસી કરનાર દિવ્યા સાથે જીવન જીવવું અને રોજ કંકાસ કરવો એનાં કરતાં કાં દિવ્યાને છૂટાછેડા આપવા કે પછી હવે અંતિમ નિર્ણય અમલમાં લેવો એવા દ્રઢ નિશ્ચયે પહોંચેલા દિપકને બીજા નંબરનો વિચારનો કરવા ઉતાવળો બન્યો.

જ્યારે જ્યારે ઝગડો થાય ત્યારે ત્યારે દિપક કહ્યા કરતો તે હું મરી જઈશ પછી તમને બધાને પસ્તાવો થશે... એ પસ્તાવો ન થાય એટલા માટે સમજાવું છું કે હવે બહુ થયું.... મારા ઘરમાં હું કહું એજ થશે... મારૂં કહ્યું ના કરવું હોય તો... પછી મારા મોત પછી મારી યાદ આવશે ત્યારે ઘણું બધુ મોડું થઈ જશે... પછી લાખ કોશિષ કરશો તો પણ મને પાછો બોલાવી નહીં શકો... એ વિપત્તી ન પડે એટલા માટે સમજાવું છું.

તો બીજી તરફ દિવ્યા પણ કાળઝાળ બનીને કહેતી “તમે નહિં હો તો અમે કાંઈ ભૂખે મરવાના નથી... અને મરવાનું તો તમે કેટલાય સમયથી કહો છો.... ભસ્યા કૂતરા કરડે નહિ અને ગાજ્યાં મેહ વરસે નહીં... બધાં કેટલાંય આવું કહી ગયા છે પણ એવું કહ્યું કરે નહીં... અને મારા જેવી ઘણી બધી બૈરીઓને તમારા જેવા વહેમીલા પતિ મળ્યા હશે અને એ બૈરીઓ પણ ધણી વગર જીવન ગુજારે છે....”

સંપૂર્ણ વિશ્વાસ હતો દિવ્યાને કે દિપક આવું નહીં કરે... પ્રોફેસર છે... થોડું ઘણું તો વિચારશે ને ? પણ... દિવ્યાને ખબર નહોતી કે કાળ ચોઘડીયામાં બોલેલા વેણ ક્યારે ફોક થતાં નથી...

એક રાતે ઘરમાં ફરીથી ઝઘડો થયો અને દિપક ઉશ્કેરાયો.... તેણે છેલ્લે નિર્ણય કર્યો... કશું બોલ્યા વગર સીધો ઘૂસ્યો બાથરૂમમાં... ક્યાંકથી તીવ્ર ઝેરની દવા લાવેલો એ આખી દવા ગટગટાવી ગયો... એની જાણ થતાંજ જીવકોરબાએ બુમાબુમ કરી મૂકી.

“ અરે કોઈ બચાવો રે... મારો દિપક મરી જાય મરી જાય છે રે... એને પકડો... એણે ઝેર પીધું છે... અરેરે કોઈ આવો...” એવું બુમો પાડતાં જીવકોરબા બાથરૂમનું બારણું ખટખટાવા લાગ્યા....

ઘરમાં રોટલા બનાવતી દિવ્યાએ સાસુની બૂમો ધ્યાન પર લીધી નહીં એવું સમજી કે દિપકે રોજની માફક નાટક કર્યુ હશે... આટલું બધું ભણેલો દિપક કુદરતે આપેલા જીવનનો અંત આણવાનો વિચાર કરે નહીં... એવા ભ્રમમાં રહેલી દિવ્યા ઉભી ન થઈ....

તો બીજી બાજુ છેલ્લા કેટલાંય વર્ષોથી રોજ થતાં ઝઘડા અને ધમાલથી ટેવાયેલા ફળિયાના લોકો પણ ન આવ્યા...એમને એમ કે રોજની માફક દિપકે

બનાવટ કરી હશે... પણ જ્યારે જીવકોરબાની કારમી ચીસો સંભળાઈ ત્યારે પડોશીઓ દોડી આવ્યા અને બાથરૂમનો દરવાજો તોડ્યો તો અંદર દિપક ટાંટિયા ઘસતો પડ્યો હતો... બાથરૂમમાંથી ઝેરી દુર્ગંધ મારતી હતી... તડપતાં દિપકને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં લઈ ગયા...

દિપકે ગાજ્યા મેઘ વરસાવ્યા તો દિવ્યા ફટફટ આંસુડે રડી પડી... કોઈ વાતે છાની રહેતી નહોતી... નાથ... તમે આવું કેમ કર્યું... મને ખબર નહોતી કે તમે આ રીતે હેરાન કરશો.... તમે શામાટે ઝેર ઘોળ્યું....! એ ઝેરનો વાટકો તમે મને કેમ પીવા ના આપ્યો...? તમે નફ્ફટ બની ગયા.... કેમ તમે દગો કર્યો ? આ તમારા રાહુલનું શું....?

હોસ્પિટલમાં પથારી આગળ માથા પછાડતી રડતી દિવ્યાને જોઈને દિપકની આંખો પણ ભરાઈ આવી હતી... કશું બોલી શકતો નહોતો... અને મોડી રાત્રે ખેલ ખત્મ થઈ ગયો ત્યારે દિવ્યા જાણે ફાટી પડી.

બીજા દિવસે દિપકના મૃતદેહને સ્મશાનમાં લઈ જવા નનામી બાંધવામાં આવી... ગામ આખું દિવ્યાના રૂદનથી રડી ઉઠ્યું હતું. પતિને વળાવવા દિવ્યાને સુહાગણના કપડાં પહેરાવવામાં આવ્યા ત્યારે દિવ્યા કઠણ કાળજું કરીને પતિના આત્માને શાંતિ મળે એ માટે આકર્ષક કપડાં પહેરી લીધા.... બંને હાથના કાંડા ઉપર ફુલના હારના ગજરા પહેરાવવામાં આવ્યા... ગરદન પર શણગાર સજીને જ્યારે પતિને વળાવવા દિવ્યા બહાર નીકળી ત્યારે જોનારાના કાળજા કંપી ઉઠ્યા... પતિ વિનાની આ યુવાન પત્ની જીંદગી કેમની જીવશે એવા વિચાર માત્રથી લોકો ડૂસકાં નાખી જતાં....

અને જ્યારે ચાર કાંધિયાએ દિપકની નનામી ખભે ઉઠાવી ત્યારે તો અતિકરૂણમય વાતાવરણ ઉભું થઈ ગયું... ફૂટતી રડતી... દિવ્યા પતિની નનામી છોડવા જાણે માગતી નહોતી.... ઝાંપા બહાર દિપકની નનામીને વિસામો આપ્યો અને પછી જ્યારે નનામી કાંધે ચડાવી ત્યારે...

"ઓ નાથ... મને આ દુનિયામાં એકલી મૂકીને તમે ના જાવ... મને સાથે લઈ જાવ... મારાથી આટલો બધા અબોલા ના લો મારા નાથ.... રિસામણાં આવા ના હોય..." દિવ્યા બોલતી રહી રડતી રહી અને ડાઘુઓ નનામી લઈ ઝડપભેર રવાના થયા ત્યારે..." "ઓ નાથ... મને માફ કરજો રાજ....!" એ અંતિમ વાક્ય જ્યારે દિવ્યાના મુખમાંથી નીકળ્યા ત્યારે આ દ્રશ્ય જોનારના શરીરમાંથી એક પ્રકારની કરૂણ ઝણઝણાટી પસાર થઈ ગઈ.... કેટલાંકનાં કાળજા જાણે કંપી ઉઠ્યા હતાં....

અને ગામનો એક ભણેશરી કાળ ચોઘડીયાનો કોળીયો બનીને સદાયને માટે વિલય થઈ ગયો.

## ૩૩. વાતવાતમાં સાવ અચાનક હત્યા

"જમાદાર સાહેબ.... જમાદાર સાહેબ.... મારી એકની એક દીકરી અઠવાડિયાથી મળતી નથી.... સાહેબ મારી દીકરીને શોધી કાઢો આપો.... મારી લાડકી દીકરી વગર મારાથી જીવાશે નહી...."

પોલીસ સ્ટેશનના આઉટ પોસ્ટમાં ભીમસિંગ જમાદાર ચાર્જમાં હતા અને પંચાયત ઘરમાં આવેલ આઉટ પોસ્ટ પોલીસ સ્ટેશનમાં હજુ હમણાં જ આવીને બેઠા હતા.... દશેક વાગ્યા હશે.... છાપા વહેંચનારો ફેરિયો હજુ આવ્યો નહોતો.... ભીમસિંગ જમાદાર ફેરિયાની રાહ જોતા બેઠા હતા કે એક પચાસ વર્ષની ઉંમરના આશરાનો આધેડ પુરૂષ પોલીસ સ્ટેશનમાં રોદણાં રડવા લાગ્યો.....

માણસાઈ અને સજ્જાઈ ધરાવતા ભીમસીંગે આગંતુક પુરૂષને સાંત્વના આપી બેસાડ્યા...

"બેસો...બેસો... રમણકાકા... આમ આકળા ન થાવ... મળી જશે તમારી દીકરી... પહેલાં શાંતિથી બેસો તો ખરા..." વર્ષોથી આ થાણું સંભાળતા ભીમસીંગ જમાદાર તેમના વિસ્તારના મોટાભાગના લોકોને ઓળખતા હતાં... એક કર્તવ્યનિષ્ઠ જમાદાર તરીકે ભીમસીંગ ઓળખાતા... બાજુના જ ગામમાં રહેતા અને પાંચમાં પુછાતા રમણકાકાને ભીમસીંગ જમાદાર સારી રીતે ઓળખતા હતા. એટલું જ નહીં પણ એમના ગામની મુલાકાતે જ્યારે જતા ત્યારે રમણકાકાના ઘેર અવશ્ય જતા... એમની દીકરી જમકુને પણ ભીમસીંગ ઓળખતા... કેમ કે રમણકાકાને ઘેર ગયેલા જમાદારને કડક મીઠી ચ્હા પણ જમકુ જ બનાવીને પીવડાવતી હતી ને?

જમકુ રમણકાકાની એકની એક દીકરી હતી અને એ અઠવાડિયાથી લાપત્તા બની હતી... જો કે ભીમસીંગ જમાદાર પણ છેલ્લા દસેક દિવસથી એ તરફ ગયા નહોતા. એટલે આ આખા બનાવથી તેઓ અજાણ હતા.

ભીમસીંગ જમાદાર પોલીસ ચોકીએ આવ્યા છે એવું જાણીને પંચાયત ઘરની બહાર ચ્હાની લારીવાળો સ્પેશ્યલ ચ્હા લઈને આવી પહોંચ્યો....

"લો કાકા.... ચ્હા પીઓ... અમે તો તમારા ઘરની ખૂબ ચ્હા પીધી છે...."

"હા... જમાદાર સાહેબ.... એ ચ્હા પણ હવે તમને પીવા નહીં મળે.... મારી જમકુ અઠવાડિયા થી...."

"હા કાકા.... જમકુ બિચારી હું આવું કે તરત જ કડક ચ્હા બનાવી આપતી હતી - પણ કાકા... અઠવાડિયાથી જમકુ લાપતા બની છે ત્યાં સુધી તમે શું કર્યુ.... બીજે જ દિવસે મને જાણ કરી હોતતો પાતાળમાંથી પણ તમારી દિકરીને શોધી લાવી તમને સોંપી હોત.... પણ.... ચિંતા ના કરો... હવે હું જમકુને શોધવાના જ કામમાં લાગી જઈશ...."

"અઠવાડિયા સુધી તો મેં એને સગા-સંબંધીને ત્યાં શોધી પણ જ્યારે ક્યાંયથી પત્તો મળ્યો નહિ એટલે આખરે તમારી પાસે આવ્યો છું....સંબંધીઓને ત્યાંથી કદાચ જમકુનો પત્તો મળી જાય તો.... અને કદાચ હું પોલીસને જાણ કરૂં તો નક્કામી મારી આબરૂના ધજાગરા થાય... એટલે...."

"અરે હોય કાકા.... તમારી દીકરીએ મારી દિકરી....જે દિવસે જમકુ ગૂમ થઈ ગઈ એ દિવસે પણ જો તમે મને જાણ કરી હોત તો... હું પણ તમારી સાથે જમકુનો પત્તો મેળવવા આવત.... કાગળ ઉપર લીધા વગર પણ હું તમને મદદ કરત... ઠીક છે....હવે... આવ્યા છો અમે તમારી જમકુને શોધવાની બનતી તમામ કોશિષો કરીશું...."

ભીમસીંગે એક કોરો કાગળ કાઢ્યો અને રમણકાકાની અરજી લખવા લાગ્યા... નામ-ઠામ લખ્યા પછી જમાદારે કેટલાંક જરૂરી પ્રશ્નો પૂછ્યા જેમ કે... ઉંમર...ઊંચાઈ...બાંધો...ચહેરાનું વર્ણન...નિશાની...કપડાંનું વર્ણન... સાથેસાથે એમણે એ પણ કહી દીધું કે જમકુનો પત્તો મેળવવા આ બધું જ લખવું પડે... એટલે રમણકાકાએ લખાવી દીધું.

ઉંમર આશરે અઢાર વર્ષ....ઊંચાઈ પાંચ ફુટ... મધ્યમ બાંધો.... સુંદર ગોલમટોલ ચહેરો... જમણા ગાલ અને કાનની બુટ્ટી નીચે કાળો તલ... ગુલાબી બ્લાઉઝ... ભૂરા કલરનો ચણિયો.... કમર સુધીના લાંબા કાળા વાળ...

"આ સિવાય પણ તમારા ધ્યાનમાં કોઈ ખાસ નિશાની હોય તો.... વિચારી જુઓ...."

"ના... આ સિવાય તો..." રમણકાકા વિચારમાં પડી ગયા... તેમણે થોડા ઉમળકાથી કીધું..."એના ગળામાં અંબાજી માતાના ફોટાવાળું છબતરૂં છે... કાળા દોરાથી ગુંથેલું છે કદાચ પહેરીને ગઈ હોય તો...."

તમામ બાબતોની નોંધ કર્યા પછી ભીમસીંગ જમાદારે રમણકાકાને દિલાસો આપી રવાના કરતાં પહેલાં એક સંદિગ્ધ પ્રશ્ન પૂછ્યો "કાકા....તમને જો ખોટું ના લાગે તો એક પ્રશ્ન હું ક્યારનોય પૂછું...પૂછું કરી રહ્યો છું.... પણ આખરે પૂછી જ લઉં છું... આપણી જમકું આમ તો નિર્દોષ છે પણ કદાચ એ કોઈ જુવાન સાથે...."

"ના હોય... મારી દીકરીએવી નથી... મને ખબર છે..." થોડા અકકળાઈ ગયેલા રમણકાકા શિષ્ટાચાર ભૂલીને રવાના થઈ ગયા.

પરંતુ ભીમસીંગ જમાદારનું દિમાગ પોલીસવાળાનું હતું... દરેક બાબતોમાં ખાતરી કરી લેવાની ટેવવાળું... જમકું સુંદર અને ઉંમર લાયક હતી.... જુવાનીના જોશમાં કોઈ છોકરા સાથે પરિચયમાં આવતાં કદાચ એની સાથે ભાગી પણ ગઈ હોય... બીજી તરફ જમકુના લક્ષણો પણ તે જાણતાં હતા. ઓછા બોલી અને શરમાળ જમકું અવિચારી પગલું ભરે એ કદાચ નહિં માનવા જેવી વાત હતી.... પણ.... આ જમાનાના છોકરાઓ.... કશું કહેવાય નહિ... એક નિઃસાસો નાંખી ભીમસીંગ ખુરશી પરથી ઉભા થઈ જમકુંની શોધ કરવાની તૈયારી કરતા અમસ્તા નીકળ્યા... કે અચાનક તેમની નજર ચ્હાની લારીવાળા ઉપર પડી.... એ ચ્હાવાળો છાપું વાંચતો હતો...

"કેમ અલ્યા.... છાપામાં એટલું બધું શું છે તે ધ્યાનથી વાંચે છે ? અને વળી તું ક્યારથી છાપું મંગાવે છે?"

"અરે સાહેબ... હું ક્યા છાપું લઉ છું...... આતો તમારુ છે...... છાપા વાળો છતાવળમાં હતો એટલે મને આપીને ગયો છે અને અંદર તમારી સાથે કાકા બેઠા હતા એટલે થયું કે લાવ જરા નજર મારી લઉં....."

"બરાબર છે..... પણ તું આટલી ધ્યાનથી છાપામાં શું વાંચતો હતો .....? લાવ જો....."

"લો સાહેબ.... આતો અંબાજી પર્વત પરથી કોઈ છોકરીની લાશ મળી છે એ સમાચાર વાંચતો હતો.... લાશનું માથું ગાયબ થઈ ગયું છે..... એટલે વાંચતો હતો... અમને તો એવુ બધું વાચવાનું ખૂબ ગમે...."

ચ્હાવાળો બોલતો રહ્યો અને ભીમસીંગ જમાદાર એ છાપું લઈને પોલીસ ચોકીમાં પાછા આવ્યા અને પાતાની ખુરશીમાં બેસીને ધ્યાનથી વાંચવા લાગ્યા.

છાપાની છેલ્લા પાના પર એ સમાચાર છપાયા હતાં "અંબાજી પર્વત પરથી અજાણી યુવતી લાશ મળી ..... માથું ગાયબ  થઈ ગયું....."

પ્રથમ તો ભીમસીંગને આ સમાચાર ચમત્કારના લાગ્યા પરંતુ પછી જયારે તેમણે ધ્યાનથી આખા સમાચાર વાંચ્યા ત્યારે એક આઘાત એમને લાગ્યો.... સમાચારમાં યુવતીના પહેરેલ કપડાંનું વર્ણન આપ્યું હતું એ પરથી કદાચ એ લાશ જમકુની... પણ એ અંબાજી કેમની પહોંચી?કેવી રીતે મરી ગઈ?એનું માથું....?

હવે મોડું કરવાનો કોઈ અર્થ નહોતો... એમણે પોલીસ સ્ટેશને સબઈન્સ્પેક્ટરને આખી હકીકતની જાણ કરી અને જિલ્લા પોલીસવડાની પરવાનગી મેળવી પી.એસ.આઈ. સાથે ભીમસીંગ પણ અંબાજી જવા રવાના થઈ ગયા.

અંબાજી પોલીસ મથકે જઈને લાશ અંગે વધુ માહિતી મેળવી....આ દરમિયાન પોલીસે અકસ્માત મોતમાંથી હત્યાનો ગુનો દાખલ કર્યો ત્યારે ભીમસીંગ જમાદાર ચમક્યા...

પોલીસે કબજે લીધેલા કપડાં જોયા પછી ભીમસીંગને ખાતરી થઈ ગઈ કે લાશ રમણકાકાની જમકુની જ છે.... એમણે પૂછપરછ કરી.

"સાહેબ....લાશ તો અમારા વિસ્તારની જ છે પણ હજુ એક નિશાની બાકી છે લાશની આજુબાજુમાંથી કોઈ છાલકુ  ન મળ્યું છે?..."

"હકીકતમાં લાશનું માથું કદાચ જંગલી જાનવરો લઈ ગયા હશે.... લાશને પણ જંગલી જાનવરોએ ઠેકઠેકાણે ફાડી ખાધેલી હતી.... એટલે લગભગ હાડપીંજર જેવી જ લાશ મળી છે તમારે જગ્યા જોવી હોય તો ચાલો આપણે જઈએ...."

ભીમસીંગ જમાદારને ચોક્કસ માહિતી હતી કે જો આ લાશ જમકુની હોય તો ગમે ત્યાં આજુબાજુમાં છાબડું પડ્યું જ હશે.... પોલીસ ટુકડી સાથે તેઓ પણ રવાના થયા અને પર્વતના પાછળના ભાગે જ્યાંથી લાશ મળી હતી ત્યાં પહોંચ્યા.... પોલીસ ટુકડી ઘટનાસ્થળની આજુબાજુમાં શોધખોળ કરવા લાગી.... ભીમસીંગ જમાદાર પણ મદદ કરતા હતા. લાશ પાંચ-છ દિવસ પહેલાંથી અહીં પડી હશે એવું અનુમાન પોલીસે કર્યુ હતું અને રમણકાકાની જમકું અઠવાડિયા પહેલાં ગૂમ થઈ હતી.

ભીમસીંગ જમાદાર ઝીણવટપૂર્વક નિરીક્ષણ કરતા કરતા થોડે દૂર નીકળી ગયા અને ત્યાં એક ગુફા જેવું હતું... તેમણે ગુફામાં ઝીણવટપૂર્વક જોતાં એક માનવ ખોપડી પડેલી જણાઈ અને ગુફાના માર્ગમાંથી જ તેમને તૂટેલું છબતરૂં મળ્યું. એ છબતરૂં જોતાં જ પામી ગયા કે લાશ જમકુની જ છે. એમણે સ્થાનિક પોલીસ ઓફિસરને બધી વાત કરી ત્યાંથી રવાના થઈ ગયા...

રમણકાકાના ગામમાં પહોંચેલા ભીમસીંગભાઈએ ગુપ્ત રીતે તપાસ આરંભી... કેટલાંકની પૂછપરછ કરી તો તેમના અનુમાન મુજબ જમકુંને કેટલાંક લોકોએ રમણકાકાના ખેતર પડોશીને ત્યાં કામ કરતા મનસુખ સાથે ઘણી વખત એકાંતમાં હસતી-બોલતી જોઈ હતી.

રમણકાકાને ભીમસીંગે કઠણ કાળજું રાખીને જણાવી દીધું કે તેમની દીકરીજમકુંની લાશ અંબાજીમાંથી મળી હતી... તેની હત્યા કરવામાં આવી હતી...અને જમકુના હાડપીંજર જેવી લાશને અવ્વલ મંજિલે પહોંચાડી પણ દીધી

છે... હવે પ્રશ્ન એ ઉભો છે કે જમકુંની હત્યા કોણે કરી.... જમકું એકલી અંબાજી જાય નહીં.... એને લઈ જવામાં આવી છે...પણ....

ભીમસીંગ જમાદારે પૂછપરછ ચાલુ રાખી. એમણે મનસુખની શોધ કરી તો એ તો આરામથી ખેતરમાં કામ કરતો હતો. એણે જમકું વિશે કોઈ માહિતી આપી નહીં છતાં પણ તેને પોલીસ મથકે લઈ આવ્યા....

બીજી તરફ ગામના એક-બે જણાંએ ચોક્કસપણે જણાવ્યું કે અઠવાડિયા પહેલાં સવારની વહેલી બસ નજીકના શહેરમાંથી ઉપડે છે તે બસમાં તેમણે મનસુખને જોયો હતો.... પણ એની સાથે નમકું નહોતી.... એ વહેલી બસ અંબાજી જાય છે.

મનસુખને પોલીસે પોતાની રીતે પૂંછ્યું.... કે જે દિવસે જમકું ગૂમ થઈ તે દિવસે વહેલી સવારની બસમાં તું અંબાજી શામાટે ગયો હતો.... તારી સાથે જમકું હતી એ અમને ખબર પડી ગઈ છે... હવે છટકવાનો કોઈ રસ્તો નથી....

મનસુખ ભાંગી પડ્યો.... એણે કહેવા માંડ્યું : "સાહેબ.... રમણકાકાના ખેતરની બાજુમાં આવેલા ખેતરમાં હું કામ કરૂં છું જમકું પણ અવારનવાર તેના ખેતરમાં ઘાસ પૂળો લેવા આવતી એટલે અમારી વચ્ચે પરિચય થયો હતો. અને છેલ્લા એક વર્ષથી અમારી વચ્ચે શારિરીક સંબંધો હતા...જેનાથી જમકું ને ગર્ભ પણ રહ્યો હતો પણ હું પણ હું શહેરમાંથી ગર્ભ પળાવવાની ગોળીઓ લાવી જમકુંને આપતો.... પરંતુ આવખતે કોણ જાણે કેમ ગર્ભપાત થયો નહીં.... ત્રણેક મહિના થયા હતા... દિવસો વધતા જતા હતા... કોઈ ઉપાય મળતો નહોતો અને જમકું મારો જીવ ખાતી હતી.... મારી સાથે લગ્ન કરવા માંગતી હતી... પણ એ વાત અશક્ય હતી....પણ જમકું મારો પીછો છોડતી નહોતી.... અને જણાવી દીધું કે કાલે તારે મારી અંબાજી આવવાનું છે.... માતાજીના દર્શન કરવા.... આપણા લગ્ન થાય એ માટે મારે બાધા રાખવી છે....."

નક્કી કર્યા પ્રમાણે હું નજીકના શહેરમાંથી બસમાં બેઠો અને આગલા સ્ટેશનેથી જમકું બેઠી હતી. અમે અંબાજી પહોંચ્યા.... જમકું માતાજી આગળ મારી સાથે લગ્ન કરવાની બાધા રાખશે તો? હું ગભરાયો...માતાજીના દર્શન કરવાની વાર હતી...અમે બંને પાછળના ભાગે આવેલી ગુફા જેવા સ્થળે બેઠા બેઠા વાતો કરતા હતા... ત્યાં પણ જમકુંએ લગ્ન લગ્નની જ વાતો કરવા માંડી... હું અકળાયો અને વાતવાતમાં મેં ઉશ્કેરાઈ જઈને જમકું સાડીના છેડાથી જ મેં એનું ગળું દબાવ્યું અને મારી નાંખી... પછી હું મારી સાથે રામપૂરી ચપ્પુ રાખતો હતો એ ચપ્પાથી તેનું ગળું કાપીને મેં ધડથી અલગ કરી દીધું.... અને તરત જ હું ત્યાંથી પાછો આવતો રહ્યો જેથી કોઈને મારા પર શક ન જાય.

છેલ્લા એક અઠવાડિયાથી રમણકાકા જમકુંની શોધ કરતા હતા અને અઠવાડિયા બાદ જમકુંની હત્યા કરેલી લાશ મળી જેની હત્યા ખેતરપાડોશી મનસુખે કરી હતી. પોલીસે ગર્ભવતી જમકુની હત્યા કરવા બદલ મનસુખની ધરપકડ કરી.

લગ્નના બંધનમાં બંધાવાને બદલે મનસુખ પોલીસ બંધનમાં બંધાઈ ગયો. જેલના સળિયા પાછળ ધકેલાઈ ગયો. કદાચ એ પસ્તાઈ રહ્યો હશે કે જેલના સળિયા પાછળ આખી જીંદગી કાઢવી એના કરતાં જમકુની સાથે લગ્ન કરી લીધા હોત તો....?

## ૩૪. કાનની બુટ્ટી, નાકની ચુની અને પગની આંગળીની રીંગે બેવડી હત્યાનો ભેદ ખોલી નાંખ્યો

ગ્રામ્ય પોલીસ મથકેના સિનીયર સબઈન્સ્પેક્ટર રાત્રિના દશ સાડા દશેક વાગ્યા સુધી કામ કરતા રહ્યા અને જ્યારે એમને ખબર પડી કે હજુ જમવાનું બાકી છે. કામમાં એટલા બધા મગ્ન થઈ ગયા હતા કે ઘેર મહેમાન આવ્યા છે અને તેમને ઘેર જમવા વહેલા બોલાવ્યા હતા પણ આ આખી વાત તેઓ ભૂલી ગયા હતા પણ જ્યારે તેમના ઓફિસના રાઈટર જમાદાર ઘેર જવા રવાના થવા રજા લેવા આવ્યા ત્યારે તો એમને ખબર પડી કે ઘેર જવાનું ઘણું મોડું થઈ ગયું છે. એટલે એમણે પણ પોતાના હેન્ડ પર્સમાં અગત્યના કાગળો મૂકી ઉભા થયા.

"ચાલો હું પણ આવું છું.... જરા પી.એસ.ઓ.ને સૂચના આપતો આવું..." એમ કહી સબઈન્સ્પેક્ટર પી.એસ.ઓ.ની ઓફિસમાં ગયા પણ પી.એસ.ઓ. ફોન પર વાત કરતા હતા એટલે સબ ઈન્સ્પેક્ટર ઉભા રહી ગયા.

એમને જોઈને પી.એસ.ઓ. પણ સલામ મારવા ઉભા થયા.... ફોન પર વાત ચાલુ હતી પી.એસ.ઓ.ના ચહેરા પરના ભાવ જોઈને કંઈક ગંભીર બાબત હોવાનું પારખી ગયેલા સબ ઈન્સ્પેક્ટરે ફોનનું રીસીવર હાથમાં લીધું અને સામેથી આવતો અવાજ સાંભળીને અને સામાવાળાની વાત સાંભળીને સબ ઈન્સ્પેક્ટરના ચહેરા પરના ભાવ બદલાયા.....

"ક્યાં લાશ પડી છે?....હંઅ.... ગામની સીમમાં....?બૈરીની લાશ છે?...હં....સળગાવી મૂકી છે...?ચાર જણાં હતા....?સ્કુટર લઈને આવેલા.... સ્કુટર લઈને જતા રહ્યા ?...હા...! કેટલા વાગે...? સાંજના સાડા પાંચેક વાગ્યે...? તમે... તમે નજરે જોયું હતું...?તમને જોઈને નાસી છૂટ્યા...?... ઓળખાયા નથી ?..." આટલું બોલ્યા પછી સબ ઈન્સ્પેક્ટર ગુસ્સે થઈ ગયા અને સામા છેડેથી બોલતી વ્યક્તિને ઠપકો આપ્યો : સાંજના પાંચ વાગ્યે બનાવ બન્યો છે ને તમે પોલીસને પાંચ કલાક પછી જાણ કરો છો?.... તાત્કાલિક જાણ કરતાં શું ચુંક આવતી હતી.... પોલીસની બીક લાગતી હતી...? ખેતર તમારૂં છે... તમારા જેવા માણસોને તો આવા ગુનામાં સંડોવી દેવા જોઈએ... આ તો તમે ગુનેગારોને નાસી જવામાં મદદ કરી કહેવાય... ગુનેગારો જો છટકી જતા હોય તો તમારા જેવા પોલીસથી ડરનારા માણસોને કારણે...ફરી પાછા સબ ઈન્સ્પેક્ટર શાંત થયા અને પેલાં માણસનું નામ સરનામું લખી લીધું અને બનાવવાળી જગ્યાની નિશાની લીધી. અને ફોન મૂકી દીધો.

"પી.એસ.ઓ... આ ફોન કરનાર માણસના નામે સ્ટેશન ડાયરીમાં એન્ટ્રી કરો અને ગુનાવાળી જગ્યાએ તપાસ માટે હું રવાના થાઉં છું...."

"મહેમાન નાસી જવાના નથી.... હવે તો ભૂખ પણ નથી રહી....અનડીટેક્ટ મર્ડર છે.... ગુનેગારો નાસી જશે તો પકડવા મુશ્કેલ પડશે...." એમ જણાવી સબઈન્સ્પેક્ટર તેમની સાથેના રાઈટર જમાદાર ડી સ્ટાફના માણસોને લઈને ઘટનાસ્થળે જવા રવાના થઈ ગયા.

આ બાજુ ફરજ પરના પી.એસ.ઓ.એ ઉપરી અધિકારીઓને જાણ કરતાં વિભાગીય પોલીસ વન,સર્કલ ઈન્સ્પેક્ટર,સેકન્ડ પી.એસ.આઈ. વગેરે પણ બનાવવાળી જગ્યાએ પહોંચી ગયા. સ્થળ પર જઈને સરકારી ગાડીઓના હેડલાઈટથી નિરીક્ષણ કર્યુ....

ત્યાંથી પસાર થતાં પાકા ડામર રોડથી નજીકના ગામ તરફ જવા માટે પડતા કાચા રસ્તાની બાજુમાં આવેલ શેરડીના ખેતરમાં એક ખૂણામાં શેરડીનો કેટલોક પાક બળી ગયો હતો. જમીન પર એક યુવતીની લાશ બળી ગયેલ ઊંધી પડી હતી. ધ્યાનથી નીરિક્ષણ કરતાં મરનાર યુવતીના માથામાં તુક્ષ્ણ હથિયાર વાગવાથી લોહી નીકળેલ હતું.... કમરથી ઉપરના ભાગે વધારે પડતો ભાગ બળી ગયો હતો.... ચહેરો ઓળખાય એવો રહ્યો નહોતો.... કમરથી નીચેનો ભાગ અંશતઃ બળ્યો હતો.... લાશની બાજુમાં કેરોસીનનું ખાલી ડબલું હતું.... એક છરી પડી હતી.... મરનાર યુવતીના ચંપલ પડ્યા હતા. આ ઉપરાંત યુવતીના પગના આંગળામાં પહેરેલ ધાતુની રીંગો,નાકની ચુની અને કાનના બુટિયા તથા યુવતીના અર્ધ બળેલા કપડાંમાં સાડી અને ચળિયો કદાચ લાશ ઓળખવામાં પોલીસને મદદરૂપ થાય....

ગ્રામ્ય પોલીસ મથકના સિનીયર ઈન્સ્પેક્ટરે સ્થળ પર જ ઈન્કવેસ્ટ પંચનામું કરીને લાશ પરની ચીજ વસ્તુઓ કબજે લઈ લાશનું પોસ્ટમોર્ટમ કરાવવા રવાના કરી દીધી. અને પોલીસને જાણ કરનાર ખેતર માલિક તથા આજુબાજુના ખેતરવાળાના નિવેદનો લીધા તો એમના નિવેદનો પ્રમાણે સાંજના પાંચ સાડા પાંચ વાગ્યાના સુમારે શેરડીના ખેતરમાં ધુમાડો નીકળતો જોઈને ખેતર માલિક તથા આજુબાજુના ખેતરમાંના લોકો દોડ્યા હતા. ત્યારે ચારેક જેટલા માણસોએ એક લાશ સળગાવી હતી પણ લોકોને આવતા જોઈને ચારેય જણાં નાસી છૂટ્યા હતા. ખેતરમાં એક અજાણી મહિલાનું ખૂન થયું હતું અને ખૂન કરનારા નાસી છૂટ્યા હતા. આ બનાવ નજરે જોનારાઓ પોતે પોલીસ કેસમાં ભરાઈ પડશે એવા ડરથી કોઈએ પોલીસને ખબર આપવાની તસ્દી લીધી નહોતી. પણ ખેતર માલિકે રહી રહીને હિંમત કરીને પોલીસને જાણ કરી હતી.

પોલીસ માટે આ કેસ પડકારરૂપ બની ગયો હતો. મરનાર યુવતી અજાણી હતી. ૩૦-૩૫ વર્ષની ઉંમરની આ યુવતીનું ખૂન કરનારા પણ અજાણ્યા હતા.... સ્કુટરો ઉપર બેસી રવાના થઈ ગયા હતા.... પોલીસે સૌપ્રથમ મરનાર યુવતી કોણ છે? ક્યાંની છે? એ શોધવાનું હતું.... તો સાથે સાથે હત્યારાઓની

પણ શોધ કરવાની હતી સબ ઈન્સ્પેક્ટરે પોલીસ દિમાગ દોડાવ્યું અને ઘટનાસ્થળનું નિરીક્ષણ તથા સર્વેક્ષણથી તેમણે અનુમાન કરી લીધું કે,

હત્યારાઓ આજુબાજુના ગામના જ હોવા જોઈએ..... કેમ કે દિવસના સમયે નિડરતાથી શેરડીના ખેતરમાં ગુનો કરવા માટે એમનામાં આત્મવિશ્વાસ હતો અને આવું સુરક્ષિત સ્થળ હત્યારાઓ પ્રથમથી જ જાણતાં હોવા જોઈએ.... મરનાર યુવતીના શરીર પરના પરીક્ષણ કરતા એ પણ કોઈ આજુબાજુના ગામની કોઈ મધ્યમ વર્ગની હોવી જોઈએ...હત્યા કરવા પાછળ કદાચ સામુહિક બળાત્કાર કે પછી આડો સંબંધ કારણભૂત હોઈ શકે.... પણ મરનાર યુવતીની લાશની ઓળખવિધિ હજુ થઈ નહોતી.... એટલે તેની ઓળખ માટે લાશ હોસ્પિટલમાં કોલ્ડરૂમમાં રખાવી તપાસ આગળ ધપાવી હતી.

યુવતીને બાળી નાખી નાસી છૂટેલા લોકો જે સ્કૂટરો પર રવાના થયા હતા તે પૈકીના એક સ્કૂટરનો નંબર અનાયસે જ જોઈ ગયેલા એક વ્યક્તિએ ખાનગીમાં પોલીસને જણાવ્યો અને પોલીસને એક કડી મળી ગઈ. તપાસ અધિકારી આ સ્કૂટરના નંબર આધારે તપાસનો દોર લંબાવ્યો.....

આ દરમ્યાન... શહેર પોલીસ મથકની હદમાં આવેલા એક ગામના કૂવામાંથી એક અજાણ્યા પુરૂષની મારીને ફેંકી દીધેલી લાશ મળી આવતાં ગ્રામ્યના સબ ઈન્સ્પેક્ટરને તપાસનું નવું કારણ મળ્યું.... તેમણે જે કૂવામાંથી પુરૂષની લાશ મળી હતી એ ગામમાં પોતાના બાતમીદારો ગોઠવી દીધા.... તેમનું અનુમાન એવું હતું કે સળગાવી દીધેલ યુવતી ૩૦-૩૫ વર્ષની હતી. અને કૂવામાંથી મળેલ પુરૂષની લાશ સાથે સંબંધ હોઈ શકે.... પુરૂષની ઉંમર પણ ૩૦-૩૫ વર્ષની હતી. એનું પણ ખૂન કરાયું હતું તેની લાશને સિમેન્ટના થાંભલા સાથે બાંધી દઈ કૂવામાં નાંખી દીધી હતી. આ બધા કારણો સરખાવતાં કદાચ યુવતી અને આ પુરૂષ વચ્ચે આડોસંબંધ હોવો જોઈએ.... પુરૂષની લાશ ગામના કૂવામાંથી મળી હોવાથી મરનાર પુરૂષ એ જ ગામનો હોવો જોઈએ.....

કેસ ઘણો જ રસપ્રદ બની રહ્યો હતો....

ગ્રામ્ય પોલીસ મથકના સિનીયર સબ ઈન્સ્પેક્ટરે જ્યારે મરનાર અજાણી યુવતીની હત્યા કરનારા મરનાર પુરૂષના પિતા અને ભાઈની ધરપકડ કરી ત્યારે ગામના લોકો અચંબામાં પડી ગયા હતા પણ જ્યારે આ પિતા -પુત્રએ પોતાનું નિવેદન પોલીસને આપ્યું એ જાણીને લોકો મોંમાં આંગળા નાંખી ગયા.

મરનાર પુરૂષ રમણ પેલી યુવતી કંકુનો ભત્રીજો થતો હતો. અને કંકુ રમણની કાકી પરંતુ સમઉંમરના કંકુ અને રમણ બંનેને પરસ્પર આકર્ષણ જન્મતાં બંને વચ્ચે આડોસંબંધ બંધાયો હતો. એકબીજાના પાડોશીઓ હતા. રમણ પણ પરણેલો હતો પણ પોતાની પત્ની કરતાં કંકુમાં તે વધારે રસ દાખવતો હતો. ગામ આખું આ સંબંધો જાણતું હતું. રમણના કુટુંબીઓ પણ આ સંબંધની વિરૂધ્ધમાં હોવા છતાં રમણે કંકુ સાથેના સંબંધો ચાલુ રાખ્યા હતા. વર્ષોથી ચાલતા આ આડાસંબંધથી વાજ આવી ગયેલ રમણના પિતા અને ભાઈની આંખમાં કણાની માફક ખૂંચતા આ સબંધનો અંત આણવા એક યોજના ઘડી કાઢી.

ધૂળેટીના દિવસે રમણ અને કંકુ બંને મનભરીને ધૂળેટી રમ્યા હતા. પણ એમને ક્યાં ખબર હતી કે આ ધૂળેટી એમના જીવનની અંતિમ ધૂળેટી છે? એ રાત્રે કંકુ સાથે રંગરેલીયા મનાવીને ઘેર આવેલા રમણને તેના ભાઈ અને પિતાએ માથામાં ઘા મારીને પતાવી દીધો અને તેની લાશ કોથળામાં બાંધી દીધી. મધ્યરાત્રે આ કોથળો સાયકલ પર મૂકીને ગામના કૂવા ઉપર લઈ ગયા બાદ લાશને સિમેન્ટના એક થાંભલા સાથે બાંધી ફેંકી દીધી કૂવામાં.... એક ધબાકો થયો.... અને સાયકલ મારી મૂકી ઘર તરફ....

રમણનું કામ તમામ કરી તો દીધું પણ હવે કંકુનું શું?.... એને પણ પતાવી દેવી જોઈએ.... અને એના માટે બીજી યોજના ઘડી.... બે દિવસ પછી.... શોધખોળ કરી રહેલ કંકુને સમાચાર મળ્યા કે રમણ નજીકની ચોકડી પાસે બોલાવે છે.... બપોરના અઢી ત્રણ વાગ્યે પોતાના પ્રેમીને મળવા કંકુ રવાના થઈ.... પણ એ ગઈ એ ગઈ પછી પાછી આવી જ નહીં..... કોઈ એવું કહેતું કે કંકુ રમણ સાથે ભાગી ગઈ છે. પણ હકીકતમાં રમણના નામે તેના ભાઈએ સંદેશો કહેવડાવી કંકુને બોલાવી હતી. ત્યાંથી એને રીક્ષામાં નાંખીને દુરના ગામના સીમાડામાં લઈ ગયા અને કંકુના માથામાં છરીના ઘા મારી મારી નાંખ્યા બાદ સળગાવી દીધી.

## ૩૫. દીકરા અને વહુએ વગોવ્યા મોટા ખોરડા...

બબ્બે જુવાન જોધ દીકરીઓના હાથ પીળા કર્યા પછી ખુશીરામ જાણે જીંદગીનો બધો જ બોજ હળવો કરીને બેઠા હોય એટલી રાહતથી પાછલી જીંદગી ગુજારતા હતા.... જાગૃતિ અને ભારતી બંને સગી બહેનો.... અને સામે પક્ષે પણ બે યુવાન ભાઈઓ.... એક જ કુટુંબમાં....એક જ માંડવે....એક જ દિવસે અને એક જ સમયે અગ્નિની સાક્ષીએ ચોરીના ચાર ફેરા ફરીને પતિગૃહે પધારેલી બંને બહેનોની સુહાગરાત પણ એક મકાનમાં બે અલગ અલગ ખંડમાં ઉજવાઈ.... કોડભરી અન બન્ને કન્યાઓ સુખી સંસાર જીવનના સ્વપ્ના જોતી.... અને જુએ જ.... કોણ એવી અભાગણી હોય તે એવા સ્વપ્ના ન જુએ....? પતિ - પત્ની બંને સુખેથી રહે.... બે-ત્રણ નાના નાના બાળકોનાં ગુંજનથી અને કલબલાટથી ઘરસંસાર ગુંજી ઉઠે.... થોડી ઘણી આવક થાય.... અને એ આવકથી લુખ્ખો-સુક્કો રોટલો ખાઈને જીવનમાં મીઠાસ ભેળવે....

પણ કુદરતનો ન્યાય કોઈ પામી શકતાં નથી.... આવતી કાલે શું થવાનું છે એ તો જાનકી નાથે પણ જાણ્યું ન હોતું.... તો આ કળિયુગમાં કાળા માથાનો માનવી શું જાણે? જાગૃતિ અને ભારતીના જીવનમાં પણ કંઈક આવું જ બન્યું.... બની ગયું.... જેની કોઈને પણ ખબર પડી નહીં.

દૂર આવેલા શહેરમાં પોશ વિસ્તારમાં દીકરીઓ સુખેથી રહેતી હશે.... એમના સુખ સમાચાર આવશે એવી આશામાંને આશામાં છ મહિના પસાર કરી ચૂકેલા મંદિરના પૂજારી ખુશીરામ ભગતને એક આંચકો લાગે એવો સમય આવી પહોંચ્યો.... બે ભાઈઓ સાથે પરણાવેલી દીકરીઓમાં મોટી દીકરી ભારતી અને નાની દીકરીજાગૃતિ બંનેની સાસુ એક હતી.... પરંતુ તેમની સાસુ માટે ભારતી અળખામણી એટલા માટે હતી કે તે શોક્યના પુત્રની વહુ હતી જ્યારે જાગૃતિ તેના કૂખે જન્મેલા પુત્રની વહુ....

લોહી લોહીનું ખેંચે.... પોતાના સગા પુત્રની વહુ પ્રત્યે અનેરો પ્રેમ વર્તાવતી સાસુ મોટી વહુ ભારતીનો એટલો જ તિરસ્કાર કરતી.... છતાંય.... ખાનદાન કુટુંબની ભારતી મા વિના ગુજારેલા વીસ વર્ષમાં સમાજના તમામ પાસા અનુભવી ચૂકી હોવાથી સાસુના કડવા વેણ સાંભળી લેતી.... ઓરમાન સાસુ હોવા છતાં તેનામાં જનેતા અને સગી સાસુનું સ્વરૂપ જોતી.... ભારતીનો પતિ સુક્ષ્મ નજીકમાં આવેલી મીલમાં નોકરી કરતો.... પણ પગાર લાવીને એ સાવકી માના હાથમાં થમાવી દેતો.... છતાં ભારતી એ બાબતે એક હરફ સુદ્ધાં એટલા માટે નહોતી ઉચ્ચારતી કે સંજય તેને ખૂબ ચાહતો હતો.

જો કે સંજયનું સ્થાન સુડી વચ્ચે સોપારી જેવું હતું.... એક તરફ નાનપણથી મોટો કરેલ સાવકી મા અને બીજી તરફ મા વિનાની પત્ની ભારતી.... એકેયનું મૂલ્ય આંકીય શકાય તેમ નહોતું.... સંયુક્ત કુટુંબમાં રહેવા કંઈક ખોવું અને ખાઈ જવું પડતું.... ગમ ખાઈને જીવન ગુજારતા મહાન માણસોમાંનો આ એક સંજય પણ હતો.

ખુશીરામ ભગતને એ એક જ વાતનો સંતોષ હતો કે જમાઈ તેમની દીકરીને દુઃખી નહીં કરે... પણ એક દીવસ.... નાની દીકરીજાગૃતિ એકલી સાસરીમાંથી પિયરમાં આવી.... પુત્રીને જોઈને ખુશખુશાલ થઈ ઉઠેલા ખુશીરામ ભગતની આંખમાં આંસુ આવી ગયા....

“આવી બેટા....? કેમ એકલી આવી છે ? જમાઈ નથી આવ્યા ? ભારતી કેમ છે?.... એના આવી....? બહુ દીવસ થયા....એને જોઈ નથી.... સંજય કુમારને બધા મજામાં છે ને ?....” “એક સાથે અનેક પ્રશ્નો જવાબ સાંભળ્યા વિના પુછતા ગયેલા ખુશીરામ ભગત ખુદ ભોંઠા પડી ગયા.... હું પણ ખરો છું.... તું આટલી બધી દૂરથી આવી છે.... થાકી ગઈ હશે....”

પિતાના પ્રશ્નના જવાબમાં માથું હા કે ના માં હલાવતી જાગૃતિ મોંઢામાંથી એક હરફ સુદ્ધાં ઉચ્ચારી શકી નહોતી.... કદાચ રડી પડશે તો નાહકના પિતા દુઃખી થશે એમ માનીને ચૂપ રહી.... એક બે દીવસ પસાર થયા ત્યારબાદ જાગૃતિને લાગ્યું કે હવે વાત કરવામાં વાંધો નથી ત્યારે જ તેણે તેના પિતાને તેના પિયરમાં આવવાનું જણાવ્યું....

“ બાપુ.... હું અહીં એકલી આવી નથી પણ....”

“કેમ બેટા.... તારી સાથે કોઈ બીજું હતું....? તું તો એકલી જ આવી છે....”

“એમ નહીં બાપુ.... પણ હું અહીં એકલી મારી મેળે નથી આવી પણ

મને મારી સાસરીમાંથી પૈસા લેવા મોકલી છે....."

"પૈસા....? શેના પૈસા લેવા મોકલી છે? કોણે મોકલી છે?..." ખુશીરામ ભગતને કશું ન સમજાતા પૂછ્યું : "બોલ.... બેટા...."

"શું બોલુ બાપુ...." જાગૃતિની જીભ ઉપડતી નહોતી.... છતાંય હવે બોલ્યા વિના છુટકો નહોતો..."બાપુ.... તમે તો અમારી મા અને બાપ બંને છો.... અમારી મા હોત તો અમે એની આગળ બધું ફટાફટ કહી દેત.... પણ મા નથી અને તમારા સિવાય અમારૂં બીજું પણ છે કોણ...."

"કેમ બેટા આમ બોલે છે? તમને કંજે છે? લગ્ન મયર્ન એટલે હવે તમે બંને બહેનો પારકી થઈ ગઈ ગણાવ.... હવે અમારો મોહ રાખવાનો ન હોય... હવે તો તારા સાસરિયા જ તારા સગા કહેવાય તારા સાસુ-સસરા તારા મા અને બાપ.... તારો પતિ તારો તારણહાર.....પણ.... બેટી તું એવું કેમ બોલી?....."

"બાપુ.... તમારૂં દિલ દુઃખી થાય એવી વાત કહેતાં મારી જીભ ઉપડતી નથી.... અમારા સાસરિયા અમારા સ્વજન ખરા પણ....મોટી બહેન માટે એ લોકો દુશ્મન બની ગયા છે સાસરીમાં એ મારી જેઠાણી થાય પણ મારા જેઠ સાવકી માના દીકરી હોવાથી મારી સાસુ ભારતીને ત્રાસ આપે છે.... એની જોડે પૈસાની માંગણી કરે છે....મારા જેઠ કશું બોલતા નથી..... પચ્ચીસ હજાર રૂપિયા માગ્યા છે મારી સાસુએ..... પણ તમે એટલા બધા રૂપિયા ક્યાંથી લાવવાના હતા એવું વિચારીને ભારતીબેન આવ્યા નહીં અને એમના બદલામાં મારી સાસુએ મને મોકલી છે....."

જમાનો જોઈ ચુકેલા ખુશીરામ ભગતને આટલી વાત પરથી આખો બનાવ જાણી ગયા.... એમણે ધિરજથી કામ લીધું, બેટા.... થોડા દિવસ રહે અહીં.... થોડી ઘણી રકમની વ્યવસ્થા થઈ જશે.... બાકીની રકમ થોડે થોડે કરીને આપીશ....

ખુશીરામ ત્યારથી મંડી પડ્યા રકમ એકત્ર કરવામાં પડ્યા.... દીકરીઓને દુઃખ સહન કરવું ન પડે, મહેણાં સાંભળવા ના પડે એટલા માટે પોતે દેવું વેઠવા તૈયાર થઈ ગયા.... દશેક દિવસ પસાર થઈ ગયા... એક દિવસની વહેલી સવારે ઉછીના નાણાં લેવા નીકળેલા ખુશીરામ ભગત ફરતા ફરતા ગામના ચોરા પાસેથી પસાર થતાં હતા ત્યારે એક યુવાન ચોરા પાસે બેઠો બેઠો સ્થાનિક અખબાર વાંચતો હતો.... આ જ યુવાનના પિતાને શોધતા શોધતા ભગત આવ્યા હતા.... કદાચ તેને ખબર હશે એમ વિચારીને ભગતે તેને પૂછ્યું: "બેટા....તારા બાપુ ક્યાં ગયા છે? તે જોયા....?"

પેલો યુવાન અખબાર વાંચવામાં એટલો બધો મગ્ન હતો કે તેણે ખુશીરામ ભગતનો અવાજ સાંભળ્યો નહીં એટલે ભગતે તેને હલાવીને પૂછ્યું કે ભાઈ.... તારા બાપુ ક્યાં ગયા....?

ત્યારે પેલા યુવાને તેમની સામે જોયું અને "કાકા....તમે....તમારા તો સમાચાર છપાયા છે...."

"મારા સમાચાર...?મજાક ના કર ભાઈ.... મારે તારા બાપુ પાસેથી પૈસા લેવાના છે....મારી દીકરીને મોકલવાના છે....નાની દીકરી આવી છે બહુ દિવસ થયા....એની સાસરીમાં પણ રાહ જોતા હશે..."

પેલો યુવાન અચરજ પામ્યો....તેણે પૂછ્યું...."ભગતકાકા... તમે કોની વાત કરો છો....? તમારી બંને દીકરીઓ આવી છે કે પછી....?"

"ના બેટા....જાગૃતિ આવી છે... મોટી ભારતી તો એની સાસરીમાં છે.... એના માટે તો પૈસા લેવાના છે.... મારી દીકરી ભારતીને સુખી જોવા માટે તો હું જીવું છું..."

પેલો યુવાન વિચારમાં પડી ગયો... ક્ષણેકવાર પછી ખુશીરામ સામે જોઈને એણે કહી દીધું.

"કાકા... તમે જેના માટે પૈસા એકઠા કરો છો.... એ તમારી દીકરીભારતીના તો સમાચાર છપાયા છે...." "બેટા.... મારી મશ્કરી શું કામ કરે છે....?મારી પુત્રી ભારતીએ તે એવું શું કર્યુ છે કે એના સમાચાર છપાયા હોય....તારા બાપુ...."

"કાકા.... સાચુ કહું છું...." આગળ બોલવા જતા ભગતને યુવાને

અટકાવ્યા અને કહી દીધું "કાકા તમારી દીકરી ભારતીએ ઝેર પીને મરી ગઈ છે.... આ એના જ સમાચાર છે...."

આ સાંભળતાની સાથે જ ખુશીરામના ચહેરા પરનું તેજ ઉડી ગયું...તેમના પગ નીચેની ધરતી ખસી જતી લાગી... કાન પર જાણે વિશ્વાસ ન આવતો હોય એમ વાત માનવા તૈયાર નહોતા.... એ યુવાન પાસે બેસી પડ્યા.

"જુઓ કાકા.... ખોટું નથી કહેતો.... આ રહ્યા સમાચાર તમારી દીકરીભારતી અને તમારા જમાઈ સંજયકુમારે ઝેર પીધું છે અને ભારતીનું મોત થયું છે. જ્યારે સંજયને દવાખાને લઈ ગયા છે...."

"ક...ક... ક્યારનો બનાવ છે.....? હકીકત જાણીને થોથવાઈ ગયેલા ભગત આટલું બોલ્યા...."

"પરમ દિવસે બપોરે....તમારી દીકરીતો જેર પીતાની સાથે જ મરી ગઈ છે.... સંજયનું શું થયું એ આગળ લખ્યું નથી...."

મારી પુત્રી ભારતી ઝેર પીને મરી ગઈ છે અને મને કોઈએ ખબર પણ ના આપી....? પરમ દિવસનો બનાવ છે એટલે તો ભારતીની લાશનું શું થયું.....? નક્કી....કંઈક દાળમાં કાળું છે...

ભારતીની આત્મહત્યાના સમાચાર જાણી ચૂકેલા ભગત ભગ્ન હૃદયે ઘેર આવ્યા.... બહેનના મોતના સમાચાર જાણીને જાગૃતિ ફાટી પડશે.... એ આવેશમાં આવીને કંઈક કરી બેસશે તો....તો....

ભગતે કાળજું કઠણ કર્યુ....આંખમાંના આંસુ લુછી નાંખ્યા....જાગૃતિને ઘેર આવીને કહી દીધું કે બેટા ચાલ.... હું ફરી પૈસા લે તો આવીશ.... તને તારી સાસરીમાં મૂકી આવું....જાગૃતિ....ચાલ બેટા....ભારતી પણ તારી રાહ જોતી હશે....ચાલ....અને બંને બાપ દીકરીરવાના થઈ ગયા.....

બે સગા ભાઈઓ સાઢુભાઈ.....બે સગી બહેનો દેરાણી-જેઠાણી.... આવો ઘરસંસાર સુખી જ હોય પણ જ્યાં કડવી વાણીની સાસુ હોય તો ઘરકંકાસ ઘર કરી જાય.... મિલમાં નોકરી કરતો સંજય સુખી ઘરસંસાર ચલાવવા પત્નીને બદલે સાવકી માના હાથમાં પગાર આપતો.... છતાંય સાવકી મા એ ઢબડબોજ ઉઠાવતાં નજરે જોતો હોવાં છતાંય તે કશું બોલી શકતો નહોતો.... મોટી બેન ભારતીને ઘરકામમાં મદદ કરવા જાગૃતિ હંમેશા જાગૃત રહેતી પણ તેની સાસુ જાગૃતિને અન્ય કામે વળગાવી દેતી.... જ્યારે સંજયે જાણ્યું કે તેની સાવકી માએ પૈસા લેવા માટે જાગૃતિને તેના પિયર મોકલી છે ત્યારે આ પાર કે પેલે પાર જેવો ઘરમાં ઝઘડો થઈ ગયો.... સસરાની સ્થિતી જાણતો અને દહેજનો વિરોધી સંજય ધૂંઆપૂંઆ થઈ ગયો.... છ-સાત દિવસ સુધી વિચાર્યા કર્યુ અને એક દિવસ....

સંજય સમજણો થયો ત્યારથી ગુજરાતી એક ગીત ઘણી વખત સાંભળ્યું હતું.... એ ગીત એને કંઠે થઈ ગયું હતું.... રેડિયો પર કે અન્ય રીતે જ્યારે આ ગીત સાંભળતો ત્યારે તે થોભી જતો....ગીતના શબ્દોમાં ખોવાઈ જતો અને આ ગીતના શબ્દોની સાથે સાથે ગીતને અનુરૂપ દ્રશ્યો તેના માનસપટલ પર પસાર થઈ જતાં....

"વહુએ વગોવ્યા મોટા ખોરડા રે લોલ...." વહુની નણંદ,સાસુ,જેઠાણી, જેઠ અને સસરાના શબ્દો પોતાની જીંદગીમાં વણી લેતો.... ગીતના આખરી ભાગમાં તો સંજયને જાણે ધ્રૂસકે આવી જતું.....

" પરણ્યાએ જઈ તેજી ઘોડો છોડીયો રે લોલ.... જઈ ઉભાડ્યો ઘાંચીડાને હાટ જો.... આ વહુએ વગોવ્યા..."

અફીણ અને સુમલખાર લઈને ઘેર આવેલા પરણ્યાએ વાટકીમાં અમલ ઘોળ્યું અને મોટા ખોરડાને વગોવતી પત્ની આગળ ધરી દીધી....

આ ક્ષણે સુડી વચ્ચે સોપારી જેવી દશા પરણ્યાની થતી... ઘરના માણસો તેની પત્નીને વગોવતા...કે...વહુએ મોટા ખોરડા વગોવ્યા... પરણ્યો પત્નીની આગળ ઝેરનો કટોરો ધરીને એક જ વાક્ય કહ્યું:

"તમે પીઓ ગોરી નહિંતર હું પી જાઉં...."

વહુ ખાનદાની.... પરણ્યો મરી જાય એના કરતાં પોતે પોતાની જીંદગી કેમ ટૂંકાવી ના નાખે.....? તે પરણ્યાની મજબૂરી સમજતી હતી.... અને ઘટક દઈને ઝેરનો કટોરો મોંઢે માંડી દીધો....

આ ક્ષણે સંજયના શરીરમાંથી એક પ્રકારની ઝણઝણાટી પસાર થઈ જતી.... પોતાના જીવનમાં પણ આ ક્ષણ આવી હતી.... પત્ની પરનો ત્રાસ સહન ન થતાં અને મા-બાપને કંઈ કહી ન શકનાર સંજય પાસે એક જ માર્ગ ખુલ્લો રહ્યો....ઝેર લાવ્યો અને પોતાના ખંડમાં પત્ની ભારતી સાથે બેઠો.... બે ગ્લાસમાં ઝેર ઘોળ્યાં.

" આપણે બંને પી જઈએ અને સુખેથી મરી જઈએ...."

પરણ્યાએ સાથે જીંદગી ટૂંકાવી નાંખવાની વાત કરતાં ભારતીની આંખમાં આંસુ આવી ગયા.... એક ક્ષણનો પણ વિલંબ કર્યા વગર....કંઈ પણ આનાકાની કર્યા વગર ઝેરનો પ્યાલો લઈ લીધો.... પતિ-પત્નીએ એક સાથે ઝેરના પ્યાલા મોંઢે માંડ્યા....અને....

ઘણીવાર થવા છતાં સંજય ખંડની બહાર ન નીકળ્યો એટલે દરવાજો ખટખટાવ્યો.....બૂમાબૂમ કરી...પણ કોઈ ઉત્તર ન મળ્યો એટલે દરવાજો તોડી નાંખ્યો.... અંદર જોયું તો...

એક જ ઢોલીયામાં પતિ-પત્ની પડ્યાં હતાં.... આળોટતા હતા. ખબર પડી ગઈ કુટુંબીઓને કે બંનેએ ઝેર ઘોળ્યું છે.... સંજયને ઉઠાવ્યો દવાખાને ત્યારે બેભાન હાલતમાં પણ તેણે ભારતીએ પણ ઝેર પીધું છે એવો ઈશારલ કર્યો.... ભારતીને પણ દવાખાને લીધી પરંતુ કૂણાં કાળજાની કબૂતરી ભારતી તો ક્યારનીયે સ્વધામ સિધાવી ગઈ હતી.... બેભાન હાલતમાં સંજયને દવાખાનામાં દાખલ કર્યો હતો.....

ભારતીના મૃતદેહને પરત ઘરમાં લાવ્યા અને તેના પિતાને જાણ કર્યા વગર અંતિમક્રિયા પણ કરી નાંખી.... એ રાત્રે સંજય પણ આ ફાની દુનિયા છોડી ગયો....

## ૩૯. મિત્રદ્રોહ કરનારો પરદેશી પાપી

લગ્ન કરીને પત્ની સાથે પરદેશ ચાલ્યો ગયેલો પ્રશાંત થોડા દિવસો માટે વતનમાં આવ્યો હતો. પત્નીને અમેરિકા છોડીને ભારત આવેલો પ્રશાંત હજુ પોતાના સગાસંબંધીઓને સારી રીતે મળ્યો પણ નહોતો. થોડા દિવસો તો થાક ઉતારવામાં જ પસાર થઈ ગયા હતા. ગામમાં પણ અમુક જ નજીકના વર્તુળોના લોકોએ જાણ્યું હતું કે પ્રશાંત આવ્યો છે... ત્યાં તો.... એક બીજા સમાચારે ગામના લોકોને આંચકો આપ્યો.

પ્રશાંત અચાનક અદ્રશ્ય થઈ ગયો હતો... તેનું અપહરણ થયું હતું. તેના ભાઈને ખબર પડી....કોઈ મિત્ર સાથે તેની ગાડીમાં બેસીને ગયેલો પ્રશાંત પાછો આવ્યો નથી... કોણ હશે એ મિત્ર...? પ્રશાંતનું અપહરણ કેમ કર્યુ હશે...?...શું હશે?... તપાસ કરતા પ્રશાંતના ભાઈને ખબર મળી કે જે દિવસે પ્રશાંત ગૂમ થયો તે દિવસે એને છેલ્લે તેના એક મિત્ર જયકરની સાથે જોયો હતો....જયકર તેની ફિયાટકાર લઈને ત્યાંથી પસાર થતો હતો કે પ્રશાંતનું ગામ વચ્ચે આવતાં તેને મળવા રોકાયો હતો. બસ...પ્રશાંતના ભાઈને આખી ઘટના નજર સામેથી પસાર થઈ ગઈ.... નક્કી પ્રશાંતને તેના મિત્ર જયકર જ ઉઠાવી ગયો હશે.... જો કે જયકરનું ગામ બાર-તેર કિલોમીટર દૂર હતું પરંતુ જયકર પણ અમેરિકા રહેતો હતો અને એય પ્રશાંતની સાથે સાથે ભારત આવ્યો હતો....

ભારતમાં કલદાર કમાવવા જતા ભારતવાસીઓ.... અને એમાંય ચરોતર પ્રદેશના માનવી પરસ્પર સ્વદેશીની ભાવનાથી વર્તતા હોય છે... એટલે સ્વદેશમાં આજુબાજુના ગામના લોકો ક્યારેક એકબીજાને ઓળખતા નથી હોતા પણ જ્યારે એ જ લોકો પરદેશમાં ભેળા થાય ત્યારે તેઓ જાણે એક જ કુટુંબના સભ્યો હોય તે રીતે વર્તતા હોય છે એટલે પ્રશાંત અને જયકર બંને જણાં મિત્રો બન્યા હતા. પણ જયકર પ્રશાંતનું અપહરણ શામાટે કરે ?... ક્યાંક કોઈ અદાવત તો નથી ને?....છેલ્લે પ્રશાંતને જયકર મળ્યો હતો અને ત્યારબાદ પ્રશાંત ગૂમ થઈ ગયો હતો... પ્રશાંતની પત્ની જયાને અમેરિકા જાણ કરવી કે નહિ...? આખરે પ્રશાંતના ગૂમ થયાનો મામલો પોલીસ મથકે પહોંચ્યો.... એનું એના મિત્ર જયકરે અપહરણ કર્યુ છે. એવું ફરિયાદમાં જણાવાયું...પોલીસે શોધખોળ આરંભી...પણ પરિણામ શૂન્ય...

શું થયું હશે પ્રશાંતનું...? ક્યાંક અઘટિત તો નહીં બન્યું હોય ને?... તેના કુટુંબીઓ નિરાશ થઈ ગયા હતા... પોલીસની સાથે સાથે પ્રશાંતના કુટુંબીઓ પણ શોધખોળમાં લાગી ગયા હતા.... કોઈ પત્તો લાગ્યો નહીં... ઉચ્ચ અધિકારી સમક્ષ આ બનાવની તલસ્પર્શી તપાસ કરવા અને જયકરને પકડીને પૂછપરછ

કરવાની રજુઆત થઈ...દરમ્યાન...સારાય પંથકમાં ચકચાર જાગે એવું ચિત્ર સ્પષ્ટ થવા લાગ્યું....

અમેરિકા સ્થાયી થયેલો પ્રશાંત અને તેના જ ગામનો પ્રગ્નેશ ઉપરાંત પ્રશાંતનો મિત્ર જયકર ત્રણેય અમેરિકાથી એક સાથે જ ભારતમાં આવ્યા હતા. પરંતુ જે દિવસે પ્રશાંતનું અપહરણ થયું તેના બીજા દિવસે ગામનો જ યુવાન પ્રગ્નેશ પરત અમેરિકા ઉપડી ગયો હતો... એટલે પ્રશાંત સાથેની ઘટેલી ઘટનાથી પ્રગ્નેશ અજાણ હશે જ એમ માનવાને યોગ્ય કારણ હતું... વળી પ્રશાંતને જયકર તેની ફિયાટકારમાં ઉઠાવી ગયો છે એ સંદેશો ઘર કરી ગયો હોવાથી વિચાર અને શંકા તેના તરફ જ મંડાયેલ હતું.... પરંતુ....ક્યારેક કલ્પના અને હકીકત વચ્ચે ફેર પડી જતો હોય છે....

ગામાનો જ યુવાન પ્રશાંત ગૂમ થયો હતો.... તેના બીજા દિવસે પ્રગ્નેશ અમેરિકા જવા રવાના થઈ થયો હતો... પોલીસના આટાફેરા ગામમાં ચાલું હતા.... બાતમીદારો પણ રખડતા હતાં.... અને બરાબર ૩૯મા દિવસે ગામમાં બીજી એક ઘટનાએ ભારે ચર્ચા જગાવી.... ન જાણે ગામ પર કુદરતનો પ્રકોપ વર્તાવાનો હોય એવા એંધાણ વર્તાવવા લાગ્યા.... ચોરે ને ચૌટે આ જ વાત ચર્ચાવા લાગી.... પ્રશાંત ગૂમ થઈ ગયો હતો અને.... નજીકમાં જ રહેતા રમેશે આત્માહત્યા કરી લીધી હતી.... તેના બે ટૂકડા થયેલો મૃતદેહ નદી કિનારા પાસેના રેલવે જંકશન આગળથી મળી આવ્યો.... અને આ મૃતદેહ જ્યારે ગામમાં લાવવામાં આવ્યો ત્યારે ગામ આખામાં સન્નાટો છવાઈ ગયો હતો....

શરૂઆતમાં તો ગામમાં રમેશ અકસ્માત ટ્રેન નીચે કપાઈ મર્યો છે એવી ચર્ચા ચાલી પરંતુ રેલવે પોલીસને મરનાર રમેશની લાશ પાસેથી મળી આવેલી એક ચિઠ્ઠીએ બનાવ અકસ્માતમાંથી આત્મહત્યામાં ફેરવી નાખ્યો હતો.... સાથે સાથે તેણે ગામના જ ગૂમ થયેલા પ્રશાંતના અપહરણ પર પ્રકાશ ફેંક્યો અને આખા પ્રકરણે વળાંક લઈ લીધો.

જો કે મરતાં પહેલા રમેશે લખેલી ચિઠ્ઠીમાં કંઈ ખાસ લખ્યું નહોતું પરંતુ તેણે એટલું જણાવ્યું હતું કે "પ્રશાંતના અપહરણ બાબતે પોલીસને બધું જ કહી દેવાનો હતો પણ છેવટે હું આત્મહત્યા કરી લઊં છું એટલે ક્ષમા કરજો..."

કંઈક આવો જ અર્થ નીકળતો હતો એ લખાણનો...

ગામમાં ચર્ચાની એરણ પર રમેશની આત્મહત્યા પણ ચર્ચાવા લાગી.... ગામના નવરા લોકોને તો ચર્ચાનો વિષય મળી રહ્યો હતો....લોકો નવી નવાઈની વાતો લાવીને મૂકતા હતા...પ્રશાંતનું અપહરણ જયકરે શા માટે કર્યું હશે...?... રમેશે શા માટે આત્મહત્યા કરી હશે...? શું રમેશ પણ આમાં સંડોવાયો હશે?... પ્રશાંત દોઢ મહિનાથી લાપત્તા છે....શું એ આ દુનિયામાં હયાત હશે કે પછી કોઈ લાલચ કે સ્વાર્થને કારણે તેને આ દુનિયામાંથી જ ઉઠાવી લેવાયો હશે...? પણ પ્રશાંતનો એવો કોઈ દુશ્મન નહોતો....છતાંય....?...કંઈ કહેવાય નહિં... એની પત્ની જયા બિચારી શું કરતી હશે...?

જયાનું નામ આવતાં જ એક તુક્કાખોરે તુક્કો વહેતો મૂક્યો....પ્રશાંતનું અપહરણ કરનાર કદાચ જયાને પ્રેમ કરતો હશે અને જયા સાથે તેના સંબંધો હશે.... પણ પોતાના પ્રેમસંબંધ આડે આવનાર પ્રશાંત કાંટારૂપ હશે અને એટલે જ તેનો કાંટો કાંઢી નાંખ્યો હશે.... પણ આમાં રમેશ ક્યાં આવ્યો...?.... જયાના પ્રેમીના ઈશારાથી પ્રશાંતનું અપહરણ કરવામાં રમેશ હશે અને પ્રશાંતને મારી નાંખ્યા પછી પોતે ગામમાં શું મોંઢુ બતાવશે? એવું વિચારીને રમેશે આત્મહત્યા કરી લીધી હતી...અલ્યા પણ પ્રશાંત મરી જ ગયો છે એવું તને શી ખબર... એમાં ખબર નહીં પણ બુદ્ધિની જરૂર પડે છે સમજ્યા...? બે મહિના થવા આવ્યા...કેમ પ્રશાંતનો પત્તો લાગ્યો નહિં...? એ જીવતો હોત તો કેમ એનો કોઈ સંદેશો ના આવ્યો...એણે કેમ ફોન કર્યો નહીં...હા...એ વાત સાચી...પણ જો ખરેખર પ્રશાંતને મારી નાંખ્યો હોય તે એની લાશ તો મળે ને...? મળે...પણ કદાચ ગુનેગારો હોંશિયાર હશે... એટલે તેની લાશનો પણ નિકાલ કરી દીધો હશે...આવી ચર્ચાઓ રોજબરોજ ચર્ચાતી હતી.... ત્યાં ચર્ચાનું નિશાન બન્યો પ્રગ્નેશ....પ્રગ્નેશ પણ ખરો છે ને....તેનો ખાસ મિત્ર પ્રશાંત ગૂમ થયો એના બીજા દિવસે જ જતો રહ્યો...પણ ભાઈ હવે એ તો પરદેશી થઈ ગયા એટલે તેમને લાગણી ન થાય...

વિભિન્ન વાતો થતી હતી.... ત્યાં જ... અમેરિકા જતા રહેલા પ્રગ્નેશના વતનમાં નવા બની રહેલા મકાનનું પ્રિન્ટીંગ કામ કરતો દલસુખ એકાએક ગૂમ થઈ જતાં વળી પાછું ચર્ચાએ જોર પકડ્યું...પણ પછીથી જ્યારે ખબર પડી કે

પ્રશાંતના અપહરણની તપાસ કરતા પોલીસ અધિકારી દલસુખને એકાએક ગૂમ થઈ જતાં વળી પાછું ચર્ચાએ જોર પકડ્યું...પણ પછીથી જ્યારે ખબર પડી કે પ્રશાંતના અપહરણની તપાસ કરતાં પોલીસ અધિકારી દલસુખને પકડી ગયા છે ત્યારે તો ગામ આખું દલસુખ વિશે વિચારતું થઈ ગયું...કેમ કે પ્રશાંતનું અપહરણ તેના મિત્ર જયકરે કર્યુ છે એવી તેના મિત્ર જયકરે કર્યુ છે એવી તેના ભાઈએ ફરિયાદ કરી હતી.... પણ પોલીસે જયકરને પકડવાને બદલે દલસુખને પકડ્યો હતો... આખો કેસ કોયડારૂપ બની ગયો...પણ જ્યારે દલસુખે પોલીસ અધિકારી સમક્ષ પોપટની માફક કબુલાત કરવા માંડી ત્યારે પ્રગ્નેશ પર લોકો ફિટકાર વરસાવવા લાગ્યા અને પ્રગ્નેશ કાળું કામ કરીને પરદેશ ઉપડી ગયો હોવાનું જાણતા તેની મિત્રતા વગોવવા લાગ્યા....

પોલીસ અધિકારી સમક્ષ દલસુખે કબુલાત કરવા માંડી....

“સાહેબ...હું તો ખોટો ફસાઈ ગયો છું...પ્રિન્ટીંગ કામ કરીને મારૂ જીવન ગુજારતો હતો.... પણ પ્રગ્નેશની અપરાધી વૃતિથી હું અજાણ હોવાથી મારે જાણ-અજાણે પણ તેને સાથ આપવો પડ્યો છે...પ્રગ્નેશે અમને તેના કાવતરાની કોઈ વાત કરી નહોતી...પણ એ પરદેશથી આવ્યો છે અને આપણને કંઈ સારી ભેટ આપશે એવા ઈરાદાથી હું એની જોડે જોડાયો હતો...”

મેં એના નવા મકાનનું પ્રિન્ટીંગનું કામ રાખ્યું હતું. બનાવના દિવસે પ્રગ્નેશ એના પિતાની મારૂતિવાન લઈને આવ્યો હતો...તેની સાથે એના ગામનો રમેશ પણ હતો...

“પણ...પ્રશાંતના ભાઈએ તો જયકરે તેની ફિયાટકારમાં પ્રશાંતનું અપહરણ કરી ગયો હોવાનું ફરિયાદમાં જણાવ્યું હતું અને તું કહે છે કે...” પોલીસ અધિકારીએ શંકાનું સમાધાન કરવા પૂછ્યું...

“હા સાહેબ....હું બધું જ કહું છું...જયકર તેની કાર લઈને પ્રશાંતને મળવા આવ્યો હતો પણ પછી એ તો પરત જતો રહ્યો હતો..પણ જ્યારે પ્રગ્નેશ તેની મારૂતિવાનમાં આવ્યો અને મને પણ “ચાલ દલસુખ ગાડીમાં બેસી જા...થોડું ડ્રીંકસ લઈને આવીએ છીએ” એવું કહેતા ડ્રીંક લેવા માટે હું લલચાયો એટલે એની સાથે હું બેસી ગયો...પછી તેણે ગામના પાદરે પ્રશાંતને બોલાવડાવ્યો...પ્રશાંત અને પ્રગ્નેશ બંને ખાસ મિત્રો હતા...અને ડ્રીંકની પાર્ટી રાખી હોવાથી પ્રશાંત પણ મારૂતિવાનમાં બેસી ગયો. અમો ચારેય જણા ત્યાંથી રવાના થઈ ગયા...

ગામથી ઘણે દૂર નીકળી ગયા ત્યારે પ્રગ્નેશે એક જગ્યાએ વાન ઉભી રાખી અને પોતાની પાસેની વિદેશી શરાબ કાઢ્યો... મેં, રમેશે અને પ્રગ્નેશે મર્યાદિત પેગ લીધા પણ પછી પ્રશાંતને પ્રગ્નેશે મહાપરાણે બળજબરીથી વિદેશી દારૂની બોટલો પીવડાવવા માંડી.... મિત્રો હોવાથી અને મિત્રની-પત્નીની કસમ આપી આપીને પ્રશાંતને પુષ્કળ શરાબ પીવડાવ્યો...પ્રગ્નેશે પ્રશાંતના શરાબમાં નશીલી દવા ભેળવી દીધી હતી જેથી એક તો શરાબનો નશો અને આ દવા ભેગા થઈને પ્રશાંતને નિશ્ચેતન બનાવી દીધો.... થોડા જ સમયમાં પ્રશાંતનો ચહેરો એકદમ બદલાઈ ગયો...તેનું મોં અને આંખો સુજી ગઈ પછી...પ્રશાંત મરી જ ગયો છે એમ લાગતાં પ્રગ્નેશે મને કહ્યું હવે તમે બંન્ને જણા મને મદદ કરો... માલામાલ કરી દઈશ....

એ દિવસ રાત્રિના લગભગ સાડા અગિયાર વાગ્યાનો સમય હતો... અમારી મારૂતિવાન મોટી નહેરની બાજુમાં ઉભી હતી.... પ્રગ્નેશને સાથ નહિં આપીએ તો એ પરદેશી પંખી અમને ફસાવી દેશે એવો અમને ડર હતો એટલે ના છૂટકે એને સાથ આપવો પડ્યો...નહેરમાં પાણીનો પુષ્કળ પ્રવાહ વહેતો હતો...મારૂતિવાનમાંથી અમે ત્રણ જણાંએ પ્રશાંતને ઉંચકીને નહેરના પાણીમાં ફેંકી દીધો અને ત્યાંથી અમે પોબારા ગણી ગયા...પ્રગ્નેશે અમને આ બાબતે મૌન રહેવાનું જણાવ્યું હતું અને આમેય અમારે મૌન રહેવા સિવાય છૂટકો નહોતો...

એ રાત્રે પ્રગ્નેશ મને મારા ગામે ઉતારી દઈને રમેશની સાથે પરત તેના ગામમાં પહોંચી ગયો હતો.... પ્રશાંતને ઉઠાવી જઈને તેના મૃતદેહને નહેરના પાણીમાં ફેંકી દીધો એ દ્રશ્ય મને વારંવાર યાદ આવતાં હું ડરી ગયો હતો એટલે બીજા દિવસે બિમારીનું બહાનું કાઢીને ઘરમાં જ પડ્યો રહ્યો...પછી જ્યારે મેં જાણ્યું કે પ્રશાંતનું તેના મિત્ર જયકરે ફિયાટકારમાં અપહરણ કર્યુ છે એટલે મને શાંતિ થઈ....હવે આપણે બચી ગયા એવા હાશકારા સાથે હું પ્રગ્નેશને સમાચાર આપવા ગયો ત્યારે....મને ખબર પડી કે પ્રગ્નેશ તો પ્રશાંતનું કામ તમામ કરીને આવ્યા

પછી બીજા દિવસે તો અમેરિકા ભાગી ગયો છે.... એટલે હું અને રમેશ પણ ગભરાયા....ક્યાંક અમારા ગભરાટથી કોઈને શક પડશે એવી બીકથી મેં પ્રગ્નેશના મકાન પર જવાનું બંધ છોડી દીધું...રમેશ પણ મને મળ્યો નહોતો.... પણ જ્યારે રમેશે પોતાના કૃત્યથી પસ્તાઈને આત્મહત્યા કરી લીધીના સમાચાર મેં જાણ્યા ત્યારે મને આંચકો લાગ્યો હતો...મારે આત્મહત્યા કરવી નહોતી....પ્રગ્નેશે તેની કોઈ અંગત અદાવતથી કાવતરૂ કરીને પ્રશાંતની હત્યા કરવા સુધીના કામમાં મને ફસાવ્યો હતો....પોતે શાંતિથી અમેરિકા પહોંચી ગયો અને અહીં હું એકલો રહી ગયો...હા...સાહેબ...મેં પાપ કર્યું છે.....અપરાધી છુ હું...મને સજા મળવી જોઈએ પણ સાથે સાથે આ અપરાધ કરાવનાર પ્રગ્નેશને પણ સજા થવી જ જોઈએ જેથી ફરી કોઈ મિત્રો મિત્રદ્રોહ કરે નહિં.....

## ૩૭. પિયરના પાદરે પગ નહિં મૂકું....

દશ વર્ષ વહેલાં અનલિ જ્યારે સુનયના સાથે લગ્ન કર્યા ત્યારે નામ એવું રૂપ ધરાવતી અને ગુણ ધરાવતી સુનયનાને પામીને જગ જીત્યાનો અનુભવ થયો હતો. સોનામાં સુગંધ ભળે એમ સુનયના સુશિક્ષિત હતી.કોલેજ સુધી ભણેલી છોકરી સમાજમાં જાણે અનિલ એકલાના જ ભાગ્યમાં હોય એટલો બધો ગર્વ અનુભવતો હતો... જો કે અનિલ પણ ભણેલો ગણેલો હોવાથી શિક્ષકની નોકરી પણ મળી હતી. કદાચ સુનયના અને એના પિતાને અનિલની નોકરીએ આકર્ષણ જન્માવ્યું હોય....

ચોરીના ચાર ફેરા ફરીને અગ્નિની સાક્ષીએ કૂળવધૂ બનીને આવેલી સુનયનાએ અનિલના જીવનને ઉલ્લાસમય બનાવી દીધું... અનિલ વહુ ઘેલો એટલો બધો બની ગયો હતો કે ઉન્માદમાં નોકરીમાં અડધી રજા મૂકીને ઘેર આવતો રહેતો... આકર્ષણ માત્ર અનિલ એકલાને નહોતું બલ્કે સુનયના પણ તેની એટલી જ પ્રતિક્ષા કરતી... અનિલ જ્યારે નોકરી પર જાય ત્યારે સુનયનાના ચહેરા વિરહના ચિહ્નો તરી આવતા....

કહેવાય છે કે નવીનવી વહુ નવ દા'ડા... પણ અનિલ માટે સુનયના નવી નવી નવ મહિના નહિં પણ અઢાર મહિના જેવી થઈ.... લગ્નના બે વરસનો સમયગાળો પસાર થઈ ગયો... સુનયનાનું સીમંત આવ્યું... સમાજના રિવાજ પ્રમાણે પિયરપક્ષ તરફથી આ સીમંત ઉજવવાનું હતું પણ ક્યાંક બની ગયો હશે અણ બનાવ તે સુનયનાના પિતાએ પુત્રીનું સીમંત કર્યું નહિં...અને પિતા-પુત્રીના પવિત્ર અતૂટ સગાઈ તૂટી ગઈ....સુનયના લોકલાજથી પ્રેરાઈને પણ પતિની સાથે રહેવા લાગી.

પિતાએ સીમંતનો પ્રસંગ ઉજવ્યો નહિં અને વળી અનિલ તેને એટલોબધો પ્રેમ કરતલ હતો કે સુનયનાએ પીયર જવાનું માંડી વાળ્યું અને પતિના પતિગૃહે જ અઠે દ્વારકા ગણીને રહેવા લાગી. એમ સમજીને કે પોતે અનાથ છે. પતિ સિવાય તેનો કોઈ સગો નથી...સમાજમાં ઊંચું જોઈને ચાલતા પિતાને નીચાજોણું કરવા માટે જાણે તેણે બાથ ભીડી....અને પ્રથમ સુવાવડ તેના પતિને ત્યાં જ કરી... એક લક્ષ્મીમાના અવતાર સમી સુંદર પુત્રીને જન્મ આપ્યો.... સમાજના રીત-રિવાજ પ્રમાણે પુત્રી પ્રથમ સુવાવડ માટે પિયરમાં જાય પણ પિતાએ સીમંત કર્યું નહિં એની રીસ રાખી સુનયના પિયર ગઈ નહિં.... તેના પિયરમાંથી તેનો ભાઈ-ભાભી તેડવા આવ્યાના બહાના હેઠળ પુત્રીને રમાડતાં ગયા....

ભીષણ પ્રતિજ્ઞા લીધી હોય તેમ હવે કદાપિ પિયરના પાદરે પગ નહિં મૂકું એવા અડગ નિર્ણય તે કરી ચૂકી હતી...તેના પીતાને લાગ્યું કે કદાચ જમાઈએ તેને આવું બધું શીખવાડ્યું હશે એમ સમજીને તેમણે પોતાનો જમાઈ અનિલ તેમની દિકરી સુનયના ત્રાસ આપી પિયરમાં આવવા દેતો નથી એવી ફરીયાદ પોલીસ મથકે કરી પરંતુ જ્યારે તપાસ કરનાર અધિકારી સમક્ષ સુનયનાએ આ ફરિયાદ ખોટી ઠેરવી ત્યારે તેના પિતાને જાણે ચક્કર આવી ગયા...

"સાહેબ.. આ મારો બાપ નથી પણ કસાઈ છે... સમાજની રીતે વિધિ કરવા પણ નહિં આવનાર બાપ સાથે હું છૂટાછેડા આપું છું.... મારો બાપ મને સુખેથી રહેવા દેતો નથી.... મને મારો પતિ ત્રાસ નથી આપતા પણ આ મારો બાપ મને માનસિક રીતે ત્રાસ આપે છે.... હું લેખિતમાં આપવા તૈયાર છું કે આજથી આ મારો બાપ નહિં અને હું એની દીકરી નહિં..."

ધરતી માર્ગ આપે તો સમાય જવાનું મન થયું તેના પિતાને... બે વર્ષમાં તેમની દીકરી કેટલી બધી બદલાઈ ગઈ છે.... નિર્દય અને નિષ્ઠુર બનીને સુનયનાએ વાસ્તવમાં પિતા સાથે છૂટાછેડાનો દસ્તાવેજ કર્યો....બાપ-બેટીના સંબંધને

એક જ ઝાટકે જીંદગીભર માટે કાપી નાખ્યો.

સુનયના પ્રત્યે ત્યાર પછી તો અનિલને ઘણું માન થયું. પિતા સાથેના સંબંધ તોડી નાંખનાર સુનયના ત્યારથી અનિલના દિમાગ પર રાજ કરવા લાગી. દિવસને રાતે કહે સુનયના તો અનિલ માની લેતો.... દિવસો પસાર થવા લાગ્યા મહિનાઓ.... અને પછી વર્ષો વિતવા લાગ્યા.... દશ વર્ષ પસાર થઈ ગયા... સુનયનાએ બીજી બાળકીનો જન્મ આપ્યો હતો. મોટી પુત્રી આઠ વર્ષની થઈ હતી અને નાની પાંચ વર્ષની.... દશ દશ વર્ષનાં વહાણાં વાઈ ગયા.... સુનયનાએ પિયરના પાદરે પગ મૂક્યો નહોતો.

આ સંસાર વિશ્વાસથી ચાલે છે... પતિ-પત્ની પરસ્પર વિશ્વાસ ન રાખે તો સંસારમાં ક્યાંક ડખો ઉભો થાય જ....પણ... જો બંને જણાં પરસ્પર વિશ્વાસ રાખે તો સંસાર જીવન સુખી થઈ જાય...પણ આવું દંપતિ બહુ ઓછું હોય છે.

દશ વર્ષના લગ્ન જીવન બાદ અનિલ સુનયના વચ્ચે એક શંકાની તિરાડ પડી.... સુનયનાએ અનિલના અને અનિલને સુનયનાના વર્તન પ્રત્યે શંકાઓ ઉઠવા લાગી. શિક્ષકની નોકરી કરતાં અનિલે સુનયના નોકરી શોધે એવું વિચાર્યુ નહોતું છતાં સુનયનાએ પોતાની જાતે નોકરી શોધવા પ્રયત્ન આદર્યો.... અને ત્યારથી સુનયના અધોગતિના માર્ગે વળી ગઈ... દેખાવ સુંદર અને બે બાળકોની માતા હોવા છતાં તે યુવાનોને આકર્ષે એટલું આકર્ષણ તો ધરાવતી જ હતી...

ગામની ભાગોળે એક ટેલિફોન બુથ પર નોકરી કરવા જતી સુનયનાને એક ગ્રાહક સાથે આંખો મળી ગઈ....સ્ત્રી ગમે તેટલી ગુણવાન કે સંયમી હોય પણ પુરૂષો સાથેના સંપર્કથી તેનો સંયમ તૂટી જાય એવું પણ બને....

સુનયના સાથે પણ એવું જ કંઈક બની ગયું.... પરપુરૂષના પરિચયમાં આવતાં તેનું વર્તન પતિ અનીલ સાથેનું બદલાઈ ગયું.... પેલા યુવાનના પરિચયમાં આવેલ સુનયનાએ પોતાનું સર્વસ્વ યુવાનને સોંપી દીધું... આ વાતને હવા લાગતા ઠેઠ તેના પતિ અનિલના કાને પહોંચી અને અનિલ ભડકી ઉઠ્યો.... તેને પ્રથમ તો વિશ્વાસ ન આવ્યો.... પોતાના માટે પિતા સાથેના સંબંધો તોડી નાંખનાર, પિયરને ભૂલીને દશ દશ વર્ષ સુધી પતિ સાથે રહીને બે બાળકીઓને જન્મ આપ્યો.... એવી સુનયના હવે દશ વર્ષ પછી પરપુરૂષ સાથે પરિચયમાં આવતાં તેની સાથે રંગરેલીયા મનાવે એ વાત માન્યામાં જ ક્યાંથી આવે?... છતાંય... લોકોની વાતો ખોટી પણ ન હોય.... ખાતરી કર્યા વગર.... આંખે દેખ્યા વગર માની લે એમાંનો અનિલ નહોતો.... તેણે સુનયના પર નજર રાખવા માંડી... જોકે એકલો સવારે નોકરી પર ચાલ્યો જાય.... બંને દીકરીઓ ભણવા માટે નિશાળે ચાલી જાય ત્યારબાદ ઘરમાં એકલી સુનયના એકલી રહી જાય...પછી આ એકલતામાં એને જે કરવું હોય એ.... એને કોણ પુછનાર છે...?

અને વાત પણ સાચી હતી.... સુનયનાએ સીમંતના પ્રસંગથી જ તેના મા-બાપ પિયર ભૂલાવી દીધું હતું એ અનિલ માટે તેનું જમા પાસું હતું...પણ આટલા માટે સુનયના મન ફાવે તેમ વર્તે એ કેમ ચાલે?... અનિલે તેનો પીછો કરવ્યો...

નોકરી પર જાઉં છું એમ કહીને સુનયના તૈયાર થઈને નીકળી... અનિલ પણ પોતે નોકરી જાય છે એમ કહીને એ પણ નીકળ્યો... છૂટ મળી ગઈ સુનયનાને... એ પેલા યુવાનની મોટર સાઈકલ પર બેસીને શહેરમાં જવા રવાના થઈ... એક પત્ની પોતાના પતિ સાથે જે રીતે બેસીને જાય તે રીતે પેલા યુવાનને બાથ ભરીને બેઠેલી સુનયનાને અનિલે જોઈ અને ખાતરી થતાં તેણે પણ પીછો કર્યો... જેની સુનયનાને જાણ નહોતી.... એ તો પોતાની મસ્તીમાં પોતાના યાર સાથે શહેરના ગેસ્ટ હાઉસમાં ચડી ગઈ... અને ગેસ્ટ હાઉસની રૂમમાં રંગરેલીયા મનાવી જેવી રૂમની બહાર નીકળી કે રૂમના દરવાજા આગળ તેનો પતિ અનિલ ઉભો હતો.

ઝંખવાણી પડી ગઈ સુનયના...બોલવાનું પણ ભાન ન રહ્યું તેને... તેનો યાર તો તેને છોડીને ચાલ્યો ગયો હતો... અનિલે પણ કશું કહ્યું નહિં... હવે અનિલને શું કહેવું એવા વિચાર કરતી સુનયના સુનમુન બનીને ગેસ્ટહાઉસનાં પગથિયાં ઉતરવા લાગી... તેની પાછળ અનિલ પણ ઉતર્યો... રોડ પર આવેલી સુનયના ઊભી રહી ગઈ.... ત્યારે.

“સુનયના... ચાલ ઘરે....” અનિલની આંખોમાં કશો ભાવ નહોતો.

"તમે જાવ... હું આવું છું...મારે કામ છે..." એમ કહીને સુનયના અનિલની ઉપેક્ષા કરીને ચાલતી થઈ બસ સ્ટેશ તરફ ભર બજારમાં ફજેતો કરવાની અનિલની તૈયારી નહોતી.... એ ઊભો રહેને સુનયનાને જોઈ રહ્યો...સ્તબ્ધ બનીને...

આ એજ સુનયના હતી જેણે વર્ષો પહેલાં અગ્નિસાક્ષીએ ચાર ફેરા ફરીને પતિગૃહે પધારી હતી..? જેણે પતિ માટે પિતા સાથે છેડો ફાડ્યો હતો...? પતિ સાથેના સહજીવનમાં ફૂલ જેવી બે બાળકીનો જન્મ આપ્યો હતો...? દશ દશ વર્ષથી જેણે પિયરનું પાદર જોયું નથી એ સુનયના... શું તેના યાર સાથે રંગરેલીયા મનાવવા માટે....? કે પછી....

બસ સ્ટેશનનો વળાંક વળી ત્યાં સુધી અનિલ તેને જોઈ જ રહ્યો પણ સુનયનાએ એક વખત પણ પાછું વળીને જોયું નહોતું.... નિરાશ અને હતાશ થઈને અનિલ ઘેર આવ્યો... મોડી રાત સુધી એણે સુનયનાના પાછા આવવાની રાહ જોઈ પણ....

પરંતુ ત્યાર પછી સુનયના દેખાઈ નહીં.... બંને દીકરીઓને સમજાવીને જમાડી અને સુવડાવી દીધી. અને અનિલ આખી રાત જાગતો વિચારતો પથારીમાં પડી રહ્યો.... સુનયનાએ એને દગો કર્યો હતો....? બીજા જ દિવસથી ગામમાં વાત ઉડી... સુનયના બે બાળકીઓને મૂકીને પરાયા પુરૂષ સાથે ભાગી ગઈ છે... વાત સાંભળીને સમસમી જતો અનિલ... રોજરોજ આ વાત સાંભળવાને બદલે એ બંને પુત્રીઓને લઈ ગામ છોડી ગયો અને નજીકના ગામમાં મકાન ભાડે રાખીને રહેવા લાગ્યો... તેણે આશા છોડી દીધી હતી સુનયનાના પુનરાગમનની....

એક દિવસ નોકરી કરીને ઘેર આવ્યા પછી અનિલ બે પુત્રીઓ માટે જમવાનું બનાવતો હતો... મોટી દીકરી તેને રસોઈ બનાવવામાં મદદ કરતી હતી તયારે રાતના લગભગ આઠ-સાડા આઠેક વાગ્યાના સુમારે તેનો સાળો અને સાળાની પત્ની આવી ચડ્યાં.... આવીને સીધો જ પ્રશ્ન અનિલને કર્યો.

" ઓ માસ્તરિયા... તું મારી બહેનને કેમ તેડતો નથી...? સાલ્લા....પંતુજી તને જીવતો નહિં રહેવા દઉં... "

અને અનિલ કંઈ કહે તે પહેલાં જ તેના જ ઘરમાંનું કેરોસીનનું ડબલું આખું અનિલ અને તેની બંને દીકરીઓ પર છાંટી સળગાવવાની કોશિષ કરતા સાળા સાળાવેલીથી બચવા અનિલ તેની બંને પુત્રીઓને લઈને ઘરમાંથી બહાર નીકળી ગયો.... આજુબાજુવાળાઓ આવી ચડતાં સુનયનાના ભાઈ - ભાભી ત્યાંથી પલાયન થઈ ગયા.

પણ.... એ લોકો ગમે ત્યારે આવી ચડે અને પોતાની બે દીકરીઓ સાથે તેને પણ મારી નાંખશે એવા ડરથી ફફડતો અનિલ રોજ રાત્રે જાગતો રહે છે.... અને વિચારતો રહે છે કે,

કાચીંડાની જેમ રંગ બદલતી નારીને નારાયણી ગણવી કે પછી....?

## ૩૮. રાક્ષસી અફવાની માયાજાળ....

"વા વાયાને નળિયું ખસ્યું... તે દેખીને કૂતરૂં ભસ્યું.... કોઈ કહે મેં દીઠો ચોર..." આવા છપ્પા અખો લખો ગયા.... આજકાલ તો ગુજરાતને સંપૂર્ણ સાક્ષરતાને પંથે આગળ ધપાવવાના પ્રયાસો થઈ રહ્યા છે... માંડ કોઈક-કોઈક આમણ અને અગુઠા છાપ જીવડા બચ્યા હશે પણ એવા લોકો પણ આવા ઉદ્દાહરણો આપતા હોય છે ત્યાં ભણેલા લોકો તો આ છપ્પા જાણતાં જ હોય.... આમ છતાંય એક વિચિત્ર અફવાઓનું સામ્રાજ્ય સમગ્ર પંથકમાં પથરાઈ રહ્યું છે... ક્યારેક અફવાઓ સાચી પણ હોય છે પરંતુ અહીં જે અફવાનો ઉલ્લેખ કરાઈ રહ્યો છે એ અફવા તો માત્ર ગામડાની પ્રજાને ભયભીત કરવાની છે.... અફવા ફેલાવવા પાછળ અફવા ફેલાવનારનો પોતાનો કોઈ સ્વાર્થ છે.

પહેલાંના જમાનામાં દુષ્કાળ પડતો ત્યારે લોહીનો સંબંધ ધરાવનાર બાપ-બેટો,ભાઈ-બહેન પોતાની સગાઈ ભૂલી જતા અને એવે ટાણે ચોરી,ધાડ-લૂંટના ગુનાઓ બનતા....છીનવી લે એનું ભાતું ગણાતું... અત્યારે જો કોઈ વૃદ્ધ નજીકમાં રહેતો હોય તો એમને પૂછજો... છપ્પનિયા કાળ વિશે.... ધ્રૂજારી વછૂટી જાય... છાતીના પાટિયા બેસી જાય એવી વાત સાંભળવા મળશે.... મનેખ મનેખનું માંસ ખાવા મજબુર બની જતો... ગાવડાને મારીને કાચુંને કાચું માંસ ખાતા પણ અચકાતા નહોતા.... પેટનો ખાડો પુરવા ધાવતા બાળકને સગી જનેતા ભરખી જતી.... એવા એવા દિલ એક ધબકારો ચૂકી જાય એવા દાખલા સાંભળવા

મળે....

અત્યારે તો ગામેગામ તમામ સગવડો મળે છે લાઈટ,પાણી,રાત્રે પણ જળાબોલ અજવાળાં ગામમાં પથરાવ છે.... કેટલાંક ગુનાખોરી જીંદગીમાં સપડાઈ ગયેલા ગુનેગારો પોતાના એશો આરામ માટે લૂંટ કરતા હોય છે પણ.... હવે તો દરેક ગામની પાંચ કે દશ કિલોમીટરને અંતરે પોલીસ સ્ટેશનો ખુલી ગયા છે ગામડે ગામડે ટેલિફોનની સગવડો છે... રાત્રે પોલીસ પેટ્રોલીંગ ફરે છે અને છતાંય....

ગામનો સરપંચ ઉઠીને એમ કહે કે અમારા ગામમાં રાત્રે ડફેરો આવે છે, અલ્યા ભાઈ....એ ડફેરો આવે છે તો જાય છે ક્યાં? કોણે જોયા એ ડફેરોને...ડફોળ... પણ કોણે જોયા એ પ્રશ્નના જવાબમાં કંઈ નહિં.... મેં નહિ પેલો શનિયો કહેતો હતો... શનિયો કહે મને તો મનિયો કહેતો હતો... અને મનિયાને પૂછો તો ખબર પડે કે એણે બીજા ગામમાંથી વાત સાંભળેલી કે અમારા ગામમાં ડફેરો આવ્યા છે.

આટલું ઓછું હોય તેમ ફલાણાં ગામમાં ડફેરો આવ્યા હતા અને આ લોકો માર-ધાડ કરે છે બૈરી છોકરીઓ પર બળાત્કાર કરે છે.... વાહન લઈને આવે છે...બોલો...હવે....લૂંટફાટ કરનારા વાહન લઈને આવે છે ગામની ભાગોળે વાહન પાર્ક કરે છે... સાત આઠ જણાં હોય છે. અને ગામમાં લૂંટફાટ કરે.... બળાત્કાર કરે અને છતાંય કોઈ પોલીસ ફરિયાદ ન નોંધાય....ગામ આખામાં ઓછામાં ઓછા સો જેટલા જુવાન પઠ્ઠા હોય આધેડ પુરૂષો મળી બસો અઢીસોની સંખ્યા થાય અને છ-સાત ડફેરો ગામમાં આતંક ફેલાવી નીકળી જાય....પછી બીજા દિવસે મુછે તાવ દેતા જુવાનિયાઓ શર્ટના ત્રણ બટન ખુલ્લા રાખીને ફરે... આ આઝાદ ભારતનું ભાવિ?

એકાદ નિશાચર હોય કે રાતના રખાતો સુખેથી પોતાના સાથી સાથે મળી શકે એટલા માટે કાંકરીચાળો કર્યો હોય.... ફળિયું હોય...રાતનો અંધકાર હોય અને એક ઘરથી બીજા ઘરમાં પ્રવેશવું હોય પણ ઉનાળાની ગરમી જેવી આ ભાદરવાના બફારાથી ત્રાસેલી પ્રજા ઘરના આંગણામાં ખુલ્લી અગાસીમાં સૂતો હોય ત્યારે એ લોકો પોતાને જોઈ ન જાય કે પોતાનું કામ પતાવી પરત ન આવે ત્યાં સુધી લોકોને બાનમાં રાખવા હોય તો એના માટે બીજો કોઈ માર્ગ હોય? દશ-પંદર પથ્થરો અંધકારમાં ઉભા રહીને આડા-અવળા માર્યા હોય અને લોકો વાગી જવાની બીકના માર્યા ડફેર ટોળકી આવી ગઈ એવા ભયથી ઘરમાં ઘૂસી જાય.... પછી પેલા એકલા રાતના રાજાને વટ પડી જાય.... પણ આ એકાદ ઘટના કદાચ ક્યાંક બની હશે અને પછી તો.... ચાલી જબરદસ્ત અફવા.... લૂંટારા આવે છે પથ્થરમારો કરે છે... અને વાતનું વતેસર થઈ જાય... એક ગામથી જ્યાં આ હવાથી ઠેલાઈને આવેલી વાત અંતિમ સ્થળે એટલી બધી ભયાનક બની જાય કે,

રાત્રે ડફેર ટોળકી આવે છે....જુવાન છોકરીઓ અને વહુઓ ઉપર બળાત્કાર કરે છે અને પછી નાસી જાય છે.... વાત નહિં પણ વાતની ફરિયાદ ઉચ્ચકક્ષાએ થાય.... સૂચનાઓ અપાય. દરેક પોલીસ સ્ટેશને વાયરલેસ સંદેશા પહોંચે વહીવટી તંત્ર સાબદું બને.... રાત્રિ પેટ્રોલિંગ કરાય પણ ક્યાંય ડફેરોનું નામ-નિશાન ન મળે પછી....?

પંથકની પ્રાઓમાં ડફેર ટોળકીના આતંકથી ભય ફેલાઈ ગયો....પ્રજાને સમજાવવા અને અફવાથી દૂર રહેવા જિલ્લાના અધિકારીઓ, રાજકીય નેતાઓને જાતે ગામડાઓની મુલાકાત લેવી પડે... પણ પ્રજા કોઈ વાતે સમજે ન નહિં ને...? અને વાતો એવી કરે કે સાંભળનારને વિશ્વાસ જ ન આવે...

હમણાં હમણાં દૂરદર્શન પર શક્તિમાન નામની સિરીયલ આવે છે એમાં ઈન્વીઝીબલ મેન (અદ્રશ્ય માણસ)થી લોકો પ્રભાવિત થઈ ગયા છે પણ અહીં તો....

" સાહેબ શું વાત કરીએ.... આ ડફેરો ઝાડ પર ચડી જાય છે...."

" તો એને પકડવા માટે સરળ બની જાય.... ગામના જુવાનિયા ઝાડ નીચે ઊભા રહી એને ઘેરો ઘાલે કે...."

"ના સાહેબ... આ ડફેરો તો ઝાડ ઉપર ચડી ગયા પછી વાંદરા બની જાય છે અને પછી.... સફેદ કલરના વાંદરા એક ઝાડ પરથી બીજા ઝાડ પર કૂદી જાય એટલે ના પકડાય ને....!"

" સાહેબ... આ ડફેરોના પગમાં સ્પ્રીંગવાળા બૂટ પહેરેલા હોય છે.... અને.... ચંદ્ર પર માનવી કેવો એક કદમ ઉપાડે અને ખાસ્સા લાંબા અંતરે બીજો પગ પડે એવી જ રીતે આ ડફેરો પચ્ચીસથી ત્રીસ ફૂટનું એક પગલું ભરે છે.... એક જ પગલામાં પચ્ચીસ નહેર કૂદી જાય છે...."

ભઈલા... આવા સ્પ્રીંગવાળા બૂટ નીકળ્યા હોય તો સૌપ્રથમ સરકાર એ કંપનીનો તમામ માલ જપ્ત કરે અને એવા સ્પ્રીંગવાળા બૂટ સિપાહી, એસ.આર.પી. પોલીસોને આપે તો સરકારના વાહનોનો ખર્ચો પણ ઓછો થાય....

"પણ સાહેબ.... આ ડફેરો પુરૂષોને દેખાતા નથી.... એ તો માત્ર બૈરાં-છોકરીઓને જ દેખાય છે... અમે જઈએ છીએ ત્યારે અદ્રશ્ય થઈ જાય છે...."

બોલો.... હવે આ આધુનિક અને વૈજ્ઞાનિક યુગમાં જ્યારે વિદેશીઓ ચંદ્ર પર વસવાટ કરવા જવાની વાતો કરતા હોય ત્યારે આપણા હિન્દુસ્તાનમાં....ગુજરાતમાં અને એમાંય ચરોતરમાં રાત્રે ડફેરો આવે અને અદ્રશ્ય થઈ જાય.... ઝાડ ઉપર ચડીને વાંદરા બની જાય.... પુરૂષોને દેખાય નહિં, માત્ર સ્ત્રી જાતિને જ એ ડફેરો દેખાય.... એવી અંધશ્રધ્ધાની ગુલામી હજુ અકબંધ છે.... દેશ ખરેખર આઝાદ થયો છે ખરો....?

અહિં તો એક જાલેમેં સો સાપ જેવી વાત છે. પૂછવા જાવ તો સોમાંથી એક આવે અને અંતે જાલા હિલતા થા સુધી વાત આવીને અટકે....

થોડા વર્ષો પહેલાં એક ગામમાં આવી જ એક અફવા ઉડી હતી કે ટેમ્પો લઈને ધાડપાડુઓ આવે છે. ગામના લોકો ઉજાગરા કરતા રહ્યા... ધાડપાડુઓની જાણ થતાં પોલીસે બંદોબસ્ત કર્યો અને રાત્રિના ઘોડા પોલીસ પેટ્રોલીંગમાં નીકળે.... રાતના દશેક વાગે આ ઘોડા પોલીસે ગામની મુલાકાત લીધી ત્યારે એક ગભરૂ મહીલા ફફડી ઉઠી બુમો પાડી કે એના ફળિયાના તમામ લોકો કાજુના ફળિયામાં ઘુસી ગયા.... બાજુના ફળિયાવાળા જે હાથમાં આવ્યું એ હથિયાર લઈ લાકડી,સાંબેલું,ધારિયા,ડંડો લઈને ટોળે વળી ગયા.... પણ પછી ખબર પડી કે એ ડફેરો નહીં પણ ઘોડેસવાર પોલીસ હતી ત્યારે પેલી બૈરી ઝંખવાણી પડી ગઈ હતી.

આવી જ દશા ફરીથી જિલ્લામાં થઈ છે... લાઈટના અજવાળામાં કોઈકનો પડછાયો જણાય કે વાત ફેલાય અને એ વાતને પાંખો લાગે.... આખા ગામમાં ફરી ચર્ચા થાય.... ડફેરો આવ્યા....લોકો ઘરમાં ઘૂસી જાય.... કોઈપણ ઠોસ પુરાવા વગરની આવી અફવાએ એટલું બધુ જોર પકડ્યું છે કે.... હવે તો લોકો પોલીસ ગામમાં આવે તો એમનાથી પણ ડરે.... ગામના સરપંચને સાથે રાખી લોકોને સમજાવવાનો પ્રયત્ન કરે પણ લોકો સમજે તો ને-? બુદ્ધિશાળી લોકો પણ આ ગાડરિયા પ્રવાહમાં તણાયા... પણ એટલું નથી વિચારતા કે આ કદાચ કોઈ હિતશત્રુનું પરાક્રમ પણ હોઈ શકે.....

કેટલાંક તોફાની બારકસો દ્વારા એક કંજુસ પૈસાદારને ત્યાં ચિઠ્ઠી નાંખી.... આજે તારો વારો છે.... ગભરાઈ ગયેલા આ કંજુસે તેના બંગલાની ચારેબાજુ સો-સો વોલ્ટના બલ્બ નાંખી દઈ આખી રાત તેણે લાઈટ ચાલુ રાખી હતી.... ડફેર બફેર કંઈ નહિં પણ તેનો ગેરલાભ ઉઠાવી કેટલાંક લેભાગુઓ પોતાનો સ્વાર્થ સાધે છે.

આવા સંજોગોમાં તો ચોરી છિનાળવું કરનારા લાભ લઈ જાય.... આવા લોકો જાતે ડફેરો આવ્યાની અફવા ફેલાવે અને લોકોનું ધ્યાન એ તરફ દોરાય અને પોતાનું કામ પૂરું કરી આવે...

આવી રાક્ષસી અફવાઓથી ચેતવા માટે અને ભયભીત પ્રજાને નિર્ભય બનવા ઉચ્ચ અધિકારીઓ આખા પંથકમાં ગામડે ગામડે ફરે છે પણ.... આખરે.... "એ કપાસિયા એના એ...."

## ૩૯. ચાહત અને નફરતની આગ

ટીંગ ટોંગ.... ટીંગ ટોંગ...ટીંગ ટોંગ...

ડોરબેલ રણકી ઉઠ્યો.... પલંગમાં પોઢેલા ઈન્સ્પેક્ટર જયદેવને ડોરબેલનો અવાજ કંકાશ લાગ્યો....આંખોના પોપચાં ભારે થઈ ગયાં હતાં....મીઠી નીંદરમાં વિક્ષેપ પડ્યો.... નોરતાંની પહેલી રાત્રે જ લોકો રાતના બે-અઢી વાગ્યા સુધી ગરબા ગાતા રહ્યા.... લોકો પણ ખરાં છે.... બાર વાગ્યે માતાજીની આરતી કર્યા પછી ગરબા બંધ કરી દેવા જોઈએ... પણ ન જાણે માતાજીની આરાધના કરવામાં અતિશયોક્તિ કરી રહ્યા હતા....માંડ ચારેક વાગ્યે બંગલે પહોંચેલા

ઈન્સ્પેક્ટર જયદેવે પૂરી ઊંઘ પણ લીધી નહોતી કે ડોરબેલ રણકી ઉઠી....પોલીસવાળાના નાતે મોંઢામાંથી ગાળ નીકળી ગઈ...સાથે સાથે પોલીસ ખાતાની નોકરી જ ખોટી.... નહિ ઘરના કે નહિ ઘાટના.... પણ પોલીસમાં ભરતી થયો ત્યારે ક્યાં ખબર હતી કે જમાનો આટલો બધો બદલાઈ જશે.... નવરાત્રિના બહાને જુવાન છોકરા છોકરીઓ ખાનદાનની આબરૂના ધજાગરા ઉડાડતા ફરશે અને એમના મા- બાપના હાથમાંથી નિરંકુશ બનેલા આ કપાતરોને અંકુશમાં લેવાની ફરજ પોલીસખાતાને માથે આવશે....અને નવ-નવ રાત્રિ સુધી આખી રાત ઊભા પગે લોકોના ખાનદાનની આબરૂ સાચવવા નોકરી કરવી પડશે....

ટીંગ ટોંગ.... ટીંગ-ટીંગ-ટોંગ....

ફરીથી ડોરબેલનો અવાજ સાંભળીને પલંગ પરથી બેઠા થઈ ગયેલા ઈન્સ્પેક્ટર જયદેવ બરાડી ઉઠ્યા.

"અરે આવું છું.... બે કલાક ઊંઘવા પણ નથી દેતા કોણ છે ?...." કહેતા જયદેવ બારણું ખોલ્યું અને "શું છે?....." ઘૂઘવાટો કર્યો એટલે બારણા બહાર ઉભેલા કોન્સ્ટેબલ ડરી ગયો....પોલીસ સ્ટેશનેથી પહેરાવાળો કોન્સ્ટેબલ કંઈક અનિચ્છનીય ખબર લઈને આવ્યો હોય એવું તેના ચહેરા પરના ભાવ પરથી લાગયું હતું. એનો ચહેરો જાણે સફેદ પૂણી જેવો થઈ ગયો હતો. અનિચ્છાએ તે પોલીસ સ્ટેશન ઓફિસરના હુકમનું પાલન કરવા આવ્યો હોય તેવું લાગ્યું.... કહેવું કે ના કહેવું એવી દ્વિધામાં પડેલો કોન્સ્ટેબલ સાહેબનો મૂડ જાણવા તેમના મોંઢા સામે જોઈ રહ્યો હતો કે જયદેવે પૂછ્યું..."શું છે....શાંતિથી ઉંઘવાય દેતા નથી....મેં કહ્યું તો હતું કે મને બાર વાગ્યે ઉઠાડજો.... હજુ તો પોણા અગિયાર વાગ્યા છે...."

"સ.... સાહેબ.....ખ.....ખ.....ખૂન થઈ ગયું છે....."

"હા...સાહેબ... અને ખૂની પોલીસ સ્ટેશને હાજર થઈ ગયો છે..... એના હાથમાં લોહીવાળી તલવાર પણ છે.."

" તલવાર....? કોણ છે ખૂની....?"

"સાહેબ.... આમ તો છોકરા જેવો જ છે....લબરમૂછીયો....પણ.... એ જાતે કહે છે કે એણે છોકરીનું ખૂન કર્યુ છે ?"

"છોકરી....?કઈ છોકરી.....?"

"સાહેબ.... એ કહેતો હતો કે એની પ્રેમિકાનું ખૂન...." કોન્સ્ટેબલ આગળ કંઈ બોલે તે પહેલા " સારૂ.... તુ જા....હું આવું છું...." કહીને કોન્સ્ટેબલને રવાના કરી દીધો અને જયદેવ ઝટપટ તૈયાર થઈને પોલીસ સ્ટેશનેની પહોંચી ગયા.... પોલીસ સ્ટેશનની પાછળ જ પોલીસ માટેના ક્વાટર્સ અને ઓફિસરનો બંગલો હતો....એટલે પોલીસ સ્ટેશન પહોંચતા વાર ના લાગી.....

ઈન્સ્પેક્ટર જયદેવ સીધા પોતાની ઓફિસમાં જઈને બેઠા અને સ્ટેશન ઓફિસરને બોલાવ્યા... પોલીસ સ્ટેશન ઓફિસરે રિપોર્ટ આપતાં જણાવ્યું કે સબ ઈન્સ્પેક્ટર અને સ્ટાફ પોલીસ જીપ લઈને ઘટના સ્થળે પહોંચી ગયા છે....

"પેલો છોકરો ક્યાં છે ? એને બોલાવો...."

બીજી જ મિનીટે એક લબરમૂછીયા પાતળા યુવાનને લાવવામાં આવ્યો....જમાદાર લોહીવાળી તલવાર પણ લાવીને આપી ગયા.... પ્રથમ નજરે આ છોકરો પોલીસની મજાક ઉડાડવા આવ્યો હોય એવું લાગ્યું.... સાવ ભોળા ચહેરા સાથે ઉભેલા યુવાનને ઈન્સ્પેક્ટર જયદેવે પૂછપરછ શરૂ કરી.... અને પેલો યુવાન નિર્દોષભાવે અને મક્કમ હકીકત કહેતો ગયો.

"મારૂ નામ હાર્દિક છે....ઊંમર ઓગણીસ વર્ષ.... દશમું ધોરણ ભણ્યો છું.... હાલમાં દરજીકામ શીખવા જાઉં છું....મારા બાપૂ પણ દરજીકામ કરે છે.... અમારી બાજુની પોળમાં રહેતી કનીશા હાઈસ્કુલમાં દશમાં ધોરણમાં ભણતી હતી.... એની ઉંમર પંદરેક વર્ષની હશે.... એને હું ખૂબ ચાહતો હતો...."

હાર્દિક હકીકત કહેતો ગયો....

યાત્રાધામ જેવા આ નગરમાં બસ સ્ટેશનથી માંડી મંદિર સુધીનો વિસ્તાર રોડની બંને બાજુ દુકાનોની હારમાળા.... બસ સ્ટેશનથી થોડે દૂર હાઈસ્કૂલ છે... ત્યાંથી થોડા આગળ જાવ એટલે રોડને અડીને જ પોલીસ સ્ટેશન આવેલું છે....કનીશાની ઉંમર નાની હતી પણ એની સંદરતા આડે કોઈ અન્ય યુવતી આવી

શકે એમ નહોતી....સુડોળ શરીર અને ઘાટિલા નાકનકશી ધરાવતી આ કનીશાએ એકાદ બે વર્ષ પહેલાં હાર્દિકના પ્રેમનો એકરાર કર્યો હતો... કનીશા તરફથી લીલીઝંડી મળી જતાં હાર્દિક ઓળઘોળ થઈ ગયો.... હાઈસ્કૂલમાં જતી-આવતી કનીશાને હસતી જોવા અને ક્ષણેકવાર માટે એની અણિયારી આંખોમાં છવાઈ જવાની તાલાવેલી જાગતી અને હાર્દિક હાઈસ્કૂલના કંપાઉન્ડમાં, ક્યારેક રોડ ઉપર તો ક્યારેક પોળના નાકે કનીશાને જોઈ લેતો... આ પ્રેમ-પ્રણય બંને તરફથી ઘણા આગળ નીકળી ગયો હતો...

પરંતુ પ્રેમ-વિશ્વાસ-પ્રણય અને ત્યાગની ભાવના પરિભાષાની સમજને નહિ સમજી શકનાર કનીશા અને હાર્દિક વચ્ચે એક અદ્રશ્ય દિવાલ ઉભી થઈ ગઈ આ અણસમજની....

બન્યું એવું કે કનીશા પોતાને લાયક પ્રેમી જે શોધતી તે લાયકાત હાર્દિકમાં અપૂર્ણ જણાંતા અને એ ઓછપ પૂર્ણ કરતા એક અન્ય યુવાન કિર્તશનો પરિચય થયો.... સંદેશા વ્યવહારની આપ-લે થઈ અને કનિશાએ રંગ બદલી નાંખ્યો.... હાર્દિકને દગો દઈ તેના દિલને ઠેસ પહોંચાડીને કિર્તશ તરફ ઢળી..... અને એ જ ક્ષણથી એણે હાર્દિક સાથેનો સંબંધ કટ કરી દીધો.... માંડ પાટા પર આવેલી પ્રેમગાડી પ્રથમ સ્ટેશને પહોંચે તે પહેલાં જ મૃતપાય થઈ ગઈ....

પ્રેમમાં અંધ બનેલા હાર્દિકે પોતાના શરીર પર સીગારેટના ડામ દઈને પ્રેમિકાનું નામ ત્રોફ્યા હતા.... પણ છેલ્લા ત્રણેક મહિનાથી કનિશા અન્ય યુવાનની સાથે હસતી બોલતી અને હાર્દિકની ધરાર ઉપેક્ષા કરતી હોવાથી દાઝે બળતો હતો... આ દાઝ સ્વાભાવિક રીતે નવયુવાન પ્રેમીને થાય જ.... હાર્દિકે કનીશાને પોતાની તરફ વાળવા ઘણાં પ્રયત્નો કર્યા.... આત્મ હત્યા કરી લેવાની ધમકી આપી.... અન્ય માર્ગ પણ અપનાવ્યા પણ સ્ત્રી જાત.... કનીશાએ એને સહેજ પણ મચક ના આપી ત્યારે પોતાની નજર સામે પ્રેમને પડકારતી કનીશા હાર્દિકના દિલને ઠોકર મારી અન્ય યુવાન સાથે જતી ત્યારે હાર્દિકના ગુસ્સાનો પાર રહેતો નહિ.... ક્યારેક પોતાની જાતે પોતાના માથાના વાળ ખેંચી ગુસ્સો હળવો કરતો....

કનીશા મારી નહિ થાય તો કોઈની થવા નહિં દઉં એવા મક્કમ વિચાર સાથે હાર્દિકે નિર્ણયો લેવા માંડ્યા.... કનીશા વગરની જીંદગી ખાલી ખમ્મ છે એવું વિચારી આત્મહત્યા કરી લે તો.... તો તો કનીશા અને કિર્તેશના માટે સરળ બની જાય.... હું તો જાનથી જાઉં પણ એનાથી કનિશાને કશી અસર નહિં થાય... તો...? પોતાની પ્રેમગાડીને બ્રેક લગાવી બીજા માટે ઉપર વાળી જનાર કિર્તેશને ખત્મ કરી નાંખું ?.... પણ એનાથી શું ફાયદો...? કિર્તેશની હત્યા કરવા બદલ જેલમાં જવું પડશે અને હત્યારાને પ્રેમ કરવા કનીશા તો શું પણ કોઈ છોકરી તૈયાર ન હોય.... તો પછી.... ધાકધમકીથી તો કનીશા માની નથી.... હવે છેલ્લો ઉપાય.... ઝઘડાના મૂળને જ ઉખાડીને ફેંકી દેવું....કનિશાને જ પરધામ પહોંચાડી દઈ જેલ ભોગવી લઈશ.... પણ જીંદગી આખી જીવતી કનીશાને અન્ય અન્યના પડખામાં જોવાશે નહિં....

છિછરા પ્રેમના આ વરવા પરિણામો જ છે... પ્રેમ એ ત્યાગનું પ્રતિક છે પણ છિછરા પ્રેમમાં ત્યાગને બદલે છિનવી લેવાનો સ્વભાવ હોય છે..... નિષ્ઠુર બનીને સામે ચાલીને બલિદાન માંગતા પ્રેમીઓ પ્રેમને માટે કલંકરૂપ છે. અને આવા પ્રેમની સાથે જ્યારે દગો થાય, વિશ્વાસઘાત થાય ત્યારે મગજ પર ઝનૂન સવાર થઈ જાય છે અને આખી દુનિયાને સળગાવી દેવાનું મન થઈ જાય....ક્યારેક તિક્ષ્ણ હથિયારથી જે માણસ સામે આવે એને હણી નાખવાનો જુસ્સો આવે છે તો ક્યારેક કોઈ પ્રેમલા - પ્રેમલીને હણી નાંખી આ જગત પરથી પ્રેમનો નાશ કરી નાંખવાનું મન થાય છે.

હાર્દિક પણ આમાંનો જ એક હતો.... પ્રેમની વેદી પર બલી ચડવાને બદલે બલિ ચડાવવા, બલિદાન આપવાને બદલે બલિદાન લેવા, ત્યાગ કે ભોગ આપવાને બદલે ભોગ માંગવાનો હિન કક્ષાનો પ્રેમી...બીજું તો શું કરી શકે?

એણે પ્રેમના નામે બલિ ચડાવવા કનિશાને હણી નાખવા માટે એક શહેરમાંથી તલવાર ખરીદી લાવ્યો અને ગુપ્તસ્થળે સંતાડી દીધી.... તેણે એક-બે વખત પોતાની એક વખતની પ્રેમિકાને પોતાની તરફ આકર્ષવા માટે પ્રયત્નો કરી જોયાં પણ ન જાણે કેમ કનિશાએ હંમેશાને માટે હાર્દિકની ઉપેક્ષા કરી દીધી હતી. એના મગજમાં નફરત એટલી બધી ભરાઈ ગઈ હતી કે તે હાર્દિક સાથે વાત કરવા પણ તૈયાર નહોતી....

અને આખરે આ નફરત તિરસ્કાર દગો.... વિશ્વાસઘાતનો બદલો

વાળવા કટિબધ્ધ થયેલા હાર્દિકે ખતરનાક ખેલ ખેલવા તૈયાર થઈ ગયો. આગલા દિવસે પ્રથમ નોરતું હોવાથી ગરબા ગાવા જતી કનીશાને તેના પ્રેમી કિર્તેશની સાથે તેના સ્કુટર પાછળ બેસીને ચમકદાર ચણિયા-ચોળી પહેરીને ખભે હાથ મૂકીને જતી હતી ત્યારે એ બંને જણાંને બોમ્બથી ઉડાવી દેવાનો તીવ્ર જુસ્સો માંડ માંડ જાળવી રાખ્યો હતો.....

એ આખી રાત તેણે ઉજાગરો કર્યો... નજર સામે કિર્તેશ સાથે હસતી અને ગરબે ઘુમતી.... સ્કુટર પર કિર્તેશને બાથ ભરતી દેખાતી રહી.... નફરતની આગમાં સળગી રહેલા હાર્દિકે અંતિમ નિર્ણય કરીને ઉઠ્યો.... છુપાવેલી તલવાર લઈ આવ્યો અને હાઈસ્કૂલ જતા માર્ગ પર છુપાઈને બેસી રહ્યો.....

સવારના લગભગ સાડા દશેક વાગ્યા હશે અને કનીશા તેની સહેલીઓ સાથે હસતી હસતી.... ગરબાની અને સાથે સાથે નવા પ્રેમી કિર્તેશની વાત કરતી મલકાતી-શરમાતી આવી પહોંચી ત્યારે મજબુત હાથથી પકડેલી તલવાર લઈને હાર્દિક દોડ્યો કનીશાની પાછળ ભરબજારમાં.... ખુલ્લી તલવાર લઈ ઝનૂને ચડેલા હાર્દિકને જોઈને રાહદારીઓમાં નાશ ભાગ મચી ગઈ... બૂમરાણે ગણકાર્યા સિવાય હાર્દિક પહોંચી ગયો છેક કનીશાની પાસે અને પડકારી.....

દગાખોર....વિશ્વાસઘાતી.....એમ કહીને દાંત પીસીને કનીશા કંઈ સમજે તે પહેલાં જ હાર્દિકે ઉપાડેલી તલવારનો એક ઝાટકો.... અને કનીશાના માથાના બે ફાડિયાં થઈ ગયા... તરફડતી કનીશા જમીન પર પડી કે ઝનૂને ચડેલા હાર્દિકે ઉપરા-ઉપરી ઘા ઝીંક્યા..... તેના કપડાં કનીશાના ઉડેલા લોહીના છાંટાથી ખરડાયાં....લોહીથી લથપથ કનીશાની લાશને ત્યાં જ પડતી મૂકી ખુલ્લી તલવાર સાથે હાર્દિક પહોંચ્યો પોલીસ મથકે અને.... પોલીસ જમાદારને હકીકત કહી સંભળાવી.....

હાર્દિકની કેફિયત સાંભળી રહેલા પોલીસ ઈન્સ્પેક્ટર જયદેવ ઉજાગરાને પણ ભૂલી ગયા.... હાથમાં સળગતી સિગારેટ પૂરી થવા આવી હતી છતાં તેઓ બે ધ્યાનમાં ફૂંકી રહ્યા હતા..... દગાખોર પ્રેમિકા કે જે હજુ સંસાર જીવનને સમજવાને લાયક ઊંમરે પહોંચી પણ નહોતી..... જેને સગીર કિશોરીમાં ગણાય એવી કનીશાએ આટલી નાની ઉંમરમાં વખતે પ્રેમીઓને ટળવળતા કર્યા... એકને દગો કર્યો અને આ દગાખોર પ્રેમિકાને પરાયા યુવાન સાથે પ્રેમ કરતાં જોતાં તિરસ્કારની આગમાં પ્રેમિકા કિશોરીને પતાવી દેનાર આજના આ જમાનાના છીછરા પ્રેમી અને હત્યારો સ્વેચ્છાએ પોલીસ મથકે હાજર થતાં અને નિર્દોષ ભાવે પૂરી કેફિયત કહી ચૂકેલા આ નાદાન યુવાનને શું કહેવું એ ઈન્સ્પેક્ટર જયદેવને સમજાયું નહિં. માત્ર ફાટી આંખે એને જોઈ જ રહ્યાં.

## ૪૦. દેશ તો જોયા... બાપુ... મેં તો પરદેશ પણ જોયા....!

“દેશ રે જોયા દાદા પરદેશ જોયા....” આ ગુજરાતી ફિલ્મે સમગ્ર ગુજરાતમાં ધૂમ મચાવી છે.... જે જે સિનેમાઘરોમાં આ ચિત્ર ચાલે છે તે તમામ સિનેમાઘરોનો દરેક ખેલ હાઉસફુલ જાય છે.... આજના ફેશન યુગમાં ટૂંકા કપડાં પહેરનારી મોર્ડન યુવતીઓ જ નહિં પણ એરકન્ડીશન મોંઘીદાટ ગાડીમાં ફરતા સુધરેલા સમાજના લોકો પણ કાળાબજારની ટિકીટ ખરીદીને પણ સહપરિવાર આ ગુજરાતી ચિત્ર જોવા જાય છે.... આટ-આટલી હિન્દી ફિલ્મો આવી ગઈ પણ આ ફિલ્મે તો સમાજના તમામ વર્ગોના લોકોને આકર્ષ્યા છે.... એની પાછળનું કારણ શું?

અન્ય કારણો ભલે ગમે તે હોય. તેમાનું એક કારણ એ છે કે આજના જમાનામાં લોકો દેશ કરતાં પરદેશ ભલો એવું માનતા થયા ત્યારથી વિદેશથી ભારતીય નારી સાથે લગ્ન કરવા આવેલા મૂરતીયા સાથે પોતાની દીકરીને પરણાવવા માટે મોં માંગી પૈઠણ આપતા સુધરેલા સમાજના મા-બાપની મહેચ્છાઓ સામે લાલબત્તી ધરતું આ ચિત્ર છે. પશ્ચિમી રંગેરંગાયેલા મુરતીયાઓ ભારતમાં કન્યાને પરણીને સાથે વિદેશ લઈ જાય છે.... કન્યાના મા-બાપ ગજા ઉપરાંતનો કરિયાવર કરે છે અને પુત્રી પરદેશમાં જઈને સુખી થશે એવા ભ્રમમાં રાચતા મા-બાપે જ્યારે પરદેશમાં  વસતી વ્હાલસોઈ પુત્રીના આંસુથી ભીંજાયેલા પત્રો આવે. છે ત્યારે પોતે ગાયને કસાઈવાડે દોરી આપી હોય એથી પણ વધુ ભાર પાપનો માથે લ્યે છે અને ખોટો ભ્રમ ખોટો જ ઠરે છે ત્યારે પગ નીચેથી ધરતી સરકી જાય છે.....

શહેરના પ્રખ્યાત ઉદ્યોગપતિ બાલમુકુન્દ પણ આ ગુજરાતી ચિત્ર

નિહાળવાની લાલચ જતી કરી શક્યા નહીં અને પોતાની પત્ની સાથે એક અદ્યતન સગવડ્યુક્ત સિનેમાઘરમાં દંપતિ ફિલ્મ નિહાળવા ગયા. ભલભલાની આંખોમાં આંસુ લાવી દેતા કરૂણ દ્રશ્યો જોઈને બાલમુકુન્દની આંખો પણ ભરાઈ આવી..... એકતરફ ફિલ્મના દ્રશ્યો બદલાઈ રહ્યા હતા તો બીજી તરફ આંખમાં ધસી આવતા આંસુ રોકવાનો પ્રયાસ કરી રહેલા બાલમુકુન્દની આંખ સામે ભૂતકાળના એ દ્રશ્યો ફિલ્મના દ્રશ્ય સાથે ભળી જવા લાગ્યા.

આજથી દશેક વર્ષ પહેલાં.... જ્યારે તેમની એક ની એક દીકરી ધરતીના લગ્ન લેવાયાં હતાં.... ધરતીના પિતા ઉદ્યોગપતિ હતા તો સામે જમાઈરાજાનું ખાનદાન પણ કંઈ કમ નહોતું.... સાગર એનું નામ અને દરિયા જેવું દિલ સાગરના પિતાને પણ આખા જિલ્લામાં પૂછાતો મોટો વ્યવહાર હતો. સાગર વિદેશ ચાલ્યો ગયો હતો અને અમેરિકાના શિકાગો ખાતે મોટેલ ચલાવતો હતો. ભારતમાં લગ્ન કરવા આવ્યો હતો. ભારતીય સંસ્કૃતિનો ચાહક સાગર પોતાની જીવનસાથી ભારતીય નારી હોય તેવો આગ્રહી હતો. સમાજના કેટલાંક વચેટીયાઓ મારફતે બાલમુકુન્દની દીકરી ધરતી સાથે વિવાહ થયા.

દીકરીનું નસીબ ઉંઘડી ગયું..... ગયા જનમમાં પ્રભુ પૂજ્યા હશે તે આ જનમમાં સુંદર અને સુશીલ જમાઈ મળ્યો.... અને તે ય પાછો પરદેશી.... અમેરિકાનું સીટીઝનશીપ ધરાવે.... દીકરી ધરતી પણ અમેરિકા જશે અને રાજ કરશે.... સામે ચાલીને આવેલા માંગા સ્વીકારી લીધા અને ધામધૂમથી લગ્ન લેવાયાં.... આખા પ્રાંતમાં કોઈએ એટલા ધામધૂમથી દીકરી પરણાવી નહોતી.... અતિ ઉત્સાહથી મોં માંગી પૈઠણ-કરિયાવર કર્યો.... એટલું જ નહિ પણ દીકરીને પાછળથી કોઈનું સાંભળવું ન પડે.... દીકરીને મહેણું મારવાનું તેના પતિને બહાનું ન મળે એટલા માટે રોકડ રકમ, સોનાના દાગીનાથી જમાઈરાજાનું દિલ ભરી દીધું.....

સપ્તપદીના ફેરા ફર્યા.... અગ્નિની સાક્ષીએ ચોરીના ચાર ફેરા ફર્યા બાદ વિદાયની વેળા આવી ત્યારે વિદાય લેતી દીકરી મા-બાપને વળગી પડીને ધ્રુસકેને ધ્રુસકે રડી હતી.... સાથેસાથે સાગરની પણ આંખોમાં આંસુ છલકાયેલા.... એ જોઈને ધરતીના પિયરીઓને ખાતરી થઈ ગઈ હતી કે ધરતીને રડતી નહિં જોઈ શકનાર સાગર તેને ફૂલોની જેમ સાચવજે... ધરતીના દુઃખે દઃખી થશે..... એવું વિચારીને તેઓએ ધરતીની વસમી વિદાયને ભૂલાવી દીધી....

એક વર્ષ, બે વર્ષ.... ત્રણ વર્ષ.... આઠ....નવ....અને દશમું વર્ષ બેસી ગયું હતું.... અમેરિકામાં મોટેલનો વ્યવસાય ધરાવતો સાગર અને ધરતીએ આ દશ વર્ષના લગ્નગાળામાં પરસ્પર પ્રેમના પ્રતિકરૂપે ત્રણ સંતાનો પદા કર્યા હતા. મોટી પુત્રી.... ચાર વર્ષનો પુત્ર અને બે વર્ષની પુત્રી....

જો કે અમેરિકામાં પુત્રી અને જમાઈરાજ સુખેથી જીવન જીવે તે માટે બાલમુકુન્દે ધરતીના ત્રણેય સંતાનોને ભારતમાં રાખ્યાં હતાં. જેથી તેઓ મોટા થઈને તેમના પિતાના સંસ્કાર ભારતીય સંસ્કૃતિ વગેરે જીવનમાં ઉતારે... પણ બાલમુકુન્દને ક્યાં ખબર હતી કે ધાર્યું ધણીનું થાય..... વિધાતાએ કંઈક ઓર જ લેખ લખ્યા હશે...? ધરતી પુત્રો દાદા-દાદી સાથે કિલ્લોલથી જીવન વિતાવતા હતા..... મોટા બંને પૌત્રી અને પૌત્રો શહેરના હોસ્ટેલમાં રહીને ઉછરતા હતા તો.... સૌથી નાની પૌત્રી દાદા-દાદીનો ખોળો ખૂંદતી હતી.

હજુ હમણાં એકાદ વર્ષ પહેલાં ભારત આવેલા ધરતી-સાગરના વર્તન અને વ્યવહારથી બંને વચ્ચે કંઈક ન બનવાનું બની ગયું હોવાનો અનુભવ થતાં બાલમુકુન્દે સાગરને પૂછ્યું પણ હતું પરંતુ પિતા જાણીને દુઃખી થશે એમ માનીને ધરતીએ સાગરને ઠ્હોળતો અટકાવ્યો હતો. પણ આ વખતે આવેલા સાગરનું રૂપ જોઈને બાલમુકુન્દને ચિંતા તો જરૂર થઈ હતી....

લાડકોડથી ઉછરેલી દીકરી ધરતી જો કોઈ ઘા સહન ન કરી શકે તો ફાટી પડશે.... એને સુખી જોવા માટે તો અઢળક ધન વાપરી નાંખ્યું હતું અને તેમ છતાંય જો ધરતીને કંઈ દુઃખ સહન કરવાનું આવશે તો....?

ફિલ્મના અંતિમ દ્રશ્યની કરૂણાંતિકા જોઈ ધ્રુસકે ચડી ગયેલા મીનાદેવીએ જ્યારે અજવાળામાં ચહેરાને જોયો ત્યારે

"અરે....? હજુ શું જોઈ રહ્યા છો? પડદા ઉપર હવે કશું નથી.... પિક્ચર પુરૂં થઈ ગયું છે....!" ચાલો... અને ત્યારે આંસુ લુછીને બાલમુકુન્દ ઊભા થયા.... આખી વાટે ફિલ્મના વખાણ કરતા અને દ્રશ્યો દોહરાવતા મીનાદેવીની વાતોથી માત્ર હા ભરતા બાલમુકુન્દનું ચિત્ત તો અમેરિકા પહોંચી ગયું હતું.... આ

ફિલ્મની માફક જો તેમની દીકરીના જીવનમાં ઘટના ઘટશે તો.....?

એક દિવસ.... હોસ્ટેલમાં રહેતા પૌત્રી અને પૌત્રોને મળવા માટે બાલમુકુન્દ તેમની કારમાં બેસીને જઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ચાલક પર અચાનક નજર પડી અને તેમનો પગ બ્રેક પર દબાઈ ગયો.... મોટર સાયકલથી થોડે દૂર જઈને ગાડી ઉભી રહી ગઈ.... ધ્યાનથી જોયું તો તેમનો ભ્રમ સાચો પડ્યો.... મોટર સાયકલ પાછળ બેઠેલી એક યુવતી પણ જોઈ.....

એ મોટરસાયકલ પર સવાર હતો બાલમુકુન્દનો જમાઈ.... લાડકી દીકરી ધરતીનો પતિ સાગર.... અને સાગરને બિભત્સ રીતે બાથ ભીડીને પાછળ બેઠેલી સુંદરી.... ચક્કર આવી ગયા બાલમુકુન્દને અમેરિકાથી ભારત આવેલો સાગર સસરાને મળવા નહોતો ગયો પણ તેના સ્વદેશઆગમનની જાણ તેના સસરાને થઈ જ ગઈ હતી.... પરંતુ મોટરસાયકલ પર સાગરને વળગીને બેઠેલી યુવતી ધરતી તો નહોતી જ.....

બાલમુકુન્દને ખબર હતી કે સાગર સાથે આવી રીતે બેસવાનો અધિકાર માત્ર ધરતીનો હતો.... એ જગ્યા પચાવી પાડવા કોઈ અજાણી યુવતી બેઠી હતી.... દીકરીના ઘરસંસાર સળગાવનારો એ યુવતી કોણ છે?.... બળકોને મળવા જવાનું માંડી વાળી બાલમુકુન્દે મોટર સાયકલનો પીછો કર્યો.... તો શહેરથી થોડે દૂર આવેલા ગામમાં સાગર પેલી યુવતી સાથે પ્રવેશી ગયો.... હૈયું કઠણ કરીને બાલમુકુન્દે ગાડી ઊભી રાખી એક પાનના ગલ્લાવાળાને પૂછ્યું.

"ભાઈ પેલા બે હમણાં મોટર સાયકલ પર ગયા એ કોણ હતા ?"

"એ....?" ગલ્લાવાળાએ આશ્ચર્ય અનુભવ્યું અને બોલ્યો : "સાહેબ.... એ તો છે ને.... પેલા ભાઈ વિદેશથી આવ્યા છે અને તેની સાથે બેઠેલી છોકરી અમારા ગામની છે... અમેરિકાથી આવેલા સાગરભાઈ અને શામલીના લગ્ન થવાના છે...."

"પણ.... આ સાગર પરણેલો નથી.....?"

"અરે સાહેબ..... પરદેશમાં રૂપિયો કમાઈ લીધા પછી આવા લોકોને પરણવાના શોખ થાય છે.... ત્યાં એક પત્ની હોય તો ય પોતે કુંવારા છે એમ કહીને અહીંથી બીજી છોકરીને ભરમાવી જાય છે... સાવ ખોટું હોય તોય દીકરીને પરદેશ મોકલવાના કોડ મા-બાપને હોય છે. મુરતીયો ગમે તેવો હોય તોય....મોટી ઉંમરનો હોય... બબ્બે-ત્રણ-ત્રણ પત્નીઓ કરી હોય તોય તેની સાથે પોતાની ફુલ જેવી દીકરીને પરણાવી પરદેશ મોકલવાની તક કોણ જતી કરે...? લાલચ.... પૈસાનો લોભ.... પરદેશનો મોહ.... છે ભાઈ..... પણ તમે આ બધું કેમ પૂછો છો?"

પણ દુકાનદારને જવાબ આપવાને બદલે નિરાશ ચહેરે તેઓ ગાડીમાં બેઠા અને ઘર તરફ હંકારી મૂકી.... આખા રસ્તે વિચાર કરતા રહ્યા... પોતાની એકની એક દીકરીના ભાવિની ચિંતા.... તેના ત્રણ સંતાનોનું ભવિષ્ય શુ ?

ઘેર આવીને તેમણે અમેરિકા ફોન જોડ્યો.... ધરતી સાથે વાત કરવાની કોશિષ કરી પણ સાગરના રહેઠાણને બદલે બીજા કોઈનો નંબર લગાવવા સંદેશો મળ્યો.... એ નંબર ઉપર ફોન પર મળેલી ધરતીના અવાજમાં રૂદન હતું....

"પપ્પા મને અહીં સાગરે ખૂબ મારી હતી અને મને ઘરની બહાર કાઢી મૂકી છે એટલે અહીં રહેવા આવી છું.... સાગર હવે છૂટાછેડા માગે છે.... એ દેશમાં આવ્યો છે અને ત્યાં કોઈ છોકરીને પરણવાનો છે...." ત્રુટક ત્રુટક શબ્દોનાં રૂદન મિશ્રિત અવાજમાં ધરતીએ તમામ વાત કરી.....

" પણ.... બેટા.... તારે મને તો જાણ કરવી જોઈએ ને....?"

"ના.... પપ્પા....મારૂ દુઃખ હું ભોગવી લઈશ... મારા કરમ.... તમે મારા પ્રત્યે દુઃખી થાવ એટલા માટે મેં તમને જાણ કરી નહોતી.... પણ..... તમે.....?"

"તું ચિંતા ના કર દીકરી.... હું એ સાગરને એવો પાઠ ભણાવીશ કે પછી કોઈ મુરતિયો કોઈ છોકરીની જીંદગી સાથે ખેલતાં વિચાર કરશે...."

"પપ્પા ત...તમે...." ધરતી બોલતી ગઈ પણ બામુકુન્દે ફોન મૂકી દીધો અને ચહેરો કડક બનાવી દીધો....સાગર બીજા લગ્ન કરે તે પહેલાં તેને રોકવો પડશે કોઈ પણ હિસાબે.....

એ જ દિવસે મોંઘી દાટ ગાડીઓ પેલા ગામમાં પ્રવેશી.... બાલમુકુન્દના મિત્રો અને સંબંધીઓ તેમની સાથે હતાં. ગામમાં ગાડીઓની લાઈન થઈ ગઈ.... શ્યામલીના ઘરની સામે....

બાલમુકુન્દ અને તેમની સાથે આવેલા હિતેચ્છુઓએ શ્યામલી અને તેના પિતાને હકીકતથી વાકેફ કર્યા :

"જુઓ.... તમે જેને જમાઈ બનાવવા માગો છો એનાં લગ્ન તો દશ વર્ષ પહેલાં અમારી દીકરી સાથે થયા છે અને હાલમાં ત્રણ સંતાનો છે..... અમારી દીકરીના છુટાછેડા થયા નથી.... તમે સાગર પર વિશ્વાસ ના રાખશો.... તમારી દીકરીની જીંદગી ના બગાડશો....." ઘણું સમજાવ્યા પણ.... અને છેલ્લે છેલ્લે જો તમે સમજી નહીં જાવ તો પરિણામ સારૂં નહિ આવે.... અને ગાડીઓ ધૂળ ઉડાડતી રવાના થઈ ગઈ.

શ્યામલીને પરદેશ મોકલવાના અભરખાં પૂરા કરવા તેના પિતાએ એકના એક માની અને ઘડિયા લગ્ન લીધાં... પણ તે પહેલાં.... પરદેશી પંછી દેશી પંછીને લઈને ઊડી જાય તે પહેલાં તો બાલમુકુન્દે સાગરને જેલના સળિયા પાછળ ધકેલી દીધો.... પોતાની દીકરીનો ઘરસંસાર હેમખેમ રાખવા કોઈ પણ મા-બાપ ગમે તેવું પગલું ભરી લે છે.... બાલમુકુન્દે કાયદાનો સહારો લીધો.... સાગર પરદેશને બદલે સરકારી મહેમાન બની ગયો....

ત્યારે ધરતીની સૌથી નાની પુત્રીને હૈયા સરસી ચાંપીને બાલમુકુન્દ પેલા ગુજરાતી ચિત્રને વાગોળવા લાગ્યા.... તેમની આંખોમાં આંસુ હતાં.

## ૪૧. લોહીનો તરસ્યો.....

રક્ષાબંધન એક પવિત્ર તહેવાર ગણાય છે. ભાઈ-બહેનના પ્રેમનું પ્રતિક રક્ષા છે.... ભાઈના લાંબા આયુષ્ય માટે અને કુશળતા ઈચ્છતી બહેનની લાગણીના બંધન..... એક ધાગો જે ભાઈ-બહેનના પવિત્ર સંબંધોની નિશાની બની જાય છે.... કોઈની બહેન નથી હોતી ત્યારે કોઈ ધરમની બહેન બનાવી દે છે અને વીરપસલીના રૂપમાં પોતાનો જીવ પણ આપી દેવા તૈયાર થાય છે તો બીજી તરફ કોઈને ભાઈ નથી હોતો તો એ ધરમનો ભાઈ બનાવી રક્ષાબંધનના પવિત્ર તહેવારે રાખડી બાંધીને તેની રક્ષા કરવા ભગવાનને પ્રાર્થે છે એના ઓવારણાં લે છે....એના દુઃખણા લે છે... પરંપરાથી ચાલી આવતી આ રૂઢિઓથી સમાજમાં આવા બંધનો અગ્નિપરીક્ષા આપીને પાર ઉતરેલા પવિત્ર બંધનો માનવામાં આવ્યા છે પરંતુ.....!

પ્રેમ....લાગણી....ત્યાગ.... બલિદાન છે ભાઈ-બહેનના સંબંધમાં....પરંતુ બદલાતા જતા આ જમાનામાં કેટલાક પાપી જંતુઓ પણ જન્મ લેતાં હોય છે જેમને આવા કોઈ પવિત્ર બંધન નડતા નથી એટલું જ નહિં બલ્કે આવા પવિત્ર બંધનની આડ લઈને પાપીઓ પાપલીલા આચરતા હોય છે. સમાજની આંખોમાં પવિત્ર સંબંધ લઈને ફરતા પાપાચારીઓ બંધ બારણે વણકલ્પ્યું પાપ આચરે છે ત્યારે કલંક બનીને પોકાર કરી ઉઠે છે.... સમાજના આવા જ એક સફેદ કલંકની કહાની અહીં રજુ કરી છે.

નદી કિનારે આવેલું એ જૂનું પુરાણું નગર....ઉનાળો આકાશમાં તપે છે....વેપારીઓ વામકુક્ષી કરી આરામ ફરમાવી રહ્યા છે.... કેટલાંક વેપારીઓ દુકાનમાં ઝોકે ચડ્યા છે.... ધૂળિયા બજારમાં આડા-અવળા ગધેડાં ઊભાં છે....સઘળું ઝંપી ગયું હતું....એવા સમયે....

ખંડેર જેવા બની ગયેલા નગરના તૂટ્યા ફૂટ્યા કિલ્લામાં બેલી શેરીમાં એક યુવાન જોરશોર પ્રવેશ્યો...શેરીના નાકે ઊંઘી રહેલું એક કુતરૂં આદમીના પગરવના અવાજથી ભસ્યું પણ ખરૂં....પણ જોશભેર ચાલતા યુવાને એને અવગણ્યું એટલે વળી પાછું આંખો બંધ કરીને સૂઈ ગયું.... અને પેલો પચ્ચીસ-ત્રીસ વર્ષની ઉંમરનો જુવાન એક ખડકી આગળ આવીને થોભી ગયો.....

એ જુવાને ખડકીના દરવાજાની સાંકળ ખખડાવી....તેનો ચહેરો સખ્ત બની ગયો હતો....થોડી રાહ જોઈ પછી બૂમ પાડી.

"લાજો....ઓ લાજો....લાજુડી....?.....બારણું ખોલ....."

જુવાનનો પરિચિત અવાજ સાંભળીને બારણાંની અંદરની બાજુ થોડો ખડભડાટ થયો.... કપડાં સંકોરતી લાજો દરવાજો ખોલવા જતી હતી ત્યારે તેની પાછળ પાછળ બે બાળકો પણ દોડી આવ્યા હતા.... એક આઠેક વર્ષનો હતો અને બીજો પાંચેક વર્ષનો હતો..... જનેતાની સાથે પથ્થરવાળી ફર્સ પર સૂઈ રહ્યા

હતા અને સાંકળ ખખડાવવાનો અવાજ સાંભળીને બંને બાળકો પણ સફાળા જાગી ગયા.... અને લાજો સાથે બારણા સુધી દોડી આવ્યા પરંતુ....આમ તો પરિચીત.... રોજના સમયે આવતા પરિચીત અવાજ સાંભળીને બંને બાળકો સમજી ગયા હતા કે કોણ આવ્યું હશે....?

પ્રેમઘેલી નજર માંડીને આવકારવા જતી લાજોએ જેવી સાંકળ ખોલીને બારણું ખોલ્યું કે તે જુવાનનો સખ્ત અને ઉશ્કેરાટમાં લાલચોળ થઈ ગયેલી આંખો જોઈને એક કદમ પાછળ હટી ગઈ....માતાની ગભરામણ અને રોજ હેત અને વાત્સલ્ય ભર્યા ચહેરાને બદલે ડરામણા ચહેરા સાથે ઉભેલા જુવાનને કાળઝાળ બનેલો જોઈને લાજોના બંને બાળકો પણ દૂર ખસી ગયા... બંને બાળકોની આંખોમાં ભય તરવરવા લાગ્યો.... ત્યાં જ....

ભર બપોરે કાળઝાળ બનીને આવેલા પેલા જુવાને પોતાના ખિસ્સામાંથી ચમકતી છરી કાઢી....દાંત પીસ્યા અને.... લાજો પર તૂટી પડ્યો....છાતીમાં....પેટમાં....છરીના ઘા ઝીંકી દીધા...

શેરી આખી જાણે ભેંકાર ભાસતી હતી.... સૂમસામ વાતાવરણમાં એક નિરાધાર અબળાની કારમી ચીસોએ શેરી જાણે કે ગજવી મૂકી....અને છરીના ઘાથી બેવડ વળી જતી લાજો લાશ બનીને ઊંબરા ઉપર ઢળી પડી....તેનું લોહીથી ખરડાયેલું શરીર અડધું બહાર હતું.... આંખો ફાટી ગઈ હતી..... લાલ કલરના પહેરેલ બ્લાઉઝ-ચણિયો લાલ લોહીથી ખરડાઈ ગયા હતા અને....લોહીવાળી છરી સાથે જુવાન એટલી જ ઝડપથી ત્યાંથી રવાના થઈ ગયો....

એ આવ્યો હતો એવા જ સખ્ત ચહેરે પાછો વળી ગયો હતો.... આંખો હજુ પણ અગ્નિ વરસાવતી હતી.... નર્યો તિરસ્કાર વરસતો હતો એની આંખોમાંથી..... અબળાની ચીસો સાંભળીને અમસ્તુ બેઠું થઈ ગયેલું પેલું કુતરૂં છે ક શેરીના નાકા સુધી જુવાનની પાછળ ભસતું ભસતું ગયું હતું પણ જુવાને પાછું વળીને જોયું પણ જુવાને પાછું વળીને જોયું પણ નહોતું.....

સવારના અગિયાર વાગ્યે જ્યારે મનોહર ઓફિસે જવા નીકળ્યો ત્યારે કંઈક અમંગળ બનવાના ડરથી ભાંગ્યા પગે ચાલ્યો હતો.... તેના બંને બાળકોને તેણે વ્હાલ કર્યું હતું અને....."બેટા....મમ્મીને પજવશો નહિં.... શાંતિથી મમ્મી સાથે સૂઈ જજો....અને લાજો.... આજે કદાચ લંચ ટાઈમે ઘેર નહિં અવાય એટલે.... તમ તમારે બારણાં બંધ કરીને આરામ કરજો...." એવું કહીને નીકળ્યો હતો....પણ.

મનોહરને ક્યાં ખબર હતી કે ત્રણ કલાકમાં એની દુનિયા લૂંટાઈ જવાની છે? છતાં કેમ જાણે આજે એને ઓફિસમાં પણ અમંગળના ભણકારા લાગતાં હતા.... વારંવાર તે ઘડિયાળ સામે જોતો હતો.... અને ત્યાં જ એની નજર ઓફિસના દરવાજા પર ગઈ....તેનો મોટો દીકરો રડમશ ચહેરે તેની પાસે આવ્યો અને....

"શું થયું બેટા....? કેમ આવ્યો છે.....? કેમ રડે છે.....? તારી મમ્મીએ માર્યુ તને....? હું હમણાં આવીને ચખાડું છું...." એમ કહેતા મનોહર તેને બાથમાં લીધો કે તેનો દીકરો રડતાં રડતાં કહેવા લાગ્યો....

"પપ્પા....પપ્પા....મમ્મીને માર્યુ છે.... આટલું બધું લોહી નીકળ્યું છે....મમ્મી બોલતી નથી....બહુ માર્યુ છે."

"મમ્મીને માર્યુ છે ?....કોણે માર્યુ છે?"

"શાંતુમામાએ.... છરી મારી છે.... છરી લઈને આવેલા અને....મમ્મીને ખૂબ મારી છે...."

"શાંતુમામાએ....?!" વિશ્વાસ ન આવતો હોય તેમ મનોહર આપમેળે બોલી ગયો.... એ દિવસ લંચ ટાઈમે ઘેર ગયો નહોતો... પણ પછી ઓફીસમાં અડધી રજા લઈને મનોહર તત્કાળ તેના દિકરા સાથે ઘેર જવા રવાના થઈ ગયો....

શેરીમાં પ્રવેશેલા મનોહરે દૂરથી જ પોતાના ઘર આગળ માણસોનું ટોળું ઊભેલું જોયું અને તેના પગ ભાંગી પડ્યા જાણે.... ભારે થઈ ગયા પગ .... મહાપરાણે ઘર સુધી પહોંચ્યો.... ટોળું આઘું ખસી ગયું અને.... બારણા વચ્ચે લોહીથી ખરડાયેલી લાજોને જોઈને એ ભાંગી પડ્યો.... બંને બાળકો પપ્પાને રડતાં જોઈને એ પણ પપ્પાને વળગીને રડવા લાગ્યા.

લાજોની લાશ.... લોહીથી ખરડાયેલી પડી હતી.... પોલીસ આવી અને ઈન્કવેસ્ટ ભરીને પી.એમ. માટે મોકલી આપી.... કોણે માર્યુ હતું ? હત્યારો કોણ હતો? એનો જવાબ તો પોલીસને આઠ વર્ષનો બાળકે જ આપી દીધો હતો પણ લાજોની હત્યા કેમ કરી એનું કારણ અધ્યાહાર રહ્યું હતું પોલીસે શાંતુંની શોધખોળ આરંભી દીધી હતી પણ કયાંક એનો પત્તો મળ્યો નહતો....

મોડી રાત્રે પી.એમ. કર્યા પછીની લાજોનો મૃત દેહ તેનો પતિને સોંપવામાં આવ્યો.... મનોહર રિવાજ પ્રમાણે લાજોને નવોઢા ના શણગાર સજાવીને સ્મશાનઘાટ પહેંચાડી.... લાશની દફનક્રિયા પતાવી ડાધુઓ સાથે મનોહર પરત ફર્યો ત્યારે તેનો દિમાગમાં એક જ વાત ઘમરોળતી હતી....

“લાજોને શાંતુએ કેમ મારી નાંખી....?” શાંતુ તો લાજોનો ધરમનો ભાઈ હતો ?.... લાજો એની ધરમની બહેન હતી.... રક્ષાબંધનના દિવસે લાજો શાંતુને રાખડી પણ બાંધતી હતી પણ તો પછી એક ધરમનો ભાઈ ધરમની બહેનના લોહીનો તરસ્યો કેમ બની ગયો....?”

આજ પ્રશ્નએ તપાસ અધિકારીના દિમાગમાં પણ ધમાસાણ મચાવ્યું હતું..... નગરજનો પણ આ વિચિત્ર ઘટનાને જુદા જુદા સ્વરૂપમાં લેતાં હતા.... ચર્ચા કરતા હતા.... પણ લાજોની હત્યાનું ચોક્કસ કારણ મળતું નહોતું....હા....હત્યારો શાંતુ જો પોલીસના હાથે ઝડપાઈ જાય તો કદાચ હત્યા પાછળનો હેતુ જાણવા મળે પણ.....

શાંતુ પલાયણ થઈ ગયો હતો.... મા વગરના બની ગયેલા બે બાળકોને બગલમાં ઘાલીની શોક મનાવતા મનોહર નિર્દોષ ચહેરાવાળી પત્ની લાજોની યાદ આવતાં રડી પડતો હતો.....

અને ત્યાં જ....

સ્માશનઘાટ પર જ્યાં લાજોની કબર હતી ત્યાં બીજા દિવસે હત્યારા શાંતુની લાશ પડેલી જોતાં ચકચાર મચી ગઈ.... શાંતુએ ઝેર ગટગટાવી લીધું હતું.... લાજોની કબર પાસેથી મળી આવેલી શાંતુની લાશનો પોલીસે કબજો લીધો હતો કાનૂની કાર્યવાહી આરંભી... પણ મરતાં મરતાં શાંતુએ લાજોની હત્યા પાછળનું કારણ છતું કરતો ગયો.... અને ધરમના ભાઈ-બહેનના પવિત્ર સંબંધને કાળું કલંક લગાડતો ગયો.... લાજોની કબર પાસેથી મળેલી શાંતુની હસ્તલિખિત ચિઠ્ઠીઓ અને શાંતુના ઘેરથી કેટલાંક મળી આવેલા કાગળ પરના લખાણે પોલીસ અધિકારીઓ સહિત નગરજનોમાં આશ્ચર્ય તિરસ્કાર વર્તાયો.... ખુદ લાજોનો પતિ મનોહર પણ અચંબો પામી ગયો હતો... તેના ચહેરા પરનો વિશાદ ઉડી ગયો અને તિરસ્કાર વ્યાપી ગયો જાણે....

નવોઢાનો શણગાર સજીને પતિગૃહે પધારેલી લજામણીના છોડ જેવી લાજોને મનોહર અતૂટ પ્રેમ કરતો હતો. પતિ-પત્ની સુખેથી રહેતા હતા. મનોહર નોકરી પર જતો ત્યારે લાજો ઘેર એકલી જ રહેતી.... કંટાળતી ત્યારે પડોશીને ત્યાં ઘડીક જઈ આવતી અને આ સંજોગોમાં લાજો અને શાંતુ બંને પરિચયમાં આવ્યા હતા. લાજોનો સ્વભાવ અને રૂપ જોઈ તેની સાથે વાતો કરવામાં.... તેની સાથે બેસવાનો લ્હાવો લેવા કોઈપણ યુવાન કોઈપણ સંબંધ અપનાવવા તૈયાર થઈ જતા....શાંતુએ પણ લાજોને ધરમની બહેન માની લીધી.....લાજુએ મનોહરની હાજરીમાં શાંતુના હાથે રાખડી બાંધી સમાજની નજરમાં ધરમનો ભાઈ બનાવી દીધો.... ભાઈ-બહેનના પવિત્ર સંબંધને શંકાની નજરે જોવામાં પણ પાપ સમજતો મનોહર શાંતુની પોતાના ઘરમાં સતત રહેતી હાજરીથી સંતોષ એટલા માટે માનતો કે લાજો ઘેર એકલી કંટાળે નહિં.... આંટાફેરા ખાવામાં શાંતુ મદદ કરતો... પગાર થાય એટલે ખરીદી કરવા શાંતુ અને લાજો બંને બસમાં બેસીને શહેરમાં જતા.... આખો દિવસ બંને ભાઈ-બહેન શહેરમાં પસાર કરતા અનેસાંજે પરત આવતા.....

પરંતુ.... દુનિયાની નજરમાં ધરમના ભાઈ-બહેન બનેલા શાંતુ લાજો અપવિત્ર સંબંધોથી જોડાયા હતા.... બંને જણાં સમાજમાં કલંકરૂપ બને એવા અનૈતિક સંબંધો બાંધ્યા હતા એનો અણસાર સુધ્ધાં મનોહરને આવવા દીધો નહોતો... શાંતુ કોઈ કામધંધો કરતો નહોતો....હરીફરીને એ લાજો પાસે પહોંચી જતો.....મનોહરની ગેરહાજરીમાં બંને ભાઈ-બહેન રંગરેલીયા મનાવતા ત્યારે પસાર થતી હવા પણ શરમની મારી પોતાની દિશા બદલી નાખતી જાણે.... શાંતુ રાત્રે માત્ર સુવા માટે જ પોતાના ઘેર ચાલ્યો જતો..... કેમ કે રાત્રે મનોહર પોતાની

ફરજ અને હક્ક નિભાવતા.... અને દિવસે મનોહરની ગેરહાજરીમાં શાંતુ અને લાજો પાપલીલા આચરતા.... સમય પસાર થતો ગયો....એક વર્ષ....બે વર્ષ....ત્રણ....ચાર....

દશ વર્ષ પસાર થઈ ગયા.... બે બાળકોની માતા બનેલી લાજોના રૂપ-યૌવન અકબંધ રહ્યા હતા....એનો ઠઠારો પણ એવો જ હતો....ધરમની બહેન માનેલી લાજો કોઈ પરપુરૂષ સાથે હસીને વાત કરે તો પણ શાંતુ ઈર્ષાથી સળગી ઉઠતો... એ લાજોને પોતાની અમાનત સમજતો..... મનોહર પ્રત્યે પણ થોડો ઝેર બળતો..... અને એ લાજોને પસંદ નહોતું..... કોઈપણ સ્ત્રી પોતાના પતિ પ્રત્યે પરપુરૂષ તિરસ્કારની ભાવના દર્શાવે એ પસંદ કરતી નથી હોતી...

ઈર્ષાની આગમાં ને આગમાં અને લાજોનો પ્રેમ મેળવવા પાગલ જેવો બની ગયેલો શાંતુ હદ વટાવી ચૂક્યો હતો.... તેની લાશ પાસેથી મળેલા પત્રોમાં કલંકરૂપી ભાઈ બહેનની પાપલીલા છતી થઈ..... અને ત્યારે મનોહરને ખબર પડી કે એનું નામ જે બાળકો પાછળ લખાય છે એ બાળકો તો પત્ની લાજોના ધરમના ભાઈ શાંતુના હતા.... અધર્મના રસ્તે જઈ રહેલા બંને ભાઈ-બહેનો પોતાના પાપે સ્વધામ પહોંચી ગયા હતા.... ઈર્ષાની આગમાં જલતા શાંતુએ ઉશ્કેરાટમાં લાજોની હત્યા કરી નાંખી હતી અને પ્રશ્ચાતાપમાં તપવાને બદલે શાંતુએ ખુદ લાજોની કબર પાસે ઝેર ઘોળીને જીંદગી ટૂંકાવી નાંખી.....

હત્યા અને આત્મહત્યાનું કારણ છતું થતાં પતિ વિરહમાં આંસુ વહાવતા પતિ મનોહરના ચહેરા પરનો શોક દૂર લઈ ગયો અને તિરસ્કારભરી રીતે મનોમન બોલી ઉઠ્યો.....

"ધરમની ધરતી પરથી પાપનો નાશ અધર્મનો નાશ થયો...."

## ૪૨. ગર્ભવતીની હત્યા અને ન્યાયની દેવી

એ નાનકડા ગામમાં સન્નાટો છવાઈ ગયો હતો..... હવાના ઝોકાની સાથે વાત આખા ગામમાં ફેલાઈ ગઈ હતી.... લોકચર્ચાએ ભારે વાતાવરણ સર્જી દીધું હતું. જેણે જેણે વાત સાંભળી એ તમામ જાણે પોતાના કાન પર વિશ્વાસ બેસતો ન હોય એમ "ના-હોય!" એવા ઉદગાર સાથે વાત માનવા તૈયાર થતા નહોતા...વાત માની શકાય એવી પણ નહોતી...લોકો વિચિત્ર વાતો કરતા....

" કઈ સુશીલા.....? હમણાં છ મહિના પહેલાં જ પરણીને આવી છે એ સુશીલા....?"

"તે એનું શું થયું....? હજુ હમણાં જ પંદરેક દિવસ પહેલાં આ પિયરમાં જઈને આવી છે.... અને એને તો સારા દિવસો પણ જાય છે.... રૂપાળી કામળગારી તો છે એનો છોકરો પણ રાજકુમાર જેવો અવતરશે..... ભગવાને એનો ખોળો જલદી ભરી દીધો....."

"પણ એને રાજકુમાર જેવો છોકરો કે રાજકુમારી જેવી છોકરી અવતરશે ક્યાંથી.....?"

"કેમ....? એણે છોકરૂં પડાવી લીધું કે શું....?"

"ના..... પણ.... બિચારી સુશીલા.....રાતે ધાબા ઉપરથી પડી ગઈ અને મરી ગઈ....."

"ના હોય....."

બસ....વાત કહેનાર વાત પૂરી કરે અને વાત સાંભળનાર આ છેલ્લા શબ્દો બોલી વાત માનતા નહોતા.... અને એમાં એમનો દોષ નહોતો... વાત જ એવી હતી કે કોઈએ વાત સ્વપ્નમાં પણ ન સાચી માને.... એકવીસ વર્ષની સુશીલાના લગ્ન છએક મહિના પહેલાં થયા હતા અને છ માસના લગ્નજીવન દરમ્યાન સુશીલા ગર્ભવતી બની હતી.... તેના ઉંદરમાં પાંચ માસનો ગર્ભ હતો.... બસ. ત્રણ ચાર મહિના પછી તો એ મા બનવાની હતી. પંદર દિવસ પહેલાં તો એ પિયરમાં પણ જઈ આવી હતી....પાછી આવી ત્યારે ન જાણે કે શું બન્યું કે....રાત્રિના સાડા નવેક વાગ્યાના સુમારે સુશીલા ધાબા ઉપર જાંગિયા સુકવવા જતી હતી અને અચાનક ધાબા ઉપરથી પટકાતાંની સાથે જ મોતને ભેટી ગઈ હતી....

સુશીલા ધાબા ઉપરથી પડી ગઈ છે અને બેભાન છે એવો સંદેશો સુશીલાના મા-બાપને તેના ખુદના સસરા કહેવા માટે ગયા હતા અને સુશીલાના મા-બાપ ભાંગી પડ્યાં.... એકની એક દીકરી ગર્ભવતી બની હતી અને ધાબા

ઉપરથી પડી ગઈ હતી.... કંઈક અઘટિત બની ગયાના ભયથી તેમના પગ નીચેથી ધરતી સરકી જવા લાગી.....સુશીલાના પિયરમાં નાઠા-પડ્યા આવી પહોંચ્યા.... સુશીલાનો પતિ સુરેશ પણ ત્યાં બેઠો હતો. સુશીલાને ઘરમાં સુવાડી હતી.....

મા-બાપ સુશીલાને જોવા ઘરમાં ગયા ત્યારે હૈયું ફાટી પડ્યું.... સુશીલા ધાબા ઉપરથી પડી ગઈ છે અને બેભાન છે એવું જાણીને આવેલા મા-બાપે સુશીલાની લાશ જોઈને હૈયાફાટ રૂદન કરવા લાગ્યા....પિયરમાંથી આવેલા કાકા-કાકી, મા-બાપ વગેરેએ સુશીલાના શરીરનું નિરીક્ષણ કર્યું તો માથાના ભાગમાં તથા શરીરના અન્ય ભાગો પર ઈજા પહોંચી હતી અને ગળા ઉપર પણ કશાકનો કાપો પડ્યો હતો.

સુશિલાના સસરાને પૂછ્યું તો જાણવા મળ્યું કે રાતના સુશિલા જાંગિયા સુકવવા ધાબા ઉપર ચડી હતી. ધાબાની બારી એટલી નાની હતી જેમાંથી સામાન્ય માણસને ધાબામાં ચડવા માટે ઢીંચણભેર થવું પડે.... સુશીલાને પાંચ માસનો ગર્ભ હોવાથી  તે આ બારીમાંથી પસાર થઈ શકે એમ નહોતી છતાં તેના સસરાએ વાત આગળ વધારી....ધાબા ઉપરથી પગ લપસ્યો અને નીચે પટકાતાં જ મરી ગઈ.... પિયરીયાઓએ જોયું તો સુશીલા જ્યાંથી પડી હતી અને જ્યાં પડી હતી એનું અંતર માત્ર નવ ફુટનું હતું કેમ કે સુશીલા જ્યાં પડી હતી ત્યાં દેશી નળિયા ભાંગ્યા નહોતા....

બીજો વિચાર પણ એ આવ્યો કે સુશીલા આ લોકો દવાખાને કેમ ના લઈ ગયા....?જો કે આ બાબતની જાણ પોલીસને થતાં પોલીસે અકસ્માતમાં ખપાવી કાગળિયા કર્યા પણ પિયરિયાંઓએ વાંધો ઉઠાવ્યો અને સુશીલાના મૃતદેહનું પેનલ ડૉક્ટરથી પી.એમ. રિપોર્ટમાં સુશીલાનું મોત ગળું દબાવાથી શ્વાસ રૂંધાઈ જવાથી થયું હોવાનું અને શરીર પર થયેલ ઈજાઓ પડી જવાથી નહિં પણ લોથડ પદાર્થ મારવાથી થઈ હોવાનું જણાતાં પોલીસને જખમારીને સુશીલાના પિતાની ફરિયાદને આધારે સુશીલાએ આત્મહત્યા કે તેની હત્યા થઈ હોવાનો ગુનો દાખલ કરવો પડ્યો પણ આનાથી સુશીલાના પિતાને સંતોષ ન થયો. એમણે રાજ્યના મુખ્યમંત્રી સમક્ષ રજૂઆત કરી કે તેમની દીકરી સુશીલાની ઘાતકી હત્યા કરવામાં આવી છે અને તેની તપાસ તટસ્થ અધિકારી દ્વારા થવી જોઈએ.

સુશીલાના પિતાએ પોતાની અરજીમાં રજુઆત કરી હતી કે,

તેમની દીકરી સુશીલા દશમાં ધોરણ સુધી ભણી હતી.... તે ઉંમરલાયક થતાં તેના હાથ પીળા કરવાની તેમણે તૈયારી કરી ત્યારે સુશીલાના મોંઢામાં બે દાંત આગળ વધુ પડતાં બહાર નીકળેલા હોવાથી તેના પિતાએ આ દાંત સરખા કરાવ્યા હતા જેથી તેમની દીકરીને સારો મુરતિયો મળે....વાતે વાતથી સુરેશ સાથે સુશીલાની સગાઈ પણ થઈ ગઈ....સુરેશ કોલેજ કરતો હતો અને સુશીલા દશ પાસ હોવાથી સુરેશ લગ્ન કરવા તૈયાર નહોતો પણ સમાજમાં આબરૂ ન જાય અને મા-બાપની આજ્ઞાનું પાલન કરવા માટે તેણે મજબૂરીથી લગ્નની હા પાડી હતી.

પરણીને સાસરે સિધાવેલી સુશીલા પતિગૃહે બરાબર જાણકારી મેળવી પણ શકી નહોતી કે તેનો પતિ સુરેશ ત્રીજા જ દિવસે ગૃહત્યાગ કરી ગયો હતો જે સુશીલા પ્રત્યેનો અણગમો વ્યક્ત કરવા ઘણું હતું જો કે થોડા દિવસ પછી તે પાછો પણ આવ્યો હતો. પતિને મનાવવા સુશીલા ઘણી બધી કોશિષો કરતી પણ નિષ્ફળ જતી....

પતિ સાથે ગુજારેલી કેટલીક સુખી ક્ષણોના ફળ સ્વરૂપે સુશીલાને ગર્ભ રહ્યો અને જ્યારે તેના પેટમાં પાંચ માસનો ગર્ભ થયો ત્યારે ન જાણે કોઈકની ચડવણીથી સુરેશે આ ગર્ભ પડાવી લેવાનો નિર્ણય કર્યો એને બાળકો જોઈતા નહોતા એટલે તેણે સુશીલાને તેના પિયરમાં મોકલી દીધી અને જણાવી દીધું કે ગર્ભપાત કરાવ્યા વગર પાછી આવીશ તો જાનથી મારી નાંખીશ એવી ધમકી પણ આપી હતી.... પરંતુ સુશીલા પિયરમાં ગઈ ત્યારે તેના મા-બાપ અને કાકાએ ગર્ભપાત કરાવવાના નિર્ણય કરવા બદલ ઠપકો પણ આપ્યો હતો. અને ત્યારબાદ સુશીલાના કાકા ચાલ્યા ગયા હતા અને થોડા જ દિવસમાં સુશીલાનું મોત થયું હતું.

સુશીલાના પતિ સુરેશ તથા સાસુ-સસરાની વર્તણૂંક શંકાસ્પદ લાગી હતી એટલું જ નહિં પણ તેના વિશે ગામમાં ચર્ચાઓ થતી હતી સુશીલાના પિતાની રજૂઆતથી આ કેસની તપાસ સી.આઈ.ડી.ને સોંપવામાં આવી. અને સી.આઈ.ડી.ના અધિકારીની તપાસના કેટલાંક આશ્ચર્યજનક પુરાવાઓ મળ્યા. જેના આધારે આખાયે કેસનો જબરદસ્ત વળાંક આવ્યો ત્યારે લોકો મોંઢામાં આંગળા

નાંખી ગયા.

અણગમતી પત્ની ગર્ભવતી બને અને એ પોતાના સંતાનને જન્મ આપે એ સુરેશ અને તેના મા-બાપને પસંદ નહોતું અને એટલે જ એક પૂર્વ યોજીત કાવતરૂં રચીને એક વ્યવસ્થિત તખ્તો તૈયાર કર્યો....

રાત્રિના સાડા નવેક વાગ્યા હતા.... ફળિયામાં સૌ જંપી ગયા હતા. આ ફળિયામાં સુરેશના કુટુંબીઓ જ રહેતા હતા... સુરેશ તેના પિતા અને મા ત્રણેય જણાં ભેગાં થયાં અને અણગમતી સુશીલાનો કાંટો કાઢી નાંખવા માટે ઘરના પાછળના ખંડમાં લઈ ગયા... એક વાયરથી સુશીલાના ગળે ટુંપો દીધો....લોથડ પદાર્થથી તેના માથામાં ઘા કર્યો.... સુશીલાની હત્યા કર્યા બાદ ઘરની બહાર પડેલા નળિયાનાં ઢગલા ઉપર તેને ફેંકી દીધી.... અને ધાબા ઉપરથી પડી ગઈ એવા અકસ્માતની અફવા ઉડાવી....

પણ સી.આઈ.ડી.ના અધિકારીની આંખોમાં અને દિમાગમાં આખો પ્લાન જણાઈ આવ્યો. ધાબા ઉપરથી પડેલી સુશીલાના વજનથી નળિયાનો ઢગલો પણ યથાવત હતો અને નળિયા પણ ભાંગ્યા નહોતાં....બીજો પોઈન્ટ એ હતો કે સુશીલા માત્ર નવેક ફૂટના અંતરથી પટકાઈ હોવાનું તેના સસરાએ જણાવ્યું હતું પણ સામાન્ય માણસ પણ વિચારી શકે કે નવ ફુટની ઊંચાઈથી પટકાવાથી આદમીનો હાથ-પગ તૂટે પણ મરી ના જાય.... અને વળી નળિયાના ઢગલા ઉપર પડતાં બહુ ઓછી ઈજા પહોંચે....ધાબા ઉપરથી નીચે પટકાતાં ઈજા પામેલી સુશીલાને દવાખાને લઈ જવાના બદલે તે મરી જ ગઈ છે એમ કઈ રીતે માની લીધું એના સાસરિયાઓએ... પણ હકીકતમાં સુશીલાને પ્રથમથી જ મારી નાંખી હોવાથી દવાખાને લઈ જવાની નથી એ તેઓ જાણતાં હતાં. સી.આઈ.ડીના અધિકારીએ તાળું મારેલ રૂમનો દરવાજો કબજે કરી તેની એફ.એસ.એલમાં તપાસ માટે મોકલી આપ્યાં.

આ તમામ રીપોર્ટને અંતે જ્યારે સી.આઈ.ડી. ક્રાઈમના અધિકારીઓએ સાબિત કરી બતાવ્યું કે સુશીલાની ઘાતકી હત્યા કરવામાં આવી છે અને હત્યારા તેનો પતિ,સાસુ અને સસરા છે ત્યારે સમગ્ર પંથકમાં અચરજ સાથે આ હત્યારાઓ પ્રત્યે તિરસ્કાર વરસાવવા લાગ્યા. જો કે ન્યાયની દેવીએ ગર્ભવતી સુશીલાને મોતને ઘાટ ઉતારનાર ત્રણેયને જન્મટીપની સજા ફટકારીને ન્યાયનો હેતુ જીવિત રાખ્યો....

## ૪૩. 'મેં આત્મહત્યા કરી નથી.... પણ મારા મા-બાપ અને ભાઈએ મારી નાંખ્યા બાદ સળગાવી દીધી છે.....'

"અરે... મારી દીકરી બળી મરી રે.... કોઈ બચાવો રે....ફળિયાવાળા જાગો....મારી દિકરીને સળગતી બચાવો રે....મારી દીકરી મરી ગઈ.... કોઈ આવો.... બચાવો...." વાલીબેને બૂમાબૂમ કરી મૂકી છાતી ફૂટતા જાય અને બૂમો પાડતા જાય.... આખું ફળિયું મળસ્કે પડેલી બુમો સાંભળી જાગી ગયું.... કેટલાંક જુવાનિયા કેટલાંક આધેડ સોમજીના ઘર આગળ એકઠા થઈ ગયા અને ઘરના રસોડામાં દોડી ગયા પણ ત્યારે તો બધું ખતમ થઈ ગયું હતું....નીતા રસોડામાં આખા શરીરે સળગીને ભડથું થઈ ગયું હતું. અને રસોડામાં વચ્ચો વચ્ચ છત્તી પડી હતી. તેની લાશ બિહામણી લાગતી હતી. રસોડું આખું ગંધાઈ ઉઠ્યું હતું.... ભાઈ કે બાપ કોઈ નીતાને બચાવી ન શક્યું.... આશા અને અરમાનો સાથે લઈ નીતા પરલોક સિધાવી ગઈ.

નડીઆદ શહેરની નજીકમાં એક વિકસિત ગામ....ગામ મોટું છે એટલે નગર પંચાયત પણ છે અને પોલીસ સ્ટેશન પણ આવેલું છે. એક રીતે જોઈએ તો આ ગામ ઐતિહાસિક છે. રજવાડાની હવેલી પણ છે. લગ્નની મોસમ પણ આ ગામમાં છવાઈ ગઈ હતી ત્યારે ગામ મધ્યે આવેલ એક ફળિયામાંથી જાન ઉઘલાવવામાં આવી.... વરરાજાના ચહેરા પર કુત્રિમ આનંદ છવાયેલો જણાતો હતો.... જાનૈયાઓ અને જાનડિયુંની સાથે બલ્કે સૌથી આગળ જઈ રહેલો વરરાજા નયને તેના ઘરની બરાબર સામે આવેલા ઓરડામાં તીરછી નજરે જોઈ લીધું તેના આશ્ચર્ય વચ્ચે હંમેશા ખુલ્લા રહેતા એ ઓરડાના બારણાં આજે બંધ હતા. તેની નજર કોઈકને શોધી રહી હતી પરંતુ બારણામાં અથડાઈને હતાશ થયેલી નજર પાછી વાળી લીધી. સૂરજ ડૂબી ગયો હતો. અજવાળું છવાવા લાગ્યો હતો. અજવાળું પામવા માટે પંથ ઘણો લાંબો હતો. નયને એક નિસાસો નાંખ્યો પોતાના માટે ખાસ મંગાવેલ મોટરકારમાં બેસી ગયો....તેની નજરમાં એક ખૂણા પર ભય વર્તાતો હતો. કંઈક અઘટિત બનશેની ભિતી હતી.

નીતા એને ખૂબ ચાહતી હતી. બંને જણા સાથે જ કોલેજ કરતા હતા. ખૂબસુરત નીતા અને નયન બંને કોલેજ જવાના બહાને ઘેરથી નીકળતા અને પછી

ફિલ્મો જોવી....બાગમાં બેસીને પ્રેમાલાપ કરવો.... બસમાં પણ બંને એકબીજાની જગ્યા રોકીને સાથે જ બેસતા.... ત્યારે એમને સ્વર્ગમાં ઉડતા હોય એવું લાગતું છડે ચોક ચાલતા આ પ્રેમાલાપની વાત નીતાના ભાઈ અને મા-બાપના કાને પડી.... ઘરમાં ગભરૂ થઈને ફરતી નીતા અટલી બધી ચાલાક અને ચાલુ હશે એવી જ્યારે જાણ થઈ એટલે નીતાને કોલેજ જવાનું બંધ કરાવી દીધું એના મા-બાપે પ્રેમીને મળવા પર પાબંદી આવી જતાં એક વખત લાગ જોઈને પ્રેમી પંખીડા ભાગી ગયા પરંતુ નાદાનીયતના માર્ગે આગળ વધે તે પહેલાં જ નીતાના ભાઈ હસમુખે તેમને પકડી પાડ્યા....આપવા જેવો ઠપકો નયનને આપ્યો અને નીતાને સમજાવીને ઘેર લઈ આવ્યા. જગજાહેર થયેલા આ પ્રણય કિસ્સાથી તંગ આવી ગયેલા મા-બાપે નીતાને પરણાવી દેવાં મૂરતિયા શોધવા માંડ્યા... પણ જે મૂરતિયો જોવા આવે એને નીતા પોતાના પ્રણયની વાત કરી દેતાં પેલો મૂરતિયો ત્યાંથી ભાગી છૂટ્યો....નીતાએ ઘરમાં સ્પષ્ટ સંભળાવી દીધું હતું કે હું નયનને ચાહું છું અને એની સાથે જ લગ્ન કરવાની છું.... એટલે મારા માટે મુરતિયો શોધવાની જરૂર નથી. બળજબરી કરશો તો હું સળગી મરીશ.... એ વખતે નીતાના ઘરમાં ઘમસાણ મચી ગયું. તેના ભાઈ હસમુખે છુટા મોંએ ગમે તેમ બોલતી નીતાને ખૂબ મારી.... તેની મા વાલી અને પિતા સોમજીએ પણ કોઈ કસર છોડી નહીં પણ નીતા એકની બે નહોતી થઈ.

નીતાએ સળગી મરવાની આપેલી ધમકી આખું ફળિયું જાણી ગયું હતું.... હારેલા તેના કુટુંબીઓએ નયનના મા-બાપને વાત કરી અને નયનને અન્ય સ્થળે પરણાવી દેવા આજીજી કરી. માની ગયા નયનના મા-બાપ અને નયન પણ.... લગ્નનો દિવસ જેમજેમ આવી પહોંચ્યો એમ એમ નીતા પર આખા કુંટુંબનો પહેરો સખ્ત બની ગયો.... નયનની જાન નીકળી અને આ બાજુ નીતાના ઘરમાં કોલાહલ મચી ગયો....નયનને પરણવા આતુર નીતાએ ઘરમાં ધમાલ મચાવી દીધી..... અને પછી આ ધમાલ એકદમ શાંત પડી ગઈ....

ગામમાં જ પોલીસ સ્ટેશન હોવાથી કોઈકે જાણ કરતાં પોલીસ અધિકારી સ્થળ પર ઈન્કવેસ્ટ પંચનામું કરીને લાશને પી.એમ. માટે મોકલી આપ્યા બાદ પોલીસે નીતાના ઘરના હાજર સભ્યો અને ફળિયાવાળાઓનાં નિવેદનો લીધાં. નીતા નયનના પ્રેમમાં હતી. નયન સાથે નહીં પરણવા દે તો આત્મહત્યા કરી લેશે એવી ધમકી આપી હતી. નયન બીજે પરણી ગયો એટલે તેને લાગી આવતાં નીતાએ સળગી જઈને આત્મહત્યા કરી લીધી હોવી જોઈએ....આટલે સુધી તો તમામના નિવેદનો એક સરખો તાગ મળતો હતો પરંતુ.....

સ્થળ સ્થિતિ અને લાશનું પંચનામું કરતા પોલીસ અધિકારીને નીતાએ આત્મહત્યા કરી હોય એ વાતને તેની ધમકી સિવાય કોઈ અન્ય હકીકત સમર્થન આપતી નહોતી. જો કે નીતાની લાશનું પેનલ ડૉક્ટરથી પોસ્ટમોર્ટમ કરાવ્યા બાદ તેના વીસેરા કાઢીને ફોરેન્સીક લેબોરેટરીમાં મોકલી આપવામાં આવ્યા.

નીતા સળગી મરી છે એ અકસ્માત મોતનો ગુનો નોંધ્યો પછી પોલીસ દિમાગ દોડાવતા પોલીસ અધિકારીના મગજમાં શંકાનો કીડો આળોટતો હતો. તેમણે બનાવ અંગે પ્રાસ બેસાડવા દિમાગ દોડાવ્યું, સૌ પ્રથમ તો પી.એમ. રીપોર્ટમાં નીતાનું મોત આઠ કલાક પહેલાં થયું હતું તેમ જણાવેલ જ્યારે નીતા સળગે છે....બચાવો....ની બૂમો આઠ કલાક પછી પાડવામાં આવે છે....સ્થળ સ્થિતી અને લાશના પંચનામાના કાગળોનો ઝીણવટપૂર્વક અભ્યાસ કરવામાં આવ્યો.... કોઈ આદમી આત્મહત્યા કરવાનો પ્રયાસ કરે તો સળગ્યા પછી નાસભાગ કરે.... બૂમાબૂમ કરે.... પણ રસોડામાં સળગે તો....? રસોડાથી દોડીને બહાર આવે.... બારણું બંધ કરી દીધું હોય તો કદાચ રસોડાની અંદર જ ભાગંભાગ કરે.... પણ નીતા સળગી ત્યારે રસોડાનું બારણું ખુલ્લું હતું. જો તે એવી સ્થિતીમાં આત્મહત્યા કરવા સળગી હોય તો તેની બૂમો સાંભળીને તેના મા-બાપ-ભાઈ અને પડોશીઓ પણ આવી પહોંચે..... રસોડામાં નીતાની લાશ ચત્તીપાટ પડી હતી. આત્મહત્યા કરનાર વ્યક્તિ સળગે પછી ગમે તે ઢંગમાં પડી જાય.... અથવા ઢગલો થઈ જાય કે ઉંધી વળી જાય નીતાએ આત્મહત્યા કરવા ઉભી ઉભી પોતાના શરીરે કેરોસીન રેડી સળગી હોય તો રસોડાની છત ચાર દિવાલો અન્ય રાચરચીલું સળગે.... અને તેના માથાના બાલ પહેલાં જ સળગી જાય....પણ નીતાના માથાનો ચોટલો વ્યવસ્થિત સળગેલો રાખ થઈને પડ્યો હતો અને ચોટલાનો અંતિમ છેડો સળગ્યા વગરનો પડ્યો હતો....

જે લક્ષણો સ્થળ સ્થિતિ અને લાશની સ્થિતિના પંચનામામાં જણાવ્યા

હતા તે પ્રથમ દ્રષ્ટિએ જ આત્મહત્યા ના જણાતા નહોતા.... અને વળી પી.એમ. નોટમાં આઠ કલાક પહેલાં નીતાનું મોત થયું હતું જ્યારે આઠ કલાક બાદ નીતા સળગી હતી. એ બંને વાતોમાં સુસંગતતા નહોતી.... પોલીસ અધિકારીએ આ કેસમાં અંગત રસ દાખવ્યો અને ધીરજ ધરી.... કોઈ દાર્શનિક કે અન્ય પુરાવા વિના કોઈનાં પર આક્ષેપ કરવો હિતાવહ નહોતા.

બરાબર પાંચ મહિના પસાર થઈ ગયા. નીતા નામની છોકરી રહેતી હતી એ વાત પણ લોકો ભૂલી ગયા.... નયન પણ પોતાની પત્ની સાથે બહારગામ રહેવા ચાલ્યો ગયો.... નીતાના કુટુંબીઓ તનો ભાઈ હસમુખ મા વાલી અને પિતા સોમાજી પણ નીતાના અંતિમક્રિયા,બેસણું,કાંણમાંકણ, બધું પતાવીને સઘળું ભૂલી ગયા હતા.

પોતાના ફળિયાના છોકરા સાથે પ્રેમ કરીને અને પ્રેમી યુવાન અન્ય સ્થળે પરણી જતાં લાગી આવતા નીતાએ આત્મહત્યા કરી લીધાની ચર્ચાઓ ફળિયામાં, ગામમાં અને સમાજમાં પૂરી થઈ ગઈ હતી. કોઈક વાત કરે તો પણ “મૂઈ એ તો” કહીને વાતને ટાળવામાં આવતી... ભૂલાઈ જવા આવેલી આ વાત તપાસ અધિકારી કેમેય ભૂલવા તૈયાર નહોતા.

અને એક દિવસ.... પાંચ મહિના બાદ ફોરેન્સીક લેબોરેટરીમાં મોકલેલા વિસેરાનો રીપોર્ટ આવ્યો. જેમાં કરેલી પૃથ્થકરણની નોંધે નીતાના આત્મહત્યાના પ્રકરણે એક નવો જ વળાંક લીધો. નેતાએ આત્મહત્યા કરી નહોતી પણ તેનું ગળું દબાવી ગૂંગળાવીને મારી નાંખવામાં આવી હતી. એવો અર્થ તારવતાં ફોરેન્સીક લેબોરેટરીના રીપોર્ટમાં જણાવાયું હતું કે પ્રથમ નીતાને ગળે ફાંસો આપીને મારી નાંખ્યા બાદ તેણે આત્મહત્યા કરી હોય એવો સ્ટંટ ઉભો કરવા માટે નીતાના મૃત શરીરની ઉપર કેરોસીન છાંટી સળગાવવામાં આવ્યું હતું. આટલો પુરાવો મળતાંની સાથે જ પોલીસ અધિકારીએ મરનાર નીતાના હત્યા કરવાના ગુનામાં તેની સગીમાં, સગો બાપ અને સગા ભાઈને પકડી જેલભેગા કરી દીધા.

પાંચ માસ પહેલાં આત્મહત્યાના કેસમાં ખપી ગયેલા બનાવ ખૂનનો હોવાનું તારણ  બહાર આવતાં જ લોકચર્ચાઓ ફરીથી ગરમાવો પકડ્યો.... જ્યારે નીતાએ આત્મહત્યા કરી ત્યારે તેના પર લોકો ફિટકાર વરસાવતા હતા અને હવે તેના મા-બાપ અને ભાઈ પર ફિટકાર વરસાવવા લાગ્યા.... કેટલી નિર્દયતાથી પોતાની દીકરીને મારી નાંખી હશે... કુંવારી કન્યાને  મારી નાંખ્યા બાદ તેને સળગાવી દેતાં જીવ કેમનો ચાલ્યો હશે?

નીતાની હત્યા અંગેની વિચિત્ર ચર્ચાઓ ચાલી બધી ચર્ચાઓમાં એક હકીકત સામાન્ય હતી.

નયન વરરાજા બનીને જ્યારે જાનૈયાઓ સાથે નીકળ્યો ત્યારે નીતાએ ઘરમાં ધમાલ મચાવી મૂકી.... મારે નયનને જોવો છે.... મારે એની સાથે પરણવું છે.... મને પરણાવો નયન સાથે....હું એના વગર નહીં રહી શકું....હું મરી જઈશ....

અને ત્યારે વાલી માએ તેને ખૂબ સમજાવી.... “દીકરી.... તું સમાજમાં અમારૂં નાક કપાવા બેઠી છું...તારા નયન સાથે લગ્ન થાય એમ નથી.....” એવું ઘણું બધું કહ્યું પણ નીતા એકની બે ન થઈ.... પાણી માથા ઉપરથી પસાર થઈ ગયું હતું એટલે વાલી માએ નીતાને થોડી ઠમઠોરી.... ઘરમાં હાજર ભાઈ અને બાપે નીતાને સ્વધામ પહોંચાડવાની જાણ  નેમ લીધી....

ઘરનાં બારણાં તો આમેય બંધ હતાં. નયનની જાન રવાના થઈ ગઈ હતી ફળિયું સૂમસામ બની ગયું હતું.... રાતના આઠ-સવા આઠ વાગ્યા હશે અને ભાઈ હસમુખ અને પિતા સોમાજી નીતાની હઠથી ઉશ્કેરાઈ  ગયા અને ટોટો પીસી નાંખવા નીતાને ગરદને ટૂંપો દીધો... ઘડીના છઠ્ઠા ભાગમાં તેનું પ્રાણ પંખેરૂં ઉડી ગયું.... શ્વાસ રૂંધાતાં નીતા થોડી તડફડી.... પગ પછાડ્યા.... હાથ પછાડ્યા.... અંતે ઢગલો થઈને ફર્શ પર ઢળી પડી....

હવે ! આ લાશનું શું કરવું.... આમને આમ રહેવા દઈશું તો પોલીસ કેસ થશે.... લાશને રસોડામાં નાંખીને ઉપર ગોદડું ઓઢાડી દીધું.... રખેને કોઈ આવી જાય અને નીતા વિશે પૂછે તો.... કહેવા થાય કે એને તાવ આવ્યો છે એટલે સૂઈ ગઈ છે.... આવનારને બારણાં આગળથી પાછો વળાવી દેવો.... રાત વીતવા લાગી એક તરફ રસોડામાં પ્રાણહીન બની નીતાનો દેહ સોડ તાણીને પડ્યો હતો તો બીજી તરફ ઘરના એક ખૂણામાં બેસીને મા-બાપ-દીકરાની ત્રિપુટી આ

લાશનું શું કરવું એ વિશે વિચારી રહી હતી.

જુવાન જોધ દીકરીને સાસરે વળાવવાને બદલે તેને પરધામ વળાવી દીધા બાદ એ પાપ છુપાવા માટે હવે ફાંફાં મારવા લાગ્યાં. લોકો જાણશે કે ગઈકાલે જીવતી નીતા અચાનક કેમ મરી ગઈ? પોલીસ તેની લાશનું પોસ્ટમોર્ટમ કરાવશે તો પોલીસને પણ ખબર પડી જશે કે નીતાની હત્યા કરવામાં આવી છે. હસમુખ હોંશિયાર હતો. એણે આઈડીયા લડાવ્યો. નીતાની લાશને સળગાવી દઈ તેણે જાતે આત્મહત્યા કરવાની ધમકી આપી હતી. યોજના બરાબર લાગતાં તેનો અમલ કરવાનો હતો. આખી રાત ત્રણેય જણાં નીતાના નિર્જીવ દેહને સાચવીને બેસી રહ્યા. અને વહેલી પરોઢે.... રસોડામાં સૂતેલી નીતાનીલાશ ઉપર કેરોસીન રેડીને દિવાસળી ચાંપી દીધી અને રસોડાનું બારણું ઠાલું બંધ કરી દીધું.... લાશ કંઈ ચીસો પાડવાની નહોતી.... એવું લાગ્યું કે હવે અડધા ઉપરાંતની લાશ સળગી ગઈ છે ત્યારે વાલીએ બૂમાબૂમ કરવા માંડી...લોકો જાગી ગયા.... હસમુખ અને સોમાજી પણ જાણે ઉંઘમાંથી જાગ્યા હોય એમ આંખો ચોળીને એ પણ પછાડા મારવા લાગ્યા... પણ તેમનું પાપ આખરે પાંચ મહિના પછી પોકાર્યુ..... નીતાની લાશના બચી ગયેલા અંશો ચિત્કારી ઉઠ્યા હતા.... હું મારી જાતે નથી બળી મરી.... મારા મા-બાપ અને મારા ભાઈએ મારી હત્યા કરી છે....મને મારી નાખ્યા પછી કેરોસીન છાંટી બાળી મૂકી છે. આ નરાધમોએ....

જેલના સળિયા ગણી રહેલા મા-બાપ અને દિકરાને ત્યારે ખ્યાલ આવ્યો કે વિજ્ઞાન આટલું બધું વિકસી ગયું છે.

## ૪૪. અંધારી રાતનો નરશેતાન

ચોમાસું શરૂ થઈ ગયું હતું. મોસમના પ્રથમ વરસાદે ધરતીને ભીંજાવી દીધી હતી પરંતુ ત્યાર બાદ વરસાદે વિરામ લીધો અને ઉકળાટથી ત્રાસેલા લોકો રાત્રિના સમયે ખેલ્લા આકાશ તળે વરસાદની રાહ જોતાં નીંદર માણી રહ્યાં હતાં. એક ઝૂંપડામાં વતનમાંથી મજૂરી કરવા આવેલું કુટુંબ પણ ઘેરી નિંદ્રામાં પડી ગયું હતું. આ પરિવારમાં એક દશેક વર્ષની ફુલ જેવી બાળકી પણ હતી. નાનકડું ફ્રોક,પહેરીને નિંદ્રામાં સૂતેલી આ બાળકીની આજુબાજુમાં તેના ભાઈ-ભાભી જનેતા વગેરે પણ નિશ્ચિંત બની સૂતાં હતાં.

આકાશમાં વાદળો ઘેરાયા હતા.... અને વાદળો પાછળ અંધકાર છવાયો હતો... નરી આંખે કશું દેખાય એમ ન હોતું ક્યારેક ક્યારેક પસાર થતાં વાદળો વચ્ચે પડતી જગ્યામાંથી ચંદ્રનું અજવાળું પથરાતું વળી પાછો ચંદ્ર વાદળ પાછળ સંતાઈ જતો. આ ગરીબ પરિવારના ઝૂંપડા પાસેથી મધરાતે એક નરશેતાન પસાર થયો.... રાત્રિના અંધકારમાં અને આકાશમાં ઘેરાયેલા વાદળોના વાતાવરણ વચ્ચે આ અંધકારના ઓળાને જોઈને ભલભલાના હાંજા ગગડી જાય એવું સ્વરૂપ હતું એનું.... ચંદ્ર આગળથી વાદળ ખસતાં ક્ષણેક અજવાળું પથરાયું અને એની નજર ગરીબ મજુરના ઝૂંપડા બહાર સૂતેલી બાળા પર પડી.... અને ઉભો રહી ગયો એ શેતાન.... પરિવારના તમામ સભ્યો ઊંઘતા હતા. બાળકીની ફરાક ઊંચે ચઢી ગઈ હતી.... શેતાનની આંખોમાં વાસના ચમકી અને.... એ નમ્યો બાળકી તરફ.... એક હાથે એણે બાળકીનું મોં દબાવ્યું અને બીજા હાથે તેને ઊંચકી લઈને અંધકારમાં ગરકાવ થઈ ગયો....બાળકી બૂમ પાડી ન શકી.... અને એને ઉઠાવી ગયા પછી કોઈ જાગ્યું પણ નહીં.

આ બાજુ પેલો નર શેતાન પોતાની હવસ સંતોષવા માટે દશ વર્ષની બાળાને ઉઠાવીને નજીકમાં આવેલા એક ખેતરમાં શેઢા ઉપર લઈ ગયો અને બાળા બૂમ ન પાડે એટલા માટે તેણે બાળાનું મોં દબાવી રાખી તેની ફ્રોક કાઢી નાંખી અને આ બાળાને નગ્ન કરી નરશેતાને પોતાની હવસ સંતોષી....નાનકડી બાળા તરફડતી રહી....નરપિશાચ નરાધમની પકડમાંથી છૂટવા ધમપછાડા કરતી રહી....અસહ્ય પીડા.... વેદનાથી કણસતી રહી....પોતાની હવસ સંતોષી લીધા પછી હવસખોરે શેતાનને પણ શરમાવે એવું અધમ કૃત્ય આચર્યું.... કદાચ આ બાળા તેને ઓળખી ગઈ હશે અને તેનું નામ જાહેર કરી દેશે તો....? આ શેતાને બાળાની ફ્રોકથી જ બાળાના ગળે ટૂંપો દઈને એને સ્વધામ પહોંચાડી દીધી અને ફરાર થઈ ગયો.... અંધકારમાં ઓગળી ગયો જાણે....

વહેલી પરોઢે.... ઝાંખા ઉજાસમાં મજૂર પરિવાર જાગી ઉઠ્યો ત્યારે.... પરિવારની લાડકી બાળા તેની પથારીમાં નહોતી.... કદાચ કુદરતી હાજતે ગઈ હશે એવું માનીને નિત્યક્રમથી પરવારવા લાગ્યા.... પણ ઘણો સમય થયો હોવા છતાં બાળા પરત ન આવી ત્યારે તેની શોધખોળ આરંભી.... ઝૂંપડાની આજુબાજુ અને

પછી સીમ સીમાડા ખૂંદવા માંડ્યા....થોડે દૂર ખેતરના શેઢા પર કંઈક પડેલું જોતાં બાળાનો મોટો ભાઈ ત્યાં પહોંચ્યો અને જોયું તો.... તેના પગ નીચેથી ધરતી ખસી જતી લાગી.... આંખોએ અંધારા આવી ગયા.... તેની નાનકડી બહેનની નગ્ન લાશ પડી હતી.... ફ્રોકથી તેના ગળે ટૂંપો દીધો હતો.... નાજુક અંગો પર વહી ગયેલું લોહી જામી ગયું હતું.... પોતાની બહેનને પીંખી નાંખવામાં આવી હતી.... પોલીસ કેસ હતો એટલે તેણે પોતાનું ફાળિયું કાઢી બહેનની નગ્ન લાશ ઉપર ઓઢાડ્યું અને નજીકના પોલીસ મથકે બનાવની હકીકત જણાવતાં પોલીસ કુમક ઘટના સ્થળે દોડી આવી.... ડોગ સ્કવોડ અને ફિંગરપ્રિન્ટ નિષ્ણાંતો પણ આવી પહોંચ્યો.... રેપ એન્ડ મર્ડરના આ કેસ અંગે પોલીસ અધિકારીઓ અનામી નરશેતાનને શોધી કાઢવા દિમાગ દોડાવવા લાગ્યા....

સવારનો સૂરજ દેખા દે તે પહેલાં તો ગામ આખામાં આ ઘટનાની વાત ફેલાઈ ગઈ.... આ ગામમાં અને ગામની નજીકમાં બાર માસમાં આ ત્રીજો બનાવ હતો. કેટલાંક મહિનાઓ અગાઉ એક નાનકડી આઠ-નવ વર્ષની બાળા સાથે આવું અધમ કૃત્ય આચરાયું હતું.... એ બાળા પણ મજૂરી કરવા આવેલ ગરીબ પરિવારની હતી.... આ બેના બનાવ વચ્ચે તફાવત એ હતો કે આઠેક વર્ષની બાળા પર હવસખોર શેતાને બળાત્કાર ગુજારવામાં સફળ થયો હતો પરંતુ એ બાળાની હત્યા કરી શક્યો નહોતો.....ગુનો કરીને પલાયન જરૂર થઈ ગયો હતો.... એ ઘટનાની ચર્ચા પણ પંથકમાં વિભિન્નરૂપમાં થતી રહી હતી.... આ ચર્ચા ધીરેધીરે ધીમી પડતી ગઈ ત્યાં તો..... બીજો એક ચકચારી બનાવ બની ગયો.....

ચલચિત્રમાં જેમ એક પછી એક ચિત્ર બદલાય એ રીતે વાસ્તવિક ઘટનાઓ બનવા લાગતાં લોકો માનવા તૈયાર નહોતા....“ના હોય....આવું બને જ નહિં.....” પણ હકીકત સામે આવતાં લોકો સામે આચરનાર નરાધમ પર ફિટકાર વરસાવવા લાગ્યા. જો કે એ બનાવ તો માની શકાય એવો હતો. છતાં પણ સત્ય હકીકત હતી.....

આ જ ગામની એક વૃદ્ધ ડોશીની સીમમાંથી લાશ મળી આવી હતી.... પછાત જાતિની આ વૃદ્ધા સીમમાં લાકડાં વીણવા ગયેલી અને ત્યાં તેના પર બળાત્કાર ગુજારી તેની સાડી વડે ગળે ફાંસો આપીને હત્યા કરી દેવામાં આવી હતી. આટલો બધો વિકૃત મગજનો કોણ નરાધમ હશે એવું ચર્ચાવા લાગ્યું. જો કે હત્યારાનું કોઈ પગેરૂં મળ્યું નહોતું.... ત્યાં આ ત્રીજો બનાવ બન્યો..... હવસખોર કોણ હશે ? હત્યા કોણે કરી હશે ? શિકારી પોતાની હવસ સંતોષવા માટે દશ વર્ષની ઉંમરની આજુબાજુની બાળાને કે પછી સાઈઠ પાંસઠ વર્ષની વદ્ધાઓનો જ કેમ શિકાર કરતો હશે....? આવા ઘણાં બધા પ્રશ્નોના જવાબ પોલીસને મળ્યા નહોતા.....જો કે આ ત્રણેય ઘટનાઓનો વિચાર કરવામાં આવે તો ગુનેગાર ઘણો બધો ચાલાક અને ચપળ હોય. ગુનો કર્યા પછી કોઈ પુરાવો તેણે છોડ્યો નહોતો...

એક જ ગામમાં અને એકજ ગામના સીમાડે બળાત્કાર અને હત્યાના બનાવો બનતાં ગામના લોકો ફફડી ઉઠ્યાં....નાની બાળાઓના વાલીઓ અને એકલ દોકલ વૃદ્ધાઓને સાચવવામાં વધુ ધ્યાન આપવા લાગ્યા.... ત્રણેય બનાવો ગરીબ વર્ગના પરિવારોના બન્યા હતા. એક જ પ્રકારની એક સરખી રીત અપનાવનાર અને પોલીસના માથાનો દુખાવો બની જનાર આ ગુનેગારને પકડવા માટે ઉચ્ચ અધિકારીઓના દિમાગ પણ કામ ન લાગ્યા.... જ્યાં સુધી કોઈ સજજડ પુરાવો કે કડી ન મળે ત્યાં સુધી એ પણ આ કેસનો કોયડો ઉકેલવામાં લાગી ગયા....

દશેક વર્ષની બાળા પર બેરહેમીપૂર્વક બળાત્કાર ગુજારીને તેની નિર્દયતાથી હત્યા કરવાના બનાવે સમગ્ર પંથકમાં ચકચાર જગાવી દીધી.... આ બનાવને હજુ બે દિવસ પણ વીત્યા નહોતા કે આ જ ગામમાં ત્રીજા દિવસની સવારે એક નવાજ પ્રકારનો સનસનાટીખેજ બનાવ પ્રજાની સામે આવ્યો અને પ્રજાની સાથે સાથે પોલીસતંત્ર અને અધિકારીઓ પણ ચોંકી ઉઠ્યા....

ગામના બસ સ્ટેન્ડની નજીક આવેલી પ્રાથમિક શાળામાં ભણવા આવતાં ગામના બાળકો વહેલી સવારે શાળાનો મુખ્ય દરવાજો ખોલીને શાળાના મકાનમાં પહોંચ્યા અને કેટલાંક ઉતાવળિયા વિદ્યાર્થીઓ મકાનના બીજા મજલે આવેલા પોતાના વર્ગમાં જવા દાદરો ચઢવા અને ઉપરના માળની લોબીમાં નજર પડતાં જ “ભૂત....ભૂત.... ભાગો....ભાગો...”ની બૂમો પાડતાં ભયભીત બનીને દાદરો ઉતરવા લાગ્યા.....કેટલાંક તો ભાગવા જતાં પગથિયું ચૂકી જતાં પડી ગયાં....વાગ્યું પણ ખરૂં છતાં ભાગ્યા.... શાળાના કંમ્પાઉન્ડમાં ભૂત...ભૂત.... કરતા નાઠેલા

વિદ્યાર્થીઓની બૂમો સાંભળીને બીજા વિદ્યાર્થીઓ પણ ભાગ્યા......

પાછળ ભૂત પડ્યું હોય એ રીતે ભાગતાં વિદ્યાર્થીઓ કંમ્પાઉન્ડના મુખ્ય દરવાજા સુધી આવી ગયા.... એમને જોઈને કેટલાંક શિક્ષકો અને અન્ય લોકોએ વિદ્યાર્થીઆને પૂછ્યું.

"છોકરાઓ..... કેમ ધમાલ કરો છો..... કેમ ભાગા ભાગ કરો છો ?"

"સાહેબ..... ત્યાં નિશાળમાં ભૂત છે.....ભૂત લટકે છે....ભૂત લટકે છે સાહેબ....."

"ભૂત-બૂત કશું ના હોય..... ચાલો બેસી જાવ વર્ગમાં...."

પણ છોકરૂં નિશાળમાં આવાવ તૈયાર ન થયું.... એમના કહ્યા પ્રમાણે ખાતરી કરવા શાળાના મકાના ઉપલા માળે નજર કરી તો કંઈક લટકતી ચીજ નજરે પડી.... કદાચ કોઈ તોફાની બાળકે સાથી બાળકોને ડરાવવાના નુસખા રૂપે કંઈક લટકાવ્યું હશે એવું વિચારીને ખાતરી કરવા શાળાના બીજા માળે પહોંચ્યા અને જોયું તો......!

એક વૃદ્ધાની લાશ લટકતી હતી....હકીકતમાં લાશ લટકતી જોઈને તાત્કાલિક પોલીસને જાણ કરતાં પ્રથમ તો પોલીસ અધિકારીને પણ બનાવટ લાગી....અગાઉ આ જ પોલીસ અધિકારીને કોઈક બનાવટ કરીને લાશ પડી હોવાની ખોટી માહિતી માટે દોડાવ્યા હતા. વળી આ જ પોલીસ અધિકારી આ વખતે પણ ફરજ પર હતા અને બાળાની હત્યા કેસ ઉકેલવામાં મગ્ન હતા અને ત્યાં જ ફોન આવ્યો.... આ ગામમાં આવા ત્રણ કેસ બનેલ છે અને ચોથો પણ બને એ કોઈનેય વિશ્વાસ ક્યાંથી બેસે..... પણ કર્તવ્યનિષ્ઠ પોલીસ અધિકારી ખાતરી કરવા.... ફરજ બજાવવા.... કદાચ સાચું પણ હોય એવું માનીને પોલીસ જીપ લઈને ઉપડ્યા.....

ફોન કરનાર વ્યક્તિએ પ્રાથમિક શાળામાં બીજા માળે વૃદ્ધાની ગળે ફાંસો આપેલી લાશ લટકે છે એવું કહ્યું હતું..... પોલીસ અધિકારી પણ એ અંગે વિચારતા પહોંચ્યા પ્રાથમિક શાળામાં....બીજા માળે પહોંચીને જોયું તો એક વૃદ્ધાની લાશ હકીકતમાં લટકતી હતી.... એની જીભ બહાર નીકળી ગઈ હતી.... શરીર પર ચણિયો અને બ્લાઉઝ પહેરેલ હતા જેમાં બ્લાઉઝ અને બ્રા ફાટી જતાં વૃદ્ધાનું શરીર અર્ધનગ્ન દેખાતું હતું.... હત્યારાએ એ જ વૃદ્ધાની સાડીથી ગળે ફાંસો આપી લટકાવી દીધી હતી.... સાડીનો વધેલો છેડો વૃદ્ધાના બંને હાથની બગલમાં ભરાવી બાંધી દીધો હતો.... બ્લાઉઝ અને ચણિયા ઉપર લોહીના ડાઘ પડેલા હતા.....

ગામ આખામાં ચકચાક જાગી ગઈ.... ગામની સવર્ણ વૃદ્ધાને બળાત્કાર કરીને તેની હત્યા કરી દીધી હોવાની વાતથી સનસનાટી મચી ગઈ.... પોલીસે લાશનો કબજો લઈ પી.એમ. માટે મોકલી આપી....ઉચ્ચ પોલીસ અધિકારીઓની ગાડીઓ ફરીથી દોડવા લાગી..... ઘણો બધો ઉહાપોહ થયો.... પરંતુ સક્ષમ અધિકારીઓ પણ જ્યાં સુધી કોઈ પુરાવા કે કડી હાથ ન લાગે ત્યાં સુધી શું કરી શકે?

પોલીસ માટે માથાનો દુઃખાવો બની ગયેલો આ હત્યારો એટલો બધો ચાલાક નીકળ્યો કે તેણે કોઈ પુરાવો છોડ્યો નહોતો.... પોલીસની ડોગ સ્કવોડ પણ નિષ્ફળ નીવડી.....

ગામમાં ચર્ચાઓએ જોર પકડ્યું. ગામમાં ત્રણ હત્યાઓ થઈ હતી.... ત્રણેય હત્યામાં બે વૃદ્ધા અને એક બાળકી ભોગ બની હતી.... ત્રણેયની હત્યામાં એકજ પધ્ધતિ અપનાવાઈ હતી.... પ્રથમ જે પછાત અને ગબીર વૃદ્ધાની હત્યા થઈ એ કેસમાં હત્યારાએ પ્રથમ તેના પર બળાત્કાર ગુજાર્યા બાદ પોતે ઓળખાય ન જાય એટલા માટે એ વૃદ્ધાની જ સાડીથી તેને ગળે ટૂંપો આપી હત્યા કરી નાંખી હતી.... બીજા બનાવમાં મજૂર વર્ગની એમ દશ વર્ષની બાળકીનો શિકાર કરવામાં આવ્યો હતો.... આ બાળાની ઉપર પણ બળાત્કાર ગુજારી તેને ગળે ફાંસો આપી હત્યા કરી હતી..... જ્યારે આ બનાવના બે દિવસ પસાર થયા હશે ત્યાં તો હત્યારાએ એક વૃદ્ધાનો શિકાર કર્યો હતો.... આ વૃદ્ધાના કપડાં લોહીથી ખરડાયેલા હતા. એટલે તેના પર પણ બળાત્કાર ગુજારાયો હોવાનું ચર્ચાઈ રહ્યું હતું વળી આ વૃદ્ધાની હત્યા પણ તેણે જ પહેરેલ સાડીથી ગળે ફાંસો આપી હત્યા કરવામાં આવી હતી.

આટલા બનાવો પરથી એવું અનુમાન પણ કરવામાં આવે છે કે આ

ત્રણેય બનાવો પાછળ એક જ પ્રકારની રીત અપનાવી હોવાથી હત્યારો એક જ હોવો જોઈએ... અને આ હત્યારો માનસિક વિકૃતિથી પીડાતો હોય કે પછી દશ વર્ષની આજુબાજુની ઊંમરની બાળાઓ કે જેને શારિરીક સંભોગની સમજણ પણ નથી અને એવી વૃદ્ધાઓ કે જે સંસાર જીવનથી નિવત્ત થઈ ગઈ હોય એવી સ્ત્રીઓ સાથે બળજબરીથી બળાત્કાર ગુજારી આનંદ માણવાની વિકૃતિ ધરાવતો હોય.....

એક જ ગામમાં એક જ પ્રકારની બનેલી ઘટનાઓમાં બળાત્કારી અને હત્યારો એક જ છે અને કોણ છે એ બાબતે એવું પણ અનુમાન લગાવી શકાય છે કે હત્યારો ગામની અંદર કે ગામની નજીકમાં ક્યાંક રહેતો હોય અને આ હત્યારો કાંતો કાચો કુંવારો હોય કે પછી શરીર સંભોગથી વંચિત રહેલો કોઈ પાકી ઉંમરનો પુરૂષ હોય.... કેટલાંકને તેની ઘરની સ્થિતિને કારણે સમાજમાં કોઈ છોકરી આપે નહીં એટલે લગ્નની ઉંમર વટાવી ચૂકેલા અતૃપ્ત રહી ગયેલા એકલવાયું જીવન જીવતા પુરૂષ આ રીતે પોતાની હવસ સંતોષી લે.... અથવા તો કેટલાંક પાકટ વયના પુરૂષો કે જે પોતાની પત્ની ગુમાવી ચૂક્યા હોય અને પોતાની હવસ સંતોષવાનું પાત્ર ગુમાવી બેઠો હોય એવો પુરૂષ નાસમજ બાળકી કે વૃદ્ધાઓને નિશાન બનાવી હવસ સંતોષી લેતો હોય.....

જો કે એક જ ગામમાં એક જ પોલીસ મથકની હદમાં ઉપરા ઉપરી બનેલા આ બળાત્કાર અને હત્યાના બનાવ અંગે પોલીસ અધિકારીઓ પોલીસ દિમાગ દોડાવી વૈજ્ઞાનિક પધ્ધતિ અપનાવી રહ્યા છે..... હવે જોવાનું એ રહે છે કે આ પધ્ધતિથી પોલીસને કેટલી સફળતા મળે છે......

## ૪૫. હોરર ફિલ્મ અને સસ્પેન્સ ફિલ્મ જેવી વાસ્તવિકતા

તમે હોરર ફિલ્મો તો જોઈ જ હશે.... સસ્પેન્સ ફિલ્મો પણ જોઈ હશે....એવી પણ ફિલ્મો જોઈ હશે જે હોરર પણ હોય અને સાથે સાથે સસ્પેન્સ પણ હોય..... હોરર કથાઓ, સસ્પેન્સ કથાઓ પણ(જો તમે એમાં રસ ધરાવતા હશો તો) વાંચી હશે....કેટલીક ફિલ્મોમાં હોરર-ભયાનક દ્રશ્ય એવાં તો બતાવતા હોય છે કે પ્રેક્ષકો વાસ્તવમાં ભયભીત થતા હોય છે..... અમાસની રાત હોય કે પૂનમની રાત હોય.... ક્યાંક કોઈ વેરાન યા સ્મશાનમાંથી એક ભયાનક પડછાયો બહાર નીકળે.... કોઈ પ્રેતાત્મા ધીમે ધીમે આગળ વધે અને પ્રેક્ષકોના ધબકારા વધે.... ભૂતને એટલો ભયાનક બતાવે કે.... ખોફનાક ચહેરો.... ચહેરા પર ખરબચડી સપાટી.... બે હોઠ વચ્ચે બંને ખૂણા પર રાક્ષસી દાંત..... આંખો એકદમ સ્થિર અને ભાવહિન.... આ ભૂત સીધે સીધું જતું હોય એના પગ આગળ નીચે નજર ના હોય..... આવા દ્રશ્યો ફિલ્મોમાં જોવા મળે અને સ્સપેન્સ પણ....

પરંતુ આવા હોરર દ્રશ્યો વાસ્તવમાં જોયા છે? કોઈ ઘટનાનું સસ્પેન્સ વાસ્તવિક જીવનમાં જોઈ કે અનુભવી છે? અહીં રજુ કરેલા કિસ્સામાં પ્રેમ અને નફરત છે.... હોરર અને સસ્પેન્સ પણ છે.... આ રોમાંચક ઘટનાની વિગતો જોઈએ.....

ફેબ્રુઆરી મહિનો અડધો પસાર થઈ ગયો હતો.... શિયાળાનો સમય હતો.... કાતિલ ઠંડીનું સામ્રાજ્ય સર્વત્ર ફરી વળ્યું હતું.... ઠંડીથી બચવા માટે કાળા માથાનો માનવી તરેહ તરેહના ઉપાય કરતો હતો.... કોઈ ગરમ ધાબળા ઓઢે છે કોઈ ઉનનાં કપડાં પહેરે છે.... કેટલાંક છોકરાઓ તાપણું કરીને ઠંડી ભગાડે છે..... સવારના નવ-સાડા નવ વાગ્યાનો સમય હતો... સૂર્યનો તડકો મેળવવા કેટલાંક ચોગાનમાં જમા થયા છે.... અને એવા સમયે....

તાલુકાના મુખ્ય મથકના પોલીસ સ્ટેશનની પાછળ આવેલા ચર્ચ પાસેના ફળિયામાં ભયાનક દ્રશ્ય ખડું થઈ ગયું..... ચોવીસ-પચ્ચીસેક વર્ષની ઉંમરનો એક યુવાન ફળિયા વચ્ચે સળગતી હાલતમાં દોડી રહ્યો હતો.... આ દ્રશ્ય જોઈને ઠંડીમાં ઠુંઠવાઈ બેઠેલા કૂતરા પણ ભયભીત બનીને ભસતા ભસતા દૂર નાઠા..... જે કોઈએ આ દ્રશ્ય જોયું.... પહેલાં તો કુતુહલવશ બનીને જોઈ રહ્યા.... પછી હકીકતમાં કોઈક સળગે છે એવી ખાતરી થતાં સડક થઈ ગયા. અને પછી સળગ્યો.... એ સળગ્યો....એવી બૂમો પાડવા લાગ્યા....

ન ધારેલું થાય.... માન્યામાં ન આવે એવું દ્રશ્ય નજર સમક્ષ ચડે ત્યારે માનવી કાં તો સ્થિર થઈ જાય કે પછી બુમો પાડવા માંડે.... પણ કંઈક કાર્ય કરવાનું ન સૂઝે.... સમજ્યા વગરની બૂમો પાડતો રહે.... આ કિસ્સામાં પણ એવું જ બન્યું....ભડભડ સળગતો પેલો યુવાન ચાલવા માટે અસમર્થ બની ગયો.... આંખો આગળ આગની જવાળા સળગતી હતી.... ફળિયાના છેડા સુધી પહોંચેલો

યુવાન પાછો ફર્યો.... અને ધબ દઈને ધરતી પર પટકાયો...

એ હતો પ્રેમમાં નાસીપાસ થયેલો પ્રતિક.... મા શિક્ષિકા અને પિતા કોન્ટ્રાક્ટર... મોટો ભાઈ પરણેલો.... શહેરમાં જ એક દવાની દુકાને નોકરી કરતો હતો.... પ્રતિક કોલેજ કરતો હતો અને ટાઈપ પણ શીખવા જતો હતો.... તેના જ ફળિયામાં તેના ઘરની નજીકમાં રહેતી પ્રીતિકા પણ કોલેજ કરતી હતી અને ટાઈપ પણ શીખવા જતી હતી....બંને પડોશી....બંને સાથે જ કોલેજ જાય - આવે.... ટાઈપ ક્લાસમાં પણ સાથે જ હોય.... બંને વચ્ચે પ્રેમના અંકુર ફૂટ્યા.... એકાંતમાં બંને પ્રેમીપંખીડા ગૂટરગૂ કરતા રહ્યા.... ત્રણ વર્ષ પસાર થઈ ગયા....બંને વચ્ચે એટલો બધો ગાઢ પ્રેમ પાંગર્યો કે બંને એક-બીજા વિના રહી શકતા નહોતા.... સમાજ એમને નડવા લાગ્યો.... સમાજથી દૂર જઈને પોતાની અલગ દુનિયા વસાવવા એક રાત્રે બંને યુવાન પ્રેમી પંખીડા ઘેરથી ભાગી ગયા.... પરંતુ બહુ દૂર ઊડી ન શક્યા....ઝડપાઈ ગયા....પ્રીતિકા એના પિતાના ઘેર ચાલી ગઈ....શરમનો માર્યો પ્રતિક તેની મોટી બહેનના ઘેર થોડા સમય માટે રહેવા ચાલ્યો ગયો....

આ બાજુ પિતાના ઘેર પરત આવેલી પ્રીતિકાને તેના મા-બાપ,કાકા,કાકી, વગેરે ઘણું સમજાવી.... અંતે પ્રીતિકાના મગજમાં વાત બેઠી એટલે તેના પિતાએ પ્રીતિકાને માટે મુરતિયો શોધવા માંડ્યો.... મળી પણ ગયો.... છોકરા - છોકરીને ભેગા કરવામાં આવ્યા.... પરસ્પર પસંદગી થઈ જતાં સગાઈ પણ થઈ ગઈ.... ક્યારેક ક્યારેક પ્રીતિકા તેનો ભાવિ પતિ સ્કુટર ફરવા માટે લઈ જતો.....

પોતાની બહેનના ઘેર રહેતો પ્રતિક આવ્યો.... આત રોકાયો હતો..... એની ભાભીએ પ્રીતિકાની સગાઈ થઈ ગઈ છે એ વાત દિયરને કરી હતી.... એ આખી રાત પ્રતિકને ઊંઘ નહોતી આવી.... ત્રણ ત્રણ વર્ષ સુધી જેને પ્રેમ કર્યો એ પ્રીતિકા હવે પારકી થઈ જશે...

બીજા દિવસની સવારમાં પ્રતિક ચ્હા-પાણી  કરીને કપડાં પહેરીને તૈયાર થયો.... અને ઘરની બહાર નીકળ્યો....પણ પછી..... ન બનવાનું બન્યું....ફળીયા પેલા છેડા પર પ્રતિક સળગેલી હાલતમાં પડ્યો છે એ જાણીને તેની ભાભી દોડતી પહોંચી ઘટના સ્થળે.... કોઈકે પ્રતિકના ભાઈને સંદેશો કહેવડાવતાં પ્રતિકને એક રિક્ષામાં નાંખી તાત્કાલિક દવાખાને લઈ ગયા.

શિયાળો હતો.... કડકડતી ઠંડી હતી.... ઠંડીથી બચવા લોકો લોકો તાપણું કરતાં.... અને તાપણાની ઝોળ લાગવાથી અકસ્માત મોત થવાના પણ અનેક બનાવો બનતા..... પ્રતિક પણ આ રીતે દાઝી ગયો હશે એવું માનીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો....

પોતાના પોલીસ મથકની હદમાં અકસ્માતે દાઝી જવાનો બનાવ બન્યો હોવાથી પોલીસ સબ ઈન્સ્પેક્ટર ઘટના સ્થળે દોડી જઈ લાગતાં વળગતાના નિવેદનો લેવા લાગ્યા.... પ્રતિક અકસ્માતે દાઝી ગયો છે કે તે જાતે સળગ્યો છે એ પ્રશ્નનો જવાબ મેળવવા નજીકમાં આવેલ પ્રતિકની પ્રેમિકા પ્રીતિકા  અને તેની માતાનાં પણ નિવેદનો લીધાં. મા-દીકરીના નિવેદને ઈન્સ્પેક્ટરને આશ્ચર્યમાં મૂકી દીધા....

પ્રીતિકા અને તેની મા બંને પોતાના ઘરમાં બેઠા બેઠા ઘરકામ કરી રહ્યા હતા ત્યારે નવ- સાડા નવેક વાગ્યાના સુમારે પ્રીતિકાની નજર અચાનક પોતાના ઘરની પાછળ પડતાં બારણામાં પડી અને એકદમ ઉભી થઈ ગઈ.... પાછળના દરવાજામાં પ્રતિક પોતાની જાતે સળગતો ઘરમાં પ્રવેશ્યો અને ઉભી થઈ ગઈ.... પાછળના દરવાજામાં પ્રતિક પોતાની જાતે સળગતો પ્રવેશ્યો અને ઉભી થયેલી પ્રીતિકાને જોતાં જ એને બાથ ભરવા માટે દોડ્યો..... પલકવારમાં નિર્ણય કરવાનો હતો.... પ્રતિક પોતાને પણ સાથે સળગાવી મારવાનો ઈરાદો ધરાવતો હતો એવું જાણી જતાં જીવ બચાવવા માટે પ્રીતિકા ઘરના આગળના બારણામાં થઈને ઓસરીમાં આવી ગઈ..... તેની પાછળ ભયભીત  બની ગયેલી તેની મા પણ દોડી.... ત્રણ ત્રણ વર્ષ સુધી પ્રેમના આલિંગનમાં રહેલી પ્રીતિકા પ્રેમીથી દૂર ભાગી રહી હતી.... પ્રતિક પણ તેની પાછળ પાછળ આગળના બારણામાં થઈને બહાર આવ્યો.

જીવ પર આવી ગયેલો પ્રતિક પોતાને સળગાવી જ મારશે એ વિચારથી ગભરાઈ ગયેલી પ્રીતિકા જીવ બચાવવા ફળિયા વચ્ચે દોડી.... તેની પાછળ તેની મા દોડી.... જેણે આ દ્રશ્ય જોયું હશે એની નજર સામે હજુ પણ એ દ્રશ્ય દેખાતું હશે....

આગની લપટમાં લપટાયેલો પ્રતિક પ્રેમિકાની એકદમ નજીક પહોંચી

ગયો.... આગની ઝોળ તેની આંખોમાં આગળ જાણે પડદો બની જતી હતી..... પાછળ આવી રહેલા મોતને જોતી અને આગળ ભાગતી પ્રીતિકાને ઠોકર વાગી અને બંને મા-દીકરી જમીન પર પટકાઈ.... ત્યાં સુધી તો પ્રતિક એમની એકદમ નજીક આવી ગયો હતો.... બંને મા-દીકરીના હોશ ઉડી ગયા.... હવે જે થાય તે ખરૂં એમ વિચારીને આંખો બંધ કરીને પડી રહી.... સદનસીબે એ દરમ્યાન પ્રતિક ભડકે બળી રહ્યો હતો. એને આગળ કશું દેખાતું નહોતું..... જમીન સરસી ઊંધી પડી રહેલી પ્રીતિકા અને એની મા પ્રતિકને દેખાઈ નહીં અને એ બંનેની પાસેથી સળગતો પ્રતિક પસાર થઈ ગયો.... થોડે આગળ ગયો અને પછી અચાનક તે પાછળ ફર્યો.... એ જોઈને બંને મા-દીકરી ફરીથી ઉઠીને પાછી ભાગી.... પ્રતિક પણ તેમની પાછળ ભાગવા જતો હતો પણ ભાગી ન શક્યો.... તેનું આખું શરીર ભયંકર રીતે દાઝી ગયુ હતું....માંડ થોડું ચાલ્યો અને ધબ દઈને પટકાયો જમીન પર....પ્રીતિકા અને એનીમા બચી ગયા....

આ જવાબો ઉપરથી પોલીસે માન્યું કે પ્રતિક જાતે સળગ્યો હતો....હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા પ્રતિકના પ્રાણ બળેલું ખોળિયું છોડી ગયા.... પરંતુ મરતાં મરતાં પ્રતિકે પોતાના મરણોન્મુખ નિવેદનમાં જે લખાવ્યું હતું એનાથી આત્મહત્યાનો કેસ હત્યામાં ફેરવાઈ ગયો....

હોસ્પિટલમાં સારવાર હેઠળ પોલીસ ઈન્સ્પેક્ટર સમક્ષ મરણોન્મુખ નિવેદનમાં તેની પ્રેમિકા પ્રીતિકા અને તેના ઘરવાળાઓએ તેને સળગાવ્યો હતો. એવું જણાવી તેણે હિસ્ટ્રી કહી.

બનાવના દિવસે સવારે તેના ઘેર તેના ભાભી અને દાદી હતા. મોટાભાઈ અને મા નોકરીગયા હતા. તેના પિતા ધંધાર્થે બહાર ગયા હતા. સવારના નવ સાડા નવ વાગ્યે પ્રતિક તૈયાર થઈને બહાર જવા નીકળ્યો હતો.... અનાયાસે જ તેની નજર તેની પ્રેમિકા પ્રિતીકાના ઘર તરફ નજર ગઈ અને પ્રતિક ફળિયા વચ્ચે ઉભો રહી ગયો. પ્રિતીકા તેને ઈશારો કરીને ઘરમાં બોલાવતી હતી.... પ્રતિક પ્રીતિકાને મળવાની લાલચ જતી ન કરી શક્યો.... કદાચ પ્રીતિકા એકલી હશે અને કંઈક કહેવા માગતી હશે એમ માનીને પ્રતિકે આજુ-બાજુ નજર કરી.... કોઈ જોતું તો નથી ને...? અને ખાતરી કર્યા પછી પ્રતિક પ્રીતિકાના ઘરમાં ગયો..... ગયો એવો જ પ્રીતિકાના ઘરમાં ભરાઈ રહેલા તેના પિતા-મા,દાદી,કાકા,કાકી વગેરેએ પ્રતિકને પકડી લીધો અને કેરોસીન રેડીને દિવાસળી ચાંપીને સળગાવ્યો અને ઘરની બહાર ધકેલી દીધો.... પ્રતિકે આગથી બચવા માટે આંધળી દોટો મૂકી પરંતુ તેને બચાવવા કોઈ આવ્યું નહીં.... દોડતો દોડતો ફળિયાના છેડે જઈને પડ્યો ત્યારે આવી પહોંચેલા તેના ભાઈએ તેની ઉપર ગોદડી નાખીને તેને ઓલવી નાખ્યો અને તાત્કાલિક રીક્ષામાં નાંખી હોસ્પિટલમાં લઈ ગયો.....

આ બનાવથી ભારે ચકચાર મચી ગઈ હતી. તરેહ તરેહની ચર્ચાઓ થતી હતી... પહાડ જેવો પોતાનો દિકરો મોતને ભેટતાં શોકમગ્ન બનતાં પિતાને જ્યારે ખબર પડી કે તેમનો દીકરો પ્રતિક જાતે સળગ્યો નથી પણ પ્રીતિકા અને તેના ઘરના માણસોએ પ્રીતિકાના લગ્ન સમયે વિઘ્ન ઊભું ન કરે એ માટે પ્રતિકનો કાંટો કાઢી નાંખવા પુર્વયોજીત કાવતરૂં કરીને સળગાવી માર્યો છે ત્યારે કચેરીઓના પગથિયાં ઘસીને ન્યાય મેળવવા દોડા દોડી કરવા લાગ્યા....

અંતે છ વર્ષ બાદ ન્યાયની દેવીએ આંખે પાટા બાંધીને ન્યાયના ત્રાજવામાં ન્યાય તોળ્યો... પ્રતિકે મરતી ઘડીએ સક્ષમ અધિકારીને આપેલ નિવેદનને મરણોન્મુખ નિવેદન સબળ પુરાવો ગણીને પ્રીતિકાના પિતા, કાકા-કાકી વગેરેને છ જણાને જન્મટીપની સજા કરી ત્યારે પ્રતિકના પિતાની આંખમાં આંસુ આવી ગયાં... આરોપીઓને સજા થઈ એટલા માટે નહીં પણ ન્યાયની દેવીએ કરેલા ન્યાયથી લાગણી વશ થઈ ગયા હતા અને પ્રેમની વેદી પર બલિ ચડનાર પોતાના પુત્ર પ્રતિકની યાદમાં.....

## ૪૬. ઘટના અને દુર્ઘટના વચ્ચેનો ભેદ....

સપના એકાએક અદ્રશ્ય થઈ ગઈ.... બાવીસ વર્ષની ઉંમરની સપના શહેરમાંથી એકાએક અદ્રશ્ય થઈ જતાં તેની શોધ કરવા માટે ભારે દોડધામ મચી ગઈ.... હજુ તો કાલે તેને તેની ખાસ બહેનપણી શાલુની સાથે બજારમાં જતા જોઈ છે અને આજે....?

આખી સોસાયટીમાં વાત ફેલાઈ ગઈ..... કેટલાંક જુવાનિયાઓ પણ સપનાની શોધમાં લાગી ગયા.... સપનાના મા-બાપની આબરૂનો સવાલ હતો.....

હજુ હમણાં થોડા દિવસ પહેલાં તેની સગાઈ કરવામાં આવી છે અને લગ્નનો દિવસ પણ નજીક આવતો જાય છે.... તેની સાસરી વાળાને શું મ્હદં બતાવીશું..... એમને શું જવાબ આપીશું.....? ક્યાંક પોતાના ભાવિ પતિને મળવા તો નહીં ગઈ હોય ને.....? આ વિચાર આવતાં જ ગોવિંદભાઈ અને લીલાબેનને રાહત થઈ.... તેમણે સપનાની સાસરીમાં એક યુવાનને મોકલ્યો..... પણ જ્યારે તે પાછો આવ્યો અને એણે જે જવાબ આપ્યો એ સાંભળીને સપનાના મા-બાપ લીલાબેન અને ગોવિંદભાઈ ફરીથી ચિંતા કરવા લાગ્યા....

સપનાની સાસરીમાં ગયેલો યુવાન સપનાના પતિને જ મળીને આવ્યો હતો. યુવાને કેટલાંક તર્કબદ્ધ સવાલો પૂછીને એટલું તો જાણી જ લીધું કે સપના તેના પતિને સગાઈ બાદ મળી નથી..... તો....? ક્યાં ગઈ હશે....? ક્યાંક સપના છૂપી રીતે કોઈ યુવાનને પ્રેમ કરતી હોય અને પોતાના લગ્ન પહેલાં એ યુવાન સાથે ભાગી ગઈ હોય એવું તો....?

પણ.....ના.....ના..... સપના દેખાવ સુંદર હતી.... તેનું શરીર પણ યુવાનોને આકર્ષે એવા યૌવનથી બદ્યયેલું હતું પણ.... તેના રોજના ક્રમ પ્રમાણે તે કોઈ યુવાનને પ્રેમ કરતી હોય એવી તો લેશમાત્ર શંકાને સ્થાન નહોતું.....અને વળી સપનાએ વિક્રમને પ્રથમ મુલાકાતે જ પસંદ કર્યો હતો......જો કોઈ યુવાન સાથે તેને પ્રેમ હોત....અને એની સાથે ભાગી જવું હોત તો તેણે વિક્રમ સાથે લગ્ન કરવાની સંમતિ આપી ન હોત.... અને મૂરતિયો પસંદ કરવો કે ના કરવો એ માટે ગોવિંદભાઈએ પણ સપનાને આઝાદ રાખી હતી. એટલે પરાયા યુવાન સાથે ભાગી જવાની વાત તો નક્કામી જ હતી.

કોલેજ સુધી ભણેલી સપનાના કોણ કોણ મિત્રો હતા એની તપાસ કરી.... વિચાર કર્યો પણ ક્યાંયથી કોઈએ એવા સમાચાર ન આપ્યા કે સપના કોઈ યુવાન મિત્રને મળતી હતી.....સોસાયટીના યુવાનોએ પણ ખાત્રી આપી કે સપના કોઈ જ યુવાન સાથે બોલતી નહોતી કે તેના રૂપને જોઈને આકર્ષાતા યુવાન સામે સપના જોતી સુદ્ધાં નહોતી... એ તો મોટા ભાગે એની બહેનપણીઓમાં....

અરે હાં.... સપનાની ખાસ બહેનપણી એક ન હતી.....શાલુ.....સગી બહેનોકરતાં પણ વધારે પ્રેમ ધરાવતી આ બંને બહેનપણીઓ અવારનવાર એક બીજીને મળતી હતી.... કદાચ એ શાલુને મળવા ગઈ હશે.... વળી પાછી ગોવિંદભાઈ અને લીલાબેનની ચિંતા ઓછી થઈ.....શાલુ આ સોસાયટીમાં જ રહેતી હતી. પણ તેના લગ્ન થઈ ગયા હતા. લગ્ન પછી શાલુ સાસરીમાં રહેવા ચાલી ગઈ હતી. જો કે શાલુના પતિનો વેપાર શહેરમાં જ ચાલતો હોવાથી શાલુ અને સપના એક બીજીને અવાર નવાર મળી શકતી હતી. કેમ કે ધંધાના સ્થળે જ શાલુ પતિ સાથે રહેતી હતી....કદાચ સપના તેના ભાવિ પતિ વિશે વાતો કરવા માટે શાલુના ઘેર ગઈ હશે....

શાલુ અને સપના બંને એક સોસાયટીમાં બાજુ-બાજુમાં જ રહેતી હોવાથી બચપણથી જ બંને સાથે રમતા હતા....

સાથે રમવાનું..... જમવાનું.... ન્હાવાનું-ધોવાનું બધું જ સાથે.... નાનપણથી જ સાથે ઉછરેલી આ બંને સખીઓ બાલમંદિરથી માંડીને કોલેજ સુધી સાથે ભણી હતી.....પ્રાથમિક શિક્ષણ, માધ્યમિક શિક્ષણ, એક સાથે જ લીધું હતું..... એટલું જ નહિં પણ બંને સખીઓ એક જ વર્ગમાં એક જ બેન્ચીસ પર બેસતી. એકવખત તો બંનેને અલગ-અલગ વર્ગમાં બેસાડતાં બંને સખીઓએ આખી સ્કુલ માથે લીધી હતી..... એક જ વર્ગમાં બેસીને ભણવાની જીદ આગળ આચાર્યએ પણ નમતું જોખ્યું હતું અને વર્ગશિક્ષકને કહીને બંનેને એક જ વર્ગમાં બેસાડી હતી. જો કે બંને ભણવામાં પણ પાવરધી હતી. ગૃહકાર્ય સાથે કરતી....પરીક્ષા પૂર્વેની તૈયારીઓ પણ સાથે જ કરતી...

બંને ખાસ બહેનપણીઓ હોવાથી રાત્રિના એક જ પલંગમાં પરસ્પરને આલિંગન આપીને ઊંઘી જતાં.... ક્યારેક શાલુના ઘેર તો ક્યારેક સપનાના ઘેર....

સવારમાં બંનેને ઊંઘમાંથી જગાડવા જતાં સપનાની મા લીલાબેન તેમને ઢંઢોળતા ઢંઢોળતા બબડતાં પણ ખરા કે,

"ખરી છોકરીઓ છે.... આટલી બધી તે લાગણી હોતી હશે.....? જ્યારે જુઓ ત્યારે લાજ શરમ વગરની..... આવડી મોટી થઈ છે પણ જો ને....." અને શાલુ-સપના બંને કઢંગી હાલતમાં સૂતી જોઈને અને બંનેના કપડાં અસ્તવ્યસ્ત હાલતમાં જોઈને લીલાબેન અકળાઈ ઉઠતાં અને બોલતાં..... કપડાંનુંય ભાન રાખતી નથી.....

પણ આ બંને સખીઓમાં ક્યારેય વિખૂટા પડવાનો વિચાર પણ પેદા થયો નહોતો.... હા.... જ્યારે શાલુના લગ્ન થયા ત્યારે તેને વળગીને સપના ખૂબ રડી હતી.... જો કે પછી શાલુ શહેરમાં જ રહેવા આવતી રહી એટલે બંને ફરીથી સાથે રહેવા લાગી હતી....

શલુ અને  સપનાની બહેનપણાની વાત ધ્યાન પર આવતાં શાલુના ઘેર તપાસ કરવા ગોવિંદભાઈ જાતે જ તૈયાર થયા કે તેમને એકબીજો આંચકો આપે એવા સમાચાર મળ્યા, શાલુનો પતિ જ સપનાને ઘેર આવ્યો અને તેમને પૂછપરછ કરે તે પહેલાં જ તેમણે શાલુ વિશે પૂછ્યું.

“શાલુ અહીં આવી છે ?.....”

“શાલુ.....! અહીં તો નથી આવી પણ.... સપના તમારે ત્યાં આવી છે ? અમને એમ કે શાલુને મળવા સપના ત્યાં આવી હશે ?” પ્રશ્નો ગૂંચવાળા પેદા કરવા લાગ્યા.....

“શાલુ ઘેરથી ક્યારની નીકળી છે ?”

“આજે બપોરે....”

“તો.... સપના પણ આજે બપોરે નીકળી છે....કોઈને કહ્યું પણ નથી કે ક્યાં ગઈ છે ?” સિનેમા જોવા ગઈ હોય તોય કહીને જાય..... પણ.

હવે બંનેને શોધવા માટે શાલુના પતિ અને સપનાના પિતા શહેર આખામાં ફરી વળ્યા. સગાવ્હાલામાં ફરી વળ્યા.... ક્યાંયથી બંનેની ભાળ મળી નહીં ત્યારે રાત્રે હારીને થાકીને પાછા આવેલાં બંને જણાં ભગવાન પર ભરોસો રાખી બેસી રહ્યા.... પણ સપનાના મા-બાપ કે શાલુના પતિને ક્યાં ખબર હતી કે કાલે શું થવાનું છે ?

બપોરના સમયે ઘેરથી નીકળેલી આ બંને સખીઓ બસ સ્ટેશનમાં આવી....ક્યાં જવું છે એનું કોઈ આયોજન નહોતું....એટલે બંને સખીઓ પ્રથમ જે બસ આવી એમાં બેસી ગઈ અને અંતિમ બસ સ્ટેશનની ટિકીટો લઈ લીધી.

બસમાં એક જ સીટ પર બેઠેલી શાલુ અને સપના આનંદિત હતી. ઘણાં સમય બાદ જાણે પ્રેમીપંખીડાનું મિલન થયું હોય એ રીતે શાલુ અને સપના ભાવવિભોર બનીગઈ હતી. બસમાં અન્ય મુસાફરો પણ બેઠેલા છે. એનો ખ્યાલ રાખ્યા વગર જાણે બંને સખીઓ હવામાં ઉડતી હતી આજુબાજુ બેઠેલા મુસાફરો આ બંને સામે કુતુહલથી જોતાં હતા. કેટલાંક જુવાન મુસાફરોની  નજર વારંવાર આ બંને યુવાન સખીઓ પર ચોંટી જતી પણ શાલુ-સપનાને એ તરસ્યા યુવાનો સામે જોવાની પણ પડી નહોતી બંને જણીઓ પોતાની મસ્તીમાં મશગુલ હતી.

“ખરેખર કહું સપના... તારા બનેવી હને ખૂબ પ્રેમ કરે છે પણ તારા વગરની એક્ષણો મને જરાય ગમતી નહોતી....”

“હા શાલુ....મને પણ તારા વગર ગમતું નહોતું જરાય..... થોડા દિવસ પછી મારા લગ્ન થઈજાત તો હું તો વિખૂટી પડી જાત.... અને તારા વગર ઝૂરી ઝૂરીને મરી જાત.... આપણી દોસ્તી પાક્કી છે.... એટલે તો આપણે અહીં બસમાં સાથે જઈ રહ્યા છે.....”

“અને હવે.... આપણે ક્યારેય છૂટા નહીં પડીએ..... સાથે જીવશુ સાથે મરીશું....લોકો આપણને સાથેજીવવા તો નહિં દે પણ સાથે મરવા તો દેશે ને....!”

એસ.ટી. બસના છેલ્લા સ્ટેશને બંને બહેનપણીઓ ઉતરી ત્યારે જાણે કે જેલમાંથી મુક્ત થયેલા કેદીથી પણ વધારે ખુશ જણાતી હતી. સામાન કંઈ ખાસ નહોતો એમની પાસે....બંને પાસે એક એક લેડિઝ પર્સ હતા અને તેમાં થોડા રૂપિયા.... બંને સખીઓની તો ભૂખ પણ મરી પરવારી હતી જાણે.... બંને એકબીજાને મળી એ જ એમની ભૂખ સંતોષાઈ ગઈ એવું માનતી હતી.

નજીકના રેલવે સ્ટેશનથી બંને સખીઓ રેલના પાટા પર ચડી ગઈ....અને શહેરથી ઘણે દૂર એકાંતમાં નીકળી ગઈ. એક ઝાડ નીચે બેસીને રાહતનો દમ લીધો અને પછી એકબીજાની સામે લોલુપ નજરે જોઈને પરસ્પર આલીંગનમાં ભરાઈ ગઈ.... ખુશીની મારી ઉછળી પડી હતી બંને સખીઓ....

વનવગડાનું એકાંત હતું..... ક્યારેક ક્યારેક નજીકના રેલવેના પાટા પરથી ગાડી પસાર થતાં શાંત વાતાવરણમાં ખળભળાટ મચી જતો.... રાત્રિ ધીરે

ધીરે ગાઢ બનતી જતી હતી અને અંધકાર એકાંતમાં આ બંને સહેલીઓ ડર્યા વગર એકબીજાની બાહુમાં સમાઈ જઈને ભૂત ભવિષ્ય અને વર્તમાનની વાતો કરતી હતી. બંનેના પહેરેલા કપડાંનાં પણ ઠેકાણાં રહ્યાં નહોતાં એટલી મસ્તીમાં આવી ગઈ હતી જાણે.....

સપનાને પોતાના વગર મા-બાપ શું કરતા હશે અને શાલુને પોતાના પતિ શું કરતો હશે એની જરાય ચિંતા ન હોતી કે બંનેની વાતોમાં તેનો જરાય ઉલ્લેખ થતો નહોતો. આખી રાત જાણે કે બંને સખીઓ સ્વપ્નમાં રાચતી રહી હતી અને.....

પરોઢમાં તો બંને સખીઓ થોડા થોડા કઢંગી હાલતમાં અસ્ત વ્યસ્ત કપડાં સાથે ચિર નિંદ્રામાં પોઢી ગયેલી હાલતમાં પડી હતી.

ત્યાં થઈને નજીકનો કોઈ રહેવાસી કુદરતી હાજતે જવા નીકળ્યો હશે કે તેણે આ યુવતીઓને પડેલી જોતાં જ ચમક્યો..... અને સીધો જ પોલીસને બોલાવી લાવ્યો.... બંને અજાણી યુવતીઓના મૃતદેહ જોતાં જ કાળજુ કંપાવી નાંખે એવું દ્રશ્ય ખડું થઈ જતું.....

પોલીસે કાયદેસરની કાર્યવાહી આટોપી અને બંને યુવતીઓની લાશ પાસેથી મળેલ સરનામા પરથી તેમના સગા વહાલાને બોલાવી તપાસ પૂરી કરી પરંતુ.....

વતનથી ચારસો કિલોમીટર જેટલા દૂર જઈને એક સાથે બંને સખીઓએ ઝેર ઘોળીને જીવનનો અંત આણી દીધો એ આખું રહસ્ય વનવગડાના શાંત વાતાવરણમાં જાણે કે ધરબાઈ ગયું..... બંનેના જીવનના અંત સાથે જ આ ઘુંટાતા રહસ્યનો અંત આવી ગયો. શાલુનો પતિ, સપનાનો ભાવિ પતિ,બંને સખીઓ ઘર છોડીને ભાગી ગઈ એ ઘટના અને ઝેર ઘોળવાની દુર્ઘટના વચ્ચેનો ભેદ સમજ્યા હશો ?

## ૪૭. જોરૂ....જવાન....અને ઝનૂન....

મધરાતનો સમય હતો. સઘળુ ઝંપી ગયું હતું. ગામની સીમમાં ભેંકાર ભાસતો હતો. ક્યાંક ક્યાંકથી ચિબરીના બોલવાનો અવાજ આવતો હતો. દૂર આવેલ તલાવડીના કિનારેથી ટીંટોડીનો અવાજ કાને પડતો હતો. આ સિવાય સર્વત્ર સૂનકાર ભાસતો હતો. એવા સમયે એક આધેડ નારી ડરની મારી ભાગતી હતી. જાણે ભૂત પાછળ પડ્યું હોય એવી રીતે ફાળ ભરતી જઈ રહી હતી. ભયભીત બનેલી આ નારીએ તેના દિયરના ઘરનો દરવાજો ખટખટાવ્યો....અને દિયરના ઘરનો દરવાજો ખૂલે એની રાહ જોવાની પણ ધીરજ ખોઈ બેઠેલી આ નારી “દરવાજો ખોલો.... જલદી....” એવી બૂમો પાડવા લાગી. કોશો દૂરથી દોડીને આવી હોય એમ એની છાતી ધમણની માફક ઉંચી-નીચી થતી હતી. હાંફી ગઈ હતી એ.

ઘરનો દરવાજો ખૂલતાં જ એ ઘરમાં ઘૂસી ગઈ. “ભાભી તમે ! આમ.... અત્યારે અડધી રાતે ! કશું બન્યું હોવાની શંકા જતાં પૂછ્યું.”

“તમારા ભાઈ તો ઉંટગાડી લઈને બાજરી વેચવા શહેર ગયા છે હજુ આવ્યા નથી....પણ....”

“પણ શું ભાભી ? દિયરનો જીવ તાળવે ચોંટી ગયો. મોટાભાઈના કોઈ માઠા સમાચાર તો નથી ને ? એવું વિચારી ઢીલો થઈ ગયો. પણ જ્યારે ભાભીએ વાત કરી એ સાંભળીને તો દિયર પણ સડક થઈ ગયો.”

ગામના સીમાડામાં પોતપોતાના ખેતરનો પાક સાચવવા ખેતરોમાં ખેડુતો મકાન બાંધીને પોતાના કુટુંબ-કબીલા સાથે રહેતા હતા. એટલે બંબે ખેતરવા દૂર છૂટા છવાયા ઘર બન્યા હોવાથી અને ત્યાં કુટુંબ સહિત લોકો રહેતા હોવાથી રાત-મધરાતે ડર લાગે એવું નહોતું. વળી ખેડૂત પત્ની પણ ટેવાઈ ગઈ હોવાથી ડર નામની ચીજ એમના મગજમાં સામાન્ય રીતે ન હોય પણ....

પોતાના ઘરની ઓસરીમાં પોતાના બાળકો સાથે ખાટલામાં પડી પડી જશોદાની આંખમાં ઉંઘ ન હતી. એની પાછળના બે કારણો હતા. એક તો એનો પતિ ઉંટગાડી લઈને શહેરના બજારમાં બાજરી વેચવા ગયા હતા એ હજુ આવ્યા નહોતા એટલે એમની રાહ જોવાની હતી. મધરાત થવા આવી હોવા છતાં પતિ પરત આવ્યા નહીં હોવાથી ચિંતા થતી હતી. બીજું કારણ એ પણ હતું કે, જશોદા જ્યાં સૂઈ રહી હતી ત્યાંથી બે ખેતરવા દૂર આવેલા ખેતરમાં ખેડ કરવા માટે

ટ્રેક્ટરની હેડ લાઈટ ક્યારેક આ બાજુ પણ પ્રકાશ ફેંકતી હતી. ટ્રેક્ટરનો અવાજ એના લીધે જશોદા ઉંઘી શકતી નહોતી.

ખેડ કરતું ગામના સરપંચનું હતું અને એ ટ્રેક્ટર પર નજીકના ગામનો યુવાન કાનો ડ્રાઈવર હતો એ જશોદાને ખબર હતી. આ કાનો હજુ અઠવાડિયા પહેલાં અહીં નજીકમાં રહેતા ખુમાનસિંહના ટ્રેક્ટર પર ડ્રાઈવીંગ કરતો હતો. કાનો અપરણિત હોવાથી ખુમાનસિંહના ઘેર જ ખાતો પીતો હતો અને નોકરી કરતો હતો. ખુમાનસિંહ પોતે કુંવારો હતો. પણ તેનાથી નાનોભાઈ હજુ હમણાં જ પરણ્યો હતો. અને આ ચાર ભાઈઓ વચ્ચે એક બહેન હતી. ૧૮-૧૯ વર્ષની ઉંમરની કૈલાસ પણ કુંવારી હતી. ભાઈના લગ્ન થયા પછી એના માટે મુરતીયો શોધવાનો હતો પરંતુ....

ખુમાનસિંહને જ્યારે એક ગુપ્ત વાતની જાણ થઈ ત્યારે તેનો ગુસ્સો આસમાને પહોંચી ગયો. તેમના ટ્રેક્ટર પર ડ્રાઈવીંગ કરતો કાનો પોતાની બહેન કૈલાસ સાથે આંખો લડાવી રહ્યો હતો. ડ્રાઈવર કાનો એકલતામાં કૈલાસ સાથે છાનગપતિયાં કરતો હતો ત્યારે આ કાનો કૈલાસ સાથે પ્રેમ કરતો હોવાની વાત જાણ્યા પછી ગુસ્સે ભરાયેલા ખુમાનસિંહે કાનાને નોકરીમાંથી કાઢી મૂક્યો અને ત્યાર પછી આ કાનો ગામના સરપંચના ટ્રેક્ટર પર ડ્રાઈવીંગ કરતો હતો એ જશોદા જાણતી હતી.

રાતના બારેક વાગ્યા હશે....

ત્યાં.... અચાનક એક ચીસ સાંભળીને જશોદા સફાળી બેઠી થઈ ગઈ. એ કારમી ચીસ સાંભળીને બેઠી થઈ ગયેલી જશોદાની નજર પ્રથમ જ્યાં ટ્રેક્ટર ફરતું હતું એ તરફ ગઈ અને કોઈ ગર્ભીત ભયથી ફફડી ઉઠી.

કોઈની ચીસ સાંભળી ત્યારે ટ્રેક્ટરનો અવાજ આવતો બંધ થઈ ગયો. અને એટલે ન અનાયાસે જશોદાની નજર ટ્રેક્ટર તરફ ગઈ. ટ્રેક્ટરની હેડલાઈટ તથા પાછળની લાઈટ ચાલુ હતી. ટ્રેક્ટર સ્થિર ઉભું હતું. એટલે કદાચ ટ્રેક્ટરના ડ્રાઈવરની ચીસ હશે. અને એને કોઈએ ગભરાઈ ગયેલી જશોદા આગળ વિચારી ન શકી. અને દોડતી પોતાના દિયરને આની જાણ કરી.

જરૂર કંઈ અઘટતું બન્યું હશે એવું વિચારીને ટ્રેક્ટર માલિક સરપંચને એની જાણ કરી અને સરપંચે નજીકના પોલીસ મથકે જાણ કરી. પોલીસની જીપ આવી જતાં સરપંચ તથા જશોદા અને તેનો દિયર વગેરેને સાથે લઈ પોલીસની જીપ ઘટના સ્થળે પહોંચી.

જીપ ખેતર નજીક ઉભી રાખીને ચાલતાં ટ્રેક્ટર નજીક પહોંચ્યા. શક્તિશાળી ટોર્ચથી પોલીસ અધિકારીએ ઘટના સ્થળનું નીરિક્ષણ કર્યુ. ટ્રેક્ટરથી પચ્ચીસેક ફૂટ દૂર પાછળના ભાગે એક યુવાન પડ્યો હતો. ઝીણવટથી નિરીક્ષણ કરતાં એ યુવાન ટ્રેક્ટર ડ્રાઈવર કાનો હતો અને એનું મોત થઈ ચૂક્યું હતું. તેના માથામાં તથા ચહેરા ઉપર તીક્ષ્ણ હથિયારના ઘા પડેલા હતા. લાશની આજુબાજુમાં ચાર-પાંચ ઈસમોના પગલાં પડ્યા હતા. પોલીસે કોઈને નજીકમાં જવા દીધાં નહીં અને સ્થળ પર ઈન્કવેસ્ટ ભરી ડોગ સ્કવોડ બોલાવી.

પોલીસ ડોગ પગલાં અને ચંપલના નિશાન સુંઘીને ફરતો ફરતો ખેતરાળુ રસ્તે થઈ ખુમાનસિંહના ઘર આગળ પહોંચ્યો ત્યારે ઘરને તાળું હતું. પણ કાનાની હત્યા કરવામાં ખુમાનસિંહ કે તેના ભાઈઓમાંના જ કોઈ સંડોવાયેલા હોવાનું પોલીસને નક્કી થતાં તેમની તપાસ આરંભી અને ટ્રેક્ટર સાથે સગાને ઘેર જતાં રહેલા ત્રણ ભાઈઓને પકડીને પોલીસે પૂછપરછ આરંભી ત્યારે પોલીસના દિમાગમાં ગુનાનો ઈતિહાસ સ્પષ્ટ ગઈ ગયો.

જે થાળીમાં ખાધું એ જ થાળીમાં થૂંકનાર ડ્રાઈવર કાનાને નોકરીમાંથી કાઢી મૂક્યો છતાં પોતાની બહેન કૈલાસ અને કાનો છાનાછપના મળતાં હતાં. લગ્નની મીઠાઈ આપવા પોતાના સગામાં કૈલાસને મોકલી ત્યારે કૈલાસ સાથે તેનો સૌથી નાનો ભાઈ પણ સાથે હતો અને નજીકના રોડ પરથી વાહનમાં બેઠા ત્યારે કાનો પણ સાથે હતો. સગાને ત્યાં મીઠાઈ આપ્યા બાદ પાછા ફરેલી કૈલાસને તથા તેના ભાઈને સાથે લઈને કાનો પોતાના ભાઈની સાસરીમાં પહોંચી ગયો અને એ રાત ત્યાં રોકાયા હતા. અને વાત નાના ભાઈએ મોટાભાઈ ખુમાનસિંહને કરી ત્યારે તેના ગુસ્સાનો પાર ન રહ્યો.

નોકરીમાંથી કાઢી મૂક્યો હોવા છતાં કાનો કૈલાસને મળતો હતો. કૈલાસ કુંવારી હતી. કાના સાથેના તેના આડા સંબંધની વાત સમાજમાં ફેલાશે તો

કૈલાસનો હાથ કોઈ નહિં પકડે અને સમાજમાં આબરૂ જશે. કૈલાસને ઠપકો આપ્યો તો રિસાઈને કૈલાસ કાના પાસે પહોંચી ગઈ. બંનેએ ભાગી જવાનો નિર્ણય કર્યો પરંતુ પાસે ફૂટી કોડી નહોતી. એ રાત પણ કાના સાથે વિતાવીને કૈલાસ ઘેર પાછી ફરી. હવે આ આડા સંબંધનો અંત નહિ આવે. સમાજમાં નાકનો સવાલ હતો. ચહેરા પરની મૂંછનો વટ જાળવી રાખવા ભાઈઓએ ખતરનાક નિર્ણય કરી લીધો અને કાનાનું કાસળ કાઢવાનું કાવતરૂ રચ્યું. તક મળતાં જ ત્રણ ભાઈઓ તથા તેમના કાકા સરપંચના ફરતા ટ્રેક્ટર આગળ પહોંચી ગયા.

હાથમાં લોખંડની કોશ, લોખંડની ખોરીવાળી લાકડી અને ડફણાં સાથે પહોંચી ગયેલા ચારેય જણાએ કાનાને ટ્રેક્ટર ઉભું રાખવા કહ્યું. પોણા ભાગનું ખેતર ખેડી ચૂકેલા કાનાને કલ્પના નહોતી કે બાકીનું ખેતર ખેડવા તે જીવતો રહેવાનો નથી.

જેવું કાનાએ ટ્રેક્ટર ઉભું રાખ્યું કે ખુમાનસિંહ છલાંગ મારીને ટ્રેક્ટર પર ચડી ગયા અને કાનાને પકડીને નીચે પટક્યો. "અમારૂં ખાધુ અને અમારૂ ખોધ્યું ? એનું પરિણામ જોઈ લે...." ઝનૂને ચડેલો ખુમાનસિંહ ટ્રેક્ટર પરથી નીચે કૂદ્યો અને ભાગવા જતાં કાનાનન માથામાં લોખંડની કોશ ખોસી દીધી.

એક ભયંકર ચીસ સાથે કાનો જમીન પર પટકાયો. કાનાને આજે પતાવી જ દેવાનો નિર્ણય કરીને આવેલા ચારેય જણા તૂટી પડ્યા. ખુમાનસિંહે પોતાની કોશથી બીજા ત્રણ ઘા ઝનૂનથી મારતાં કાનાના રામ રમી ગયા.

આડો સંબંધ જ્યારે આડો આંક વાળે છે ત્યારે એનું પરિણામ આથી પણ વિપરિત આવે છે. અને જેના દિમાગમાં ઝનૂન સવાર થઈ જાય છે એ પરિણામનો પણ વિચાર કરતો નથી.

## ૪૮. તારી દીકરી તેના પ્રિયતમ સાથે જુવારના ખેતર મધ્યે મોતની સોડ તાણીને સૂતી છે?

શિયાળાનો સમય હતો. સમી સાંજે સૂર્ય આથમકી ચૂક્યો હતો. સીમમાં ગયેલા ખેડૂતો પોતાના બાળકો સાથે ઘેર પરત ફરી રહ્યા હતા. કોઈક કોઈક બળતણના લાકડાં તો કોઈ દૂઝણી ગાય માટે ઘાસચારાના પોટલા માથે મૂકી ઘર ભણી જઈ રહ્યા હતા ત્યારે ગામના મુખી ગણાતા રાવજી કાકા પોતાના ખેતરમાં મૂઢ બનીને ઊભા હતા. તેમની સાથે તેમનાં ધર્મપત્ની જીવીકાકી પણ હતા. રાવજીકાકા ઠંડી નજરે ખેતરમાં તાકી રહ્યા હતા.

ખાસ્સા લાંબા પહોળા ખેતરમાં તેમણે જુવાર કરી હતી. કેડસમાણી આવી પહોંચેલ જુવાર પવનના લહેરકા સાથે ડોલી રહી હતી પણ રાવજીકાકાની નજર તો ખેતરની વચ્ચો વચ્ચ સરખા ભાગ પર ઊંચી થઈ ગયેલી જુવાર ઉપર હતી. બે ખાટલા ઢળાય એટલી જગ્યામાં જુવારનો પાક અલગ તરી આવતો હતો. રાવજીકાકાની આંખો ભીની થઈ ગઈ પણ પછી પોતાની પત્ની જોઈ જશે એવા ડરથી તેમણે આંખો લૂંછી નાંખી અને નજર ફેરવી લીધી. પરંતુ તેમની હાલત પારખી ગયેલા જીવીકાકીએ પૂછ્યું પણ ખરૂં....

"શું થયું.... કેમ આંખો ભીની થઈ ગઈ....? આમ એકી ટસે જોઈ રહો તો આંખમાં પાણી ભરાય જ ને?...."

ત્યારે રાવજીકાકા જાણે કડવો ઘૂંટ ગળી જતાં હોય તેમ કંઈ પણ બોલ્યા વિના હાથમાં નાનો ડંડો લઈને ચાલવા લાગ્યા. તેમને અનુસરતા જીવીકાકી પણ ચાલતા થયા પણ તેમની નજર પણ ખેતરની મધ્યમાં અમૂક ભાગે જુવાર અલગ રીતે ઉપસી આવેલ તે ભાગ પર પડી અને અમસ્તા પૂછી બેઠા : "કહું છું સાંભળો છો?.... ખેતરમાં વચ્ચો વચ્ચ પેલી જુવાર કેમ આટલી ઊંચી થઈ ગઈ હશે....?"

પત્નીના પ્રશ્નનો જવાબ આપવાને બદલે રાવજીકાકા ઉભા રહી ગયા.... ફરી પાછી ખેતર મધ્યે નજર નાંખી અને તેમની આંખ ફરીથી ભરાઈ આવી.... અને ત્યારે જીવીકાકીને ખ્યાલ આવ્યો કે આ ખેતરમાં જ્યારે ખેડ કરીને જુવાર વાવવામાં આવી હતી ત્યારે... ત્યારે જ તેમની એકની એક પુત્રી લીલી અચાનક ગૂમ થઈ ગઈ હતી. રાવજીકાકા અને પુત્ર કુશવે જીવીકાકીનું મન રાખવા માટે લીલીની ઘણી શોધખોળ કરી હતી પણ ક્યાંય લીલી મળી આવી નહોતી. કાકડી જેવી કાયા ધરાવતી અઢારેક વર્ષની ઉંમરની લીલી ઘરમાં લાડકોડથી ઉછરી હતી. મા-બાપ, ભાઈ-ભાભી બધાને વહાલી હતી.... પાંચેક ચોપડી ભણેલી લીલીની સગાઈ થઈ ત્યારે લીલી ઘણું બધું રડી હતી. પણ એનાં આંસુને કોઈ પામી શક્યું નહોતુ.

લીલીના ઘઉંવર્ણા શરીર ઉપર લીલા કલરનો કબજો અને ચણિયો ખૂબ શોભતા....યૌવન હિલોળા લેતું હતું. રાવજીકાકાએ પોતાના ખેતરમાં કામ કરે અને ખેતરનું રખોપું કરે એવો માણસ બાદલને કામે રાખ્યો હતો. બાદલ જુવાન હતો.... દેખાવડો હતો. તેને ખેતરમાં કરવાનું હોવાથી રાવજીકાકની મંજુરી લઈને તેણે ખેતરમાં એક ખૂણા ઉપર નાનકડી ઝુંપડી બનાવી હતી. સૂવા માટે ખાટલો અને ગોદડા ઉપરાંત પાણીનું માટલું, ચ્હા પીવા માટે કીટલી, તપેલી, એક થાળી વાટકો, પ્યાલો બધું જ રાવજીકાકાએ આપ્યું હતું.

લીલોતરા પાકની લહેરાતી લહેરોનું વાતાવરણ બાદલને ગમતું. ના છૂટકે જ તે રાવજીકાકાના ઘેર જતો ત્યારે લીલી શરમાઈને ભઠ વરી જતી. ચહેરો તેનો લાલ લાલ થઈ જતો. તેની ભાભી લીલીના આ ફેરફારને જોતી પણ કશું કહેતી નહોતી. ઘેર આવેલા બાદલને પીવા માટે પાણી કે ચ્હા આપવા પણ લીલી જતી નહોતી... જોકે લીલી જ્યારે ખેતરમાં તેની ભાભીની સાથે જતી ત્યારે તેનું અંગેઅંગ ખીલી ઉઠતું.... ઘાસ કાપતી ભાભીની નજર ચૂકવીને તે ખેતરના ખૂણામાં બાંધેલી છાપરી તરફ મીઠી નજરે જોઈ લેતી.... પણ એકલી ત્યાં જવાની હિંમત કરી શકતી નહોતી.

પણ એક દિવસ...

પિયરમાં લગ્ન પ્રસંગે ભાભી ગયા અને તેમની સાથે તેનો ભાઈ પણ ગયો ત્યારે ખેતરમાંથી ઘાસચારો લાવવાની જવાબદારી લીલી ઉપર આવી પડી. જો કે આ જવાબદારી લીલીએ ઉમળકાથી ઉપાડી લીધી. બની ઠનીને ખેતરમાં ગઈ ત્યારે છાપરીની બહાર ખાટલો ઢાળીને સૂઈ રહેલા બાદલને તે ક્યાંય સુધી જોઈ રહી. પછી સીધી ઘાસ કાપવાના કામે લાગી ગઈ. માંડ તેણે થોડું ઘાસ કાપ્યું હશે કે તે એકદમ ઉભી થઈ ગઈ. તેની પાછળ બાદલ આવીને ઊભો હતો. લીલી શરમાઈને નીચું જોઈ ગઈ.

"લાવ દાતરડું....હું ઘાસ કાપી આપું છું....." એમ કહીને બાદલે લીલીના હાથમાંથી દાતરડું લીધું ત્યારે અનાયાસે બાદલનો હાથને સ્પર્શી ગયો ત્યારે લીલીના આખા શરીરે ઝણઝણાતી વ્યાપી ગઈ અને લજામણીના છોડની માફક સંકોચાઈ ગઈ લીલી....

અને ત્યારથી રોજ લીલી ઘાસ લેવા આવતી. ઘાસનો ભારો માથે લઈને બાદલ લીલીની સાથે ગામની ભાગોળ સુધી આવતો.... ધીરે ધીરે બંને નજીક આવવા લાગ્યા. ઘાસનો ભારો માથે ચડાવતાં અને ગામની ભાગોળેથી બાદલના માથેથી પોતાના માથે ભારો લેતી વખતે લીલીનું શરીર બાદલના ખડતલ શરીર સાથે દબાતું-પીસાતું....બંને વચ્ચે આકર્ષણ જન્મ્યું....ખેતરમાં હરિયાળી વચ્ચેના વાતાવરણમાં આ યુવાન હૈયાને એકાંત મળ્યું....અને પ્રેમના અંકુર ફૂટ્યા....પછી તો આ પ્રેમાંકુરની કૂંપણો ફૂટી અને લીલી-બાદલ સંસારની, સમાજની મર્યાદારેખા પણ ઓળંગી ગયા....લીલીને બાદલનો સહવાસ ગમવા લાગ્યો. પ્રેમ પ્રકરણમાં બંને ઘણાં બધાં આગળ નીકળી ગયાં હતાં.

સાસરે આવેલી ભાભીએ લીલીના શરીર અને વર્તનમાં ઘણો ફરક જોયો અને તપાસ કરી, તો તેની ગેરહાજરીમાં ખેતરમાં લીલીએ ઘણું બધું ન કરવાનું કરી નાખ્યું હતું એટલી હદ સુધી કે જો તેનાથી બાદલને એક દિવસ પણ અલગ કરવામાં આવે તો સારસ બેલડીમાંથી વિખુટી પડી ગયેલ સારસી માથું પછાડી પછાડીને મરી જાય એવા વસમા પરીણામ આવવાની સંભાવના હતી. ભાભીએ કેશવને શાંતિથી માંડીને વાત કરી કેશવ ઉકળી ઉઠ્યો પણ તેને સમજાવતા અને પાણીમાંથી પોરો કાઢવાની સલાહ આપી.... કેશવને ઠીક લાગ્યું અને તેણે પિતા રાવજીકાકાને વાત કરી ખાનદાની લોહી ગરમ હતું. બાદલના કટકા કરી નાખવાનો ઉશ્કેરાટ થયો પણ તેનાથી તેમની એકની એક દીકરી લીલીના જીવનું જોખમ હતું. એ વાતને ધ્યાનમાં રાખી મનમાં ને મનમાં સમસમી ગઈ.

બાપ-દીકરાએ બેસીને વચ્ચેનો માર્ગ કાઢ્યો અને સારૂં ઠેકાણું જોઈને લીલીના હાથ પીળા કરી દેવા મુરતિયો શોધ્યો.... તાત્કાલિક સગાઈ પણ કરી દીધી અને જેમ બને તેમ વહેલી તકે લગ્ન આટોપાઈ જાય પછી બાદલનું કરવું હશે તે થશે એમ વિચારીને બાપ-દીકરો બંને લગ્નની તૈયારીમાં પડ્યા. બાપ-દિકરો તો શું પણ ખુદ ભાભીએ લીલીને એ વાત કળવા નહોતી દીધી કે બાદલ સાથેના તેના અનૈતિક સંબંધોથી તેઓ વાકેફ છે. બલ્કે લીલીને ખેતરમાં જવા દેવા માટે પણ કોઈ પ્રતિબંધ નહોતો....માત્ર તે જ્યારે ખેતરમાં જાય ત્યારે તેની સાથે તેની

ભાભી જરૂર રહેતી....નણંદ-ભોજાઈ સાથે જ ખેતરે જતા અને પરત ઘેર આવતા....લીલીની સગાઈ થઈ ત્યારે તે ઘણું બધું રડી હતી એ બાદલના ભાવિ વિયોગના વિચારથી રડી હોવા છતાં તેને તેની ભાભીએ એ બાબતે પૂછ્યું નહોતુ... માત્ર છાતી સરસી ચાંપીને કહ્યું હતું કે "નણંદબા....એકને એક દિવસ તમારે સાસરે તો જવું જ પડશે.... આ ઘર છોડવું જ પડશે....તમે મા-બાપુની ચિંતા ના કરો....હું એમની સેવા કરીશ...."

"પણ ભાભી...." ગળે સુધી આવી ગયેલા શબ્દો લીલી બોલી ન શકી. જોકે તે જે કંઈ કહેવા માંગતી હતી તે તેની ભાભીથી કાંઈ અજાણ્યું નહોતું.

અને થોડા જ દિવસો બાદ લીલી અચાનક ગૂમ થઈ ગઈ....સાથે બાદલ પણ અદ્રશ્ય થઈ ગયો હતો. પિતા - પુત્રએ લીલી બાદલ સાથે ભાગી ગઈ છે એવી વાત વહેતી મૂકી અને શોધખોળ પણ કરી.....પણ આ દુનિયામાં લીલી કે બાદલ હયાત હોય તો મળે ને.....?

ખેતરમાં ખેડ કરી હતી. જુવારની વાવણી કરવાની હતી....એવા સમયે સાંજના ખેતરમાં બાદલને વાવણીની સમજણ આપવા ગયેલા રાવજીકાકાએ ન ધારેલું દ્રશ્ય જોયું. આંખોમાં આંસુ અને ખુન્નસ બંને તરી આવ્યા.

ખેતરના ખૂણે બનાવેલી છાપરીમાં ઢાળેલા ખાટલામાં બાદલ અને લીલી કઢંગી હાલતમાં પડ્યા હતા....બંનેની આંખો અર્ધખુલ્લી હતી. મોંઢામાંથી ફિણ વહી ગયેલા હતા.....લીલીના કબજાના તમામ બટન તૂટી ગયા હતા. ચણિયો ઊંચો ચડી ગયો હતો.... બાદલ પણ જાંગીયા ભેર હતો....ધ્યાનથી જોતાં ખાટલા નજીક જંતુનાશક ઝેરી દવાનું ડબલું પડ્યું હતું.... એકદમ ખાલી ડબલું....બંને જણા ઝેરી દવાનું આખું ડબલું ગટગટાવી ગયાં હતાં.

સ્તબ્ધ થઈ ગયેલા રાવજીકાકાએ નીચે પડેલું એક ગોદડું બંનેની ઉપર નાંખી દીધું અને ઉતાવળે પગલે ઘર તરફ ભાગી ગયા....રાત્રિનો અંધકાર અવનિ પર ઉતરી રહ્યો હતો. નજીકના શહેરમાં લગ્નની ખરીદી કરવા ગયેલો કેશવ આવ્યો કે તેને રાવજીકાકાએ એક બાજુ બોલાવી લીધો. જીવીકાકીએ કેશવની પત્નીને ખબર ના પડે એટલા માટે ખેતરના બનાવની છાની વાત કરી બંને બાપ-દીકરાએ નિશ્ચય કર્યો. ઘરમાં કોઈને ખબર પડે નહિં એટલા માટે બંને જમ્યા અને પછી ખેતરમાં અત્યારે જ ખેડ કરવાની છે એમ કહીને બંને જણા પાવડો કોદાળી લઈને નીકળી પડ્યા...લોકો જાણશે અને પોલીસ કેસ થશે એવા ડરથી બાપ-દીકરો ગભરાઈ ગયા હતા.

ખેતરમાં જઈને બેટરીના અજવાળે બાપ-દીકરાએ ફરીથી બાદલ અને લીલીની લાશો ધ્યાનથી જોઈ અને પછી પાવડો-કોદાળી લઈને ખેતરના મધ્ય ભાગમાં ગયા.... પાંચેક ફૂટ ઊંડો ખાડો કર્યો અને બંનેની લાશો ગોદડા સહિત ખાડામાં દફનાવી દીધી. સાથે સાથે દવાનો ડબ્બો,કપડાં વગેરે પણ સાથે જ દફનાવી દઈ ખાડો પૂરી દીધો. ઘણું બધું દબાણ કર્યુ પણ ખેતર મધ્યે સાધારણ ટેકરો થઈ ગયો....આખી રાત મહેનત કરીને બાપ દીકરાએ જુવારની વાવણી કરી દીધી.....પણ કેડ સમાણી આવેલી જુવારમાં ખેતરના મધ્યભાગમાં માથોડું ઊંચી જુવાર નજર ખેંચે તેવી હતી.

આખું દ્રશ્ય ભૂતકાળનું રાવજીકાકાની આંખ સામે તરી આવ્યું હતું.... એ કઈ રીતે પોતાની પત્ની જીવીકાકીને વાત કરે કે એની વ્હાલસોયી દીકરી બાદલ સાથે ભાગી નથી ગઈ પણ એ તો આ દુનિયા છોડી ગઈ છે અને આ સામે દેખાય એ માથોડું ઊંચી જુવાર નીચે તારી લીલી માટી થઈ ગઈ છે?

જો કે ઘણા સમય પછી આ જગ્યાએથી માથું ફાટી જાય એવી દુર્ગંધ મારતાં કોઈક પોલીસને ખબર કરી અને શંકાને આધારે પોલીસે ઉભી જુવારના ખેતરના મધ્યે ખોદાવતાં અંદરથી બે હાડપીંજર નીકળ્યા હતા. સાથે ઝેરી દવાનો ડબ્બો પણ નીકળ્યો હતો અને ત્યારે રાવજીકાકાએ ગુનાનો પુરાવો નાશ કરવાનો ગુનો કબૂલી લીધો હતો.

## ૪૯. બાળોતીયાની બળેલી-ગામડાની ગોરી

ઉનાળાનો સમય છે. રાત પડી ગઈ હતી. ગરમીને કારણે લોકો ઘરની બહાર ફળિયામાં ખાટલા ઢાળીને સૂતાં હતાં. કેટલાંક ધાબે ચડીને ઠંડી હવા ખાતા નિંદ્રામાં પોઢી ગયાં હતાં. પરંતુ એક ઘરની રવેશીમાં ખાટલામાં સૂઈ રહેલી નીલાબેનની આંખમાં ઊંઘ નહોતી.... પણ આંખોના ખૂણામાંથી આંસુની ધારા

વહી રહી હતી.... એમની એકની એક દીકરી સેફાલી ચૌદ વર્ષની હતી ત્યારે જ ઘર છોડી ગઈ હતી.... ચાર ચાર વર્ષ થયા હોવા છતાં સેફાલીનો કોઈ પત્તો મળ્યો નહોતો.... સેફાલી ગઈ એ વખતે ઉનાળો હતો.... એટલે દર ઉનાળની ઋતુમાં નીલાબેનને સેફાલી ખૂબ યાદ આવતી હતી....

સેફાલી એમના પ્રથમ પતિની નિશાની હતી. નીલાબેને પ્રેમ લગ્ન કર્યા હતાં. પરંતુ બે બાળકો થયા પછી પતિ-પત્ની વિખૂટા પડ્યાં હતાં. ત્યારબાદ અન્ય પુરૂષ સાથે ફુલહાર કર્યા હતા. પણ એ લગ્નસંબંધ ઝાઝો સમય નહિ ટકતાં આખરે તેમને ત્રીજા લગ્ન કરવા પડ્યાં હતાં. પણ પ્રથમ પતિથી થયેલ સેફાલીને નીલાબેન ત્રીજા ઘેર પણ સાથે લાવ્યા હતા. ચૌદ ચૌદ વર્ષ સુધી સેફાલી પોતાની આંખો આગળ મોટી થઈ હતી અને ચાર વર્ષથી આંખોથી ઓજલ થઈ જતાં એની ચિંતા સતત રહ્યા કરતી હતી. ક્યારેક તો સેફાલીના નામની ભ્રામક બૂમો પણ પાડી ઉઠતાં નીલાબેન સેફાલી નથી એવું ભાન થતાં ધ્રૂસકેને ધ્રૂસકે રડી પડ્યા હતા.

આજે પણ સેફાલી ખૂબ યાદ આવી રહી હતી. છતાં નીલાબેનની આંખો નિંદ્રામાં ઘેરાઈ હતી અને ત્યાંજ.....

“મમ્મી....મમ્મી....મા....કાકા....” કોઈ યુવતીનો અવાજ આવતાં નીલાબેનની આંખો ખૂલી ગઈ પછી દર વખતની માફક માત્ર ભ્રમ થયો હશે એમ માનીને વળી પાછા સૂઈ ગયા. સેફાલી તેના પાલકપિતાને કાકા કહેતી હતી અને નીલાબેનને મમ્મી..... કોઈ વખત લાગણીસભર થઈને મા પણ કહેતી....

“મા....એ મા....” બીજી વખત અવાજ સાંભળીને નીલાબેન સફાળા બેઠા થઈ ગયા. “કોણ છે ?” એમ પૂછતાં પૂછતાં તેમણે ઉભા થઈને રવેશીની લાઈટ ચાલુ કરી પૂછ્યુ : “કોણ?”

“મા.....એ તો હું છું મમ્મી....સેફાલી....”

કેડમાં એક નાના બાળક સાથે ઉભેલી વીસેક વર્ષની યુવતી બોલી. એની પાસેનું બાળક પણ રડતું હતું.

“સેફાલી....! તું.... અત્યારે....બેટી આ....” નીલાબેનથી આગળ કશું બોલાયું નહીં.

“તમે શાંત થાવ બેન....” સેફાલીની સાથે આવેલી આધેડ ઊંમરની મહિલા બોલી ... “તમને બધી શાંતિથી વાત કરીએ છીએ.... આ તમારી દીકરી તમારા ગામમાં રહેતા આશિષ સાથે ભાગી ગયેલી પણ પછી એની જે હાલત થઈ એ આ ચાર વર્ષમાં આખી જીંદગીનો સિતમ ગુજારાયો છે.”

વર્ષો પછી મળેલી મા-દીકરી એકબીજાના સહારે ખૂબ રડી અને પછી એ આખી રાત તેઓ ઊંઘી ન શક્યા સેફાલીની સાથેની બાર મહિનાની નાની દીકરી મહિનાઓ પછી શાંતિથી નિંદર માણવા લાગી. અને મા-દીકરી વિયોગ અને વિતકની વાતો કરવા લાગી.

નવમું ધોરણ ભણેલી સેફાલી તેની કાચી ઉંમરે પણ મધ્યમ કદનું શરીર ધરાવતી... ઘઉંવર્ણી અને ગોળ ચહેરો....તીણી આંખોથી જાણે જોબન છલકાવતી હતી. તેને ગામમાં પોતાની બહેન સાથે રહેતા આશિષ નામના યુવાન સાથે પ્રેમ થઈ ગયો.... આશિષનું વ્યક્તિત્વ પણ જાણવા જેવું હતું.... અગાઉ તે પોતાના મોસાળમાં રહેતો હતો ત્યાં કોઈક છોકરીને પ્રેમજાળમાં લપેટીને ભગાડી લાવ્યો હતો પણ પછી પોલીસ કેસ થતાં જ તે જેલમાં પણ જઈ આવ્યો હતો. એ છોકરીને એના મા-બાપ લઈ ગયા ત્યારબાદ આશિષ જેલમાંથી છૂટ્યો હતો. તેની બહેન કે જે સેફાલીના ગામમાં રહેતી હતી.... તેણે મા-બાપની ઈચ્છા વિરૂધ્ધ પરજ્ઞાતિના યુવાન સાથે લગ્ન કર્યા હતા. પોલીસ કેસ થતાં પ્રેમલગ્નમાં સમાધાન થયું અને આશિષની બહેન તેના પ્રેમ સાથે રહેવા ચાલી ગઈ. તેના પ્રેમીપતિ વિદેશમાં કમાણી કરવા ઉપડી ગયો. ત્યારે તેનો ભાઈ આશિષ તેની પાસે રહેવા આવ્યો.

આશિષની મા વર્ષો પહેલાં ભરજુવાનીમાં વિધવા થતાં તે એક બ્રાહ્ણને લઈને ભાગી અને એક મંદિરમાં તે બ્રાહ્મણપતિ સાથે સેવાપૂજા કરી રહેવા લાગી. આ બંનેના પ્રેમ સંબંધથી આશિષ અને તેની બહેનનો જન્મ થયો. બંને બ્રહ્મણ કહેવાયા....ત્યારબાદ તેમના મા-બાપ ગુજરી ગયા....આશિષ મોસાળમાં રહેવા લાગ્યો અને બહેન તેની સાસરીમાં રહેતી હતી. ત્યાં બહેનના ઘેર રહેતો આશિષ સેફાલીના પ્રેમમાં પડ્યો. પણ એક વખત પોલીસ કેસમાં ફસાયો હતો એટલે બીજી વખત તે ભૂલ કરવા માંગતો નહોતો. સેફાલીની ઉંમર ઓછી હતી. તે

પુખ્ત ઉંમરની થયા પછી જ તેની સાથે લગ્ન કરશે એમ સમજાવીને રાખતો હતો સેફાલીને પરંતુ તેમના છાનગપતીયાંની જાણ સેફાલીના પાલકપિતાને થતાં તેમણે સેફાલીને અન્ય સ્થળે પરણાવી દેવા માંગતા હતા પરંતુ એક દિવસ સેફાલીને જોવા આવેલા મહેમાનો ઘેર રાહ જોતાં રહ્યા અને સેફાલી ઘર છોડીને નીકળી ગઈ.સીધી આશિષ જોડે અને વળગી પડી.

"આશિષ....તારે જે કરવું હોય તે કર પણ મને અહીંથી લઈ જા નહિંતર મારા કાકા મને બીજે પરણાવી દેશે....જો તું મને નહિં લઈ જાય તો હું ઘેર પાછી જવાની નથી હું ઝેર પીને મરી જઈશ....."

આખરે મજબૂર બનીને આશિષ સેફાલીને લઈને ભાગ્યો..... અને સો ગાઉ દૂર રહેતી પોતાની દૂરની બહેનના ઘેર પહોંચ્યો. તેણે બહેન આગળ પોતે સેફાલી સાથે લગ્ન કરીને આવ્યો છે એવી વાત કરી અને ત્યાં આશરો મેળવ્યો.... રાત્રે બંને જણાં ઊંઘી ગયા અને એ વખતે સંસારના તમામ બંધનો તોડીને બંને જણાંએ શરીર સુખ માણ્યું ત્યારે સેફાલી ભાવવિભોર બની ગઈ હતી અને જીંદગીમાં ક્યારેય આશિષને છોડીને નહીં જાય.... તેને દગો નહિં કરે એવા વચનો આપ્યા....પણ આવા વચનો કળિયુગમાં કોઈએ પાળ્યા છે ? છતાં પરસ્પર વચનોથી બંધાયેલા સેફાલી અને આશિષ બીજી રાત્રે પણ પતિ-પત્ની તરીકેનું સુખ મેળવી ત્રીજા દિવસે ત્યાંથી રવાના થયા.

પ્રેમ કરીને ભાગ્યા તો ખરા પણ હવે....? પ્રેમ ખાઈને જીવાય તો નહીં એના માટે પૈસા જોઈએ અને પૈસા માટે કામ કરવું પડે.... બંને જણાં એક શહેરમાં આવ્યા.....આશિષે નોકરી શોધી લીધી અને સેફાલી ઘરકામ કરવા લાગી.... બંને જણા એક ચાલીમાં ભાડાની રૂમમાં રહેવા લાગ્યા.... એડવાન્સ પગાર લઈને થોડું રાશન ખરીદી લીધું. અને દૂધ નજીકમાં રહેતા એક રબારીને ત્યાં ઉધારેથી લેવાનું ચાલુ કર્યું.

નવા નવા નવ દિવસ એવી કહેવત કાંઈ ખોટી નથી. અગ્નિની સાક્ષીએ ચાર ફેરા ફરીને આવેલી પરણેતર પણ પાંચમાં દિવસે પોત પ્રકાશતી હોય છે જ્યારે આ તો માત્ર પ્રેમ.....શરીરના બાહ્યાકર્ષણથી પ્રેરાઈને ભાગવાની ભુલ કરી બેઠેલા આ પ્રેમી પંખીડાનું જીવન કેટલું સફળ થાય ? સેફાલીની સિનેમા જોવા જવાની, કપડાં ખરીદવાની જીદથી આશિષ અકળાતો અને સેફાલીને મારઝૂડ પણ કરતો. બીજી તરફ દૂધના પૈસા પણ ચડી ગયા હતા જેના પૈસાની ઉઘરાણી રબારીનો યુવાન અને અપરણિત છોકરો સેફાલી પાસે વારંવાર કરતો હતો.

આ દરમ્યાન લોડીંગનું કામ કરવા જતો આશિષ બિમાર પડ્યો....એક તરફ પૈસાની તૂટ અને બીજી તરફ કમાનાર પ્રેમી બિમાર પડ્યો. તો ત્રીજી તરફ દૂધના ચડેલા પૈસા વાળવાના હતા.

સેફાલીએ ચારિત્ર્ય દેખાડ્યું....બિમાર પડેલા આશિષ તેને પૂરતું ખાવાનું લાવી આપવા અસમર્થ હતો ત્યાં તેના મોજશોખ ક્યાંથી પૂરા કરવાનો હતો ? વિચાર કરીને સેફાલીએ એક નિર્ણય લઈ લીધો....રબારીનો જુવાન દીકરો આમેય તેને પસંદ હતો એટલે સેફાલીએ થોડાં નખરા દેખાડ્યા એટલે પલળી ગયો. દૂધ લેવાના બહાને સેફાલી આ રબારી યુવાનના બાહુપાશમાં આવતી અને શરીરસુખ માણીને પાછી આશિષ જોડે જતી રહેતી....તેના બદલાયેલા સ્વભાવથી વહેમાતો આશિષ તેની સાથે ઝઘડતો. અને આ ઝઘડાનો અંત લાવવા રબારી યુવાન સાથે સેફાલીએ લગ્ન કરવાની વાત કરતાં રબારી યુવાને તેને રબારણનો પહેરવેશ પહેરાવી ઘરમાં રાખી લીધી. પંદર દિવસ સુધી સેફાલી રબારીની સાથે તેની પત્ની તરીકે રહી.... આ વાતની જાણ આશિષના એક મિત્ર થતાં તેણે સેફાલીને સમજાવી કે આ રીતે તારૂં જીવન સુખી નહીં થાય એના કરતાં ચાલ મારી સાથે તને સારા ખાનદાનમાં પરણાવીને સુખી કરી દઉં. સેફાલી લાલચમાં લપેટાઈ.

આશિષ અને રબારી યુવાન રહ્યા પડતાં. સેફાલી આશિષના મિત્રની સાથે ભાગી ગઈ.....પણ આ સેફાલીની ત્રીજી ભૂલ હતી. પેલો યુવાન દલાલ નીકળ્યો.... આની જાણ થતાં સેફાલી ભાંગી પડી....તેનું યૌવન ચટકા દેતું હતું હવે પાછી આશિષ જોડે જઈશ તો આશિષ તો હવે નક્કામો થઈ ગયો હતો. એક તો બિમાર એટલે તેની સેવા કરવી પડશે જ્યારે રબારી યુવાન પાસે પણ પોતે કરેલા દગાને કારણે જઈ ન શકે. પોતાના વતનમાં મા-બાપ પાસે પણ જઈ ન શકે...સેફાલી ઉપડી આશિષના દૂરની બહેનના ઘેર જઈને પોકે પોકે રડવા લાગી. એટલે એને પૂછ્યું કે કેમ રડે છે? અને એકલી કેમ આવી છે આશિષ ક્યાં ગયો ?

કઠણ કાળજાવાળી સેફાલીએ કહી દીધું: "આશિષ....તો... બિમાર

પડીને મરી ગયો એટલે હું અહીં આવી છું.....મારા મા-બાપ પણ મરી ગયા છે અને આશિષ પણ મરી ગયો.....મારો કોઈ આધાર રહ્યો નહીં એટલે તમારા આશરે આવી છું..... મને તમારા ત્યાં રાખો...."

અભિનય સાથે કરેલી વાત આશિષના બહેન-બનેવી માની ગયા અને નિરાધાર સેફાલી બિચારી ક્યાં જાય એવું વિચારીને તેને રાખી લીધી.... ઘરકામમાં તથા ખેતીકામમાં મદદ કરતી સેફાલી કુટુંબના એક સભ્ય તરીકે ભળી ગઈ પણ પછી.....? સેફાલીની ઉંમર માંડ પંદર સોળ વર્ષની થઈ હશે અને આટલી નાની ઉંમરમાં બે પતિ સાથે શરીર સુખનો સ્વાદ ચાખીને આવી હતી. એટલે તે શારિરીક સહવાસ વિના દિવસો પસાર કરે? જે ઘરમાં રહેતી હતી એ જ ઘરમાં એક યુવાન પણ રહેતો હતો. આશિષની બહેનનો છોકરો સતીસ સતીસના લગ્ન નાનપણમાં થયા હતા પણ તેની નાની ઉંમર હોવાથી તેડી લાવ્યા નહોતા. આ સતીસ ઉપર નજર નાંખી સેફાલીએ.

ખેતરમાં ક્યારેક ક્યારેક સાથે કામ કરવા જતાં સેફલી અને સતીસ બંને વચ્ચે પરિચય ગાઢ બનતાં ધીરે ધીરે બંને નજીક આવ્યા અને સેફાલીની કામણગારી કાયાએ સતીસને લલચાવ્યો અને બંને જણાં ખેતરમાં એકાંત મળતાં જ રંગરેલીયા મનાવવા લાગ્યાં. આ વાતની જાણ સતીસના મા-બાપને થતાં ઠપકો સાંભળવો પડ્યો પણ પછી બંને જણા ત્યાંથી પણ ભાગ્યા અને દૂર જઈને એક ફેક્ટરીમાં રહેવા લાગ્યા. ત્યાં શોધતા આવેલા સતીસના પિતાએ બંનેના લગ્ન કરી આપવાનું વચન આપતાં બંનેજણા પાછાં આવ્યાં. તેમને ખેતરમાં બાંધેલા જૂના ઓરડામાં રહેવા દીધા. સેફાલીને જોઈતું હતું એ મળી ગયું..... ભૌતિક સુખ અને પતિ સુખ પણ.... મજાની રહેવા લાગી સેફાલી એને ન તો એનો પ્રેમી આશિષ યાદ આવ્યો કે ન તો તેનો બીજો પતિ રબારી યાદ આવ્યો.... મા-બાપને તો પ્રથમથી જ ભૂલાવી દઈને આવી હતી.

આ બાજુ સતીસ સાથેના શરીર સંબંધથી સેફાલી ગર્ભવતી બની..... બે વર્ષ સુધીના આ શરીર સંબંધથી ગર્ભવતી બનેલી સેફાલીએ નાની બાળકીને જન્મ આપ્યો....નામ રાખ્યું સોનાલી....બારેક મહિનાની સોનાલી થઈ ત્યાં સુધી સતીસના મા-બાપને પણ પુત્રની પુત્રીને રમાડવાનો લ્હાવો મળ્યો. સતીસ પણ સોનાલીને ખૂબ વ્હાલ કરતો હતો. સેફાલી તો જાણે સ્વર્ગ સમાન સંસાર મળી ગયો હતો. પતિ મળ્યો....પુત્રી મળી.....સાસુ અને સસરા પણ મળ્યા અને આનંદથી રહેવા લાગી ત્યાં એના જીવનમાં નવો ફણગો ફૂટ્યો.

બિમાર હાલતમાં ત્યજી દીધેલો આશિષ સેફાલીને શોધતો શોધતો આવી ચઢ્યો....એણે જ્યારે પોતાની પ્રેમિકા સેફાલીને એક નાની બાળકી સાથે જોઈ ત્યારે તેના દિલને એક આંચકો લાગ્યો.... દગાખોર સેફાલીએ આશિષને છોડીને રબારી સાથે રંગરેલિયા મનાવ્યા બાદ તેની બહેનના પુત્ર આશિષનો ભાણો સતીસ સાથે પણ પોતાની હવસ સંતોષવા શિકાર બનાવ્યો એ બધું જાણી ચૂકેલો આશિષ ઉશ્કેરાઈ ગયો હતો પણ કોણ જાણે કેમ આવી ચારિત્ર્યયુક્ત સેફાલી પ્રત્યે હજુ પણ તેને પ્રેમ હતો. એ પ્રેમ હતો કે પછી આકર્ષણ કે પછી દયાની લાગણી.....જે હોય તે પણ તેણે સેફાલીને સ્વીકારવા તૈયારી બતાવી પણ સેફાલીને છોડવા સતીસ તૈયાર નહોતો અને મામા ભાણેજ વચ્ચે મારામારી થઈ....આશિષ નબળો પડ્યો....એ વખતે તો તેણે મેદાન છોડી દીધું પણ આશિષના આવવાથી હવે સતીસ છંછેડાયો અને સેફાલી આશિષની સાથે જતી ના રહે એટલા માટે મારઝૂડ કરવા લાગ્યો....તેના ત્રાસથી કંટાળેલી સેફાલી ત્યાંથી પોતાની નાનકડી બાળકી લઈને છટકી અને નજીકમાં આવેલા નાના શહેરમાં રહેતા આશિષ પાસે પહોંચી ગઈ.

પ્રથમ આશિષ સાથે ભાગી જઈ,તેની હાજરીમાં દૂધવાળા રબારી સાથે રંગરેલિયા મનાવી,આશિષને બિમાર હાલતમાં છોડીને તેના ભાણિયા સાથે પોણા બે વર્ષ સુધી પત્ની તરીકે રહી ચૂકેલી સેફાલીને તેની બાળકી સાથે પ્રથમ પતિ આશિષે સ્વીકારી અને વીખૂટા પડેલા પ્રેમીઓ વર્ષો પછી ભેગા થતાં કંઈક સુખી થવાની આશાએ ત્યાંથી નીકળી ગયા.

પ્રેમ કરીને પ્રેમી સાથે ભાગેલી સેફાલી પ્રેમીને છોડીને પરાયા પુરૂષોનાં પડખાં સેવતી રહી....જેના માટે મરી જવાનું વચન આપેલ એ પ્રેમી મરી ગયો હોવાની જાહેરાત કરી પોતાનો સ્વાર્થ સાધનાર બેવફાને પારકાની બાળકી સહીત સ્વીકાર કરનાર આશિષ પ્રત્યે ધન્યતા અનુભવવા લાગી સેફાલી....જો કે સોનાલી પોતાની જ બાળકી હોય તે રીતે તેમને તિરસ્કારને ભૂલી જઈ પ્રેમ કરતા આશિષને કલ્પના પણ નહોતી કે હજુ પણ સેફાલી તેને છોડીને ચાલી જશે. ત્યાગ કરનાર

આશિષ માટે સેફાલી પોતાનું આખું જીવન ન્યોઝાવર કરી દે તો પણ ઓછું હતું....બંને જણાં નાની બાળકી સોનાલી લઈને પોતાના વતન નજીકના શહેરમાં ઝૂંપડું બનાવી રહેવા લાગ્યા. સેફાલીએ વાસણ માંજવાનું કામ સંભાળ્યું અને આશિષ પણ છૂટક મજૂરી કરવા લાગ્યો. ક્યારેક આશિષ ઘેર હોય તો સેફાલી જ્યારે કચરા-પોતું કરવા કે વાસણ માંજવા જાય ત્યારે સોનાલીને રમાડવામાં સમય ગાળતો.... સેફાલી તેની શેઠાણીને ત્યાંથી વધ્યું-ઘટ્યું ખાવાનું લાવે તે ખાઈને બંને જીવવા લાગ્યા.

થોડો સમય ચાલ્યું.....પણ આખરે તો....સેફાલી તૈયાર થઈને જતી....વહેલા-મોડા ઘેર આવવું.....એ આદત નાપસંદ કરનાર આશિષ ફરીથી સેફાલીને મારઝૂડ કરવાનું શરૂ કર્યુ આ ઝઘડો રોજનો થઈ પડ્યો અને....નજીકમાં રહેલી સેફાલીની બહેનપણી સાથે સેફાલી ભાગી અને તેની મા પાસે આવી પહોંચી.

ચાર વર્ષની જીંદગીમાં સંસારનો રંગ પારખી ગયેલી સેફાલીએ જીવનની અમૂલ્ય ઘડીઓ હવસખોરોનો શિકાર બનીને વેડફી નાંખી....પણ હવે લાખ પસ્તાવો કરે તો પણ તેનું અમૂલ્ય આભૂષણ પરત મેળવી શકવાની નથી.... તેની નાદાન ઊંમરમાં નાદાન નિર્ણય કરવાના બદલામાં જીંદગી ધૂળધાણી થઈ ગઈ. વિશ્વાસઘાત, બેવફાઈ કોણે કરી એ મહત્વનું નથી પણ વિશ્વાસઘાત, બેવફાઈ થઈ છે એ હકીકત છે અને એનું પરિણામ તે ભોગવી રહી છે. આધુનિક જમાનામાં બાહ્યાકર્ષણથી પીડાતા નવયુવાનો યુવતીઓ એને પ્રેમ સમજીને પોતાનું સર્વસ્વ ન્યોછાવર કરવાની જીદ પકડે છે પણ એ ખોટી જીદથી જીંદગી વેડફી નાંખનાર યુવતી અને યુવકોને માટે દાખલો બેસાડે એવો આ સેફાલીનો કિસ્સો છે.

હાલમાં પોતે-કરેલા ખોટા નિર્ણય અને ભૂલનું પરિણામ બાર માસની નાની બાળકી સાથે એક એક ક્ષણ એક એક યુગની જેમ સેફાલી પસાર કરી રહી હતી.

## ૫૦. જેનું કોઈ નથી હોતું એનો કાયદો હોય છે....

જેનું કોઈ નથી હોતું એનો ભગવાન હોય છે. જેની પાછળ....આગળ....ઉપર.....નીચે.....કોઈ રડનાર નથી હોતું એના માટે કાનૂન હોય છે એ સાબિત કરતો એક કિસ્સો બની ગયો....માત્ર પાંત્રીસેક વર્ષના એક અપરણિતની મિલ્કત પચાવી પાડવાનો કિસ્સો.....

નામ એનું ગાંડારામ.....પણ સાવ એકલા રામ.....મા-બાપ તેને બચપણમાં જ આ દુનિયામાં એકલો છોડીને મોટા ગામતરે ઉપડી ગયેલા..... પણ તેમની એકાદ વીઘું જમીન અને ઘરથાળની જમીન છોડી ગયેલા. બાપે વર્ષો પહેલાં એક ઘર બને એટલી આ ઘરથાળની જમીન તેમના ભાઈને ત્યાં માત્ર ૩૦૦ રૂપિયામાં ગિરો મૂકેલી.... એની વાત ગાંડારામને બચપણમાં જ કરી દીધી હતી....બાપના અવસાન પછી એકલા પડેલા ગાંડારામ પોતાની એક વીઘા જમીનમાં છાપરૂં બાંધીને રહેવા લાગ્યો.... ક્યારેક જાતે રોટલા બનાવીને ખાઈ લેતો તો ક્યારેક ભૂખ્યા પેટે જ દિવસ પસાર કરતો સમય પસાર થતો રહ્યો.....ગાંડારામ ત્રીસ વર્ષ વટાવી ચૂક્યો હતો.....નામ એવા ગુણ ધરાવતો હશે એવું માનીને તેની ગીરો જમીન રાખનાર કાકાના દિકરાઓની આ જમીન પડાવી લેવા દાઢ સરકી.....

એ લોકો ત્રણ ભાઈઓ વિધવા મા સાથે રહેતા. વચોટ ભાઈ અશ્વિન થોડી વધારે બુદ્ધિ વાપરતો હતો....ગાંડારામની ઘરથાળની જમીન પચાવી પાડવા એ જમીનમાં પત્ની સાથે છાપરૂં બાંધીને રહેવા લાગ્યો.....જો કે ગાંડારામે તેનો વિરોધ ના ઉઠાવ્યો પણ જ્યારે તેની ખર્ચી ખૂટતાં તેણે આ ઘરથાળની જમીન ઉપર પૈસાની માગણી કરી ત્યારે અશ્વિને એને નન્નો ભણ્યો.

"પૈસા કેવા અને વાત કેવી.... આ જમીન વેચાય એટલા બધા પૈસા તને આપી દીધા છે માત્ર દસ્તાવેજ કરી આપ એટલે આ જમીનમાં હું મકાન બનાવી દઉં....."

કુટુંબી કાકો થતો હોવા છતાં અશ્વિને માઝા મૂકી દીધી હતી અને ત્યારથી તેમની વચ્ચે અવાર નવાર ઝઘડાઓ થયા હતા....ગાંડારામ પૈસા માંગવા આવે અને અશ્વિન ગાળો બોલીને કાઢી મૂકતો.....તેનો ઈરાદો ઘરથાળની જમીન તો પચાવવાની જ હતી સાથે સાથે જો ગાંડારામનો કાંટો નીકળી જાય તો તેની એક વીઘા જમીન પણ ઓઈયા કરી જવાય..... પછી એના માટે વ્યવસ્થિત આયોજન કરવું પડે એમ હતું..... અને એ આયોજન સમય માગી લે તેવું હતું.

પાંચ પાંચ વર્ષ પસાર થઈ ગયા. ભત્રીજા બધાય પરણીને ઠેકાણે પડ્યા હતા પણ પાંત્રીસ વર્ષના કુંવારા કાકાને કોઈ કન્યા આપવા તૈયાર નહોતું...કદાચ કોઈ બાપે પોતાની દીકરીને ગાંડારામ સાથે પરણાવવા નક્કી કર્યુ હોય તો તેમનો વિચાર બદલાઈ જતો....એની પાછળ ભત્રીજાનું દિમાગ કામે લાગી જતું. જો ગાંડારામ પરણી જાય તો એની જમીનના વારસદાર ઉભા થાય......એ લાંબી ઝંઝટ મીટાવવા માટે ભત્રીજા ફાંસ મારી આવતા અને ગાંડારામનું પરણવાનું સ્વપ્ન અધુરૂં રહી જતું....

ગાંડારામની જમીન પચાવી પાડવા માટે અધીરા બનેલા અશ્વિને ઝડપથી તખ્તો ગોઠવી દીધો... પૈસાની માંગણી કરવા આવેલા ગાંડારામને અશ્વિને ઢોરમાર માર્યો અને ગામલોકોને ભરમાવવા તેણે ઉલટી વાતો વહેતી મૂકી.

“ગાંડાકાકા.....તમને થોડા થોડા કરીને આ જમીન ઉપર અત્યાર સુધીમાં ત્રણ હજાર રૂપિયા તો આપ્યા છે હજુ કેટલા પૈસા માંગો છો ? આટલા રૂપિયામાં તો આવી જમીન આવી વેચાતી મળે.... તમે અમારી મૂડી પાછી આપી શકવાના નથી એટલે હવે આ ઘરથાળની જમીનનો અમને વેચાણ દસ્તાવેજ કરી આપો....”

પણ ગાંડારામ મક્કમ રહ્યા એટલે અશ્વિને હાથનો ઉપયોગ કર્યો તેની સાથે તેના બંને ભાઈઓ દલપત અને દાનજીએ પણ હાથ પગનો ઉપયોગ કરીને ગાંડારામને અધમૂઓ કરી નાંખ્યો....પછી....

અશ્વિને દાનજીને રીક્ષા લઈ આવવા મોકલ્યો અને લોકો સાંભળે તેમ બોલવા લાગ્યો......“આજે તો તમને પોલીસ સ્ટેશને સોંપી દેવા છે.....રીક્ષા આવવા દો.....”

સાંજના છ-સાત વાગ્યા હતા....એવા સમયે દાનની એક રીક્ષા ભાડે કરી લાવ્યો...એમાં ગાંડારામને નાંખ્યો અને સાથે ત્રણ ભાઈઓ તથા તેની વિધવા મા પણ બેઠા અને “આજે તો પોલીસને સોંપી દેવો છે....” એવું બોલતાં બોલતાં રીક્ષામાં બેસાડી પોલીસ સ્ટેશને લઈ ગયા હોવાની વાત આખા ગામમાં ફેલાઈ ગઈ.....પણ કોઈ તેની તપાસ કરવા પોલીસ સ્ટેશને ગયું નહિં.... આ બધામાં એક ગાંડારામના કાકાનો દિકરો ભાઈ તમાશો જોઈ રહ્યો હતો.... ગાંડારામ પ્રત્યે સહાનુભૂતિ ખરી પણ મારશે એવા ડરથી તેઓ ચૂપચાપ તમાશો જોઈ રહ્યા હતા. આ મણીરામ ગામમાં આંટાફેરા કરવા લાગ્યા.... જમી-પરવારીને પણ તેઓ ગામમાં આંટો મારવા નીકળ્યા પણ તેમને ક્યાંય ગાંડારામ દેખાયા નહીં....

રાત્રિના લગભગ દશેક વાગ્યે એક રીક્ષા ગામમાં પ્રવેશી.....ત્યાં સુધીમાં તો મણીરામને ખબર પડી ગઈ હતી કે ગામમાંથી પોલીસ સ્ટેશન જવાનું કહીને ગયેલા ભત્રીજાઓ પોલીસ સ્ટેશને ગયા જ નહોતા અને ગાંડારામ પણ પોલીસ સ્ટેશને નહોતા. મણીરામ ચિંતામાં પડી ગયા.....રીક્ષામાંથી માત્ર વિધવા ભાભી અને દલપત જ ઉતર્યા હતા.

હિંમત કરીને મણીરામે પૂછી જોયું“ભાભી ગાંડાને ક્યાં મૂકી આવ્યા?” ત્યારે તેમને દલપતે જણાવ્યું કે “એ તો રીક્ષામાંથી ઉતરીને નાસી ગયા છે.....”મણીરામને દાળમાં કાળુ લાગ્યું અને તેમણે ગાંડારામની તપાસ આરંભી.....પોલીસને તેમના ગુમ થયાની જાણ કરી....

એ દરમ્યાન ચોથા દિવસે તેમને ખબર મળી કે દૂરના એક ગામની સીમમાંથી પાંત્રીસેક વર્ષની ઉંમરના યુવાનની હત્યા કરીને કોથળામાં બાંધેલી એક લાશ પોલીસને મળી છે. તેઓ તરત જ ઘટનાસ્થળે દોડી ગયા તો....એ લાશ ગાંડાની હતી. તેની હત્યા ભત્રીજાઓએ જ કરી હશે એવી શંકા જતાં તેમણે પોલીસને ગુપ્ત માહિતી આપી....પોલીસે જ્યારે ત્રણ ભાઈઓ અને તેમની વિધવા માની સઘન પૂછપરછ આરંભી તો રૂંવાડા ખડા કરી દે એવી ઘટના બહાર આવી.

પોલીસ મથકે લઈ જવાનું બહાનું કાઢીને અશ્વિન તથા તેના ભાઈઓ ગાંડાને રીક્ષામાં નાખીને તેના મોસાળમાં લઈ ગયા હતા.... રાત પડી ગઈ એટલે ગામની સીમમાં રીક્ષા ઉભી રાખી અને ગાંડાને નીચે ઉતારી અશ્વિને દલપતને કહ્યું કે તું માને લઈને રીક્ષામાં ઘેર જતો રહે. અમે મોસાળમાં જઈને સમાધાન કરી આવીશું......

રીક્ષાવાળો દલપત અને તેની માને લઈને પરત આવવા નીકળી ગયો.....જ્યારે આ બાજુ રીક્ષામાંથી ઉતારેલા ગાંડાને અશ્વિન અને દાનજીએ નગ્ન કરી નાંખ્યો અને કણજીના ઝાડ નીચે એક નાયલોનની દોરીથી નિર્દયતાથી ગળે

ટૂંપો દઈને કાકાની હત્યા કરી નાંખી....હવે....?

અશ્વિને દાનજીને મોસાળમાં કોથળો લેવા મોકલ્યો અને પોતે લાશ પાસે ઊભો રહ્યો. ગાંડારામના કપડાં તેણે નજીકમાં એક ધૂંગામાં સંતાડી દીધા....મોસાળમાં વિધવા મામીના ઘરનું બારણું ખખડાવી દાનજીએ કોથળો માંગ્યો....કંઈક અનાજ ભરી જવું હશે એમ માનીને મામીએ મોટો કોથળો આપ્યો. એ કોથળામાં અશ્વિન અને દાનજીએ ગાંડારામની નગ્ન લાશ કોથળામાં ઠાંસી દીધી અને કોથળો બાંધીને નજીકના ખેતરના શેઢા નજીક ગટરમાં નાખી દીધી અને બંને જણાં રવાના થઈ ગયાં.....

આ લાશ ચાર દિવસ પછી ગંધાઈ ઉઠતાં પોલીસને જાણ થતાં પોલીસે કબજે લીધી અને હત્યારાઓને પકડી જેલ હવાલે કરી દીધા.... કુંવારા ગાંડાકાકાની જમીન પચાવી પાડવા તેમનો કાંટો કાઢી નાંખનારા જમીનનો ઉપયોગ કરવાને બદલે સબ જેલમાં આજીવન કારાવાસની સજા ભોગવી રહ્યા છે.

## ૫૧. હું તારો જેઠ નહિં તારો બનેવી છું અને તું મારી સાળી.... અડધી ઘરવાળી છે

મે માસનું પ્રથમ પખવાડિયું જાણે આકાશમાંથી નરી આગ વરસી રહી હતી. આકરા તાપથી માનવજીવન જાણે આકળ વ્યાકળ થઈ ગયું હતું અને આખા દિવસના તાપ અને ઉકળાટથી કંટાળેલા લક્ષ્મણજી ડોસા બાપદાદાના જૂના ખાનદાની ખોરડા સામે આવેલા ખુલ્લા ચોગાનમાં ખાટલો ઢાળીને હુકો પીતા બેઠા હતા. આકાશમાં નજર કરતાં કરતાં વિચારે ચડી ગયા....દુઃખના દહાડા જાણે ચપટીમાં વહી ગયા હતા. તેમનો દિકરો શિક્ષકની નોકરી કરતો હતો. સારો એવો પગાર મળતો હતો. અને એ તેની પત્ની સાથે નોકરીના સ્થળે રહેતો હતો.

લખમણજીને બે દીકરીઓ રીટા અને ગીતા. બંને બહેનોને એક જ ગામમાં.... એક જ ઘર-ખાનદાનમાં અને એક જ બાપના દીકરા બે ભાઈઓ સાથે એક જ માંડવે પરણાવી હતી. મોટી રીટાને દામોદર સાથે અને ગીતાને મનોજ સાથે રંગેમંચે લગ્ન કરાવ્યા હતા. જ્ઞાતિના રીતરિવાજ પ્રમાણે અને પોતાના મોભાને ધ્યાનમાં રાખી સંપત પ્રમાણે કરિયાવર પણ કર્યો હતો.

બંને દીકરીઓ એમની સાસરીમાં સુખેથી જીવન ગુજારતી હતી. નાની દીકરી ગીતા બાવીસ - ત્રેવીસ વર્ષની ઉંમરમાં બે બાળકોની માતા બની ગઈ ચૂકી હતી. જોકે  માતા બન્યા પછી પણ ગીતા વધુ આકર્ષક લાગતી હતી. તેનું શરીર સૌષ્ઠવ.... જોબનિયું છલકાતું હતું. ક્યારેક ક્યારેક અને ક્યારેક વાર તહેવારે બંને બહેનો પિયરમાં આવતી ત્યારે લખમણ ડોશાનું ઘર ભર્યુભાદર્યું લાગતું....દીકરી જમાઈઓને શું ખવાડવું-શું પીવડાવું - જેવી સરભર કરવામાં પાછીપાની કરતા નહીં....દીકરીઓના ઘરસંસારમાં સુખી જોઈને એક રાહતનો શ્વાસ લેતાં લખમણ ડોશા આજે કંઈક દ્વિધામાં પડ્યા હતા. હુકો ગગડાવવાનું પણ ભૂલી ગયા હતા. હુકાની ચલમમાં દેવતા બુઝાતો જઈ રહ્યો હતો....ત્યાં.....

લખમણ ડોશાનો પુત્ર કેતન ચહેરા પર મૂંઝવણના ભાવ સાથે આવ્યો....શિક્ષકપુત્રના ચહેરો જોઈને કંઈક અઘટિત બન્યું હોવાના ડર સાથે લખમણજી પૂછી બેઠા.

"બેટા.....! આવ.... કેમ આમ મુંઝાયેલો લાગે છે ?"

"બાપુ....આપણી ગીતા અને મનોજકુમાર મારે ત્યાં આવ્યા છે. કહે છે કે ઘર બનાવવા પૈસા આપો."

"કેટલા પૈસા.....? કદાચ ઉછીના લેવા આવ્યા હશે.... લખમણજીએ વાતનો તાગ મેળવવા પ્રશ્ન અને જવાબમાં વાત કરી."

"બાપુ..... એ તો પચ્ચીસ હજાર રૂપિયા ઉછીના લેવા આવ્યા છે અને એ પણ ઉછીના નહીં પણ.... સાથે ગીતા પણ છે અને ગીતાની વાત પરથી મને કંઈક દાળમાં કાળું લાગે છે....

તો શું કરવું છે ?.... એમ કર....થોડા દિવસમાં ફરી આપીશું એવું કહીને થમ એમને રવાના કરી દે..... પછી વિચારીશું....પચ્ચીસ હજાર રૂપિયા કંઈ એમને એમ આપી તો ના દેવાય....."

પિતાની સલાહ સૂચના લઈને કેતન પાછો ગયો અને બહેન-બનેવીને થોડા દિવસ પછી માગ્યા પ્રમાણેના પૈસા કરી આપવાનો વાયદો કરીને રવાના કરી દીધા.... જોકે પૈસા નહિ મળવાથી મનોજને અસંતોષ થયો હતો. અને ગીતાના

ચહેરા પર પણ ભાવી ભય વર્તાયો હતો. છતાં પણ.... એ લોકોને રવાના કર્યા પછી પણ કેતનના મગજમાં ચિંતાએ ઘર કર્યું..... ક્યાંક કશુંક અઘટિત બની જવાનું હોય એવો ભય સતત રહ્યા કરતો હતો. જો કે માનવી ધારે છે શું અને થાય છે  કંઈક જુદું જ.....પણ આ કિસ્સામાં તો જેવું બનવાનું ધાર્યુ હતુ એવું બનવાનું હતું એની કેતનને ક્યાં ખબર હતી....? ગીતાના જીવનમાં એક કરૂણ વળાંક આવ્યો કે..... સાંભળનારના હ્રદય દ્રવી ઉઠે....

ભાઈના ઘરથી પૈસા લીધા વગર પાછા ફરેલ મનોજ તથા તેના ભાઈ અને મા-બાપનો ગીતા પર રોષ ભભૂકી ઉઠ્યો પણ કંઈક હજુયે મળશે.... કેતના વાયદાએ આ લોકોના હાથ બાંધી રાખ્યા.

એક દિવસ.... સાંજ ઢળી ચૂકી હતી ગીતાના નાના બાળકો ઘરમાં રમી રહ્યા હતા. ઘરની બાજુમાં આવેલ ભેંસની ગમાણ.... અને ગમાણમાંથી ભેંસના ભાંભરવાનો અવાજ આવતાં નિરણ નાંખવા માટે ગીતા પહોંચી ગમાણમાં.... સાંજના છ-સાત વાગ્યાનો સમય હતો. હજુ સુરજનો પ્રકાશ પરિવર્તિત થઈને પૃથ્વી પર અજવાળા પાથરતો હતો....ગીતા જેવી નિરણ લઈ ભેંસને નિરવા નમી કે અચાનક....

નીચી નમેલી ગીતાને કોઈકે પાછળથી આવી કમર ફરતે બાહુપાશમાં જકડી લીધી....કદાચ તેના પતિ મનોજ હશે.... એમ માનીને થોડાક છણકાં સાથે જ્યારે ગીતા પાછળ ફરી પણ..... તેનાથી એક ચીસ નંખાઈ ગઈ. ગીતાની કોમળ કાયાને બાહુપાશમાં જકડનાર તેનો પતિ મનોજ નહોતો પણ તેનો બનેવી અને જેઠ દામોદર હતો.

દામોદરે ગીતાને મજબૂત બાહુપાશમાં જકડીને તેના શરીર સાથે ચેડાં કરવા લાગ્યો અને....

"છોડી દો મને.... છોડો...." દામોદરની પકડમાંથી છટકવા માટે ગીતાએ તરફડિયાં માર્યાં પણ દામોદરની મજબૂત પકડમાંથી તે છૂટી ન શકી. તેને વધુ મજબુતાઈથી પકડવાની અને ગીતાની આબરૂ લેવાની કોશિષ કરતાં કરતાં દામોદર મદહોશ અવાજમાં પોતાના બદઈરાદો વ્યક્ત કરવા લાગ્યો....

"બહુ વર્ષે મારા ઘાટમાં આવી છે....તમારી બહેનમાં કશું રહ્યું નથી.... તારી કાયા ચુંથવા માટે તો હું વર્ષોથી રાહ જોઈ રહ્યો હતો..... અને આજે છોડી દઉં....."

"છોડો કહું છું.... હું તમારા નાના ભાઈની પત્ની છું... તમે મારા જેઠ થાવ છો....તમને શરમ આવવી જોઈએ....."

"તું મારી સાળી છે.... તને ભોગવ્યા વગર છોડીશ નહીં.... તારા માટે તો મેં તારી બહેન સાથે લગ્ન કર્યા છે....આવી જા મારી સાળી.....ચૂપચાપ શરણે થઈ જા...."

પરંતુ ગીતાએ પોતાની આબરૂ બચાવવા માટે હતું એટલું બધું જોર એકઠું કર્યુ અને દામોદરની પકડ ઢીલી થતાં તેણે છટકવા હાથ-પગ ઉલાળ્યા.....હાથમાં આવેલો મોકો જતો રહેશે એમ માનીને ગીતાને દામોદરે પકડીને ભીંતમાં પછાડી જેનાથી ગીતાને પીઠ અને કમરમાં ઈજા પહોંચી હતી એ ઈજા ભૂલી જઈને લઘરવઘર કપડાંમાં ગીતા ગમાણમાંથી બહાર દોડી આવી.... આ બધી ધમાલ થયેલી જાણી ગીતાની સાસુ અને તેનો પતિ મનોજ પણ આવી ચઢ્યો.....

"શું થયું.... શું થયું...." એવા પ્રશ્નના જવાબમાં દામોદરે તેની ઈજ્જત લૂંટવાની કોશિષ કરી હોવાનું ગીતાએ જણાવ્યું તો મનોજ ગીતા ઉપર ઉકળી પડ્યો....

"રાંડ.... નાલાયક..... મારા રામ જેવા ભાઈને બદનામ કરે છે ? તારા જ લક્ષણ એવા હશે...." એમ કહીને મનોજે ગીતાના વાળ પકડી ઢસડી અને ઘરમાં લઈ ગયો..... તેની પાછળ દામોદર પણ ગયો અને ઘરનો દરવાજો અંદરથી બંધ કરી દઈને બંને ભાઈઓએ  લાકડી અને દંડા વડે ગીતાને ઝૂંડવા લાગ્યા..... ગીતા ચીસો પાડવા લાગી પણ નિર્દયી પતિ અને જેઠના કાને તેનો અવાજ ના પડ્યો.....

મિનિટોની અંદર બનેલા આ બનાવથી અને ગીતાની ચીસો સાંભળીને તેની મોટી બહેન રીટાએ પણ બારણું ખોલવાનો પ્રયત્ન કર્યો....

"ના મારશો.... મારી બહેનને ના મારશો.... મારી બહેન મરી જશે....

છોડી દો એને..... બારણું ખોલો....." પણ ખુન્નસ ભરેલા બે ભાઈઓ અંધાધુંધ રીતે ગીતાની કમર અને પીઠ પર લાકડીનો મારો ચલાવતા રહ્યા.... રઘવાયી થયેલી રીટાએ હિંમત એકઠી કરીને બારણાની અંદરની સાંકળ ખોલી ત્યારે ગીતા પીડાથી કણસતી પડી હતી. બારણું ખોલતાં જ દામોદર અને મનોજ બહાર નીકળી ગયા.... રીટાએ ગીતાને ઉભી કરવાનો પ્રયત્ન કર્યો હતો.... ગીતાની કમરના મણકા તૂટી ગયા હતા. ગીતા તો બેશુદ્ધ અવસ્થામાં કણસતી પડી હતી.

નિર્દયી મનોજ અને દામોદરે ગીતાને દવાખાને લઈ જવાની પણ દયા ના ખાધી.... આખી રાત રાતેપાણીએ રડેલી રીટાની ગીતાની બાજુમાં જ પડી રહી અને રીટાએ સવારે આંખો ખોલી તો તેની બહેન ગીતા અને ગીતાના બે ભાણિયા નહોતા.

બહેનને વાગેલા કચ્ચરઘાણ જોઈને જ બેશુદ્ધ બની ગયેલી રીટાને પડતી મૂકીને મનોજ અને દામોદરે ગીતાને તેનાં બાળકો સાથે એક વાહનમાં તેના પિતાને ઘેર ફેંકી આવ્યા હતા....

પ્રભાતના સમયે ઘરઆંગણે પોતાની વ્હાલસોયી અને લાડકી દીકરી ગીતાને ઢગલો થઈને પડેલી જોતાં તેના પિતા લખમણજી પણ ગીતાની હાલત જોઈ ઢગલો થઈને પડ્યા..... આ વાતની જાણ થતાં પોતાના દિમાગમાં રહેલો ભય સાચો ઠરતાં કેતન આવી પહોંચ્યો અને ગીતાને તત્કાળ દવાખાને પહોંચાડી દીધી...... ગીતાની કમર ભાંગી ચૂકી હતી.... તેની આ હાલત કરનાર બંને બનેવીને તેમના કર્મોની સજા અપાવવા માટે પોલીસનો આશરો લીધો....

## પર. એક વણ નોંધાયેલી હિચકારી ઘટના ગેંગ-રેપ

શહેરના છેવાડે ઘણી બધી કોલજો આવેલી છે. આર્ટસ,કામર્સ,સાયન્સ ઉપરાંત કાયદાની કોલેજ આવેલી છે.....શહેર ઉપરાંત શહેર બહારના ગામડાઓ,તાલુકા મથકોએથી અહીં કોલેજ કરવા માટે યુવક-યુવતીઓ આવતી... દૂર દૂરના તાલુકા મથકેથી ટ્રેન કે બસમાં કોલેજીયન યુવતીઓ આવતી.... કેટલીક કોલેજોનો સમય બપોરનો હતો. કેટલીક સવારની.....કેટલીક મહત્વકાંક્ષી યુવતીઓ બસોમાં ટીચાતી-પીસાતી પણ દૂરથી અભ્યાસ માટે આવતી....એમાંની એક યુવતી હતી. આકાંક્ષા.... દૂરના તાલુકા મથકેથી બેચલર બનીને કાયદાનું જ્ઞાન મેળવવા અહીં શહેરમાં કાયદાની કોલેજમાં આવતી હતી.... કોલેજનો સમય સવારનો હોવાથી ઘેરથી વહેલી સવારે પાંચ વાગ્યે ઉઠીને તૈયાર થઈને આકાંક્ષા બસ મથક પહોંચતી અને બસમાં દોઢ કલાક જેટલી લાંબી મુસાફરી કરીને કોલેજમાં સમયસર પહોંચી જતી.... અને સાડા અગિયાર-બાર વાગ્યે કોલેજ છૂટતાં કોલેજના મુખ્ય દરવાજા પાસે આવેલા સીટી બસ સ્ટેન્ડ કે એસ.ટી. બસ સ્ટેન્ડેથી બસમાં બેસી શહેરના મુખ્ય બસ મથકે આવતી અને ત્યાંથી પોતાના વતનની બસમાં બેસી બપોરે બે વાગ્યે ઘેર પહોંચતી....આ આકાંક્ષાનો નીત્ય ક્રમ હતો....ભણવામાં હોંશિયાર હતી.....

વીસ-બાવીસ વર્ષની ઉંમરની આકાંક્ષા દેખાવે ઘણી જ સુંદર.... તેનો નાક નકશો.... માથાના વાળ ઓળવાની સ્ટાઈલ.... હરણી જેવી ચાલથી કોઈ ફિલ્મની હિરોઈન લાગતી.... ખાનદાન કુટુંબની અને ખાતા-પીતા ઘરની આકાંશા ઘણી વખત આકર્ષક કપડાં પહેરીને પણ કોલેજ આવતી..... સવાર સવારમાં ખીલતી કળી જેવો એનો ચહેરા ઉપર ચમકતી લાલી જોઈને કોઈપણ યુવાન આકર્ષાય એટલું બધું એનામાં આકર્ષણ હતું..... પરંતુ આકાંક્ષા ક્યારેય કોઈ યુવાનના સંપર્કમાં આવી નહોતી કે કોઈ યુવાન તરફ આકર્ષાઈ નહોતી..... કે કોઈ યુવાન સામે ડાફોરિયા મારવા ટેવાયેલી નહોતી.....

આ આકાંક્ષા.... ભરપૂર યૌવન સાથે કોલેજ પાસે આવેલા બસ સ્ટોપ નજીક બપોરના બારેક વાગ્યાના સુમારે બસની રાહ જોતી ઉભી હતી..... ખાસ્સો અડધો કલાક સુધી રાહ જોતી ઉભેલી આકાંક્ષા થાકી ગઈ.... તેના ચહેરા ઉપર કંટાળાનો ભાવ સ્પષ્ટ વર્તાતો હતો.... એક બાજુ આકાશમાંથી જાણે આગ ઓંકતો સૂર્ય માથે તપી રહ્યો હતો..... અને આજે કોણ જાણે કેમ..... પણ કોઈ બસ ઉભી રહેતી નહોતી..... બસમાં મુસાફરોની ગીરદી હોવાથી એકલી અટૂલી ઉભી રહેલી આ યુવતીની દયા ખાઈને પણ બસ ઉભી રાખવા કોઈ ડ્રાઈવર તૈયાર નહોતો....આજુબાજુની કોલેજના ઘણા ભાગના અભ્યાસી ચાલ્યા ગયા હતા.... ગણ્યા ગાંઠ્યા જ યુવક યુવતીઓ રહી ગયા હતા. જેઓ પણ બસની રાહ જોયા વગર રીક્ષામાં બેસીને તૂટક - તૂટક રવાના થઈ રહ્યા હતા.....

ઘણું મોડું થઈ જશે અને કદાચ બધા છોકરા-છોકરી જતા રહેશે તો તે એકલી પડી જશે એમ વિચારીને તેણે એક રીક્ષા ચાલકને બોલાવ્યો.... રીક્ષા ચાલક તેના પર એક નજર કરી ઉભી રાખી અને પૂછ્યું....

"બોલો.... ક્યાં જવું છે....."

"બસ મથકે જવું છે.... કેટલા પૈસા લેશો.....?"

"સ્પેશ્યલ જવું હોય તો વધારે પૈસા થશે.... અને બીજા પેસેન્જરો બેસાડવા હોય તો બે રૂપિયા થશે....."

આટલી વાત-ચીત દરમ્યાન રીક્ષા ચાલકે આકાંક્ષાના આખા શરીર પર પગથી માથા સુધી નિહાળી લીધી હતી. તેની તરસ્યા અને ભૂખ્યા ડાંસ જેવી નજર આકાંક્ષા પારખી ના શકી.....તેના પહેરેલા કપડાંમાંથી ફાટફાટ થતાં યૌવનને તાકી રહેલા યુવાન રીક્ષા ચાલકની દાઢ સળકી....."હમણાં આવું..... એક મિનીટમાં...." એમ કહીને આ રીક્ષા ચાલક આકાંક્ષા બુમો પાડતી રહી તો પણ રીક્ષા મારી મૂકી.... હાથ આવેલી રીક્ષા પણ ચાલીગઈ.... હતાશ થઈને આકાંક્ષા બેસી પડી.... પણ તુ જ વચનનું પાલન કરતો રીક્ષા ચાલક એક મિનીટની અંદર જ પાછો આવ્યો ત્યારે રીક્ષામાં બીજા ત્રણ યુવાન મુસાફરો હતાં.... આકાંક્ષા રીક્ષામાં આ યુવાનો સાથે બેસવું કે નહીં એ દ્વીધામાં પડી એટલામાં તો.....

"ચાલો બેસી જાવ.... જે આપવું હોય એ આપજો....." રીક્ષા ચાલકે કહ્યું.... કંઈક વિમાસણમાં પડેલી આકાંક્ષા મોઢેથી બોલવાને બદલે માથું નકારમાં હલાવ્યું.... તો અંદર બેઠેલા એક ચબરાક યુવાને ટોન માર્યો.....

"હા...હા... ચાલો... કશું ય ના આપશો....તમારા બદલે અમે પૈસા આપી દઈશું..." પણ જ્યારે આકાંક્ષા તૈયાર ન થઈ ત્યારે રીક્ષામાં બેઠેલા ત્રણ પૈકીના બે યુવાનો નીચે ઉતર્યા....દૂર દૂર સુધી ક્ષણવારમાં નજર કરી જોઈ....કોઈની નજર આ તરફ નથી.... વળી રીક્ષા ચાલકે થોડી રીક્ષા આગળ કરીને ઓથો કર્યો અને.....

રીક્ષામાંથી ઉતરેલા બે યુવાનોએ આકાંક્ષાને પકડી અને નાખી દીધી રીક્ષામાં.... બૂમો પાડવા જતી આકાંક્ષાનું એક યુવાને મોઢું દબાવી દીધું અને રીક્ષાની પાછળની સીટમાં ત્રણેય યુવાનોએ આકાંક્ષાને દબાવી દીધી.... રીક્ષા પુરપાટ દોડવા લાગી....કોલેજ નજીકની નહેર પસાર કરીને રીક્ષા બાજુમાં આવેલા ગામની સીમ તરફ..... આવતા-જતા વાહન ચાલકો કે રાહદારીઓની નજર આ રીક્ષામાં પડી ખરી પણ.... ત્રણ યુવાનોની વચ્ચે દબાયેલી યુવતી નજરે ચડી નહીં.... યુવાનો પણ એ રીતે બેઠા હતા જાણે યુવતીને ખભા ફરતે હાથ વીંટાળીને બેઠેલા યુવકની એ પ્રેમીકા હોય.....

બપોરનો સમય હતો.... માથે સુરજ તપી રહ્યો હતો. રીક્ષા રોડની સાઈડમાં કાચા રસ્તા પર વળી ગઈ.... આ રસ્તા પર ભાગ્યે જ કોઈ વાહન પસાર થયેલું જણાતું નહોતું.

ઉબડ-ખાબડ રસ્તા પર રીક્ષા આગળ ધપી.... રોડ પરથી રીક્ષા દેખાય નહીં એટલા ઉંચા ઉંચા બાવળના ધૂંગા હતા..... ગાઢ ઝાડી ઝાંખરાં હતાં.... એકદમ જંગલ જેવું લાગતું હતું.... અને એક મોટા ધૂંગાની ઓથે રીક્ષા ઊભી રહી ગઈ..... રીક્ષામાં કોલેજ આગળથી ઉપાડાયેલી આકાંક્ષા પોતાની સાથે હવે શું થશે એ વિચાર માત્રથી ફફડી ઉઠી હતી.... આખા રસ્તે તેણે ધમપછાડા કર્યા હતા પગ છૂટા કરવા મથી હતી પરંતુ મજબૂત બાંધાના આ યુવાનોએ પોતાના મજબૂત પગ નીચે આકાંક્ષાના બંને પગ દબાવી દીધા હતા અને એનું મોઢું પણ મજબૂત હથેળીમાં દબાવી દીધું હોવાથી બે હાથે યુવાનની હથેળી ખસેડવાના પ્રયાસો પણ તેના નિષ્ફળ ગયા હતા.

રીક્ષા ચાલક અને પેલા ત્રણેય યુવાનોએ ભેગા મળીને આકાંક્ષાને રીક્ષામાંથી જ્યારે નીચે ઉતારી ત્યારે તે અધમૂઈ જેવી થઈ ગઈ હતી.... રીક્ષામાં બેઠા બેઠા જ યુવાનોએ તેની સાથે શારીરિક અડપલા કરીને હેરાન કરી મૂકી હતી.... નીચે ઉતાર્યા બાદ ચારેય યુવાનો ભૂખ્યા વરૂની માફક તેના પર તૂટી પડ્યા..... શરૂ શરૂમાં આકાંક્ષાએ પ્રતિકાર કર્યો હતો પણ ચાર મજબૂત યુવાનો એક તરફ અને બીજી તરફ એક નિરાધાર..... લાચાર..... યુવતી એકલી અટૂલી.... કેટલોક વિરોધ કરી શકે.....? નરાધમ હવસખોરોએ તેના કપડાંના ચીરા કરી દીધા હતા.... વેરાન જંગલમાં ગભરૂ કબૂતરીની માફક ગીધડાંઓએ એને ચૂંથી નાંખી..... વારાફરતી હવસ સંતોષી લીધા બાદ આકાંક્ષાને લોહીલુહાણ

હાલતમાં જ ત્યાં છોડીને રીક્ષા લઈને ભાગી ગયા....

ચાર નરામધોએ આચરેલા સામૂહિક બેરહેમ બળાત્કારથી આકાંક્ષા કેટલીયે વાર સુધી બેશુદ્ધ જેવી બનીને પડી રહી.... જ્યારે એના શરીરમાં થોડું થોડું ચેતન આવ્યું અને પોતાના શરીર અને શરીર પરના કપડાંની હાલત જોઈને અર્ધપાગલ જેવી બની ગઈ..... તેનું સર્વસ્વ લુંટાઈ ગયું હતું. અબોટ યૌવન બિલાડા બોટી ગયા હતા.... હવે.....

ફાટેલા કપડાંમાં દેખાતા અર્ધનગ્ન દેહને ઢાંકવાની કોશિષ કરતી અથડાતી-કૂટાતી થોડુંક ચાલી ત્યાં..... સીમાડામાં ઘર બનાવીને રહેતા એક ખેડૂતના ઘેર પહોંચીને ખેડૂત પત્નીની પાસે પ્રથમ એક કપડું અંગ ઢાંકવા માંગ્યું આંગણે આવેલ યુવતી પર અત્યાચાર ગુજારાયો હોવાનું પ્રથમ દ્રષ્ટિએ જ પારખી ગયેલ ખેડૂત પત્નીએ તેનું ઉપવસ્ત્ર આપીને યુવતીનું અંગ ઢાંક્યું અને પછી પાણી પણ પીવડાવ્યું.... થોડી પૂછપરછ કરતાં આકાંક્ષાએ પોતાનું ઠામ ઠેકાણું આપ્યું અને બીજું કંઈ વધૂ કહેવાને બદલે પોતાના ઘેર પહોંચાડવાની મદદ માંગી..... ખેડૂત પત્ની અને તેના પતિ બંને જણાં પોતાના ખર્ચે આકાંક્ષાને તેના બતાવેલા ઠેકાણે છોડી આવ્યા.....

કોલેજ કરવા જતી પોતાની દીકરીની હાલત જોઈને જ તેના પર શું વીતી હશે એ વિશે અનુમાન કરી ચૂકેલાં આકાંક્ષાના મા-બાપે ખેડૂત દંપતિનો આભાર માની રવાના કરી દીધા.... પછી પ્રથમ તેને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરી..... જો કે અન્ય કારણ બતાવી સારવાર લીધા બાદ બીજા દિવસે સ્વસ્થ થયેલી આકાંક્ષાએ રડતાં રડતાં આપવિતી કહી સંભળાવી ત્યારે તેના મા-બાપના પગ નીચેથી જાણે ધરતી ખસી જતી લાગી.... પ્રથમ તો એ અજાણ્યા ચારેય હવસખોરો યુવાનોને તેમના કાળા કર્મની સજા કરાવવા તૈયાર થઈ ગયેલાં મા-બાપે પોતાની દીકરીના ભવિષ્યનો વિચાર આવતાં એ વિચાર પડતો મૂક્યો.....

ભણીગણીને દિકરી બેરિસ્ટર થશે એવી આશા ઉપર પાણી ફરી વળ્યું..... બેરિસ્ટર થવાનું તો દૂર રહ્યું પણ હવસખોરોના સામૂહિક હુમલાનો ભોગ બનેલી દીકરી અર્ધપાગલ જેવી બની ગઈ છે. ઈજ્જત જવાની બીકે પોલીસ ફરિયાદ પણ ન કરી..... એવું માનીને કે....અહીંની અદાલત તો કદાચ તેને હરામાખોરો પાપીઓને પુરાવાના અભાવે છોડી પણ દે પરંતુ ઉપરવાળાની અદાલત આ પ્રાણીઓને તેમણે કરેલા પાપોની સજા જરૂર કરશે.....

અત્યારે એક આશાસ્પદ યુવતીની અર્ધપાગલ અવસ્થાને સિંચન કરીને યુવતીની દિમાગી અવસ્થાને પુનઃસ્થાપિત કરવા અને તેના જીવનમાં બનેલી આ વિતક ઘટનાને ભૂલાવી દેવડાવવા માટે તેના મા-બાપ પુરા પ્રયત્નો કરી રહ્યા છે.... અને પસ્તાઈ રહ્યા છે જુવાનજોધ દિકરીને આમ એકલી ભણવા મોકલવા બદલ..... પોતાની બનતી જવાબદારીમાંથી છટકી ગયેલા મા-બાપે માત્ર કમાણી કરવા પુરતું નહિં પણ સાથે સાથે પોતાના સંતાનનું ખાસ કરીને દિકરી (પારકી થાપણ) તરફ પણ આગવું ધ્યાન આપવું  આવશ્યક કેટલું છે એ કિસ્સો બરાબર કિંમત સમજાવી જાય છે.

## ૫૪. તુમ...અગર...ન...હોતે...તો.?!

દામિની... એનું તો જાણે જીવન બરબાદ થઈ ગયું...એના લગ્ન થયા ત્યારે તો એનો પતિ સુંદર અને સાજો નરવો હતો અને એટલે જ તો દામિનીએ એની સાથે લગ્ન કરવા સંમતિ આપી હતી..... પરણીને સાસરે આવેલી દામિની ખુશખુશાલ હતી. પોતાની સહઉંમરની અને સહેલીઓના વર કરતાં દામિનીને સારો વર મળ્યો હતો. એનું એને ગૌરવ પણ હતું. સહેલીઓ પણ તેના ભાગ્ય પર ઈર્ષા કરતી હતી.

મારો વર આવો ને મારો વર તેવો.... મારો વર તો આવું કરે-તેવું કરે.... દામિની પોતાના પતિની વાત અને વખાણ કરતાં થાકતી નહીં....પણ....

દામિનીના ભાગ્યમાં એના પતિ સાથે જાણે કે લગ્નસુખ ભોગવવાનું લખ્યું જ ન હોય.... એનું જીવન જાણે અંધકારમય બની ગયું..... એના લગ્નના એકાદ વર્ષ પછી દામિનીના પતિને લકવા થઈ ગયો.... શરીરનું એક તરફનું આખું અંગ નિશ્ચેતન બની ગયું.... કુદરતે દામિનીના ભાગ્ય પર જાણે લકવાની લપડાક મારી દીધી હતી.... પતિવ્રતા દામિની શરૂ શરૂમાં પતિની સેવા-ચાકરી કરવા લાગી પરંતુ....

આખો દિવસ પતિની સેવા-ચાકરીમાં રચી-પચી રહેતી દામિની રાત

પડતાં જ ગૂંગળામણું અનુભવવા લાગતી....લગ્નના એક વર્ષના ગાળામાં માંડ એણે સંપૂર્ણ લગ્નસુખ ભોગવ્યું હશે અને પતિને લકવા મારી ગયો.... લગ્નસુખ તો બાજુ પર રહ્યું પરંતુ પતિ સાથે જ સહશયન કરવાનું પણ નસીબ રહ્યું નહોતું દામિનીનું.....

પતિનું અંગ નિશ્ચેતન બની જતાં એક જ પડખે ચત્તો પાટ સૂઈ રહેતો.... શયનખંડમાં રાત્રે લાઈટ બંધ થતાં જ દામિનીને જોબનિયું ચટકા ભરવા લાગતું.... પડખાં ફરેવતી દામિનીની ઉંઘ હરામ થઈ જતી..... આ તો વખાણી ખીચડી દાંતે વળગી જાણે.... જે જે સહેલીઓ આગળ પોતાના વરની પ્રશંસા કરતી થાકતી નહોતી એ દામિની પર એ જ સહેલીઓ દયા તાકવા લાગી હતી....

મૂંઝવણ..... ગૂંગળામણ.... અસંતોષથી દામિની અકળામણ અનુભવતી હતી.... ભવિષ્ય વિશે વિચાર કરવામાં અજંપો અનુભવતી હતી કે અચાનક એના જીવનમાં લાલ ગુલાબી સવાર પડી..... અને દામિની ગુલાબના ફૂલની માફક ખીલી ઉઠી....ઝૂમી ઉઠી દામિની....

લગ્નસુખ માણવા બાબતે અપંગ જેવો બની ગયેલો એના પતિને પણ દામિનીના વર્તનમાં આવેલા ફેરફારે શંકાશીલ બનાવી દીધો પણ એનાથી કશું થઈ શકે એમ નહોતું....

ભરજુવાનીમાં વિધવા બની ગયેલી કોઈ યુવતી જ્યારે અન્ય પુરૂષ કે યુવાન સાથે બીજા લગ્નથી જોડાય ત્યારે તેને જેટલો આનંદ થાય એટલાથી પણ અધિક ઉત્સાહ અને આનંદ લકવાગ્રસ્ત પતિની પત્ની દામિનીના થનગનાટમાં જોવા મળ્યો.... એનું કારણ માત્ર દામિની એકલીની જ જાણમાં હતું....

બન્યું એવું કે.....

શહેરમાં નોકરી કરવા માટે આવતાં એક યુવાનની નજર દામિની પર મંડાયેલી રહેતી હતી..... આ રંગીલા યુવાન શંકરની થોડા દિવસ પહેલાં જ દામિનીનો પરિચય થયો.... દામિનીના પતિને લકવો થઈ ગયો છે અને દામિની લગ્નસુખથી વંચિત રહેતી હતી એ આખી વાત શંકર જાણી ગયો હતો..... બીજું તો ઠીક પણ દામિની સાથે ટાઈમ પાસ થઈ જશે એવા વિચાર થી શંકરે દામિની સાથે સંબંધ વધારવા માંડ્યો અને તેના ઘર સુધીના સંબંધો જોડી ચૂક્યો.

લકવાગ્રસ્ત પતિની હાજરીની પણ અવગણના કરીને દામિની શંકર સાથે પ્રેમિકાનો અભિનય કરતી.... શંકર પણ અભિનય કરવામાં પાછો પડે એમ નહોતો....

શંકર અપરણિત છે અને પોતાને ખુબ ચાહે છે એ જાણીને દામિની ખુશખુશાલ થઈ ઉઠી.... રાત પડતાંની સાથે જ તેને શંકર યાદ આવી જતો..... હવે શંકરનો વિયોગ એનાથી સહન થતો નહોતો....

એક રાત્રે ઘેર આવેલા શંકર સાથે સહશયન કરતી વખતે દામિનીએ શંકરને બાહુપાશમાં જકડીને કહી દીધું.

“શંકર.... હું તમારા વગર જીવી નહીં શકું....મને અહીંથી લઈ જાવ.... મારે તમારી પત્ની બનવું છે.... મને અહીંથી ભગાડી જાવ શંકર.....મારાથી હવે તમારો વિયોગ સહન થતો નથી....”

અને શંકરે પ્રેમીનો પૂરેપૂરો અભિનય કર્યો..... એ આખી રાત તેણે દામિની સાથે તેના જ ઘરમાં ગાળી અને પછી વહેલી સવારે બંને જણા ત્યાંથી ભાગી છૂટ્યા.... દૂર આવેલા શહેરમાં જઈને બંને જણાએ લગ્ન રજીસ્ટર કરાવ્યા અને પછી ત્યાં જ પતિ-પત્ની તરીકે રહેવા લાગ્યાં.....

દામિનીને જે જોઈતું હતું એ તમામ સુખ એને મળવા લાગ્યું..... કુદરતે ફરીથી જાણે એના ઉપર મહેરબાની કરી હતી. પણ આ વખતે દામિની પોતાના સુખ અને પતિ વિશે વાતો કે વખાણ કરવા સહેલીઓ પાસે ગઈ નહીં. કેમ કે શરૂઆતમાં દામિનીના સુખની ઈર્ષા કરતી સહેલીઓ બીજા તબક્કામાં દયા તાકવા લાગી હતી અને એ જ સહેલીઓ અત્યારે નફરત અને ખોદણી કરતી હતી.

દુનિયા જાય ભાડમાં.... મારે તો મારા ભવિષ્યનું જોવાનું.... મારો પ્રેમી કમ પતિ શંકર ખુબ ચાહે છે મને....એ પોતે કુંવારો હોવા છતાં મારી સાથે લગ્ન કર્યા એ શું ઓછું છે?

પણ આ સુખ દામિનીએ બળજબરીથી મેળવ્યું હોય એવું બન્યું.... તેના જીવનમાં બીજો ભયંકર વળાંક રાહ જોઈને જ બેઠો હતો.... શંકરના શહેરમાં જ રહેતી દામિનીને વજ્રઘાત લાગે એવી હકીકત જાણવા મળી અને....

એક વર્ષના લગ્નજસવન બાદ પરણેતર પતિ લકવાનો ભોગ બન્યો....અતૃપ્ત રહી ગયેલી હવસ પુરી કરવા પતિને છોડીને કુંવારા યુવાન શંકર સાથે ભાગી નીકળેલી દામિની એક વર્ષ સુધી શંકરની પત્ની બનીને રહી પણ....

જ્યારે એણે જાણ્યું કે શંકર તો પરણેલો છે અને એની બીજી પત્નીને એક નાની બાળકી પણ છે.... ત્યારે દામિની ધોકેબાજ અને વિશ્વાસઘાતી શંકર પ્રત્યે ફિટકાર વરસાવવા લાગી.... રાત્રે જ્યારે શંકર ઘેર આવ્યો ત્યારે દામિનીએ એનો ઉધડો લીધો....

વિશ્વાસઘાતી.... તમે પરણેલા છો અને એક દિકરીના બાપ છો છતાંય મારી સાથે લગ્ન કર્યા.....? અને એ પણ.... બંનેને અલગ-અલગ રાખીને પ્રથમ લગ્નની વાત છુપાવી રાખી....?

તો.... તું ક્યાં કુંવારી હતી : શંકરે સામો જવાબ આપ્યો.

પણ હું કુંવારી નહોતી અને લગ્ન કરેલા હતા એ તો તમને ખબર હતી.... મેં તો એ વાત છુપાવી નહોતી પછી તમે પરણેલા છો અને એક છોકરી પણ છે એ મને કહેવામાં તમને શાની બીક લાગતી હતી...? તમે મારી સાથે દગો કર્યો છે.

બસ ત્યારથી દામિની અને શંકર વચ્ચે ચકમક ઝરવા લાગી....દામિનીએ પિયરવાટ પકડી....શંકરને તો એની પડી નહોતી.... કેમ કે એની બીજી પત્ની તો હતી જ.... એક વર્ષ સુધી એક જ શહેરમાં શંકરે બંને પત્નીને અલગ અલગ રાખી હતી.... બંનેને ક્યારેય એવો શક પેદા થવા દીધો નહોતો કે શંકર બબ્બે પત્નીઓ ધરાવે છે..... ત્રિકોણીયા પ્રણયજંગમાં તેણે એકેય ખૂણાને ભેગા થવા દીધા નહોતા.... પણ એની હવસલીલાએ આ ખૂણાને સામસામે લાવી દીધા.

થોડા સમય સુધી તો શંકરે દામિનીની ગેરહાજરી સાંખી લીધી પણ પછી દેહાકર્ષણથી ટેવાયેલા શંકર દામિનીના ઘેર જઈ પહોંચ્યો.....પ્રારંભમાં તો દામિનીએ એને મ્હોં ના આપ્યું પણ પછી શંકરની વાકચાતુર્ય અને મીઠી બોલીએ એને ભરમાવી દીધી..... પોતાના ભાઈને ઘેર જવાનું બહાનું કાઢીને દામીનીને સાથે લઈ શંકર નીકળ્યો..... ત્યારે દામિનીને શંકરના મનમાં રમી રહેલી ગંદી રમતની ખબર પડી નહોતી.....

શંકરે દામિનીના ઘેર જતાં પહેલાં શહેરમાં જ આવેલ એક હોટલનો રૂમ બુક કરાવ્યો હતો. આખો દિવસ આમતેમ દામિની સાથે ફર્યો....બાગમાં બેઠા....સિનેમા જોઈ.... રાત્રે એક લોજમાં જમ્યા પણ ખરા અને પછી હોટલની રૂમમાં પહોંચી ગયાં.....

ઘણાં વખત પછી શંકર.... તેનો પતિ.....તેનો પ્રેમી....હોટલની રૂમમાં એકલો મળશે એ ક્ષણના વિચાર માત્રથી દામિની ઝુમી ઉઠી.... આખી રાત પતિ સાથે ગાળવાની છે. દામિની માનસિક રીતે તૈયાર થઈ ગઈ હતી....

હોટલની રૂમમાં ગયા પછી શંકરે દરવાજો અંદરથી બંધ કરી દીધો કે તરત જ દામિની શંકરને બાઝી પડી શંકરે એને પલંગ તરફ ધકેલી અને દામિનીને અર્ધનગ્ન કરી નાખ્યા બાદ દામિનીના માખણ જેવા લીસા શરીર પર બચકાં ભરવા લાગ્યો.... એકાદ વખત દામિનીને લાગ્યું કે ઘણાં દિવસે ભેગાં થયાં એટલે વહાલ કરતા હશે પણ પછી તો પીડા થાય એવા બચકાં ભરતાં દામિની ચીસો પાડવા લાગી....

શંકરના તિક્ષ્ણ દાંતે દામિનીને લોહી લુહાણ કરી નાંખી.... શંકરના આવા ઘાતકી હુમલાથી બચવા માટે ચીસો પાડતી દામિની પલંગ પરથી ઉઠીને દરવાજા તરફ લપકી પણ.... વળી પાછા શંકરે તેને પકડી અને દામિનીના ઉઘાડા ખભા ઉપર.... બરડા ઉપર બચકાં ભરવાનું ચાલુ કર્યું..... દામિનીએ ધમાલ મચાવી દીધી...બચાવો....બચાવો.....ની બૂમો સાંભળીને હોટલવાળા રૂમ આગળ દોડી આવ્યા અને દરવાજો ખટખટાવ્યો.....

દામિનીને દૂર હડસેલી શંકરે દરવાજો ખોલી કંઈ જ બન્યું ન હોય એ રીતે ના ભાવ સાથે ઊભો રહી ગયો.....

આવેલી તક જતી રહેશે તો આ ઘાતકી શંકર બચકાં ભરી ભરીને

મારી નાંખશે એવો ક્ષણેકમાં વિચાર આવી જતાં જ રૂમના એક ખૂણા પર હડસાયેલ દામિની બચાવો..... બચાવોની બૂમો પાડી અને હોટલના માણસોએ ફટાક કરીને દરવાજો ખોલી નાંખ્યો અર્ધનગ્ન શરીર સાથે ધ્રૂજતી ઊભેલી દામિની દોડીને બારણાં બહાર નીકળી ગઈ.... આખી હકીકતથી વાકેફ થયેલ હોટલના મેનેજરે દામિનીના પિતાને ફોન કરીને બોલાવ્યા અને દામિનીને સોંપી દીધી.

શંકરે હવસ સંતોષવાની લ્હાયમાં પ્રથમ પત્નીને બાકાત રાખીને બીજી પત્ની કરી..... પણ બીજી પત્નીએ શંકરને જેલના સળિયા ગણતો કરી દીધો.....

## ૫૫. વીસ વર્ષ પછી વિધવાની સેક્સલીલા નજરે જોનાર યુવાન પુત્રને ઘરમાંથી હાંકી કાઢતી જનેતા

એ એક સંસ્કારી સોસાયટી હતી જ્યાં ડૉક્ટર,વકીલ,એન્જીનિયરો જેવા વ્યવસાયિક કુટુંબો રહેતાં. આ સોસાયટીના છેવાડે આવેલો એક બંગલો જ્યાં માત્ર મા-દીકરો રહેતાં હતાં. સુમિત્રા ભરજુવાનીમાં વિધવા બની હતી. એક માર્ગ અકસ્માતમાં તેનો પતિ મનોજ શ્રીવાસ્તવ આ દુનિયા છોડીને ચાલ્યો ગયો હતો. ત્યારે સુમિત્રાનો પુત્ર હિરેન માત્ર એક વર્ષનો હતો..... મા-દિકરાને આ દુનિયામાં એકલા અટુલા છોડી જનાર મનોજ શ્રીવાસ્તવ સોસાયટીમાં એક બંગલો તથા ખાસ્સી એવી સંપત્તિ છોડી ગયો હતો.... કંઈ કમાણી ન કરે તો પણ બે પેઢી બેઠા-બેઠા આરામથી ગુજરાન ચલાવી શકે.... વીસ-બાવીસ વર્ષની ઉંમરે વિધવા બનેલી સુમિત્રા પતિની આ સંપતિ કોઈના હવાલે છોડીને અન્ય કોઈની પત્ની બનવા તૈયાર નહોતી. સુખ છોડીને દુખમાં કોણ મુરખ જવા તૈયાર થાય?

સમાજમાં ત્યક્તા-વિધવા-છૂટાછેડા લીધેલી કન્યાઓ બીજી વખતના લગ્ન કરી શકતી હતી પરંતુ સુમિત્રાએ બીજા લગ્ન કરી ઘર માંડવાનો વિચાર માંડી વાળ્યો હતો. સ્વર્ગસ્થ પતિની સંપતિ અને પુત્રને જ પોતાનું જીવન માનીને જીવી લેવા માંગતી હતી. તેના સગા-સંબંધીએ પણ તેને બીજા લગ્ન કરવા સમજાવી હતી પણ તેને માન્યું નહીં.....ત્યારે ધીરે ધીરે તેના ઘેર આવતા સંબંધીઓએ તેને સમજાવવાનું છોડી દીધું....

તેનું યૌવન ફાટ-ફાટ થતું હતું.... સંસાર જીવનમાં માત્ર પૈસો જ સર્વસ્વ હોતો નથી. જુવાન સ્ત્રીને કંઈક અન્ય ચીજની આવશ્યકતા હોય છે. પતિના વિયોગમાં નિષ્કલંક બનીને આખું જીવન પસાર કરી જતી નારી હતી પણ એ બધું સતયુગમાં..... કથાઓ.... ફિલ્મોમાં..... વાસ્તવિક જીવનમાં એવું ભાગ્યેજ જોવા મળતું હોય છે....

પુત્ર હિરેન બે વર્ષનો થયો હતો..... પિતાની સંપતિમાંથી તેને તમામ સુખ મળતાં હતાં. સુમિત્રા પણ શરૂ શરૂમાં પતિની એકમાત્ર નિશાની હિરેન તરફ વધુ આકર્ષાતી હતી. બહુ વહાલ કરતી રહેતી હતી. હિરેનને રમાડવામાં જ તેનો દિવસ પસાર થઈ જતો હતો અને રાત્રે હિરેન ઉંઘી જતો ત્યારે પતિ સાથે ગુજારેલી પળો, રતિસુખની ક્ષણોને વાગોળતી જાગતી પડી રહેતી સુમિત્રાની આખોમાં આંસુ વહેતાં રહેતાં.... પણ આ બધું બહુ દિવસ ચાલ્યું નહિ.... પતિના મોતને ધીરે ધીરે તે ભૂલવા લાગી.

જોબનિયું જાણે હવે તેને ચટકા ભરવા લાગ્યું હતું..... પથારીમાં પડખાં ફરતી રહેતી સુમિત્રાના દેહમાં જાણે આગ ભડકતી રહેતી..... અને એક દિવસ તેને આગમાં જલતી બચાવવા જ જાણે કે એક સાથી મળી ગયો.... મનોજ શ્રીવાસ્તવ દૂરના એક કાકા શહેરમાં જ રહેતા હતા.... જો કે સંબંધમાં કાકા લાગતા શાંતિલાલ મનોજ જેટલી જ ઉંમર ના હતા.... અવાર-નવાર શાંતિલાલ તેમના ભત્રીજા વહુ સુમિત્રાની ખબર જોવા આવતા અને હિરેનને રમાડતા.... જતાં જતાં જરૂર હોય તો કહેજો એવું કહેતા શાંતિલાલને એક દિવસ સુમિત્રાએ કહ્યું કે રાત્રે હિરેન ખૂબ રડે છે.... અને મને અહીં બંગલામાં એકલા-એકલા બીક લાગે છે.... તમે અહીં સૂઈ જાવ તો ન ચાલે.....? શાંતિલાલ પણ જાણે કે આવી જ કોઈ તકની રાહ જોઈ રહ્યા હતાં.

“ઓહોહો..... એમાં તમે આટલા બધા ગળગળા કેમ થઈ જાવ છો.... આ તો મારી ફરજ છે.... હું તો બહુ પહેલાંથી આમ કરવાનો હતો પણ તમને ખોટું ન લાગે એટલે હું તમને કહી શકતો નહોતો..... પણ હવે તમે ચિંતાના કરશો..... કહેતા હો તો હવે હું રોજ અહીંયા સુવા માટે આવું.....તમારે ડરવાની કોઈ જરૂર નથી.... હિરેન મારી સાથે રહેશે.....”

પિતાનું મોત થયું ત્યારે હિરેન એક વર્ષનો હતો અને ત્યારથી શાંતિલાલ

અવાર-નવાર તેને રમાડવા આવતા. ફરવા લઈ જતા એટલે હિરેન શાંતિલાલને ખૂબ ચાહતો હતો.... રાત્રે તે શાંતિલાલ સાથે સૂઈ જવા લાગ્યો.... પણ એક જ બંગલામાં એક વિધવા યુવતી અને એક પુરૂષ સૂઈ રહેતા હોય ત્યારે એ સ્તરી કે પુરૂષને ઉંઘ ક્યાંથી આવે....? સુમિત્રા અને શાંતિલાલ શારિરીક સુખ માણવા તલપાપડ બન્યા અને એક રાત્રે જે થવાનું હતું તે થઈને જ રહ્યું.... પતિના વિયોગમાં જીવન જીવતી સુમિત્રાને પુરૂષની ગરજ હતી અને એ ગરજ શાંતિલાલે પુરી પાડી.... ત્યારથી જ બંને જણાં રાત્રિની એકલતામાં લગ્નસુખ માણતા રહ્યાં......

એક મહિનો.... એક વર્ષ...બે..... ત્રણ એમ કરતાં ઓગણીસ વર્ષ પસાર થઈ ગયાં....હિરેન ૨૧વર્ષનો જુવાન બની ગયો હતો.... કોલેજમાં ભણવા જતો હતો.... હિરેનમાં સમજણ આવી ત્યારથી સુમિત્રા અને શાંતિલાલ તેની ગેરહાજરીમાં દેહસુખ માણતા રહ્યા હતા. એટલે હિરેનને તેની વિધવા માના આડા સંબંધની જાણ થઈ નહોતી.... અને શક કરવા જેવું પણ તેના મનમાં ક્યારેય આવતું નહીં..... કોલેજમાં ભણવા જતા હિરેનને તેની જ કોલેજમાં ભણતી અને તેની જ સોસાયટીમાં રહેતી ડૉક્ટર પુત્રી સાથે પ્રેમ થઈ ગયો હતો. જેની જાણ ડૉક્ટરને થતાં ડૉક્ટરે પુત્રી માલા પર અંકુશ લાવવા પ્રયત્ન કર્યો પણ માલા હિરેન સાથે ભાગી ગઈ.... અને બંને પુખ્ત ઉંમરના હોવાથી સિવીલ મેરેજ કરી લીધાં.... સિવીલ મેરેજ કરતાં પહેલા થોડા દિવસો સુધી આ પ્રેમી પંખીડા અજ્ઞાત સ્થળે રહ્યાં હતાં. પણ માલાના પિતાએ પોલીસમાં ફરિયાદ કરી હોવાથી બંને જણા પોલીસ સમક્ષ હાજર થયા પણ બંને પુખ્ત હોવાથી પોલીસ પણ તેમને કશું કરી શકી નહીં.... માલાએ કોર્ટમાં પોતાના પિતાને બદલે પતિ હિરેન સાથે જવા ઈચ્છા દર્શાવતા કોર્ટે મંજુર રાખ્યું..... પણ હવે....?

લગ્ન તો કોર્ટમાં ગઈ ગયા હતા.... પતિ-પત્ની તરીકે સાથે રહેવા માટે તેમને કોર્ટે પણ પરવાનગી આપી હતી.... માલા અને હિરેન બંને જણાં પોતાના ઘેર આવ્યાં.... પિતાની મિલકત હતી અને તેનો વારસદાર એક માત્ર હીરેન હતો.... હા.... હિરેનની મા સુમિત્રાનો તેમાં હક્ક ખરો પણ સુમિત્રાના અવસાન પછી તમામ મિલકત હિરેનની માલિકીની હતી..... સુમિત્રા હાલ હયાત હોવાથી તમામ વહીવટ સુમિત્રાએ જ કરવાનો હોય..... નવદંપતિ ઘેર આવ્યા ત્યારે શરૂઆતમાં તો સુમિત્રા હિરેનને કશું કહી શકી નહોતી.

હિરેન સ્કુટર લઈને ક્યારેક બહાર જતો તો ઘરમાં સાસુ-વહુ એકલાં રહેતાં. શિક્ષિત માલા ઘણું બધું સમજતી હતી.... સાસુ સાથે કેવો વહેવાર રાખવો.... કેવું વર્તન કરવું વગેરે તેના સંસ્કારમાં હતું જ.... માલા ઘર છોડીને ક્યાંય જતી નહીં એટલે સુમિત્રાને અગવડ પડવા લાગી..... શાંતિલાલ આવે તોય તેની સાથે શંકા ઉભી થાય તેવી વાત કરી શકતી નહોતી.... પણ આવું ક્યાં સુધી ચલાવી લેવાય.... શાંતિલાલને જોતાંની સાથે જ સુમિત્રાને ગલગલિયાં થતાં પણ ઘરમાં જુવાન વહુ હતી..... હિરેન તો આખો દિવસ બહાર રહેતો..... એટલે માલાને ઘરમાંથી બહાર કાઢવા સુમિત્રા પેંતરા રચવા લાગી.... શાંતિલાલ આવે કે તરત જ માલાને બજારમાંથી કંઈક ખરીદી લાવવા સુમિત્રા મોકલતી.... અને એ સમય દરમ્યાન શાંતિલાલ અને સુમિત્રા રંગરેલિયા મનાવી લેતાં.....

ભણેલી ગણેલી માલાને વિચાર આવ્યો કે શાંતિકાકા આવે છે ને તેની સાસુ તેને બજારમાં મોકલે છે.... જરૂર કંઈક કારણ હોવું જોઈએ.... ઘણું બધું વિચારીને આખરે આ વાત તેણે તેના પતિ હિરેનને કરી પહેલાં તો માલા પર ગુસ્સે થઈ ગયો હિરેન.... પોતાની જનેતાએ વીસ-વીસ વર્ષ સુધી વિધવા જીવન ગુજાર્યુ છે અને એવી જનેતા વિશે માલાએ શંકાસ્પદ વાત કરી હતી.....

"પણ હું એમ ક્યાં કહુ છું કે બા એવા છે..... પણ હું તો તમને એમ કહું છું કે શાંતિકાકા આપણા બંગલે આવે છે ત્યારે જ મને બજારમાં કેમ મોકલતા હશે ?" માલાએ શાંતિથી પોતાની વાત પતી હિરેનના ગળે ઉતારી હિરેનને પણ આ પ્રશ્ન ઉપસ્થિત થયો અને એનો જવાબ મેળવવા માટે માલા સાથે એક યોજના ઘડી....

બીજા દિવસે બજાર જાઉં છું અને સાંજે મોડો આવીશ એવું કહીને હિરેન ઘેરથી નીકળી ગયો.... ત્યારે બપોરે ઘેર આવેલા શાંતિલાલે હિરેનનું પૂછતાં સુમિત્રાએ જણાવેલું કે એ તો મોડો આવવાનું કહીને ગયો છે..... અને પછી તેણે માલાને બજારમાં મોકલી.... માલા પૈસા લઈને બજારમાં જવા નીકળી કે તક મળતાં જ બેડરૂમમાં સુમિત્રા અને શાંતિલાલ પહોંચી ગયા.

પૂર્વ આયોજન મુજબ સોસાયટીથી થોડે દૂર એક હોટલમાં બેઠેલ હિરેનને માલાએ વાત કરી અને બંને જણા ચાલતા બંગલે પાછા આવ્યા. બહાર શાંતિલાલનું સ્કુટર પડ્યું હતું. હિરેનઅને માલા દબાતે પગલે બંગલામાં પ્રવેશ્યા.... બેઠક રૂમમાં અને રસોડામાં કોઈ નહોતું. એટલે બંને જણાં બેડરૂમામ બંધ બારણા તરફ આગળ વધ્યા.....

આ બાજુ હિરેન મોડો આવવાનો છે અને માલાને બજારમાં જઈને પરત આવતાં એક કલાકથી વધુ સમય લાગશે એવું માનીને આ આધેડ પ્રેમીઓએ દરવાજો ઠાલી બંધ કર્યો હતો.... અને બેડરૂમમાં જે પલંગ પર દીકરો અને વહુ સૂતાં હતાં એ પલંગ પર તેમની ગેરહાજરીમાં સુમિત્રા અને શાંતિલાલ રંગરેલિયા મનાવતાં હતાં.

બેડરૂમનો દરવાજો ખોલતાં જ હિરેનની આંખો ફાટી ગઈ..... માલા શરમાઈને પાછી વળી ગઈ..... દેવી જેવી જનેતાને શાંતિલાલની બાહુપાશમાં કઢંગી હાલતમાં જોઈને પુત્ર હિરેન પણ પાછો વળી ગયો.... પોતાની વીસ-વીસ વર્ષની સેક્સલીલાની પોલ ખુલી જતાં સુમિત્રા અને શાંતિલાલ ઝંખવાઈ ગયાં..... ત્યારથી શાંતિલાલે આ બાજુ આવવાનું બંધ કરી દીધું.... હિરેને સુમિત્રાને કશું કહ્યું નહોતું પણ હવે ઘરમાં હરતા ફરતા સુમિત્રાને ડર લાગ્યા કરતો.... એક વખત બજારમાં શાંતિલાલને મળીને સુમિત્રાએ રસ્તો કાઢવા જણાવ્યું અને પછી સુમિત્રાએ પોલીસ મથકે અરજી આપી કે "મારો પુત્ર મારા કહ્યામાં નથી.... એ અને એવી વહુ મારી મિલકત પચાવી પાડશે..... એમને ઘરની બહાર કાઢી આપો...."

વીસ-વીસ વર્ષ સુધી સમાજની નજરોમાં વૈધવ્ય પાળનાર અને છૂપી રીતે પરાયા પુરૂષ સાથે રંગરેલીયા મનાવનાર સુમિત્રાની પાપલીલાનો ભાંડો ફૂટતા હવે પિતાના અસલી વારસદાર પુત્રને ઘરની બહાર કાઢી પોલીસ સ્ટેશનના આંટા મારી રહી છે. પોતાની હવસલીલા સંતોષવામાં કાંટો બનેલા પુત્રને દૂર કરવાની માતાની કેવી ચાલ....?

## ૫૬. ગોળ વિના મોળો કંસાર અને મા વિના સૂનો સંસાર..... એક સનાતન સત્ય

પ્રેમીલા અને રમીલા. બે સગી બહેનો. મોટી પ્રેમીલા ચાર વર્ષની અને નાબી બહેન રમીલા બે વર્ષની થઈ ત્યારે તેની જનેતા મોટું ગામતરૂં કરી ગઈ હતી. નાની બાળકીઓને સાચવવા અને માનો પ્રેમ મળે તે હેતુથી તેના પિતા બીજી પત્ની લઈ આવ્યા હતા. પિતા સારી એવી મિલકત ધરાવતા હોવાથી ઓરમાન મા આ મિલકત વાપરવા માટે બંને દીકરીઓને લાડ લડાવ્યા કરતી હતી. વર્ષો વીતી ગયા. પ્રેમીલા સોળ વર્ષની અને રમીલા ચૌદ વર્ષની થઈ ગઈ હતી. બંને બહેનો બાપને ત્યાં સારી રીતે રહેતી હોવાથી બંનેના શરીર ઘડાયેલા હતા. ઓરમાન મા કામ સોંપે તે પણ તેઓ હોંશે હોંશે કરી લેતી.

પણ.... લગ્નની ઉંમરે પહોંચેલી આ બંને બહેનોના લગ્નના ખર્ચ કરવામાં આવ્યા તે ઓરમાન માને ગમ્યું નહોતું.... નામ શારદા હતું પણ લક્ષણો કડવા હતા. હવે શારદાને એમ લાગ્યું કે તેને તેનો પતિ છોડી તો નહીં દે.... શારદાએ વાતાવરણ જ એવું બનાવી દીધું હતું કે કોઈને ય તેના પ્રત્યે શંકા ન જાય.... પતિની ગેરહાજરીમાં તે પ્રેમીલા અને રમીલા પર તે સિતમ ગુજારવા લાગી. જો કે પ્રેમીલા આવડતથી ઓરમાન માના સિતમ ઠુકરાવી દેતી પણ રમીલા બધો માર સહન કરતી રહેતી.

સુખ-દુ:ખ વેઠીને પણ બંને બહેનો દિવસો પસાર કરતી. પ્રેમીલાને સાસરે વળાવી દેવામાં આવી પણ રમીલાની નાની ઉંમર હોવાથી તેને સાસરે વળાવી નહોતી.પ્રેમીલા સાસરે જતાં તેણે પોતાનો ઘરસંસાર માંડ્યો પણ રહી ગઈ માત્ર રમીલા.... લગ્ન ટાણે તેના પિતાએ આપેલા સોના-ચાંદીના ઘરેણાં રમીલાની પેટીમાં રહેતા.... અને આ ઘરેણાં પર શારદાની નજર હંમેશા રહેતી.... હજારો રૂપિયાના ઘરેણાં આમ નાની અમથી છોકરીના કબજામાં રહેલા જોઈને શારદાનો જીવ બળી જતો.

જો કે રમીલા પાસેથી આ ઘરેણાં લઈ લેવા માટે શારદા ઘણી વખત તેને માર મારતી.... પણ રમીલા આ ઘરેણાંની પોટલી લઈને તેના મોસાળમાં ચાલી જતી.... વળી પાછા પિતા તેડવા આવે એટલે તેમની સાથે પાછી આવતી રહેતી. વળી પાછી ઝઘડો થતાં રમીલા ચાલી જતી....

શારદાએ પોતાના જમા પાસામાં પ્રેમીલાનો સાથ લીધો હતો. તેની સાથે

સારો વ્યવહાર રાખતી. પ્રેમીલાના પતિની સાથે પણ સારી રીતે વર્તતી. શારદા પ્રત્યે પ્રેમીલાને માન હતું.... પોતાની જનેતા જેવું વર્તતી આ ઓરમાન મા વિરૂધ્ધ એક અક્ષર પણ બોલવાની હિંમત પ્રેમીલા કરી શકતી નહોતી.

દરમિયાનમાં તીર્થધામ પર દર્શન કરવાનો કાર્યક્રમ ગોઠવતાં શારદાએ પ્રેમીલાને તથા જમાઈને બોલાવ્યા હતા અને તેઓ દર્શન કરીને પરત ઘેર આવ્યા ત્યારે રાત પડી ગઈ હતી. જમી પરવારીને બધા બેઠા ત્યારે રમીલા સૂઈ ગઈ હતી. દીકરી - જમાઈ સાથે શારદાએ વાત કરતાં રમીલાની ફરિયાદ કરી.

"જો ને બેટા.... રમીલા હજુ સાસરે ગઈ નથી અને તેના દાગીના ઘરમાં મને સાચવવા આપવાને બદલે પોતાની પાસે રાખે છે..... ચોરાઈ જાય કે ખોવાઈજાય તો તેની સાસરીવાળાને શું જવાબ આપવો....?"

ઓરમાન માની વાત સાંભળીને પ્રેમીલાએ ખાટલામાં આડી પડેલી રમીલાને ઠપકો પણ આપ્યો હતો પણ રમીલાએ કોઈ ઉત્તર આપ્યો નહતો....એ રાત્રે શારદાએ ભયંકર નિર્ણય લઈ લીધો અને આરામથી ઉંઘી ગઈ.....

બીજા દિવસથી સવાર રમીલા માટે ખતરનાક સાબિત થવાની હતી. જેની કલ્પનાથી જ ખુદ પોતે શારદા ધ્રુજી ઉઠતી હતી..... પણ પોતાની ઓરમાન માતા પોતાના માટે ખતરનાક પગલું ભરવાની હશે એવું નિર્દોષભાવે ઊંઘી ગયેલી રમીલાને વિચાર પણ ક્યાંથી આવે..... એ તો પોતે પિતાના હાથે વિદાય લઈને સાસરીમાં વળાવતાં પતિ સાથે સુખી જીવન જીવવાનું સ્વપ્ન જોઈ રહી હતી.

પરોઢ થયું અને રમીલા ઝબકીને જાગી ગઈ.... રોજ વહેલી સવારે રમીલા સૌથી વહેલી ઉઠીને ઘરનું કામકાજ પતાવી દીધા પછી તેની ઓરમાન માને ઉઠાડતી.... ઝબકીને જાગેલી રમીલા ચમકી... આજે તેની મા શારદા પણ વહેલી ઉઠી હતી. રમીલા ઉઠી કે તરત જ શારદાએ એને પકડી અને "ચાલ.... વાડામાં...."કહીને ઘરની બહાર ઢસડીને લઈ ગયા બાદ શારદા શું કરવા કે શું કહેવા માંગે છે એ જાણવા રમીલાએ પૂછ્યું : "શું છે માસી.... કેમ આજે વહેલા ઉઠી ગયા અને મને અહીં વાડામાં કેમ લાવ્યા....." એવું બોલી રહેલી રમીલાની આંખોમાં ભય ડોકાયો......

શારદાના હાથમાં કેરોસીન ભરેલું વાસણ હતું અને આંખોમાં ગુસ્સો..... તેણે ઉભી રહેલી રમીલા પર કેરોસીનનું ડબલું રેડી દીધું અને બીજી જ ક્ષણે દિવાસળી ચાંપીને રમીલા પર નાંખી દીધી અને પોતે સડસડાટ કરતી ઘરમાં જતી રહી.....

આ બાજુ સવારમાં વહેલી ઉઠેલી રમીલા દાતણ પાણી કરે એ પહેલાં.... હજુ તો તેની ઊંઘ પણ બરાબર ઉડી નહોતી અને વાડામાં તેની ઓરમાન માએ ઉભી સળગાવી.... આગ લાગતાં જ તેણે ચીસો પાડવા માંડી..... વધુ આગ પકડે તે પહેલાં વાડામાં પડી રહેલી રેતીના ઢગલામાં તે આળોટવા લાગી. સદ્‌ભાગ્યે તેને શરીરે લાગેલી આગ રેતીના કારણે ઓલવાઈ ગઈ..... પણ જનેતા જેવી ઓરમાન માએ તેને જીવતા સળગાવી દીધાના આઘાત તે સહન કરી ના શકી.... તેની કારમી ચીસોથી આખું ફળિયું જાગી ગયું....ઘરની ઓસરીમાં સૂઈ રહેલો તેનો બનેવી પણ જાગી ગયો અને તેમણે જોયું તો રમીલા દાઝેલી હાલતમાં રેતીના ઢગલામાં પડી છે.... તેણે પ્રેમીલાને જગાડી..... ત્યાં સુધી તો શારદા પણ જાણે ઉંઘમાંથી જાગી હોય તેમ શું થયું.... શું થયું કહેતી બહાર આવી..... અને દુનિયાને દેખાડવા કકળવા લાગી..... "અરેરે.... દીકરી તેં આ શું કર્યુ.... તારા માથે શું દુઃખ આવી પડ્યું હતું તે સળગી ગઈ....પણ"

જ્યારે શારદાએ જોયું કે રમીલા હજુ જીવે છે ત્યારે તેને ધ્રાસકો પડ્યો.... પ્રેમીલાનો પતિ નજીકના ગામેથી ડૉક્ટરને બોલાવી લાવ્યો.... ડૉક્ટરે રમીલાને દવાખાનામાં લઈ જવાની સલાહ આપી..... ફળિયાનો કોઈ જણ નજીકમાં આવેલા રમીલાના મોસાળમાં દોડી ગયો.... કોઈક છોકરો ખેતરમાં રાતવાસો કરવા ગયેલ રમીલાના પતિને બોલાવી આવ્યો.... એક ટેમ્પામાં નાંખીને રમીલાને અમદાવાદ હોસ્પિટલમાં લઈ જવાની તજવીજ કરી.

દરમિયાનમાં તેની મામી-મામા વગેરે આવી પહોંચ્યા..... રમીલાને ટેમ્પામાં સુવાડી ત્યારે તેની સાથે તેની મામી હતી.... સળગી જવાથી લાગેલા આઘાતમાંથી રમીલા થોડી ભાનમાં આવી.... દવાખાને જતાં માર્ગમાં તેની મામીએ ભાનમાં આવેલી રમીલાને પૂછ્યું..... તો રમીલાએ રડતાં રડતાં તેની ઓરમાન માંના કારસ્તાન કહી દીધાં....

આ બાજુ શારદાએ લોકો આગળ એવું ઠસાવ્યું હતું કે, રમીલાને રાત્રે ઠપકો આપ્યો હતો એટલે મનમાં લાગી આવતાં તેણે આપઘાત કરવા માટે જાતે કેરોસીન છાંટી સળગી હતી પણ અસત્ય ક્યાં સુધી છૂપું રહે....?

અમદાવાદ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલી રમીલાએ પોલીસ સમક્ષ નિવેદન આપ્યું અને આ દુનિયા છોડી દીધી. તેના નિવેદનને આધારે પોલીસે હત્યાનો ગુનો દાખલ કરી ઓરમાન મા શારદાને પકડીને કોર્ટ હવાલે કરી દીધી.

ન્યાયની અદાલતમાં પણ શારદાએ છૂટવા ઘણાં ધમપછાડા કર્યા પરંતુ એક કોડભરી કન્યાને ઘરેણાં માટે નિર્દયતાથી જીવતી જલાવી મારી નાંખનાર ઓરમાન જનેતાને જન્મટીપની સજા ફટકારી દીધી ત્યારે..... કોર્ટ હાઉસમાં સન્નાટો છવાઈ ગયો હતો..... હત્યારી જનેતા પર ફિટકાર વરસાવ્યો હતો. લોકોએ.... ઓરમાન માના કાળા કરતૂતોનો બદલો મળી ગયો..... આવી મિલકતની લાલચુ ઓરમાન મા ઘાતકી કુત્ય આચરે ત્યારે મા વિનાના નોંધારા બની ગયેલા એ નિર્દોષ બાળકો કોનો વિશ્વાસ કરે....?

## ૫૭. અદાલતના કઠેરામાં ઉભેલી કઠોર યુવતીએ જ્યારે ફેંસલો સંભળાવ્યો....!!

શહેરના મધ્યમાં આવેલા એક સંસ્કારી લત્તામાં  પોતાના પરિવાર સાથે રહેતી એ કિશોરી આજે જાણે આનંદથી ઉછળતી હોય એવું લાગતું હતું. પંદર-સોળ વર્ષની ઉંમરની વૈશાલી કોલજના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતી હતી. તેના ખાનદાન ખોરડાની બરાબર સામે જ એક બંગલામાં ઘરડાં માજી રહેતાં હતાં. તેમના ઘેર જઈ ઘરનું કામ કાજ ખાવા-પીવા બધું જ આ વૈશાલી કરતી હતી. અમેરિકા રહેતા સંદિપનો તેની માતા ઉપર ફોન આવ્યો હતો. આજે રાત્રે સંદિપ  વતનમાં આવવાનો હતો. અને એટલે તો વૈશાલી ખુશ હતી. તેના ચાલવામાં, બોલવામાં અનેરો ઉત્સાહ તરી આવતો હતો.

સંદિપ વર્ષોથી અમેરિકા રહેતો હતો. તેણે વિધર્મી યુવતી સાથે લગ્ન કર્યા હતા અને તેની પત્ની કવિતા તથા સત્તરેક વર્ષનો પુત્ર કિર્તેશ સાથે અમેરિકા સ્થાયી થયો હતો. વતનમાં માત્ર ઘરડાં બા એકલા રહેતાં હતાં. જેમની સારસંભાળ વૈશાલી લેતી હતી. સંદિપ જ્યારે પણ વતનમાં આવતો ત્યારે વૈશાલી માટે મોંઘી ચીજ વસ્તુઓ લાવતો અને તેને ભેટ આપતો હતો. જેથી સંદિપના આગમનના સમાચાર જાણીને વૈશાલી નાચી ઉઠતી હતી.

વૈશાલીને અમેરિકા લઈ જવાની વાતો અને લાલચો આપતા સંદિપ પર સગીરબાળા ઓળઘોળ થઈ જતી. ધીરે ધીરે પોતાનાથી અઢી ગણી ઉંમર ધરાવતાં સંદિપની રસઝરતી વાતો, અમેરિકા લઈ જવાની લાલચ ઘેલી ઘેલી થવા લાગી હતી.

સંદિપ વૈશાલીને પુત્રી તરીકે દત્તક લેવાનો વિચાર વૈશાલીના મા-બાપ સમક્ષ મૂકતાં ઘણી ચર્ચા-વિચારણાને અંતે તેઓ પોતાની દીકરીને સંદિપને દત્તક આપવાની પરવાનગી આપી. બંને વચ્ચે કાયદાકીય રીતે દત્તકવિધાન કરવામાં આવ્યું. પણ તેની કાર્યવાહી પૂર્ણ કરવા જ સંદિપ આવવાનો હતો.

એ જ્યારે આવ્યો ત્યારે જાણે કે ભગવાન આવ્યા એવા ભાવથી વૈશાલી નાચી ઉઠી હતી. મોંઘી ભેટો પણ સંદિપ લાવ્યો હતો. વર્ષમાં ઓછામાં ઓછું બે વખત તો ભારત આવતો જ હતો. આ કાર્યવાહી પૂર્ણ કરી.

સંદિપ વૈશાલીને કેમ દત્તક લેતો હશે ?.... તેને તો વૈશાલી કરતાં પણ મોટો એક પુત્ર છે.... પછી પારકી દીકરીને દત્તક લેવાની શી જરૂર પડી હશે? એવી ચર્ચાઓ ચાલવા લાગી. પણ  એ વખતે સંદિપે એવી વાત વહેતી મૂકી હતી કે તેની પત્ની પુત્રનો જન્મ આપ્યા પછી માતા બની શકે એમ નહોતી જેથી પુત્રીની ખોટ પુરી કરવા વૈશાલીને દત્તક લીધી છે.

વૈશાલીના મા-બાપને પણ એમાં કશું અજુગતુ લાગ્યું નહોતું. એક પુત્ર ધંધે લાગી ગયો હતો અને મોટી દીકરીની સગાઈ થઈ ગઈ હતી. જ્યારે વૈશાલીને સંદિપે દત્તક લીધી એટલે તેના લગ્નનો ખર્ચ પણ બચી જશે. વળી સંદિપની પુત્રી બનીને વૈશાલી અમેરિકા જશે અને સુખી થશે. એવા બધા અરમાનોથી મા-બાપ ખુશ હતા. વૈશાલી મોટા ભાગે સંદિપના બંગલામાં જ રહેતી અને સંદિપની માની સેવા કરતી.

સોળ વર્ષની ઉંમર વટાવી ચૂકેલી વૈશાલી બે વર્ષ મોટી લાગતી હતી. તેનું શરીર કસાયેલું લાગતું. સાડી પહેરે તો જોનારને તે પરિણીત હોય તેવું લાગે.

સુખી ઘરમાં ઉછરી હતી અને વળી અમેરિકા સ્થિત પૈસાદાર સંદિપના ઘર સાથે નાતો બંધાયો.... કોઈ વાતનું દુઃખ નહોતું..... તેના રૂપ-યૌવન પણ આકર્ષક બની ગયાં હતાં.

આ દરમ્યાન સંદિપના ઘરમાં રહેતી વૈશાલીના અંગ-ઉપાંગોમાં આવેલા ફરેફારથી તેની માતા ચિંતામાં પડી ગઈ. જરૂર દાળમાં કંઈક કાળું છે એવી શંકા જતાં ખાતરી કરી તો શંકા સત્યમાં પરિણમી. ભારત આવેલા સંદિપનો વૈશાલી સાથેનો વ્યવહાર બાપ - બેટીનો નહીં પણ અવૈધ હતો. જેની જાણ થતાં જ એક જનેતાની આખમાં અને દિલમાં ખૂંચ્યું. બાપ બનવા બેઠેલો સંદિપ વૈશાલીના દેહનો ઉપયોગ કરતો હોવાની જાણ થતાં જ વૈશાલીની માતાએ દત્તકવિભાન રદ્દ કરવા માટે દાવો માંડ્યો.

ચાલીસેક વર્ષની ઉંમરનો સંદિપ પુત્રી ભૂખ સંતોષવાના બહાને પુત્રી સમાન સગીર વૈશાલીના દેહ સાથે રમત કરી પોતાની સેક્સભૂખ સંતોષતો હતો. અને વૈશાલી પણ જાણે કે સંદિપનો રંગ લાગ્યો હતો, ઘેલી થઈ ગઈ હતી તે.... અને એટલે જ તો સંદિપના વ્યવહારનો વિરોધ કરતી નહોતી.... એની પાછળ અમેરિકા જવાની પણ લાલશા હતી.... એટલે સંદિપનું ઘર છોડીને પિતૃગૃહે જવા માટે વૈશાલી તૈયાર નહોતી આખરે..... કોર્ટ દ્વારા વૈશાલીનો કબજો મેળવવા કાર્યવાહી કરતાં કોર્ટે વૈશાલીને કોર્ટ સમક્ષ રજૂ કરવા સર્ચ વરોન્ટ કાઢ્યું..... અને પોલીસને હુકમ કર્યો .

અમેરિકાથી આવેલા સંદિપના ઘેરથી વૈશાલીનો કબજો મેળવવા માટે સર્ચ વોરન્ટ લઈને પોલીસ અધિકારીઓ સંદિપના ઘેર પહોંચ્યા.... ડોરબેલ વગાડતાં બારણું ખૂલ્યું અને પોલીસ અધિકારીઓ અંદર ઘૂસી ગયા.... સોફા પર બેઠેલા સંદિપની પાસેના કૂતરા ખાખી વર્દી જોઈને ભડક્યા અને પોલીસ પર તૂટી પડ્યા.... દરમ્યાનમાં સંદિપે પોતાની પાસેની રિવોલ્વર કાઢી અને સામનો કરવા તૈયાર થયો.... પરંતુ સંપૂર્ણ તૈયારી સાથે ગયેલ પોલીસે તેને ફાવવા દીધો નહીં... તેને પકડ્યા પછી વૈશાલીનો કબજો મેળવ્યો અને કોર્ટ સમક્ષ તેને હાજર કરી.

પોલીસ રૂબરૂ નિવેદનમાં વૈશાલીએ જે કેફિયત રજૂ કરી એ સાંભળીને પોલીસ અધિકારીઓ પણ મ્હોંમાં આંગળા નાંખી ગયાં. વૈશાલી સંદિપને ચાહતી હતી. એટલું જ નહીં પણ તેણે સંદિપને પ્રેમપત્રો પણ લખ્યા હતા. અને તે હંમેશા સંદિપ પાસે જ રહેવા માંગતી હતી. સગીર ઉંમરની વૈશાલીની હિંમત દાદ માંગી લે તેવી હતી. સંદિપ વૈશાલીને મેળવવા અને તેને ઉપપત્ની બનાવવાના બદઈરાદાથી દત્તક લઈ લીધી હતી. કોર્ટ સમક્ષ પણ વૈશાલીએ સંદિપ સાથે રહેવા આગ્રહ રાખ્યો એટલે કોર્ટે સગીરબાળા હોવાથી વૈશાલીને નારીગૃહમાં મોકલી આપી.

"વૈશાલી..... તું હવે પુખ્ત ઉંમરની થઈ ગઈ છે. તારા જીવનના લાભ-ગેરલાભ,સારા-નરસાનું વિચારી શકવા સમર્થ છે..... જીંદગીનો ફેંસલો કરવા માટે તું મુક્ત છે, તને કોઈ બંધન હવે નડશે નહીં બોલ હવેતારે ક્યાં જવું છે ?..... તારા મા-બાપના ઘેર કે પછી સંદિપના ઘેર.....?"

કોર્ટ હાઉસમાં સંદિપ હાજર હતો. સામે પક્ષે વૈશાલીના મા-બાપ પણ હાજર હતા. પેટે પાટા બાંધીને ઉછરેલી દીકરી શું કહેશે....? મા-બાપની આબરૂનો પણ વિચાર કરશે કે નહીં.....? સોળ સોળ વર્ષના પરવરિશના બદલામાં વિશ્વાસઘાત તો નહીં કરે ને.....? લાગણીવશ બની ભીની આંખે આજીજી કરતા ભાવ સાથે મા-બાપ વૈશાલી સામે તાકી રહ્યા હતા.

કોર્ટ હાઉસ આખું શાંત હતું.... ટાંકણી પડે તોય તેનો અવાજ સંભળાય તેવું વાતાવરણ છવનઈ ગયું હતું. બધાની નજર કઠેરામાં ઉભેલી વૈશાલીના ચહેરા પર મંડાયેલી હતી. કોઈ વિસ્ફોટ કરવાની હોય તેવી સ્થિતિમાં વૈશાલીએ કોર્ટ હાઉસમાં નજર ફેરવી..... પછી મા-બાપ સામે જોયું.... તેમની આંખોમાં આંસુ વહેતા હતા. વૈશાલીએ મનોબળ મજબૂત કર્યુ અને એક જ વાક્ય બોલી.

"મારે સંદિપની સાથે જવું છે....."

સાંભળીને તેના મા-બાપના પગ નીચેથી ધરતી સરકી જતી લાગી. લોકોની આંખો અને મ્હોં ફાટેલાં જ રહી ગયા.... કઠોર બનેલી વૈશાલીએ કઠણ કાળજું કર્યુ પણ પછી મા-બાપની સામે જોવાની હિંમત કરી ન શકી. વૈશાલીના નિવેદનથી કોર્ટે કબજો સંદિપની તરફેણમાં ફેંસલો સંભળાવ્યો.

## ૫૮. સુશીલાના સેંથાનું સિંદુર - બગલા ભગત

રાતના આઠ-સાડા આઠેક વાગ્યાનો સુમાર હતો.....શહેરના મધ્યમાં આવેલા રહેણાંકના મકાનમાં બગલા ભગત જમવા બેઠો હતો. તેને ઝડપથી કોળિયો મ્હોંમાં મૂકતાં જોઈને તેની જુવાન પત્ની સુશીલાએ તેને ટોક્યો પણ ખરો.

“આટલી બધી શી ઉતાવળ છે.... શાંતિથી ખાઓ ને? ક્યાંય ગળે કોળિયો ભરાઈ જશે તો હેડકી આવશે અને પાછા કહેશો કોઈક યાદ કરતું હશે - પાછા તમે તો.....” સુશીલા બોલવાનું શરૂ કરે તે પહેલાં તો બોલવા જતાં બગલા ભગતને હેડકી આવી..... “ જો હું કહેતી હતી ને ? શાંતિ થી....”

સુશીલા આગળ બોલે તે પહેલાં તો બગલા ભગતે થાળી એંઠી મૂકીને ઊભો થઈ ગયો....

“તું બોલ બોલ ના કર..... મારે ઉતાવળ છે.... વકીલે બોલાવ્યો છે.... એજન્સી માટેની ચર્ચા કરવા.... તું મારી રાહ જોતી નહીં.... છોકરાઓને લઈને ઊંઘી જજે.... આજે આખરી ચર્ચા થઈ જશે.... પછી ચાર દિવસ પછી તો એજન્સી ચાલુ કરી દઈશું.... અને ત્યારેય હવે તો સમય રહેશે નહીં.... આ તો હું ઊલમાંથી ચૂલમાં પડ્યો છું.... તારા નામે એજન્સી લઈને....” બગલા ભગત હાથ-મ્હોં ધોતાં બોલ્યો.....

કદાચ કંઈક અજુગતું બનવાનો અણસાર આવી ગયો હશે તે સુશીલાની આંખમાં આંસુ આવી ગયા “મેં તમને થોડું કહ્યું કે તમે મારા નામે આ એજન્સી લો ?.... આ તો ઠીક છે કે બે પૈસા કમાવાય..... છોકરાંય મોટા થવા આવ્યા છે.... ચાર છોકરા જીવાડવા..... આ મોંઘવારીના જમાનામાં પુરૂ ક્યાંથી થાય.... અને તમે એક છો તે રાજકારણમાં ડૂબ્યા રહો છો.... પાર્ટીએ શું હોદ્દો આપી દીધો છે તે હવામાં ઉડવા લાગ્યા છો.....”

કોઈ દિવસ નહીં ને આજે સુશીલા કંઈક વિચિત્ર વાતો કરી રહી હતી.... આમ તો નામ એવા ગુણ હતા એનામાં સુશીલ અને ગુણવંતી.... એના વ્યવહાર અને વર્તનના સમાજમાં વખાણ થતા....વડીલોની મર્યાદા જાળવવામાં એક્કો.... એવી સુશીલા પતી સામે પણ કદાપિ ઊંચા અવાજે વાત કરતી નહોતી.... પણ કોણ જાણે કેમ, આજે એંઠી થાળી મૂકીને ઊભા થયેલા પતિને કોઈ કુદરતી સંકેત આપવા માટે જ જાણે કે ઠપકો આપીને ચેતવી રહી હોય એવું લાગ્યું પણ બગલા ભગત જેનું નામ.... સાડા પાંચ ફૂટની ઊંચાઈ ધરાવતા બગલા ભગતનું કસાયેલું શરીર અને હિંમતે એના આત્મવિશ્વાસમાં વધારો કરી દીધો હતો.... વળી પાર્ટીનો પ્રમુખ પછી પૂછવું જ શું ?

સુશીલા કુદરતી રીતે જ જાણે ઝઘડો કરીને પણ પતિને અત્યારે રાત્રે બહાર જતો રોકવાની કોશિષ કરી રહી હતી પરંતુ એની વાતને સામાન્ય ગણીને બગલા ભગત ઘરની બહાર નીકળી ગયો..... પડછંદ કાયા ધરાવતા બગલા ભગત શહેરમાં એક જાણીતો યુવાન હતો.... એની સાથે બાથ ભીડવા કે ઝઘડો કરવા કોઈ તૈયાર નહોતું અને એની આ હિંમત જોઈને ચૂંટણી ટાણે મત મેળવવામાં તકલીફ ન પડે...

જો કે બગલા ભગતને એજન્સી મળી એ એની જ પાર્ટીના કેટલાંકને ગમ્યું નહોતું..... આ એજન્સી જો એ ચાલુ કરી દેશે તો બગલા ભગતના ઘરમાં રૂપિયાનો ઢગલો વળી જશે અને એ અદેખુ માણસો યેન કેન પ્રકારેણ એજન્સી પડાવી લેવા માંગતા હતા..... આ એજન્સી પડાવી લેવા માટે ઘણાં બધા પ્રયત્નો કર્યા હતા એ લોકોએ..... એમની સાથે વિરોધ પાર્ટીનો માણસ પણ જોડાયો.... બંનેએ ભેગાં મળીને એજન્સી હડપ કરી જવા માટે કાવતરા રચ્યા હતા.... બોગસ દસ્તાવેજો તૈયાર કરાવીને એજન્સીનો ભાગીદાર પણ ઊભો કર્યો હતો અને એજન્સી શરૂ કરવા સામે મનાઈ હુકમ મેળવ્યો હતો.... બે વર્ષ સુધી આ કેસ કોર્ટમાં ચાલ્યો પરંતુ અંતે કોર્ટમાં ભાગીદાર માટેના બોગસ દસ્તાવેજો સાબિત થતાં કોર્ટે એજન્સી શરૂ કરવા માટે બગલા ભગતને પરવાનગી આપી દીધી હતી.

એ દિવસે એજન્સી પડાવી લેવાના પ્રયત્નો કરનારાઓના પેટમાં તેલ રેડાયું જ્યારે બગલા ભગતે એજન્સીનું ઉદ્દઘાટન કર્યુ..... એ રાત્રે બગલા ભગતને તેના વકીલે પોતાના બંગલે બોલાવ્યો હતો...એજન્સી શરૂ કરવા બાબતે અને વકીલ ફીની ચર્ચા કરવાની છે એવું કહેવામાં આવ્યું હતું. હવે ચોથા દિવસે જ એજન્સીનો શુભારંભ કરવાનો હતો એટલે ઘણી જહેમત ઉઠાવવી પડશે એમ સમજીને રાત્રે જ વકીલને મળી આવવાનું નક્કી કરીને બગલા ભગત વકીલના ઘેર પહોંચ્યા......

વકીલ સાથેની ચર્ચા દરમ્યાન એજન્સી પડાવી લેવા મથતા વિરોધીઓથી

ચેતતા રહેવા માટે અને એ અંગે કોઈપણ જાતના પૈસાની લેવડ દેવડ કરવી નહીં એવી એવી સલાહ બગલા ભગતને આપી હતી વકીલે..... વિરોધીઓ એજન્સીના બદલામાં નવ લાખ રૂપિયાની માંગણી કરી હતી અને છેવટે ચાર લાખ રૂપિયા આપી દેવા ધમકીઓ પણ આપી હતી પરંતુ બગલા ભગત જેનું નામ.... એકપણ પૈસો આપવા તૈયાર થયો ન હતો. અને એમ મફતના પૈસા આપે પણ શા માટે ? એણે એજન્સી પોતાની અક્કલ-હોંશિયારીથી સુશીલાના નામે મેળવી હતી.....એની દલાલી વિરોધીઓને શામાટે ચૂકવે ?

બે કલાક સુધી ચર્ચા કર્યા બાદ જ્યારે ઘરે જવા માટે બગલા ભગત ઉઠ્યો ત્યારે જોઈ જાળવીને જજે એમ કહીને વકીલે ઘરનો દરવાજો બંધ કરી દીધા..... ઘેર જવા નીકળેલા બગલા ભગત રાત્રિના અંધકારને દૂર કરવા મથતાં સ્ટ્રીટ લાઈટના બલ્બ જોતો જોતો આગળ વધ્યો.... ત્યાં ટાવરના ડંકા પડ્યા.... ટન...ટન...ટન...ટન...

"ઓહો..... અગિયાર વાગી ગયા....? અત્યારે તો કોઈ રીક્ષા પણ નહીં મળે....." મનમાં બબડતા બગલા ભગત એક ધક્કા આગળ વાહનની રાહ જોતો ઉભો રહ્યો.... પણ ક્યાંયથી કોઈ વાહન દેખાયું નહિં.....એટલે એણે ચાલતી પકડી..... કે ન જાણે કઈ ગલીમાંથી એક ટેક્ષી નીકળી એ એને ખબર ન પડી પણ કદાચ પોતાના ઘરની નજીક ઉતારી દે તે આશાએ એણે ટેક્ષીને ઊભી રાખવા હાથ કર્યો અને ટેક્ષી ઊભી રહી ગઈ.....

ટેક્ષી ઊભી રહી કે અંદરથી ચાર યુવાનો બહાર નીકળ્યા. એમના હાથમાં તલવાર, ચાકુ,ગુપ્તી જેવા હથિયારો હતા.... બગલા ભગત બે કદમ પાછો હટી ગયો..... અને કંઈ સમજે તે પહેલાં.....

" એજન્સી ચલાવવી છે કેમ ? પૈસા નથી આપવા-મફતમાં એજન્સી લેવી છે..... તને ખબર નથી તારા વકીલે તને અમારા કહેવાથી બોલાવ્યો હતો.... સમજ્યો ?" એક જણાંએ કહ્યું.

બગલા ભગત આખી વાત સમજી ગયો.... એને મારવા તેના વિરોધીઓએ મારાઓ મોકલ્યા છે.... પણ એ પાછો ના પડ્યો.... જો કે એની પાસે કોઈ હથિયાર નહોતાં.... જ્યારે સામે ચાર જણા હથિયારો સાથે હતા..... એ લોકો હુમલો કરે તે પહેલાં બગલા ભગતે ચારેયને ઝાપટવા માંડ્યા.....પણ.... એ ચારેય જણાએ બગલા ભગતને પકડી પાડ્યો.

થોડી ધમાચકડી અને બુમબરાડથી આજુબાજુના રહીશો ઘરની બહાર નીકળ્યા..... પરંતુ ખુલ્લા હથિયારો ચમકતા જોઈને પાછા ઘરમાં ઘૂસી ગયા અને શું થાય છે એ જોવા અગાસીમાં ચડી ગયા....

આ બાજુ બજાર વચ્ચે બગલા ભગતને મારવો નથી એને ગાડીમાં નાંખીને મારી નાંખવો અને પછી શહેરની બહાર ફેંકી દેવો એવું કાવતરૂ કર્યુ હોવાથી ચારેય જણાએ બગલાને ગાડીમાં નાંખ્યો પરંતુ પડછંદ કાયા ધરાવતો બગલો હાથ પગ મારીને ગાડીના કાચ તોડી નાંખ્યા અને બળજબરીથી બહાર નીકળી ગયો.....એ ભાગી જશે તો....? એમ તત્કાળ વિચારીને ચારેય મારાઓ બહાર નીકળ્યા અને બગલાના પેટના ભાગે ગુપ્તી-તલવારના ઘા ઝીંકવા લાગ્યા....

અગાસી પર રહીને આ જીવતી જાગતી સ્ટંટ ફિલ્મના દ્રશ્યો જોતાં લોકો ચુપ થઈ ગયા હતા.... કોઈ પણ મરદ મુંછાળો આ અત્યાચાર ખાળવા આગળ ન આવ્યો.....

તીક્ષ્ણ હથિયારોના ઘા પેટમાં પડવાથી બગલાના પેટના આંતરડા બહાર નીકળી ગયા.... અને ધડામ કરતો બગલા ભગત ધરતી પર પછડાયો....એટલે મારાઓ તેને છોડીને દશ કદમ દૂર પડેલી ગાડીમાં બેસવા આગળ વધ્યા.... અને ગાડીમાં બેસવા જતા એકની નજર બગલા ભગત પર પડી....

પેટના બહાર નીકળી ગયેલા આંતરડા બે હાથે ભેગા કરી પેટમાં દબાવીને બગલા ભગત ઊભો થયો.....એ જોઈને પેલા ચારેય મારાઓ પાછા બગલાની આવ્યા અને ફરી પાછા બગલાની ગરદન પર તથા અન્ય ભાગો પર તલવારના ઘા ઝીંકી દઈ ફરીથી પાડી દીધો..... અને હંમેશને માટે બગલા ભગતની આંખો બંધ થઈ ગઈ....

મારાઓ ચાલ્યા ગયા....હિચકારી હત્યા કરીને.... પણ આ હત્યાકાંડ નજરે જોનાર આજુબાજુના રહીશોએ ન તો હત્યાનો ભોગ બનનારને બચાવવાની કોશિષ કરી કે ન પોલીસને જાણ કરી....

આખી રાત પતિની રાહ જોઈને જાગતી બેસી રહેલી સુશીલા..... અજંપો અનુભવતી હતી.... છોકરાઓને એકલા મૂકીને ઘરની બહાર નીકળી શકે એમ નહોતી.... વળી વકીલનું ઘર પણ શહેરના સામા છેડે આવ્યું હતું.... એકલી અટૂલી સુશીલા શું કરે ? તેને જાણે કે કંઈક અજુગતું બનવાના એંધાણ વર્તાતા હતા....

જ્યારે વહેલી સવારે સુશીલાને ખબર પડી કે કોઈક યુવાનની લાશ મળી છે ત્યારે સુશીલાને ફાળ પડી.... અને જ્યારે એણે લાશ ઓળખી ત્યારે ફાટી પડી સુશીલા..... એનો સુહાગ નંદવાઈ ગયો..... તેના સેંથાનું સિંદુર ભૂંસાઈ ગયું હતું..... એક એજન્સીની લ્હાયમાં ? એનું ચાલ્યું હોત તો એજન્સી વિરોધીઓને સોંપી દેત પણ.... તેનું અમુલ્ય રત્ન તો ન ખોવાઈ જાત..... બહાદુર પતિ ચાર બાળકો નાના મૂકીને વિધવા બનાવી પરધામ પહોંચ્યો... હવે પહાડ જેવું વિધવાનું જીવન કેમ પસાર કરશે સુશીલા.... ?

## ૫૯. ..... અને સારંગીના ઘરસંસારમાં બંસરી નામનું ગ્રહણ લાગી ગયું....

ઉનાળાનો સૂરજ માથે તપી રહ્યો છે.... ગરમીએ કાળા માથાના માનવીને હરાવી દીધો છે.... કુદરતની આગળ માનવી ઝૂકી જાય છે પરંતુ શહેરના એક વિસ્તારમાં કુદરતની કરામતને પણ ઉલટાવી નાખવાના નિષ્ફળ પ્રયાસ કરનાર બે સગા ભાઈઓ એકદમ શૈતાન બની ગયા હતા..... ભારતીય નારીઓ.... પરીણિત.... નવોઢા જ્યારે પોતાનું મુખડું ઘૂંઘટમાં છૂપાવી દે છે ત્યારે અતિ સુંદર દેખાય છે..... ઘુંઘટમાં ચહેરો છૂપાયેલો હોવા છતાં તેનો ચહેરો સુંદર જ હશે એવું જોનારને લાગે છે..... પરણીને સાસરે આવેલી નવોઢા સાસુ-સસરા, કાકા-સસરા, જેઠ વગેરે વડીલોની અમાન્યા રાખવા.... મર્યાદા રાખવા ચહેરો ઘુંઘટમાં ઢાંકી દેતી હોય છે અને આવી નવોઢા વડીલોની અમાન્યા જાળવી શકે એટલા માટે શક્ય હોય ત્યાં સુધી નવોઢાની સામે આવવાનું કે એમના ચહેરા સામે જોવાનું ટાળતા હોય છે.... આ વહેવારની બંનેની હદ જળવાતી હોય છે.

પરંતુ હરિ અને નરહરિ બંને ભાઈઓ નવોઢાના ઘુંઘટની મર્યાદા સમજી શક્યા નહોતા..... ગૃહલક્ષ્મી બનીને આવેલી સારંગીનો સસરો હરિ અને કાકા સસરો નરહરિના આત્મામાં દયા નામની ચીજ નહોતી.... પોતાના કુળદિપકની કુળવધૂ પ્રત્યે લાગણી નહોતી.... માત્ર પૈસાની લાલચ હતી. વાંકગુનો હતો હરિના પુત્ર અને સારંગીના પતિ હરિહરનો..... પણ એની સજા સારંગીને મળી રહી હતી.

બપોરના સમયે હરિ અને નરહરિએ પુત્રવધૂ સારંગીની બંને બાજુ મજબૂતાઈથી પકડીને ઘરની બહાર ખેંચી કાઢી.... સારંગીના માથા પરનો સાડીનો પાલવ પડી ગયો હતો..... ગભરાટની મારી બુમો પાડવા લાગી.

"નહીં.... બાપેજી.... મને ઘરની બહાર ના કાઢો.... મને મારા પતી સાથે રહેવા દો.... મારું જીવન સુધારવા દો.... મારા ઘરમાંથી મને બહાર ના કાઢો...."

પણ બંને ભાઈઓના કાન જાણે બહેરા થઈ ગયા હતા.... આધેડ ઉંમરના ભાઈઓમાં જાણે જવાની આવી ગઈ હતી.... નરહરિએ સ્કુટરને કીક મારીને ચાલુ કર્યુ અને ચલાવવા માટે સ્ટીયરીંગ પકડીને બેસી ગયા અને તેની પાછળ હરિએ પુત્રવધૂ સારંગીને બેસાડી પોતે પછળ બેસી ગયા.....

હળહળતો કળિયુગ જાણે બેસી ગયો હતો. સ્કુટર ઉપર નરહરિ અને હરિ વચ્ચે સારંગીનું કોમળ શરીર પીસાતું હતું..... જાણે કોઈ બે જુવાનો પોતાની હવસ સંતોષવા કોઈ યુવતીને ઉઠાવી લઈ જઈ રહ્યા હોય.... શહેરના સામા છેડે રોડ પરની કોલેજો આગળ સ્કુટર આવી પહોંચ્યું. શહેર વીંધીને વહુને ઉઠાવી જઈ રહેલા સસરા અને કાકા સસરા કોલેજ વિસ્તાર પાર કર્યા બાદ નહેર ઉપર સ્કુટર ઊભું રાખ્યું અને સારંગીને ઝાટકો મારીને નીચે ઉતારી દીધી અને નરહરિએ સ્કુટર પરત વાળી લીધું. ઘર તરફ જતા કહેતા ગયા કે,

"અહીંથી જતી રહેજે પિયરમાં.... અને હવે પછી આ બાજુ અમારા ઘરમાં પાછી આવીશ નહીં.... તારા બાપાને કહી દેજે કે તને જે કરિયાવર આપ્યો છે એ પાછો નહિં મળે....સમજી...." બંને જણા ત્યાંથી રવાના થઈ ગયા.

કોલેજ આગળથી પસાર થતી નહેર ઉપર ભરબપોરે એકલી પડી ગયેલી

સારંગીની આંખોમાંથી આંસુ વહી રહ્યા હતા. જીંદગી હારી ગયેલી સારંગીના મગજમાં નહેરના પાણીમાં કૂદકો મારી જીંદગી ટૂંકાવી દેવાનો વિચાર પણ આવી ગયો....પણ, પોતાના સંસાર જીવનમાં આગ લગાડનારાઓને એનાથી કોઈ શિક્ષા નહીં મળે એમ માનીને તેણે વિચાર માંડી વાળ્યો અને નિર્ણય કરી લીધો એણે કે હવે જીંદગી જીવી લેવી છે.

આ લોકો સામે જંગે ચડીને.... તેણે કોની કોની સામે જંગ છેડવાનો છે ? તેના સુખી સંસારમાં આગ લગાડનાર કોણ છે?

ધનભૂખ્યા સસરા અને કાકા સસરા.... જેમણે સારંગીના પીતાએ આપેલા લાખ રૂપિયાની કિંમતનો કરિયાવર દરદાગીના છીનવી લીધા હતા.... અને વધુ દહેજની માંગણી નહીં સંતોષાતા તેને પહેરેલ લુગડે શહેરથી દૂર વેરાન વિસ્તારમાં તરછોડી દીધી હતી અને નિર્લજ્જપણે બેસાડીને.... એમના આ ગુનાની સજા મળવી જ રહી....

જમવાનું સારૂ બનાવતી નથી.... ઘરકામમાં ભઠિયો નથી.... કપડાં સારા ધોતી નથી.... જેવા અનેક બહાનાં કાઢીને રોજ કંકાસ કરતી સાસુ અને નણંદ.... જેમનાથી સારંગીનું રૂપ જોયું જતું નહોતું.... સ્ત્રી સહજ ઈર્ષા પણ કજિયાનું કારણ બનતી હતી. દિયર કે જેને સારંગી તેની ભાભી નહીં પણ જાણે તે પોતે સારંગીને પરણીને લાવ્યો હોય અને ઉપકાર કર્યો હોય એટલો બધો રોફ જમાવતો હતો. એને કોલેજ જવા તૈયાર બધુ સારંગી પાસે માંગતો.... જો કે સારંગી પોતાની ફરજ સમજીને બધું કરતી હતી. કપડાં,વાસણ પોતે બધું તો એ કરતી જ અને સવારમાં વહેલા ઉઠીને નહાવાનું પાણી ગરમ કરી આપવાથી માંડીને ચ્હા-જમવાનું બધું જ તે કરતી હતી.... પણ છતાંય સારંગીને આખરે પતિગૃહનો ત્યાગ શા માટે કરવો પડ્યો ?

સાસુ-સસરા, નણંદ-દિયર,કાકા સસરા જો સમજ્યા હવે....એમને સહન કરી લેવા એ તો સારંગીના ડાબા હાથનો ખેલ હતો પણ પતિ.....? પતિ નરેશ તેને અગ્નિની સાક્ષીએ સુખ-દુ:ખમાં સાથ નિભાવવા પરણીને લાવ્યો હતો....એ જો તેને સારી રીતે રાખતો હોય તો.... આખી દુનિયા તરછોડી.... પતિ સિવાયના તમામનો ત્રાસ સહન કરવા તૈયાર હતી સારંગી..... પણ શું કરે....? એક મ્યાનમાં બે તલવારો રહી ન શકે એમ એક ન ઘરમાં... બે શોક્ય રહી શકતી નથી.... એમાંય જ્યારે કાયદેસરની પત્ની હયાત હોય ત્યારે ગેરકાયદેસરની પત્ની (રખાત) ઘરમાં ઘૂસી આવે ત્યારે સ્ત્રીસહજ ઈર્ષાની આગ ભભૂકી ઉઠે છે....

એવી કઈ સ્ત્રી હોય કે પોતાની નજર સામે પોતાનો પતિ પરસ્ત્રીના પડખામાં ભરાતો જોઈ રહે ? પોતાની નરી આંખે પોતાનો ઘરસંસાર સળગતો સારંગીએ જોયો છે અને છતાં એ આગ બુઝાવી શકી નહોતી.... બે વર્ષના સંસાર જીવનમાં તેણે પતિ સુખ માણ્યું હોય એવું એને યાદ નથી....

સાસરીના શહેર કરતાં પણ મોટું શહેર સારંગીનું પિયર હતું.... બે વર્ષ પહેલાં તેના ધામધૂમથી લગ્ન થયા હતા.... એકની એક દિકરી સુખેથી રહે એ માટે પિતાએ સારો એવો કરિયાવર પણ કર્યો હતો. પરણીને સાસરે આવેલી સારંગી નરેશને પોતાનો પરમેશ્વર માનતી.... પતિ સહિત તમામની સગવડો સાચવવી એ એનો ધર્મ બની ગયો હતો.

પરંતુ હાય રે નસીબ....

લગ્નના ત્રીજા જ મહિનાથી તેના સુખી સંસારને ગ્રહણ લાગ્યું હતું. જેની જાણ સારંગીને બહુ મોડેથી થઈ.... ત્યારે એ ગ્રહણ સંપૂર્ણ છવાઈ ગયું હતું અને આ ગ્રહણનું નામ હતું બંસરી....

નરેશની જ સોસાયટીમાં રહેતી કુંવારી યુવતી બંસરી સારંગીના પતિ ઉપર ગ્રહણ બનીને ત્રાટકી હતી. નરેશ ઉપર એવો જાદુ કર્યો હતો જાણે.... તેના કરતાં પણ રૂપાળી પત્ની સારંગી હોવા છતાં બંસરી પાછળ નરેશ પાગલ જેવો થઈ ગયો હતો.... તેની આંખે દુનિયા જોતો થઈ ગયેલો નરેશ....

બંસરી આપે તો ખાય.... પીવડાવે તો પીવે.... કેટલોક સમય નરેશ અને બંસરીએ પોતાના લગ્નેતર સંબંધો શક્ય એટલા ગુપ્ત રાખવા પ્રયત્ન કરેલા.... શરૂ શરૂમાં સારંગી મજાકમાં નરેશને ટોકતી.... અને નરેશ પણ એ વાતને મજાક ગણી લેતો પણ સારંગીને ધીરે ધીરે વહેમ પાકો થવા લાગ્યો હતો અને જ્યારે સારંગીના ઘરસંસારમાં બંસરી નામનું ગ્રહણ છૂટવા માટે સારંગી ધમપછાડા કરવા લાગી....

નરેશ એનો પતિ હતો.... અગ્નિની સાક્ષીએ પરણીને આવી હતી.... નરેશ પર એનો જ માત્ર અધિકાર હતો.... શયનખંડના પલંગ પર નરેશ સાથે બેસવાનો, મસ્તી કરવાનો અને પડખું સેવવાનો એનો અધિકાર હતો. નરેશને જમાડવાનો હક્ક અને ફરજ એની હતી પરંતુ બંસરીના આવ્યા પછી અધિકાર છીનવાઈ ગયો...

નરેશ અને બંસરીના સંબંધો વિશે શંકાશીલ બનેલી સારંગીએ પતિને ટોકવાનો પ્રયત્ન કર્યો એ એની પ્રથમ ભૂલ.... નરેશ હવે બેફિકર બની ગયો... સારંગીએ બનાવેલું જમવાનું નરેશને પોતાના હાથે જમાડતી.... ત્યારે ધરતી માર્ગ આપે તો સમાઈ જવાનું મન થઈ જતું સારંગીને.... આટલું ઓછું હોય તેમ નરેશ જમવા બેઠો હોય ત્યારે કોઈ ચીજની જરૂર પડે કે પાણીની જરૂર હોય ત્યારે સારંગી નોકરાણી હોય એ રીતે બંસરી તેને હુકમ કરતી..... છતાં પણ પતિ ખુશ રહેતો હોય તો નોકરાણી બનવા પણ તૈયાર હતી સારંગીની.....

પણ જ્યારે પોતાના અધિકારવાળા બેડરૂમમાં નરેશ અને બંસરી બારણું બંધ કરીને ભરાઈ ગયા અને સારંગીના બદલે બંસરી સાથે નરેશે સંસારસુખ ભોગવ્યું ત્યારે દરવાજા બહાર નિસાસા નાંખતી સારંગીએ નરેશને રાત્રે ઠપકો આપ્યો અને પછી.... સિતમ ગુજારવાની શરૂઆત થઈ....

પતિએ ચાલુ કરેલા મારઝૂડના કૃત્યના પરિણામે સારંગી એકાદ વખત રિસાઈને પિયર ચાલી ગઈ પણ પછી પરોઠના પગલાં ભરવાથી બધું છીનવાઈ જશે એવા ડરથી સાસરીમાં પાછી આવેલી સારંગીને પતિ,સાસુ,સસરા વગેરેએ બહુ દુ:ખ દીધું. પણ પરાઈ યુવતીના ભરોસે ભરથારને છોડી જવા નહિં માગતી સારંગી સિતમ સહન કરીને પણ રહેવા લાગી.

પણ જ્યારે હદબહારનો સિતમ અસહ્ય બનતાં સારંગીએ પિયરમાં ફોન કર્યો. એની જાણ થતાં જ ગુસ્સે ભરાયેલા સસરા અને કાકા સસરા તેને ઉઠાવી જઈ શહેરની બહાર છોડી આવ્યા.....

અતિતના ઊંડાણાંથી બહાર આવેલી સારંગી વાહન દ્વારા પિયર પહોંચી અને પિતાના સહકારથી સાસરિયાઓને સબક શીખવવા જંગે ચડી..... નારી શક્તિનો પરચો બતાવવા પતિ સહિત તમામને જેલના સળિયા સુધી ધકેલી ગઈ.... એ એનો બદલો છે..... તેના સંસાર પર ગ્રહણ લગાડનારાઓ પાસે ગ્રહણ છોડાવાનો.

## ૬૦. મમ્મી-પપ્પાની આંગળી પકડીને પા-પા પગલી પાડતાં બાળકોને ત્રણ વર્ષની નીશી નિર્દોષ ભાવે જોઈ રહેતી....!

નાનકડી ફૂલ જેવી નીશી. ત્રણ વર્ષ અને બે માસે વિતાવી ચૂકી છે. ત્રીજો મહિનો પસાર કરી રહી છે. એ હસતી ત્યારે તેના બંને ગાલમાં ખંજર પડતાં હતાં. તેનું નિર્દોષ હાસ્ય જોઈને ત્રણ દિવસનું ભૂખ્યું મનેખ પોતાની ભૂખ ભૂલી જાય. રૂપાની ઘંટડી જેવા અવાજમાં એ જ્યારે કાલી કાલી ભાષામાં વાતો કરતી ત્યારે તેના ગાલ ચૂમી લેવાનું મન થતું.

નાનકડું ફ્રોક પહેરીને આંગણામાં એ રમતી, ત્યાં થઈને પસાર થતા તેના જેટલી ઉંમરવાળા બાળકો પોતાના પિતા કે માતાની આંગણી પકડી ચાલતા જોઈને નીશીની આંખોમાં નિર્દોશ ભાવ ઊભરી આવતો. ક્યારેક ઘરના ઓટલા પર બેસી હાથની બે કોણીઓ પગના ઘુંટણ પર ટેકવીને બંને હાથની હથેળી ઉપર ચહેરો ટેકવીને જ્યારે નાના બાળકોને તેમના મા - બાપ સાથે જતાં જોતી ત્યારે તેના ચહેરા પર તરી આવેલા ભાવ જોઈને પથ્થર દિલના માનવીને પણ ડૂસકું આવી જાય.

નીશી જ્યારે આ દુનિયામાં આવી જ્યારે એનો જન્મ થયો ત્યારે વિધાતાએ એના નસીબમાં કંઈક ઉતાવળથી લેખ લખી નાંખ્યા હશે. વિધિના લેખે નીશીના જન્મ બાદ બે કુટુંબો બરબાદ થઈ ગયા હતા જાણે.... મોસાળમાં ઉછરી રહેલી નીશી કોઈને મામા કહી શકે તેમ નહોતી તો પિતાના ઘેર કાકા કહી શકાય એવું કોઈ નહોતું તો જન્મથી જ દુ:ખના ડુંગર લઈને આવેલી નીશીના દુર્ભાગ્યની કરૂણ કથની કાળજાના કટકા કરી નાંખે એવી છે. પિયર પટેલ ખોરડું હતું અને મોસાળ બ્રાહ્મણ ખોરડું. પિતા પટેલ અને માતા પંડ્યા. એક જ ગામમાં પિયર અને મોસાળ. માતાએ તો દોઢ જ વર્ષનો સંસાર ભોગવીને જીવન લીલા સંકેલી લીધી અને માતાના અપમૃત્યુને જવાબદાર પિતા જેલના સળિયા પાછળ ધકેલાઈ ગયા. તેની માતા મોનીકા દેખાવે સુંદર હતી.

યજમાનગીરી કરતા પંડ્યા દંપતિની એકની એક પુત્રી હતી મોનીકા. દશમાં સુધી ભણી પણ ખરી. પિતા ખૂબ વહાલ કરતા. અઢાર વર્ષની ઉંમરે પહોંચેલી મોનીકાનું રૂપ ખીલી ઉઠ્યું હતું. યૌવન હિલોળા લેતું હતું. યજમાનગીરી કરવા જતા પંડ્યા પોતાની દીકરી મોનીકાને લાયક મુરતીયાની પણ શોધ કરતા રહેતા. પણ જુવાનીમાં ઘોડાને કાબુમાં નહીં રાખી શકનાર મોનીકા ગામના જ કૌશિક પટેલને દિલ દઈ બેઠી.કૌશિક પટેલ ખાધે પીધે સુખી હતો. બાવીસ વર્ષની ઊંમરમાં મોનીકાને પ્રેમ કરી બેઠો. બંને જણા પ્રેમના તાંતણે બંધાઈ જતાં પરસ્પર સંમતિથી પ્રેમલગ્ન કરી લીધાં.

પટેલ ખોરડામાં એકનો એક કુળદિપક વિધવા માતા સાથે રહેતો. પ્રેમલગ્ન કરી લીધા બાદ કાયદેસરના પતિ-પત્ની બનેલા નવદંપતિ મોનીકા અને કૌશિક બંને સ્વગૃહે પધાર્યા. પોતાની એકની એક પુત્રીએ પટેલ યુવાન સાથે પ્રેમ લગ્ન કરી લીધા એ પંડ્યા દંપતિને મંજુર નહોતું. મોનીકાનો કબજો મેળવવા કોર્ટમાં દાવો માંડ્યો. સર્ચ વોરન્ટ કઢાવ્યું. મોનીકાને  કોર્ટમાં હાજર કરવામાં આવી.

કોર્ટ હાઉસમાં એકદમ શાંતિ છવાઈ ગઈ હતી. ખાસ્સી એવી ભીડ હતી છતાં સૌ ચૂપ હતા. આંતર જ્ઞાતીય લગ્ન કરનાર યુવક-યુવતીનો કેસ હતો. આજે સુનાવણી હતી. કોર્ટના કઠેરામાં ઉભેલી મોનીકાને કોર્ટે પ્રશ્ન કર્યો. મોનીકાબેન તમે પુખ્ત ઊંમરના છો. તમારો કબજો મેળવવા તમારા મા-બાપે દાવો કર્યો છે. તમે જણાવો કે તમારે કોની સાથે જવું છે? તમારા મા-બાપના  ઘેર કે પછી કૌશિક પટેલની સાથે?

અને ત્યારે ! કોર્ટ હાઉસમાં ઉપસ્થિત લોકોના કાન સરવા થયા. અને મોનીકાનો જવાબ સાંભળીને સ્તબ્ધ થઈ ગયા. "મારે કૌશિકની સાથે જવું છે. એ મારો  પતિ છે. અને મારે પતિ સાથે જવું છે." કોર્ટે તેની મરજી માન્ય રાખી ત્યારે જીંદગી હારી ગયેલા મોનીકાના મા-બાપ ભગ્ન હ્રદયે પરત ઘેર આવી ગયા. ત્યારથી મોનીકા પિયર ભુલી ગઈ હતી.

એક વર્ષ પસાર થઈ ગયું. સાસરીમાં મોનીકાએ એક સુંદર બેબીનો જન્મ આપ્યો. પ્રીતના પ્રતિક રૂપે સંસારમાં પધારેલી નાનકડી નીશીના આગમનથી જાણે કૌશિકના ખોરડામાં ઝેર ફરી વળ્યું. કૌશિક તેની મા અને કાકાઓ ભેગા મળીને મોનીકાને તિરસ્કારવા લાગ્યા. મોનીકાના સુખના દિવસો પૂરા થઈ ગયા. નીશી ૨૧ દિવસની થઈ અને મોનીકાને ઘરની બહાર કાઢી મૂકી. ધાવતી બાળકીને લઈ મોનીકા ક્યાં જાય? મા-બાપને તો ઠુકરાવીને આવી હતી. છતાં તેણે પિયરનો માર્ગ પકડ્યો. એકની એક પુત્રી સામે ચાલીને ઘેર આવી હતી. પંડ્યા દંપતિ આંખોમાં આંસુ લઈને પતિગૃહેથી ત્યજાયેલી મોનીકાને અપનાવી લીધી.

૨૧દિવસની નાનકડી નીશીને લાડ કરાવવા કૌશિકે પ્રીત આડે દગો દીધો હતો. પુત્રીને તરછોડી દીધી. પોતાની નાનકડી પુત્રીને રમાડતી મોનીકા ક્યારેક ભૂતકાળમાં ભૂલી પડી જતી.

સાત માસ પસાર થઈ ગયા.

વીસ વર્ષની ઊંમરે પહોંચેલી મોનીકા સામે પહાડ જેવડી જીંદગી પડી હતી. પતિ કોઈપણ હિસાબે તેડી જવા તૈયાર નહોતો. વિચારના વંટોળે મોનીકાને હલબલાવી નાંખી. છેલ્લા ઉપાયે તે સાસરીમાં પતિને મનાવવા ગઈ પણ નિષ્ફળ ગઈ અને.....

જીંદગી નિરસ લાગતાં હારી ગયેલી-થાકી ગયેલી મોનીકાએ આખરે જીંદગી ટૂંકાવી નાંખવા નાનકડી નીશીને મા-બાપના આશરે છોડી વિષ ઘોળી લીધું. ઘેર આવીને ઘરમાં આળોટવા લાગી. દવાખાનામાં દાખલ કરી. બીજા દિવસે સાંજના પાંચેક વાગ્યે મોનીકાએ દેહ છોડી દીધો.

સાત-સવા સાત મહિનાની નાનકડી નીશી માતાના ધાવણથી વંચિત રહીને પણ દાદા-દાદીના વાત્સલ્ય પામીને ઉછરવા લાગી.

મોનીકાએ તેના પ્રેમીપતિ અને સાસુના ત્રાસથી અને તેમની પ્રેરણાથી આત્મહત્યા કરી હોવાની પોલીસ ફરિયાદને આધારે પોલીસે કૌશિક પટેલને પકડી અટક કરી કોર્ટ હવાલે કરી દીધો. મોનીકાએ વિધિના લેખ પ્રમાણે કર્યું. કાયદાએ કાયદાનું કામ કર્યું. નીશીની જનેતા મોટા ગામતરે ઉપડી ગઈ. નીશીના પિતા જેલના સળિયા ગણતા થઈ ગયા. પણ....

નીશીનું શું...? ઊંચી મેડીના સ્વપ્ન જોવાના પાપે મોનીકાએ જીંદગી

ગુમાવી. પતિએ પ્રેમ જાળમાં ફસાવી સર્વસ્વ લૂંટી લીધા પછી તરછોડવાનું પાપ કર્યું. જેલમાં ધકેલાઈ ગયો. પણ આ બંનેના પ્રેમના પ્રતિક રૂપે અવતરેલી નીશીએ શું બગાડ્યું હતું.

૨૧ દિવસે પિતાથી અળગી થઈ. ૭ મહિના પછી જન્મ આપનારી જનેતા ગુમાવી. ત્રણ વર્ષ બાદ કોર્ટે તેના પિતાને સજા કરી. દાદા-દાદી હવે ઝાંઝુ કાઢવાના નથી.... તો !

એક ગામ છે. ગામના છેવાડે ખોરડા છે. એમાં એક જૂનું ખોરડું બ્રાહ્મણનું છે. ખોરડાના આંગણે નાનકડું ફ્રોક પહેરેલી નીશી રસ્તામાં આવતા જતા અને નિશાળે જતા નાનાં બાળકોને શુન્ય મનસ્ક ભાવે નાની આંખોથી તાકતી રમી રહી છે. અને એનો ચહેરો નિર્દોષ બની જાય છે.

## ૬૧. પ્રૌઢ પેઈંગગેસ્ટ અને આધેડ સ્ત્રી વચ્ચેના પ્રેમનો સરવાળો, દશ વર્ષના આડા સંબંધની બાદબાકી બરાબર હત્યા...

સરકારી બાંધકામ શાખામાં ઉંચી પોસ્ટ પર નોકરી કરતા હરિપ્રસાદ પચાસ વર્ષની મજલ કાપી ચૂક્યા હતા અને હજુ હમણાં જ તેમણે પચાસમો જન્મદિન ઉજવ્યો હતો. ઉંમરની દ્રષ્ટિએ વનમાં પહોંચી ચૂકેલા હરિપ્રસાદને આગલા કોઈ જન્મમાં કરેલા પૂણ્યના પ્રતાપે આ જન્મમાં કુદરતે તેમને અઢળક સુખ આપ્યું હતું..... પ્રેમાળ પત્ની અને પુત્રો.... સંતાનમાં તેમને બે પુત્રો અને એક પુત્રી હતી. પુત્રી કોલેજ કરતી હતી. પરણવાની ઉંમરે પહોંચી ગઈ હતી. એક પુત્ર અમેરિકા રહેવા ચાલ્યો ગયો હતો. અને એક પુત્ર મા-બાપની સાથે વતનમાં રહેતો હતો. હરિપ્રસાદને તેમના અમેરિકાવાસી પુત્રએ પોતાની પાસે બોલાવવા ઘણાં પ્રયત્નો કર્યા હતાં. પણ નોકરીના બાકીના બાર-તેર વર્ષ પૂર્ણ કર્યા બાદ નિવૃતિ લીધા પછી કાયમ ખાતે અમેરિકા રહેવા જતા રહેશે એવો હરિપ્રસાદ જવાબ આપતા.

દરમ્યાનમાં હરિપ્રસાદના દૂરના શહેરમાં બદલી થઈ.... વતનમાં કુટુંબ-કબીલા સાથે રહેતા હરિપ્રસાદને મનમાં ખટક્યું તો ખરૂં... પણ પછી મન મનાવી લીધું.... પુત્રી કોલેજ કરતી હતી પુત્ર પણ વતન છોડી શકે એવી સ્થિતીમાં નહોતો એટલે હરિપ્રસાદે પહેલાં તો અપડાઉન કરી સગવડ સાચવવાનું શરૂ કર્યું..... પરંતુ પચાસી વટાવી ચૂકેલા હરિપ્રસાદને અપ-ડાઉન કરવામાં તકલીફ પડવા લાગી. એટલે નોકરીના સ્થળે કોઈ બે ટંક જમાડે એવી વ્યવસ્થા થાય તો રોજની આવન-જાવનની તકલીફ ઓછી થઈ જાય એવું તેમણે મનોમન વિચાર્યુ હતું.

સિનીયર તરીકે નોકરી કરતા હરિપ્રસાદના એક જુનિયર સાથી કર્મચારી સાથે પરિચય થયો. એટલે પરિચય ગાઢ બનતાં હરિપ્રસાદ પોતાના આ જુનિયર કર્મચારી બ્રહ્મણ કોમના નીતીન જાની સાથે આત્મીયતાથી વર્તવા લાગ્યા. નીતીન જાનીને પણ પોતાના ઉપરી અધિકારીનું વલણ ભાયું અને વાતવાતમાં તેણે પોતાના ઘેર પધારવા આમંત્રણ આપી દીધું..... પણ એ વખતે નીતીન જાનીને ખબર નહોતી કે હરિપ્રસાદના આગમનથી તેના સુખી સંસારમાં આગ ચંપાશે.

નીતીન જાનીના આમંત્રણને વશ થઈને હરિપ્રસાદ એક વખત તેને ત્યાં જમવા ગયા.પોતાના પતિના ઉપરી અધિકારી જમવા આવવાના છે એવું જાણીને નીતીનની પત્ની સુશીલા આનંદી ઉઠી.... જાણે કે ભગવાન તેના ઘેર પધરામણી કરવાના હોય તેવી રીતે તેણે તૈયારી કરવા માંડી. કંઈક ખામી રહી જશે તો પોતાના પતિને એ ઉપરી અધિકારી હેરાન કરશે. એવા ડરથી સુશીલાએ ભાવતા ભોજન બનાવ્યા અને કોઈ નવોઢા હમણાં જ પરણીને સાસરે આવી હોય તેવા કપડાં અને શણગાર પણ સજ્યા. આંગણું સ્વચ્છ કરી નાખ્યું.... પોતાના પુખ્ત ઉંમરના પુત્ર અમિતને પણ મહેમાન સાથે કેવીરીતે વર્તવું તે બાબતે અવાર-નવાર શીખામણ દેવા લાગી.

નિશ્ચિત સમયે નીતીન જાની તેના સાહેબ હરિપ્રસાદને લઈને ઘેર આવ્યો ત્યારે રસોડામાં ભરાઈ ગયેલી સુશીલાને ગભરામણને કારણે આખા શરીરે પરસેવો વળી ગયો.

ચાલીસ વર્ષની ઉંમરની આધેડ સ્ત્રી તેના વાળ,ગાલ અને ચાલથી ખબર પડી જાય. પરંતુ સુશીલા ચાલીસ વર્ષે પણ ઘણી સુંદર લાગતી હતી સુદ્દઢ શરીર માત્ર નહીં પણ માથાના વાળ, ગુલાબી ગાલ અને લટકતી ચાલ જોઈને કોઈપણ જુવાનિયો તેની પાછળ પડી જાય.... જો કે સુશીલા તો પોતાના પતિના ઉપરી

અધિકારી આવવાના હોવાથી શણગાર સજ્યા હતા. ઘડી ભર તેને જોઈને નીતીન જાની ખુદ અચંબામાં પડી ગયો હતો. તેણે પાણી લાવવા બુમ પાડી ત્યારે ધ્રુજતા હાથે પાણી લઈને રસોડામાંથી નીકળેલી સુશીલા ૨૫ વર્ષની યુવતી લાગતી હતી. જાણે કે કુંવારી યુવતીને પસંદ કરવા કોઈ મુરતીયો આવ્યો હોય અને યુવતી જે રીતે શરમાઈ તેવા ભાવ અને હાવ સુશીલામાં હતા. પોતે પોતાની પત્ની અને એક પુત્ર સાથે રહે છે એવી વાત નીતીન જાનીએ અગાઉથી કરી રાખી ન હોત તો ચોક્કસ હરિપ્રસાદ પૂછી બેસત તો કે આ છોકરીના લગ્ન કર્યા કે નહીં.....?

બીજી બાજુ સુવર્ણ જ્યંતિ ઉજવી ચૂકેલા હરિપ્રસાદ તેમની ઉંમર કરતાં દશ વર્ષ ઓછી ઉંમરના લાગતા હતા. કુદરતે આપેલું સુખ તેમના ચહેરા પરની ચમકમાં ડોકીયાં કરતું હતું. ૪૨-૪૩ વર્ષના નીતીન જાનીના સમોવડીયા લાગતા હરિપ્રસાદ ભારે બોલકા પણ હતા. જમી-પરવારીને બેઠા પછી વાત-વાતમાં હરિપ્રસાદે નીતીન જાની આગળ એક પ્રસ્તાવ મૂક્યો.

“જમવાનું ભાવ્યું કે નહિ ? એવા પૂછાયેલા પ્રશ્નના જવાબમાં હરિપ્રસાદે સામે પ્રસ્તાવ પણ મૂકી દીધો : ભઈ.... જમવાનું તો ઘણું સારૂં બનાવ્યું છે.... આવું તો મને મારા ઘેર પણ જમવાનું મળતું નથી....”

“પણ તમારે જ્યારે જમવાની ઈચ્છા થાય ત્યારે તમારે અહીં જ આવતા રહેવું સાહેબ.... આ ઘર તમારૂં જ છે ને....? નીતીને કહ્યું.”

“ના એવું નહીં.... તમારૂં મારાથી મફતમાં ખવાય નહીં..... એના કરતાં એવું કરીએ..... મારે તમારે ત્યાં રોજ જમવાનું..... એના બદલામાં તમને વીશી મળી જશે.... કહેતા હોય તો પેઈંગ ગેસ્ટ તરીકે રહેવા પણ આપણે તૈયાર છીએ..... જો તમને વાંધો ન હોય તો.”

અને પછી તો એક ચોક્કસ પ્રકારનો સિલસિલો ચાલુ થયો.... ઘેર જમવા આવતા હરિપ્રસાદની નજર જીનિયર કર્મચારીની સુંદર પત્ની સુશીલા પર બગડી.... તેમણે જતાં આવતાં સુશીલાના શરીર સાથે અડપલાં કરવાનું શરૂ કર્યું.... અને અજાણતા સ્પર્શ થઈ જાય છે એવો ભાવ ચહેરા પર રાખતા. જમવા બેસતા ત્યારે આગ્રહ કરીને જમાડતી સુશીલાનો હાથ પકડી રાખતા.... પણ આ બધી છેડછાડ દરમ્યાન સુશીલા કશો વિરોધ કરતી નહીં.... બંને પક્ષો તરફથી સામ-સામે મૂક સંમતિની આપ-લે થઈ આ બંને જણાં ધીરે ધીરે નજીક આવવાં લાગ્યાં.

નીતીન અને તેનો પુત્ર એમ સમજતાં કે સાહેબ જમવા આવે છે પણ જમવા આવવાના બહાને ૫૩ વર્ષના હરિપ્રસાદ અને ૪૦ વર્ષની સુશીલા પતિ-પુત્રની ગેરહાજરીમાં પ્રણયફાગ ખેલવા લાગ્યાં.... જુવાનોને પણ શરમાવે એવી પ્રેમ ગોષ્ઠી કરવા લાગ્યા..... પ્રૌઢ હરિપ્રસાદ અને આધેડ સુશીલા એકાંત મળતાં જ એક-બીજામાં ગળાડૂબ થઈ જતા સાંસારિક જીવનની તમામ સીમાઓ તેઓ ઓળંગી ચૂક્યા હતા. હરિપ્રસાદ પોતાના આ લગ્નેતર સંબંધો જાળવી રાખવા માટે સુશીલા પર પૈસા લુંટાવવા લાગ્યાં.... સુશીલાનું ઘર સંપતિથી ભરાવા લાગ્યું.... એશો આરામથી જીવન ગુજારતા અને તક મળતાં જ શારિરીક સુખ મેળવતા આ બંને પ્રૌઢોના સંબંધોનો એક દિવસ ભાંડો ફૂટી ગયો.....

સુશીલાના પતિ અને પુત્ર તથા હરિપ્રસાદના કુટુંબીઓને આ અનૈતિક સંબંધોની જાણ થઈ..... પાપ તો છાપરે ચડીને પોકારે જ છે..... હરિ અને સુશીલાનો પાપાચાર પણ હદ વટાવી ગયો. સેક્સ લીલા બહાર આવતાં બંને છોભીલા પડી ગયા..... બંને કુટુંબોએ પ્રથમ પોતાના માણસ સાથે સમજાવટથી કામ લીધું..... જુવાનીના ઉંબરે આવીને ઉભેલી યુવતી અને યુવકને અળગા કરવાનું જેટલું કઠિન હોય છે એથી પણ અતિ કઠિન કાર્ય આધેડ ઉંમરે પ્રેમમાં પાગલ બનેલા હરી અને સુશીલાને અળગા કરવાનું બની ગયું.... આખરે વિપ્ર અને વાણિયા પરિવાર વચ્ચે ઝઘડો થયો.... પણ પ્રેમમાં પાગલ બનેલ હરિ-સુશીલા વિયોગ સહન કરી શકતા નહોતા. સુશીલાને હરિએ ઘણી બધી સુખ-સગવડો આપવા પૈસા વેડફવામાં પાછી પાની કરી નહોતી....બદલામાં સુશીલા પોતાનું શરીર વાનપ્રસ્થાશ્રમ ભોગવતા હરિને સોંપતી.... સમાજમાં આ સંબંધો કલંકરૂપ બની ગયા.... પણ બદનામીની બંનેમાંથી એકેયને પડી નહોતી.....

આ આડા સંબંધો દશ વર્ષ સુધી અવિરતપણે ચાલતા રહ્યા..... અંતે ૬૩ વર્ષની ઉંમરે પહોંચેલા હરિપ્રસાદ નોકરીમાંથી નિવૃત થયા.... વતનમાં રહેવા આવતાં રહ્યા.... પણ યાદ આવતાં જ સુશીલાને મળવા તેઓ ચાલ્યા જતા. વાત

છે ક અમેરિકા સુધી પહોંચી.... પુત્રએ પત્ર દ્વારા અનેક વખત પિતાને આડા માર્ગેથી પાછા વળી જવા માટે સમજણ આપી હતી. પણ હરિપ્રસાદને કશી અસર થતી નહોતી. પિતાને અમેરિકા બોલાવી લેવા માટે પુત્રએ ઝડપી કાર્યવાહી આરંભી દીધી અને આ કાર્યવાહી અંતિમ તબક્કે પહોંચી હતી. હવે ગણતરીના દિવસોમાં હરિપ્રસાદ પોતાની પ્રેમિકા સુશીલાને યાદગીરી રૂપે કંઈક આપી દેવા તૈયાર થયેલ.....

હરિપ્રસાદ હંમેશને માટે પરદેશ જતા રહેશે તો સોનાના ઈંડા આપતી મરઘી ખોવા સુશીલા તૈયાર નહોતી.... છેલ્લે છેલ્લે હરીપ્રસાદ પાસેથી રોકડ રકમ પડાવી લેવા યોજના ઘડી કાઢી અને આ યોજનામાં તેણે પુત્રને પણ સામેલ કર્યો.

સુશીલાને યાદગીરી રૂપે સરસ-મજાનું મકાન ભેટ ધરવા હરિપ્રસાદે તેને દસ્તાવેજ કરવા બોલાવી હતી. પોતાના વતનમાં બોલાવાય તેમ નહોતું તો સુશીલાના રહેઠાણ પર પણ જવાય તેમ નહોતું એટલે વચ્ચે આવતા શહેરમાં ભેગા થવાનું નક્કી કર્યુ.....શહેરની એક ગેસ્ટ હાઉસમાં સુશીલાને બોલાવી. સુશીલા તેના પુત્રને સાથે લઈને હરિપ્રસાદના પૈસાથી ખરીદેલી મોટર સાયકલ પર હરિપ્રસાદને મળવા આવી.

જોબનિયાને અંકુશમાં રાખવા મથતા જુવાન યુવક-યુવતી જે સાહસ કરતાં શરમાય એવું સાહસ કરતા બેશરમ બની ગયેલા આધેડ સ્ત્રી અને પ્રૌઢ પુરૂષે હદ વટાવી નાંખી હતી. ત્યાર બાદ આ ત્રણેય જણા ગેસ્ટ હાઉસ છોડી ગયા. મોટર સાયકલ પર માતા-પુત્ર અને માતાનો પ્રેમી પુરૂષ ત્રણેય જણાં ઉપડ્યા જિલ્લાની બહાર.... એક મોટી કેનાલના કિનારે જઈને બેસી ગયા.... વાતો-ચીતો થઈ.....સાથે જુવાન પુત્ર હતો તેની પણ અવગણના કરીને હરિપ્રસાદ-સુશીલા પ્રેમાલાપ કરતા રહ્યા.... ઠંડીનું સામ્રાજ્ય ચોતરફ ફેલાઈ ગયું હતું.... આવી કડકડતી ઠંડીમાં પણ હરિપ્રસાદ અને સુશીલા ઉઠવાનું નામ દેતા નહોતા.... યુવાન પુત્રએ ઠંડીથી બચવા જેકેટ પહેર્યુ હતું અને જેકેટ ફીટ કરવા માટે એક મજબૂત દોરી પણ તેણે બાંધી રાખી હતી.

અચાનક કોઈ વાતે સુશીલા અને હરિપ્રસાદ વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ.... યુવાનનું લોહી ગરમ થઈ ગયું અને દશ-દશ વર્ષથી મનમાં ધરબી રાખેલો ઈર્ષાગ્નિ પ્રજવળી ઉઠ્યો..... જનેતા સાથે આડો સંબંધ ધરાવનાર પરપુરૂષનો કાંટો કાઢી નાંખવાનો વર્ષોથી સંઘરી રાખેલો ઈરાદો પાર પાડવા યુવાને પોતાના જેકેટમાં બાંધેલ મજબૂત દોરી કાઢી અને હરિપ્રસાદના ગળે દોરી વીંટાળીને મજબૂતાઈથી ખેંચી.... હરિપ્રસાદનું શરીર ઢીલું પડવા લાગ્યું.... અને જ્યારે હરિપ્રસાદનું નિશ્ચેતન શરીર ઢગલો થઈને જમીન પર પટકાર્યુ ત્યારે મા-દીકરાની આંખો પહોળી થઈ ગઈ.... હરિપ્રસાદ મરી ગયા છે એવું માની બેઠેલ મા-દીકરાએ હરિપ્રસાદનું નિશ્ચેતન શરીર કેનાલના પાણીમાં ફેંકી દીધું અને મોટર સાયકલ પર નવ-દો-ગ્યારહ થઈ ગયા. ઘેર આવીને કંઈ જ બન્યું ની એવા ભાવથી રહેવા લાગ્યા.

આ બાજુ ઘેરથીનીકળેલા હરિપ્રસાદ પરત ઘેર નહીં આવતાં તેમના પુત્ર-પુત્રી વગેરેએ શોધખોળ આરંભી..... એ દરમ્યાનમાં અન્ય જિલ્લાની હદમાંથી પસાર થતી નહેરના પાણીમાં વૃદ્ધની તણાઈને આવેલી લાશ મળી આવતાં તપાસ કરતાં ખબર પડી કે એ લાશ તો હરિપ્રસાદની છે..... પોલીસે લાશનું પી.એમ. કરાવ્યું તો ખબર પડી કે પહેલાં ગળે ટૂંપો આપીને બેભાન હાલતમાં પાણીમાં ફેંકી દેતાં હરિપ્રસાદનું મોત નિપજ્યું છે.

વનમાં પ્રવેશી ચૂકેલા હરિપ્રસાદના રંગીલા સ્વભાવે દશ વર્ષ સુધી પરાઈ સ્ત્રી સાથે લગ્નેતર સંબંધ બાંધતાં તેનું પરિણામ તેઓ ભોગવી ચૂક્યા છે..... પણ પોતાની પાપ લીલાનું પરિણામ જોવા તે પોતે હયાત નથી.

## ૬૨. ....પાપ... તારૂ... પ્રકાશ... પાપીલા

"સાહેબ... સાહેબ... મારા મામાએ મારી માને કુહાડીના ઘા મારીને મારી નાખી છે.... સાહેબ... મારી માનું ખૂન થઈ ગયું છે.... ચાલો.... જલદી...."

ઉપનગર પોલીસ સ્ટેશનમાં બેઠેલા ઈન્સ્પેક્ટર ગીરીશકુમાર એકદમ ચમક્યા : મામાએ માને મારી નાખી એનો મતલબ કે પોતાની સગી બહેનની ભાઈએ હત્યા કરી નાંખી ?

એક જુવાન યુવતી મેલાં કપડાં પહેરીને ગભરાતી ગભરાતી સબ ઈન્સ્પેક્ટરની ઓફિસમાં પ્રવેશીને રડમશ ચહેરા સાથે ઉભી રહી. પ્રથમ તો

ઈન્સ્પેક્ટરને એવું લાગ્યું કે, આ બાઈ કદાચ પાગલ હોય.... પોતાની બહેનની હત્યા ભાઈ શામાટે કરે ? એબાઈને પાગલ સમજીને બહાર કાઢવા પહેરા ડ્યુટીવાળા પોલીસ માણસને બોલાવે તે પહેલાં પેલી બાઈએ લાગલગાટ બોલવાનું શરૂ કર્યુ.

"સાહેબ.... મારા મામાએ મારી માને મારી નાખી છે. જલદી ચાલો...."

"ક્યાં છે તારા મામા.... તારી માને ક્યાં મારી નાંખી છે.... તું કોણ છે... કેમ મારી નાંખી છે?"

"સાહેબ અહીં નજીકના ગામડામાં હું રહું છું સાહેબ.... મારા ધણી સાથે અને મારો ભાઈ અને મારી મા પણ છેલ્લા કેટલાંક દિવસથી મારે ઘેર રહેવા આવ્યા છે...."

"કેમ....? તારા ઘેર રહેવા આવ્યા છે ? તારા પિયરમાં એ લોકો નથી રહેતા....?"

"રહેતા હતા સાહેબ.... પણ ત્યાં એમનું ઘર મારા મામાએ સળગાવી દીધું હતું એટલે અમારે ઘેર રહેવા આવ્યા હતા અને આજે બપોરે મારી ઘેર આવીને મારી માના માથામાં કુહાડીના ઘા મારી મારી નાંખીને મારા મામા નાસી ગયા છે...."

આ યુવતીની વાતો અને પ્રસંગો કંઈ બેસતા આવતા નહોતા અને સમજમાં આવતા નહોતા એટલે ઈન્સ્પેક્ટર ગિરીશકુમારે એને શાંતિથી વાત કહેવા ઈશારો કરતાં પૂછ્યું :

"તારી માને તારા મામાએ કુહાડી મારીને મારી નાંખી એ વખતે તું હાજર હતી?"

"ના સાહેબ.... હું તો ખેતરમાં ગઈ હતી...."

"તો પછી એ વખતે કોણ હાજર હતું? અને તારા મામાએ ખૂન કર્યુ છે એવું તને કોણે કહ્યું?"

"મારા ભાઈએ.... સાહેબ.... મારી માને મારા મામાએ કુહાડી મારી એ વખતે મારો ભાઈ હાજર હતો...."

પણ ઈન્સ્પેક્ટર ગિરીશકુમારના દિમાગમાં આ વાત ઘુસતી નહોતી અને વળી ખૂન જેવો ગંભીર ગુનો બન્યો હોવાથી તેઓ એકદમ ઉભા થઈ ગયા અને :

"ચાલ.... તું મારી સાથે તારા ઘેર.... જીપમાં બેસી જા.... રસ્તામાં વાત કરજે...."

જીપમાં બેઠા પછી ઈન્સ્પેક્ટર ગિરીશકુમારે પૂછપરછ કરતાં પેલી યુવતીએ કહેવા માંડ્યું :

"સાહેબ.... અમો ત્રણ ભાઈ બહેન છીએ... મારા મોટાભાઈ ઘનશ્યામ અને નાનાભાઈ રૂમાલના લગ્ન એક જ ઘરમાં થયા હતા. મારી ભાભીઓ સગી બહેનો હતી.... મારા પણ લગ્ન થઈ ગયા છે.... હું મારી સાસરીમાં મારા પતિ સાથે રહું છું..."

મોટા ભાભી કાનન અને નાની ભાભી કૌશલ... બંને બહેનો હતી... જેમાં મોટી ભાભી સરળ સ્વભાવની અને દેખાવડી પણ હતી. પણ સાહેબ.... આ મારી મોટી ભાભી પથ્થર ઉપરથી પડી જવાથી માથામાં વાગતાં તેનું મોત થઈ ગયું હતું.... મોટો ભાઈ એકલો જુદો રહેતો હતો અને એમનાથી નાનો રૂમાલ અને મારી મા બંને રહેતા હતા....

કેમ બે જણા.... ઈન્સ્પેક્ટર ગિરીશકુમાર વચ્ચે જ પૂછી બેઠા... તું તો કહેતી હતી કે એને પણ પરણાવી દીધો હતો....?

"હા સાહેબ... કૌશલ ભાભી કાનન ભાભીના મૃત્યુ પહેલાં મારા પિયરમાં જ રહેતી હતી પણ મારો ભાઈ રૂમાલ દારૂ પીવાની ટેવવાળો હોવાથી તે રીસાઈને પિયર ચાલી ગઈ હતી અને ત્યારબાદ કાનન ભાભીનું કમોત થતાં કૌશલ ભાભી પણ સાસરીમાં આવતાં નહોતાં...

આ દરમિયાનમાં મારા મામાએ મારા પિયરમાં આવેલ ઘર સળગાવી

દીધું હતું એવું મારા ભાઈ રૂમાલે અમારા ઘેર આવીને કહ્યું ત્યારે મને ખબર પડી.... મા-દીકરો ઘરબાર વગરના થયા એટલે મને દયા આવી અને "અહીં મજુરી કરીને ગુજરાન ચલાવશે" એમ માનીને બંનેને મેં મારા ઘેર જ રાખ્યા છે. હું મારા ધણી સાથે ખેતરમાં જઈએ ત્યારે મારી મા અમારા માટે જમવાનું પણ બનાવી દેતી હતી....

આજે બપોરે હું ખેતરમાંથી ઘેર રોટલા લેવા આવી ત્યારે મારી મા મરી ગઈ હતી એના માથામાં કુહાડીના ઘા હતા.... બહાર ઓટલા પર ભાઈ રૂમાલ બેસી રહ્યો હતો. હું આવી એટલે એણે મને કહ્યું કે આપણી માને મામાએ કુહાડીના ઘા મારીને પતાવી દીધી છે.... એટલે હું તરત જ તમારી પાસે ફરિયાદ કરવા આવી હતી....."

"પણ તારા મામા તારા પિયરમાં ઘર શા માટે સળગાવે...? અને અહીં તારી સાસરીમાં આવીને તારી માને શા માટે મારી નાંખે? આની પાછળ કારણ શું...?"

" એ તો સાહેબ..... મને શી ખબર....?"

આખી વાર્તા અને વાર્તામાં આવતા પાત્રો, ઘટના કંઈક બંધ બેસતા નહોતા એવું ઈન્સ્પેક્ટર સમજી ગયા હતા... તેમણે સ્થળ પર જઈ લાશનું નિરીક્ષણ કર્યુ.... કાયદેસરની કાર્યવાહી કરી.... લાગતા વળગતાના નિવેદનો લીધા... મરનારના પુત્ર રૂમાલનું પણ નિવેદન લીધું. અને એ વખતે ઈન્સ્પેક્ટર ગિરીશકુમારના દિમાગમાં ચમકારો થયો.... એમણે પોતાના વિચારોને ચહેરા પર આવવા દીધા નહીં.... તપાસ કરતાં કરતાં તેમણે રૂમાલના ભૂતકાળ વિશે તથા તેના મામા વિશે પણ માહીતી મેળવી લીધી.....

ત્યારબાદ......

ઈન્સ્પેક્ટર ગિરીશકુમારે આવીને રૂમાલની ધરપકડ કરી એટલે એની સાથે એના બહેન-બનેવી પણ ચમક્યા.

"સાહેબ... મ... મ... મને કેમ પકડો છો?"

"મારે તારી જ જરૂર છે. તેં જ તારી માની હત્યા કરી છે... અને તેં જ તારૂં ઘર સળગાવ્યું છે.... તેં જ અને તારા લીધે જ તારી ભાભીને અકાળે અવસાન થયું હતું..." ઈન્સ્પેક્ટરે સત્તાવાહી અવાજે કહી દીધું.

આ સાંભળીને સ્તબ્ધ થઈ ગયેલા રૂમાલના બહેન-બનેવી બોલી ઉઠ્યા :

"સાહેબ આ મારો ભાઈ નિર્દોષ છે.... એને શા માટે પકડો છો....?"

"તારો ભાઈ જ તારી હાજરીમાં કહેશે કે એણે શું કર્યુ છે ?"

ઈન્સ્પેક્ટરે સખ્ત ચહેરે રૂમાલ તરફ જોતાં સત્તાવાહી અવાજે પૂછ્યું :

"બોલ રૂમાલ..... હવે તારા પાપનો ઘડો ભરાઈ ગયો છે.... જૂઠું બોલવામાં હવે કોઈ ફાયદો નથી...."

બગવાય ગયેલો અને ગભરાઈ ગયેલો રૂમાલ રડી પડ્યો અને તેના બહેન-બનેવીની હાજરીમાં એણે ગુનાની કબુલાત કરવા માંડી ત્યારે તેની બહેન-બનેવી અવાક થઈ ગયા. ક્ષણેકવાર પહેલાં જેને દયાની નજરે જોતાં હતા એના પ્રત્યે એમની આંખોમાં તિરસ્કાર હતો.

...એ રાત્રે રૂમાલ ચિક્કાર દારૂ ઢીંચીને આવ્યો હતો. તેની આ ટેવને કારણે તેની પત્ની કૌશલ રિસાઈને પિયરમાં ચાલી ગઈ હતી... મોટોભાઈ ઘનશ્યામ બહારગામ ગયો હતો.... ઘેર ઘરડી મા અને મા સમાન ભાભી એકલા હતા. દારૂ પીને આવેલા રૂમાલને ભાભીએ પ્રેમથી જમાડ્યો.... નશો ચડ્યો અને રૂમાલ તેની પથારીમાં ઊંઘી ગયો... પરંતુ

મધરાતે જાગેલા રૂમાલની નશાખોર આંખો બાજુમાં જ સૂતેલી ભાભીના શરીર પર પડી.... કાનન અસ્તવ્યસ્ત કપડામાં કામણગારી લાગી... મા સમાન ભાભી તરફ વાસનાભરી આંખે જોઈ રહેલા રૂમાલે મર્યાદા ગુમાવી અને ભરનિંદ્રામાં અસ્તવ્યસ્ત સૂઈ રહેલી ભાભીના પડખામાં સૂઈ જઈને રૂમાલે મર્યાદા તોડી.... દિયર-ભાભીના સંબંધો ભૂલી જઈને પીંખી નાંખી કાનનને.... દિયરના હુમલાથી બચવા ઘણાં તરફડિયા માર્યા.... પણ નિષ્ફળ ગઈ.....

વહેલી પરોઢે જ્યારે નશો ઉતર્યો ત્યારે રૂમાલે દારૂના નશામાં કરેલું

પાપ યાદ આવ્યું...?...હવે...? ભાભી ભાઈને કે માને કહી દેશે તો....? દારૂના નશામાં કરેલું પાપ છુપાવવા રૂમાલે કુહાડીના ઘા ઝીંકીને કાનનને પતાવી દીધી... અને પથ્થર વાગવાથી તેનું મોત થયું છે એવી વાત ફેલાવી અને તેની ચિતા સળગાવી દીધી....

આ વાત આખી તેની મા જાણતી હતી.... પણ એણે મ્હોં ખોલ્યું નહોતું... ગમે તેમ તોય રૂમાલ તેના પેટનો જણ્યો હતો.... પરંતુ અવારનવાર બહેનને મળવા આવતા મામાને તેના કારસ્તાનની થોડી ગંધ આવી ગઈ હતી એવી શંકા રૂમાલને ગઈ.... એટલે મામાને સદાયને માટે ચુપ કરવા રૂમાલે પેંતરો રચ્યો.... પોતાની જાતે પોતાનું ઘર સળગાવ્યું અને માથે પાડ્યું મામાના.... પોલીસ સ્ટેશને ફરિયાદ કરવા જતો હતો પણ ફળિયાના લોકોએ તેને વાર્યો.... અને પછી રૂમાલ એની માને લઈને તેની બહેનના ઘેર રહેવા આવ્યો.... અહીં આવીને મામાએ ઘર સળગાવી દીધાની વાત કરીને બહેનને ગેરમાર્ગે દોરી.... થોડા દિવસ પછી મા-દીકરીની ખબર જોવા અને પોતાના ઘેર લઈ જવા રૂમાલના મામા આવ્યા પણ એમના પરત ગયા બાદ રૂમાલે ત્રીજો પેંતરો રચ્યો... અને પોતાની જનેતાને જ કુહાડીથી પતાવી દીધી....

આખું નિવેદન સાંભળી રહેલ બહેન-બનેવી તો અવાક બની ગયા હતા.... ભોળો લાગતો રૂમાલ આટલો બધો ઘાતકી ગુનેગાર હશે એની તો એમણે કલ્પના પણ કરી નહોતી....

દારૂના નશામાં રૂમાલે ભાભી પર બળાત્કાર ગુજાર્યો..... આ પાપ પર પડદો પાડવા પોતાની ભાભીને પતાવી દીધી... ખૂન છુપાવવા લોકોને પથ્થર વાગવાથી મોત થયું છે એમ જણાવી ગેરમાર્ગે દોર્યા.... પોતાની પાપલીલા છૂપાવવા સગા મામાના માથે ઘર સળગાવવાનું આળ ચડાવ્યું... પણ એમાં ફાવ્યો નહિં એટલે અંતે મામાના માથે માની હત્યા લખાવી.... પણ આખરે....?

કાનૂનના હાથ ઘણા લાંબા હોય છે.... સો ગુનેગારો ભલે છૂટી જાય પરંતુ કોઈ નિર્દોષને સજા ન થવી જોઈએ.

## ૬૩. અંગ્રેજી અક્ષરવાળી વિંટીએ સળગાવ્યો ઘરસંસાર

પુરૂષ પ્રધાન આ સમાજમાં સ્ત્રીઓને પુરૂષ સમોવડી બનવાના લાખ પ્રયાસો છતાં કોઈને કોઈ કારણોસર નિષ્ફળતા જ મળી છે. ક્યાંક આવા પ્રયાસના વધુ પડતાં વપરાશને કારણે અન્યાયી વર્તન થઈ જાય છે તો ક્યાંક આવા પ્રયાસને તુચ્છ ગણાય છે. જો કે સ્ત્રીઓને પુરૂષ સમોવડી બનાવવા જતાં ક્યાંક અભિમાની કે પછી પોતે વધુ પડતું જ્ઞાન પ્રાપ્ત કરી ચૂકી છે એવા અહંમમાં રાચતી આજની યુવતીઓ આ અધિકારનો અન્ય માર્ગે ઉપયોગ કરતી થઈ જાય છે અને તેની આવી નફફટાઈનો ભોગ પુરૂષ બનતો હોય છે.

સ્ત્રીઓ મોટે ભાગે પોતાના શરીર પર ઢાંકેલા વસ્ત્રો અને આકર્ષક આભૂષણો પરિધાન કરીને અન્ય સ્ત્રીઓની સરખામણીમાં પોતાને વધુ સુંદર અને આકર્ષક દેખાવાનો પ્રયાસ કરતી હોય છે. અને એય પુરૂષોની નજરને આકર્ષવા માટે.... ક્યારેક આવા પ્રયાસોથી સ્ત્રીઓને અંદરો અંદર ઈર્ષા પેદા થાય છે... જેને કારણે આંખો લડતી લડતી જીભ લડતી થાય છે અને પછી હાથ-પગ લડતા થાય છે. પુરૂષોના.... પણ આવી સુંદર દેખાતી સ્ત્રીઓને એક વાતની કલ્પના પણ નથી આવતી કે વધુ પડતા આ ઠઠારથી તેના પતિની આંખના એક ખૂણામાં શંકાનો કીડો સળવળશે અને આ કિડો જ્યારે હિનતા પર ઉતરી આવે ત્યારે સંસારને આગ લગાડી દેશે... વહેમનું કોઈ ઓસડ નથી એવી કહેવત છે પણ સ્ત્રીઓ ધારે તો વહેમને પલકવારમાં મિટાવી દેવાની શક્તિ ધરાવે છે પણ એવી સમજ, શક્તિનો સમય, સંજોગો જોઈને યોગ્ય રીતે વાપરી શકે એવી સ્ત્રીઓ એમાં સફળ થાય છે.... માત્ર ગણી ગાંઠી....બાકીની સ્ત્રી સહજ વહેમમાં તણાઈ જતી હોય છે.... અને એ વહેણમાં તણાઈ જતી હોય છે.... અને એ વહેણમાં જ પોતાનો ઘરસંસાર લઈને ડૂબી જાય છે....

કંચને પોતાના પરણેતર સાથે બનતું નહિ હોવાથી તેનાથી છૂટાછેડા લઈ લીધા હતા અને પછી પોતાની બહેન બનેવી અને અન્ય સગાઓના કહેવાથી વીરમ સાથે બીજી વારના લગ્ન કર્યા હતા.... નાતરૂં કહેવાય એવા આ લગ્નમાં પણ કંચનને કંઈ ઝાંઝો આનંદ નહોતો થયો.... છતાં અખતરો કરી લેવા જ જાણે તેણે બીજી વારના લગ્ન કર્યા હતા.

ગામ આખામાં કંચન જેટલી સુંદર છોકરી કોઈ નહોતી.... અને આવી

છોકરીના પ્રથમ લગ્ન એવા મુરતીયા સાથે થયા હતા જે જોઈને કોઈપણ મનમાંય એવું બોલી ઉઠે કે કાગડો દહીંથરૂં લઈ ગયો.... રૂપનું અભિમાન હતું કંચનને.... અને વર ગમતો નહોતો... એટલે છૂટાછેડા લઈ લીધા હતા એણે પણ આમ મનપસંદ રાજકુમાર એને એની જ્ઞાતિમાં કોઈ મળવાનો નહોતો એટલે વીરમ સાથે તેણે નાતરૂં કર્યું....

સાત સાત વર્ષ વીતી ગયાં.... પણ કંચને ક્યારેય પોતાનું મન માન્યું સંસારસુખ માણ્યું નહોતું... પતિ પોલીસ કોન્સ્ટેબલ હતો.... પોલીસ સ્ટેશને ફરિયાદ કરવા માટે આવતી મહિલાઓના જીવનનો ઈતિહાસ જાણતો હતો... અનુભવે ઘડાયો હતો.... પોતે અન્ય પુરૂષ સાથે આડો સંબંધ છે એવો મારો પતિ વહેમ રાખે છે તો કેટલીક મહિલાઓ પતિના અન્ય પત્નીના આડા સંબંધની ફરિયાદ લઈને આવતી..... આ બધાંથી અનુભવથી વિરમના મગજમાં ક્યારેક તેની પત્ની કંચન પર પણ શંકા જતી.....

શરૂઆતમાં જ કંચન વિરમ સાથે અતડું વર્તન રાખતી હતી અને સુંદર હોવાથી ક્યાંય કોઈની સાથે કંઈક અવૈધતા બંધાયેલી હોય એવું વિરમને લાગ્યા કરતું.... પુરૂષના મનનું ભલું પૂછવું... ક્યાંય સાંભળી લીધું તો ખલાસ.... અને એમાંય પોલીસ કોન્સ્ટેબલ.... મૂળ સુધી પહોંચવા માટે થર્ડ ડિગ્રીનો ઉપયોગ કરતાં પણ અચકાય નહિં....

કંચન અવાર-નવાર પિયરમાં ચાલી જતી.... ક્યારેક ક્યારેક બહેન-બનેવીને ત્યાં પણ રહેવા ચાલી જતી. વિરમ પોતે અને એનો મોટો સાઢુ ભાઈ પણ પોલીસમાં.... પછી વાતનો કંઈ અંત આવે....?

કંકાસનું મૂળ શરૂ થયું એક નાનકડી અંગૂઠીથી.... કંચને પ્રથમ લગ્ન કર્યા ત્યારે પહેલાંથી અંગ્રેજી અક્ષરની એક વિટી કાયમ પહેરી રાખતી.... ફારગતી થઈ અને વિરમ સાથે છેડા બાંધ્યા.... પતિ બદલાયો પણ કચનની પેલી વિટી પહેરતી હશે અને એના લીધે જ ફારગતી થઈ હશે.... નહીંતર આટલી સુંદર કન્યાને કયો અભાગિયો પતિ છૂટાછેડા આપે...?

પૂછવું પડશે કંચનને.... વિરમે દૃઢ નિર્ણય કર્યો.... કંચનના કાળજામાંથી આ અંગ્રેજી અક્ષરવાળી વીંટીનો ભેદ ઓકાવવો જ પડશે.... ગમે તેમ તોય કંચન તેની પત્ની હતી.... વિટી જ પહેરવી હોય તો મારા નામની પહેરવી જોઈએ... વિરમે એક રાત્રે ઘણા બધા ઉલટા સુલટી વિચારોને અંતે પરિણામની પરવા કર્યા વિના નિર્ણય લીધો અને કંચનને પૂછી બેઠો.....

એક જ પથારીમાં સાથે સૂઈ રહેલા વિરમે કંચનનો વિટીવાળો હાથ પકડી લીધો અને વિટી પકડીને પૂછ્યું.

“આ....આ વિટી કોની છે?”

“મારી છે....” કંચને જવાબ દઈ દીધો.

“તારી છે વાત ખરી પણ અંગ્રેજીમાં અક્ષર છે એની હું વાત કરૂં છું.... આ વિટી કોના નામની તું પહેરે છે? મારે એ જાણવું છે.....”

પરંતુ વાત ટાળવા માટે પડખું ફરીને કંચન સૂઈ ગઈ.... એણે કોઈ જવાબ આપ્યો નહિં.... પણ એના મૌને વિરમની ઊંઘ ઉડાડી દીધી..... તેનો વહેમ વધારે મજબૂત થવા લાગ્યો.... આખી રાત તેણે આ વિટી વિશે વિચારતાં જ પસાર કરી....

બસ.... ત્યારથી આ અંગ્રેજી અક્ષરવાળી વિટીએ વિરમ અને કંચનના ઘરસંસારમાં તિરાડ પાડી દીધી અને કંકાસ શરૂ થઈ ગયો....

અબોલા..... છણકો..... અણગમો.... તિરસ્કાર..... આક્રોશ..... ગુસ્સો..... બોલાબોલી..... જીભાજોડી.... મારઝૂડ.....ધમસાણ..... રીસામણાં..... ઘરસંસારમાં ઘરસંસારનું સ્વરૂપ ફીટ થઈ ગયું.... પછી તો છાસવારે ઝઘડો થવા લાગ્યો..... નાના અમથા વાંકગુનાને પણ વિકૃત સ્વરૂપે લઈને વિરમ પોતાના મનમાં ઉદ્ભવેલા વહેમને સમર્થન આપવા વ્યર્થ પ્રયત્ન કરવા લાગ્યો.

દરેક ઝઘડાના મધ્યમાં કે અંતમાં વિરમના મોઢામાંથી પેલી વિટી કોના નામની છે એ પ્રશ્ન તો નીકળતો જ....

“તારા મનમાં કોઈ પાપ ન હોય તો તું મને આ વિટી કોના નામની છે એ કહી કેમ દેતી નથી....? મારે જાણવું જ છે તું એ નહીં કહે ત્યાં સુધી મને શાંતિ નહીં થાય અને તારો-મારો સંસાર સારી રીતે નહિં ચાલે.... તારે મને

કહેવું જ પડશે....” વિરમ હઠે ભરાયો હતો તો સામે પક્ષે કંચન પણ કાચી નહોતી..... વિટીનો ભેદ ગમે તેવો હોય.... હવે મારે કહેવું નથી એવો નિર્ણય કરી બેઠી હતી જાણે.... વિરમનો માર સહન કરતી હતી.... સંસારમાં આગ લાગે તો ભલે પણ હવે મોં નહિં ખોલે....

કંચનની આ ચૂપકીદી વિરમ સહન કરી ન શક્યો....

ભલભલા ગુનેગારોને તેમનો ગુનો કબુલ કરાવી શકનાર પોલીસ કોન્સ્ટેબલ પોતાના જ ઘરમાં પોતાની પત્ની પાસેથી એક વિટીનો ભેદ ઉકેલવામાં નિષ્ફળ ગયો હતો.... સ્ત્રીહઠ આગળ વિરમ હારી ગયો હતો.

અંગ્રેજી અક્ષરવાળી આ વિટી કંચન કોના નામની પહેરે છે એ જાણવા માટે વિરમે કંચનની ભત્રીજીને પત્ર લખીને પૂછાવ્યું કદાચ પિયરમાં વર્ષોથી કંચન કોઈ અન્ય યુવાન સાથે પ્રેમસંબંધ ધરાવતી હોય તો તેની બહેનપણી કે બહેનપણી સમાન ભત્રીજી આ વાત જાણતી હોય પરંતુ વિરમને ત્યાંથી યે કોઈ પ્રત્યુત્તર મળ્યો નહિં.....

જેમ જેમ સમય પસાર થતો ગયો તેમ તેમ વિરમના શકનો કિડો ફેલાવા લાગ્યો....

એક દિવસ વિરમ પોતાની ફરજ બજાવવા માટે પોલીસ મથકે ગયો હતો પણ એનું ધ્યાન ઘેર હતું.... સૂતા-જાગતા, બેસતા-ઉઠતા વિરમની નજર સામે કંચનના નાજુક હાથની કોમળ આંગળી પર વીંટાઈને પડેલી વિટી તરતી રહેતી આ વિટી જાણે કોઈ વીંછી હોય તેવો ભાવ વિરમ અનુભવતો.... ઘેરથી નીછકળતા પહેલાં પણ આ વીંછીએ ડંખ માર્યો હોય એ રીતે વિરમ ભડક્યો હતો અને વિટીનો ભેદ ઉકેલવા માટે તેણે છેલ્લો પ્રયત્ન કર્યો.... કંચનને માર માર્યો... જતાં જતાં બે હાથે ગળું દબાવી મારી નાંખવાનો ભય બતાવ્યો પણ.... કંચને ભેદ ન ખોલ્યો તે ન જ ખોલ્યો..... પોલીસ મથકે વિચારોમાં ડૂબેલો વિરમ અજંપાથી પીડાતો હતો. પોલીસ સ્ટેશન ઓફિસરને “હું હમણાં આવું છું” એમ કહીને વિરમ ઘેર જવા નીકળ્યો..... એ પોલીસ સ્ટેશનથી નીકળ્યો અને ન બનવાનું બની ગયું.

વહેમની ચિનગારીએ ઘરસંસારને સળગાવી મૂક્યો હતો.... વિરમના ઘેર પોલીસ અધિકારી સરકારી જીપ લઈને આવી પહોંચ્યા હતા. કંચનના પિયરીયાંઓને જાણ કરતાં તેના મા-બાપ બહેન-બનેવી વગેરે આવી પહોંચ્યા હતા. ઘર વચાળે કંચનની સળગી ગયેલી લાશ પડી હતી..... તેની જીભ બહાર નીકળી ગઈ હતી... કોઈ નક્કી કરી ન શક્યું કે કંચન જાતે સળગી મરી કે સળગાવી મારી કે પછી મારી નાખ્યા પછી એને સળગાવી દીધી ? કોઈ કહેતાં કોઈ નક્કી ન કરી શક્યું....

પોલીસ કોન્સ્ટેબલ હતો વિરમ છતાં ઢીલોઢસ થઈ ગયો.... આ શું થઈ ગયું....? તેણે ધ્યાનથી કંચનના બળી ગયેલા દેહને જોયો..... હાથ.... પગ..... માથાના વાળ.... શરીર પરના કપડાં બધું જ સાફ થઈ ગયું હતું પણ.... ધીરે ધીરે વિરમની નજર ફરીથી કંચનના હાથ પર ગઈ.... ખભાથી કોણી સુધી.... ત્યાંથી કાંડા ઉપર અને પછી સળગી ગયેલી આંગળીઓ પર જતાં જ તેની આંખમાં ઝેર ફરી વળ્યું.....

જેના કારણે વર્ષો સુધી સાથે રહ્યા છતાં કોઈ સુખ પામી ન શક્યો.... જેના કારણે ઘરમાં કંકાસ શરૂ થયો.... જેણે ભાવિ સપનાં રાખમાં મેળવી દીધા..... દિવસ-રાત જેણે અજંપો કરાવ્યો.... એ....એ અંગ્રેજી અક્ષરવાળી વિટી કંચનની આંગળી ઉપર હજુએ વળગી રહી હતી.... વિટી વાળી આંગળી પણ જાણે બળ્યા વગર અકબંધ રહી હતી દિલને ઠેસ પહોંચાડી રહેલી આ વિટી સામે વિરમ જોઈ રહ્યો.... કંચન તો સળગી મરી હતી પણ આ વિટી અને વીંટી પાછળનો ભેદ અકબંધ છોડતી ગઈ હતી.... મનોમન વિરમ વલવલી ઉઠ્યો....

“રે.... ભુંડી.... આ વીંટી કોના નામની છે એ તે કહી દીધું હોત તો તારા બાપનું શું જવાનું હતું.... એ જાણી લીધા પછી આપણે સુખેથી સંસાર ભોગવી લેત..... વિટીનો ભેદ જાણી લીધા પછી હું ક્યારેય એ વાતનો ઉલ્લેખ નહોતો કરવાનો પણ ભુંડી.... તારી જીદે તારી આ ભૂંડી હાલત કરી છે..... તું તો મરતી ગઈ પણ સાથે સાથે મનેય મારતી ગઈ....”

કંચનને આત્મહત્યા કરવા મજબૂર કરવાના ગુના હેઠળ દશ વર્ષની કેદની સજા ભોગવી રહેલો વિરમ જેલમાં પણ કંચનની આંગળી પર ચડેલી અંગ્રેજી અક્ષરવાળી વિટીનો ભેદ ઉકેલવા મથી રહ્યો છે.

## ૬૪. દિવાસાની મધરાતે..... 'ધતુરો'

ભરનિદ્રામાં પોઢી રહેલી રીતા જાણે એકદમ ઝબકીને જાગી ગઈ અને.... પોતાના ખાટલામાં માનવીની કાયા જોઈને થોડુંક ગભરાઈ ગઈ..... મોઢામાંથી કંઈ અવાજ નીકળવાને બદલે પ્રથમ તો ભયભીત નજરે જોયું અને બીજી જ  ક્ષણે રીતાએ પૂરા જોરથી લાત મારી પેલી કાયાને.... અને એ કાયા લથડિયા ખાઈને ભોંય પર પટકાઈ એ સાથે જ રીતા ઓળખી ગયેલ એ કાયાને ગુસ્સામાં બોલી ગઈ.....

"બાપુ.... તમે? તમને સહેજેય લાજ શરમ નથી....? સગી જુવાન દિકરીના ભેગુ કપડાં પહેર્યા વગર સૂઈ જાવ છો તે...." તમે એટલો બધો દારૂ શું કામ પીઓ છો..... તે કપડાં પહેરવાનું પણ ભાન રહેતું નથી....? જુવાન દિકરીની સાથે સૂઈ જતાં શરમ નથી આવતી....? " અને રીતા પોતાની છાતી સરસી ચાદર ખંબાવીને ખાટલામાં બેઠી થઈ ગઈ.... એનું આખું શરીર ધ્રૂજી રહ્યું હતું....."

"મૂં..... મૂંગી..... મ....મ....ર.... હવે....ત....તું મારૂં ઉગાડેલું બીજ છે...." પેલી લથડિયાં ખાતી કાયા ભોંય પર પટકાયા પછી બેઠી થવાના પ્રયત્ન નિષ્ફળ જતાં હાથના ટેકાથી ખાટલો પકડીને લથડિયા ખાતી જીભે બોલી : "....તને મેં પેદા કરી છે.... ત....તારા પર મ.... મારો અધિકાર ન....ન.... નાલાયક...." અને પેલી વસ્ત્રહિન કાયાના મુખમાંથી પોતાની સગી દિકરી માટે ન સંભળાય એવી ગાળોનો વરસાદ વરસાવા લાગ્યો.....

મધરાતનો સમય હતો... હવે આગળ બોલવાથી ફળિયાના લોકો જાગી જશે અને.... મફતનો તમાશો જોશે.... એવું માનીને રીતા ચૂપચાપ પિતાના મુખની ગાળ સાંભળતી રહી.... દારૂનો નશો એટલો બધો ચડી ગયો હતો કે વસ્ત્રહિન પેલી પુરૂષકાયા તૂટક તુટક ગાળો બોલતી બોલતી જ ચૂપ થઈ ગઈ.... ભોંય પર નગ્ન બનીને પોઢી ગયેલી એ કાયાને રીતાએ પોતાની ચાદર ઓઢાડી દઈ નિરાંતનો શ્વાસ લીધો.....

પણ એ આખી રાત ભયને કારણે રીતા ઊંઘી શકી નહીં..... આંખમાં આંસુ સાથે જાગતી પડી રહેલી રીતા વિચારમાં ડૂબી ગઈ.

બાવીસ વર્ષની ઉંમરની રીતાના લગ્ન થઈ ગયા હતા અને એક બાળકની માતા પણ બની ચૂકી હતી. તેનાથી નાની બહેન રીના અઢારેક વર્ષની ઉમરની હતી. અને તેના લગ્ન કરી નાંખવામાં આવ્યા હતા પરંતુ તેના લગ્ન પછી તેને સાસરીમાં વળાવી નહોતી. બીજી બે સૌથી નાની બહેનો મોસાળમાં રહેતી હતી અને ત્યાં જ ભણતી હતી. ચાર બહેનો વચ્ચે એક ભાઈ હતો જે  વીસેક વીઘાં જેટલી જમીનનો વહીવટ કરતો હતો.

પંદરેક વર્ષ પહેલાં જમીનનો વહીવટ અને કામગિરી પિતા સંભાળતા હતા. જાતે ખેતી કરતા હતા. પરંતુ માનવીના જીવનમાં દશકો સુખ તો દશકો દુઃખ આવતા હોય છે. તેમ આ કણબીના ખોરડા ઉપર પણ વિધાતાનો કોરડો વિંઝાયો.... રીતાના પીતાને દારૂ પીવાની આદત પડી.... અને ધીરે ધીરે પુષ્કળ પ્રમાણમાં દારૂ ઢીંચીને આવતા ત્યારે કપડાંનું પણ ભાન રહેતું ન હોતું... ધરતી પર પગ ટકે નહીં એટલો બધો નશો કરીને આવતા.... દારૂ પીવાની આદતને કારણે તેઓ કમજોર બનતા ગયા.... ખેતી કરવાનું કામ છોડી દીધું એટલે ના છૂટકે બધી જ જમીન ભાગીયાને ભાગમાં આપી દીધી.... ઉપજ ઘટવા લાગી અને એવા સમયે ઉંમરલાયક થયેલી રીતા અને રીનાના હાથ પીળા કરવામાં ખર્ચને પહોંચી વળવા કેટલીક જમીન વેચવી પણ પડી.

જો કે દારૂ પીવાની આદતે સમાજના સંબંધો પણ ભૂલી ગયેલા પતિથી રિસાઈને મા પિયરમાં ચાલી ગયેલી રીતાની મા ક્યારેક ક્યારેક દયા ખાઈને અને પતિ શું ખાતા હશે- શું પીતા હશે.... એવી ચિંતા કરીને પાછી પણ આવતી. જો કે ઘણે ભાગે તો તે બાળકો સાથે પિયરમાં જ રહેતી.... સંતાનોને પણ મોસાળમાં ફાવી ગયું હતું. રીતાની એક ફોઈ હતી જેને રીતાના મામા સાથે પરણાવેલ.... સગાઈમાં સામસાટા સાચવીને ભાઈ-બહેન રીતાના બાપુ અને ફોઈના ઠેકાણા પડ્યા હતા.

"બાપુ.... તમે દારૂ શા માટે પીઓ છો....? આપણા સમાજમાં લોકો વગોવે છે..... પીવો હોય તો માપનો પીવો.... જ્યારે હોય ત્યારે ગળા સુધી દારૂ ઢીંચીને આવો છો અને કશું ભાન રાખતા નથી....." સાસરેથી પિયર આવેલી

રીતા દિવસના સમયે જ્યારે તેના બાપુએ દારૂ પીધો ન હોય ત્યારે તેમને સમજાવવાની કોશિષ કરતી પણ એ વખતે ચૂપચાપ સાંભળી લેતાં બાપુ રાત્રે દારૂ ઢીંચવાના જ છે. એવી ખાતરી હોવા છતાં પણ રીતા સમજાવતી.... પણ સુધરવાનું નામ લે એ બીજા....

ઘરમાંથી પૈસા ન મળે તો ઘઉં-બાજરી વેચીને પણ રાત્રિના સમયે દારૂ ઢીંચીને આવતા કણબી પતિ સીધા જ બાથરૂમમાં જઈને શરીર પરના તમામ કપડાં કાઢી નાંખી માત્ર એક જાંગિયા ભેર ઘર વચાળે પડી રહેતા ક્યારેક તો જાંગિયો પણ કાઢી નાંખી સંપૂર્ણ દિગંબર બની ગયેલા દારૂડિયા પતિને કપડાં પહેરાવવા મથતી પત્નીને માર પણ ખાવો પડતો.

રીતાની ફોઈ પણ ઘણી વખત ભાઈને સમજાવવા આવતી પણ.... દારૂ ઢીંચીને અવતો ભાઈ બહેનની પણ શરમ રાખતો નહિં.... દારૂ પીવાથી જાણે માનસિક વિકૃત બની જતો આ ભાઈ નગ્ન દેહ સાથે બહેનની ભેગુ પણ સૂઈ જતો..... પોતાની જુવાન જોધ દિકરીઓના ખાટલામાં પણ સૂઈ જતાં લજ્જાતો નહોતો....

નશામાં ને નશામાં નગ્ન બનીને નાની પુત્રી રીના સાથે પણ આવો દુર્વ્યવહાર કર્યો હતો એટલું જ નહીં બલ્કે એક વખત તો રીતા ઉપર તેણે રીતસર બળાત્કાર કરવાનો પ્રયત્ન કર્યો હતો પરંતુ રીતા ચેતી ગઈ હતી અને મહામુસીબતે તેણે બાપના પંજામાંથી પોતાની જાતને છોડાવી હતી..... અને ત્યારથી પોતાની અને પોતાની બહેન રીનાની જવાની પર બદદાનત ધરાવતા બાપથી હંમેશા સાવચેત રહ્યા કરતી પણ રોજેરોજ કેટલુંક સાચવે....?

દારૂડિયા બની ગયેલ પતિથી દૂર રહેતી પત્ની.... બહેન....પુત્રીઓ દારૂડિયાની હરકતોથી કંટાળી ગયા હતા હવે તો ગમે તેમ કરીને આ ત્રાસમાંથી છુટવા માટે માર્ગ શોધી રહી હતી. પણ કોઈ એવો માર્ગ રસ્તો મળ્યો નહિ....

આખરે એક અંતિમ અને કઠિન માર્ગ શોધી કાઢ્યો રીતા અને રીનાએ..... એ માર્ગ એટલો બધો કઠિન હતો કે કોઈપણ કઠણ કાળજાનો પુરૂષ પણ અપનાવી ન શકે..... એવું કામ કરવા બે બહેનોએ કાવતરૂં રચ્યું......

રીતા અને રીના બંને બહેનો અને તેનો નરાધમ દારૂડિયો પિતા.... ત્રણેય એક જ ઘરની છત નીચે બે રાત્રિ વિતાવી પણ..... બીજા દિવસે બપોર પછી રીના ખેતરમાં ઘાસચારો લેવા ગઈ હતી..... અને ખેતરમાં તેણે એક ધતૂરાનો છોડ જોયો હતો એ છોડ પરથી તેણે કેટલાંક ફળ લીધા..... ધતૂરો એક એવા પ્રકારનો છોડ છે જેના બીજ, પાન, ફળ, મૂળ બધુંજ ઝેરી હોય છે.... ક્યારેક આ છોડના બીજ ખાવાથી માનવી બેભાન બની જાય છે..... વધુ પડતા બીજ ખાઈ જવાથી મૃત્યુ પણ નીપજતું હોવાનું કહેવાય છે અને આ વાત રીતા-રીના પણ જાણતી હતી. છૂપી રીતે લાવેલા ધતૂરાના ફળને રીનાએ ઘરમાં સંતાડી દીધા અને રીતાને વાત કરી.

બપોરના સમયે ઘરમાંથી મણ જેટલા ઘઉં લઈ જઈ નજીકની દુકાનમાં વેચી તેના મળેલા પૈસામાંથી પુષ્કળ દારૂ ઢીંચીને લથડિયા ખાતો રાત્રે ઘેર આવેલા બાપૂને આજે પતાવી જ દેવો છે એવો નિર્ણય રીતા અને રીના કરી ચૂકી હતી. રીનાએ ખીચડી બનાવી હતી અને ધતૂરાના ફળમાંથી બીજ કાઢીને એક ખાંડણીમાં તેણે વાટી દીધા હતા.....

"રીતલી...! ઓ રીનકાડી.... ખાવાનું લાવ...... ચાલ...." બાથરૂમમાં તમામ કપડાં કાઢીને શરીરે માત્ર ચડ્ડી-જાંગિયા જેવું જ માત્ર વસ્ત્ર પહેરી રસોડામાં બુમો પાડતા ધૂસી આવેલ બાપને એક થાળીમાં ખીચડી પીરસી અને ભૂખ્યાં ડાંસ જેવા બાપને પીરસેલી ખીચડી પર તૂટી પડતો જોઈ રહી..... એકદમ નિશ્ચેતન બનીને ઢળી પડેલા બાપની ઉપર એક તિરસ્કાર ભરી નજર નાંખીને રીના રસોડામાંથી બહાર નીકળી..... રીતાને જાણ કરી.... હવે....?.....બાપને રસોડામાં જ દાટવાનો પ્લાન ઘડ્યો.....

"રીના.....? તું બહાર બેસી વાસણ ઉટકી નાંખ ત્યાં સુધી હું ઘરમાં.... રસોડામાં ખાડો ખોદું છું....."

અને.....

અષાઢ મહિનાનો એ અંતિમ દિવસ....

દિવાસાની પ્રગાઢ અંધકારવાળી એ રાત.... અમાકાશમાં ફરી વળેલા

વરસાદી વાદળોની ઓથેથી ક્યારેક ક્યાંક ક્ષણિક તારા દર્શન દઈ જતા હતા..... વળી પાછા વાદળ પાછળ ઢંકાઈ જતા હતાં.... રાત્રિના દશેક વાગ્યાનો સમય હતો.... ફળિયાના લોકો વરસાદના છાંટાથી ઓસરીને પલળતી બચાવવા માટે પ્લાસ્ટિકના પડદા નાંખીને ઘરમાં ભરાઈ ગયા હતા.... રાત્રિ અને અંધકાર તો રોજના જેવો પરંતુ આજે ન જાણે કેમ રાત્રિ ભેંકાર ભાસતી હતી..... નજીકમાં વરસાદના પાણીથી ભરાયેલા ખાડાઓમાંથી દેડકાઓનો અવાજ અને ક્યાંક છૂપાઈ રહેલા તમરાંઓના અવાજ અને એમાંય ફળિયાના નાકે લાંબા રાગે ભસી રહેલાં કૂતરાઓના અવાજના મિશ્રણથી વાતાવરણ ભેંકાર બની ગયું હતું....ત્યારે.....

ખટ.....ખટ.....ખરર.... જેવો અવાજ રીતાના ઘરમાં ખોદવાનો આવતો હતો એની સાથે સાથે ફળિયામાં રસોડાની જાળી આગળ જ બેસીને વાસણો ઉટકવાનો અવાજ આવતો હતો...... વાસણના અવાજમાં ખોદવાનો અવાજ દબાઈ જતો હતો.....

રીના જ્યારે વાસણ બધા ભરીને રસોડામાં ગઈ ત્યારે રીતા આખા શરીરે પરસેવાથી ન્હવાઈ ગઈ હતી.... તેની છાતી ધમણની માફક હાંફી રહી હતી તેના હાથમાંથી કોદાળી ક્યારેક નિશાન ચૂકી જતી હતી..... જો કે ખાસ્સો એવો ખાડો ખોદવાથી તે થાકી પણ ગઈ હતી.... પાંચેક ફૂટ લાંબો, બે ફૂટ જેટલો પહોળો અને ત્રણેક ફૂટ ઊંડો ખાડો ખોદતાં નીકળેલી માટીનો બંને બાજુ ઢગલો કર્યો હતો.....

"બસ... ચાલશે....." રીનાએ કહ્યું.... અને રીતાના હાથ અટકી ગયા..... તે કોદાળી એક બાજુ મૂકી બેસી પડી.... એટલે રીનાએ પાવડાથી ખાડામાંથી બીજી માટી કાઢી લીધી.... રસોડામાં એક તરફ પડેલા તેમના પિતાના દેહને જોયા પછી ખાડા તરફ જોઈને અનુમાન કર્યું....

બંને બહેનો વારાફરતી ઘરની બહાર જોઈ આવી કોઈ જોતું તો નથી ને? પણ આવા સમયે કોણ હોય? ખાતરી કરી લીધા પછી બંનેએ ઘરના બારી-બારણાં બંધ કરી દીધા અને.....

કાળજા ઉપર પથ્થર મૂકીને બંને બહેનોએ તેમનો જન્મદાતા પિતાના દેહને પકડ્યો..... એક બે હાથ પકડ્યા અને બીજીએ બે પગ પકડ્યા.... ટીંગાટોળી કરી અને અનાજ ભરેલો કોથળો નાંખતા હોય તેમ પિતાના દેહને નાંખ્યો.... અને પછી.... બંને બહેનોએ ખાડામાં માટી નાંખવા માંડી એટલે ખાડામાં પડેલો પિતાનો દેહ સળવળ્યો અને ઉંહકારનો અવાજ આવ્યો.....

ખાડામાં દબાયેલ બાપ ફરી બેઠો ન થાય એ માટે રીતા અને રીના બંને બહેનો બાપના દેહ ઉપર ચઢી બેઠી.... એકે બાપની ગરદન પર પગ વડે દબાણ કર્યું અને ત્યારપછી બાપ ઠંડો પડી ગયો..... ખાતરી કરી..... હંમેશાને હંમેશા માટે છૂટકારો મેળવ્યો..... ખાડામાં તમામ માટી દાબી દીધી અને એટલી જગ્યાએ થોડો ટેકરો પણ થયો..... ત્યારબાદ.

બંને બહેનો જાણે કશું જ બન્યું નથી.... કોઈ ડર નથી.....ઘરમાં એક લાશ દાબી છે પણ એની બીક નથી.... સદાયને માટે નરાધમ અને હલકટ દાનતવાળા બાપને ઠંડોગાર કરી દઈ નિરાંતની નિંદર માણવા લાગી.....

બીજા દિવસથી એમણે રસોડાના બારણે તાળું મારી દીધું.... એક દિવસ.... બે દિવસ.... પાંચમાં દિવસે રીતા-રીનાની મા પિયરમાંથી પાછી આવી ત્યારે.....

"રીતા....? તારા બાપુ ક્યાં છે?.... રીના.... જોને બેટા.... આ રસોડાને કેમ તાળું માર્યું છે.....?"

મા પોલ ખોલી દેશે એવા ડરથી બંને બહેનો એને ખેતરમાં લઈ ગઈ અને ત્યાં જઈ પોતાના કરતૂતોની હકીકત કહી ત્યારે તેમની જનેતા અને દારૂડિયાની પત્ની ભાંગી પડી.....

"અરે.... દિકરીઓ..... તમે આ શું કરી નાંખ્યું....? તમારે આવું નહોતું કરવું.... દારૂડિયો..... ગાંડો ઘેલો તોય એ મારો ધણી હતો..... તમારો બાપ હતો.... અરેરે..... આ શું કર્યું તમે.....?"

## ૬૫. ભેદી સ્ત્રીના ભેદભરમ

શહેરની નજીક આવેલા ગામડા ગામમાં આવેલા એક મંદિરમાંથી મૂર્તિ પરના સોના-ચાંદીના આભૂષણો ચોરાઈ ગયા.... ગામના સરપંચે પોલીસ ફરિયાદ

કરી.... પોલીસે ડોગ સ્કવોડ અને ફિંગર પ્રીન્ટ નિષ્ણાતોની મદદ લીધી..... પરંતુ મંદિરના ચોરાયેલા આભૂષણોનો ચોર ના ઝડપાયો.... થોડો સમય પસાર થઈ ગયો.... પોલીસે આ કેસ ફાઈલ અભરાઈ પર ચડાવી દીધી. ગામના લોકો પણ આ વાત ભૂલી ગયા.... ગામમાંથી તથા અન્ય લોકોની મદદથી મંદિરમાં ફરીથી સોનાના છત્ર ચડાવાયા.... કિંમતી આભૂષણોથી મૂર્તિ સુશોભિત કરી દીધી.....

પરંતુ આ વખતે ગામના લોકોએ પૈસા ઉઘરાવીને મંદિર સાચવવા માટે એક પગારદાર વોચમેન રાખ્યો હતો. જે રાત્રિના સમયે જાગતો રહીને મંદિરની રક્ષા કરતો હતો આ વાતને પણ ઘણો સમય પસાર થઈ ગયો..... વોચમેન તેના નિયમ પ્રમાણે રાત્રે આવતો અને સવારે ચાલ્યો જતો.....

પરંતુ એક દિવસ.... વહેલી સવારે મંદિર પાસેથી નીકળતા સરપંચે મંદિરના દરવાજા ખુલ્લા જોયા એટલે દર્શન કરવાના આશયથી મંદિરમાં ઘૂસ્યા પરંતુ.... દરવાજા પાસે જ વોચમેન ચત્તો પાટ પડ્યો હતો. એના ગળા ઉપર ધારદાર હથિયારનો ઘા વાગેલો હતો.... લોહીથી મંદિરની ફર્શ પણ ખરડાઈ ગઈ હતી..... સરપંચે મંદિરની અંદર નજર કરી તો મૂર્તિ ઉપરના તમામ આભૂષણો ગાયબ હતાં....

સરપંચે તાત્કાલિક પોલીસને જાણ કરી..... પોલીસે વોચમેનના મૃતદેહનું સ્થળ પર ઈન્કવેસ્ટ રીપોર્ટ ભર્યો.... ફિંગરપ્રીન્ટ નિષ્ણાંતો અને ડોગ સ્કવોડની ફરીથી મદદ લીધી પણ કોઈ ફાયદો ન થયો.... ન ચોર પકડાયો કે ન હત્યારો.... ઘણા સમય સુધી પોલીસ આ કામમાં ઉલઝતી રહી પણ ચાલાક હત્યારો હાથ ન આવ્યો.....

પોલીસે ફરીથી આ ફાઈલ પણ અભરાઈ પર ચડાવી દીધી.... ત્યારબાદ પોલીસ ઈન્સ્પેક્ટરની બદલી થઈ ગઈ અને ઈન્સ્પેક્ટર નાગપાલની નિમણૂંક થઈ.

આ દરમ્યાનમાં એક શંકાસ્પદ વ્યક્તિને પોલીસે પકડી રાખ્યો હતો જેની પાસેથી શંકાસ્પદ હાલતમાં કેટલાંક ચલણી નોટો મળી હતી પણ એ વ્યક્તિએ પોતાનું નામ ગોવિંદરામ લખાવ્યુ હતું.... પોલીસે કોર્ટમાં રજૂ કર્યા પરંતુ પુરાવાના અભાવે આ ગોવિંદરામ છૂટી ગયો હતો.... ગોવિંદરામ ત્યારથી ફરાર થઈ ગયો હતો.

ઈન્સ્પેક્ટર નાગપાલને આ ગોવિંદરામ પર પાકો શક હતો પરંતુ કોર્ટની આગળ એમનું કશું જ ચાલ્યું નહીં.... ઈન્સ્પેક્ટર નાગપાલ મંદિરની બે ચોરી અને વોચમેનની હત્યાનો ભેદ ઉકેલવા માટે કમર કસી હતી..... આ પોલીસની આબરૂનો સવાલ હતો....

બીજી તરફ બાજુના ગામડાના મંદિરમાં જે મૂર્તિ પરથી આભૂષણો ચોરાયા હતા. એ મંદિરમાં આ વખતે ગામના  સરપંચે સોનાના બીજા ઘરેણાં બનાવીને મૂર્તિ પર ચડાવ્યા અને મંદિરના રક્ષણ માટે કોઈ વોચમેન પણ રાખ્યો નહિં....

ગામના લોકોએ ઘણું કહ્યું દાગીના સાચવવા માટે કોઈ રક્ષક રાખવા સમજાવ્યા પણ આ વખતે સરપંચ માન્યા નહિં.... ગામલોકોને એમણે કહ્યું કે આ સોનાનાં આભૂષણો મેં મારા ખર્ચે તૈયાર કરાવ્યા છે એટલે હવે ભગવાન એમના આભૂષણોની રક્ષા કરશે.....

આ વાત પણ લોકો ભૂલી ગયા.....

પણ પછી આ ગામમાં જાણે ભૂતાવળ આવતી હોય એવું વાતાવરણ ઉભું થયું હતું....

રાત્રિના અગિયાર સાડા અગિયાર વાગ્યાના સુમારે તો આ ગામમાં સન્નાટો છવાઈ જતો હતો. વાત એવી ફેલાઈ હતી કે ગામના જુવાન છોકરાઓ પણ ઘરમાં ભરાઈ જતા હતાં.

રાતના સમયે એક સફેદ સાડી પહેરીને એક સ્ત્રી આવતી હતી આ સ્ત્રીના પગમાં પહેરેલા ઝાંઝરનો છમછમ અવાજ આવે કે કૂતરાઓ ભસવાનું ચાલુ કરી દેતાં અને ભેંકાર વાતાવરણ ફેલાઈ જતું.... ગામ આખામાં કૂતરાના લાંબા અવાજથી રૂદન કરવાનો અવાજ ધમધમી ઉઠતો.

છમછમ કરતી આ સફેદ સાડી પરિધાન કરેલી સ્ત્રી ભૂતડી છે એવી

વાત ગામમાં ફેલાઈ હતી.

કોઈ કહેતું કે આ તો ગામમાં કોપ ઉતર્યો છે. મંદિરના ઘરેણાં ચોરાયા-વોચમેનની મંદિરમાં જ હત્યા થઈ ગઈ.... અને વળી આ વખતે સરપંચે મંદિર અને મૂર્તિના ઘરેણાં સાચવવા માટે કોઈ વ્યવસ્થા ન ગોઠવી એટલે ભગવાનનો પ્રકોપ ઉતર્યો લાગે છે અને એટલે જ આ સ્ત્રી સફેદ કપડાં પહેરેલી સીધી મંદિરમાં જઈને પાછી અદ્રશ્ય થઈ જાય છે.

તો કોઈ કહેતું કે આ તો ભૂતડી છે એ આવે છે ને તુરત ગામમાં અંધકાર છવાઈ જાય છે અને એ ભૂતડી અદ્રશ્ય થઈ જાય છે.

કેટલાંક ગભરૂ લોકો તો ત્યાં સુધી વાત કરતા કે ગામના ફલાણાં માણસે આ બૈરીને ટકોરી હતી કે તું કોણ છે ? ત્યારે એ બૈરીએ એના મોઢે ઓઢેલો ઘૂંઘટ ઉઘાડીને તેનું મોઢું બતાવ્યું ત્યારે એની મોટી મોટી આંખો, રાક્ષસ જેવા દાંત, બુચુ નાક જોઈને એ ગભરાઈ ગયો હતો અને નાઠો હતો જીવ લઈને....

તો બીજી વાત એવી ફેલાઈ કે આ ભૂતડી નથી પણ રાક્ષસણી છે..... કોઈ એને છંછેડે છે તો એ રાક્ષસણી ઉંચી વધી જાય છે અને છંછેડનારને ઉંચો કરીને પછાડે છે.... એના હાથ નથી પણ હાડકાં નર્યા છે.....

આવી બધી ફેલાયેલી ભયજનક અફવા ઈન્સ્પેક્ટર નાગપાલ સુધી પહોંચી અને એમણે ભરવાડનો વેશ ધારણ કર્યો.... ગામમાં પહોંચી ગયા અને એક અઠવાડિયા સુધી વોચ ગોઠવી ત્યારે એક રાત્રે એ રહસ્યમયી સ્ત્રીએ દેખા દીધી....

ઈન્સ્પેક્ટર નાગપાલે એ ભેદી સ્ત્રીની ઘણી બધી વાતો સાંભળી હતી એટલે એમણે ગામના મુખ્ય ડીપી આગળ તેમના માણસને ઊભો રાખ્યો હતો.

છમછમ અવાજ સાથે કૂતરાનો અવાજ પણ આવ્યો દૂરથી જાણે કોઈ હોરર ફિલ્મની આત્મા છાયા આવતી હોય એવું લાગ્યું પણ ઈન્સ્પેક્ટર નાગપાલ મક્કમ હતા.... તેમની સાથે ગામના સરપંચ પણ જોડાયા હતા. એ બધા ગ્રામ પંચાયતના મકાનના ઓથે સંતાયા હતાં....

આ વખતે ગામની લાઈટ બંધ ન થઈ અને અંધકાર ન થયો ત્યારે સરપંચને આશ્ચર્ય લાગ્યું.... જો કે પેલી ભેદી સ્ત્રી સીધી જ મંદિરમાં પહોંચી અને.... તેની પાછળ પાછળ દબાતા પગલે ઈન્સ્પેક્ટર તથા સરપંચ પણ દબાતા પગલે પહોંચ્યા.....

પેલી સ્ત્રીએ મંદિરમાં મૂકેલ મૂર્તિના આભૂષણો ઉતાર્યા અને પછી પોતાની પહેરેલ સાડી કાઢી આભૂષણો એમાં મૂકવા લાગી કે તુરત જ ઈન્સ્પેક્ટર નાગપાલ લપક્યા.... અને એ ભેદી વ્યક્તિને બોચીમાંથી પકડી પોતાના તરફ ફેરવી.....

સરપંચના મુખમાંથી ચીસ નીકળી ગઈ....

ચહેરા પર મોટા મોટા દાંત, ટેરવા વગરનું નાક..... કાળા રંગનો ચહેરો જોઈને સરપંચ થરથર ધ્રુજવા લાગ્યા.... જો કે બીજી તરફ ઈન્સ્પેક્ટર નાગપાલની હિંમતને દાદ દેવા લાગ્યા.

ઈન્સ્પેક્ટર નાગપાલે પેલી ભેદી વ્યક્તિના મોઢા ઉપર પોતાનો પંજો માર્યો અને આખું મહોરૂ બહાર ખેંચી કાઢ્યું તો....?

સરપંચ તરત જ બૂમ પાડી ઉઠ્યા.....

"અલ્યા..... નરસિંહ તું.....?"

"નરસિંહ....?" ઈન્સ્પેક્ટરને શંકા ગઈ. "આ તો ગોવિંદરામ છે?"

"ના સાહેબ આ નરસિંહ છે. ગોવિંદરામ તો એના ભાઈનું નામ છે....."

ઈન્સ્પેક્ટર નાગપાલે નરસિંહને આભૂષણો સાથે દબોચી લીધો અને લઈ ગયા પંચાયતમાં....

"બોલ નરસિંહ ઉર્ફે ગોવિંદરામ....?"

આ વખતે તમામ ખાનગી વેશમાં રહેલા પોલીસના માણસો અને ગામના લોકો પણ એકઠા થઈ ગયા હતા. જેમ જેમ લોકોએ જાણ્યું કે પેલી ભૂતડીને

પોલીસે પકડી પાડી છે તેમ તેમ ઉંઘમાંથી ઉઠીને એને જોવા આવ્યા હતા. એ ભૂતડી નહીં પણ ગામનો ઉતાર નરસિંહ ચોર હતો. કેટલાંક વખતથી ગામમાંથી અદ્રશ્ય થઈ ગયો હતો. ઈન્સ્પેક્ટર નાગપાલે આખા તખ્તાનો પર્દાફાશ કર્યો.

"નરસિંહ.... તને પકડવા માટે સરપંચ સાથે તખ્તો ગોઠવ્યો હતો મેં અને મારા કહેવાથી તેમણે મંદિરના રક્ષણ માટે વોચમેન રાખ્યો નહોતો અને તેં જે ઘરેણાંની ચોરી કરી છે એ સોનાના ઘરેણાં પણ નકલી છે સમજ્યો ?"

હવે છૂટી શકાય એમ નહોતું. પોલીસે નરસિંહને રંગેહાથ પકડ્યો હતો. એણે મંદિરમાં કરેલી બે વખતની ચોરી પણ કબૂલી લીધી અને વોચમેનની હત્યા પણ તેણે કરી હતી..... ત્રીજી વખત ચોરી કરવા માટેનો એણે પ્લાન બનાવ્યો હતો અને ભૂતડી બનીને રાક્ષસી મહોરૂં પહેરીને ગામ લોકોમાં ભય ફેલાવી દઈ પછી ચોરી કરવાનો પ્લાન હતો. શરૂ શરૂમાં ડીપી આગળ જઈ મેઈન સ્વીચ ઓફ કરી દેતો હતો અને ગામમાં અંધકાર છવાઈ જતો પણ આજે એણે મંદિરના ઘરેણાં ચોરવાનો પ્લાન અમલમાં મૂકવાનો વિચાર્યો હતો એટલે આજે લાઈટની ડીપી આગળ કોઈક માણસને જોઈને એણે લાઈટ બંધ કરવાનો વિચાર માંડી વાળ્યો હતો.

અંતે એણે તમામ ગુના કબૂલી લીધા હતા અને ગામના લોકોમાંથી ભયનું વાતાવરણ પણ દૂર થઈ ગયું હતું.

## ૬૬. સળગતી લાશનું રહસ્ય....!

ગામડા ગામની નજીક આવેલ એક ઉંચા ટેકરા ઉપર દેવીનું મંદિર હતું. આ મંદિર જે ટેકરા પર હતું. ત્યાં આજુબાજુ ઝાડીઓ હતી. મંદિરમાં પૂજા કરવા માટે પૂજારી પણ હતા. દિવસના સમયે દૂર દૂર ગામડાઓમાંથી બાધા-આખડી કરવા માટે આવતા ક્યારેક ક્યારેક નવપરણિત અને અપરણિત યુગલો પણ આવતાં.... પરંતુ રાત્રિના સમયે મંદિરના બે પૂજારીઓ જ એકલા રહેતા. ગામના અમૂક લોકો આ બંને દેવીના પૂજારીઓને માટે સીધુ-સામાન પણ મોકલી આપતા હોવાથી પૂંજારીઓને અગવડ પડતી નહીં....

ગામના લોકો આ દેવીમાં અતૂટ શ્રદ્ધા ધરાવતા હતા. એક રાત્રે આ ગામના લોકોએ એક કૌતુંક જોયું. જે ટેકરા ઉપર દેવીનું મંદિર હતું. એ ટેકરા પરથી અચાનક એક સળગતો ગોળો ગબડ્યો.... લોકો આશ્ચર્ય પામ્યા.... આ વળી શું ?.... કેટલાંક લોકોએ ગામમાં જઈને તેની વાત પણ કરી. અને આ ગોળો જ્યાં અદ્રશ્ય થઈ ગયો એ સ્થળે સવારે કેટલાંક જુવાનિયાઓ કુતૂહલ સંતોષવા પહોંચી ગયા અને તેમના આશ્ચર્ય વચ્ચે જ્યાં ગોળો અદ્રશ્ય થઈ ગયો હતો એ જ સ્થળે એક પુરૂષની બળેલી લાશ પડી હતી. આજુબાજુની જમીનમાં ઉગેલું ઘાસ બળી ગયું હતું અને મંદિર તરફથી નીચે સુધી ગોળો જ્યાંથી ગબડ્યો હતો એ સ્થળોએ પણ ઘાસ બળેલું હતું.

આટલા પરથી કેટલાંક બુદ્ધિશાળી યુવાનોએ અનુમાન લગાવ્યું કે રાત્રે તેમણે જે કંઈ જોયું તે કાંઈ કૌતુક કે દેવીનો ચમત્કાર નહોતો પણ આ પુરૂષની સળગતી લાશને ગબડાવી દેવામાં આવી હતી. યુવાનોએ ગામમાં જઈને મુખીને વાત કરી અને ખાતરી કરી લીધા બાદ તેમણે જાતે જઈને પોલીસ મથકના ઈન્સ્પેક્ટર સમક્ષ આખી વાત કહી.

કોઈ અજાણ્યા પુરૂષની બળેલી હાલતમાં લાશ મળી આવી હોવાની જાણ થતાં પોલીસે તેની નોંધ કરી અને ઘટના સ્થળે પહોંચીને લાશનો કબજો મેળવ્યો.... સ્થળ પર ઈન્કવેસ્ટ રીપોર્ટ ભર્યા બાદ પોસ્ટમોર્ટમ માટે લાશ મોકલી આપી.

પોસ્ટમોર્ટમ રીપોર્ટમાં મરાનાર પુરૂષનું ગળું દબાવી હત્યા કરવામાં આવી હોવાનું જણાતાં ઈન્સ્પેક્ટરે સરકાર તરફે ફરિયાદી બનીને હત્યાનો ગુનો નોંધી અજાણ્યા મરનાર પુરૂષના વાલી વારસો અને તેના હત્યારાઓની શોધ ખોળ આરંભી દીધી હતી.

અજાણ્યા પુરૂષને ગળું દબાવી હત્યા કરી નાંખ્યા બાદ તેને સળગાવી દેવામાં આવ્યો હતો. પરંતુ જ્યાં સુધી મરનારના વાલી વારસો ન મળે ત્યાં સુધી હત્યારાઓનો પત્તો મેળવવો મુશ્કેલ હતો.

ઈન્સ્પેક્ટરે ગામના કેટલાંક લોકોનાં નિવેદનો લીધા. પછી ટેકરા ઉપર આવેલ દેવીના મંદિરના પૂજારીની પૂછપરછ કરી. ત્યારે પૂજારીએ એક મહત્વની કડીરૂપ માહિતી આપી.

"સાહેબ.... ગઈકાલે એક યુગલ આવ્યું હતું.... અને મારી પાસે એક ડોલ અને દિવાસળી માંગી હતી. એના બદલામાં મને પચ્ચીસ રૂપિયા પણ આપી દીધા હતા. જો કે મેં એમને પૂછ્યું નહોતું કે આ ડોલ અને દિવાસળી શા માટે જોઈએ છે..... પણ યુગલ પરણેલા લાગતા હતા અને જે યુવતી હતી તેણે મારી સાથે અહિં પૂજાનું કામ કરતા મધુનંદન પૂજારી વિશે પૂછ્યું હતું પણ એ એના વતનમાં ગયો છે એવું મેં કહ્યું. એટલે એ બંને જણા જતા રહ્યા."

આટલી વાત પરથી ઈન્સ્પેક્ટરને તાળો મળ્યો અને મધુનંદન પૂજારીના વતનમાં જવા રવાના થઈ ગયા.

મધુનંદન પૂજારી એના ઘેર જ મળી ગયો. ઈન્સ્પેક્ટરે પોતાના આગમનનો હેતુ સમજાવ્યો અને પૂછ્યું કે એવી કોઈ યુવતી તમારા ધ્યાનમાં છે જે તમને ઓળખતી હોય? એમ કહીને ઈન્સ્પેક્ટરે દેવીના પૂજારીને આપેલા યુવતીનું વર્ણન કહી બતાવ્યું.

થોડીવાર વિચાર કર્યા બાદ અને પછી કંઈક યાદ આવતાં મધુનંદન પૂજારીએ કહ્યું :

"સાહેબ.... તમે જે વર્ણન કહો છો એ વર્ણન પ્રમાણે અને મારા પરિચિતમાં તો અમારા ગામની આશા જ હોય કદાચ....."

"કોણ આશા...? એના લગ્ન થઈ ગયા છે? ક્યાં થયા છે...." ઈન્સ્પેક્ટરે પૂછ્યું....

"આશા અમારા ગામની છોકરી છે.... એના મા-બાપ મરી ગયા છે.... એના મોસાળમાં રહેતી હતી અને એના મામાએ એક બીજવર સાથે પરણાવી દીધી છે... અહીંથી લગભગ દોઢસો કિલોમીટર દૂર એનું સાસરૂ છે.... મેં જોયું છે, તમે કહેતા હોય તો...."

"ચાલો અમારી સાથે.... એનું ઘર શોધવામાં સરળ પડશે...." મધુનંદન પૂજારીને સાથે લઈને ઈન્સ્પેક્ટર સરકારી ગાડી લઈને આશાના ઘેર પહોંચ્યા.

દેખાવડી અને આકર્ષક અંગ ઉપાંગ ધરાવતી આશા પોતાના ઘેર એકલી જ હતી. પોલીસને આવેલી જોતાં જ આશાનો ચહેરો ફિક્કો પડી ગયો, ચહેરા પરના ભાવ ઈન્સ્પેક્ટર પારખી ગયા છતાં ધીરજથી કામ લીધું.

"તમારું નામ....?"

"આશા...."

"પતિનું નામ.....?"

"રઘુ ચૌધરી...."

"ક્યાં છે તમારા પતિ.....?"

આ પ્રશ્નથી આશા ચમકી : "એ તો બહારગામ ગયા છે. પાંચ-છ દિવસ માટે...."

"ક્યાં ગયા છે?"

ફરીથી ગોથું ખાઈ ગઈ આશા....

આ દરમ્યાન જ ઈન્સ્પેક્ટરે તેને એક ફોટો બતાવ્યો જે અજાણ્યા પુરૂષની બળેલી લાશનો હતો. આ ફોટો જોઈને આશાના પગે રેલા ઉતરવા લાગ્યા.... ડરી ગઈ હતી એ....

"આ ફોટો કોનો છે ?"

"મને ખબર નથી...."

"સારૂં.... કાલે તમે ક્યાં ગયા હતાં...."

"ક્યાંય નહિં.... હું તો અહીં મારા ઘેર જ હતી.... મારા પતિ બહારગામ ગયા છે એટલે....."

આશા એવી સિફતથી વાત ટાળતી હતી કે ઈન્સ્પેક્ટરની શંકા હકીકત બની જતી હતી. છતાં સીધો આક્ષેપ કરવાનું ઉતાવળિયું પગલું ભરવા ઈન્સ્પેક્ટર તૈયાર નહોતા.

"તમે અમારી સાથે ચાલો....."

"ક્યાં.....? પછી જવાબ સાંભળવાને બદલે તે તૈયાર થઈ ગઈ. ચાલો...."

પોલીસ જીપ વળી પાછી આશા અને મધુનંદન પૂજારીને લઈને દેવીના મંદિરે આવી આ સ્થળે આવતાં જ આશાની નજર અવાર નવાર ટેકરા નીચે જતી હતી.... એ નજર ઈન્સ્પેક્ટરની જાણ બહાર નહોતી..... ગભરાયેલ આશાને દેવીના પૂજારી સમક્ષ ઉભી કરી દીધી.

"પૂજારીજી તમે જે યુવતીની વાત કરતા હતા કે એક યુવતી મધુનંદન પૂજારીનું પૂછતી હતી તે આજ યુવતી છે? "

"હા-સાહેબ.... આ એ જ યુવતી છે..... અને મારી પાસેથી ડોલ અને દિવાસળી માંગી હતી....."

"બોલ આશા.... હવે તારે જુઠું બોલવાની જરૂર નથી..... ડોલ અને દિવાસળીથી શું કર્યું? અને આ મરનાર કોણ છે?"

આશા ભાંગી પડી..... હવે પાપનો ભાંડો ફૂટી ગયો છે.... તેણે કબુલાત કરવા માંડી.

"હું મોસાળમાં રહીને ઉછળી છું.... મારા મા-બાપ મને બચપણમાં જ મૂકીને મરી ગયા હતા. મારા મામાએ મને ઉછેરી છે.... પરણવાની મારી ઉંમર થઈ એટલે મારા મામાએ મારા માટે સારો મુરતિયો શોધવાનું શરૂ કર્યું. પણ મારા મા-બાપ નહિં હોવાથી મને પરણવા કોઈ તૈયાર થયું નહોતું."

આ દરમ્યાન મારા મોસાળની બાજુના ગામનો એક યુવાન પોપટ સાથે મારે પરિચય થયો અને મને એ ગમી ગયો.... અને એની સાથે પ્રેમ થઈ ગયો..... પોપટ અને હું બંને જણાં અમારા બંને ગામની વચ્ચેના સીમાડામાં મળતા હતાં અને એકાંત મળતાં જ અમે બંને શારીરીક સંબંધો બાંધતા..... મને પોપટ ખૂબ જ ગમતો એટલે એના કહ્યા પ્રમાણે હું કરતી હતી..... એ જ્યારે બોલાવતો ત્યારે એને મળવા હું દોડી જતી..... મારે એની સાથે લગ્ન કરવું હતું અને એણે પણ મને લગ્ન કરવાનું વચન આપ્યું હતું અને લગ્ન કરવાની લાલચમાં મેં એને સર્વસ્વ સોંપી દીધું હતું.... મારો દેહ મેં એને સમર્પણ કરી દીધો હતો....

એક તરફ મારી જુવાની હતી.... હું એના વિના રહી શકતી નહોતી..... અને પોપટ મને લગ્ન કરવાના વાયદા કરતો જતો હતો.

પણ મને ખબર નહોતી કે આ પોપટ તેના દેહનો ભૂખ્યો છે અને મારી સાથે પ્રેમનું નાટક કરીને તેની હવસ સંતોષતો હતો.... પોપટે મારી મજબુરીનો પુરેપુરો ફાયદો ઉઠાવ્યો અને પછી તેણે એક બીજી છોકરી સાથે લગ્ન કરી લીધા.... એ મેં જાણ્યું એટલે મેં એની સાથે ઝઘડો કર્યો ત્યારે પોપટે નાટક કરીને મને પીગળાવી દીધી અને હું ભોળવાઈ ગઈ. પરણેલા પોપટ સાથે મેં હવસ સંતોષવાનું ચાલુ રાખ્યું.

+++++++++++++++++++++++++++++++++++

બીજી તરફ પોપટ સાથે આશાને લફરૂં છે એવી ચર્ચા છેક આશાના મામા સુધી પહોંચી અને મામા ગુસ્સે થઈ ગયા. નબાપી છોકરી અને એમાંય બીજા પુરૂષ સાથે આડો સંબંધ.... વાત ફેલાતા સમાજનો કોઈ મુરતિયો આશા સાથે લગ્ન કરવા તૈયાર ન થયો ત્યારે એક બીજવર મળી ગયો.... રઘુ ચૌધરી એની પત્ની સાથે બનતું નહિ હોવાથી છૂટાછેડા લીધા હતાં. એની સાથે આશાનું સગપણ થયું.....

"પણ રઘુ બીજવર છે અને આશા એ જાણી ચૂકેલી આશાએ વિરોધ કર્યો : મારે એની સાથે નથી પરણવું"

આ સાંભળીને એના મામા ગુસ્સે ભરાયા અને ઝેરી દવા લઈ આવ્યા. ઘરના માણસોને ભેગા કર્યા અને આશાને ઝેરી દવા બતાવતાં બોલ્યા....

"તને મેં મારી દીકરી જેવી ગણીને ઉછેરી છે..... તારૂ ભરણ પોષણ કર્યુ છે..... તારા લગ્નની પણ મેં જવાબદારી લીધી છે..... કુંવારો મુરતિયો મળ્યો હોત તો ધામધૂમથી તારા લગ્ન કરત.... ખર્ચો બધો હું ભોગવવાનો હતો પણ.... તારા કમનસીબે એવો મૂરતિયો મળ્યો નહિં..... અધૂરામાં પુરૂ તારા લફરાની વાત બધે ફેલી વળી છે... તારા લીધે હું હવે કોઈને મોં બતાવવાને લાયક રહ્યો નથી.... તારા પાપના છાંટા મારી દીકરીઓ પર પણ ઉડશે..... હજુ એમને પરણાવવાના છે.... તું તારા સ્વાર્થનું ના વિચાર.... અમારી આબરૂનું પણ

વિચાર.... મહાપરાણે તને પરણવા રઘુ તૈયાર થયો છે અને તું ના પાડે છે ?"

થોડીવાર રોકાઈને તેમણે ઉમેર્યુ : "જો આશા.... આ રઘુ સાથે તું લગ્ન કરવાની તું ના પાડીશ તો હું અત્યારેને અત્યારે ઝેર પીને જીંદગી ટૂંકાવી નાખીશ....."

ઘરનાં મોભીની આત્મહત્યા કરવાની વાત સાંભળીને ઘરના બધાં રડારોળ કરવા લાગ્યા.

આ રડારોળ સાંભળીને આજુબાજુના લોકો દોડી આવ્યા અને હકીકત જાણી એટલે પડોશીઓએ પણ આશાને કડવા વેણ કહી દીધા.

"મૂંઈ નખ્ખોદિણ.... ખવડાવી પીવડાવી મોટી કરી એ શું તારા મામાએ ગુનો કર્યો છે? પારકા છોકરા જોડે એક તો લફરાં કરે છે અને બિજવર સાથે પરણવું નથી? તારા લીધે તારા મામાની આબરૂના ધજાગરા થાય છે એનું તને ભાન છે કે નહિં..."

કડવા વેણ આશાને વીંધી ગયા અને તૈયાર થઈ લગ્ન કરવા. સાદાઈથી લગ્ન થયા. પરણીને આશા સાસરે પહોંચી શરૂઆતમાં સંસાર ચક્ર સારૂં ચાલ્યું પણ આશાનો પતિ રઘુ દશ વર્ષ મોટો હોવાથી કમને પરણીને આવેલ આશાને રઘુ પ્રત્યે પૂર્વગ્રહ બંધાયેલો હતો વળી રઘુ સાથેના સાંસારિક સંબંધોમાં આશા હંમેશા અતૃપ્ત રહેતી અને ત્યારે તેને પોપટ સાથે મનાવેલ ક્ષણો-રંગરેલીયાં યાદ આવતાં આકુળવ્યાકુળ થઈ જતી.

આશા પોતાને દિલથી ચાહતી નથી અને હંમેશા વિચારોમાં મગ્ન રહે છે એવું લાગતાં રઘુ પણ વિચારો કરવા લાગ્યો કે જરૂર આને કોઈ સાથે આડો સંબંધ હશે.... જોકે આવી બાબતો એ ઝઘડાનું રૂપ લીધું અને આશા રિસાઈને પિયર(મોસાળ)માં ગઈ.....

આશા રિસાઈને આવી છે એની જાણ એના મામાને એણે થવા ન દીધી..... અને પોપટને મળવા ચાલી ગઈ.... લગ્ન પહેલાં મળવાના સ્થળે પોપટને એ મળી ત્યારે તેણે પોપટને ખૂબ પ્રેમ કર્યો....અતૃપ્ત વાસના સંતોષવા માટે જ તે આવી છે એવું જાણ્યા પછી પોપટે પણ કંઈ બાકી રાખ્યું નહીં.....

બંને જણાએ એવું નક્કી કર્યુ કે જ્યારે પોપટ યાદ આવે ત્યારે આશા પિયર આવી જાય.... નક્કી કર્યા બાદ બંને વિખૂટા પડ્યા અને પછી અવાર નવાર આશા પોપટને મળવા જઈ પહોંચતી અને હવસ સંતોષી પરત ફરતી.

પણ આવું ક્યાં સુધી ચાલશે? દોઢ સો કિલોમીટરનું અંતર કાપીને આવવા-જવાનું આશાને વસમું લાગતું આનો અંત લાવવો નક્કી કર્યુ અને પોપટને મળવા આવી ત્યારે તેણે પોતાનો નિર્ણય જણાવી દીધો....

"પોપટ..... હવે તારા વગર રહેવાતું નથી અને રઘુ સાથે ફાવતું નથી. જ્યારે તું યાદ આવે છે ત્યારે દોઢસો કિલોમીટરનું અંતર કાપીને મારે આવવું પડે છે... આ આંટાફેરાનો હવે અંત લાવી દેવો છે અને અંત માટે મારા પતી રઘલાનો અંત લાવવો પડશે...."

પોપટને એમ કે આશાનું શરીર જ્યાં સુધી ચુંથાય ત્યાં સુધી એના કહ્યાં પ્રમાણે હામાં હા કહેવી. જ્યારે એ ક્ષણ આવશે ત્યારે જોવાશે.

પોપટે પણ આશાને એમ કરવામાં સાથ આપવાનું વચન આપ્યું અને એક જ સપ્તાહ બાદ આશા ફરીથી આવી પહોંચી પોપટની પાસે.

"પોપટ.... મારા ધણીને હું સાથે લઈને જ આવી છું..... ગામની ભાગોળે ઉભો રાખ્યો છે.... દેવીમાની બાધા કરવાના બહાને લાવી છું એને આજે ખતર કરી દેવો છે પછી તું અને હું આરામથી મળી શકીશું...."

પોપટ માટે તો "આવ બલા પકડ ગલા" જેવો ઘાટ થયો.... જે વાતને એણે હસવામાં કાઢી હતી એ જ વાતને ગંભીર ગણીને આશા આવી હતી. ના પડાય એમ નહોતી એટલે તે આશાની સાથે નીકળ્યો.

રઘુ પોપટને ઓળખતો નહોતો. આશાએ ઓળખાણ આપી. મારા મામાના ગામનો છે અને બાધા કરવા આપણી સાથે આવે છે.... રઘુએ કોઈ વાંધો ઉઠાવ્યો નહીં.

પોપટે પોતાના એક મિત્રની જીપ ભાડે કરી અને ચારેય જણા ઉપડ્યા દેવીમાના મંદિરે. રસ્તામાં આવતી એક દુકાનેથી પોપટે પ્રસાદ લીધો અને એ પ્રસાદમાં ઘેનની દવા ભભરાવી દીધી.... રસ્તામાં આવતાં એક બીજા મંદિરે

પ્રસાદ ચડાવવાનો છે એમ કહીને જીપ ઉભી રખાવીને પોપટ ઉતર્યો પછી પાછા આવીને પ્રસાદના પેંડા એણે રઘુને ખવડાવ્યા.

ચાલુ ગાડીએ જ બેભાન થઈ ગયેલા રઘુને આશા અને પોપટે મારવા લીધો..... પત્ની નિર્દયતાથી પતિને મારતી હતી અને પોપટ.... એણે એક દોરી કાઢી અને રઘુના ગળે વીંટાળીને ફાંસો આપી દીધો.... આશા નિર્દયતાથી ખંધુ હસતી જોઈ રહી હતી.

દેવીમાના મંદિરથી થોડે દૂર જીપ ઉભી રખાવી અને આશા તથા પોપટ બંને મંદિરમાં પતિ-પત્ની બનીને દર્શન કરવા પહોંચ્યા. ત્યારે મંદિરના પૂંજારીને આશાએ તેના વતનના પૂંજારી મધુનંદન વિશે પૂછ્યું હતું અને પછી એક ડોલ તથા દિવાસળી માંગીને પૂંજારીને પચ્ચીસ રૂપિયા હાથમાં આપી દીધા....

રાત પડી ગઈ હતી.

ઉંચા ટેકરા પર ઉભેલી જીપમાંથી રઘુની લાશ બહાર કાઢી નીચે સુવાડી પછી જીપની ટાંકીમાંથી ડોલમાં ડીઝલ ટાંકીમાંથી ડોલમાં ડીઝલ કાઢ્યું અને રઘુ ઉપર રેડ્યું પછી દિવાસળી ચાંપીને રઘુની લાશ સળગાવી સળગતી લાશને ટેકરા ઉપરથી ગબડાવી દીધી અને સળગતી લાશ ગબડતી ગબડતી ભોંયતળિયે આવીને અટકી ત્યારે જીપ લઈને પોપટ, આશા અને પોપટનો મિત્ર ત્રણેય ત્યાંથી રવાના થઈ ગયા.... એ રાત્રે ગાડીમાં જ પોપટ અને આશાએ કાંટાને દૂર કરવાનો આનંદ માણ્યો અને પછી આશાને થોડા દિવસ માટે કોઈને શક ન જાય એટલા માટે તેની સાસરીમાં છોડી આવીને પોપટ રવાના થઈગયો.

ઘેર આવેલી આશાએ આડોશી-પાડોશીઓને એવું જણાવ્યું હતું કે હું અને મારા પતિ બાધા કરવા ગયા હતા અને ત્યાંથી મને ઘેર મોકલીને એ અઠવાડિયા માટે બહાર ગામ ગયા છે.....

પણ પ્રેમમાં પાગલ બનેલી આશાએ પ્રિયતમના પડખાં સેવવાની લાલચમાં નિર્દયતાથી પતિની હત્યા કરી નાંખી શાંતિથી જીવી ન શકી..... પાપનો ઘડો ભરાઈ ગયો અને પતિને ખોઈ બેઠેલી આશાના પ્રેમી સાથે હવસની ભૂખ સંતોષવાના શમણાં અધૂરા રહી ગયાં....

## ૬૭. હું કોણ હતી.... અપરાધી ?

હું.....? હું અહીં જેલમાં કાંઈ શોખથી આવી નથી, જેલના સળિયા ગણવાનો કાંઈ મને શોખ નથી.... પણ મેં અપરાધ કર્યો છે.... મહા અપરાધ કર્યો છે..... જો કે એ વાત નક્કી છે કે મેં ધાર્યુ હોત તો હું અત્યારે જેલના બદલે કોઈ મહેલમાં હોત.... પણ મેં અપરાધ કર્યો હતો એટલે એની મારે સજા ભોગવવી જ પડે.... અને આમેય અપરાધ કર્યા પછી મેં ધાર્યુ હોત તો ક્યાંય છુપાઈ જાત.... પણ મેં એવું ના કર્યુ.... કારણ કે મેં જે અપરાધ કર્યો હતો એ અપરાધ કરવા પાછળનું કારણ દુનિયાને ખબર પડે.... સમાજમાં એ અપરાધ કેમ કરવો પડ્યો એની છબિ દેખાય.....

જાણો છો એ અપરાધ કેવો છે?

મેં મારા પતિની કરપીણ હત્યા કરી નાંખી છે..... ધારિયાના ઝાટકે.... એક જ ઝાટકે મેં મારા જીવનસાથીને પરધામ  પહોંચાડી દીધો..... જેની સાથે જીવવા મરવા માટેના બંધનથી બંધાયેલી હતી એને જ મેં મોતને ઘાટ ઉતારી દીધો... નવાઈ લાગે એવી વાત છે ને? કોઈ પત્ની તેના પતિને આમ નિર્દયતાથી શામાટે મારી નાંખે?.... હા..... મારી નાંખવો પડે શું પણ આવા નરાધમોને તો કટકા કરીને કૂતરાઓને ખવડાવવા જોઈએ.....

હા..... એટલી બધી નફરત અને તિરસ્કાર હતો મને એના પર.... પરણીને આવી ત્યારે..... બીજી વખતનો એ મારો વર હતો.... અમે ફૂલહાર કર્યા હતા. જો કે મારા રૂપમાં એ એટલો બધો પાગલ થઈ ગયો હતો કે ન પૂછો વાત.... અમારા સમાજમાં બીજી વારના લગ્ન કરવા હોય તો કન્યા પક્ષવાળા વર પક્ષવાળાને માગી રોકડ રકમ આપે તો જ કન્યા બીજીવારના લગ્ન કરી શકે.... પણ આ મારો પતિ.... મારા રૂપને જોઈ ગયો હતો.... મારા ફાટ-ફાટ થતાં યૌવનની પાછળ લાળ પાડતો હતો અને કોઈપણ હિસાબે.... કોઈપણ ભોગે મને લઈ જવા માટે તૈયાર હતો..... જો કે અમારા સમાજમાં રાંડેલી બાઈને આટલું સારૂં ઘર મળે અને સુખી ઘર મળે એ પણ નસીબ જ છે.... અને છતાં.....

મને પરણીને લઈ જવા માટે એણે પચ્ચીસ હજાર રૂપિયા મારા બાપુને

વળગાડ્યા હતા....

હું રાંડી હતી..... ભરજુવાનીમાં રંડઈ હતી.... મારા ભોગ લાગ્યા હતા..... મારા પરણેતર પતિના ઘેર પ્રથમ આણું કરીને હું ગઈ અને એક જ વર્ષમાં જ્યારે મારા પેટમાં એમની નિશાની ઉછરી રહી હતી ત્યારે જ અકસ્માતમાં એમનું મોત થયું..... હું વિધવા બની.... મારા પિયરમાં આવી.... અને મારા મૃત પતિની નિશાનીરૂપે અવતરેલી નાનકડી રૂપલ અત્યારે બાર વર્ષની થઈ ગઈ છે.....

મને બીજીવારના પતિએ ફૂલહાર કરી ઘેર લઈ ગયા પછી ખૂબ પ્રેમ કર્યો.... મારી દીકરી રૂપલને પણ પોતાની સગી દીકરીથી પણ અનહદ ચાહતો હતો..... એ જોઈને મને પણ મારા પતિ પર ખૂબ વહાલ આવતું.....

પણ....કોણ જાણે કેમ....મારા પતિના વર્તનમાં છેલ્લા કેટલાય સમયથી ફેરફાર આવવા લાગ્યો હતો એની મને ખબર નહોતી.... છેલ્લા દિવસોમાં જાણે એને મારા ઉપરથી મન ઉડી ગયું હતું....એને રસ રહ્યો નહોતો એવું મને લાગ્યા કરતું હતું.... મેં એમને એક વખત પૂછ્યું પણ ખરૂં કે કેમ તમે આમ કરો છો?

તો એમણે મને થપ્પડ મારી દીધી હતી અને કહ્યું હતું કે મારૂ માથું ના ખા.... તારા માટે પચ્ચીસ હજાર રૂપિયા રોકડા ચુકવ્યા છે એ પૈસા હજુ વસૂલ પણ થયા નથી.

આ મારો ધણી.... મારા પ્રેમ-લાગણી અને મારા સમર્પણને એણે સોદામાં ગણી લીધો? એ દિવસે મને ખૂબ ખોટું લાગ્યું હતું..... પણ શું કરૂં? મારા પેટે પથરો જણ્યો હતો.... મારી દીકરી રૂપલને બાપનું નામ મળ્યું હતું અને એનું ભરણપોષણ પણ થતું હતું.

પણ એક દિવસ મારી આ વહાલી દીકરી બાર વર્ષની રૂપલ.... ખાધે પીધે સુખી દેખાતી હતી..... ઉંમર કરતાં પણ વધારે ઉંમરની લાગતી રૂપલ મારાં કરતાં પણ વધારે સુંદર હતી.... એ મારી દીકરી રૂપલ કમળકાકડી જેવી..... અને એની પર એના બાપ સમાન ઓરમાન બાપ નજર બગાડે એ કોણ સહન કરે?

એ રાત્રે મારો ધણી દારૂ ઢીંચીને આવ્યો હતો... મેં જમવાનું કાઢી આપ્યું અને એમણે જેવું તેવું ખાધું અને પછી ખાટલામાં લંબાવ્યું..... મારી દીકરી એ એમની જ દીકરી હતી ને? એને પગ દબાવવાનું કહે ત્યારે તો.... અને ત્યાં સુધી તો ઠીક છે..... સમજ્યા હવે એ તો.... પણ.....

મધરાતે મેં ચીસ સાંભળી ત્યારે હું ઉંઘમાંથી ઝબકીને જાગી હતી.... મેં જોયું તો....

મારો રોયો.....મારો ધણી..... મારી ફૂલ જેવી દીકરી રૂપલને પજવતો હતો અને એના આક્રમણથી મારી દીકરી રૂપલે બચવા માટે ચીસ પાડી હતી. મારા ધણીનો પડછંદ કાયામાંથી છટકવા માટે રૂપલ તરફડિયાં મારતી હતી.

મારાથી આ જોયું ન ગયું....મારાથી સહન ના થયું..... મારા ગુસ્સાનો પાર ના રહ્યો.... મારી આંખોમાં અગનજ્વાળા ફાટી..... એ વખતે હું શું કરી રહી છું એનું પણ મને ભાન નહોતું.... મારા પગલાં આપોઆપ ઘરના એક ખૂણા તરફ વળ્યાં.....

મારા હાથમાં ખૂણામાં પડેલું ધારિયું આવ્યું.... હું જાણે રણચંડી બની ગઈ હતી.... ખુન્નસ છવાઈ ગયું હતું.... મેં ધારિયાનું ફળ જોયું અને સીધું જ ફટકારી દીધું.... મારા ધણીની ગરદન પર..... એક જ ઝાટકે ધડથી ગરદન અલગ થઈ ગઈ.... માથું થોડા સમય માટે તડફડ્યું.....

“મમ્મી....” રૂપલ મને વળગીને ખૂબ રડી, ત્યારે મને ભાન થયું કે મેં મારા ધણીની હત્યા કરી નાંખી હતી....ના..... હકીકતમાં એક પાપીની હત્યા કરી નાંખી હતી.... પાપીનો નાશ કર્યો હતો.... આ ધરતી પરથી એક હવસખોરનો બોજ હળવો કર્યો હતો.....

મેં ધાર્યુ હોત તો એની લાશ ત્યાં જ પડી રહેવા દઈ અમે મા-દીકરી ચાલ્યા ગયા હોત.... ઘણે દૂર જતા રહ્યા હોત..... અને એક અલગ દુનિયા બનાવી હોત.... પણ ના....

એમ કરવાથી દુનિયાને ખબર પડત કે દીકરી સમાન ઓરમાન દીકરી પર નજર બગાડનાર હવસખોર બાપની જીંદગીનો કેવો કરૂણ અંજામ આવે છે? સમાજમાં આવા જીવડાઓને ખતમ કરી નાંખવા જોઈએ એવું ક્યાંથી ખબર

પડશે? અને એટલે જ....

મારી દીકરીને મેં મોકલી દીધી મારા પિયરમાં..... એના મોસાળમાં..... અને હું ડી.એસ.પી. સાહેબના બંગ્લે ઝઈ લોહીથી ખરડાયેલાં ધારિયા સાથે હાજર થઈ ગઈ..... મેં અપરાધથી ભાગવાને બદલે પોલીસ અધિકારી સમક્ષ આત્મ સમર્પણ કરી લીધું.....

મેં મારા પતિની હત્યા કરી છે અને લોહીવાળા ધારિયા સાથે હાજર છું એવી વાત મહાપરાણે ડી.એસ.પી. એ માની હતી.... એમને મારી વાત મજાક લાગતી હતી.... મારો ઉશ્કેરાટ લાગતો હતો પણ જ્યારે એમને ખબર પડી કે ખરેખર મેં મારા પતિની હત્યા કરી છે ત્યારે જ મારી ધરપકડ કરી હતી.

અને ત્યારથી હું અહીં જેલમાં છું. મારી દીકરી રૂપલ અવાર-નવાર મને મળવા આવે છે ત્યારે ત્યારે તેની સાથે બળજબરી કરનાર એનો ઓરમાન બાપ મને યાદ આવે છે. હવસખોર અપરાધી.....

## ૬૮. પતિ... પત્ની...અને...પડોશણ...

દક્ષાની કુખે રાજકુંવર જેવો હાર્દિકનો જન્મ થયો અને દક્ષા ધન્ય થઈ ગઈ...પતિ કીરીટ સાથેના સુખી લગ્નજીવનમાં કુદરતે સોનાની સુગંધ પણ ભેળવી દીધી.... દક્ષાનો ઘરસંસાર કિલ્લોલ કરવા લાગ્યો.... નાનકડા હાર્દિકને લાડ કરતાં કરતા દક્ષાની આંખોમાં હરખના આસું નીકળી પડતા.... આ હરખના આંસુમાં ક્યારેક વિષાદ પણ ભળી જતો.

દક્ષા પાંચ વર્ષની હતી ત્યારે તેના પિતા પરધામ પહોંચી ગયા હતા. નબાપી દક્ષાને છોડીને એની માતા અન્ય ઠેકાણે કામ શોધી લીધું.... કાલીકાલી ભાષા બોલતી દક્ષાને તેના કાકાએ દત્તક લઈ લીધી.... અને લાડકોડથી ઉછેરીને મોટી કરી.... જવાન થયેલી દક્ષાનો હાથ પીળા કરી સારા એવા કરિયાવર સાથે કાકાએ એને વિદાય કરી ત્યારે સગા બાપનું હેત વરસાવનાર કાકાને વળગીને ખૂબ રડી હતી દક્ષા.... કાકાએ ક્યારેય દક્ષાને એના મા-બાપ યાદ આવવા દીધા નહોતા.... કાકીએ પણ સગી જનેતાથી પણ વધુ વહાલ કર્યું હતું..... સારૂ ખાનદાન અને સારો વર જોઈને સાસરીમાં વળાવ્યા પછી હાશ અનુભવતા કાકા-કાકીને ખબર ન હોતી કે દિકરી દક્ષાના ભાવિમાં કુદરતે કેવા કારમા ઘા વેતર્યા હશે!

પોતાના પુત્ર હાર્દિકને રમાડતી વખતે દક્ષાને એના કાકા-કાકીની યાદ આવી જતી.... જો કે અવાર નવાર એ પિયરમાં જઈ પણ આવતી હતી.... પતિ કિરીટ પણ એને ખૂબ પ્રેમ કરતો હતો.... દક્ષા એટલી સુંદર હતી કે તેનો પતિ કિરીટ વારંવાર એના વખાણ કર્યા કરતો.... પુત્રનો જન્મ થયા બાદ પણ અનહદ પ્રેમ કરતાં કિરીટને દક્ષા પતિને મજાકમાં ટોકતી પણ હતી.... મીઠો છણકો કરતાં કહેતી પણ ખરી....

“આઘા ખસો હવે.... તમારો સગલો જાગે છે... જુઓ... તમારી સામે કેવો ટગર ટગર જોઈ રહ્યો છે.... તમે તો સહેજેય શરમાતા નથી....” અને દક્ષા પોતાના દિકરા હાર્દિકને કહેતી... જો ને બેટા... તારા બાપા અધિરા બન્યા છે તે.... તું મોટો થઈને તારા પપ્પાને આમ મારજે હોં કે... અને હાર્દિકના નાનકડા હાથ પકડીને કીરીટને મારતી....

આ સુખી સંસારની નિશાની હતી..... પતી-પત્ની બંને પુત્ર હાર્દિકને માધ્યમ બનાવી મજાક-મશ્કરી અને મીઠા ઝઘડા પણ કરતા.... સમય પસાર થતો ગયો... અને આ સમયના ગાળા દરમિયાન દક્ષાએ અનુભવ્યું કે પતિ કીરીટના દિલમાં તેના પ્રત્યે પ્રેમમાં કંઈ ઉણપ આવી ગઈ છે. કદાચ પુત્ર હાર્દિકને કારણે તે વધુ ધ્યાન આપતા નહિ હોય એમ માનીને દક્ષા મન મનાવી લેતી....

જો કે દક્ષા એક પુત્રની મા બની ત્યારબાદ કિરીટ પોતાના ઘરની સામે રહેતા મિત્ર પ્રવિણ અને શેફાલીના ઘેર વધુ પડતો સમય ગુજારતો હતો. પ્રવિણ અને તેની પત્ની શેફાલી દક્ષાના પુત્ર હાર્દિકને ખૂબ રમાડતા પણ હતા અને કિરીટ પણ પુત્રને રમાડવા માટે સાથે લઈ જતો.... પડોશીઓ સાથેના આવા ગાઢ સંબંધો દક્ષાએ સામાન્ય ગણ્યા હતા. પ્રવિણ કિરીટનો બચપણનો મિત્ર હતો અને શેફાલી સાથેના લગ્ન બાદ બંને મિત્રો ગાઢ બન્યા હતા. પણ હજુ શેફાલી કોઈ સંતાનની માતા બની નહોતી...

આ દરમિયાન પ્રવિણ રૂપિયા કમાવવા અમેરિકા જવા નીકળ્યો ત્યારે દક્ષા અને તેના પતિ કિરીટને એણે ભાર દઈને જણાવ્યું હતું કે,

"શેફાલીનું ધ્યાન રાખજો.... એની સાથે બોલજો...."

પડોશીને નાતે દક્ષા પણ શેફાલી પાસે બેસવા જતી.... નવરાશના સમયે વાતો કરતી... શેફાલી એકલી પડતી ત્યારે હાર્દિકને રમાડવા માટે આવતી.... પોતાના ઘેર પણ લઈ જતી.... હાર્દિકને કિરીટ તેના આંગણામાં તેડીને ઊભો હોય ત્યારે સામે રહેતી શેફાલી હાર્દિકને બોલાવતી.... હાર્દિકને લઈને કિરીટ શેફાલીને આપવા જતો.... ત્યારે પરસ્પર શારિરીક સ્પર્શ અનાયાસે થઈ જતા અને શેફાલીને જાણે કરંટ લાગતો....

પતિને પરદેશ ગયાને ઘણો સમય થલ ગયો હતો.... મહિનો.... બે મહિના....વર્ષ બે વર્ષ.... પ્રવિણના પત્રો આવતા... પૈસા પણ મોકલાવતો શેફાલી માટે.....સુખી હતી શેફાલી.... પણ જુવાન જોધ શેફાલીને ભૌતિક સુખમાં કંઈક ખૂટતું હતું.... પતિ બે વર્ષથી પરદેશ હતો....પતિ સાથેના સહવાસની ક્ષણોને ક્યાં સુધી યાદ કરતી રહે શેફાલી....! એક જુવાન અનેપરણિત સ્ત્રીને પુરૂષની જરૂર પડે.... પણ શેફાલી? એનો પતિ તો પરદેશ હતો....

બીજી તરફ કિરીટ તેના ઘરમાં અવાર નવાર નહિ બલકે વારંવાર આવતો અને શેફાલીને પીગળાવી જતો.... અનાયાસે થતા શરીર સ્પર્શથી શેફાલી સળગી ઉઠતી.... ધીરેધીરે એણે દક્ષાના પતિ કિરીટ સાથેના સંબંધો વધારવા માંડ્યા અને એ સંબંધો કિરીટ અને શેફાલી વચ્ચે પતિ-પત્ની જેવા બની ગયા....

કિરીટ માટે તો બંને હાથમાં લાડવા હતા. એક તરફ પોતાની પત્ની દક્ષા અને બીજી તરફ મિત્રની પત્ની શેફાલી.... જો કે દક્ષા એક બાળકની મા બની હતી જ્યારે શેફાલી નિ:સંતાન.... કિરીટ અને શેફાલી મોકો મળે ત્યારે પોતાની આગ સંતોષી લેતા.....

આ દરમિયાન અમેરિકા ગયેલો શેફાલીનો પતિ પ્રવિણ અમેરિકામાં માર્ગ અકસ્માતમાં મોતને ભેટ્યો હતો અને શેફાલી વિધવા બની..... થોડા સમય સુધી તેણે શોક પાળ્યો.... પણ પછી એની એ જ રહેણી કરણી.... લોકોને એમ હતું કે, શેફાલી પતિના મોત બાદ અન્ય પુરૂષ સાથે લગ્ન કરી લેશે.... હજુ તો એ યુવાન હતી.... પરંતુ વિધવા શેફાલીએ બીજું લગ્ન કર્યુ નહિં.... કેમ કે તેને કિરીટ સાથેના સંબંધો મીઠા લાગ્યા હતાં.

મિત્ર પત્ની સાથે રંગરેલીયા મનાવતા જોઈ ગયેલી દક્ષાએ વિરોધ ઉઠાવ્યો.... અને ત્યારથી દક્ષાના જીવનમાં ભયંકર વળાંક આવ્યો... સુખી સંસારમાં આગ લાગી.... કોઈપણ પત્ની પોતાના પતિના અન્ય સ્ત્રી સાથેના સંબંધો સહન કરી ન શકે.... જ્યારે આ તો પોતાની નજર સમક્ષ જ શેફાલી અને કિરીટને કઢંગી હાલતમાં જોઈ જનાર દક્ષા ક્યાંથી સહન કરે ? પોતાની નજર સમક્ષ વિધવા શેફાલીને સ્કુટર પર બેસાડીને ફરવા લઈ જતો કિરીટ દક્ષાને દુશ્મન લાગવા માંડ્યો... તો શેફાલી સાથેના આડાસંબંધમાં આડખીલીરૂપ બનતી દક્ષાનો કાંટો કાઢી નાંખવા માટે કિરીટ તકની રાહ જોવા લાગ્યો....

એક દિવસ.... દક્ષા માટે કાળ ચોઘડિયું બની ગયું.... તેના પિયરમાં દક્ષાના કાકાને એક સંદેશો મળ્યો.... તમારી ભત્રીજી દક્ષાને કરંટ લાગ્યો છે અને તે શરીરે સખ્ત દાઝી ગઈ છે.... પોતાની દીકરી સમાન દક્ષાનો સંદેશો મળતાં જ કાકા-કાકી હાંફતા-ફફડતા પહોંચ્યા.... દક્ષાના ઘેર.... તો દક્ષાની અર્ધ બળેલી લાશ બાથરૂમમાં પડી હતી.... એ લાશ જોઈને કાકા-કાકીના હોશ-કોશ ઉડી ગયા.

દક્ષાના પતિ કિરીટે પોલીસ મથકે દક્ષાને આત્મહત્યા કરી લીધી હોવાની જાણ કરી હતી.....પોલીસે લાશનો કબજો મેળવ્યો ત્યારે તેના ગળામાં કંઈક નિશાન હતું અને એની ડોક આમ-તેમ છૂટથી ફરતી હતી.... દક્ષાના મોત અંગે શંકાસ્પદ બનેલા કાકા-કાકીની રજુઆતથી પોલીસે દક્ષાની લાશનું પેનલ ડૉક્ટરથી પી.એમ. કરાવ્યું અને પરિણામ....?

"દક્ષાનું મોત ગળે ટૂંપો આપવાથી થયું છે."

પોલીસને રીપોર્ટ મળતાંની સાથે જ હત્યાનો ગુનો દાખલ કરવામાં આવ્યો અને દક્ષાના પતિની પૂછપરછ કરી.

શેફાલી સાથેના આડા સંબંધોમાં આડખીલીરૂપ બનેલ પત્ની દક્ષાને મોતને ઘાટ ઉતારનાર દક્ષાનો પતિ કિરીટ પોલીસ હિરાસતમાં આવી ગયો.... પરંતુ....

નાનકડો પુત્ર હાર્દિક ?.... તેની માતા દક્ષા પાંચ વર્ષની હતી ત્યારે પિતાના આકસ્મિક મોતથી નબાપી બની ગઈ.... અને દક્ષાનો પુત્ર.... પાંચ વર્ષે માતાના મોતથી નમાયો બન્યો.... પિતા જેલના સળિયા પાછળ ધકેલાઈ ગયા.... દક્ષાના કાકા-કાકીએ હાર્દિકને બાથમાં ઘાલીને ખૂબ રડ્યા....

"કુદરત તારી કેવી કરામત....?"

## ૬૯. મિત્ર પત્નીના પ્રેમમાં પાગલ બનેલા યુવાન વકીલની હત્યા

"તમારી સાથે લગ્ન કરીને હવે મને પસ્તાવો થાય છે" નવી નવી પરણીને આવેલી નવવધૂ સોણાલી પતિગૃહે ઘરકામ પરવારીને રાત્રે પતિ આકાશની સાથે સહશયન કરતી વખતે પોતાના મનનો ઉભરો ઠાલવી રહી હતી. પતિ વકીલાતનું ભણ્યો છે અને સુખેથી જીંદગી પસાર થશે એ આશા અને અરમાનોનું પોટલું બાંધીને આકાશને પરણેલી સોણાલી પંદર જ દિવસમાં પતિગૃહના કારભારને જાણી ગઈ હતી. સોણાલીના રોજના ઠપકા કરતાં આજના શબ્દો આકાશની નબળી રગ પર ચુભી ગયા.

"કેમ પસ્તાવો થાય છે?.... અહીં તને શું દુઃખ છે?... તને ખાવા પીવાની તકલીફ છે?.... ઘરના કોઈ માણસે તને કંઈ કીધું છે?...કે પછી"

"ના... મને અહીં એવું કંઈ દુઃખ નથી.... કે માત્ર હું અહીં ખાવા પીવા આવી નથી.... ઘરના કોઈ મને કશું કહેતા નથી. અને મેં કશું કહેવા જેવું રાખ્યું પણ નથી.... પરંતુ જ્યારે મારો ધણી....મારો માણસ જ મારો ન હોય... મારૂં કહેવું માનતો ન હોય ત્યારે મારે કોને કહેવું....?"

"સીધે સીધું કહે દે મને તું કહેવા શું માંગે છે? ગોળ ગોળ વાતો મને પસંદ નથી અને મારે તારૂં ભાષણ સાંભળવું પણ નથી. રાત ઘણી વીતી ગઈ છે મને ઊંઘ આવે છે..." એમ કહીને પડખું ફરીને આકાશ ઘસઘસાટ ઊંઘવા લાગ્યો પણ તેની બાજુમાં આંખમાંથી આંસુ સારતી અને નસીબને દોષ દેતી સોણાલીની ઊંઘ આજે ઉડી ગઈ હતી.

સાસુ-સસરા ભગવાનના માણસ હતા. શિક્ષકની નોકરી કરતા હતા. લાડકી નણંદ હતી. નોકરી કરતો દિયર હતો. સુખી પરિવાર હતો.આકાશ વકીલ હતો-વકીલાતનું ભણ્યો હતો પણ કોઈ અકથિત કારણવશ તેણે વકીલાતનો વ્યવસાય ગળે વળગાડ્યો નહોતો. સંસ્કારી ખાનદાનનો આ નબીરો ખરાબ સોબતે દારૂ પીવાની લતે ચડી ગયો હતો. કશું કમાતો નહોતો અને મા-બાપના પૈસા વાપરતો હતો. તેની આ આદત છોડાવવા સુંદર અને સુશીલ કન્યા પસંદ કરીને તેને પરણાવી દીધો હતો ઘરમાં આવેલ સુકન્યા કદાચ પોતાના પ્રેમ પાશમાં જકડી દઈને આકાશને સીધા રસ્તે ચાલતો કરી દેશે એવી મા-બાપને પણ આશા હતી. પણ કેમેય કરી આકાશ સુધરવા માંગતો નહોતો.

આખો દિવસ ઘરની બહાર ભમ્યા કરતો સાંજના મા-બાપ ઘરે આવે અને સુરજ ડૂબે કે તરત જ આકાશ ફરવા નીકળી જતો અને મોડી રાત્રે નવ-દશ વાગ્યે દારૂ ઢીંચીને આવતો. જમીને સૂઈ જતો. રોજેરોજની આ પ્રવૃતિથી તેની પત્ની સોણાલી કંટાળી ગઈ અને એક દિવસ રિસાઈને પિયરની વાટ પકડી લીધી. આકાશને કહેતી પણ ગઈ કે જ્યારે તમે દારૂ પીવાનું બંધ કરો ત્યારે આવજો મને તેડવા.... ત્યાં સુધી મ્હોં બતાવશો નહિં. સોણાલીએ પતિગૃહનો ત્યાગ તો કર્યો પણ તેનું મન ડંખતું હતું.

શિક્ષક દંપતિ પણ કશું કરી ન શક્યા. જ્યાં પોતાનો સિક્કો ખોટો હોય ત્યારે પારકી જણીને કહીનેય શું વળવાનું હતું. અંતે ભગવાન ભરોસે જીવન જીવાય લાગ્યા. દિવસો પસાર થવા લાગ્યા. રોજના ક્રમ પ્રમાણે આકાશ સાંજે ઘેરથી નીકળી જતો અને મોડી રાત્રે દારૂ પીને ઘેર આવતો. કોઈ કશું કહેતું નથી. જુવાન અને નવલોહીયા દીકરાને કંઈક કહેવાથી જો તે અઘટિત પગલું ભરી દે તો.... એકેય બાજુના ન રહે... આકાશની પ્રવૃતિ સૌ ચૂપચાપ સહન કરી લેતાં હતાં.

એક દિવસ.

ન બનવાનું બની ગયું....

સાંજના ઘેરથી ફરવા જવાના બહાને નીકળેલો આકાશ રાત્રે મોડે સુધી પણ ઘેર પાછો નહીં આવતાં ઘરનાં બધાં ચિંતામાં પડી ગયા. જ્યાં જ્યાં આકાશની

બેઠક હતી ત્યાં તપાસ કરાવી.... ક્યાંય આકાશનો પત્તો નહોતો.... વધારે-ઓછો દારૂ પીવાઈ ગયો હશે નશો ઉતરશે એટલે આવી જશે.... એમ મનને મનાવી જમી પરવારીને રાત્રિના બારેક વાગ્યે સૌ ઊંઘી ગયા પણ મમતા ભરેલું એક માનું દિલ રડી રહ્યું હતું મમતાથી ઝરતી આંખો ગુમરાહ દીકરાની પ્રતિક્ષાના ભારથી આંખો જ્યારે થાકી ગઈ ત્યારે ઊંઘના ભારથી આંખો મીંચાઈ ગઈ.

મોડી રાત્રે સઘળું જંપી ગયું હતું. રાત ભેંકાર ભાસતી હતી, ડાઘિયા કૂતરા ભસી રહ્યા હતા. ત્યારે આખું વાતાવરણ બિહામણું લાગતું હતું. એવા સમયે ભરનિંદ્રામાં પોઢેલું શિક્ષક દંપતિ સફાળું જાગી ગયું. બહાર કોઈક ઘરના બારણાની જાળી ખખડાવતું હતું. જાળી ખખડવાના અવાજ સાથે કોઈકની બુમ પણ સંભળાઈ.

"મ.... મ....મ્મી.... બઆરણું.... ખ....ખ્ખો લો...." આકાશનો ત્રૂટક ત્રૂટક અવાજ સાંભળી શિક્ષક દંપતિ પામી ગયા કે આકાશ આજે વધુ પડતો દારૂ પીને આવ્યો લાગે છે અને એટલે જ તેને બોલવામાં લોચા પડે છે..... તેની જીભ લથડિયાં ખાય છે.

રૂમની લાઈટ ઓન કરતાં રૂમમાં અજવાળું પથરાઈ ગયું. દિવાલ ઘડિયાળમાં નજર કરી તો રાતના લગભગ પોણા બં વાગ્યા હતા. આકાશનો અવાજ સાંભળીને બારણું ખોલવા જતા એક ગુમરાહ પુત્રની માતા ઠપકો આપવા ઉતાવળી બની હતી, તે ભાંડવા જ જતા હતા કે-

"આટલું બધું મોડું કેમ કર્યુ... ઘેર આવા નો પણ સમય હોય છે... અડધી રાત સુધી ભાઈબંધો સાથે ગપ્પાં મારવાથી ભાઈબંધો તને કંઈ ખાવાનું નહીં આપી દે.... ભણેલો ગણેલો થઈને દારૂ પીએ છે કશું કમાતો નથી. મા-બાપના પૈસા ઉડાવતા સહેજેય શરમ નથી આવતી ? કોઈ લખેશરીને પણ ના મળે એવી સુંદર વહુ લાવી આપી.... બિચારી એનેય એક દિવસ પણ શાંતિથી જીવવા દીધી નહીં.... દારૂ પી-પીને પાડા જેવો થયો છે.... આના કરતાં તો મારા પેટ પ્હોણો અવતર્યો હોત તો કપડાં ધોવા તો કામ લાગત પણ તું તો સાવ નક્કામો નીકળ્યો.... બાયડીને કાઢી મૂકી, રખડતો ફરે છે અને રાતના બે વાગ્યે ઘેર આવી બારણું ખોલાવે છે... જવું હતુંને એ નખ્ખોદિયા તારા ભાઈબંધોના ઘેર ખાવા માટે.... તારા હગલાઓએ તારા માટે ખાવાનું બનાવ્યું હશે.... અહીં શું ખાવા આવ્યો છે ?... અમારો જીવ ખાવા....?"

આનાથી પણ વધુ કડવા વેણ પોતાના ગુમરાહ બની ગયેલા દિકરાને સંભળાવવા માટે અને આજ સુધી મનમાં સંઘરી રાખેલા બળાપરને બહાર કાઢવા માટે બારણાંની જાળી ખોલીને બહાર નીકળી ઠપકો આપવા પહોળું જ રહી ગયું અને એ પહોળા રહી ગયેલા મોઢામાંથી એક તીણી ચીસ નીકળી ગઈ.... એક જનેતાનો ઘવાયેલો સ્નેહ અને લાગણીની ચીસ હતી. બારણું ખોલી બહાર નીકળતાં જ આકાશને ઘવાયેલો જોઈને ગળામાંથી એક ચીસ નીકળી ગઈ: "આ... કા... શ... "

આકાશના ગળાના ભાગેથી પુષ્કળ લોહી નીકળતા તેનાં કપડાં લોહીથી ખરડાઈ ગયા હતા. તીક્ષ્ણ હથિયારથી થયેલ જીવલેણ ઘાથી આકાશ આગળ કંઈ બોલે તે પહેલાં જ બારણાની જાળી પકડી બેશુદ્ધ થઈ રવેશીમાં ઢળી પડ્યો. પોતાની નજર સમક્ષ પહાડ જેવા આકાશને લાચાર અને નિઃસહાય બનીને ઢળી પડતો જોઈતે તેની માતાએ બુમાબુમ અને રડારડ કરી મૂકી:

"બચાવો....રે....બચાવો.... કોઈ મારા દિકરાને બચાવો.... મારા દિકરાને મારી નાંખ્યો રે.... કોઈ આવો રે...કોઈ આવો રે....કોઈ બચાવો...."

અડધી રાતના સન્નાટાને ચીરતી અને શાંત વાતાવરણ ખળભળાવી નાખનાર ચીસો સાંભળી આજુ-બાજુના રહીશો ટપોટપ જાગી ગયા અને "શું થયું.... શું થયું...."ના કુતૂહલ સાથે આંખો મસળતા આવેલા રહીશોની આંખો ઓસરીનું દ્રશ્ય જોતાં જ પહોળી થઈ ગઈ. પહાડ જેવો આકાશ તરફડતો તરફડતો લોહી ખરડાયેલી ઓસરીમાં જ ઠંડો પડી ગયો.

આકાશને કોણે માર્યુ હતું?... શું માર્યુ હતું....? કયા કારણથી માર્યુ હતું?....શું એ બધું પૂછવા માટે ઘણા પ્રયત્નો કર્યા હતા પરંતુ બારણું ખોલાવતી વેળાએ "મમ્મી બારણું ખોલો" એ વાક્ય ત્રૂટક ત્રૂટક શબ્દોમાં માંડ પુરૂં કરી આકાશ તો હંમેશને માટે ચૂપ થઈ ગયો હતો અને પાછળ અનેક પ્રશ્નો મૂકતો ગયો હતો. પણ આ પ્રશ્નના જવાબ રૂપે પોલીસ અધિકારીએ જ્યારે આકાશના

ખાસ મિત્રને પકડ્યો ત્યારે તમામ પ્રશ્નોના જવાબ મળી ગયા.

આકાશ તેના ઘરની નજીકમાં રહેતા અને મજૂરી કરી જીવન ગુજારતા મિત્રની સ્વરૂપવાન પત્નીની પ્રેમજાળમાં ફસાયો હતો. મિત્રની ગેરહાજરીમાં આકાશ તેની પ્રેમિકા સાથે રંગરેલીયા મનાવતો હતો જેની જાણ થતાં તેના મિત્રએ આ બંને જણાને પોતાના જ ઘરમાં રંગરેલીયા મનાવતા જોઈ લીધા પણ બંનેમાંથી એકેયને તેની જાણ થવા દીધી નહીં. આકાશ તેનો મિત્ર હતો.પત્નીને મારી નાંખવાથી પોતાનું જીવન સુંનુ થઈ જશે એમ વિચારી તેણે આકાશને પતાવી દેવાનો પ્લાન ઘડ્યો.

એક રાત્રે આકાશને પોતાના પૈસે દારૂ પીવડાવ્યો અને સિનેમા જોવા લઈ ગયો. છેલ્લા ખેલમાં સિનેમા જોઈને બંને મિત્રો ચાલતા ઘેર આવવા નીકળ્યા. દારૂના નશામાં એકબીજાને ટેકો આપતા બંને મિત્રો ઘેરથી અડધો ફર્લાંગ દૂર રહ્યા ત્યારે....

સ્ટ્રીટ લાઈટના ઝાંખા અજવાળામાં રાત્રિના દોઢેક વાગ્યે અસ્ત્રાની ધાર આકાશના ગરદન પર ઊંડો ઘસરકો કરી ગઈ અને તેનો મિત્ર આકાશને તે જ ક્ષણે છોડીને ચાલતો થયો.

પોતાની સાથે દગો થયો છે. પોતાનો મિત્ર જ ખૂન કરવાના ઈરાદાથી અસ્ત્રા જેવા ધારદાર હથિયારથી નિર્દયપણે ઘા કરી નાસી છૂટ્યો. આકાશ લથડિયાં ખાતો-પડતો-આખડતો પોતાના ઘેર

## ૭૦. મધરાતે ખખડતી બારણાંની સાંકળ.....

સાંકળ ખખડવાના અવાજથી ભગતના ડેલામાં આરામ ફરમાવી રહેલા કૂતરાં એકાએક ભસી ઊઠ્યાં.... સાથે સાથે ઊંઘમાંથી બેઠા થયેલા સવજી ભગત "કોણ છે અત્યારે....?" બોલતા બોલતા ડેલાનો દરવાજો ખોલવા જતા કૂતરાઓને બુચકારી શાંત કર્યા... ડેલાનો દરવાજો ખોલતા સવજી ભગત થોડા ઊંચા અવાજે બોલ્યા પણ ખરા.

"કોણ છે અત્યારે.... અડધી રાતે....? ઊંઘવા પણ દેતા નથી...." દરવાજો ખોલતાં જ હતા કે સાંકળ ખખડાવનારે જવાબ આપ્યો....

"એ તો હું છું સવજીકાકા... રામલો...."

"રામલો રખો....? આવ ભાઈ... શું કામ હતું...? અત્યારે મધરાતે બાર વાગે શું જરૂર પડી...?" આંખો ચોળતા સવજી ભગતે એક સાથે અનેક પ્રશ્ન અને ઠપકો પણ કરી લીધો....

"કાકા... હું તો તમારા જગાને બોલાવવા આવ્યો છું.... ખેતરમાં પાણી વાળવાનું છે એવું આજે મને કહી ગયો હતો કે રાતે સાથે આવજે... પણ બાર વાગ્યા તોય એ દેખાયો નહિં એટલે થયું કે એ ઊંઘી ગયો હશે એટલે બોલાવી લાવું...." રામલો સીમરખો હતો..... દિવસના સમયે લોકોના ખેતર અને ખેતરમાં ઊગાડેલા પાક, ફળ,શાકભાજીની રક્ષા કરતો હતો.... એના બદલામાં ગામવાળા પૈસા ઉઘરાવીને રામલાને પગાર ચુકવતા અને વારાફરતી જમવા ભાણું પણ આપતા. રામલો હતો પણ પાછો વફાદાર..... રાત્રિના સમયે ગામના કોઈને સીમ-ખેતરમાં જવાનું થયું હોય તો તેમની સાથે જતો.... કોઈને ખેતરમાં રાતવાસો કરવાનો હોય કે રાત્રિના સમયે કોઈ પાકમાં પાણી વાળવાનું હોય તો રામલા રખાને સાથે લઈ જતા.

"કેમ.... જગો હજુ ખેતરમાં ગયો નથી....?"

"શું ખબર કાકા.... આ તો મને બોલાવવા ના આવ્યો એટલે ખાતરી કરવા માટે આવ્યો છું કે ખેતરમાં જવાનું છે કે નહિં...."

"આવ અંદર....." સવજી ભગત રામલાને લઈને ડેલામાં પ્રવેશ્યા. અને જ્યાં પથારી કરીને સૂઈ જતો હતો એ ઓરડા એ જઈને સાંકળ ખખડાવવા માટે હાથ લંબાવતા સવજી ભગતે બૂમ પાડી, "અલ્યા ઓ જગા.... ઊંઘી ગયો કે શું?" પણ એમનું વાક્ય પૂરું થાય તે પહેલા તેમનો હાથ ઓરડાને મારેલી સાંકળ પર પહોંચ્યો.... અલ્યા આ તો બહારથી જ બંધ છે એટલે જગો ઓરડામાં નથી.... એ ખેતરમાં જ ગયો લાગે છે... જા જોય રામલા.... તું ય ખેતરમાં...."

"એ તો હું જઈ આવું છું.... મારે બીજું શું કામ છે...." કહીને રામલો રખો ડેલામાંથી બહાર નીકળી ગયો....

એના ગયા પછી સવજી ભગત વિચારમાં પડી ગયા.... જગો એકલો તો ખેતરમાં જાય નહિં.... એણે રામલાને સાથે લઈ જવાનું કહ્યું હોય તો એકલો

કેમ ચાલ્યો ગયો.... કદાચ બીજા કોઈ એના ભાઈબંધને સાથે લઈ ગયો હશે એટલે તો એ રામલાને બોલાવવા ગયો નહિં.... એમ માનીને સવજી ભગત ફરીથી ડેલાને સાંકળ બંધ કરીને પોતાની પથારીમાં જઈને આડા પડખે થયા. અને વિચારતા વિચારતા જ ઊંઘી ગયા.... ક્યારે સવાર પડી એની ખબર પણ ન પડી.... કે ફરીથી સાંકળ ખખડવાનો અવાજ આવતા સવજી ભગતની આંખ ખૂલી ગઈ....

કદાચ જગો ખતરમાંથી આવ્યો હશે એમ માનીને ભગત ઉભા થયા અને ડેલાનો દરવાજો ખોલવા ગયા. આ વખતે કૂતરા પણ ઘસઘસાટ ઊંઘતા હશે તે એકય ભસ્યું નહિ.... સાંકળ ખોલી.... દરવાજો ખોલ્યો.... સામે જગાને બદલે રામલો રખો ઉભો હતો....

“કેમ.... રામલા.... સવાર તો પડવા દે.... આટલો બધો વહેલો કેમ આવ્યો છે?....”

“કાકા... સવાર તો પડી જ ગઈ છે ને હવે.... હું તો એમ કહેવા આવ્યો હતો કે”

“ જો ભાઈ... તું ખેતરમાં ગયો હતો તે તને બપોરના રોટલા મારા ઘેરથી મળી જશે પણ એ કહેવા કંઈ આટલી વહેલી સવારે આવવાની જરૂર નહોતી....” રામલાની વાત કાપતા વચ્ચે બોલી ઉઠેલા સવજી ભગતે ઉમેર્યુ. “ તું અમારા કામ કરે કે ના કરે પણ મારા ઘેર તારે જ્યારે પણ જમવું હોય ત્યારે તને છુટ્ટી છે..... પછી....” અને પાછા વળતા કહ્યું પણ ખરૂં “ચાલ.... ચ્હા પીવી હોય તો બસ થોડી વાર બેસ....”

“સવજીકાકા.... હું જમવાનું કહેવા કે ચ્હા પીવા નથી આવ્યો.... પણ રાતે હું ખેતરમાં ગયો ત્યારે તમારો જગો ખેતરમાં હતો જ નહિં .... મેં એને ઘણો શોધ્યો.... ઢાળિયે.... ઢાળિયે ફર્યો.... બૂમો પણ પાડી.... જગો ખેતરમાં ગયો જ નથી.... એટલે અત્યારે તમને એ સમાચાર કહેવા આવ્યો છું.... બાકી મારે તો જમવું યે નથી ને ચ્હા પણ પીવી નથી.”

એટલું કહીને રામલો ચાલ્યો ગયો....

“ક્યાં ગયો હશે આ ડફોળ....?”

મનમાં બબડતા સવજી ભગત જાતે જગાના ઓરડામાં ગયા.... સાંકળ ખોલીને અંદર જોયું પણ ક્યાંય જગો હતો નહિં.

રોજ રાતે તો સવજી ભગત જાતે જગાના ઓરડામાં નજર કરીને પછી ડેલો બંધ કરતા હતા પણ ગઈ રાતે જ એમણે જગો જમી પરવારીને ઉંઘી ગયો છે એમ માનીને ડેલો અંદરથી બંધ કરી દીધો હતો....

એ આખી વેળા સવજી ભગતે જગાની શોધ કરી..... તેમની સાથે રખો રામલો પણ જોડાયો.... સીમા-સીમાડે શોધી આવ્યા પણ ક્યાંય રામલાનો પત્તો લાગ્યો નહિ.... ત્યારે રામલાએ સવજી ભગતને કહ્યું.

“કાકા.... તમે ગુસ્સે ના થાવ તો એક જગ્યાએ તપાસ કરી આવીએ....”

“ક્યાં....?”

“કદાચ જગો રાત્રે સવલી.... પેલી સવિતાને ત્યાં ગયો હોય તો અનેકદાચ ત્યાં ઊંઘી ગયો હશે તો....”

“કઈ સવિતા.... પેલી વિધવા....? એના ઘેર જગો શું કામ ઊંઘવા જાય....?”

રામલો ચૂપ રહ્યો એટલે સવજી ભગતે કહ્યું....“ચાલ..... જઈ આવીએ.....” સવજી ભગતને એ ન સમજાયું કે જગો ઘેર ઊંઘવાને બદલે એ વિધવા સવલીને ઘેર જઈને કેમ ઊંઘી ગયો હશે....?

ગામના છેવાડે આવેલા સવિતાના ઘેર પહોંચી જોયું તો ઘરના બારણાં બંધ હતા અને બહારથી સાંકળ ઠાલી બંધ કરેલી હતી. સવજી ભગત તો બારણું બંધ જોઈને પાછા વળી જતા હતા કે રામલા રખાએ એમને રોક્યા.... એની નજર બારણા આગળ પડેલા જગાના બૂટ ઉપર પડી.

“જુઓ કાકા..... જગાના બૂટ પડ્યા છે એટલે નક્કી એ અહીં જ હોવો

જોઈએ...”

“પણ ઘર તો બંધ છે પછી....”

“કાકા તમે ઉભા રહો....”

રામલો રખો બારણા આગળ પહોંચ્યો અને સાંકળ ખોલીને ઘરમાં નજર કરી.... અંદર ગયો.... એની પાછળ પાછળ સવજી ભગત પણ ઘરમાં ગયા.

“જુઓ કાકા.... આ શું ખાટલામાં ઊંઘી રહ્યો જગો....” રામલો બોલી ઉઠ્યો:“હું નહોતો કહેતો.... જગા... ઓ જગા....” રામલો રખો બૂમો પાડી એને જગાડવા માટે નજીક ગયો કે એની બોલતી બંધ થઈ ગઈ.

જગાની આંખો ફાટેલી હતી.... એની જીભ બહાર નીકળી ગઈ હતી.... મોઢા ઉપર માખો બણબણતી હતી....

સવજી ભગતે પણ એ જોયું અને ભાંગી પડ્યા..... જગો એમનો એક નો એક દિકરો હતો.... ઘડપણની લાકડી હતી.... એ લાકડી આજે તૂટી ગઈ હતી... જો કે ધીરગંભીર સવજી ભગતે કાળજુ કઠણ કર્યુ.... એમણે પોલીસ મથકે ફરિયાદ કરી.

ઈન્સ્પેક્ટર નાગપાલે તપાસ હાથ ધરી.

જગાની લાશ સવિતાના ઘરમાં હતી.... ખાટલામાં ચત્તોપાટ પડ્યો હતો જગો.... આંખો ફાટી ગયેલી હતી અને જીભ બહાર નીકળી ગઈ હતી ઈન્સ્પેક્ટર નાગપાલની ચકોર નજરે જગાના ગળા ઉપરની નિશાની પારખી લીધી હતી. એટલે જગાનું ગળું દબાવી હત્યા કરવામાં આવી હતી એમાં બે મત નથી છતાં પોસ્ટમોર્ટમ કરાવવા માટે લાશને રવાના કરી દીધી. રીપોર્ટ આવ્યો..... ગળું દબાવાથી શ્વાસ રૂંધાવાથી મોત થયું છે....

નાગપાલે ગામના લોકોની પૂછપરછ શરૂ કરી. તમામના મુખેથી એક જ સામાન્ય વાત નીકળી કે જગો રોજ અહીં સવિતાના ઘેર આવતો હતો. સવિતાનો પતિ એક વર્ષ પહેલાં ટી.બી.ની બિમારીથી ગુજરી ગયો હતો અને ત્યારથી જગો અહીં રોજ આવતો હતો. સવિતા વિધવા બની હતી પણ જુવાન હતી.... જગો કુંવારો હતો... બંને રાત સાથે જ ગુજારતા હતા અને જગો સવિતાનું ભરણ-પોષણ પણ કરતો હતો.

આટલી વાત પરથી ઈન્સ્પેક્ટર નાગપાલને આખી કહાની દિમાગમાં ગોઠવાઈ ગઈ. વળી સવિતા ઘરને ઠાલું બંધ કરીને ગઈ હતી. એટલે એની પ્રવૃતિ શંકાશીલ લાગતા જ તેની શોધખોળ આરંભી સવિતા અને એના પિયરમાં એના ભાઈને ત્યાંથીઝડપાઈ ગઈ.

પ્રથમ વખતે તો સવિતાએ ઈન્સ્પેક્ટરને હાથ મૂકવા ન દીધો પણ ઈન્સ્પેક્ટર નાગપાલના તર્કબદ્ધ અને ઉલટ સુલટ પૂછેલા પ્રશ્નોના જવાબમાં સવિતા ગોથું ખાઈ ગઈ એણે કબૂલાત કરી લીધી....

રોજ રાત્રે જગો એના ઘેર આવતો હતો અને સાંકળ ખખડાવતો હતો.... સવિતા બારણું ખોલતી અને પછી પતિ-પત્નીની માફક એક જ ખાટલામાં રાત ગુજારતા હતા.

જે દિવસે જગાને ખેતરમાં પાણી વાળવા જવાનું હતું એ દિવસે જગાએ રામલા રખાને રાત્રે તેની સાથે આવવાનું કહ્યું હતું એ રાતે સમી સાંજે જ જગો સવિતાના ઘરે પહોંચ્યો હતો અને સવિતાની સાથે જબરદસ્તી કરી રહ્યો હતો પરંતુ જગાની આ રોજની હઠથી સવિતા ઉબકી ગઈ હતી છતાં પોતાનું ભરણ-પોષણ કરતા જગાને તે સહન કરી રહી હતી પણ જ્યારે જગાએ હદ ઉપરાંતની હદ પકડી ત્યારે સવિતા કાબુમાં આવી પણ પછી જગાને છેતરીને ગળે સાડીનો છેડો વીંટી દઈ જોરથી ખેંચ્યો હતો.....

ગળા પરનો ઘોઘરો દબાતા જગાનું જોર કમ પડી ગયું અને હવે જગો જીવતો રહેશે તો સવિતાને મારી નાંખશે એવું અનુમાન કરી ચૂકેલી સવિતાએ સાડીની ગાંઠ વધુ મજબૂત કરી અને જગાનો કાંટો કાઢી નાંખ્યો....

હવે....? ગભરાઈ ગયેલી સવિતા વહેલી વહેલી ઘરની બહાર નીકળી ગઈ અને ઘરના બારણા બંધ કરીને રવાના થઈ ગઈ ગભરાટમાં ઠાલી બંધ કરીને રવાના થઈ ગઈ અને રાતોરાત એ એના ભાઈને ત્યાં ચાલી ગઈ હતી.

ઈન્સ્પેક્ટર નાગપાલે સવિતાની ધરપકડ કરીને જેલ કોટડીમાં પૂરી દીધી.

## ૭૧. ચાહતનું બલિદાન - તેજાબ....

જમાનો ક્યાંથી ક્યાં જઈરહ્યો છે.... જમાનાનું બદલાતું સ્વરૂપ ઓળખી શકાતું નથી.... એક તરફ દેશ એકવીસમી સદી તરફ પ્રયાણ કરવાનો અથાગ પ્રયાસ કરે છે.... વૈજ્ઞાનિક ઢબે આગળ વધવા નવા નવા પ્રયોગો થઈ રહ્યા છે..... તો બીજી તરફ આજનો યુવાન ખુવારી તરફ ધકેલાઈ રહ્યો છે. કોઈપણ પરિસ્થિતિનો અવળો અર્થ કરીને પોતાની નાદાની વ્યક્ત કરે છે..... અભ્યાસમાં મન લગાવીને પોતાની ભાવિ કારકિર્દી ઘડવાના કાળ દરમિયાન આજનો યુવાન યુવતીઅ પાછળ પ્રેમમાં પાગલ બનીને પોતાની કારકિર્દી ખલાસ કરી નાંખે છે જ્યારે બીજી તરફ યુવાનો જેની પાછળ પ્રે માનીને પાગલ બને છે એ પાત્ર તો ક્યાંય પોતાની કારકિર્દી ઘડવા આગળ નીકળી ગઈ હોય છે.

એ પાત્ર કયું હોય.... એ વ્યક્તિત્વ કયું હોય એ તો જે તે યુવાન જાણતો હોવા છતાં મજનુની માફક ઘૂમ્યા કરતો હોય છે..... જુના જમાનામાં પ્રેમ શબ્દ પવિત્રતાની દ્રષ્ટિએ જોવા મળતો પરંતુ આજે પ્રેમ શબ્દનો વિધ્વંશ થઈ ચૂકવાની અણી પર આવી ગયો છે.....

એ પાત્ર આત્મવિશ્વાસનું સ્વરૂપ છે..... ત્યાગની ભાવના હોય છે.....એમાં બલિદાનની ભાવના હોય છે અને પ્રેમ તો આપોઆપ થઈ જતો હોય છે પણ આજના આ વૈજ્ઞાનિક યુગમાં..... સમાજ જ્યારે સુધારણા તરફ જવા પ્રયાસોમાં રચ્યો પચ્યો રહે છે તેવા સંજોગોમાં પણ આજનો એ યુવાન પ્રેમને પોતાની જાગીર સમજી બેઠો છે.... પ્રેમ શબ્દનું એણે કત્લેઆમ કરી નાંખ્યું છે. પ્રેમ વાસનાથી પર હોય છે પણ આજના યુવાધનમાં પ્રેમ એ જ વાસના એવો પરાવલંબી જીવન જીવતા યુવાનોમાં આત્મવિશ્વાસનો છાંટોય જોવા મળતો નથી અને પ્રેમ શબ્દની પાછળ દોટ મૂકી રહ્યા છે....

ત્યાગને બદલે છિનવી લેવાની વૃતિ ધરાવતો યુવાન પ્રેમમાં પોતાની જાતને બલિદાનમાં હોમવાને બદલે પ્રેમ યોગ્ય પાત્રનું બલિદાન માંગતો હોય છે.... પ્રેમ મેળવવા યુવાન બળજબરી માંગતો હોય છે..... પ્રેમ મેળવવા યુવાન બળજબરી કરતો હોય છે.... યેનકેન પ્રકારેણ ધાર્યુ કરવા જતાં અપરાધ કરી બેસે છે અને ત્યારથી શરૂ થાય છે એની ગુનાખોરીની દુનિયા.... કારકિર્દી ઘડીને પોતાનું જીવન આબાદ કરવાને બદલે અનાયાસે અપરાધ કરી બેઠેલ યુવાનનું જીવન બરબાદી તરફ વળે છે અને ત્યારબાદ થયેલા પસ્તાવાથી તેની કારકિર્દી પાછી વળતી નથી.

અપરાધના વટવૃક્ષનું મૂળ સ્કુલ-કોલેજોમાંથી નીકળે છે.... અમુક સંજોગોમાં શિક્ષક સાથે કરેલી શરારત... ભલે નાની અમથી હોય પણ એ કદાચ મોટી દુર્ઘટનાનું કારણ પણ બની શકે એમાં શક નથી. આવી મોટી દુર્ઘટનાને રોકવા માટે યુવાનોના સ્કુલ-કોલેજના દિવસોમાં સુશિક્ષણ આપવા તૈયાર રહેવું જોઈએ પરંતુ શિક્ષણ મેળવવા માટે ખુદ યુવાનની તૈયારી ન હોય તો કોઈ કશું કરી શકતું નથી.

પ્રેમ-વાસનાની પાછળ આંધળી દોટ મૂકી અપરાધના દળદળમાં પોતાનો પગ ફસાવનાર એક યુવાનની જિંદગી.... બરબાદી તરફ ધપી રહી છે.

નામ એનું પુષ્પક.... દશમાં ધોરણ સુધી ભણેલો.... પછી ધંધામાં જોડાઈ ગયો..... પોતાના ઘરના આગળના જ ભાગમાં એણે કરિયાણાની દુકાન ખોલી હતી.... દુકાને બેસતો ત્યારે તેની નજર હંમેશા દુકાનની બરાબર સામે આવેલા મકાનના દરવાજા પર રહેતી.... એ મકાનમાં એક ગુલાબનું ફુલ ખીલ્યું હતું જાણે.... એ ફુલનું નામ હતું કાજલ.... કોઈ દેવકન્યા કરતાં પણ ઘણું જ સુંદર મુખડું..... માંડ પંદર વર્ષની હશે.... પણ રૂપ એવા ગુણ ધરાવતી કાજલની ચાલ જોઈને જ પુષ્પક પાલગ જેવો બની જતો.... કાજલને પ્રેમ કરવા માટે એણે ઘણા બધા પ્રયત્નો કર્યા હતા પરંતુ એકેય પ્રયત્નો કામ ના આવ્યા.....

પુષ્પકે પોતાના સુંદર અક્ષરોથી કાજલને પ્રેમપત્રો પણ લખ્યા હતા.... પણ કાજલે એકપણ પત્રનો જવાબ આપ્યો ન હતો.... શરૂ શરૂમાં કાજોલ તેની મમ્મીના કહેવાથી ઘર માટે કરિયાણું ખરીદવા પુષ્પકની દુકાને જતી પણ પુષ્પકની નજર.... એની વાત કરવાની રીત અને આંખોના ઈશારા પારખી ગયેલી કાજોલે તેની દુકાને જવાનું બંધ કરી દીધું. પુષ્પકનો એક ગ્રાહક ઓછો થઈ ગયો.... જો કે એને એની ચિંતા નહોતી.... કાજોલનો પ્રેમ મેળવવા હવે એનો પીછો કરવા લાગ્યો.... રસ્તામાં કાજોલને રોકતો અને પ્રેમ કરવા પૃચ્છા કરતો.... કાજોલે તેને જ્યારે મચક ના આપી ત્યારે અંતિમ ઉપાય તરીકે પુષ્પકે તેને સંભળાવી દીધું.

"જો કાજલ.... હું તને ખૂબ ચાહું છું.... તું મને પ્રેમ કર.... હું તારી સાથે લગ્ન કરવા માંગુ છું.... અને જો તું ના પાડીશ તો હું ઝેર પીને મરી જઈશ.... આજ સાંજ સુધી તું મને પ્રેમ કરવાની હા નહીં પાડે તો કાલ સવારે મારૂં મોત થશે.... તારા ઘરની સામેથી મારી નનામી ઉઠશે.... મારા મોત પછી તને પસ્તાવો થશે..." એવી ઘણી બધી વાતો કરી, પુષ્પકને એમ હતું કે આવી બધી વાતો કરવાથી કાજોલ પીગળી જશે.... અને એ પણ મને પ્રેમ કરે છે પરંતુ શરમની મારી મને કહેતી નથી પણ આત્મહત્યા કરવાની વાત કરી એટલે એ જરૂર હા પાડશે....

પરંતુ એ આખી રાત પુષ્પકે જાગતા કાઢી.... પણ કાજોલ તેની પાસે પ્રેમનો એકરાર કરવા ન આવી.... તે ન જ આવી.... એ આખી રાતનો ઉજાગરો કરવાથી વહેલી પરોઢે તે ઊંઘી ગયો..... અને જાગ્યો ત્યારે બપોરના બાર વાગ્યા હતા.... તેણે ઉઠીને સીધુ કાજોલના ઘર તરફ જોયું તો એ ઘરને તાળું હતું. તપાસ કરતાં ખબર પડી કે કાજોલ તો એના મા-બાપની સાથે તેના મામાને ત્યાં લગ્ન માણવા ગઈ છે.

એ જાણ્યા પછી પુષ્પકને લાગ્યું કે હવે કાજોલ એને પ્રેમ તો શું પણ તેની સાથે વાત પણ નહીં કરે.... કાજોલ વિના તો એ જીવી નહીં શકે.... કોઈ બીજો એને પરણી જશે તો પોતે બળીને ખાખ થઈ જશે..... ઈર્ષા એના દિમાગમાં ઘૂસી ગઈ.... મનોમન એવા પણ વિચાર કરવા લાગ્યો કે કાજોલને પરણવા આવનારને જ ખતમ કરી નાખવો.... પણ બીજો વિચાર એ પણ આવ્યો કે એમ કરવાથી પોતે જેલમાં જશે અને કાજોલને કોઈ બીજો જ પરણી જશે તો.... એ પણ શક્ય છે....

ઘણા બધા વિચારોના આરોહ અવરોહ વચ્ચે આખરે તેણે એક મક્કમ નિર્ણય કર્યો.... કાજોલને તેપોતે ખૂબ ચાહે છે. એનો ચહેરો કદરૂપો થઈ જશે તોય પોતે એને પ્રેમ કરશે જ.... કાજોલનું કોઈ અંગ પણ ગુમ થઈ જશે તો આખી જિંદગી કાજોલની સેવા કરશે પણ લગ્ન તો એની સાથે જ કરશે.....

એણે નિર્ણય કરી લીધો.... કાજોલનો ચહેરો બદસુરત કદરૂપો બની જાય તો તેને કોઈ પરણવા તૈયાર નહીં થાય.... અને પછી મારા સિવાય કાજોલને કોણ પરણશે.... આ એક જ રસ્તો છે..... પણ કાજોલનો ચહેરો કદરૂપો કેવી રીતે થાય.

અને પુષ્પકના દિમાગમાં ભયંકર ઉકેલ પણ મળ્યો....તેજાબ....એસીડ છાંટીને કાજોલના ચહેરાને કદરૂપો બનાવી શકાશે.... પુષ્પક લઈ આવો એસીડની બાટલી.....

બે દિવસ પછી કાજોલ તેના મમ્મી-પપ્પા સાથે પાછી આવી... ત્યારે ખુશખુશાલ હતી.... પુષ્પકે તેની ખુશીનું કારણ જાણી લીધું ત્યારે એના શરીર પર જાણે કરવત ફરતી હોય તેવી વેદના થવા લાગી.... મોસાળમાં ગયેલી કાજોલના લગ્ન નક્કી થઈ ગયા હતા.... મુરતિયો તેને પણ ગમી ગયો હોવાથી બંનેની સગાઈ થઈ ગઈ હતી.... હવે

હવે તો કાજોલના ચહેરાને કદરૂપો બનાવવો જ પડશે.... ભલે પોલીસ કેસ થાય.... પણ પછી કાજોલ સાથે મારૂં નામ જોડાશે એટલે.... કાજોલની બદનામી તો થશે જ અને ચહેરો પણ કદરૂપો.... બદનામ થયેલી અને કદરૂપા ચહેરાથી કાજોલને કોઈ પસંદ નહીં કરે એટલે આખરે કાજોલ મારી જ થઈ જશે.

અને એક દિવસ કાજોલ બપોરના બે વાગ્યાના સુમારે તેના ભાવિ પતિને મળવા માટે ગામના બસ સ્ટેશને ગઈ હતી ત્યારે તેનો પીછો કરતો પુષ્પક પણ ત્યાં પહોંચ્યો હતો. તેણે કાજોલને પેલા યુવાન સાથે હસી-હસીને વાતો કરતી જોઈ અને ઈર્ષાની આગ ભભૂકી ઉઠી.... જેવી કાજોલ બસ સ્ટેશનેથી પરત ઘર તરફ જવા નીકળી કે પુષ્પકે રસ્તામાં જ તેને રોકી.....

"જો કાજોલ....તું.... મારી છે"

"ના.... ના.... મારી તો સગાઈ પણ થઈ ગઈ છે અને લગ્ન પણ થવાના છે અને વળી હું તને પસંદ કરતી નથી એટલે હવે પછી તું મને હેરાન કરવા ના આવીશ...."

"હું તને હેરાન નથી કરતો પણ તને પ્રેમ કરૂં છું.... દિલોજાનથી પ્રેમ કરૂં છું.... તારા વગર હું જીવી નહીં શકું.... હવે હું જોઉં છું કે તને કોણ પરણે છે...."

પુષ્પકે અચાનક જ કાજોલને બાહુપાશમાં લઈ લીધી.... તેનાથી છૂટવા કાજોલે હાથ-પગ ઉછાળ્યા પણ પુષ્પકે તેને છોડી નહીં અને પછી પોતાના પેન્ટના ખિસ્સામાંથી એક બાટલી કાઢી.... તેનું ઢાંકણું ખોલતાં બોલ્યો :

"તારા રૂપને લીધે તારી સગાઈ થઈ છે પણ હવે આ તારો ચહેરો હું બગાડી નાંખીશ.... પછી તને મારા સિવાય કોઈ પસંદ નહીં કરે...." અને તેણે બાટલી કાજોલના માથા ઉપર અને ચહેરા ઉપર ઊંધી વાળી દીધી.....

બાટલીમાંથી પડેલા એસીડથી દાઝી ગયેલી કાજોલ ચીસાચીસ કરવા લાગી.... જેથી પુષ્પક તેને ધક્કો મારીને ત્યાંથી નાસી છૂટ્યો....

પ્રેમમાં ત્યાગ અને બલિદાનની ભાવનાને આજના યુગમાં આ જ રીતે તેજાબથી દઝાડવામાં આવે છે.... ખરેખર પ્રેમની પરીભાષા બદલાઈ ગઈ છે.

## ૭૨. ધી ગ્રેટ બ્લેકમેલર....!

શહેરના સંસ્કારી લતામાં રહેતી તરૂલતાનો બે દિવસ પહેલાં જન્મદિવસ આવતો હતો અને આજે એના પેટમાં અચાનક દુઃખાવો ઉપડ્યો હતો..... આમ તો તરૂલતા હિંમતવાળી યુવતી હતી.... સામાન્ય દુઃખાવાને એ કદાપિ ધ્યાન પર લેતી નહોતી.... અઢાર વર્ષ પૂરા કરીને બે દિવસ પછી એ ઓગણીસમાં વર્ષમાં પ્રવેશવાની હતી.... સંસ્કારી પરીવારની એ જ્યોત હતી.... તેના જન્મદિવસે અભિનંદન પાઠવવા આવનારાઓમાં તેની સહેલીઓ ઉપરાંત તેના ભાવિ પતિની બહેન હતી પણ....

તરૂલતાના મા-બાપ ચિંતામાં પડી ગયા હતા.... જો કે જન્મ દિવસના હજુ બે દિવસ બાકી હતા અને આમ અચાનક શૂળ ઉપડ્યું હતું..... એણે તો ઘણીયે ના પાડી.... મટી જશે એ તો.... પણ એના મા-બાપનું મન માન્યું નહિં. એમના ફેમિલી ડૉક્ટરને બોલાવ્યા અને ડૉક્ટરે તરૂલતાને તપાસી.... પેટમાં ક્યાં અને કેવી રીતે દુઃખે છે એની હકીકત જાણ્યા પછી ડૉક્ટર ખુદ વિમાસણમાં પડી ગયા.... સત્ય હકીકત તરૂલતાના મા-બાપને જણાવવી કે નહિં એ વિચારવા લાગ્યા..... કેમ કે તેઓ સારી રીતે જાણતા હતા કે તરૂલતાનો બે દિવસ પછીજન્મ દિવસ આવે છે એ દિવસે તરૂલતાની ભાવિ નણંદ પણ આવવાની છે અને એ દિવસે તરૂલતાની સગાઈ પણ થવાની છે.....

છતાં પણ હકીકત છુપાવી જોઈએ નહિ. એમ માનીને ડૉક્ટરે તરૂલતાના પિતાને એક બાજુ બોલાવીને વાત કરી..... સાંભળીને હતપ્રભ થઈ ગયેલા પિતાને તેમના ફેમિલી ડૉક્ટરે હૈયાધારણ આપી કે ચિંતા ના કરશો.... મારી ફરજ હતી એટલે તમને સાચી વાત જણાવી દીધી... પણ એનો રસ્તો પણ હું કરી આપીશ.... માત્ર તમારે તરૂલતાને સહમત કરવી પડશે.... એની મમ્મી દ્વારા તમે જાણી લો પછી મને જણાવજો.

પોતાના બેડરૂમમાં આરામ કરી રહેલી તરૂલતાને માથે હાથ ફેરવીને તેની મમ્મીએ વ્હાલથી પૂછ્યું :

તરૂ બેટા તેં આવું પગલું શા માટે ભર્યું?

કેવું કામ મમ્મી.....? મેં કશું કર્યુ નથી.....

જો બેટા બે દિવસ પછી તારો જન્મદિવસ છે અને સગાઈ પણ એ દિવસે નક્કી થશે.... તારી નણંદ આવવાની છે અને એ આવું જાણશે તો તારી સગાઈ નહિં થાય.... વાત સમાજમાં ફેલાઈ જશે તો પછી તને પરણશે કોણ? એટલે બેટા તું સાચેસાચું કહી દે....તારી સાથે કોણે મ્હોં કાળું કર્યુ છે? આપણે આ વાત દાબ્યા પોપડે જ રાખવાની છે....

આ આખી વાતમાં સમજણ નહિ પડતાં તરૂલતાએ થોડું અકળાઈને પૂછ્યું મને સમજાય એવું બોલ મમ્મી પેટમાં સામાન્ય દુઃખે છે. એમાં તે ડૉક્ટર કાકાને બોલાવી દીધા.... અને વળી પેટના દુઃખાવાને મારા જન્મદિવસ-સગાઈને શો સંબંધ?

જ્યારે એવું લાગ્યું કે મોઘમમાં વાત કરવાથી તરૂલતા મ્હોં નહિં ખોલે એટલે આખરે તેનું મ્હોં ખોલાવવા તેની મમ્મીએ સ્પષ્ટતા કરતા જણાવી દીધું.

જો બેટા....તને મહિના રહ્યા છે.... તે કોઈ છોકરા સાથે.... કે પછી કોઈકે બળજબરીથી.... તારી સાથે....

હા મમ્મી.... તરૂલતા ધ્રૂસકેને ધ્રૂસકે રડી પડી એ વાત મને યાદ ના

કરાવ મમ્મી.... મને ગભરામણ થઈ જાય છે.... મારે મારો જન્મ દિવસ પણ ઉજવવો નથી.... એ-એ-મને ઉઠાવી જશે મમમ્મી.... મને એણે બહુ પજવી હતી...મમ્મી...

એ પછી એણે જે વાત કહી એ સાંભળીને તરૂલતાની મમ્મી પણ ગભરાઈ ગઈ. તરૂલતાના મા-બાપ વધારે ચિંતામાં પડી ગયા.... જે કલંકથી બચવા માટે બધું છૂપી રીતે પતાવવા માંગતા હતા એ તો તરૂલતાના જન્મ દિવસ પર એ હરામી હોબાળો મચાવી વાત જાહેર કરી દેશે તો? ઝેર ઘોળવાનો વારો આવશે.... હવે? તેમની પડોશમાં રહેતા કનવરે તરૂલતાને બ્લેકમેલ કરીને એનું શોષણ કર્યું હતું. અને એના કારણે તરૂલતાની આ હાલત થઈ છે એટલું જ નહિ પણ તરૂલતાના જન્મ દિવસસ એણે ઉઠાવી જવાની ધમકી પણ આપી છે....

હકીકત સાંભળીને ખુદ ડૉક્ટર વિચારમાં પડી ગયા..... સંસ્કારી પરિવારમાં આફત આવવાની હતી.... બે દિવસમાં જ આનો નિકાલ લાવવાનો હતો.... તેમણે કહ્યું : જુઓ હવે પોલીસ સિવાય કોઈ આ આફતથી બચાવનાર નથી. કનવર શક્તિશાળી છે અને ધાર્યું કરે એવો છે એ તો આપણને ખબર પડી જ ગઈ....આટલું બધું થયું હોવા છતાં તરૂલતાએ તમને એ કનવરની ધમકીને વશ થઈ જાણ ન કરી.... પણ હવે એ વાતનો અંત લાવી દેવો જોઈએ.... મારા એક મિત્ર છે પોલીસ ખાતાના વડા.... એમને મળીને બધી વાત કરીશું.... તરૂલતાની બદનામી પણ ન થાય અનેકનવરને એના પાપની સજા મળે એવો રસ્તો કાઢી આપશે....હું તમારી સાથે જ આવું છું ચાલો.... એસ.પી.ચૌધરી સાહેબ પાસે.... આપણને એ જરૂર સહકાર આપશે....

એસ.પી.શ્રી ચૌધરી એમની ઓફિસમાં ન હાજર હતા. ડૉક્ટરે એમને તરૂલતા સાથે બનેલી હકીકત ટૂંકમાં જણાવી.... કેસ રસપ્રદ લાગ્યો.... આવા કિસ્સાઓનો ઉકેલ લાવવામાં ચૌધરીને ભારે રસ રહ્યા કરતો.... એમણે ડૉક્ટરને જણાવ્યું જાવ લઈ આવો છોકરી અને એના મા-બાપને.... છોકરીની કેફિયત મારે સાંભળવી પડશે....

અહીં બહાર જ છે એ લોકો.... મારી સાથે જ લાવ્યો છું.... પણ સાહેબ.... બે દિવસ પહેલાં એ કામ પુરૂં કરી દેવું પડશે કેમ કે છોકરીના જન્મ દિવસે પેલો બ્લેકમેલર કોઈ બખેડો ઉભો કરી ન શકે.

તમે નિશ્ચિત રહો.... બધું જ થઈ જશે....

ડૉક્ટરે તરૂલતા અને તેના મા-બાપને ચૌધરીની ચેમ્બરમાં બોલાવી લાવ્યા. ચૌધરીની નજર છોકરી પર પડી..... સ્માર્ટ દેખાતી તરૂલતાની આંખો લજ્જાથી નીચે ઢળેલી હતી.... કદાચ જીવનમાં એ પ્રથમ વખતે જ કોઈ પોલીસ અધિકારીની ચેમ્બરમાં પ્રવેશી હતી અને એટલે જ એ ચૌધરીની નજરનો સામનો કરી શકતી નહોતી.....પીઢ અને અનુભવી ચૌધરીએ પોતાની આગવી રીતથી ભાવુક બનીને તરૂલતાની પૂછપરછ શરૂ કરી....

જો બેટા.... તારી સાથે જે કંઈ બન્યું હોય તે સહેજ પણ ગભરાયા સિવાય સાચેસાચું જણાવી દે.... હું તોતારા પિતા સમાન છું. પિતા સમક્ષ નિખાલસતાથી વાત કર.....

એસ.પી. ચૌધરીએ જે રીતથી પૂછપરછની શરૂઆત કરી તેનાથી પ્રભાવિત થયેલી તરૂલતાએ આપવીતી કહેવા માંડી :

સાહેબ.... એ કનવર અમારા ઘરની નજીકમાં જ રહે છે.... મારા કરતાં બેવડી ઉંમરનો છે.... પરણેલો છે....પત્ની અને બે બાળકો પણ છે....હું દશમામાં ભણતી હતી ત્યારે પરીક્ષા વખતે મને એણે મદદ કરી હતી....બીજી છોકરીઓની સાથે સાથે હું પણ કનવર સાથે સામાન્ય રીતે વાતચીત કરતી..... પણ મારી આ સ્વાભાવિકતાનો એણે વિચિત્ર અર્થ કર્યો હશે..... જ્યારે હું એની મિત્રતા સમજતી હતી. એ પછીની હોળીના તહેવાર પર તો એણે મારા ઘેર આવીને મને આખીને આખી કલરથી ભીંજવી નાંખી હતી પણ તહેવારને કારણે કદાચ રંગ પિચકારી સામાન્ય હોય એમ માનીને મને એમાં કશું જ અજુગતું લાગ્યું નહોતું.

ધીરેધીરે એ મારા તરફ વધુ ઢળવા લાગ્યો.... એના બદલાઈ રહેલા વર્તનને હું લક્ષમાં લેતી નહોતી.... અગિયારમાં ધોરણમાં મેં ભણવાનું ચાલુ કર્યું ત્યારે આ કનવર તેની બાઈક લઈને મારો પીછો કરતો કરતો આવતો અને અવાર નવાર એની બાઈક પર બેસી જવા જણાવતો રહેતો પરંતુ હું એને એના આગ્રહને ઠોકર મારતી પણ જ્યારે એણે મારી સાથે છેડછાડ કરવાની અને

શારિરીક છેડતી કરવા માટે વધુ પડતી છૂટ લેવા લાગ્યો ત્યારે મેં મારા પપ્પાને કહી દીધું આવા સડકછાપ રોમિયો તો ઘણા હોય.... ક્યાં દરેકને ઠપકો આપવા જવું એવું જણાવીને મારા પપ્પાએ મારોઅભ્યાસ છોડાવી દીધો.....

શ્વાસ લેવા રોકાયેલીતરૂલતાએ ચૌધરી સાહેબ સામે જોયું કે ચૌધરી સાહેબે તેને આગળ બોલવા જતી રોકી અને ઉમેર્યુ આ આખી વાત તો સમજ્યા પણ હવે તારી સાથે એ કનવરે ક્યારે અને કેવી રીતે બળાત્કાર ગુજાર્યો એ જણાવ.

એ જ કહું છું સાહેબ.... એ દિવસ હું બપોરના સાડા અગિયારેક વાગ્યાના સુમારે બજારમાં શાકભાજી લેવા માટે ગઈ ત્યારે કનવર મારી પાછળ પાછળ આવ્યો હતો અને હું પાછી વળી ત્યારે તેણે મને જણાવ્યું કે તારા ઘેર જતાં પહેલાં મારી પાછળ મારા ઘેર આવીને જજે.... જો તું નહિં આવે તો આ ચાકુ જોયું છે ? તને નહીં પણ તારા પિતાના પેટમાં હુલાવી દઈશ.... મારા જેવો ખતરનાક રોમિયો હજુ પેદા પણ થયો નથી....

કનવરની ધમકીથી વશ થઈ..... એ મને મારી નાંખે એનો મને સહેજ પણ ડર નહોતો પણ.... મારા ભલા ભોળા પિતા પર ચાકુથી હુમલો કરી લોહીલુહાણ કરવાની વાત હું સાંભળી પણ શકું એમ નહોતી.... કનવરની પાછળ પાછળ એના ઘરમાં ગઈ.... ઘરમાં કોઈ હતું નહીં.... એણે મારો હાથ પકડ્યો અને સીડી ચડાવી ઉપરના માળે લઈ ગયો એ એનો બેડરૂમ હતો..... બેડરૂમની દિવાલો ઉપર મારી તસ્વીરો લટકેલી જોતાં જ હું હબકી ગઈ....

આ..... આ તસવીર ક્યાંથી લાવ્યા?

એ જ જોવાનું છે ને? આ તસવીરો મારા સિવાય કોઈ ભેજાબાજ લાવી શકે? હું તને ખૂબ ચાહું છું મારે તને ઉપપત્ની તરીકે રાખવી છે.... આ મારો રૂમ એવો છે કે અહીં તું ગમે તેટલી બૂમો પાડે તો પણ તારો અવાજ કોઈ સાંભળી નહીં શકે.... સાઉન્ડપ્રુફ રૂમ મેં મારા માટે જ ખાસ બનાવડાવ્યો છે.... વળી ઘરનો મુખ્ય દરવાજો, દાદરનો દરવાજો....રૂમનો દરવાજો.... ત્રણેય દરવાજા મેં બંધ કરી દીધા છે. એટલે ચૂપચાપ મને અનુસર અને.... જા.... હું તને કેટલો ચાહું છું એનું પ્રમાણ તારે જોવું છે?

કનવરે તેના ખિસ્સામાંથી ધારદાર ચાકુ કાઢ્યું અને તેના ડાબા હાથ ઉપર ચાકુની અણીએ તરૂ એટલે કે મારૂં નામ લખ્યું જેનાથી ખાસ્સુ લોહી નીકળ્યું હતું હું ગભરાઈ ગઈ હતી તે દરમ્યાન કનવરે એ ચાકુ મારી સામે કર્યુ અને

ચૂપચાપ તમામ કપડાં ઉતાર નહીંતર....

હું ગભરાઈ ગઈ હતી મારૂં શરીર આવા લફંગાઓથી બચાવવા બે હાથ આગળ ધર્યા કે એણે ચાકુનો ઘા કરીને મારી કમીઝ ફાડી નાખ્યો.... હું બુમો પાડી શકતી નહોતી.... અને પડછંદ કાયા ધરાવતા કનવરની પકડમાંથી છટકી શકું એમ નહોતી.... એ બદમાશે મને તદ્દન નિઃવસ્ત્ર કરી નાખી અને પછી.... મારા પર સિતમ ગુજારવા લાગ્યો....

લોહીલુહાણ હાલતમાં હું બેભાન જેવી બની ગઈ હતી કે એણે મને રૂમની બહાર કાઢી મૂકી અને ધમકાવી કે જો આ વાત કોઈને કરીશ તો તારા મા-બાપની ખેર નથી..... અને હા તારા જન્મ દિવસે તું પુખ્ત ઉંમરની થાય છે એ દિવસે હું તને ઉઠાવી જઈશ.....

કનવરે આપેલી ધમકીથી મેં કોઈને વાત કરી નહીં પણ પછી તાછા કનવરે ત્રીજા દિવસે મને બજારમાં પકડી.... હું તો ફફડી ઉઠી..... એણે એક કવર મારા હાથમાં આપ્યું અને કહ્યું કે આજ રાત્રે તું મારા ઘેર નહીં આવે તો આવા બીજા ફોટા કાઢીને હું તારા મા-બાપ, સખીઓ અને તારી સાસરીમાં મોકલાવીશ.....

એ કવરમાં મારી તદ્દન નગ્ન તસવીરો હતી જે તેના બેડરૂમમાં ગોઠવેલા ઓટોમેટીક કેમેરાથી પાડી હતી.... એ કેમેરા અને નેગેટીવ એની પાસે છે.... મને સીધેસીધી બ્લેકમેલ કરવામાં આવી હતી. મારે મજબૂરીથી કનવરની માગણી સંતોષવી પડી જેના કારણે મારી આ હાલત થઈ છે....

એસ.પી.ચૌધરી સાહેબે સૌપ્રથમ આ કનવરને પોલીસ ઈન્સ્પેક્ટર દ્વારા પકડી મંગાવ્યો અને તેની પાસેથી પ્રથમ તો કેમેરા અને નગ્ન તસવીરોની નેગેટીવ

મંગાવી લીધી..... તેને પ્રથમ તો સમજાવ્યો પણ તે નામકકર જતાં ચૌધરી સાહેબે તેના વિરૂધ્ધ સગીર બાળાનું જબરદસ્તીથી અપહરણ કરી ગેરકાયદે ગોંધી રાખી બળાત્કાર ગુજારીને તથા નગ્ન તસવીરો પાડીને યુવતીને બ્લેકમેલ કરવા બદલ ગુનો દાખલ કરી કાયમના માટે આ આફતને જેલના સળિયા પાછળ ધકેલી દીધો.

## ૭૩. પતિની નફરત અને દાઝનો ભોગ બનેલી પત્ની

ઉંચા ઉંચા વૃક્ષોની વચ્ચેથી પસાર થતા ડામર રોડ પર તેજ ગતિએ દોડતી બસમાં કન્ડકટરની સીટની બરાબર પાછળ બેઠેલા મનોજના દિમાગમાં બસથી પણ વધુ તેજ ગતિએ કલ્પના અને વિચારોના ઘોડા દોડી રહ્યા હતા....કે અચાનક એસ.ટી. બસને બ્રેક વાગતાં એક આંચકા સાથે ઊભી રહી ગઈ કે તુરત જ મનોજના વિચારો પણ થંભી ગયા.....તેની સીટની આગળ જ બસમાં ચડવાનો દરવાજો ખૂલ્યો અને એક સુંદર યુવતી બસમાં ચડી.... બસ આખી ચિક્કાર ભરેલી હતી.... દરવાજાની આગળ કન્ડક્ટર બેઠો હતો.... જો કે બસમાંથી કોઈ મુસાફર ઉતરનાર નહોતો.... કંડક્ટરે બેલ માર્યો અને બસ આગળ વધી....

મનોજના દિમાગમાં વિચારો ધમાચકડી મચાવવા લાગ્યા.... બસવાળા પણ ખરા છે..... પાછલા એક બસ સ્ટોપ પર એક વૃદ્ધ દંપતિએ બસ ઊભી રખાવવા ઘણા પ્રયત્નો કર્યા હોવા છતાં બસ ઉભી ન હોતી રાખી અને અહીં એક સુંદર યુવતીને બેસાડવા આપોઆપ બસ ઊભી પણ રાખી..... આવો ભેદભાવ શા માટે ? પણ એનું કારણ મનોજને થોડી ક્ષણો બાદ સમજાયું.... જ્યારે કંડક્ટરે આ યુવતીને પોતાની સીટ પર બેસવા આમંત્રણ આપ્યું..... યુવતીએ મધુર હાસ્ય સાથે કંડક્ટરની સામે જોયું અને સીટ પર બેસી ગઈ પછી થોડી સંકોચાઈને કંડક્ટરને પણ આ એક સાંકડી સીટમાં બેસાડ્યો....

આ બધું જોઈ રહેલા મનોજને દાઝ ચડી..... નાલાયક કંડક્ટર પણ ખરો છે.... એની આગળ નાનું બાળક લઈને મહામુસીબતે ભીડમાં ઉભી રહેલી પેલી ગામડાની મેલા કપડાં પહેરેલી સ્ત્રીને બેસાડતો નથી અને હજુ હમણાં જ આવીને ઉભી રહેલી સુંદર યુવતીને એણે ઉભા થઈને જગ્યા કરી આપી.....?

પોતાના જાત અનુમાનથી મનોજે માની લીધું કે આ સુંદર યુવતી અહીં-તહીં નોકરી કરવા આવતી હશે અને રોજ આ બસમાં આવ-જા કરતી હશે.... જુવાન હતી એટલે જ બસ આપોઆપ ઉભી રાખી હશે અને લાગે છે રોજ આ રીતે કંડક્ટરની સીટ પર કંડક્ટર સાથે જ બેસતી હશે.... ફેશનમાં સાડી પહેરી હતી.....મનોજની નજર આ યુવતી પર ફરતી રહી.... ગળામાં મંગળસૂત્ર પણ હતું.... પરણેલી લાગે છે..... અને છતાંય પરાયા પુરૂષની સોડમાં બેસતાં શરમાતી નથી... નિર્લજ્જ.... મારી પત્ની હોય તો આ રીતે એને છૂટથી ફરવા પણ ન દઉં....આવી રીતે પરપુરૂષના પરિચયમાં આવીને જ યુવતીઓ પોતાનું સર્વસ્વ લુંટાવતી હોય છે.... એના પતિ બિચારાને તો ખબર પણ નહીં હોય કે એની પત્ની આવી હશે.... પતિ સાથે હોય તો આવી યુવતીઓ પરપુરૂષના હાથનો પણ સ્પર્શ થાય તો ઉકળી ઉઠે છે..... પતિ પેલા પુરૂષની સાથે ક્યારેક જઘડો પણ કરી બેસે.... કોઈ અન્ય મુસાફર પોતાને અડશે તો અભડાઈ જવાશે એવી રીતે સંકોચાઈને આ યુવતી બસમાં ચડી હતી પણ આ કંડક્ટર એને એકદમ અડીને બેઠો છે..... ટિકિટ ફાડવાના બહાને કે ટીકીટ વેચાણ કરવાના બહાને એના હાથ..... હાથની કોણી યુવતીના નાજુક અંગો સાથે સ્પર્શે તો પણ પેલી નિર્લજ્જ યુવતી એને કશું કહેતી નથી.... કંડક્ટર જુવાન હતો.... આવી કેટલી યુવતીઓના શરીર સ્પર્શનો આનંદ માણ્યો હશે.....?

વિચારતાં-વિચારતાં મનોજને એની પત્ની યાદ આવી ગઈ..... આ સુંદર યુવતી જેવી દેખાતી હતી એની પત્ની મધુ.....

મનોજના લગ્ન મધુ સાથે હમણાં જ ચાર પાંચ મહિના પહેલાં થયાં હતાં.... પરણીને મધુને સાસરે લઈ આવ્યો ત્યારે મનોજ એની પાછળ પાગલ જેવો બની ગયો હતો.... મધુના કામણગારા રૂપે એને પાગલ બનાવી દીધો હતો... મધુને તેડવા માટે એના પિયરીયા આવ્યા ત્યારે મનોજ મધુને મોકલવા પણ તૈયાર નહોતો.... પણ સમાજના રિવાજ સામે એનું કશું ચાલ્યું નહીં.... લગ્ન સાથે આણું કરીને આવેલ મધુ સાસરીમાં કોઈ યુવાન સાથે હસે કે બોલે એ મનોજને પસંદ નહોતું અને એણે મધુને આ બાબતે સ્પષ્ટ જણાવી પણ દીધું હતું....

મનોજ જ્યાં નોકરી કરતો હતો એ જ નગરમાં મધુએ કોલેજ કરી હતી....કોલેજનું છેલ્લું વર્ષ બાકી હતું કે મધુના લગ્ન થઈ ગયા હતા. જો કે છોકરીઓની જાતને મર્યાદિત શિક્ષણ આપવું જોઈએ એવું માનતા મનોજે તેની પત્ની મધુને કોલેજનું છેલ્લુ વર્ષ ભણી લેવાની છૂટ આપી હતી.... સાસરીમાં હાથેકનો ઘુંઘટ તાણીને ફરતી મધુને કોલેજમાં પંજાબી ડ્રેસ પહેરીને જવાનું એટલે કોલેજમાં ભણવા માટે મધુને પિયરમાં જવા દીધી હતી.... મધુની કોલેજ અને મનોજની નોકરીનું સ્થળ વચ્ચે માત્ર એક જ કિલોમીટરનું અંતર હતું.... મનોજને એની સાસરીમાં પત્નીને મળવા જવા માટે તેડ્યો નહોતો એટલે કે સાસરીમાં જવાની પરવાનગી મળી નહોતી.... એટલે મધુને મળવા માટે ઘણી વખત મનોજ સીધો કોલેજ ઉપડી જતો..... જો કે મધુ આ મુલાકાતને સામાન્ય ગણતી.... એક બે વખત તો મનોજે મધુને પોતાની સાથે આવવા આગ્રહ કર્યો હતો. પણ પરણ્યા પછી આણું કર્યું નહિં હોવાથી મધુ સાસરીમાં આવવા ઈન્કાર કરતી.... પણ એનો ઈન્કાર મનોજ માટે અસામાન્ય લાગતો....

મધુની પરીક્ષા ચાલતી હતી.... પરીક્ષા પૂરી થઈ જાય કે બીજું આણું કરવાની તૈયારી પણ હતી..... મધુના મા-બાપ પણ તૈયાર હતા.... પણ મનોજ ઉતાવળો પડ્યો હતો.... કોણ જાણે કેમ પણ છેલ્લી મુલાકાતમાં મનોજ મધુ પર ગુસ્સે થઈ ગયો હતો....

પોતાની પત્ની પોતાનાથી વધારે ભણે એ મનોજ સાંખી શકે તેમ નહોતો.... વળી કોલેજ કરવા મોકલવા તૈયાર નહોતો.... પત્ની સુંદર હોય અને આ રીતે બસમાં અપ-ડાઉન કરે.....પરપુરૂષના પડખામાં જઈને બેસી જાય.... રોજના આવા ક્રમમાં પત્ની પરપુરૂષના સંસર્ગમાં આવે અને અનૈતિકતા સુધી પહોંચે એની પોતાને શી ખબર પડવાની હતી....?

ફરીથી એક આંચકો લાગ્યો..... અને બસ ઉભી રહી ગઈ..... મનોજને ઉતરવાનું હતું.... એ ઉભો થયો.... અહીં પેલી સુંદર યુવતી પણ ઉતરવા માટે ઊભી થઈ..... એ બસમાંથી ઉતરી કંડક્ટરે એને સાચવીને ઉતારી હતી.... નીચે ઉતરીને એ કંડક્ટર સામે જોઈને હસી.... બસ ઉપડી.... ખભે ઝોળો ભરાવી પેલી યુવતી આગળ વધી.... મનોજ પણ તેની પાછળ પાછળ ચાલ્યો.... થોડાંક ડગલાં ચાલ્યા હશે કે એક મારૂતિવાન આગળ ઉભી રહી ગઈ.... પેલી યુવતીએ મારૂતિવાનમાં જોયું.... ક્યાં જવું છે? ચાલો આવવું હોય તો... એટલું કહેતાં જ પેલી યુવતી વિના સંકોચે મારૂતિવાનમાં બેસી ગઈ.....

મનોજને એટલું તો લાગ્યું જ કે એ મારૂતિવાનવાળો યુવતીનો પતિ નહોતો.... અને છતાં મારૂતીવાનમાં જાણે એનો પતિ હોય એ રીતે બેસી ગઈ.... મનોજના દિમાગમાં આવી યુવતીઓ પ્રત્યે ભારે નફરત પેદા થઈ..... આવી યુવતીઓને તો કટકા નાંખવા જોઈએ એવી વૃતિ એના મગજમાં ઘર કરી ગઈ.....

ચાલતો ચાલતો મનોજ તેની પત્ની મધુને મળવા માટે કોલેજ આગળ ગયો.... પરીક્ષા ચાલતી હોવાથી કેટલાંક છોકરા છોકરીઓ ટોળે વળીને પ્રશ્નપત્ર સોલ્વ કરતાં હતા.... ઠઠ્ઠા મશ્કરી હસી-ખુશી સાથે છોકરા-છોકરી ળળી ળળીને વાતો કરતા હતા.... મનોજને આ પધ્ધતિ બિલકુલ પસંદ નહોતી.... જુવાન છોકરાઓ સાથે વળી જુવાન છોકરીઓએ શા માટે મિત્રતા બાંધવી જોઈએ.... આવી મિત્રતાને કારણે જ તો કેટલીક યુવતીઓના શિયળ લુંટાઈ છે.... ક્યારેક આપોઆપ જ સમર્પણ કરતી યુવતીઓ ગર્ભપાત કરાવવામાં નિષ્ફળ જતાં કુંવારી માતા બને છે અને ના છુટકે નવજાત શિશુને જીવતું કે મરેલું ઝાડી-ઝાંખરામાં ફેંકી દેવું પડે છે.... પણ પ્રથમથી જ આવી આઝાદીભોગવી ન હોય તો પાપ કરવું ન પડે....લગ્ન પહેલાં કોલેજીયન છોકરીઓ આવા કેટલાંય છોકરાઓ સાથે મિત્રતાના નામે આનંદ માણી ચૂકી હોય છે....શું મધુ પણ....?

બસ.... આ પ્રશ્નાર્થ મનોજના દિમાગમાં શંકાનો જન્મ કર્યો.... કોલેજ કેમ્પસમાં મધુની શોધમાં આમતેમ ફરતો હતો કે એની નજર એક વૃક્ષની પાછળ પડી.... ત્યાં બે છોકરા બે છોકરીઓ સાથે બેઠા હતા..... મનોજ એ તરફ ગયો તો....?

તેની પત્ની મધુ પંજાબી ડ્રેસમાં સજ્જ થઈને એ જ ટોળામાં બેઠેલી જોઈ.... પ્રથમ યુવતી બેઠી હતી તેની સાથે મધુ બેઠી હતી તેને એકદમ અડીને એક યુવાન બેઠો હતો અને પછી બીજો યુવાન..... ચારેય જણાં કંઈક પુષ્પકમાં શોધતા હતા અને ઠઠ્ઠા-મશ્કરી કરતા હતા કે અચાનક મધુની નજર મનોજ પર પડી અને ઝંખવાણી પડી ગઈ.... મનોજની આંખોમાં નફરત હતી..... મધુ ઉભી

થઈને એની પાસે ગઈ અને પૂછી બેઠી....

"કેમ અહીં આવ્યા..... આજે મારૂં છેલ્લું પ્રશ્નપત્ર છે....."

"એટલે જ તો આવ્યો છું..... તારે પેલાની બગલમાં બેસવાની શી જરૂર હતી?"

"એ તો અમે પ્રશ્નપત્રની તૈયારી કરતા હતા....."

"આમ ઠઠ્ઠા-મશ્કરી કરીને?"

"તે અમારા ક્લાસનો હોંશિયાર છોકરો છે અને અમને સમજાવતો હતો એમાં તમે તો...."

"થાડ" મધુનું વાક્ય પુરૂં થાય તે પહેલાં મનોજે તેના ગાલ પર થપ્પડ મારી દીધી..... અને બોલ્યો: "આ પરીક્ષા પુરી કરીને તારે મારી સાથે આવવાનું છે"

"પણ આ ડ્રેસમાં મારાથી ત્યાં ન અવાય?"

"થાડ" બીજી થપ્પડ બીજા ગાલ પર...."આ ડ્રેસમાં આ લોકોની સાથે ઠઠ્ઠા-મશ્કરી કરાય કેમ....? અને હું તારો ધણી થાઉં છું તો ય ના પાડે છે?" મનોજ સમસમી ગયો હતો.

મધુને આ અજાણ્યો યુવાન મારતો હોવાથી પેલા બે યુવાનો પણ ત્યાં આવ્યા પણ મધુએ એમને જણાવી દીધું કે આ મારા હસબન્ડ છે. અમારો મામલો છે ત્યારે પેલા યુવાનોએ ચાલતી પકડી અને આ બાજુ મનોજે મધુને મહાપરાણે બસમાં બેસાડી પોતાના ઘેર લઈ ગયો....

સાડી પહેરી ઘૂંઘટ તાણી સાસરીમાં જવાને બદલે પંજાબી ડ્રેસ પહેરી ઉઘાડે માથે જવામાં મધુ સંકોચ અનુભવતી હતી પણ પતિ મનોજની જીદ આગળ તેનું કશું ચાલ્યું નહીં.... મનોજના દિમાગમાં કંડક્ટરની સાથે બેઠેલી પેલી સુંદર અને કોલેજમાં પરાયા યુવાન સાથે અડીને બેઠેલી પોતાની પત્ની મધુ.... ઘુમરાયા કરતા હતાં.....

સાસરીમાં આવતાં જ મધુ શરમાઈ ગઈ.... ઘરમાં જેઠ બેઠા હતા એટલે ઉપરના માળે જઈ જેઠાણીની સાડી પહેરવા મધુ દાદરો ચડવા લાગી કે મનોજે એનો ચોટલો ઝાલીને પાછી ઉતારી મારવા લાગ્યો.... અને પછી દાદર ચડીને એણે દાદરનો દરવાજો બંધ કરી દીધો.... મધુને લઈને પહેલા માળે પહોંચ્યો અને તેના દિમાગમાં નફરત અને દાઝ સવાર થઈ ગયા....

મધુ એમ માનતી હતી કે પતિ મનોજ ઉપરના માળે લઈ જઈ તેને આલિંગનમાં લઈ લેશે અને પછી મધુને સુહાગરાતનું દ્રશ્ય યાદ આવતાં ગલગલિયાં થવા લાગ્યા.... પણ અહીં તો કંઈક વિચિત્ર બની રહ્યું હતું..... મનોજમાં ન જાણે શું ભૂત ભરાયું કે એણે મધુને ખાટલામાં હડસેલી પાડી દીધી.....

ધૂંઆ-પૂંઆ થઈ ગયેલા મનોજે એક બાટલી કાઢી જેમાંથી લીક્વીડ ઝેર એણે મધુને મહા પરાણે પીવડાવી દીધું.... ઝેરની વાસ આવતાંની સાથે જ મધુ પોતાની જાતને બચાવવા ધમપછાડા કર્યા.... બુમો પાડી પરંતુ મનોજે દાદરનો દરવાજો અને રૂમનો દરવાજો અંદરથી બંધ કરી દીધો હતો.....

ઝેર પી જવાથી ડચકાં ખાતી મધુનું ગળું દબાવીને મનોજે કોમળ કાકડી જેવી કાયા ધરાવતી મધુની હત્યા કરી નાંખી.

મનોજ ઘરની બહાર નીકળ્યો ત્યારે એના ચહેરા પર પરસેવો અને ઉચાટ જણાતાં હતા.... ઘરના લોકો મનોજને આમ એકલો જતો જોયો એટલે શંકાશીલ બનેલા મનોજના મોટાભાઈએ તેમની પત્નીને ઉપર જોઈ આવવા જણાવ્યું.... મનોજની ભાભીએ ઉપર જઈને જોયું અને ચીસ પાડી ઉઠી....

જે ખાટલામાં મનોજ અને મધુની સુહાગરાત માટે પોતે સજાવટ કરી હતી એ જ ખાટલામાં મોઢામાં ફીણ... અને ફાટેલી આંખે મધુનું શબ પડેલું જોયું હતું.....

## ૭૪. હ..રા..મ..નો હ..મે..લ...?!

"વણઝારા રે... તારી લખેણી છે... પોઠો.... સવારીમાં...." હા પહેલાંના જમાનામાં ફદિયા રળવા આવતા વણઝારાની પોઠોમાં લાખોનો માલ સમાતો.... વતનથી દૂર આવતા આ વણઝારા જાતિના લોકો દયાળુ પણ

ઘણા.... અને લોકોને ઉપયોગી કામ કરવામાં પણ એક્કા.... ગુજરાતમાં ઘણી જગ્યાએ પીવાના પાણી માટે વાવ પણ ખોદાવી પુણ્ય કમાતા.... વણઝારી વાવ ઘણે ઠેકાણે અત્યારે પણ સાબુત છે.... જો કે આ તો જૂના જમાનાની વાત થઈ..... અત્યારે તો આપણા ગુજરાતમાં આ વણઝારા જાતિ સ્થાઈ થઈ ગઈ છે.... જિલ્લાના છેવાડે આવેલા એક ગામડામાં પણ આ વણઝારા જ્ઞાતિનું કુટુંબ આવીને વસ્યું.

પરચુરણ ચીજ-વસ્તુનો વેપાર કરી કમાણી કરતા આ કુટુંબમાં બે જુવાન જોધ સુંદરીઓ પણ વેપાર કરવામાં મદદ કરતી.... છૂટક વેપાર કરતી આ બંને બહેનો ઘણે ભાગે સાથે જ નીકળતી.... અને આજુબાજુના ગામડાઓમાં ફરીને સાંજના સમયે પોતાના રહેઠાણ પર પરત આવતી.

આભૂષણોથી લદાયેલી આ યુવતીઓનું જોબનિયું ઊડીને આંખે વળગે..... મોટી રાધા અને નાની મીરા બંને આમ તો સરખી જ લાગતી. જુવાનજોધ રાધાની સગાઈ બચપણમાં જ થઈગઈ હતી પરંતુ એના લગ્ન થયા નહોતા.... ગામની ભાગોળે સ્થાયી થયેલા આ વણઝારા કુટુંબ પર ગામડાના જે કોળી યુવાન કાળિયાની નજર મંડાયેલી રહેતી... કાળિયો કોળી પરણેલો હોવા છતાં રાધાના છલકતા જોબનિયા પાછળ લલચાયો...

જો કે કાળિયો કોળી છોકરીઓ પટાવવામાં પાવરધો.... પણ આ તો વણઝારા.... એક-દમ હાથમાં નહિં આવે એ પણ જાણતો હતો..... એણે દાણા નાંખવાનું શરૂ કર્યુ... રાધાને એકલી પડતી જોઈને તુરત જ તે એની સાથે થઈજતો.... કેમ છે.... ક્યાં જવું છે..... ઓહો.... એમ? ચાલ હું તને છોડી જાઉં.... એવી એવી વાતો કરતો....

કાળિયા કોળીની વાતોમાં આવી ગયેલી રાધા વણઝારા પરિચયમાં આવવા લાગી. જો કે ભલી ભોળી લાગતી રાધાને સ્વપ્નમાં પણ વિચાર નહિ આવ્યો હોય કે મીઠું મીઠું બોલતા આ કોળીની બોલીમાં લાલચ સમાયેલી હશે....

પરિચય વધવા માંડ્યો.... કાળિયો રોજ રાધાને તેના ઈચ્છિત ઠેકાણા સુધી છોડી આવતો.... હવે તો રાધા ઘી વખત એકલી પણ નીકળી પડતી.... તો સાંજના પાછા વળતી વખતે પણ રાધાને લેવા માટે કાળિયો હાજર થઈ જતો....

સમય પસાર થવા લાગ્યો..... ધન્ય છે એ કાળિયાની ધીરજને..... એણે ક્યારેય રાધાને પોતાના બદઈરાદાની જાણ સુદ્ધાં થવા દીધી નહોતી....રાધાને હવે એનો સાથ ગમવા લાગ્યો.....કોઈક વખત વાટમાં આવતાં મોડો પડેલા કાળિયાની તે રાહ જોતી ઉભી રહેતી.....કાળિયો અચૂક આવતો..... ત્યારે રાધા હસી પડતી....એના મુખારવિંદ પર હાસ્ય અને હસતી રાધાના ગાલમાં પડતા ખંજન જોઈને કાળિયો ક્યારેક મજાક પણ કરી લેતો....

આકર્ષક અને દેખાવડો કાળિયો રાધાને મળવાનો એક પણ દિવસ ચૂકતો નહિં....તેણે જાણે કે રાધા પર જાદુ કરી લીધો હોય એમ રાધા પણ કાળિયાના સંગ વિના જતી નહીં. ધીરે ધીરે આ સંગ ગાઢ પરિચયમાં પરિણમ્યો....કાળિયાએ આખરે પ્રેમનો એકરાર કરી નાંખ્યો ત્યારે..... જો કે તેણે એવા સમયે ઘા કર્યો હતો કે એણે અનુમાન લગાવ્યું હતું કે આ એકરારનો રાધા ઈન્કાર નહિં કરી શકે....અને થયું પણ એવું જ.....

ધંધો કરવા નીકળેલી રાધા જ્યારે વાટ પર આવી ત્યારે કાળિયો તેની રાહ જોઈને જ ઉભો હતો.... એને જોઈને રાધાએ મીઠો છણકો કર્યો.....

“કેમ.....આજે આટલા બધા વહેલા.....? રોજ તો તમે મને રાહ જોવડાવતા અને આજે તમે રાહ જોઈને બેઠા છો? ઘેર કોઈ ધંધો બંધો છે કે નહિં ?” એમ કહીને રાધા હસી....ગાલમાં ખંજન પડ્યા....અને કાળિયાને કહેવાનો મોકો મળ્યો....

“તારા આ ગાલમાં પડતા ખંજન જોઈને હું ભાન ભૂલી જાઉં છું....દિવસમાં એક વખત તારો ચહેરો ના જોઉં તો હું બેચેન બની જાઉં છું. રાધા.... હવે હું તારા વિના રહી શકતો નથી.....” પાગલ પ્રેમી જેવી વાતોમાં રાધા ભરમાઈ ગઈ.... બોલી કશું નહિં પણ ચહેરાના ભાવ પરથી સ્વીકારની ભાવના જાણી ચૂકેલા કાળિયાએ રાધાનો હાથ લઈને ચૂમી લીધો.....અને તેના સ્પર્શથી રાધાના આખા શરીરે જાણે ઝણઝણાટી વ્યાપી ગઈ....આપોઆપ એ કાળિયાના આલિંગનમાં આવી ગઈ.... પછી....

ગાઢ પરિચય..... સંગ.... અને પ્રેમના એકરાર બાદ વધતાં જતો સંસર્ગ.... એકાંત મળતાં જ બંને એકબીજામાં ખોવાઈ જતા.....એકલતા....વેરાન વગડો..... બે જુવાન હૈયા.....ઘણું બધું બની જતું....રાધાને પણ હવે કાળિયા કોળીની સાથે ગાળવાની એકલતા ગમી.....ગમવા લાગી.... કાળિયા વિનાની એકલતા એને કોરી ખાવા લાગી.... ક્યારેક તો અગાઉથી નક્કી કરેલા સમય અને સ્થળે રાધા કાળિયાને બોલાવતી.... છુપા પ્રેમાલાપ કરતીરાધા પોતાના ઉદરમાં કાળિયા કોળીની નિશાનીને છુપી રાખી ન શકી.....એણે કાળિયાને વાત કરી....બસ ત્યારથી કાળિયો ધંધાનું બહાનું કાઢીને બહાર ગામ ઉપડી ગયો.....

સમય પસાર થવા લાગ્યો.... ત્રણ મહિના... ચાર મહિના.... કાળિયો ન દેખાયો.... રાધાને ચિંતા થવા લાગી.... હવે? હવે તો ગર્ભનો નાશ કરવાનો સમય પણ વિતી ગયો છે.... કાળમુખા કાળિયાને ગાળો દેતી રાધા એકાંતમાં પોતે કરેલી ભૂલ અંગે પસ્તાવા લાગી..... એના શરીરમાં થઈ રહેલા ફેરફારો....એના સ્વભાવમાં આવેલું પરિવર્તન અને અસામાન્ય ઉદર..... એની માની નજરમાં આવ્યું.....પૂછ્યું અને રાધાને સત્ય હકીકત કહી દેવી પડી.... હાય.... હાય.... કાળમુખી..... તેં કાળું મ્હોં કર્યુ..... હવે?.... નિકાલ પણ નહિ થાય.... તારે આ પાપને હવે જન્મ આપવો જ પડશે.... એ સિવાય છુટકો જ નથી.

જો કે અહીં આ એક જ વણઝારા કુંટુંબ રહેતું હતું. એટલે વણઝારા સમાજમાં જાણ થાય એ પહેલાં છૂપી રીતે જન્મ આપવો પડે તો..... સમાજમાં જાણ થાય એ પહેલાં છૂપી રીતે જન્મ આપવો પડે તો.... સમાજમાં આબરૂ ન જાય.... મોટી બહેનની આ અવસ્થા જોઈને મીરા ચેતી ગઈ.... એણે બહાર ફરવા જવાનું બંધ કરી દીધું અને રાધાની સાથે ઘેર જ રહેવા લાગી.....

રાધાને નવમો મહિનો બેસી ગયો હતો..... એને ઘરની બહાર જવા દેવાતી નહોતી.... મીરાને નજીકના શહેરમાં તપાસ કરવા મોકલી આપી..... અહીંથી દશેક કિલોમીટર દૂર આવેલા સરકારી દવાખાનામાં જઈને મીરા તપાસ કરી આવી..... રાધાને રાત્રે દર્દ ઉપડ્યું અને એને લઈને મીરા તથા તેની મા શહેરમાં ઉપડ્યા.... દવાખાને પહોંચ્યા દિકરીને સાસરીમાંથી પહેલી ડિલીવરી પર પિયર લાવ્યા છે. એવી વાત કરી અને દાખલ કરી દીધી દવાખાનામાં.....

નામ ઠામ અને ગામ જુદા લખાવ્યા..... એ રાત્રે રાધાએ બાર વાગ્યે રાજકુંવર જેવા બાળકને જન્મ આપ્યો.... દર્દ સહન કરતી રાધા સાથે એની મા અને નાની બહેન મીરા પણ હતી.... હવે આ કુંવરનું શું કરવું? ત્રણેય વાતચીત કરવા લાગી.... સાથે લઈ જવામાં જોખમ હતું.... સમાજમાં હરામના હમેલની કોઈ કિંમત નહોતી....પ્રસુતિ હોલમાં આ જ માત્ર એક બાળક હતું.... જીવતું રહેવા દેવામાં પણ જોખમ.... દિકરી કુંવારી હતી..... ભરજુવાનીમાં પગ લપસ્યો હતો.... કુંવારી માતા બની હતી.... રાધાની સગાઈ થઈ ગઈ હતી..... એના સાસરીવાળાને આની જાણ થશે તો લગ્ન ફોક કરશે....નાની મીરાંને પણ કોઈ પરણવા તૈયાર નહિ થાય.....

વહેલી સવારે ચાર પાંચ વાગ્યાના સુમારે તાજા જન્મેલા રાજકુંવરનું ગળું દબાવી ઠંડો કરી દીધો.... નિર્દયતાથી હત્યા કરી નાંખી.... અને ત્રણ ઓળા હોસ્પિટલમાંથી બહાર નીકળ્યા.... હોસ્પિટલની સામેના ખાડામાં કપડાંમાં વીંટાળેલી બાળકની લાશ મૂકી ત્રણેય ત્યાંથી રવાના થઈગયા....

પણ આ ત્રણેય ઓળાને જોઈ રહેલ એક વોચમેનને શંકા ગઈ.... ખાડામાં જઈને જોયું તો તાજું જન્મેલું બાળક.... પોલીસને જાણ કરી.... પોલીસે આ હરામના હમેલની લાશનું પોસ્ટ મોર્ટમ કરાવ્યું. હત્યાનો ગુનો દાખલ કર્યો... નિર્દયી માતાની શોધ આરંભી....

સરકારી દવાખાનામાં તપાસ કરી.... વણઝારા જાતિની ત્રણ મહિલાઓ રાત્રે આવેલ અને રાતોરાત જતી રહી હોવાની માહિતી મળી..... આખા વિસ્તારમાં વણઝારાના પડાવની શોધ આરંભી.....

આમ તો નવજાત શિશુ ત્યજી દેનાર નિષ્ઠુર માતાનો પત્તો ઘણે ભાગે મળતો નથી અને આવા કેસો જતે દહાડે અભરાઈ પર ચડાવી દેવામાં આવે છે..... પોતાનું પાપ છુપાવવા કુંવારી માતા બનેલી યુવતીઓ નાનકડા ફૂલને કાંતો બિનવારસી હાલતમાં છોડી દેતી હોય છે. આ નવજાત શિશુ માતાની બેદરકારીથી કાં તો મરી જાય છે. અથવા તો જંગલી જાનવરો તેનો કોળિયો કરી જાય છે. આમ છતાં કેટલીક નિષ્ઠુર કુંવારી માતા દ્વારા પોતાના હરામના હમેલનું રૂદન છુપાવવા ગળું દબાવી હંમેશાં ચૂપ કરી દઈ તેની લાશ દૂર ફેંકી આવતી હોય છે.

જેવા કેસો ભાગ્યે જ ઉકેલાતા હોય છે.

અહીં બનેલા કિસ્સામાં પોલીસના સદનસીબે મૃત હાલતમાં મળેલ બાળકને વણઝારા જેવી બાઈઓ છોડી ગઈ છે. એવી બાતમી મળતાં તપાસ અધિકારીએ તેમના ગુપ્તચરોને આજુબાજુના ગામડાઓમાં મોકલી આપ્યા અને આવા કોઈ વણઝારા રહેતા હોય અને કોઈ છોકરીને તાજેતરમાં ડીલીવરી થયેલી લાગતી હોય તેની માહિતી મેળવવા સુચના આપી.

આ કિમિયાંમાં તપાસ અધિકારી સફળ થયા અને બાતમી આધારે વણઝારા કુટુંબની રાધા તેની બહેન મીરા અને બંને બહેનોની માતાને પકડી લાવી પૂછપરછ કરતાં આખી પાપની કહાની કહી સંભળાવી ત્યારે સાંભળનાર અચરજ પામ્યાં હતાં.

## ૭૫. ...અને શાલિનીની ચીસ... માલગાડીની વ્હીસલના અવાજમાં... દબાઈ ગઈ...

મહીસાગરનોએ કિનારો... વિશાળ પટમાં નાનકડું ઝરણું વહેતું હતું.... ઉનાળા સમયમાં નદીનું પાણી ઝરણું બની જતું... ઉનાળાની બપોર.... ધોમ ધકતો તડકો... નદી કિનારે રેલવે બ્રીજના છાંયડામાં બે યુવાનો અને એક યુવતી બેઠા હતા.... પ્રથમ દ્રષ્ટિએ જ લાગતું કે યુવતી અને પેલા બે યુવાનો વચ્ચે નજીકનો કોઈ સંબંધ નહોતો.... છતાં ત્રણેય નજીક-એકદમ નજીક બેઠા હતા.... બે યુવાનોની વચ્ચે યુવતી બેઠી હતી... આશેર બાવીસ વર્ષની આ યુવતી સુંદર અને લજામણી... બે યુવાનો વચ્ચે સંકોચાતી જતી હતી... દૂર-દૂર સુધીનો વિસ્તાર નિર્જન હતો.... એવા સમયે..... ક્યારેક ક્યારેક બ્રીજ પરથી પસાર થતી માલગાડી,મુસાફર ટ્રેનના ખખડાટ ભર્યા અવાજથી અને વ્હીસલથી વાતાવરણ ગાજુ ઉઠતું અને પછી શાંતિ પથરાઈ જતી.... સૂનકાર ભાસતો હતો....

"રાજુભાઈ.... તમે તો મને નોકરી અપાવવા લઈ આવ્યા છો.... અને અહીં કેમ બેસી રહ્યા છો.... માલિનીને પણ સાથે લાવ્યા નથી... ખબર નહિં સાવિત્રીબેન એને ક્યાં લઈ ગયા હશે..."

"શાંત થા શાલિની.... તારી બેન સુરક્ષિત છે અને મારી વાઈફ સાથે છે.... આપણે ગયા તો હતા મેનેજર સાહેબને મળવા.... પણ એ મોડા આવવાના છે એટલે આપણે અહીં બેઠા છીએ.... જા....જગ્ગુ.... જરા આંટો મારી આવ.... અને માલિની - સાવિત્રી મળે તો અહીં લેતો આવ...." રાજુએ આંખનો ઈશારો કર્યો અને જગ્ગુ "તમે અહીં બેસો.... હું જઈ આવું" કહીને ત્યાંથી રવાના થઈ ગયો....

અહીંથી પાંચમા જંકશનથી થોડે દૂર ખડકીમાં મા-બાપ સાથે રહેતી શાલિની અને માલિની બંને બહેનો જુવાન થઈ ગઈ હતી.... પરંતુ આ બંનેને લાયક મૂરતિયા નહિ મળતા હજુ સુધી અપરણિત હતી. એટલામાં જાણે ભગવાનના દૂત બનીને આવ્યા હોય એમ રાજુ અને સાવિત્રી નામનો દંપતિ સાથે પરિચય થયો અને આ પતિ-પત્નીએ શાલિની-માલિનીને સારી નોકરી અપાવશે અને સારા મૂરતિયા સાથે લગ્ન કરી આપશે....

નોકરી અને સારા ઠેકાણા પડશે એવા અરમાન સાથે બંને દીકરીઓને આ રાજુ-સાવિત્રી સાથે મોકલી આપી.... પણ બંને પુત્રીઓના ગયા પછી ઘણો બધો સમય વિત્યો હોવા છતાં તેમના કોઈ સમાચાર નહિં મળતાં તેમને નોકરી મળી કે નહિં, મુરતિયો મળ્યો હશે કે નહિં એવી ચિંતા મા -બાપ કરતાં હશે.... એમને પોતાના ઠામ-ઠેકાણાંની જાણ કરવા ઉત્સુક શાલિની અને માલિનીને કોઈ તક મળી નહોતી.

શાંતિ રાખો.... મેનેજર સાહેબને તમે બંને પસંદ પડો અને તમારા લાયક નોકરી મળી જાય પછી તમે બંને ઘેર જઈને સારા સમાચાર તમારા મા-બાપને આપજો.... અહીં તમે નાહકની ચિંતા કરો છો....એવું કહીને આશ્વાસન આપતી સાવિત્રી ઉમેરતી : આ ઘર તમારૂં જ છે ને? આરામથી રહો.....

પરંતુ.... મીઠી મીઠી અને લોભામણી વાતો કરતા આ પતિ-પત્નીના મનમાં કેટલું બધું પાપ ભર્યુ હશે....? બંને બહેનોને નોકરી અપાવવાના બદલે કેવો ઉપયોગ કરશે....? તેમની સાથે કેવી નિચતા વાપરશે એની કલ્પના પણ તેમણે નહોતી કરી.... નોકરી માટે સાહેબને મળવાનું છે એમ કહીને એક સવારે બંને બહેનોને લઈને રાજુ અને તેની પત્ની સાવિત્રી નીકળ્યા ત્યારે રાજુનો મિત્ર જગ્ગુ પણ સાથે હતો. બપોરના સમયે સાવિત્રી માલિનીને લઈને ક્યાંક ગઈ હતી અને

શાલિનીને સાથે લઈને રાજુ-જગ્ગુ મહિસાગર કિનારે આવીને રેલવે બ્રીજ નીચે ઓથો લઈને બેઠા હતા. ત્યારે તપાસ કરવા જગ્ગુ રવાના થયો કે થોડી જ ક્ષણો બાદ....

નવયુવાન યુવતિના જોબનિયાને પામવા લલચાયેલા રાજુએ શાલિનીની શારિરીક છેડછાડ કરવા લાગ્યો.... તેનો ઈરાદો પામી ગયેલી શાલિનીએ પ્રતિકાર કર્યો.... પણ રાજુએ તેને લાચાર બનાવી દીધી.... અને....પીડા....વિરોધ.... અને કૌમાર્યનો ભંગ થતાં શાલિનીએ ચીસો પાડી પણ....

એજ વખતે બ્રીજ પરથી પસાર થતી માલગાડીના અને તેની વ્હીસલના અવાજમાં શાલિનીની ચીસો ક્યાંય સમાઈ ગઈ.... લોહીલુહાણ હાલતમાં તે કણસી રહી હતી કે જગ્ગુ આવી ચડ્યો.... રાજુએ એને પણ શાલિનીના શરીરને ભોગવવા ઈશારો કર્યો.... બબ્બે હવસ ભૂખ્યા શેતાનોના અત્યાચારનો ભોગ બનેલી નાજુક કાયાવાળી યુવતી અર્ધ બેભાન જેવી બની ગઈ.... આ નરાધમોનાં કુત્યોનો ભાંડો ફોડવા શાલિની પીડાથી કણસતી.... બબડતી હતી...

“ત...તમે... મને.... નોકરી અપાવવા લાવેલા....આવું ખોટું કામ કર્યુ છે.... હું મારા બાપાને બધું જ કહી દેવાની.... તમે ત્રણેય ઠગ છો...બદકામ કરવા લોકોની છોકરીઓની જીંદગી બગાડો છો....હું બધું જ મારા બાપને કહી દઈશ....”

પણ કમનસીબે શાલિની એનું બોલ્યું પાળી શકી નહીં....

થોડા દિવસો પછી પોલીસને રેલવે ગરનાળા નીચેથી કોઈ અજાણી યુવતીની અર્ધનગ્ન મળેલી લાશના વાલીવારસોની શોધખોળ ચાલી.... તપાસ દરમ્યાન પોલીસને એવી હકીકત મળી કે મરનાર યુવતી પર બળાત્કાર કરવામાં આવ્યો હતો અને પછી તેનું ગળું દબાવી હત્યા કરી નાંખવામાં આવી હતી.... પોલીસ માટે બે પ્રશ્નો હતા.... એક તો મરનાર યુવતી કોણ હતી? અને બીજો પ્રશ્ન હતો કે તેની હત્યા કરનારા કોણ હતા? પ્રથમ જો મરનારની ઓળખ થાય તો કદાચ અત્યારા સુધી પહોંચી શકાય.... એટલે રેલવે પોલીસે પ્રથમ મરનાર યુવતીના વાલીવારસોની શોધખોળ આરંભી હતી.

બીજી તરફ નોકરીની લાલચમાં અજાણ્યા દંપતિ સાથે પોતાની મોટી બહેન સાથે ચાલી નીકળેલી માલિનીએ હઠ પકડી “મારી બહેન ક્યાં ગઈ....” એની પાસે મને લઈ જાવ... મારે બહેન પાસે જવું છે.... તમે એનું શુ કર્યુ છે?” જેવા વિભિન્ન પ્રશ્નો સાથે રડતી માલિની હવે વધારે હેરાન કરશે એવા ડરથી રાજુ-જગ્ગુ અને સાવિત્રીએ ગંભીરતાથી વિચાર કરી નિર્ણય કર્યો અને....

“માલિની....? તારે તારી બહેનની પાસે જવું છે ને?” સુમિત્રાએ પ્રેમથી કહ્યું.- “ચાલ....તારી બહેનને નોકરી મળી ગઈ છે અને લીલાલહેર કરે છે....તું એને એક વખત જોઈ લે પછી જ તને સંતોષ થશે.”

ફટાફટ મોટી બહેનને મળવા આતુર માલિની તૈયાર થઈ ગઈ અને ચારેય જણા ઉપડ્યા અજાણ્યા સ્થળે....એક મોટી નહેર છે ત્યાં બેઠા... પછી રાજુ અને જગ્ગુએ માલિની પર બળાત્કાર ગુજાર્યો....માલિનીને થયું કે તેની બહેન શાલિનીની પણ આ લોકોએ આવીજ દશા કરી હશે એવું લાગતાં તેણે પણ-“હું મારા બાપુને તમારા આ ખોટા કામની જાણ કરીશ.... પણ પહેલાં મારી બહેન પાસે મને લઈ જાવ....” માલિનીએ તેની હઠ ચાલુ રાખી.

“તારે તારી બહેન પાસે જવું છે ? તો લે....” અને માલિનીનું ગળું દબાવી જીવતી નહેરના પાણીમાં ફેંકી દીધી...

આ ત્રિપુટી એમ માનીને ત્યાંથી પલાયન થઈ ગઈ પરંતુ પાપ છાપરે ચડીને પોકારે છે અને પાપનો ઘડો ભરાયા પછી ફૂટે છે એ વાત એ લોકો ભૂલી ગયા હતાં.

બળાત્કાર ગુજારી નહેરના પાણીમાં ફેંકી દીધેલી માલિની તણાતી....તણાતી....બચાવો....બચાવો....ની બુમો પાડતી હતી. ત્યારે નજીકના એક ગામના લોકોએ એને પાણીમાંથી બહાર કાઢી અને પી ગયેલું પાણી ઓકાવ્યું... છતાં પાણીમાં હવાતિયા મારવાથી થાકીને લોથપોથ થઈ ગયેલી માલિની બેશુધ્ધ બની ગઈ હતી....

અજાણી યુવતી....શરીર પરના કપડાં ફાટી ગયેલા.... અને બેશુધ્ધ બની ગયેલી યુવતીને નજીકના પોલીસ મથકના અધિકારીને જાણ કરીને સોંપી દીધી....

પોલીસ અધિકારીએ યુવતી ભાનમાં આવતાં પૂછપરછ કરી તો તેમને આશ્ચર્ય થયું.... પ્રથમ યુવતીના નામ-ઠામ જાણીને તેના મા-બાપને બોલાવ્યા.... પછી નહેરમાં કેમની પડી એવું પૂછતાં માલિની ધ્રૂસકે ધ્રૂસકે રડી પડી.

"સાહેબ... અમે તો નોકરીની આશાએ આવ્યા હતા....પણ"

"અમે એટલે? બીજું કોણ...?"

"મારી મોટી બહેન શાલિની....માલિની ધ્રૂસકે ધ્રૂસકે રડી પડી...."

"ખબર નહિં..... આ લોકોએ એનું શું કર્યુ એની મને કશી ખબર નથી....શાલિનીને ક્યાં છુપાવી છે એ હું જાણતી નથી....મેં મારી બહેન પાસે જવાની હઠ પકડી તો.... તો.... આ લોકોએ.... મને.... માલિની રડી પડી.... આગળ કશું બોલી ન શકી.... જો કે એની પર થયેલા અત્યાચારની હકીકત પોલીસ અધિકારીને જણાવી દીધી હતી."

પુત્રીના સમાચાર મળતાં જ માલિનીના માતા-પિતા દોડતા આવી પહોંચ્યાં. બીજી તરફ માલિનીની કેફિયત સાંભળ્યા બાદ પોલીસે સાવિત્રી,રાજુ અને જગ્ગુ ત્રણેય વિરૂધ્ધ અપહરણ, વિશ્વાસઘાત અને હત્યા કરવાની કોશિષનો ગુનોદાખલ કરી માલિનીના રહેણાંક નજીકના પોલીસ મથકે મોકલી આપ્યો.

મા-બાપને જોઈને બાઝી પડેલી માલિની ક્યાંય સુધી રડતી રહી.... તેની વાત સાંભળીને મા-બાપ પણ રડી ઉઠ્યાં....શાલિની ક્યાં હશે? એની ચિંતા કરવા લાગ્યાં.... માલિનીને હૈયાધારણ આપી ઘેર લઈ ગયા....પછી ગામના પોલીસ મથકે બોલાવતાં માલિનીએ શરૂથી અંત સુધીની હકીકત દોહરાવી.

પોલીસે છૂપા વેશે બાતમી મેળવી અને જગ્ગુ તથા રાજુ-સાવિત્રીને તેમના ઘેરથી પકડી લાવી પૂછપરછ હાથ ધરી ત્રણેયને પ્રથમ તો એવું લાગ્યું હતું કે તેમણે બંને બહેનોને મારી નાખી હતી.... પણ જ્યારે પોલીસ મથકે માલિનીને જીવતી જાગતી જોઈ ત્યારે ત્રણેયના હોશ ઊડી ગયા.... નક્કી માલિનીએ બધો ભાંડો ફોડી દીધો હશે.... ગભરાઈ જઈને એમણે પોતાના ગુનાઓની કબૂલાત કરી લીધી.

"શાલિની ક્યાં છે?" એવો પ્રશ્ન તપાસ અધિકારીએ પૂછતાં રાજુ અને જગ્ગુએ કબુલાત કરી કે-

"મહિસાગર નદીના કિનારે રેલવે બ્રીજ નીચે તેમણે શાલિની પર સામુહિક બળાત્કાર ગુજાર્યો હતો અને એ તેમના આ હિનકૃત્યનો પર્દાફાશ ન કરે એટલા માટે તેનો કાંટો કાઢી નાખવા માટે તેનું એ જ જગ્યાએ ગળું દબાવી હત્યા કરી નાખી હતી...."

પોતાની મોટી દીકરી આ દુનિયામાં નથી રહી એ જાણીને અને શાલિનીના મા-બાપ અને મોટી બહેન હવે આ દુનિયામાં નથી એવું જાણ્યા પછી માલિની હૈયાફાટ રૂદન કરી ઉઠી....

બે ભોળી-ભાલી સુંદર યુવતીઓની જીંદગી બગાડનાર અને એકની હીચકારી હત્યા કરનાર પતિ-પત્ની રાજુ-સાવિત્રી અને જગ્ગુ ત્રણેય જેલના સળિયા પાછળ ધકેલાઈ ગયા..... અને કરેલા કર્મોનું ફળ ભોગવી રહ્યા છે.

## ૭૯. ઓપરેશન ઈન્ડીઆસ મોસ્ટ વોન્ટેડ

મંગળવાર.... રાત્રિનો પ્રારંભ થઈ ચૂક્યો હતો.... નવેક વાગ્યા હતા... શહેરની એક સોસયટીમાં રહેતી નીતાબેન ઘરનું તમામ કામકાજ પતાવીને ટી.વી. સામે બેસી ગઈ....અને ઝી ટી.વી.ચાલુ કર્યુ.... થોડીક જાહેરાતો દર્શાવ્યા બાદ "ઈન્ડીઆસ મોસ્ટ વોન્ટેડ" સિરીયલનો પ્રારંભ થયો અને નીતાબેન વી.સી.આર.ની સ્વીચ ઓન કરી.

નીતાબેનના પતિ ધંધાદારી હોવાથી રાત્રે વહેલા મોડા આવતા જેથી એમને પણ ગુનેગારોની સિરીયલ જોવાનો રસ હતો એટલે રાત્રે આવીને આવી સિરીયલોનું ડબીંગ કરેલી કેસેટ ફરીથી જોઈ લેતા....

ઈન્ડીઆસ મોસ્ટ વોન્ટેડમાં મંગળવારે એક ખૂબસુરત યુવતીનો ફોટો બતાવ્યો અને એ કેવીરીતેના ગુના આચરે છે એનું નાટકીય રૂપાંતર બતાવ્યું....

આ ખુબસુરત યુવતી પોશ વિસ્તારમાં મોંઘોદાટ ફ્લેટ ભાડે રાખી.... પતિ-પત્ની બંને રહેતા. પોતે હાઈ સોસાયટીની યુવતી છે અને મોજશોખ કરતી

હોવાનો ભાવ ઉત્પન્ન કરતી.... આ ભાડાના ફ્લેટમાં બે-ત્રણ મહિના સુધી રહીને આજુબાજુના લોકો અને અડોશ-પડોશની યુવતીઓ....ગૃહિણીઓ સાથે પરિચય કેળવતી.... તેમની સાથે ઘરોબો કેળવીને હળીભળી જતી.... પોતે જીંદગીમાં એક્ટીવ છે....બ્યુટીપાર્લર ચલાવે છે... એવી એવી વાતોમાં લોકોને રસ જગાવ્યા બાદ જ્યારે એને લાગે કે હવે આ વિસ્તારના લોકો તેના તરફ આકર્ષાયા છે.... તેના પર વિશ્વાસ મુકતા થઈ ગયા છે....

ત્યારે નજીકના પડોશી ફ્લેટના માલિક પાસે જતી અને જણાવતી.... મારે જરૂરી કામે મારા ફ્લેટના દસ્તાવેજો જોઈએ છે પણ મારા પતિ બહાર ગયા છે અને દસ્તાવેજો મારા પતિ તિજોરીમાં મૂકીને લોક મારીને ગયા છે... એ દશ-પંદર દિવસ પછી આવવાના છે અને મારે તત્કાળ ફ્લેટના દસ્તાવેજો જોઈએ છે. એ નહિ લઈ જાઉં તો મને લાખો રૂપિયાની ખોટ જાય એમ છે. પ્લીઝ...તમારા ફ્લેટના દસ્તાવેજો હોય તો એક કલાક માટે જરા આપશો....! તરત જ પાછા લઈ આપી જાઉં છું....

પડોશીને ત્યાં ફ્લેટના દસ્તાવેજો માંગવા જતી ત્યારે બને એટલા ઓછા અને આકર્ષક કપડાં પહેરીને જતી... ફ્લેટના માલિક સાથે લળીલળીને વાતો કરે... હાથ પકડી તેને પાણી કરી દેતી.... અને ફ્લેટનો માલિક દસ્તાવેજો આપવા મજબૂર બની જતો.

આ ખૂબસુરત યુવતી દસ્તાવેજો લઈને કોઈ ફાઈનાન્સર પાસે જતી અને આર્થિક ભીડને પહોંચી વળવા ફ્લેટ વેચી દેવો છે એવી વાતો કરીને ફ્લેટની બજાર કિંમત લઈને દસ્તાવેજોની ડુપ્લીકેટ કોપી ફાઈનાન્સરને આપી દઈ પૈસા અને અસલ દસ્તાવેજો લઈ પરત આવતી.

જેનો દસ્તાવેજ લીધો હોય એને પરત આપી આવે અને ઘણી ઘણી આભારી બનીને તમે આવી મુશ્કેલીમાં કામ લાગ્યા એનો ઉપકાર જીંદગીમાં કદી ન ભૂલું એવું કહીને બહાર નીકળી જતી.... પછી એ સુંદરી ક્યારેય દેખાતી નહીં.... તેના ફ્લેટને તાળાં જ વાગેલા રહે... પણ જ્યારે પેલો રૂપિયા ધીરનાર ફાઈનાન્સર જેના દસ્તાવેજની ડુપ્લીકેટ કોપી એની પાસે હોય એ ફ્લેટનો કબજો લેવા આવે ત્યારે જ પેલા ફ્લેટવાળાને ખબર પડે કે એનો ફ્લેટ વેચાઈ ગયો છે.

આવી ઠગાઈ આ સુંદરીએ અનેક સ્થળોએ કરી હતી. હદ ઉપરાંતની ઠગાઈ કરનાર આ સુંદરીના ફોટા પોલીસ રેકર્ડમાં પણ હતા.... પરંતુ આ સુંદરી એક સ્થળેથી બીજા સ્થળે જાય ત્યારે પોતાનું નામ-ઠામ-અટક બદલી નાંખતી.... માથા ઓળવાની સ્ટાઈલ બદલી નાંખતી.... કોઈ જગ્યાએ સાડી પહેરતી તો બીજી જગ્યાએ કોલેજીયન યુવતીને પણ આંજી દે એવા ટૂંકા વસ્ત્રો પહેરતી.... જેવા વસ્ત્રો પહેરે એવો ઠાઠ પણ કરતી. ક્યારેક નંબરના મોટા ચશ્મા તો ક્યારેક વધુ ખૂબસુરત દેખાવવા ગોગલ્સ પહેરતી.....

આ બહુનામધારી અને બહુરૂપી ફોટો ઝી ટી.વી. પર ઈન્ડિઆસ મોસ્ટ વોન્ટેડમાં બતાવાયો અને નીતા ચમકી... ફોટામાં તો બોબકટ વાળ હતા.... કાનમાં ઝૂમ્મર હતા....કપાળ વચ્ચે મોટો ચાંલ્લો હતો.... તેમ છતાં પણ આ યુવતીને ક્યાંય જોઈ હોય એવું લાગ્યું...

નીતાએ સિરીયલ પૂરી થઈ પછી આ સુંદરીને ઓળખવા માટે રેકોર્ડ કરેલ કેસેટ બે-ત્રણ વખત જોઈ.... અને પછી તરત જ એના દિમાગમાં ચમકારો થયો.... આ તો છ મહિનાથી અહીં ભાડાના બંગલામાં તેના પતિ સાથે રહે છે જો કે એના ચહેરા પર નંબરના ચશ્મા પહેરે છે.... પણ કદાચ એ ચશ્મા બનાવટી પણ હોઈ શકે.... ચશ્મા વગર ટી.વી. પર બતાવેલ યુવતી અને આ બંનેના ચહેરા સરખા જ છે. નીતાએ એના પતિને વાત કરી.... બંને પતિ-પત્નીએ રેકોર્ડ કરેલી ઈન્ડિઆસ મોસ્ટ વોન્ટેડ સિરીયલ ફરી ફરીને જોઈ અને ખાતરી કરી લીધી કે આ શહેરમાં રહેવા આવેલી આ યુવતી ગુનેગાર જ છે એટલે એને પકડાવવી જ જોઈએ.... તેમણે તેમના અંગત પરિચિતોને આ વાત કરી અને પછી સ્થાનિક અખબારના મેનેજીંગ તંત્રીનો સંપર્ક સાધ્યો....

છેલ્લા દશેક માસથી આ શહેરમાં રહેવા આવેલ આ યુવતી સત્સંગી અને ધાર્મિક વૃત્તિવાળી છે.... બંગલો ભાડે લીધો છે.... તેની સાથે તેનો પતિ પણ છે. જીન્સ પેન્ટ,જર્શી, પહેરે છે. વહેલી પરોઢે ભક્તિ કરતી ત્યારે પડોશીઓ તેની ધાર્મિકતાથી અંજાઈ જતા.... પોતાને કોઈ બાળક નથી....એમ જણાવી પડોશીઓના બાળકોને ખૂબ રમાડતી.... સોસાયટીના બાળકો માટે મોંઘાભાવની ચોકલેટ લાવીને વહેંચતી બાળકોને રમાડવા માટે નાની ખુરશીઓ,રમકડાંનો ઢગલો

કરી રાખતી... ઘરડાં ડોશી પણ તેની પાસે સત્સંગ કરવા આવતી... તેની સાથે નીતા તથા અન્ય ગૃહિણીઓ પણ સંપર્કમાં આવી હતી.... એક કાર્યક્રમમાં તમામ બહેનપણીઓ સાથે ગઈ હતી ફોટા લેવડાવ્યા હતા.

પરંતુ આ કાર્યક્રમના ફોટા આ યુવતીએ ગૂમ કરી દીધા હતા અને મારા ભાઈને ત્યાં જોવા લઈ ગયા છે આજે આવશે કાલે આવશે એવા બહાના બતાવતી.... એ કારણે પણ આ યુવતી શંકાસ્પદ બની હતી....

શહેર જીલ્લાના અગ્રમી સ્થાનિક તંત્રીને આ શંકાસ્પદ યુવતી જ ઈન્ડીઆસ મોસ્ટ વોન્ટેડ હોવાની નીતા તથા તેના પતિ અને પડોશીઓએ વાત કરતાં ખાત્રી કરવા માટે તંત્રીએ જિલ્લાના પોલીસ વડા સાથે વાત કરી.... પોલીસ વડા તેમના અધિકારીઓને સાથે રાખી અખબારના તંત્રીની ચેમ્બરમાં આવ્યા.... તમામ વાતો હકીકતથી વાકેફ થયા અને રેકોર્ડ કરેલી કેસેટ જોઈ.... ફોટાની નેગેટીવ પણ જોઈ અને ત્યારબાદ આ યુવતીને ઝડપવા માટે એક્શન પ્લાન બનાવ્યો.... અધિકારીઓને એલર્ટ કરી દીધા. ઓચિંતો છાપો મારવાનો હતો અને અંધારામાં તીર ફેંકવાનું હતું....

રાત્રિના લગભગ સાડા દશેક વાગ્યે ચુનંદા અધિકારીઓ સાથે જિલ્લા પોલીસ વડા રવાના થયા.... આગળની ખાનગી ગાડીમાં નીતા, એનો પતિ તથા પરિચિતો હતા જેમણે બંગલો જોયો હતો એ વોન્ટેડ આરોપી મહિલા આ શહેરમાં જ હોવાની જેમણે ખાતરી આપી હતી....

લગભગ પોણા અગિયાર વાગે શહેરના મુખ્ય માર્ગો પર પોલીસની ગાડીઓ દોડવા લાગી. બતાવેલ બંગલાથી થોડે દૂર લાઈટો બંધ કરીને ગાડીઅલ થોભાવી દીધી અને ત્યાંથી જ  નીતાબેને બંગલો બતાવી દીધો.

સાદા ગણવેશમાં બંગલે આવી પહોંચેલા જિલ્લા પોલીસ વડાના એક્શન પ્લાન મુજબ પોલીસ માણસો બંગલાની ફરતે અંધારામાં ગોઠવાઈ ગયા... અજાણ્યા માણસો આવ્યાની જાણ થતાં જ આ યુવતીને ત્યાં બેસવા આવેલા પડોશીએ દરવાજો ખોલ્યો કે સીધા જ જિલ્લા પોલીસ વડા તેમના અધિકારીઓ સાથે બંગલામાં ઘૂસી ગયા....

સામે ટેબલ પાસે એક ચશ્માધારી યુવતીએ જીન્સ પેન્ટ અને જર્શી પહેરી હતી.... એના ચહેરા પર કોઈ જાતનો ગભરાટ નહોતો.... જતાંની સાથે જ પોતે પોલીસ અધિકારી છે અને ઈન્ડીઆસ મોસ્ટ વોન્ટેડ ગુનેગાર સુમિત્રા જૈનની પૂછપરછ માટે આવ્યા છીએ એવું સાંભળતા જ પડોશીઓ ત્યાંથી રવાના થઈ ગયા.... બંગલામાં માત્ર સુમિત્રા જૈન અને તેનો પતિ બંને અને પોલીસ અધિકારીઓ રહ્યા એટલે પૂછપરછ ચાલુ કરી... ત્યારે બહુ જ શાંતિથી અને નિડરતાથી પોતે સુમિત્રા જૈન નથી એવા જવાબો આપતી રહી.... પરંતુ પહેલી નજરે જ જિલ્લાના પોલીસ વડાએ ખાતરી કરી લીધી કે આ જ વોન્ટેડ ગુનેગાર સુમિત્રા જૈન છે. એટલે એમણે પણ એક પછી એક પ્રશ્નો પૂછવા માંડ્યાં.

"તમારૂં નામ શું....?"

"સંગીતા સોલંકી...."

"ઉંમર કેટલી....?"

"પાંત્રીસ વર્ષ...."

"કેટલું ભણ્યા છો ?"

"એસ.એસ.સી. પાસ...."

"કઈ સાલમાં પાસ કર્યુ ?"

અને આ પ્રશ્નના જવાબમાં સુમિત્રા જૈન જે જવાબ આપ્યો એની ગણતરી કરતાં પોલીસ વડા આશ્ચર્ય પામ્યા....

"તમે પાંત્રીસ વર્ષની ઉંમરના છો અને તમારી જન્મ તારીખ તથા એસ.એસ.સી. પાસ કર્યાના વર્ષની ગણતરી કરીએ તો તમે એસ.એસ.સી. પાસ આઠ વર્ષની ઉંમરમાં કર્યુ છે ?" પ્રશ્ન બાદ પોલીસ વડાએ ગુંચવાડાભર્યા પ્રશ્નો કર્યા...

"તમે મુંબઈ ક્યારે ગયા હતા.... ક્યાં રહેતા હતા...."

"મુંબઈ તો હું એક જ વખત ગઈ છું અને એ પણ ફરવા માટે....

આઠેક વર્ષ પહેલાં મારા મામાની સાથે....”

“તમારા મામાનું નામ શું ?”

“રમેશભાઈ પટેલ....”

“આ જવાબથી પોલીસ વડાને હસવું આવ્યુ. સંગીતા પોતે સોલંકી છે તેના મામા પટેલ....?”

“આ તમારી સાથે રહે છે એ તમારા પતિ છે ?”

“ના.... અમે મૈત્રી કરાર કર્યા છે.”

“એમનું નામ શું ?....”

“જયવીર સોલંકી....”

પણ સંગીતા આગળ બોલવા જાય એ પહેલાં તો જયવીરે તેને પૂછપરછ કરી રહેલા અધિકારીને જણાવી દીધું કે પોતે જયવીર જૈન છે...

બન્ને વચ્ચે જવાબમાં વિરોધાભાસ આવતાં પોલીસે ઉલટસુલટ પ્રશ્નો પૂછવા માંડ્યા ત્યારે દોઢ કલાક સુધી ઈન્કાર કરતી રહેલી સંગીતા સોલંકીએ આખરે પોતે સુમન જૈન હોવાની કબુલાત કરી લીધી.... એણે ચહેરા પરના ચશ્મા ઉતારી નાંખ્યા ત્યારે જ તેનું અસલી સ્વરૂપ પોલીસ સમક્ષ છતુ થયું.

સુમિત્રા જૈન પોતે કચ્છી છે. તેના લગ્ન જયવીર જૈન સાથે થયા હતા. છ વર્ષનો બાબો છે.... મુંબઈમાં ફ્લેટ કે બંગલાના માલિકની જાણ બહાર તેમની મિલકત બારોબાર વેચી મારીને અઢળક નાણાં કમાયા હતા અને અસંખ્ય ગુનાઓ તેની વિરૂધ્ધ નોંધાયા હતા પણ વારંવાર વેશ અને પહેરવેશ બદલતી સુમિત્રા જૈન પોલીસના દફતરમાં વોન્ટેડ હતી.... પોલીસથી છુપાવવા માટે તે તેના પતિ સાથે ગુજરાતના આ શહેરમાં આવી ચડી હતી અને અહીં પણ વેશ બદલીને એક સત્સંગી મહિલા બનીને રહેતી હતી....

પોલીસે ઈન્ડીઆસ મોસ્ટ વોન્ટેડ સુમિત્રા જૈનનું રાતોરાત કેફિયત નોંધી તેની ધરપકડ કરી અને મુંબઈ પોલીસને જાણ કરી દીધી હતી. શહેરની ગૃહિણી નીતાએ આ સુમિત્રા જૈનને ઓળખાવી એ બદલી પોલીસ વડાએ તેમને અભિનંદન પણ પાઠવ્યા.

## ૭૭. ફરીયાદ ન થઈ હોય તો પોલીસ ગુનેગારોને પકડી શકે કે નહીં....?

સમાજમાં શાંતિ જળવાઈ રહે.... એક જ દેશમાં એક જ રાજ્યમાં.... એક જ પ્રાંતમાં.... એક જ ગામમાં રહેતા વિભીન્ન ધર્મના લોકો પરસ્પર ભાઈચારાથી વર્તે અને એમના જાન-માલનું રક્ષણ થાય.... સમાજમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે એટલા માટે સરકારે એક અલગ પોલીસ તંત્ર ફાળવ્યું છે.... કાયદા બનાવ્યા છે પોલીસ કોન્સ્ટેબલથી માંડીને પોલીસ જમાદાર, પોલીસ ઓફિસર, પોલીસ વડા અને એમનાથી પણ ઉપલી કક્ષાના પોલીસ અધિકારીઓનાં કાર્યો ફરજો સોંપ્યા છે.... પોલીસની જવાબદારી અને કામગિરીમાં ગુનો બને તો ગુનેગારોને પકડવાનો, ગુનો શોધવાનો અને સાથે સાથે ગુનો બનતો અટકાવવાની પણ અગત્યની કામગિરી બની રહે છે....જિલ્લામાં, તાલુકામાં, અમૂક વિભાગમાં આવી કામગિરી ની દેખરેખ થઈ શકે એટલા માટે પોલીસ સ્ટેશનો, પોલીસ અધિકારીઓની કચેરીઓ બનાવવામાં આવી છે. જેથી કરીને બનેલા ગુના અંગે પોલીસને ફરિયાદ થઈ શકે અને ક્યારેક જાણ કરવામાં આવે તો ગુનો બનતો અટકાવવા કાર્યવાહી પણ થઈ શકે.....

પરંતુ અહીં રજુ કરેલા એક ચોંકાવનારા કિસ્સામાં એક પોલીસ સ્ટેશનના ઓફિસર જમાદારે આશ્ચર્ય જનક ભૂમિકા અદા કરીને પ્રશંસનીય કામગીરીનો યશ મેળવવામાં નિષ્ફળ જતાં બે જીંદગી, બે કુટુંબો, બે ધર્મના ભાઈચારામાં વિક્ષેપ પડ્યો છે. ગુનો અટકાવવાનું તો દૂર રહ્યું પણ બે પક્ષોની સમાધાનની ભૂમિકા અદા કરવામાં નિષ્ફળ ગયેલ પોલીસ કલંકરૂપી ભૂમિકા અદા કરતાં એક અનોખા કિસ્સાની વિગતો જોઈએ.

ખેડા જિલ્લાનું એક પોલીસ સ્ટેશન જિલ્લા પોલીસ વડાની કચેરીની માત્ર દક્ષિણે માત્ર દશ જ કિલોમીટર દૂર આવેલા આ પોલીસ સ્ટેશનનો પૂર્વ તરફ દરવાજો પડે છે... સામેથી રોડ પસાર થાય છે.... પી.એસ.ઓ.ના ટેબલ આગળ

લોખંડની જાળી છે.... બપોરના લગભગ ત્રણેક વાગે પોલીસ સ્ટેશનના દરવાજામાંથી એક રીક્ષા પ્રવેશી.....બપોરનો સમય હોવાથી પી.એસ.ઓની આંખો ઘેરાઈ રહી હતી... ખુરશી પર બેઠા બેઠા ઝોકાં ખાઈ રહેલા પી.એસ.ઓ. રીક્ષાનો અવાજ સાંભળીને એકદમ સફાળા જાગી ગયા.રીક્ષામાંથી બે યુવાનો નીચે ઉતર્યા અને પછી અંદર બેસાડેલ એક યુવક-યુવતીને પકડીને બહાર કાઢ્યા. બંનેને પકડીને પી.એસ.ઓ. તરફ દોરી લાવતાં પી.એસ.ઓ.ને લાગ્યું કે કોઈ મારામારીનો બનાવ હશે.

પણ.... યુવક-યુવતીને તેમની પાસે લાવ્યા બાદ તેમને લાવનાર બે પૈકીના એક સમજદાર લાગતાં યુવાને કહ્યું કે, "સાહેબ.... આ લોકોને તમારી કસ્ટડીમાં લઈ લો.... આ બંને જણા ઘેરથી ભાગી ગયા હતા.... અમો પકડી લાવ્યા છીએ....."

ધાર્યા કરતાં કંઈક જુદો કિસ્સો સાંભળતા પી.એસ.ઓ. ચમક્યા.... થોડા સ્વસ્થ થઈને પૂછ્યું.

"ક્યાંના છે.....? કયા ગામના છે....? ક્યારે ભાગી ગયા હતા.....? વગેરે પ્રશ્નોના જવાબમાં પેલા ભણેલા-ગણેલા સ્વસ્થ લાગતા યુવાને આખી હકીકત કહી સંભળાવી."

"સાહેબ... આ બંને યુવક-યુવતી અહીં નજીકમાં જ આવેલા ગામના છે. પાંચ જ કિલોમીટર દૂર છે.... બે દિવસ પહેલાં જ ભાગી ગયા હતા. છોકરો હિન્દુ છે અને છોકરી મુસલમાન છે.... વિધર્મી યુવક-યુવતી કંઈ અવળું પગલું ભરી દે તે પહેલાં અહીં લઈને આવ્યા છીએ.... તમે એમને તમારી કસ્ટડીમાં લઈ લો પછી તમારે એમનું જે કરવું હોય એ કરજો."

પોલીસ સ્ટેશને ઓફિસરે ટેબલ પર પડેલી સ્ટેશન ડાયરી ખોલી અને છેલ્લા ત્રણ-ચાર દિવસ સુધીની નોંધ જોઈ વળ્યા પણ આ યુવક-યુવતી ભાગી ગયાની ફરીયાદ કે ગૂમ થયાની જાહેરાત પણ નોંધાઈ નહોતી. એટલે સ્ટેશન ડાયરી બંધ કરીને જમાદારે પેલા યુવાન સામે થોડીક કડક આંખો કરીને કહ્યુઃ "જુઓ ભાઈ... આ અંગેની કોઈ ફરિયાદ અહીં નોંધાઈ નથી એટલે અમારાથી કશું થઈ શકે એમ નથી.... તમ તમારે આ બંને જણાને પાછા લઈ જાવ...."

"પણ.... સાહેબ આ બંનેને પાછા લઈ જવાય એમ નથી... આ લોકો ફરીથી ભાગી જશે તો ગામ આખામાં તોફાનો થશે... ગામમાં હાલ વાતાવરણ તંગ છે એટલે તો એમને અહીં લઈને આવ્યા છે.... એમ કરો.... તમે અમારી ફરીયાદ લો... અને આમને એરેસ્ટ કરો.... અમારા છોકરા તરફથી ફરીયાદ લો...."

"છોકરા-છોકરી ભાગી ગયા હોય તો અમારાથી છોકરા તરફથી ફરિયાદ લેવાય નહીં...." જમાદાર ઉવાચ.

"તો પછી તમે છોકરીના મા-બાપને બોલાવીને છોકરી એમને સોંપી છે.... છોકરીના મા-બાપ જો ફરિયાદ કરવા માંગતા હોય તો ફરિયાદ લઈને પણ બંનેને કસ્ટડીમાં પૂરી દો... પણ આ બંનેને અમો પાછા તો લઈ જ નહીં જઈએ...."

"ઠીક છે..... હમણાં બેસો....તમારા ગામનાબીટના જમાદારોને આવવા દો.... એ કહે એક કરો..."

છોકરી-છોકરાના ગામના બીટના જમાદાર લહેરી લાલ હતા.... કોઈ જાતનું ટેન્શન નહીં.... પૈસા આપો તો તમારૂં કામ થાય.... ન આપો તો તમને અંદર કરી દઈશ.... એવું ચોખ્ખુંને ચટ્ટ કહી દે એવા જમાદાર.... જેમના નામની આગળ અને પાછળ "જી" બોલવું પડે.... અને એવું બોલો એટલા આખા જિલ્લાના પોલીસવડા હોય એટલો બધો પાવર એમના ચહેરા પર, બોલવાની સ્ટાઈલ ઉપર અને આંખોમાં જણાઈ આવે. બપોરે આરામ ફરમાવ્યા પછી સાંજના લગભગ સાડા પાંચેક વાગ્યે ડોલતા ડોલતા આવ્યા.... તેમની સાથે તેમનું મદનિયું હોય એવો એમનો કોન્સ્ટેબલ પણ હતો.... આ જમાદાર ને પી.એસ.ઓ.એ હકીકત જણાવી.... કંઈક મળશે એવી લાલચે બીટ જમાદારે છોકરા-છોકરીઓની પૂછપરછ કરી.... જ્યારે એમને એવું લાગ્યું કે બંનેના મા-બાપ પાસેથી ફૂટી કોડી પણ મળે એમ નથી ત્યારે એમણે બંનેને પોલીસને ન શોભે એવી પ્રેરણા આપી.

"તમારે ખરેખર તો લગ્ન કરી લેવાં જોઈતાં હતાં અને અહીં પાછા

આવવાનું નહોતું.... તમ-તમારે ભાગી જાવ અહીંથી કોઈ તમને રોકવાનું નથી...."

પણ બે યુવાનોની હાજરીમાં બંને છોકરા-છોકરીઓ ભાગે કઈ રીતે? ખવીસ જેવા બંને યુવાનો છોકરા-છોકરીને એક ક્ષણ પણ નજર બહાર જવા દેતા નહોતા. આ બંને રક્ષક યુવાનોને પોલીસ સ્ટેશનેથી દૂર કરવાનું કામ કઠિન હતુ.... નામની આગળ-પાછળ"જી"વાળા જમાદારે દિમાગ લડાવ્યું. રાત પડે અને અંધારાનો લાભ ઉઠાવી છોકરા-છોકરીને ભાગી જવાનો મોકો મળે એવું કાવતરૂં રચ્યું.... પછી પેલા રક્ષક યુવાનોને ગેરમાર્ગે દોરવા જણાવ્યું કે, "આ તો સમસ્યા છે.... અમારા સાહેબને આવવા દો.... એ કહે એમ કરજો...."

પોલીસ સ્ટેશનના સાહેબ પણ જમાદારથી બે ઈંચ ચડે એવા.... ઉજ્જડ ગામમાં એરંડો પ્રધાન.... કોઈ પુછનાર નહીં..... આખો દિવસ આરામ ફરમાવીને આવ્યા મોડી રાત્રે અગિયાર વાગ્યે.... ફોજદાર સાહેબ આવ્યા એવું જાણીને પી.એસ.ઓ.એ ઉભા થઈને સલામ ભરી.... સાહેબ સીધા પોતાની ચેમ્બરમાં ઘૂસી ગયા. બીટ જમાદાર જી-અને-જીએ ચેમ્બરમાં જઈને સાહેબને બધી વાત કરી.

"બોલાવો એ બંનેને...." સાહેબ તાડુક્યા.... ચેમ્બરની બહાર છેક પી.એસ.ઓ. સુધી એ ગર્જના સંભળાઈ... ફફડી ગયા પોલીસ જમાદાર.... છોકરા-છોકરી પણ ગભરાઈ ગયા.... હવે આવી બન્યું... સાહેબ મારશે... પણ...!

જ્યારે એ બંને ભાગેડુ છોકરા-છોકરીને બીટ જમાદાર સાહેબની ચેમ્બરમાં લઈ ગયા ત્યારે સાથે આવેલા બે યુવાનો ચેમ્બરની બહાર કાન માંડીને ઉભા રહ્યા.... અંદર થતી વાતો સાંભળીને યુવાનોને પરસેવો વળીગયો..... સાહેબ છોકરીને પૂછીરહ્યા હતા....

"તારી ઉંમર કેટલી થઈ...?"

"વીસ વરસ....."

"આ છોકરાની સાથે તારે કેટલા વરસથી સંબંધ છે?"

"છેલ્લા પાંચ વરસથી....."

"આ છોકરો તને ભગાડી ગયો હતો....?"

"ના... સાહેબ... હું એને ભગાડી ગઈ હતી..."

"તારે તારા મા-બાપના ઘેર જવું છે ?"

"ના... મારા મા-બાપ તો મને મારી નાંખશે.... કાપી નાંખશે.... મોર તો આમની સાથે જ જવું છુ" છોકરીએ છોકરા તરફ ઈશારો કરીને પોતાનો નિર્ણય જણાવ્યો....

"વાહ...." સાહેબ હસી પડ્યા.... ધન્ય છે તને છોકરી.... તારા જેવો પ્રેમ મેં આજ સુધી જોયો નથી.... ભાગી જાવ.... તમને કોઈ કશું કરવાનું નથી.... તમને અહીં કેમ લાવ્યા.... કોણ લાવ્યા?

ત્યારે છોકરાએ કહ્યું કે મારો ભાઈ અમને પકડી લાવ્યા છે.... એ લોકો અહીંથી જાય તો જ અમે છટકી જઈએ.... નહીંતર અમે અલગ થઈ જઈશું તો આ વાત સાંભળી રહેલા છોકરાના કાકાએ ચેમ્બરમાં ઘૂસીને એ લોકો ભાગી જશે તો ગામ આખું ભડકે બળશે.... સામ સામે છે..... આ બંનેના સુખ ખાતર ગામને અશાંતિ સર્જાશે.... મહેરબાની કરીને.....

યુવાન આગળ બોલે તે પહેલાં જ સાહેબ તાડુક્યા....

"તમે બહાર બેસો..... તમને કોણે અંદર બોલાવ્યા...?"

અપમાનિત થઈને યુવાન નીકળી ગયો.... રાતના બાર વાગી ગયા હતા.... દશ-દશ કલાકથી સમાધાનનો માર્ગ નીકળી આવવાની આશાએ રાહ જોઈને બેઠેલા બંને યુવાનોને સાહેબે જણાવી દીધું....

"તમારે જવું હોય તો જાવ હવે.... છોકરા-છોકરી અહીં પોલીસ સ્ટેશનમાં રહેશે.... તમે હવે ચિંતા કરશો નહિં...."

સાહેબની વાત ઉપર વિશ્વાસ રાખી. દશ કલાકથી પોલીસ સ્ટેશનમાં ધોકી રહેલા યુવાનો રવાના થયા. અને અડધો જ કલાકમાં તેમને જાણ થઈ કે ત્રણ-ત્રણ દિવસની મહેનતથી હાથમાં આવેલા પ્રેમી પંખીડા પોલીસ સ્ટેશનેથી ફરીથી ઉડી ગયા છે.... જાણીને નિરાશ થઈ ગયેલા યુવાનોએ આ પ્રેમી-પંખીડાઓની શોધ આરંભી....

ભાગી ગયેલા છોકરા-છોકરી પોલીસ સ્ટેશનેથી ભાગી ગયાં છે એવી વાત જાણતાં છોકરીના પિતા રડી પડ્યા... આંગણે આવેલી દીકરી ફરીથી અદ્રશ્ય થઈ ગઈ.... એમણે જિલ્લાના પોલીસ વડા સમક્ષ ઘા નાંખી-"સાહેબ.... મારી દીકરીને અમારા ગામના બીટ જમાદારે ભગાડી મૂકી છે...."

પોલીસ વડાએ બીટ જમાદારને બોલાવીને ભાગેડુઓને પકડવા સૂચના આપી..... જાડી ચામડીના જમાદાર હવે પાવર વાપર્યો.... અને જે લોકો પ્રેમી પંખીડાઓને પકડી લાવ્યા હતા એ લોકોને જ દમ ભીડવવા લાગ્યા..... છોકરા-છોકરીને પકડી લાવો નહીંતર તમને અંદર કરી દઈશ...

આ તો કઈ જાતની પોલીસની કામગીરી ? ભાગેડુઓને પકડી લાવી પોલીસ સ્ટેશને હાજર કર્યા ત્યારે પોલીસ દશ દશ કલાક સુધી ધ્યાન ન આપ્યું.... અને પોલીસ સ્ટેશનેથી પોલીસની જ મદદથી પ્રેમીપંખીડા ફરી ભાગી ગયા ત્યારે હવે પોલીસ એમને શોધી લાવવા છોકરાના સગાંઓને ધમકી આપે?.... સમાધાનની ભૂમિકા અદા કરવાનું ચૂકી ગયેલા પોલીસ જમાદાર હવે કિન્નાખોરી પર ઉતરી ગયા.....?

શું કોઈ ગુનેગાર હત્યા કરીને ભાગ્યો હોય અને હત્યારાને પોલીસ મથકે હાજર કરવામાં આવે તો હત્યાની ફરીયાદ ન થઈ હોય તો શું પોલીસ કોઈ કાર્યવાહી ન કરી શકે? પોલીસ તંત્ર અને સમાજને માટે આ વિચાર કરવા જેવો છે.

## ૭૮. છત્રીસ કલાક જલતી રહેલી આરતીની જ્યોતને આખરે મોતની ઝાપટ વાગી

"નહીં.... મા.... અને ના સારો.... સાસુમા... તમે તો મારી મા જેવા છો.... સ્વામી.... તમે પણ.... મને બચાવો.... મને ના મારશો.... હું તમારા પગે પડું છું.... સ્વામી મને જીવવા દો.... હું મારા પિયર જતી રહીશ.... ફરી ક્યારેય નહીં આવું.... તમારે બીજી બૈરી લાવવી હોય તો લાવજો પણ.... ઓઈ મા.... મને કરંટ ના આપશો.... હું મરી જઈશ.... હું નથી ગમતી તો મને કાઢી મૂકો પણ.... મને કરંટના આપશો.... મને બહુ બીક લાગે છે... સ્વામી છોડી દો મને...."

"વહેલી પરોઢમાં એક ખોરડામાં ખાટલામાં ચત્તી પાટ પડેલી લાચાર અબળા કાકલૂદી કરી રહી હતી.... ત્રણ ખંડવાળા આ ખોરડામાં મા-દીકરા મળીને કૂળવધૂને વીજળીના છેડાથી કરંટ આપી રહ્યા હતા.... ગામના સીમાડામાં બનેલા નાના ફળિયામાં ચાર-પાંચ ઘર હતા.... પણ ત્યાં રહેતા ખેડૂતો પોતપોતાના ધંધે વળગી ગયા હતા.... બચાવો.... બચાવોની બૂમો પાડતી આ અબળાનો અવાજ સાંભળનાર કોઈ નહોતું..."

"મૂળ... રાંડ... તું જ્યાં સુધી જીવતી હશે ત્યાં સુધી મારો દીકરો બીજી બૈરી ક્યાંથી લાવવાનો છે.... કશું કામ તો તને આવડતું નથી. તારા બાપાએ... તારી માએ તને કશું શીખવાડ્યું નથી.... સાસરીયામાં કેવી રીતે રહેવાય.... તારો કાલમુખો ચહેરો લઈને જતી કેમ નથી રહેતી..."

"ના.... મા.... એને હવે જીવતી છોડવી નથી.... હવે તને પુરી જ કરી નાંખીએ નહીંતર પાછી આ આપણને પોલીસ કેસમાં ફસાવી દેશે...."

પતિ અને સાસુ બંને જણા કડવા વેણ બોલતા જાય અને વીજળીનો કરંટ આપતા જાય.... તેનાથી પીડા પામતી અબળા ચીસો પાડતી...."મારૂં આખુ શરીર કોકડાઈ જાય છે... હું મરી જઈશ... મને છોડી દો.... મારા પર દયા કરો... હું તમારી ગાય છું...."

દીકરીને ગાય દોરે જાય ત્યાં જાય.... દીકરી તોપારકી થાપણ કહેવાય.... બે વર્ષ પહેલાં વિદાય વેળાની એ વસમી ઘડીઓમાં આંસુડાં સારતીઆરતી મનમાં અનેક અરમાનો અને કોડ ભરીને પિયરથી વિદાય લીધી હતી....

આરતી જુવાન થતાં સમાજમાં સારો મુરતિયો શોધવા તેના પિતાના કાને જ્યારે દિપકની વાત પહોંચી ત્યારે બંને છોકરા-છોકરીઓની જોડી જામશે એવું લાગતાં વિવાહ નક્કી કર્યા હતા.... દિપક બારમું ધોરણ ભણ્યો છે અને સારૂં એવું કમાય છે એ વાતથી આરતીએ પણ પિતાની ઈચ્છાને સંમતિ આપી હતી. ધામધૂમથી લગ્ન કર્યા પછી આરતીએ જ્યારે પિયર છોડ્યું ત્યારે વારંવાર દિપકને

જોઈને મનમાં હરખાતી હતી.... વરરાજાના રૂપમાં દિપક રાજકુંવર જેવો શોભતો હતો.... પતિ સારો છે.... દિવસમાં એક ટંક જમવાનું મળશે તો ય ચાલશે પણ દિપક સાથે સુખેથી જીવન પસાર થશે...એવી કલ્પના કરતી આરતીને સાસરીમાં પતિગૃહે પગ મૂક્યો ત્યારે તેને જોઈને હરખઘેલા થયેલા સાસુમાએ તેને આલિંગનમાં લઈ લીધી હતી.

એ ક્ષણે પોતે અપ્સરા છે અને સ્વર્ગમાં વિહરી રહી છે એવી અનુભૂતિ આરતીને થઈ.... આટલું સરસ સાસરૂં શોધી આપનારને મનોમન આભાર માનવા લાગી પણ.....

થોડા દિવસો પસાર થયા..... નવી નવી વહુ હવે જુની થવા લાગી.... આરતીને મોડે મોડે ખબર પડી કે તેનો પતિ દિપક પાંચ ચોપડી ભણેલો છે અને પોતે આઠ ચોપડી ભણેલી છે.... દિપકની કમાણી કંઈ એટલી બધી સારી નહોતી.... કોઈકનો બગડેલો રીપેર કરી આપે અને પાંચ-પચ્ચીસ રૂપિયા રળી લાવે.... પણ કાંઈ રોજ આવું કામ મળે નહીં.... દિપક પરણવા માટે ખોટું બોલ્યો હતો.... પોતે બારમું ધોરણ ભણ્યો છે એવું કહીને સ્માર્ટ દેખાવાનો પ્રયત્ન કર્યો હતો.... પણ જ્યારે દિપકને ખબર પડી કે પોતે ખોટું બોલ્યો હતો એ વાત આરતીને જાણી ગઈ છે ત્યારે ઝંખવાણા પડવાને બદલે આરતી પ્રત્યેનું વર્તન તેણે બદલી નાંખ્યું..... જાણે કે આરતી તેને ગમતી નહોતી છતાં તેની સાથે લગ્ન કર્યા છે....

નાનપના પહાડ નીચે દબાતા જતા દિપકે આરતીને પોતાના રોફ તળે દબાવવા લાગ્યો.... પરણીને સાસરે આવેલી આરતી શરૂ શરૂમાં જ્ઞાતિના રિવાજ પ્રમાણે બે-ત્રણ આણાં ફરી પછી દીકરી તો સાસરે જ શોભે એવી વાતને અનુસરીને આરતીએ હવે પિયરની માયા છોડી દીધી અને સાસરી મારૂં સ્વર્ગ અને પતિ મારો પરમેશ્વર માનીને આરતીએ ઘરસંસાર માંડ્યો....ગાંડો ઘેલો તોય મારો પતિ પરમેશ્વર છે એવું માનનારી સ્ત્રીઓની હરોળમાં બેઠેલી આરતી દિપકને ખૂબ ચાહવા લાગી.

પરંતુ.... સુખેથી લગ્નજીવન પસાર કરી રહેલી આરતીને સુખ પછી દુઃખ અને દુઃખ પછી સુખ એ કુદરતનો ક્રમ પડી ગયો.... ઘર કામમાં ક્યાંય ભૂલ થઈ જાય તો સાસુ તાડુકી ઉઠતી... મૂંગે મોઢે સહન કર્યે જતી આરતીને વધુ દબડાવતી.... એટલું ઓછું હોય તેમ દિપક ઘેર આવતો ત્યારે તેને ચડાવતી.... આમેય દિપકને આરતી પ્રત્યે કોઈક અગમ્ય કારણોસર અણગમો પેદા થયો હતો એટલે પોતાનો અણગમો વ્યક્ત કરવા માટે દિપકને તેની માની ચાડી બહાનુ મળી જતું અને આરતીને ધીબી નાંખતો....

સુખી સંસારને જાણે કોઈકની નજર લાગી ગઈ.... આરતી હજુ માંડ વીસ વર્ષની થઈ હતી.... તેની સામે પહાડ જેટલી જીંદગી પડી હતી પણ બે વર્ષના લગ્નગાળામાં તો આરતી પર આખી જીંદગીનું ઝેર રેડાઈ ચૂક્યું હતું....

અસહ્ય ત્રાસને કારણે આરતીએ એક ભૂલ કરી નાખી.... રિસાઈને પિયર ચાલી આવી.... ખાનદાન ખોરડાની આબરૂ સાચવવા પિતાએ આરતીને શિખામણના બે બોલ કીધા.... આરતી બહુ સમજતી હતી.... ઘણાં દિવસો પિયરમાં રહી પછી તેનો પતિ દિપક તેને તેડવા આવ્યો....સ્કુટર લઈને તેડવા આવેલા દિપકને તેના સસરા અને સાસુએ ઠપકાના બે બોલ કીધા અને દિપકનો પારો આસમાને ચડી ગયો જો કે મનમાં સમસમી ગયેલા દિપકે ગુસ્સો બહાર આવવા દીધો નહીં અને યેનકેન પ્રકારે આરતીને સાસરીમાં લઈ જવા આવ્યો હોવાથી સ્વભાવ પર કાબુ રાખ્યો....

દિપકના સ્કુટર પાછળ બેઠેલી આરતી આંસુ સારતી આંખે જાણે છેલ્લી વિદાય લેતી હોય તેમ પિયરના પાદરને જોઈ રહી.... પુરપાટ દોડ્યે જતા સ્કુટર પાછળ બેઠેલી આરતીએ પડી જવાની બીકથી દિપકની કમરે હાથ ભેરાવ્યો.... સારૂ લાગ્યું.... જાણે સ્વર્ગમાં ઉડતી હોય... દિપકે પણ તેને ટોકી નહીં.... પતિગૃહે પધારેલી આરતીને બધું બદલાયેલું લાગ્યું... સાસુએ તેને આવકારી... કદાચ સાસુને જ્ઞાન લાધ્યું હશે... એવું હોય તો જીવન જીવવાની ઘણી મજા આવશે.... આરતી મનોમન હરખાઈ ઉઠી.

પણ જ્યારે થોડા દિવસો પછી પુનરાવર્તન થયું પતિ અને સાસુ પોતાના અસલ સ્વરૂપમાં આવ્યા ત્યારે પોતે પરત સાસરીમાં આવવાની ગંભીર ભૂલ કરી છે એનો તેને પસ્તાવો થવા લાગ્યો.... રાત પડી ગઈ છે.... કાલે સવારે ઉઠીને મારા પિયર ચાલી જઈશ પછી ક્યારેય નહિં આવું એવું નક્કી કરીને આરતી પોઢી

ગઈ.... અને બીજા દિવસે જ્યારે તેની આંખો ખૂલી ત્યારે.....?

ધરતીકંપ થયો હોય એવા આંચકાથી આરતીની આંખો ખૂલી ગઈ.... તે કશું સમજે કે વિચારે તે પહેલાં તેને બીજો આંચકો આવ્યો અને આરતીની ઉંઘમાં ઘેરાયેલી આંખો વિસ્ફારિત થઈ ગઈ. તેના ખાટલા પાસે ઉભેલા દિપકના હાથમાં ઈલેક્ટ્રીક વાયરો હતા.... તેણે બેઠા થવા જતી આરતીના પગે એ વાયરો અડકાડ્યા અને આરતીનું આખું શરીર ધ્રુજી ઉઠ્યું.... તેને ખ્યાલ આવી ગયો.... મોતના સામાન સાથે ઉભેલા દિપક અને સાસુની આંખોમાં ખૂન્નસ જોઈને ધ્રુજી ઉઠેલી આરતી કરગરવા લાગી....કાકલૂદી કરવા લાગી.... પણ નિર્દયી દિપકને સહેજેય દયા ન આવી.... કરંટ લાગતાં જ આરતી ફફડવા લાગતી....

"દિપક.... હવે આને જીવતી જલાવી દેવી પડશે.... ઉભો રહે.... હું કેરોસીન લાવું છું....."

"સ્વામી... મને જવા દો... મને ના મારશો... હું મારા પિયર જતી રહીશ..." આરતી કરગરી પણ જ્યારે સાસુએ લાવેલા કેરોસીનનું ડબલું આરતીના ઉઘાડા શરીર ઉપર રેડ્યું ત્યારે નિશ્ચિત અંત છે એવું જાણી ગયેલી આરતી "બચાવો-બચાવો"ની બૂમો પાડવા લાગી... પણ વગડામાં તેનો અવાજ કોઈ સાંભળનાર નહોતું.... ઘરના બારણા બંધ હતા.... દિપકે આરતી પર કેરોસીન રેડ્યું અને પછી દિવાસળી સળગાવી....

બચવા માટે તરફડિયા મારતી આરતીને કરંટ લાગવાથી તેની શક્તિ ક્ષીણ થઈ ગઈ હતી એટલે ઉભા થઈને પોતાનો બચાવ કરવા અસમર્થ બની ગઈ હતી.... ચીસો પાડવા લાગી.... અને પતિના હાથમાંથી છુટેલી સળગતી દિવાસળી તેના ઉપર પડી અને આરતી ભડભડ સળગવા લાગી.... તેની ચીસો સાંભળીને દિપક કે તેની મા ઉપર કોઈ અસર થઈ નહીં.... સળગતી આરતીને ઘરમાં છોડીને મા-દીકરો પાછલા બારણેથી રવાના થઈ ગયા.....

નસીબ જોગે આ ફળિયામાં રહેતા એક ગૃહસ્થ ઘેર આવ્યા હતા. એમણે આરતીની ચીસો સાંભળી અને દોડી આવ્યા.... ગોદડીથી આરતીને બુઝાવી.... આખા શરીરે દાઝી ગયેલી આરતીને હોસ્પિટલમાં દાખલ કરી.... બચવાની કોઈ આશા નહોતી.... ડૉક્ટરની વર્ધીથી પોલીસ આવી.... કાયદેસરની કાર્યવાહી આરંભી.... એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટે નિવેદન લીધું.... દીકરીની અંતિમ ઘડીએ મળવા આવેલા માતા-પિતા આરતીની હાલત જોઈને ધ્રુસકેને ધ્રુસકે રડી પડ્યા.... એ સિવાય તેમની પાસે કોઈ રસ્તો નહોતો... સાસુ અને પતિએ રાક્ષસ બનીને આરતીને કરંટ આપ્યો ત્યાર બાદ તેને જીવતી સળગાવી.... આ નિવેદન આરતીએ હોસ્પિટલના ડૉક્ટર, પોલીસ અધિકારી અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સમક્ષ આપ્યું....

અને.... છત્રીસ કલાક સુધી મોત સામે ઝઝુમ્યા બાદ આરતીની જીવન જ્યોત બુઝાઈ ગઈ.... કમકમાટી ભરી આ હત્યામાં ન્યાયની દેવીએ મા-દીકરાને જીંદગી આખી જેલની કાળકોટડીમાં મોકલી આપી સમાજમાં દાખલો બેસાડ્યો....

## ૭૯. ઘરજમાઈની લાશ..!?!

સમાન્ય રીતે રિવાજ એવો છે કે, વર-કન્યાની સગાઈ થાય, પછી તેમના કાયદેસરની વિધિ પ્રમાણે લગ્ન થાય અને પછી નવોઢા પોતાના પતિની સાથે સાસરીમાં કંકુ પગલાં કરે.... પતિગૃહે પધાર્યા પછી કન્યા સાસરી પક્ષ માટે વહુ બની જતી હોય છે અને ત્યારબાદ બાબુલનું ઘર ભૂલાવી દઈ પિયાનું ઘર વહાલું કરવું પડતું હોય છે.... આ એક સામાન્ય રિવાજ થઈ ગયો છે.... એમાં કેટલાંક અપવાદ ખરા....

પરણીને સાસરીમાં આવેલી નવોઢાને ગોઠતું ન હોય અને પતિ રાજી હોય તો બંને જણા ગામ છોડી અલગ રહેવા બીજા ગામે ચાલ્યા જાય.... અથવા તો જો કન્યાના પિતાજીની આર્થિક સ્થિતિ સદ્ધર હોય તો તેઓ દિકરી જમાઈને સુખેથી રહેવા માટે મકાન-કે-બંગલો ખરીદી આપે.... જો કે સસરા તરફથી મળેલી આ મિલકત ઉપભોગ કરનાર જમાઈએ થોડા માન-અપમાન સહન કરવા પડતા હોય છે.... સસરાની મહેરબાનીથી મેળવેલી નોકરી પણ ઉધાર હોય છે.... એવા સંજોગોમાં પતિ પોતાની પત્ની પર આધાર રાખતો હોય છે.... પત્ની કહે તેવા નાચ પતિએ કરવા પડતા હોય છે.... ત્યારે ઘરજમાઈ બનેલા પતિએ તો ઘણું બધું સહન કરવાનું આવે છે.... પત્નીના પિયરમાં કોઈ વારસદાર રહ્યો ન હોય... સસરાને અન્ય કોઈ સંતાન ન હોય અને સાસુ-સસરા માટે જમાઈ એ જ દિકરો

હોય અને જમાઈ ઘરજમાઈ બને ત્યારે એક માત્ર પત્નીનો જ નહીં બલ્કે સાસુ-સસરાના હુકમનો પણ ગુલામ બનવું પડે છે. ગામમાં ઘર ન હોય... સીમમાં ખેતર ન હોય.... આવકનું કોઈ સાધન ન હોય અને સ્વભાવમાં ખમીર કે સ્વમાન ન હોય એવા યુવાનો ઘરજમાઈ બનીને મફતિયું ખાવા, સસરાના પૈસે તાગડધિન્ના કરવા તૈયાર થઈ જતા હોય છે.... પણ જતે દહાડે આવા ઘરજમાઈએ પસ્તાવો કરવો પડે છે.... ઘરજમાઈ બન્યા કરતાં પોતાના વતનમાં મજૂરી કરી ટંકે રોટલો ખાવાની મજા માણી હોત તો સારૂં એવું જ્ઞાન બહું મોડેથી આવે છે કે જેનો અમલ કરવા માટેના તેની પાસે કોઈ ઉપાય બાકી રહ્યો હોતો નથી.... મોડે મોડેથી જાગેલા સ્વમાનને જાળવવા કાં તો તેણે સસરાનું ઘર છોડવું પડે કાં તો પોતાનો દેહ છોડવો પડે....

અહીં રજુ કરેલો કિસ્સો ઘરજમાઈનો છે.... તેના સસરા કંઈ એટલા બધા પૈસાદાર નહોતા પણ ગામના એક પટેલના ખેતરમાં કાચી માટીનું ઘર બનાવીને રહેતા હતા. અને ભાગમાં ખેતી કરતા હતા.... એમની દિકરી સમજુના લગ્ન છ વર્ષ પહેલાં બળવંત સાથે થયા હતાં. બળવંતના બે ભાઈ હતા. એક મોટો હતો અને બીજો નાનો હતો. કુટુંબ આખું ખેતી પર નભતું હતું.... બળવંત અને તેની પત્ની સમજુ પણ સંયુક્ત કુટુંબમાં રહેતા હતા. પરંતુ ચાર વર્ષના લગ્નગાળામાં બળવંત અને સમજુ ભાગ્યે જ સુખ માણી શકેલા.... તેની પાછળ એક એવું કારણ હતું કે, સમજુ પરણી ગઈ એટલે એના મા-બાપ એકલા પડી ગયા.... બાહ્ય દેખાવમાં પોતાના મા-બાપની એકલતાનું બહાનું બતાવીને તથા તેમના ખબર અંતર કાઢવા માટે સમજુ વારંવાર પિયર ચાલી જતી હતી.... અને જેટલા દિવસ તે સાસરીમાં રહી હશે એનાથી ત્રણ ગણા દિવસો તે પિયરમાં પસાર કરી આવતી.....

રૂડી રૂપાળી જોઈને સમજુ સાથે લગ્ન કરનાર બળવંત તો સમજુની વારંવાર પિયર જવાની આદતથી કંટાળી ગયો..... પસ્તાવો તો થયો હતો પણ સમજુ એના રગેરગમાં ઉતરી ગઈ હોવાથી એનાથી છૂટા પડવાનો તો વિચાર સુદ્ધાં કરી શકતો નહોતો.... સમજુના સાંનિધ્ય વગર તે રહી શકતો નહોતો.... આ બંને પતિ-પત્નીના પ્રશ્નનો એક જ ઉકેલ હતો અને એ ઉકેલ માનવા માટે બળવંતે નમતું જોખવું પડ્યું....

સમજું એના મા-બાપની એકની એક દિકરી હતી. એટલે સદાય મા-બાપની નજર સામે રહેવા સમજુએ બળવંતને સમજાવ્યો અને ચાર વર્ષમાં જે લગ્ન સુખ માણવામાં કમી રહી હતી તે પૂરી કરવા અને એથીયે વધુ સુખ આપવાની ખાતરી આપી. વહુ ઘેલો બનેલો બળવંત ઘરજમાઈ બનવા તૈયાર થયો અને લગ્નના પાંચમા વર્ષના પ્રારંભથી જ બળવંત ઘરજમાઈ બનીને સારસીમાં રહેવા લાગ્યો.... ઘરજમાઈ બન્યો એ જ વખતથી બળવંતનું ખમીર નષ્ટ થઈ ગયું.... પછી ચાલ્યા હુકમો છૂટવા.... પાલન કરવા માટેની બળવંતની ફરજ બની ગઈ હતી.... પરણીને સાસરીમાં આવેલી નવોઢાને જેમ શરૂઆતમાં સારાવાના કરી લીધા બાદ તેના પર ત્રાસ ગુજારાય તેવી જ હાલત બળવંતની થઈ.....

બે વરસ પસાર થઈ ગયા.... ઘરજમાઈ બનેલા બળવંતે આ બે વરસમાં ઘણું બધું જાણી લીધું..... તેની પત્ની સમજુ લગ્ન પછી તેના મા-બાપની ખબર જોવાના બહાને સાસરીમાં કેમ આવતી હતી....? સાસરીમાં રહેતી એના કરતાં પણ વધારે દિવસો પિયરમાં કેમ રહેતી હતી....? એની પાછળનો મૂળ ભેદ બળવંત જાણી ગયો હતો.... તેની પત્ની સમજુ બદચાલની હોવાનું જાણ્યા પછી બળવંતનું ખમીર જાગી ઉઠ્યું.... ચારિત્ર્યભ્રષ્ટ થયેલી સમજુને સીધા માર્ગે ચાલવા ઘણું સમજાવી.... સાસુ-સસરાની અનુપસ્થિતિમાં તે પોતાનું શૂરાતન બતાવતો.... ઘરજમાઈ બન્યા પછી સંસારસુખ તો ઘણું દૂર હતું પણ ઘરકંકાસ ચાલુ થયો.... સસરાની હાજરીમાં સમજુને કંઈ કહેવાતું નહોતું.... અને સમજુની આદત સહેવાતી નહોતી....

એક દિવસ....

બપોરના બારેક વાગ્યાનો સમય હતો.... જમીને પડખે થયેલો બળવંત પછી ક્યારેય બેઠો ન થયો.... બળવંતના મોઢામાંથી ફિણ નીકળવા લાગ્યું.... આંખો ફાટી ગઈ અને હંમેશને માટે બળવંત પોઢી ગયો.... પતિ સ્વધામ પહોંચી ગયો છે એવું જાણ્યા પછી ખેતરના દૂર છેડે ભેંસો ચારતા પિતાની પાસે દોડી ગયેલી સમજુએ માંડીને વાત કરી.... બળવંતનું ઝેર પીવાથી મોત થયું હતું....ઘરજમાઈની લાશ ઘરમાં પડી હતી.... આ વાત બહાર જાય નહીં એટલા

માટે સમજુ અને તેના પિતાએ યોજના ઘડી....

ઝેર પીવાથી મોતને ભેટેલા ઘરજમાઈની લાશ અંગે કોઈ જાણશે તો ખોટા ભરાઈ પડીશું.... પોલીસને જાણ કરીશું તો જેલમાં જવું પડશે..... બળવંતના ભાઈઓને ખબર પડશે તો પણ બળવંતના કમોત અંગે શંકાઓ કરીને સલવાઈ દેશે....

બાપ-દિકરીએ પાવડો-કોદાળી લીધી અને ખેતરના એક શેઢા પાસે પાણીના ઢાળિયામાં ઊંડો ખાડો કર્યો પછી જમાઈની લાશને સસરાએ અને પત્નીએ ભેગા થઈને ખાડામાં દાટી દીધી.... કઠણ કાળજાની સમજુની આંખમાંથી આંસુનું એક ટીપું પણ ન પડ્યું.... પોતાની હિનતા છુપાવવા બળવંતની લાશને દાટી તો દીધી પણ હવે....?

છ એક દિવસ પસાર થઈ ગયા.

બળવંતને સંદેશો આપવા માટે તેના મામા આવ્યા. તેમને રસ્તામાં બળવંતના સસરા મળ્યા તેમને પૂછ્યું :

"બળવંત ક્યાં છે?"

"એ ઘેર રહ્યા...." સીધો જવાબ મળતાં બળવંતના મામા પટેલના ખેતરમાં આવેલા ઘેર પહોંચ્યા.... ઘેર સમજુ એકલી હતી.... તેણે પાણી આપ્યું પાણી પીધા પછી સમજુને બળવંત વિશે પૂછ્યું તો સમજુએ વિચિત્ર જવાબ આપ્યો.

"એ તો ત્રણ દિવસથી તેમની બહેનને ત્યાં ગયા છે."

મામા વિચાર કરવા લાગ્યા.... બાપ કહે છે કે, બળવંત ઘેર છે અને દિકરી કહે છે કે બળવંત ત્રણ દિવસથી ઘેર નથી.... દાળમાં કંઈક કાળું લાગે છે. તેઓ પાછા ફર્યા તો ફરીથી તેમને બળવંતના સસરા મળ્યા.... તેમને પૂછ્યું તો બળવંતના સસરા કરગરી પડ્યા.

"અમને બચાવી લેજો.... જીવવાની બારી રાખજો.... તમારો ભાણેજ બળવંત તો છ દિવસ પહેલાં ગુજરી ગયા છે.... બપોરે બારેક વાગ્યે ઝેર પી જવાથી તેમનું મોત થયું છે અને તેમની લાશ અમે ઢાળિયામાં દાટી દીધી છે...."

શંકાસ્પદ રીતે મોતને ભેટેલા ઘરજમાઈની લાશ ચોરી છુપીથી જમીનમાં દાટી દીધાની વાત જાહેર થતાં જ બળવંતના કુટુંબીઓએ પોલીસ કેસ કર્યો અને પોલીસે એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની રૂબરૂમાં સમજુના પિતા દ્વારા ખાડો ખોદાવી બળવંતની લાશ બહાર કાઢાવી. સ્થળ પર ઈન્કવેસ્ટ પંચનામું કરીને પી.એમ. કરાવ્યું....

બળવંતના ભાઈની ફરિયાદને આધારે ગુનો દાખલ કરીને ઘરજમાઈનું ખાવામાં ઝેર આપી મોત નીપજાવવા, પુરાવાનો નાશ કરવા ષડ્યંત્ર રચી લાશને દાટી દેવા તથા પોલીસને જાણ નહીં કરવા બદલના ગુનામાં બાપ-દિકરી જેલના સળિયા પાછળ ધકેલાઈ ગયા.

## ૮૦. અપરાધી..અને.. મરણોન્મુખ નિવેદન

સરકારી વસાહતમાં ઓફિસરોના ક્વાર્ટસમાં આવેલ એક બંગલાની ડોર બેલ રણકી ઉઠી. એ બંગલો એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટનો હતો. જમી પરવારીને બેઠક રૂમમાં ટીવી જોઈ રહેલા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ શ્રી ચૌધરી ડોરબેલનો અવાજ સાંભળીને પ્રથમ તો એકદમ ચમક્યા....

રાત્રિના અગિયાર વાગ્યા હતા. અને આજનો દિવસ એમના માટે સળગી ગયેલા, ઝેર પીધેલા, કે કોઈના હુમલાનો ભોગ બનીને જીવનની અંતિમ ક્ષણો ગણતા દર્દીઓ સાથે એકાંતમાં પૂછપરછ કરવાનો હતો. જેમ કે આવા બનાવો ૨૪ કલાકમાં ગમે ત્યારે બની શકે છે એટલે અઠવાડિયાના અમુક દિવસો દરમિયાન દર્દીઓના નિવેદનો લેવાની ફરજ તેમની હતી. આજે પણ શ્રી ચૌધરીનો વારો હતો.

તેમણે ઉભા થઈને દરવાજો ખોલ્યો.... સામે એક પોલીસ જમાદાર ખાખી વર્દી પહેરીને ઊભા હતા. મામલતદાર સાહેબને જોતાં જ જમાદારે સલામ આપી.

"બોલો...." ચૌધરી સાહેબે સીધું જ પૂછ્યું....

"દર્દી ભાનમાં છે ?"

"જી.... સર.... ડૉક્ટર સાહેબે કહ્યું છે કે, દર્દી ભાનમાં અને ૭૬ ટકા જેટલી દાઝી ગઈ છે...."

"દાઝી ગઈ છે એટલે કોઈ બાઈ છે?"

"જી... સર... અને બચવાની કોઈ શક્યતા નથી...."

"લાવો મેસેજ...." અને ચૌધરી સાહેબ પરત બેઠક રૂમમાં આવ્યા....ટી.વી.ની સ્વીચ ઓફ કરી દીધી.... ટીવીના પડદા પર મધ્યમાં એક બિંદુ ઉપસી આવ્યું અને પલકવારમાં એ બિંદુ અદ્રશ્ય થઈ ગયું.... ટી.વી.ના પડદા પર અંધકાર છવાઈ ગયો.... ક્યાંય પેલી બાઈના જીવનમાં પણ આવો અંધકાર છવાઈ જાય.... તેનો જીવનદીપનું બિંદુ બુઝાઈ જાય તે પહેલાં તેનું નિવેદન લેવા માટે ચૌધરી સાહેબે ફટાફટ કપડાં પહેરી લીધા અને દશ જ મિનીટમાં તેઓ હોસ્પિટલ જવા રવાના થઈ ગયા.

અપરાધીને સજા અપાવવા માટે ડાઈંગ ડેકલેરેશન મહત્વનો પુરાવો ગણાય છે. કાયદો એવું માને છે કે, જીંદગીની અંતિમ ઘડીઓ ગણતી વ્યક્તિ કદાપિ ખોટું બોલતી નથી. એટલે એવી વ્યક્તિનું નિવેદન અદાલત પણ માન્ય રાખે છે....

હોસ્પિટલ જવા રવાના થયેલા મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ શ્રી ચૌધરી બદલાતા જતા જમાના વિશે વિચારતા થઈ ગયા હતા. અત્યારની આધુનિક દુનિયામાં સુખેથી સંસાર ભોગવતું કોઈ દંપતિ જોવા મળતું નથી. પ્રેમ... લાગણી... લજ્જા... સંકોચ... ત્યાગ... બધું જ હવે પુસ્તકોમાં અને ફિલ્મોમાં જ જોવા મળે છે.... જે કુદરતે આપ્યું છે એ પોતાના નસીબમાં હશે એવું માનીને સુખેથી ઘરસંસાર ભોગવતા કુટુંબો ક્યાં જોવા મળે છે.

સળગી જવાના, સળગાવી દેવાના, ઝેર ઘોળવાની, હત્યા કરવાના બનાવોમાં હવે તો ખાસ કરીને પતિ-પત્નીના ઝઘડા, પ્રેમ પ્રકરણ, આડા સંબંધો જ કારણભૂત બની રહ્યા છે. અત્યાર સુધી તેમણે જે આવા દર્દીઓના નિવેદનો લીધા છે એમાં મોટાભાગના કિસ્સામાં પ્રેમમાં નિષ્ફળ જતાં યુવક અથવા યુવતી આત્મહત્યા કરવા પ્રેરાય છે.... ક્યાંક લગ્નેતર સંબંધોને કારણે, પતિના આડા સંબંધોને કારણે પત્ની સળગી મરે છે.... પત્નીના આડા સંબંધો પતિના મોતનું કારણ બને છે તો ક્યારેક પત્નીના મોતનું કે તેની હત્યાનું કારણ બનતું હોય છે.... આડા સંબંધોનું અને અનૈતિક સુખ ભોગવવાનું આ દુષણ ક્યાં જઈને અટકશે....?

જીપગાડી એકદમ અટકી ગઈ.... હોસ્પિટલ આવી ગઈ હતી. એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ચૌધરી સાહેબ ગાડીમાંથી નીચે ઉતર્યા અને ઝડપથી હોસ્પિટલના પગથિયાં ચડી ગયા.... તેમની રાહ જોઈ રહેલા હોસ્પિટલના ઈન્ચાર્જ ડૉક્ટર બેર્ન્સ વોર્ડ તરફ દોરી ગયા અને એક રૂમમાં પથારી ઉપર સારવાર લઈ રહેલી મહિલા દર્દી તરફ ઈશારો કરી ડૉક્ટર બહાર નીકળી ગયા.....

ચૌધરી સાહેબ પથારી પાસેનું એક સ્ટુલ ખસેડી દર્દીના મુખ પાસે બેસી ગયા.... તેમણે જોયું કે દર્દી ગંભીર રીતે દાઝી ગયેલ છે.... તેના માથાના વાળ બળી ગયા હતા.... છાતી અને પેટના ભાગે તથા બંને હાથ બળી ગયા હતા....

ચૌધરી સાહેબે મરણોન્મુખ નિવેદન લેવાનું શરૂ કર્યુ.... નામ શું.... ગામ શું.... કેટલી ઉંમર....? કેટલા બાળકો છે? કોઈકે સળગાવી છે ?.... કે પછી જાતે સળગી છે ?.... કોઈના ત્રાસ કે દબાણથી સળગી છે?....

જીવનની આખરી ઘડીમાં પોતાનું નિવેદન આપતી મહિલાના તૂટક તૂટક નિવેદનથી ચૌધરી સાહેબ ચમક્યા.... જેવું ધાર્યુ હતું એવું જ નિવેદન હતું.

જંબુસર તાલુકાના એક ગામડામાંથી પરણીને નદીપાર કરી સાસરીમાં આવેલી ત્રીસ વર્ષની જમનાને દશ વર્ષ થઈ ગયા હતા. પિયર અને સાસરી વચ્ચે ઘણું લાંબુ અંતર હતું અને પિયરમાં જવાનું પણ તેને લાંબા અંતરે મળતું.... પિયરમાં કોઈ લગ્નપ્રસંગ હોય કે, રક્ષાબંધન જેવો તહેવાર હોય ત્યારે જમના નદીપાર આવેલા પિયરમાં જતી.... સુખ દુ:ખની વાતો ખૂટતી ત્યારે પાછી પિયરમાં આવતી. દશ વર્ષના લગ્નજીવન દરમિયાન જમના ત્રણ પુત્રોની મા બની હતી. સસરા ખેતી કરતા હતા. સાસુ-સસરા-પતિ અને બાળકો સાથે જમના રહેતી હતી.... પણ સાસુ-સસરાની ગેરહાજરીમાં પતિ તેના ઉપર વહેમાતો હતો.... જો

કે આવી બાબતોને શરૂ-શરૂમાં તે સામાન્ય ગણી ધ્યાન પર લેતી નહોતી.... અને આ વર્તનથી તેનો પતિ પરવત વધુને વધુ વહેમીલો બનતો હતો. એની જમનાને બહુ મોડે ખબર પડી હતી. પણ વહેમનું કોઈ ઓષડ નથી એ જમના જાણતી હતી.....

આ વહેમથી પીડાતા પરવતે જમનાને મારઝૂડ કરવાનું શરૂ કર્યું. જેને કારણે જમના રિસાઈને પિયર ચાલી ગઈ.... સવા વરસ સુધી રહી ત્યારે પોતાના દુઃખના ડુંગર મા-બાપ,ભાઈ-ભાભી, અને બહેન-બનેવી સમક્ષ ઠાલવ્યા હતા. જો કે ભગવાને ભેટમાં આપેલા ત્રણ પુત્રો જમનાની મુક્તિ માટે દીવાલ બન્યા હતા. બાળકો થયા છે હવે શું કરીએ એવા જવાબોથી હવે એ જ ઘર એ જ વર સાથે સંસાર ભોગવવો જ પડશે એવું માની બેઠેલી જમના આખરે પતિગૃહે પરત પધારી. શંકાને કારણે પરવત કડવા વેણ કાઢતો તો પણ કડવા ઘૂંટ ગળી જઈને જમના રહેવા લાગી. પણ એક દિવસ.....

સાંજનો એ સમય હતો. સાસુ ખેતરમાં ગયા હતા.... સસરા સગેવહાલે ગયા હતા. બાળકો ફળિયામાં રમતા હતા.... ઘરમાં જમના પરવત એકલા હતા. દરમિયાન જમના ઘરનું કોઈ કામ કરવા ઓસરીમાં આવી.... તેની નજર ઘર આગળથી પસાર થતાં માર્ગ પર પડી. તેને જોઈ રહેલા વહેમીલો પતિ પરવતની નજર સતેજ થઈ.... શહેરમાંથી આવી રહેલા પરવતના કુટુંબી કાકા દશરથને જોઈ રહેલી જમનાએ પૂછ્યું : " ક્યાં જઈ આવ્યા... ? શું લાવ્યા....?"

"કેળાં લાવ્યો છું.... ખાવા છે....?"

અને જમનાએ દશરથ પાસેથી એક કેળું લઈને ખાધું અને પરવતની ચાર આંખો થઈ.... "તેં દશરથ પાસેથી કેળું લઈને ખાધું જ કેમ....?" દશરથ સાથે તારે શું સંબંધ છે? અને આ વાતને લઈને પરવતની શંકા દ્રઢ બની. એ આખી રાત પરવતે જમનાને ખૂબ માર માર્યો.... માએ ઘણો સમજાવ્યો પણ પરવત ન માન્યો.

બીજા દિવસની સવારે પણ આ ઝઘડાએ વિકૃત સ્વરૂપ ધારણ કર્યું.... જમના પરવતના ત્રાસથી કંટાળી ગઈ.... હવે અસહ્ય બનતી આ યાતનાથી છુટવા એક જ માર્ગ રહ્યો હતો....

ઉશ્કેરાટ અને આવેશમાં આવી ગયેલી જમનાએ ભયંકર નિર્ણય લઈ લીધો અને ઘરમાં પડેલ ગેલનીયું ઉઠાવી બધું જ કેરોસીન શરીર પર છાંટી સળગી ઉઠી.... દેહ સળગતાં ઘરમાં ધમપછાડા કરતી જમનાને પરવત અને પરવતની મા ઝડપથી દોડી આવ્યા ઘરમાં અને ગોદડી ઓઢાડી જમનાને સળગતી બુઝાવી પણ જમના ગંભીર રીતે દાઝી ગઈ હતી.

સવારના નવેક વાગ્યા હતા. જમના સળગી ગઈ છે એવી વાત ફેલાતાં દશરથ પણ આવી ચડ્યો અને ખાટલામાં સુવાડી.... એક ડૉક્ટરની ગાડીમાં નાંખીને તેને દવાખાને પહોંચાડી દીધી....

જમનાનું મરણોન્મુખ નિવેદન લઈને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ચૌધરી સાહેબ પરત રવાના થઈ ગયા... એ રાત્રે.... ત્રણેક વાગ્યે જમનાએ આ જમાનાથી મુખ ફેરવી લીધું અને મોતની સોડ તાણી લીધી....

એક કેળું ખાવાની તકરારે એક જીંદગીનો ભોગ લઈ લીધો. બનાવની જાણ જમનાના પિયરમાં થઈ ત્યારે હાંફળા ફાંફળા દોડતા આવેલા પિયરીયાઓએ માત્ર જમનાની સળગી ગયેલી લાશ જ જોવા મળી.

જમનાએ તેના વહેમીલા પતિના ત્રાસથી કંટાળીને આત્મહત્યા કરી લીધી હોવાની ફરિયાદ જમનાના પિતાએ પોલીસ મથકે નોંધાવી.... જમનાની લાશનું પી.એમ. કરાવવામાં આવ્યું.....

ત્રીસ વર્ષની ત્રણ સંતાનોની માતા જમના વહેમીલા પતિના ત્રાસથી છૂટવા આત્મહત્યા કરી લેતાં તેના મરણોન્મુખ નિવેદને પતિ પરવતને અદાલતમાં આરોપીના પીંજરામાં ધકેલી દીધો અને ૭૬ ટકા દાઝી ગયેલી જમનાનું આઘાતથી મોત થયાના પોસ્ટમોર્ટમ રીપોર્ટ અને પતિના ત્રાસથી પતિની પ્રેરણાથી સળગી મરેલી જમનાના ડાઈંગ ડેકલેરેશન અદાલતે માન્ય રાખી પરવતને તેણે કરેલા કર્મનો બદલો વાળ્યો.... અને.... સખ્ત કેદની સજા ફટકારવાનો હુકમ કરી દીધો....

ત્રણ નાનાં બાળકોએ મા-બાપના શંકા-કુશંકાના ઝઘડામાં માને હંમેશને

માટે ગુમાવી દીધી અને પિતા જેલમાં ધકેલાઈ ગયા.....જ

## ૮૧. પ્રતિબંધિત વસ્તુઓ પ્રત્યે યુવાનો વધુ આકર્ષાય છે...?

આજની આધુનિક ફિલ્મોમાં આવતા અશ્લીલ દ્રશ્યો અને અશ્લીલ ચેનચાળાયુક્ત ગીતોનો મારો ચાલુ થયો છે અને આ કારણોને લઈને સર્વત્ર ઉહાપોહ જાગ્યો છે. એટલું જ નહિં પરંતુ આવા અશ્લીલ ગીતો અને અશ્લીલ દ્રશ્ય પ્રદર્શિત કરતી ફિલ્મોના પોસ્ટરો ફાડવાના કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા. છેક વિધાનસભા અને કેન્દ્ર સરકાર સુધી તે બાબતે જબ્બર વિરોધ ચાલ્યો અને સેન્સર બોર્ડના સત્તાધિકારીઓના માથે માછલાં ધોવાતા રહ્યાં છે.

જે રાજ્યમાં સત્તાધારી પક્ષ હોય તેના વિરોધપક્ષો આવા અશ્લીલ ગીતોના ફિલ્મોનો વિરોધ કરતા રહ્યા છે એટલું જ નહીં પરંતુ જે થિયેટરમાં એ ફિલ્મ ચાલતી હોય થીએટરમાં આ ફિલ્મો દર્શાવાતી હોય એના મેનેજર કે માલિકને ફિલ્મ શો બંધ કરાવવા માટે દબાણ પણ કરે છે. જો કે આ અંગે સેન્સર બોર્ડ સજાગ બન્યું છે એવા સમાચાર છે પરંતુ શું સેન્સર બોર્ડ આવી ફિલ્મોને બંધ કરી ફિલ્મોના પ્રોડ્યુસરોને રાતા પાણીએ રડાવશે? કે કોઈ વચલો માર્ગ કાઢશે?

જો કે ફલાણી કે ઢેંકણી ફિલ્મમાં આવા અશ્લીલ દ્રશ્યો અને ગીતો આવે છે એ તો પોતાની નરી આંખે જોયા વિના કેમ ખબર પડે ? અને એટલે જ અહીં એ કહેવું જરૂરી છે કે આવી ફિલ્મોનો વિરોધ કરનારાઓ એ ફિલ્મો તો જોઈ જ હોવી જોઈએ અને જોયા પછી જ તેમને લાગ્યું હશે અને તેમના દિમાગમાં એવું ઠસી ગયું હશે કે આ તો સાલું બધું બિભત્સ અને અશ્લીલ છે અને એવી ખાતરી થતાં આ ફિલ્મો પ્રદર્શિત કરવા સામે વિરોધ મોરચામાં જોડાયા હશે.

સમાજમાં આડઅસર ઉભી કરે તેવી ફિલ્મો બંધ કરાવવામાં ઘણા બધા અગ્રણીઓ અને સામાજીક કાર્યકરો આગળ આવ્યા છે. એવું સમીકરણ સાબિત કરવા કે અશ્લીલ ફિલ્મો જોઈને આજના યુવાનો અસામાજિક કૃત્ય કરવા પ્રેરાઈ છે ફિલ્મોમાં બળાત્કાર, અશ્લીલ ચેનચાળા, દ્વિઅર્થી સંવાદો, ખૂન ખરાબા જેવાં દ્રશ્યો જોઈને યુવાનો પોતાની હવસ સંતોષવા માટે યુવતીઓ પર બળાત્કાર ગુજારે છે. રસ્તે જતી એકલદોકલ રાહદારી યુવતીઓની શારિરીક છેડછાડ કરે છે એવું આ વિરોધીઓનું માનવું છે.

મનોરંજન માટે બનતી ફિલ્મો માત્ર મનોરંજન જ પિરસતી હોય. પણ બદલાતા જમાનાની સાથે સાથે બધું જ બદલાતું રહે છે અને મનોરંજનના વિષયો પણ બદલાતા જ રહે છે. પહેલાંના જમાનામાં ભવાઈ, નાટકો, રામલીલા ભજવવામાં આવતા હતા અને એનાથી લોકો મનોરંજન મેળવતા હતા જ્યારે એથી આગળ વધીને ફિલ્મો બનવા લાગી ત્યારે પડદા પર કચકડાની પટ્ટીથી હાલતા ચાલતા ચિત્રો જોવા, ત્યારબાદ ગીત-સંગીત, સિન-સિનેરી લોકોને જોવાના ગમવા માંડ્યા. ફિલ્મોની સ્ટોરી બદલાતી રહી.

પણ એક જ થિએટરમાં બેઠેલા પ્રેક્ષકો એક જ ફિલ્મ જોતા હોય છે પણ ફિલ્મમાંથી અમુક જ પસંદગીના તત્વો જ આપણા જીવનમાં ઉતારાય છે અને જે તત્વો ગ્રહણ કરવાના છે તે સમાજને વિમુખ નથી હોતા પરંતુ લોકો તેમાંથી પોતાને લાયક-નાલાયક તત્વો ગ્રહણ કરે તેથી શું? એને માટે કોણ જવાબદાર ?

એમ તો થોડાં વર્ષો પહેલાં કેટલીક હિન્દી ફિલ્મો એવી આવી હતી જેમાં અશ્લીલ દ્રશ્યો હદ વટાવી જાય તેવા હતાં પરંતુ એવી ફિલ્મોની ગણના આર્ટ ફિલ્મોમાં થઈ.

કહેવાનો મતલબ તો એટલો જ કે આવો ઉહાપોહ શાને? અશ્લીલ ફિલ્મો જોઈને યુવાનો બગડે છે એવું માનતા આ અગ્રણીઓ, રાજકારણીઓ, કાર્યકરોને એટલો તો ખ્યાલ હશે જ કે જે ચીજ પર પ્રતિબંધ મૂકવામાં આવે છે તેના પ્રત્યે લોકોને વધારે આકર્ષણ થાય છે. મનમાં કૂતુહલ જાગશે કે શું હશે? એ આ કૂતુહલ સંતોષવા માટે યુનકેન પ્રકારેણ તે વસ્તુનો અનુભવ કરવા કોશિષ કરશે જ.

ગુજરાતમાં દારૂબંધી છે અને નશો કરવાના આ પ્રતિબંધથી લોકો આકર્શિત થાય છે. કોઈપણ ભોગે દારૂ પીવો એટલે પીવો જ, અને દારૂ મેળવવા

માટે રખડપટ્ટી થશે, દારૂ વેચનારો ગરજાઉં ગ્રાહકની પાસેથી દારૂનો ઊંચો ભાવ વસુલ કરશે, દારૂબંધીનો ભંગ કરવા બદલ કાયદો અને વ્યવસ્થા જાળવનાર પોલીસતંત્ર દારૂ પીનારને પકડશે, દારૂ પીધેલ ઈસમ કાયદાની ચુંગલમાંથી છટકી જવા માટે પોલીસને માગ્યા પ્રમાણેની રકમ આપશે, એટલે પોલીસ તેને છોડી મૂકશે. પણ છોડતાં પહેલાં દારૂ ક્યાં મળે છે એ જગ્યા જાણી લેશે, ત્યારબાદ દારૂનું ખાનગી રાહે વેચાણ સ્થળે પોલીસ દરોડો પાડશે અને મોટાં મોટાં પગલાં ભરાશે એવી ધાક બેસાડતાં દારૂ વેચનારો કરગરે અને પોલીસને તેની વિરૂધ્ધ કાર્યવાહી ન કરવા માટે ખુશ કરી દેશે પછી જ્યાં સુધી પોલીસના મનને સંતોષ ન થાય એટલી હપ્તાની રકમ આપવા માટે કબુલ થાય ત્યારે ઠેઠથી નીચે સુધી ભરણ બંધાય છે.

જોયું....? ગુજરાતમાં દારૂબંધી છે અને છતાં પણ ભરપૂર દારૂ પીવાય છે. અને લાંચ લેવાય છે, ભ્રષ્ટાચાર ફેલાય છે, હપ્તા ઉઘરાવાય છે, હરીફ જાગે તો ખૂન-ખરાબા પણ થાય છે. બધું જ થાય છે અને છતાં નશા પર પ્રતિબંધ છે.

જો યુવાધન માત્ર ફિલ્મોની આડઅસરથી જ વેડફાતું હોય તો એ કહેવું જરૂરી છે કે અમુક સામાજીક પ્રસંગો પર આધારિત ફિલ્મોમાંથી યુવાનો સારા સંસ્કારો કેમ ગ્રહણ કરતા નથી ? કયો યુવાન સવાર સાંજ વડીલોને પગે લાગે છે ? એ તો ઠીક પણ શિષ્ટાચારથી વર્તે તોય ઘણું છે.

ફિલ્મોમાં દ્વિઅર્થી, અશ્લીલતા જોઈને સંતોષ માનતા યુવાનોની આવી પ્રતિબંધિતતાથી અસંતોષ ફેલાશે અને પરિણામે વાસ્તવિક જીવનમાં તેઓ અશ્લીલ દ્રશ્યો જોઈ સંતોષ માનશે એટલું જ નહિં પણ ખાનગી રીતે ચોરી છૂપીથી બ્લ્યુ ફિલ્મો જોઈ આવશે તો ?

છેલ્લા કેટલાંક સમયથી બળાત્કાર સગીર વયની યુવતીને પ્રેમજાળમાં ફસાવી ભગાડી જઈ અનૈતિક સંબંધો બાંધવાના, સગા બાપ દ્વારા દીકરી સાથે હવસ-લીલાના, પડોશી મહિલા સાથેની આંખ મિચૌલીના, પસંદગીના પાત્ર સાથે આડા સંબંધોના બનાવો એકદમ વધવા પામ્યા છે પરંતુ આ બધા માટે જવાબદાર કોણ... ?

સગીર યુવતી ભણવા જાય અને પોતાના ઘર પડોશી યુવાન કે સહપાઠી સાથે પ્રેમસંબંધ બાંધે અને પ્રેમની તીવ્રતાથી પ્રેરાઈને પોતાના પ્રેમી સાથે અજાણતાં કે જાણીને પણ શરીર સંબંધ બાંધે અને તેનાથી વિપરીત પરિણામ આવે અને ન કરે નારાયણ ને ગર્ભવતી બને તો એના માટે કોણ જવાબદાર ? આ બધા જ પરિબળોનો વિચાર કરીએ તો પણ સંસ્કારને જવાબદાર ન જ ગણાય કેમ કે મા-બાપ તો પોતાના સંતાનોને સંસ્કાર સિંચવામાં કશું બાકી રાખતા નથી. વળી મા-બાપ પોતે અસંસ્કારી હોય છતાં પણ સમાજમાં પોતાના સંતાનને ઉચ્ચ ગુણવત્તામાં બેસાડવા માટે સુસંસ્કાર જ આપે છે.

આ બાબતે તો મરઘી અને ઈંડાની વાતની જેમ કયા પરિબળને અસરકારક રીતે સુધારવાથી સમાજમાં ફાલી રહેલી બદીઓનો કદાચ અંત આવે, પણ જેમ સમાજને બગડતાં સમય લાગ્યો તેમ હવે સમાજને સુધારવા માટે તો વર્ષોના વર્ષો પસાર થઈ જશે. પણ આના માટે વિપરિત અસર પણ આના માટે વિપરિત અસર કરનાર પરિબળ કયું છે એ જાણવું હોય તો લોઢાના ચણા ચાવવા જેવું અઘરૂં કાર્ય છે. કોઈને પુછો કે ઈંડું પહેલું કે મરઘી ? તો શું જવાબ મળે ? કોઈ દિવસ આ સમસ્યાનું નિવારણ ન થઈ શકે. એટલે જ આપણે માની લેવું પડે કે કાં મરઘી કાં ઈંડું ?

આજના જમાનામાં જે જાહેર જીવન ગુજારાય છે તેમાં સૌથી પહેલાં તો યુવક-યુવતી મા-બાપ વગેરેએ પોતાની રીતે પોતાની અંદર રહેલી બદીઓને બહાર કાઢીને પહેલાં પોતે ચોખ્ખાને ચટ્ટ બને. મા-બાપ પોતાના યુવાન સંતાનોની દિનચર્યા, વાતચીત, હાવભાવ વગેરેની નોંધ રાખવી જોઈએ વારંવાર જ્યારે જરૂર જણાય ત્યારે તેમને ટોકવા જોઈએ- કંઈક ખોટું થાય છે. તેનો ખ્યાલ આવે કે તરત જ રોકી દેવા જોઈએ પછી તે કોની સાથે, કેવી રીતે વાત કરે છે એના પર આધારિત અનુમાનો પર વિચાર કરી સંતાનના આડમાર્ગને સાચા માર્ગે વાળી શકવાની શક્યતા છે.

પણ આજના આધુનિક જમાનામાં યુવતીઓ સ્વચ્છંદતાના રવાડે ચડી જાય છે "પોતે કરે એ જ સવા વીસ, બાકીના બધા મીંડા એવું માનીને સગીર યુવતીઓ પોતાના સાથી-સહપાઠી સાથે પોતાના મનને સાંત્વના મળે તેવી રીતે

વર્તતી હોય છે જેને કારણે સામે પક્ષે રહેલો યુવક જો પોતાના મા-બાપની આબરૂની મથમરાટી મેલી ચૂકેલો હોય તો આવી યુવતીના સ્વચ્છંદી સ્વભાવનો પૂરેપૂરો લાભ લઈ લેવાનું ચૂકતો નથી. જેને કારણે પાછળથી તે ઘણી મોટી અને વિકરાળ સમસ્યા ઉભી કરે છે એટલે આવા ગંભીર અને વિકરાળ પરિણામોથી સમાજને યુવક-યુવતીઓ જ બચાવી શકશે."

## ૮૨. એક પ્રેમકથા...પાલવડે બાંધી પ્રીત અને પાલવડે ટૂંકાવી જીંદગી... બલિદાન કે આત્મહત્યા...?

જેને જીંદગીમાં પ્રેમ નથી મળ્યો એનું આ દુનિયામાં આવવું નિરર્થક છે. પ્રેમ એ પવિત્ર છે. પ્રેમ અમર છે. પ્રેમને ખાતર કેટલાંક લોકો બલિદાન આપે છે. પ્રેમમાં ત્યાગ અને સમર્પણની ભાવના હોય છે. કશુંક મેળવવાના સ્વાર્થના ભોગે કશુંક આપવાનું હોય છે. પ્રેમ વિભિન્ન સ્વરૂપમાં જોવા મળે છે. ભાઈ-બહેનનો પ્રેમ, મા-દિકરાનો પ્રેમ, પશુઓનો પરસ્પરનો પ્રેમ, ભક્ત અને ભગવાનનો પ્રેમ. આવા અનેક પ્રકારના પ્રેમના અનેકોનેક ઉદાહરણો આપણા સમાજમાં જોવા મળે છે. પરંતુ ઉપરોક્ત તમામ સ્વરૂપના પ્રેમમાં એક તીવ્ર પ્રેમ પણ હોય છે બે યુવક-યુવતીઓનો....? એટલું બધું આકર્ષણ હોય છે આ પ્રેમમાં કે તેની આગળ ભગવાનને ઝૂકાવું પડે છે. પણ ભગવાનને ઝૂકાવવા માટે આવા પ્રેમમાં નિર્મળતા અને નિ:સ્વાર્થ વધુ પડતો ભાગ ભજવે છે.

પહેલાંના જમાનામાં લૈલા-મજનું, શીરી-ફરજાદ, સોહિની-મહિવાલ જેવા પ્રેમ દિવાના એક બીજા માટે પોતાના જીવનને સમર્પિત કરી દેવાના સચોટ ઉદાહરણો છે. એ જમાનામાં ત્યાગની અને સમર્પણની ભાવના હતી. પરંતુ આજના આ દેહાકર્ષણથી ખદબદતા જમાનામાં પ્રેમની પરિભાષા જ કંઈક ઓર હોય છે.

યુવતીના રૂપાળા દેહાકર્ષણથી દિવાના બનેલા યુવકના પ્રેમને યુવતી સાચા હ્રદયનો પ્રેમ સમજી બેસે છે તો ક્યારેક પોતાના ઠાઠમાઠથી યુવકને આકર્ષતી યુવતીને યુવક ભોળી સમજી બેસે છે પરંતુ બંનેમાંથી કોઈને એ વાતનો ખ્યાલ નથી રહેતો કે તેઓ જેને પ્રેમ સમજી બેઠા છે એ તો માત્ર હવસ છે. પ્રેમનું બીજું નામ વાસના છે. અને વાસના સંતોષવા માટે તડપતા યૌવનની પાછળ પાગલ બની ફરતા મજનુઓ પણ ઘણાં હોય છે. પ્રેમ તો સાચા દિલથી કરવામાં આવે છે. આત્માનું મિલન એ જ પ્રેમનું અંતિમ ધ્યેય હોય છે. પણ આવા નિખાલસ પ્રેમને કોઈ જ ઓળખી શક્યું નથી પ્રેમ કરનારા ભલે એમ માની બેઠા હોય કે તે સાચો પ્રેમ કરે છે પરંતુ હકીકતમાં તો તેઓ દેહાકર્ષણથી પ્રેમ કરવા માટે તત્પર બન્યા હોય છે. અને જો ખરેખર જ સ્ત્રી-પુરૂષમાં સાચો પ્રેમ કરવાની ભાવના હોય તો તે શરીરના બાહ્ય દેખાવને શા માટે જુએ છે ?

કોઈ ગોરી અને રૂપાળી યુવતીને કદરૂપા યુવકના પ્રેમમાં પડેલી કોઈએ જાણી છે?

કોઈ રૂપાળા યુવકને કાણી યા બાડી કે કદરૂપી યુવતીના પ્રેમમાં દિવાનો બનતાં જોયો છે ?

કોઈ અમીર બાપની દીકરી કે દીકરાને ફૂટપાથ પર પડી રહેતા ભીખારી કે ભિખારણના પ્રેમમાં પડેલા જોયા છે?

આ બધા પ્રશ્નોના જવાબો નકારાત્મક છે.

ભાઈ બહેનને પ્રેમ કરે, મા-દિકરાને પ્રેમ કરે, પતિ પત્નીને પ્રેમ કરે, કોઈ કુંવારો યુવક કુંવારી યુવતીને પ્રેમ કરે પરંતુ જ્યારે એક પરિણીત યુવક કોઈ પરિણીત યુવતીના પ્રેમમાં પડે ત્યારે દેહાકર્ષણ નહીં તો બીજું શું સમજવું....? અને આ દેહાકર્ષણ જતે દહાડે પ્રેમમાંથી વાસના સંતોષવાનું બહાનું બનાવી શકે છે. અતૃપ્ત રહી ગયેલી વાસનાને વ્યભિચારમાં ખપાવી પ્રેમના પવિત્ર નામને લાંછન લગાડે છે. અને છતાં દુનિયા એ પ્રેમી પંખીડાઓને પ્રેમ દિવાના સમજી લે છે. પંરતુ કોઈએ એ વિચાર કર્યો છે કે પરીણીત સ્ત્રી-પુરૂષનો પ્રેમ બીજી બે જીંદગીઓ પણ બરબાદ કરી નાખશે...?

અહીં રજુ કરેલા કિસ્સામાં પણ આ જ રીતે પ્રેમને ખાતર ચાર-ચાર જીંદગીઓ બરબાદ થઈગઈ છે.

ખેડા જીલ્લાના માતર તાલુકાના નવાગામની આ ઘટના છે. ઘટના કે દુર્ઘટના એ વાંચક વર્ગે જ નક્કી કરવાનું છે.

નવાગામ કલમબંધી વિદ્યાલય જેવા વિદ્યા વિહારને કારણે પ્રખ્યાત બનેલું છે જ્યાં વિદ્યાર્થીઓને રહેવા માટે નવજીવન છાત્રાલય પણ બનાવવામાં આવી છે. અનેનવાગામની આસપાસ ખનિજતેલના કૂવાઓ પણ આવેલા છે એટલે ઓ.એન.જી.સી.ના હેડક્વાર્ટર તરીકે પણ નવાગામ મોખરાનું સ્થાન ધરાવે છે.

આવા આ નવાગામમાં નાનાવાસમાં રહેતો નવયુવાન ભૂપેન્દ્રકુમાર કાળાભાઈ ચૌહાણનાં લગ્ન થયા બાદ પત્નીથી અસંતુષ્ટ રહેલો અથવા તો પત્નીના પિયરગમનથી હોય પણ ભૂપેન્દ્રકુમારની નજર પોતાના જ ફળિયામાં રહેતી વીસ વર્ષની કમળકાકડી જેવી કાયા ધરાવતી રમીલા પર મંડાયેલી રહેતી હતી.

જો કે રમીલાના પિતા કાળાભાઈ પુંજાભાઈએ દિવસે-ને-રાત્રે વધતી જતી અને યૌવનનો ઊંબરો ઓળંગી ચૂકેલી રમીલા ક્યાંક લપસી પડે તે પહેલાં જ તેના હાથ પીળા કરી દઈને પોતાની જવાબદારીમાંથી મુક્ત થઈ ચૂક્યા હતા.

રમીલાનો કામણગારો દેહ અને યૌવનથી છલકાતા અંગોને જોઈને ગામના અનેક યુવાનોએ પોતાની યથાશક્તિ પ્રમાણે રમીલાને પામવા માટે પ્રયત્નો કર્યો હતા પરંતુ એમ ગામના રખડેલ અને માતેલા સાંઢ જેવા જુવાનિયાઓને મચક આપે તો રમીલા શાની....? જો કે તેનેય કોઈક એવા સાથિની જરૂર હતી કે જે તેને નિભાવી શકે, તેના પ્રેમ અને લાગણીને પામી શકે....! અને એવો જ એક જુવાન ભૂપેન્દ્ર જે કેટલાંય સમયથી રમીલાને પ્યારભરી નજરે નિહાળતો રહ્યો હતો.

અને એક દિવસ બંનેની પ્રેમ તરસી નજરો ટકરાઈ જતાં આંખોએ આંખોની ભાષામાં વાત કરી લીધી ત્યારે રમીલા વીસ વર્ષની કામણગારી યુવતી હતી તેના અંગેઅંગમાંથી જોબનિયું ફાટ ફાટ થતું હતું.... અને ભુપેન્દ્ર એકવીસ વર્ષનો ફુટડો યુવાન હતો.

બંને પરીણીત હતા.

અને છતાં બંને તરસ્યાં હતાં.

નદી કિનારે ઊભેલો માણસ તરસ્યે મરે એ તો અશક્ય જ હતું. અને એ પણ આજના જમાનામાં તો એવું વિચારવું પણ શક્ય નથી. જમાનાની તાસીર એવી તો બદલાઈ ગઈ છે કે નદી તો શું પણ છીછરા ખાડા સુધી આવેલો માણસ પણ તરસ્યો પાછો ફરતો નથી. તો આ તો નદી કિનારે ઊભવાને બદલે પાણીમાં ઝંપલાવી માથાબોળ સ્નાન કરી લેવાની તમન્ના ધરાવતું ફાટ ફાટ થતું યૌવન હતું.

નવાગામના સિમાડામાં રમીલા અને ભુપેન્દ્રનું પ્રથમ સ્નેહી મિલન થયું અને બંને એકબીજાના બહુપાશમાં સમાઈ જઈને પ્રેમના સાગરમાં તરવા લાગ્યા. અને કલાકો સુધી પ્રેમભરી વાતો કરતાં સમયનું પણ ભાન ગુમાવી બેઠા રહ્યા.

ત્યારે બંનેમાંથી એકેયને ખબર નહોતી કે આ પગલું તેમના માટે ભારે પડી જશે.... ક્યારેય ન છુટવાના બંધનમાં બંધાઈ જઈને, સાથે જીવવા મરવાના કોલ દઈને તેઓ બીજી બે જીંદગીઓની સાથે બેવફાઈ કરી રહ્યા છે તે વિચારવાનું પણ નહોતું રહ્યું. તેવા સંજોગોમાં પ્રેમમાં અંધ બનેલી રમીલાએ કહ્યું હતું :

“ભૂપેન્દ્ર.....! મેં તને મારૂં તન-મન સોંપી દીધુ છે તું મારા દિલનો રાજા છે અને હું તારી રાણી બની ગઈ છું પતિને બેવફા બનીને, મા-બાપની આંખોમાં ધૂળ નાંખીને, સમાજને ઠોકરે ચડાવીને હું તારી બની છું પણ મને ડર લાગે છે કે.....”

“કે...!” ભૂપેન્દ્રએ પોતાના ખોળામાં માથું નાંખી વાત કરતી રમીલાની હડપચી પકડી ઊંચી કરી પોતાની તરફ કરતાં કહ્યું : “આગળ બોલ મારી રાણી”

“ભૂપેન્દ્ર....! તું ક્યાંક મને દગો તો નહીં કરે ને....? મને છોડી તો નહીં દે ને....?”

“રે પગલી....! તને છોડી જ દેવી હોત તો પર્યા પછી પણ તને પ્રેમ શીદને કર્યો હોત ? અને પ્રેમમાં દગો હોતો જ નથી અને કદાચ જો દગો રમવા માટેની મજબૂરી મારી સામે ખડી થશે તે દિવસે હું મારો જાન આપી દઈશ....”

“એ શું બોલ્યો તું ? તું તારો જીવ આપીશ ?”

“નહીં તો શું....?”

“ના ભૂપેન્દ્ર.... તારૂં દિલ એ મારૂં છે.... તારો જીવ એ મારો જીવ

છે. તારા જીવ પર મારો જ અધિકાર છે એટલે મારા અધિકારીની અવગણના કરીને તું જીવ ખોવાની વાત કરે છે એના પરથી જ મને લાગે છે કે તું દગો કરીશ...”

“તું શું કહેવા માંગે છે....?”

“હું એમ કહેવા માંગુ છું કે જો તું ખરેખર મને ચાહતો હોય મને જીવથી પણ વધુ પ્રેમ કરતો હોય તો મને એકલી છોડી જવાને બદલે આપણે આ દુનિયા છોડી દઈશું....? બોલ તને આ સોદો મંજુર હોય તો વચન આપ....?” રમીલાએ પોતાનો જમણો હાથ આગળ ધર્યો.

“ભલે.... હું વચન આપું છું અને તારા સોગંદ ખાઈને કહું છું કે હું જીવીશ તો પણ તારી સાથે અને મરીશ તો પણ તારી સાથે....”

અને ત્યારે રમીલા ભૂપેન્દ્રને વેલની જેમ વીંટળાઈ વળી હતી. તેની આંખમાંથી આંસુ સરી પડ્યા હતા. તે મનોમન બબડતી હતી....

“રે ભૂપેન્દ્ર.... તું મારા લગ્ન પહેલાં મને મળ્યો હોત તો કેવું સારૂં....? આપણે આ સમાજથી દૂર... ઘણે દૂર ચાલ્યા જાત અને સુખેથી જીવી જાણત.”

પણ આ શબ્દો ભૂપેન્દ્રના કાન સુધી પહોંચ્યા નહોતા.

ત્યારબાદ એ જ ઈલેક્ટ્રીકના થાંભલા પાસે બંનેની મુલાકાતો થતી, પ્રેમગોષ્ઠિ થતી, ફરીથી સોગંદવિધિ થતી અને ફરીથી વિખૂટા પડી વિરહની વેદનામાં તડપતા રહેતા હતા.

આમ પ્રેમગોષ્ઠિ કરતાં કરતાં ક્યારેક સમય અને સંજોગોથી અભાન થઈ જતા આ પ્રેમી પંખીડાની પ્રેમલીલા સીમાડાથી વાયરે વાતો ચડીને ગામમાં પહોંચી, અને પછી તો ચોરે ને ચૌટે રમીલા અને ભૂપેન્દ્રની પ્રેમકથાઓને મીઠું મરચું મળી જતાં ચર્ચાના એરણ પર ચડી ચૂકી હતી. લોકો તેમને શંકાની નજરે નિહાળવા લાગ્યા.... એમ કરતાં બે વર્ષ વીતી ગયા.

ભૂપેન્દ્ર એક બાળકીનો બાપ બન્યો પરંતુ તે રમીલાને મળતો રહ્યો. ભૂપેન્દ્ર તેવીસ વર્ષનો અનુભવી નવયુવાન બની ચૂક્યો હતો અને રમીલા બાવીસ વર્ષની નવયુવતી.... બંનેમાં પ્રેમનો સાગર ઊલાળા મારતો હતો, જોબનિયું ફૂંફાડા મારતુ હતું.... અને તેમની પ્રેમલીલાઓ ગરમાગરમ સમાચારની માફક ગામમાં વગોવા લાગી.

પરિણામે સમાજ તેમને ધૂત્કારવા લાગ્યો.

ભૂપેન્દ્ર પોતાની પત્નીને ભૂલી ગયો હતો અને રમીલા તેના પતિને ભૂલી જઈ ભૂપેન્દ્રને જીવનસાથી માની જીવન જીવવા લાગી. જો કે રમીલા ક્યારેક સાસરે પણ જઈ આવતી હતી.

એક દિવસ ભૂપેન્દ્ર અને રમીલા ઘણાં દિવસો બાદ ભેગાં થયાં. વિરહના દિવસોમાં પ્રેમની કિંમત અંકાઈ ગઈ. બંનેને સમાજ તરફથી કડવો અનુભવ થયો. તેમને લાગ્યું કે સમાજ હવે તેમને જીવવા નહીં દે.... તેમના પ્રેમને સમાજ નહીં સ્વીકારે.... અને આ મુલાકાતમાં તેમના વાર્તાલાપનો વિષય આ જ હતો.

“રમીલા... તું કહેતી હતી ને કે તું મને દગો ના કરીશ....? આજેહવે એ દિવસ આવી પહોંચ્યો છે”

“હું પણ એ જ કહેવાની હતી પ્રિયે... તારા વિના હું રહી શકવાની નથી અને સમાજ આપણને સાથે જીવવા દેવાનો નથી....”

“તો....?”

“તો...શું? હવે જો તું રાજી હોય તો સાથે જ આ ફાનિ દુનિયા છોડી દઈએ....?”

“ભલે તો આજ રાત્રે આપણે આ જ ઠેકાણે જ્યાંથી આપણી પ્રીતનો પ્રારંભ થયો હતો ત્યાં પ્રીત અને જીંદગીનો અંત આણી દઈ બીજા ભવમાં સાથે જન્મી આ ભવની અધૂરી પ્રીતને પૂરી કરીશું....”

અને બંને પ્રેમી-પંખીડાઓ નિર્ણય કરીને વિખૂટાં પડ્યાં.

સૂરજ આથમી ચૂક્યો હતો.

રાતનો અંધકાર ખાઉં ખાઉં કરતો અવનિ પર ઉતરી આવ્યો હતો.

રાતના લગભગ આઠ વાગ્યા હતા.

તા. ૧૫/૫/૯૨ની એ રાત હતી.

રમીલાએ વાળું કરીને અચાનક પોતાના પિતાને વાત કરી : "બાપુ.... મને હવે આ ગામમાં ગોઠતું નથી... મને મારી સાસરીની ખૂબ યાદ આવે છે, અને વળી આ ગામમાં લોકો મારી ખોટી વાતો કરી તમારી આબરૂ પર કાદવ ઉછાળે છે એટલે હવે તો આ ગામમાં એક ક્ષણ પણ રહેવું મારા માટે વખ ઘોળવા જેવું છે, મને રજા આપો બાપુ.... હું સુખેથી સાસરે સિધાવું....."

રમીલાના બાપુજી પણ પોતાની દીકરીની ગામમાં થતી વાતોથી તંગ આવી ગયા હતા એટલે તેમણે રમીલાને રજા આપી.

રમીલા સાસરીમાં જતી હોય તે રીતે બની-ઠનીને ઘરને કાયમ માટે અલવિદા કરીને નીકળી ગઈ.

બીજી બાજુ ભૂપેન્દ્ર રાતના લગભગ નવેક વાગ્યે પોતાની પત્ની અને વ્હાલસોયી દીકરીને છોડીને ઘરની બહાર નીકળી ગયો હતો.

નવાગામના સિમાડે આવેલા ઈલેક્ટ્રીકના થાંભલે જ્યારે ભૂપેન્દ્ર પહોંચ્યો તો રમીલા ત્યાં તેની રાહ જોતી ઊભી હતી. ભૂપેન્દ્ર ત્યાં પહોંચતાં જ રમીલા તેને વળગી પડી અને બંને એકબીજાના આલિંગનમાં ક્યાંય સુધી વળગીને ઊભા રહ્યા ત્યાર બાદ બંનેએ એક ચિઠ્ઠી અંધારામાં લખી :

"આ સમાજ અમારા પ્રેમને સ્વીકારયો નહીં અને આ જનમમાં અમે બંને એક થઈ શક્યાં નથી. અમે બંને જણા એક સાથે આ ફાની દુનિયાને છોડી રહ્યા છીએ.... જેમાં કોઈનો વાંક નથી...."

અને ત્યાર બાદ બંને અંતિમ વખત એકબીજાને પ્રેમથી આલિંગન આપતાં પરસ્પર વચનો લીધાં.

"રમીલા.... આ ભવે તો આપણે ન મળી શક્યા આવતે ભવ જરૂર મળીશું...."

"હા.... ભૂપેન્દ્ર.... આપણી પ્રીત સાચી હશે તો આપણે આવતે ભવમાં જરૂર મળીશું..."

અને ત્યારબાદ રમીલાએ પોતાની સાડી કાઢી અને એ સાડીનો એક છેડો ઈલેક્ટ્રીકના થાંભલાના ઊંચા કાણાંમાંથી પસાર કરી બીજી તરફ કાઢ્યો બંને બાજુ ફાંસીનો ગાળો બનાવાયો. અને ત્યાર બાદ બંને પ્રેમી પંખીડા એકબીજાને ચુંબનો આપી ફાંસીનો ગાળો પોતાના ગળામાં ફેરવી "અલવિદા" કરીને લટકી પડ્યા.

ઘડી બે ઘડીમાં તો બંનેના શરીર નિશ્ચેતન થઈને લટકવા લાગ્યા.... ત્યારે તેમના આ પ્યાર, બલિદાનને નિહાળવા કોઈ હાજર નહોતું હતો તે માત્ર પ્રગાઢ અંધકાર અને નિરવ શાંતિ....

તા. ૧૬/૫/૯૨ની સવાર નવાગામના નગરજનોને એક વીજળીક આંચકો આપી જનાર સમાચારે ચાંકાવી દીધા. વહેલી સવારે કોઈ સીમાડે જતાં માણસની નજરમાં ઈલેક્ટ્રીકના થાંભલા પર લટકતા બે માનવદેહ ચડતાં તેણે જોયું તો ભૂપેન્દ્ર અને રમીલાના મૃતદેહો હતા. તેણે દોડતાં જઈ ગામમાં ખબર આપતાં ગામ આખું આ પ્રેમની બેદી પર બલિદાન આપી ચૂકેલા પ્રેમી-પંખીડાઓને જોવા માટે ઉમટી પડ્યા હતા. બંનેના ઘરવાળા હૈયાફાટ રૂદન કરતાં હતા. ભૂપેન્દ્રની પત્ની એકદમ ભાંગી પડી હતી તો ભૂપેન્દ્રની નાની બાળા પણ પપ્પાના દેહને લટકતો જોઈ "પપ્પા.... પપ્પા...." કહીને રડી રહી હતી.

આ પ્રેમકથાના કરૂણઅંજામની જાણ માતર પોલીસ મથકના પો.સ.ઈ.શ્રી આઈ.એમ.કુંપાવતને થતાં ઘટનાસ્થળે દોડી જઈ લાશોનો ઈન્કવેસ્ટ રીપોર્ટ ભરી પોસ્ટમોર્ટમ માટે દવાખાને મોકલી આપી હતી અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પરંતુ સવાલ એ થાય છે કે શું બધી જ સમસ્યાઓનો ઉકેલ મોત છે ? જો કે પરીણિત સ્ત્રી-પુરૂષનો પ્રેમ એ અઘટિત ગણાય પણ શું જે તે સ્ત્રી-

પુરૂષે પોતાના કુટુંબ-કબીલાનો વિચાર કરવો તો જોઈએ ને....? એક તો આત્મહત્યા જેવું મહાપાપ વહોરે અને વધૂમાં બદનામી. રમીલા તેના પતિને દગો દઈ ગઈ તો ભૂપેન્દ્ર તેની પત્ની અને નાની નિર્દોષ બાળાને રઝળતી મૂકી તેમની જીંદગી બરબાદ કરતાં ગયા....! શું આ ઊચિત છે...!

## ૮૩. વીસેક વર્ષની સુંદર યુવતીની અર્ધનગ્ન લાશનું પગેરૂ ખેડા જિલ્લા સુધી પહોંચે છે.

કોઈપણ મર્ડર કેસમાં ખાસ કરીને ભેદી હત્યાના કેસમાં ખૂનીઓને પકડી પાડવા માટે લાશ પાસેથી મળેલી સૂક્ષ્મ ચીજવસ્તુઓ પરથી જ અનુમાન લગાવવા, પુરાવા એકઠા કરીને ખૂની સુધી પહોંચવાની કોશિષ કરવામાં આવે છે. એક કિસ્સો એવો પણ બનેલો છે કે એક ભેદી હત્યાના હત્યારાના પકડવા માટે સિગારેટનાં ઠૂંઠા પરથી હત્યારો ઝડપી પાડવામાં આવ્યો હતો.

આમ જો આવી ભેદી હત્યાના હત્યારાઓને ઝડપવા માટે પોલીસ સિગારેટના ઠૂંઠાને મહત્વ આપતી હોય અને હત્યારા સુધી પહોંચી શકતી હોય તો એવા દાખલાને ધ્યાનમાં લઈને ગુજરાતની પોલીસ પણ આવા ઘણા બધા રહસ્યમયી હત્યાનો ભેદ ઉકેલવામાં સફળ થઈ હોત. પરંતુ અહીં એક એવા બનાવની વાત કરવાની છે જે બનાવમાં યુવતીની લાશ પરથી પોલીસે કબજે કરેલ એક માદળિયામાં મરનાર યુવતીના ફોટા સાથે એક આધેડ પુરૂષનો ફોટો મળી આવ્યો હતો તે ફોટો જે વ્યક્તિનો હતો તે વ્યક્તિને પોલીસ ચોકીએ બોલાવીને પૂછપરછ કરીને છોડી મૂકવામાં આવી હતી. અને એ વ્યક્તિના કહેવાથી આ ભેદી હત્યાના ગુનાસર પોલીસે અન્ય વ્યક્તિની ધરપકડ કરી હોવાનો ચકચારી બનાવ બન્યો છે.

કોઈ યુવક-યુવતી પ્રેમ સંબંધ બાંધે.... કોઈ પરીણિત પુરૂષ પરીણિત સ્ત્રી સાથેઆડો સંબંધ બાધે, આધેડ ઊંમરના સ્ત્રી-પુરૂષ અનૈતિક સંબંધો સામાન્ય બની ગયા છે. સંસાર છે ચાલ્યા કરે એવું માનીને આપણે મન વાળીને બેસી રહીએ છીએ પરંતુ કોઈ મોટી ઊંમરનો આધેડ અને પ્રતિષ્ઠિત વ્યક્તિ હોય અને આવી વ્યક્તિ પોતાની દિકરીની ઊંમરની કોઈ યુવતી સાથે અનૈતિક સંબંધ રાખે અને એ યુવતીને અનૈતિક સંબંધ બાંધવા માટે મજબૂર કરે ત્યાર બાદ એ યુવતી આવા હવસભૂખ્યા વરૂથી બચવા માટે ભાગી જાય અને દૂરના એક ગામડાની સીમમાં તેની હત્યા કરીને ફેંકી દેવાયેલી અર્ધનગ્ન લાશ મળે, અને લાશના ગળામાંથી કબજે કરાયેલ માદળિયામાં પેલી આધેડ વ્યક્તિનો ફોટો મળી આવે અને એના આધારે યુવતીની હત્ય અંગે શંકાની સોય પેલી આધેડ વ્યક્તિ તરફ ફરતી હોય તેવા સંજોગોમાં વાયુવેગે ફેલાયેલા આ સમાચાર લોકોને આશ્ચર્ય અને કુતુહલમાં મૂકી દે એમાં બેમત નથી.

કોઈના માન્યામાં ન આવે એવો આ ચકચારી અને રહસ્યમય કિસ્સો છે.ગુજરાત રાજ્યના સાબરકાંઠા જિલ્લામાં તાજપુર તાલુકાના ટીસ્કી ગામ નજીકથી પસાર થતાં ઝાડી ઝાંખરામાં એક અર્ધનગ્ન યુવતીની લાશ પડી હોવાની બાતમી મળતાં તે વિસ્તારના પોલીસ અધિકારી તાબડતોડ પોતાના સ્ટાફ સાથે ઘટના સ્થળે પહોંચી જઈને લાશનો કબજો લીધો હતો.

૨૦ થી ૨૨ વર્ષની ઉંમરની યુવતીની અર્ધનગ્ન લાશ પડી હતી.... લાશ વિકૃત બની ગઈ હતી.... શરીર ઉપર કાળા રંગની ચેક્સવાળો બુશર્ટ અને લાલ રંગની લુંગી જેવું ફેટિયું વીંટેલી હાલતમાં હતી.... અને આ લાશ ગંધાઈ ઉઠી હતી.

પોલીસ અધિકારીએ સ્થળ પર જ ઈન્કવેસ્ટ રીપોર્ટ ભરીને લાશને પોસ્ટમોર્ટમ તાજપુર તાલુકાના માલપુર સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે મોકલી આપવામાં આવી હતી.... આ લાશ અંગેના સમાચાર વાયુવેગે ફેલાઈ જતાં સારાયે પંથકમાં ચકચાર જાગી હતી.

મરનાર યુવતી કોણ... ? તેની હત્યા કોણે કરી હશે ? શા માટે તેની હત્યા કરવામાં આવી હશે....? કોઈ દગાખોર પ્રેમીનું આ પરાક્રમ હશે... ? દેખીતી રીતે તેના પર બળાત્કાર થયો હોવાનું જણાતું હતું. તો શું કોઈ નરાધમે તેના પર બળાત્કાર ગુજાર્યા બાદ તેની હત્યા નાંખવામાં આવી હશે... ? કે પછી કોઈ અસમાજીક તત્વોએ અપહરણ કરીને તેના પર બળાત્કાર ગુજારી તેનું કાસળ કાઢી નાંખી અન્ય કોઈ જગ્યાએથી લાશને લાવીને અહીં ફેંકી દીધી હશે ?... આ તમામે તમામ પ્રશ્નો પોલીસ અધિકારીઓના દિમાગમાં હથોડાની જેમ વાગતાં હતા.

આ દરમિયાન પી.એમ. માટે મોકલાવવામાં આવેલી લાશ પરથી મળેલી કેટલીક વિગતો પોલીસ અધિકારી બી.એન.બારોટને સહાયભૂત બને તેવી હતી....

મરનાર યુવતીના જમણા હાથ પર અંગ્રેજીમાં તેનું ના કોતરેલું હતું. અને એક દિલના ચિત્ર વચ્ચે અંગ્રેજીનો એક અક્ષર ત્રોફાવેલો હતો.... હાથના પંજા ઉપર ઊંટનું ચિત્ર દોરેલું હતું. જો કે વિકૃત બની ગયેલી આ લાશના શરીર પર કોઈ ઘા કે નિશાન જણાતા નહોતા. અને એક અચરજ પમાડે તેવી બાબત તો એ હતી કે યુવતીની લાશના ગળામાં બાંધેલ પતરાના મોટી સાઈઝના માદળિયામાં એક તરફ મરનાર યુવતીનો ફોટો હતો જ્યારે બીજી તરફ એક આધેડ ઉંમરના પુરૂષનો ફોટો હતો.

ઘઉંવર્ણી અને બોલ્ડ કટ હેરસ્ટાઈલ ધરાવતી આ યુવતી સુખી કુટુંબની અને ભણેલી ગણેલી લાગતી હતી તેના મૃત્યુને ૪૮ કલાક ઉપરાંતનો સમય વીતી ગયો હોવાથી તેના મરણ અંગેના સચોટ કારણો જાણવા ઘણા અશક્ય બની ગયા હતા. પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી સઘન તપાસ આરંભી દીધી હતી.

પરંતુ... હત્યા કરીને ફેંકી દેવાયેલી ૨૦ થી ૨૨ વર્ષની આ યુવતીની અર્ધનગ્ન લાશનું પગેરૂ છેક ખેડા જિલ્લાના એક શહેર સુધી લંબાતા રહસ્યનાં જાળાં વધુ ગુંચવાયા હતા.

આ શહેરમાં બ્યુટી પાર્લર ચલાવતી એક ધંધાદારી વ્યક્તિને ત્યાં થોડા મહિનાઓ અગાઉ યુવતી નોકરી કરતી હતી.... તેની સુંદરતાથી આકર્ષાઈને પાંચ બાળકોના પિતા એવા બ્યુટી પાર્લરના સંચાલકે પોતાની હવસ સંતોષવાનો મનસુબો કર્યો હતો અને નોકરીના સમયગાળા દરમિયાન લાલચ... પ્રલોભનો આપીને તેણે પેલી યુવતીને વશ કરી લેતાં અવૈધ સંબંધો વિકસાવ્યા હતા...

( હવે અહીં આપણે પાત્રોના નામ બદલીએ છીએ )

બ્યુટીપાર્લર સંચાલક શીવરામના આ સંબંધોને કારણે તેમનાં પત્ની રિસાઈને ચાલ્યા ગયા હતા. અને એકલા પડેલા શીવરામને કાજલ સાથે રંગરેલીયા મનાવવા માટેનું મોકળું મેદાન મળી ગયું હતું. જેથી શિવરામે કાજલ સાથે સંબંધો વિકસાવવામાં કંઈ જ બાકી રાખ્યું નહોતું.... આ સંબંધોની જાણ શીવરામના એક નોકર બાબુલને થતાં તેને નોકરીમાંથી કાઢી મૂકવામાં આવ્યો.

ત્યારબાદ શીવરામે એક માદળિયું લાવી કાજલને લાચાર અને વિવશ બનાવી પહેરાવી દીધું હતું. જેમાં કાજલ અને શીવરામનો ફોટો હતો.... પણ કાજલ કંઈ કમ નહોતી.... અને એક દિવસ બીજા યુવક સાથે ભાગી ગઈ.

જેથી શીવરામના દિમાગમાં કાજલ પ્રત્યે ઘૃણા પેદા થઈ અને તેમણે મનમાં ઠાની લીધી.... કાજલ મારી ન થઈ તો કોઈની ન થવી જોઈએ.

અને ત્યારબાદ કાજલની માત્ર લાશ જ મળી.... પરંતુ કાજલની લાશ પરથી કબ્જે લેવાયેલ માદળિયામાંથી શીવરામનો ફોટો મળતાં પોલીસ શીવરામ સુધી પહોંચી ગઈ. અત્રેની પોલીસ ચોકીએ શીવરામને પૂછપરછ માટે બોલાવવામાં આવ્યા અને ચોકીની ચાર દિવાલમાં કંઈક કંસાર રંધાયો.... શીવરામ બહાર આવ્યા પણ તેમના નોકર બાબુલને આ હત્યા કેસ સાથે સંડોવી દીધો.

હવે પ્રશ્નો અહીં એ ઉભા થાય છે કે જો ભેદી હત્યાના હત્યારાનું પગેરૂં મેળવવા માટે લાશની નજીકમાં પડેલ સીગારેટના ઠૂંઠાને આધારે પોલીસ હત્યારા સુધી પહોંચી શકે છે તો લાશના ગળામાં શીવરામનો ફોટો મળ્યો હતો.... તેમની ધરપકડ કરી રીમાન્ડ મેળવવા માટે આથી વીશેષ કયો પુરાવો હોઈ શકે....?

અને છતાં પણ શીવરામ પોલીસ ચોકીએથી હેમખેમ પાછા આવ્યા.... તેમની વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કેમ કરવામાં ન આવી ?

અત્રે એ ઉલ્લેખનીય છે કે સગીર કે પુખ્ત ઉંમરની યુવતી પોતાના હ્રદય સાથે સતત ચીપકી રહે એવી રીતે પોતાના જીવનસાથીની કોઈક નિશાની રાખે છે. બહુ બહુ તો પોતાના પિતા, ભાઈ-બહેન, મા વગેરે આપ્તજનની નિશાની માટે ફોટો રાખે પણ કાજલની લાશના ગળામાંથી જે ફોટો રાખે પણ કાજલની લાશના ગળામાંથી જે ફોટો મળ્યો હતો તે ન તો તેના જીવનસાથીનો હતો કે ન કોઈ તેના આપ્તજનનો....? તો પછી શીવરામના ફોટા અંગે પોલીસે કેમ ઢીલ મૂકી...?

જો કે આ અંગે શીવરામ સ્વમુખે એવું કબૂલે છે કે કાજલની સાથેનો ફોટો તેમનાં પોતાનો છે..... પણ તે એવું જણાવતાં અચકાય છે કે એમનો ફોટો કાજલના ગળા સુધી કઈ રીતે પહોંચ્યો....?

આ આખાય પેચીદા અને રહસ્યના તાણાવાણાથી ગુંથાયેલા કિસ્સામાં પોલીસ ખાતું લોકોના પૈસે તાગડધિન્ના કરવાનું છોડી દઈને પોતાની કર્તવ્યનિષ્ઠા અને ફરજ પ્રત્યે વફાદાર રહીને ઝીણવટભરી તટસ્થ તપાસ કરી આ ભેદી હત્યાના કિસ્સાની સત્ય હકીકત સમાજ સામે લાવે તો જ પુરૂષોની વાસનાનો ભોગ બનેલી ૨૦ વર્ષની કાજલના મોતની પાછળના રહસ્યનો પડદો ઉંચકાય... નહિંતર

## ૮૪. ગળે ફાંસો ખાધેલી યુવતીની લાશનું પોસ્ટ મોર્ટમ

સવારના અગિયારેક વાગ્યાનો સમય હતો. પોલીસ સ્ટેશન ઓફિસરે સ્ટેશન ડાયરીમાં કંઈક નોંધ કરીને સ્ટેશન ડાયરી બંધ કરી અને ખીસ્સામાંથી ખામી બીડી કાઢીને બે હોઠ વચ્ચે દબાવી.... દિવાસળીની પેટી કાઢી.... દિવાસળી કાઢીને બે હોઠ વડે બીડીને આમ-તેમ નચાવી અને સળગતી દિવાસળી વડે બીડી સળગાવી..... બીડીના બે-ચાર દમ માર્યા.... અને ધૂમાડાને ઉડતો જોઈ રહ્યા..... ત્યાં......

સામેથી હાંફળો ફાંફળો એક ગામડીયો યુવાન આવતો દેખાયો..... એને જોઈને પોલીસ સ્ટેશન ઓફિસરને લાગ્યું કે નક્કી આ માણસ કોઈ ફરિયાદ કરવા માટે આવ્યો હશે.... અને એવું જ બન્યું....

“સાહેબ..... સાહેબ..... મારી ફરિયાદ એક લખો.....”

ત્રીસેક વર્ષની ઉંમરનો મજબૂત બાંધાના પેલા યુવાને ટેબલ પાસે આવીને કહેવા માંડ્યું.....

“ફરિયાદ.....? શેની ફરિયાદ.....?”

“સાહેબ..... મારી બૈરીએ ગળે ફાંસો ખાધો છે.....”

“બૈરીએ ગળે ફાંસો ખાધો....?” બૈરી અને ફાંસો ખાધેલાની વાત સાંભળી પોલીસ સ્ટેશન ઓફિસર જરા ચમક્યા.... કેમ કે હવે કાયદામાં અબળાઓ પર થતાં અત્યાચાર વિરૂધ્ધ વિશેષ ધ્યાન દોરવામાં આવ્યું છે. પરણીને સાસરે આવેલી કોડભરી કન્યાઓના વધતા જતા અપમૃત્યુના બનાવો અટકાવવા અને આવા અપમૃત્યુના બનાવો ન બને તેની તકેદારી રાખવા માટે પોલીસખાતાના અધિકારીઓને અબળાઓની ફરિયાદની તપાસ કરવાની કાયદામાં જોગવાઈ કરવામાં આવી છે. જેના કારણે પરણિત અબળાઓના અપમૃત્યુ માટેની ઉંડાણપૂર્વક તપાસ કરી શકાય.....

“હા સાહેબ.... મારા ઘરમાં મારી બૈરીએ ગળે ફાંસો ખાઈને આપઘાત કર્યો છે....”

“શું  નામ છે. તારૂ અને કયું ગામ....? તારી બૈરીએ કેમ ગળે ફાંસો ખાધો છે? લગ્ન કેટલા વર્ષ પહેલા કર્યા હતાં.... ઘરમાં બીજું કોણ કોણ રહે છે....? તેનું પિયર કયા ગામ થાય છે....? કેટલા બાળકો છે?” જરૂરી એવા તમામ પ્રશ્નો પોલીસ સ્ટેશન ઓફીસરે પૂછતાં તેના જવાબમાં પેલા યુવાને જણાવ્યું કે,

“સાહેબ.... મારૂં નામ મંગો છે.... બાજુના ગામમાંથી આવું છું.... ત્રણેક વર્ષ પહેલાં મારા લગ્ન નજીકના શહેરમાં રહેતી સવલી સાથે થયા હતાં.... દોઢેક વર્ષનો બાબો છે..... હું મારી મા અને આ બૈરી ત્રણેય ભેગા રહેતા હતા.... આજે સવારે....”

પેલો યુવાન મંગો જાણે ગોખીને આવ્યો હોય તે રીતે બધી વાત સહેજ પણ અચકાયા વગર કે ખચકાયા વગર બોલતો જતો હતો અને પોલીસ જમાદાર એક અલગ કાગળમાં નોંધતા જતા હતાં.

“આગળ બોલ.... આજે સવારે શું થયું....?”

“સાહેબ.... મારો બાબો બિમાર હતો.... એનું પેટ ચડ્યું હતું.... એટલે ઘરગથ્થુ દવા કરવા બાબાને દિવેલ પીવડાવવા માટે મેં મારી બૈરીને કહ્યું પણ મારી બૈરીએ મારા બાબાને દિવેલ પીવડાવવાની ના પાડી એમાં આજે સવારે અમારા બેને ઝઘડો થયો..... બોલાચાલી થઈ એમાં મારી બૈરી મને જેમતેમ બોલવા લાગી એટલે મેં એને ગાલ ઉપર લાફો મારી દીધો અને પછી હું ગામમાં

જતો રહ્યો એ દરમ્યાન મેં લાફો માર્યો એનાથી મારી બૈરીને લાગી આવ્યું હશે તે.... જ્યારે હું ઘેર પાછો ગયો ત્યારે લગભગ દશેક વાગ્યે મારી બૈરી એની સાડી વડે ગળે ફાંસો ખાઈને મરી ગઈ હતી.... ઘેર કોઈ હતું નહિં એટલે મેં એને નીચે સુવડાવી છે અને અહીં ફરિયાદ કરવા આવ્યો છું...."

આખી વાત સાંભળ્યા પછી જમાદાર લાગ્યું કે આ તો ભારે કેસ કહેવાય.... એટલે તેમણે તાત્કાલિક પોલીસ અધિકારીને બોલાવવા પહેરા ડ્યુટી કોન્સ્ટેબલને મોકલી દીધો.... બનાવની ગંભીરતા જાણીને અધિકારી પણ દોડતા આવ્યા.... તેમને પોલીસ સ્ટેશન જમાદારે બધી હકીકત કહી સંભળાવી.... પછી સ્ટેશન ડાયરીમાં આ બનાવ અંગે અકસ્માત મોતની નોંધ કરી અને અંતે તપાસ માટે પોલીસ અધિકારી રવાના થયાની નોંધ કરાવી અધિકારી સરકારી જીપગાડીમાં મંગાને બેસાડી ઘટનાસ્થળે જવા રવાના થઈ ગયા....

પોલીસ સ્ટેશનથી માત્ર પાંચ જ કિલોમીટર દૂર બનાવવાળી જગ્યાનું ગામ હતું.... ગામમાં પોલીસની જીપ આવતાં લોકોનાં ટોળેટોળાં ભેગા થવા લાગ્યા.... ગામ આખું વીંધીને છેવાડે આવેલા ટેકરા પરના ફળિયાના નાકે જઈને જીપ ઉભી રહી..... મંગાના બતાવેલા રસ્તે રસ્તે પોલીસ અધિકારી તેમના સ્ટાફ સાથે ફળિયાના છેડે અલગ બાંધેલા માટીના ઘર આગળ આવ્યા.... ત્યારે ઓસરીમાં એક નાનું બાળક રડતું પડ્યું હતું અને ઓસરીના બીવા છેડે ઘરમાં જવાનું બારણું હતું જે બારણાની સાંકળ ખોલીને મંગાએ પોલીસ અધિકારીને અંદર આવવા ઈશારો કર્યો.... નવાઈની વાત તો એ હતી કે બે કલાક સુધી રડી રડીને ખારૂં થયેલ બાળક પ્રત્યે સહેજ પણ લાગણી બતાવ્યા સિવાય મંગો સીધો ઘરમાં પેઠો. જો કે એની જુવાનજોધ પત્નીએ આત્મહત્યા કરી લીધી હતી એનું દુ:ખ હોય અને કદાચ એટલે એણે દોઢ વર્ષના રડતા બાળક પ્રત્યે ધ્યાન આપ્યું ન હોય.

પોલીસ ઓફિસરે ઘરમાં જઈને જોયું તો એક જુવાન યુવતી ઘરમાં લાશ બનીને પડી હતી. તેની આંખો અને મ્હોં ફાટી ગયા હતાં.... જીભ બહાર નીકળી ગઈ હતી.... પગની એડીઓ આમતેમ પછડાવાથી છોલાઈ ગઈ હતી.... ભોંયતળિયું લીંપણ કરેલું હતું અને લીંપણમાં પણ પછડાટના નિશાન પડ્યા હતાં.... પોલીસનું દિમાગ ઝડપથી દોડવા માંડ્યું....

ગળે ફાંસો ખાધેલી યુવતી લટકવાને બદલે અસ્તવ્યસ્ત જમીન પર પડી હતી..... લટકતી વખતે જીવ બચાવવા માટે ઝોલા ખાય.... પણ અહીં તો ભોંયતળિયે પછડાટ ખાધી હતી અને એના નિશાન પણ પડ્યા હતાં.... શંકાશીલ બનેલા દિમાગને ચહેરા પર ભાવ છુપાવીને પોલીસ ઓફિસરે પૂછપરછ કરી....

"મંગા.... તારી મા ક્યાં છે ?....."

"સાહેબ એ તો બહારગામ ગઈ છે...."

"તો તારી બૈરીએ આપઘાત કર્યો ત્યારે કોણ હાજર હતું....."

"સાહેબ.... મેં કહ્યું તુંને કે લાફો માર્યો પછી હું ગામમાં જતો રહ્યો હતો...."

"કેમ.....?"

મને ગુસ્સો ચડ્યો હતો.... અમારે જ્યારે જ્યારે ઝઘડા થાય ત્યારે મને ખુબ ગુસ્સો આવતો.... અને ઝઘડો અટકી જાય એટલે હું ગુસ્સો હળવો કરવા ગામમાં જતો રહેતો.... ગુસ્સો ઉતરે પછી જ પાછો આવતો....

"એટલે તમારે અવારનવાર આવા ઝઘડા થતાં હતાં.....?"

મંગો કશું બોલ્યો નહિં..... પોલીસ અધિકારીએ સવલીના મૃતદેહનું ઝીણવટપૂર્વક નિરીક્ષણ કર્યું..... ગળા ઉપર નજર કરી.... તેના ગળા પર નિશાન પડ્યા હતાં.... જે નિશાન સાડીથી ટૂંપો દેવાથી ન થાય.... છતાં મંગો વારંવાર પોલીસને એ જણાવી રહ્યો હતો કે તેની પત્ની સવલીએ સાડી વડે ગળે ટૂંપો ખાધો હતો.

આવા બનાવો પોલીસ અધિકારીની ફરજ દરમ્યાન ઘણા નજર તળેથી પસાર થઈ ગયા હતાં. ઘણી આતમહત્યા હત્યામાં ફેરવાઈ ગયેલી.... હત્યા કર્યા પછી લાશને સળગાવી માર્યા બાદ જાતે સળગી મર્યાના બનાવો પોલીસને જાહેર કર્યાના દાખલા બની ગયા છે.... પણ જ્યાં સુધી મૃતદેહનું પી.એમ. કરવામાં નહિં

આવે ત્યાં સુધી મોતનું કારણ જાણવા નહિં મળે એ સમજી ચૂકેલા પોલીસ અધિકારીએ લાશને પી.એમ. માટે મોકલી આપી.....

મરનાર યુવતીના પિયરમાં જાણ કરવામાં આવી.... સવલીના પિતાએ પોલીસમાં ફરિયાદ કરી.... મારી દીકરીને તેના પતિ અને સાસુએ શારીરિક અને માનસિક ત્રાસ આપીને આપઘાત કરવા મજબુર કરી છે.... ફરિયાદના આધારે પોલીસે સવલીના અપમૃત્યુ અંગે પૂછપરછ માટે તેની સાસુ અને પતિની ધરપકડ કરી....

આ દરમ્યાન સવલીની લાશનું પી.એમ. કરનાર ડૉક્ટરે પોલીસ અધિકારીને પી.એમ. રીપોર્ટ મોકલી આપ્યો એ જોઈને પોલીસ અધિકારી ચમકી ઉઠ્યા અને બીજી તરફ થોડા ખુશ પણ થયા કે તેમણે જે અનુમાન કર્યું હતું એ સાચું પડ્યું હતું.

મરનાર સવલીએ ગળે ફાંસો ખાઈને આત્મહત્યા કરી નહોતી પરંતુ તેના ગળા પર લાકડાના ડંડા જેવા પદાર્થથી ગળા ઉપર ભારે દબાણ કરવાથી ગૂંગળાઈ જવાથી તેનું મોત થયું છે.... ગળા ઉપર એટલું દબાણ મરનાર સિવાય અન્યએ કર્યું હોવાનું જણાતાં પોલીસ અધિકારીએ લાંબો વિચાર કર્યો..... સવલીની સાસુ બહારગામ ગયેલી હતી અને ઘેર પતિ-પત્ની એકલા હતા. બંને વચ્ચે તકરાર પણ થઈ હતી. એટલે તેના પતિએ જ પત્નીના ગળે લાકડાથી દબાણ કરીને મોતને ઘાટ ઉતારી દીધી હોવી જોઈએ.....

પૂછપરછ શરૂ થઈ.... મંગાની ઝીણવટતાથી પૂછપરછ કરતા તપાસ અધિકારીએ સીધું જ પૂછ્યું.

"મંગા..... તે જે લાકડાથી સવલીનું ગળું દબાવ્યું હતું એ લાકડું ક્યાં છે....?"

મંગો પ્રથમ તો ઈન્કાર કરતો રહ્યો પણ આખી હકીકતનું વર્ણન કરતા અને ઉલટ સુલટ પ્રશ્નો પુછતા પોલીસ અધકારી હવે નહિં છોડે એવું માની બેઠેલ મંગાએ આખરે કબુલાત કરી લીધી....

"સાહેબ..... હું સાચે સાચું કહું છું.... બનાવના દિવસે મારી બૈરીએ"

## ૮૫. લગ્નનું નાટક - ભાઈ હો તો ઐસા

આકાશમાં સારસપક્ષી વિહાર કરતું હોય અને કોઈ ચોક્કસ સ્થાન શોધવા કે પહોંચવા પ્રયાસ કરતું હોય એવું દૂર દૂર દેખાતું હવાઈ જહાજ જોઈને વિચારમાં પડી જતો વિરલને જોઈને એના મિત્રો પણ એની મશ્કરી કરતા....

"અલ્યા વિરલ.... તારે પણ શું આ વીમાનમાં બેસીને ઊડવું છે....? "

"હા.... લ્યા.... વિરલ તો વિમાનમાં પણ બેસશે અને પરદેશ પણ જશે...." બીજો મિત્ર જવાબ આપતો..... "એનો મોટોભાઈ પરદેશમાં જ રહે છે ને....? એનો ભાઈ જ એને પરદેશમાં તેની પાસે બોલાવી લેશે....."

"હા....હોં..... પણ વિરલ.... પરદેશમાં જઈને તું અમને યાદ તો કરીશ ને.....? કે પછી પરદેશ જાકે પરદેશીયા ભુલ ના જાના.....?"

"તું - તો વિરલ હંમેશને માટે જવાનો છે ને ?"

આ મિત્રોની વાતો સાંભળીને ક્યારેક અકળાતો અને ક્યારેક પરદેશ જવાના વિચાર માત્રથી મનમાં ગલગલિયાં થતાં મનોમન હસતો અને ખુશ થતા વિરલ મિત્રોને કહી પણ દેતો-

"તમે બધા મારી મશ્કરી કરો છો- પણ એક વખત એવો આવશે કે તમારી મશ્કરી તમને યાદ આવશે.... હું ચોક્કસ પરદેશ જવાનો છું.... આ વિમાનમાં બેસી ઉડવાનો છું..... અને એટલું જ નહિં પણ..... હું કાયમ માટે ત્યાં જ રહેવાનો છું....."

"એમ....? કોણ તને સ્પોન્સર કરે છે?"

"અલ્યા ગાંડા.... એનો ભાઈ વળી બીજું શું...."

"હા - મારા ભાઈનો પત્ર આવ્યો છે..... ભાઈ અને ભાભી બંને આ વખતે આવવાના છે અને આ વખતે બધું પાકું કરીને જવાના છે..... પછી ચાર - પાંચ મહિના પછી મને બોલાવી લેવાના છે....."

"પણ એ તો કહે.... તારા ભાઈ-ભાભી ત્યાં રહે છે પછી તને કયા આધાર..... મતલબ બેઝ પર બોલાવવાના છે ? કોઈ ખાસ સ્પોન્શર છે.....? તારી ઉંમર તો થઈ ગઈ છે પણ તું એક કુંવારો છે..... કોલેજ પુરી થવાની તૈયારી છે.."

"એની મને કશી ખબર નથી પણ મારા ભાઈ-ભાભી આવશે ત્યારે બધી વાત કરશે એવું એમણે પત્રમાં જણાવ્યું છે...."

ત્રેવીસ-એક વર્ષની ઉંમરના વિરલનો મોટો ભાઈ નરેશ ઘણાં વર્ષો પહેલાં પરદેશમાં કમાવા ચાલ્યો ગયો હતો.... અઢળક નાણાં કમાયો હતો.... એ વખતે એના મિત્રએ ત્યાં બોલાવી લીધો હતો અને સ્થાયી થયા પછી ઈન્ડિયા આવીને શેફાલીની સાથે પરણીને પાછો ગયો હતો ત્યારબાદ લગ્નના બેઝ પર તેની પત્ની શેફાલીને થોડા મહિનાઓ બાદ હવાઈ ટિકીટ મોકલાવીને તેને પણ પરદેશ બોલાવી લીધી હતી.

ચારેક વર્ષ થયા.... શેફાલી એક પુત્રની મા પણ બની ચુકી હતી.... પણ એને કોઈ પ્રથમ નજરે જુએ તો શેફાલીને કુંવારી સમજે એવું એનું શરીર શૈષ્ઠ અકબંધ રહ્યું હતું.

પત્રમાં જણાવેલ તારીખે નરેશ એની પત્ની શેફાલીની સાથે ઈન્ડિયા આવી પહોંચ્યો.... બંને એક મહિના માટે આવ્યા હતા.....ભાઈ-ભાભીનું આગમન થતાં સૌથી વધારે ખુશ વિરલ થયો હતો.... કેમ કે આ વખતે એનું પરદેશમાં જવાનું નક્કી થવાનું હતું.... નરેશે પત્રમાં જણાવ્યું હતું કે વિરલને કેવી રીતે પરદેશમાં બોલાવવો એ ગુપ્ત વાત ઈન્ડિયા આવીને જ જણાવીશ.... જેથી વિરલ આ ગુપ્ત વાત જાણવા માટે ઉતાવળો બનતો જતો હતો.

અઠવાડિયા બાદ રાત્રિના સમયે જ્યારે સગાંવહાલાઓ નરેશ-શેફાલીને મળીને રવાના થઈ ગયા ત્યારે નિરાંતના સમયે નરેશે તેના મા-બાપ અને શેફાલી-વિરલની હાજરીમાં વાત છેડી.... આમ તો વાતવાતમાં વિરલે વાતનું મૂળ ઊભું કર્યુ હતું.

"મોટાભાઈ - તમે મને પરદેશ બોલાવી લેવાનું કહેતા હતા તે કયા બેઝ ઉપર મને બોલાવવાના છો ? કોઈ સ્પોન્સર મળ્યો છે કે પછી....?"

"સ્પોન્સર તો કોઈ મળ્યો નથી....પણ આઈડિયા મળ્યો છે....."

"આઈડિયા..... કેવો આઈડિયા....? શું તમે ગેરકાયદેસર રીતે પરદેશમાં લઈ જવાના છો ?"

"ના - કાયદેસર તને લઈ જવાનો આઈડિયા ઘડ્યો છે....."

હજુ કોઈની સમજમાં આવતું નહોતું કે નરેશ શું કહેવા માંગે છે અને નરેશ આઈડિયા કહેતો નહોતો.... જ્યારે સાસુ સસરા અને દિયરને ગરીબડાની માફક બની ગયેલા જોયા ત્યારે શેફાલી મનોમન હસી રહી હતી..... એટલે અકળાયેલા વિરલે શેફાલીને પૂછ્યું : "ભાભી.... તમે જ કહો ને? તમે પણ આઈડિયા જાણતા હશો....."

"એ તો તમારા ભાઈ જ કહેશે....."

"હા - તે હું જ કહું છું" અને નરેશે આઈડિયા કહ્યો : "જુઓ મને મારા મિત્રએ સ્પોન્શર કર્યો હતો ત્યારે બધું ચાલતું હતું.... હવે કોઈ સ્પોન્શર કરતા નથી...." પછી નરેશે વિરલને કહ્યું : "જો.... તારી ભાભી શેફાલી સાથે મેં લગ્ન કર્યા કે થોડા જ મહિનામાં એને મારી પાસે બોલાવી લેવાય.... એટલે બીજા કોઈ માર્ગ કરતાં લગ્ન કરવા એ જ એક ઉત્તમ માર્ગ છે.... એટલે તારે લગ્ન કરવા પડશે..... સમજ્યો હવે - ?"

"પણ મોટાભાઈ.... તમે પરદેશ રહો છો એટલે શેફાલી ભાભી સાથે લગ્ન કર્યા પછી એમને પરદેશ બોલાવી શક્યા.... હું તો અહીંની કોઈ છોકરી સાથે લગ્ન કરૂં તો કંઈ થોડો પરદેશ જવાનો છું.... મને પરદેશમાં રહેતી કોઈ છોકરી સાથે પરણાવો તો એ વાત બને....બાકી તો"

"તે એમાં નિરાશ શું કામ થાવ છો ?" શેફાલીએ મજાકમાં કહ્યું અને ઉમેર્યુ "તમારા ભાઈ તમને પરદેશ રહેતી છોકરી સાથે જ લગ્ન કરાવશે અને ત્યારબાદ એ છોકરી તમને પરદેશ લઈ જશે...."

"અરે ભાભી.... તમે તો એ રીતે વાત કરો છો કે જાણે છોકરીનું

મારી સાથે લગ્ન નક્કી કરીને આવ્યા હોય અને અત્યારે પરણીને જશે.... પછી મને..... મને તો કાંઈ સમજાતું નથી.”

મા-બાપ અને ભાઈને વિમાસણમાં મૂકી દીધા પછી હવે કહી જ દેવું પડશે એવું લાગતાં નરેશે વાતનો ફોડ પાડ્યો..... ત્યારે શેફાલી કંઈ કામથી ઘરની બહાર ગઈ હતી.... એટલે નરેશે વાત કહી દીધી....

“મમ્મી - ડેડી..... સાંભળો.... જો વિરલ..... તારે પરદેશમાં આવવું જ છે પછી કંઈક તો કરવું જ પડશે.... અમે નક્કી કરીને જ આવ્યા છીએ.... પરદેશમાં જો કોઈ યુવાન રહેતો હોય તો તેની પત્નીને સ્પોન્સર કરી શકે છે..... કોઈ યુવતી કહેતી હોય તો તેના પતિને સ્પોન્સર કરી શકે છે.... બસ..... માત્ર લગ્નનું રજિસ્ટ્રેશન, પુરાવારૂપે વિડિયો કે પછી લગ્નવિધિ વખતના ફોટોગ્રાફ્સની જરૂર પડે..... એટલે વિરલ માટે આ માર્ગ જ છે પરદેશ આવવાનો -”

“પણ બેટા.... તું ક્યારનોય લગ્ન - લગ્નની વાતો કરે છે પણ એક તો છોકરી જોઈએ.... અને એ છોકરી પરદેશમાં રહેતી હોવી જોઈએ.... વળી એ વિરલ સાથે પરણવા તૈયાર હોય.... બધું બરાબર હોય તો શક્ય બને.... બાકી છોકરી આપણને કે વિરલને પસંદ ના પડે અને પરાણે લગ્ન કરાવી દઈએ એ ના ચાલે.....”

“તમે સમજતા જ નથી.... પરદેશમાં કમાણી કરવા જવું હોય તો પોતાનાથી પણ મોટી ઉંમરની છોકરી (મહિલા) સાથે પરણવું પડે.... મારો એક મિત્ર છે..... બિચારાને પરદેશમાં જવું જ હતું તે હદ ઉપરાંતની જાડી અને બેડોળ શરીર ધરાવતી છોકરી સાથે પરણી ગયો હતો..... ઉંમર પણ એ છોકરીની વધુ હતી પણ શું કરે...? અત્યારે એય તે લીલાલહેર કરે છે.... એટલે પરદેશમાં જવું હોય તો થોડું ઘણું સહન કરી લેવું પડે....”

“પણ બેટા.... ચાલ તારી વાત માની લઈએ..... તો પણ પરદેશમાં રહેતી છોકરી તો તેં જોઈ હશે ને....?”

“છોકરી -?..... એને તો તમેય જોઈ છે.... વિરલે જોઈ છે અને વળી એ છોકરી મારી સાથે કેટલાય વર્ષોથી રહે છે....”

“છોકરી તારી સાથે રહેતી હોય તો તે અમને શું વાંધો હોય.... અને તું કંઈ થોડો તારા ભાઈને લાકડે માકડું બટકાડવાનો છે.... પણ એ તો કહે.... એ છોકરી કોણ છે....? અહીં ક્યાંની વતની છે....?”

“એનો ફોટો છે મારી પાસે.....” નરેશે એક ફોટો બતાવ્યો કે વિરલ બોલી ઉઠ્યો: “અરે આ તો શેફાલી ભાભી જેવી જ છે...”

“હા - આ શેફાલી જેવી નથી પણ શેફાલી જ છે.....”

“એટલે.... તમે કહેવા શું માંગો છો....?”

“હું એમ કહેવા માંગુ છું કે લગ્નનું રજીસ્ટ્રેશન અને લગ્નના ફોટોગ્રાફ્સ માટે શેફાલી સાથે વિરલના લગ્ન ગોઠવીએ..... શેફાલી પરદેશમાં રહે છે એટલે પછી આ પુરાવા આધારે તેને સ્પોન્સર કરી શકે -”

“મતલબ કે હું મારી ભાભી સાથે પરણું?”

“તો એમાં શું? તારે તો માત્ર દેખાવ પુરતા જ આ બધું કરવાનું છે.... શેફાલી તારી પત્ની બની જતી નથી... એ હંમેશાં તારી ભાભી જ રહેશે પણ કાગળ ઉપર જ એ તારી પત્ની કહેવાય....”

“પણ બેટા.... આ તો સારૂં ના કહેવાય.... અને શેફાલી શું વિચારશે?”

“મેં એની સાથે વાત કરી લીધી છે અને એ સંમત થઈ ત્યાર પછી તો હું આ વાત કરૂં છું.”

એટલામાં શેફાલી આવી જતાં અને વાત પુરી થવા આવી હોવાના અનુમાન સાથે શેફાલી પણ બોલી ઉઠી :

“હા બા..... વિરલભાઈ સાથે લગ્ન કરવા હું તૈયાર છું એમાં મને કશોય વાંધો નથી.... વિરલભાઈ મારા દિયર છે અને એમના ભાવિ માટે હું બનતી તમામ મદદ કરવા તૈયાર છું....”

મને-કમને પણ વિરલ અને તેના મા-બાપ આ ઠાલી અમથાના લગ્ન

કરવા સંમત થઈ ગયા.

એક મંદિરની વાડીમાં સોહાગણનાં કપડાંમાં સજ્જ શેફાલી અને સુટ-બુટમાં સજ્જ થયેલા વિરલ સંકોચાતાં પણ ભાભી શેફાલી સાથે પરણવા માટે ઉભો થયો..... એકબીજાને ફુલહાર કરવા લાગ્યા.... તે દરમિયાન પરદેશથી લાવેલા કેમેરાથી ખુદ શેફાલીના પતિ નરેશે પોતાની પત્નીને પોતાના ભાઈ સાથેના લગ્નના ફોટા પાડવા લાગ્યો.... મંદિરના પુજારીની સાક્ષીમાં સહી લીધી.... લગ્ન સમારંભ પુરો થયો ત્યારબાદ થોડા સમય પછી નરેશ શેફાલીને ઈન્ડિયા મુકીને પોતે પરદેશ ચાલ્યો ગયો....

જો કે નરેશ રવાના થયો ત્યારે શેફાલીને મનમાં થોડું ખટક્યું હતું.... પરંતુ જ્યારે નરેશે પરદેશમાં ગયા પછી તેને ત્યાં બોલાવી નહિં કે કોઈ જાણ કરી નહીં ત્યારે શેફાલીને શક જવા લાગ્યો.... અને જ્યારે સમય વિતતાં તેના સાસુ-સસરાએ એને કોષવા લાગી.... આરામમાં રહેલી શેફાલીને સાસુ-સસરાની કચકચ અને તેમના ઘરનો ઢસડબોજ અણગમવા લાગ્યો..... વાતવાતમાં ચિડીયો સ્વભાવ બની ગયેલ.... અધૂરામાં પુરૂં વિરલે તો માત્ર નાટકના એક ભાગરૂપે શેફાલી સાથે લગ્ન કર્યા હતા જેથી તેની પરદેશ જવાની લાલચ સંતોષી શકે..... પરંતુ મોટાભાઈ નરેશના ગયા પછી વિરલે શેફાલી પર હક્ક ભોગવવાના પ્રયાસો કરવા લાગ્યો.... તેના વર્તનમાં પણ એનાથી ફેરફાર થવા લાગ્યો હતો જેથી શેફાલી એનાથી ગભરાવા લાગી હતી..... માનભંગ તો કરવાનો વિરલે ક્યારનો ય પ્રારંભ કરી દીધો હતો પણ ક્યાંક એ પોતે શેફાલીને પરણ્યો હોવાનો દાવો કરીને ક્યાંક શીયળભંગ કરી બેસે તો તો.... શેફાલીને ઝેર ખાવાનો વારો આવે....

દિયરને પરદેશ સાથે લઈ જવા માટે પતિની આજ્ઞાથી શેફાલીએ વિરલની પત્નીબનવાનો રોલ ભજવ્યો હતો પણ એની ગેરસમજ કરે અને આ રીતે શેફાલીની સાથે વર્તણુંક કરે એ શેફાલી ચલાવી લેવા માંગતી નહોતી.... વળી તેનો પતિ નરેશ પણ નાટક ભજવીને પરદેશ ચાલ્યો ગયો....

સાસુ-સસરા અને દિયરની તેજ આંખોથી અને તેમના મહેણાં-ટોણાંથી ત્રસ્ત શેફાલી પોતાનું નંદવાતું જતું જીવન બચાવવા જંગે ચઢી અને પોલીસનો આશરો લીધો..... પોલીસ અધિકારી સમક્ષ જ્યારે દિયરને પરદેશ લઈ જવાના માર્ગમાં સહાયરૂપ બનવા માટે પોતે પતિ નરેશની આજ્ઞાથી વિરલની સાથે પરણી તેની પત્ની બનવાના નાટકની વાત કરી ત્યારે ખુદ પોલીસ અધિકારી ચમકી ઉઠ્યા હતા.

પોલીસે પોલીસનું કામ કર્યું પણ ગેરકાયદેસર રીતે પરદેશમાં ફદિયા કમાવા જવાની લાલચ ધરાવતા આજના યુવાન-યુવતીએ આ કિસ્સા પરથી બોધપાઠ લેવો એ પણ એમની મરજી.... યુવાધનના ધનુષ્યની કમાનને ક્યા માર્ગ તરફ વળાંક આપવી એ યુવાનોએ જોવાનું છે.

## ૮૬. હાર્ટ એટેક-હત્યા અને આત્મહત્યા

સવારના આઠેક વાગ્યા હતા. રાત્રે મોડી સૂઈ ગયેલી સુનયના આજે થોડી મોડી ઉઠી હતી. પ્રાતઃ કર્મ પતાવીને વાળ સૂકવતી એ ફ્લેટની બહાર નીકળી અને સામેના ફ્લેટમાં રહેતી શ્યામાને બૂમો પાડતી ફ્લેટનો દરવાજાનો બેલ દબાવવા લાગી.... ખાસ્સી વાર સુધી બેલ વગાડતી રહી સુનયના.... પણ શ્યામાનો કોઈ જવાબ ન મળ્યો.... સુનયના તેને જગાડવા માટે જોરશોરથી દરવાજો ખટખટાવવા લાગી.

શ્યામા.... ઓ શ્યામા.... ? ઉઠ શ્યામા.... ચાલ આપણને પછી મોડું થશે.... ઓ.... શ્યામા..... કેમ કંઈ બોલતી નથી ? પણ પછી સુનયનાને વિચાર આવ્યો કે શ્યામા તો વહેલી ઉઠવાની ટેવવાળી છે.... કદાચ જાગ્યા પછી ન્હાવા માટે બાથરૂમમાં ગઈ હશે એટલે ક્યાંથી એ અવાજ સાંભળી શકે....?

સુનયના પાછી પોતાના ફ્લેટમાં ગઈ અને તૈયાર થવા લાગી.... શ્યામા અને સુનયના બંને ગાઢ સહેલીઓ હતી. સુનયના તેના પતિ સાથે રહેતી હતી જ્યારે શ્યામાને એના પતિએ છૂટાછેડા આપ્યા હોવાથી એકલી રહેતી હતી. માત્ર એની કામવાળી બીજલીબાઈ મોટા ભાગે શ્યામા સાથે રોકાતી.... જો કે મોડી રાત્રે શ્યામાના ઘરમાંથી વધ્યું ઘટ્યું જમવાનું લઈને બીજલીબાઈ ફ્લેટની પાછળના ભાગે આવેલ ઓરડીમાં જતી રહેતી અને ત્યાં એના બે બાળકો સાથે રહેતી.... સવારમાં વહેલી ઉઠીને તે શ્યામાને ઉઠાડતી.... ઘરનું તમામ કામ બીજલીબાઈ કરતી....

બીજલીબાઈ પહેલાં શ્યામાને ત્યાં એક ઘરઘાટી રહેતો હતો પણ એને કોઈ કારણસર શ્યામાએ તગેડી મૂક્યો હતો.... અને ત્યારબાદ ઘરના કામકાજ માટે સુનયના જ બીજલીબાઈને લઈ આવી હતી.....

સુનયનાનો પતિ વહેલી સવારે ધંધાર્થે વહેલો ઉઠીને રવાના થઈ જતો અને મોડી રાત્રે આવતો.... આ સમય દરમ્યાન સુનયના અને શ્યામા બંને એકબીજાના ફ્લેટમાં સમય પસાર કરતી.... ક્યારેક બજારમાં ખરીદી કરવા બંને સાથે જતી.... નવરાશના સમયે કંટાળાથી છૂટવા માટે ફિલ્મ જોવાનો પણ પ્રોગ્રામ બનાવતી.... આવા મોજશોખ પાછળ ઘણે ભાગે શ્યામા જ પૈસા ખર્ચતી.... પિતાએ શ્યામાને માલામાલ કરી દીધી હતી.... ત્રણ પેઢી સુધી કમાણી ન કરે તો પણ એના ઘરમાં ખૂટે નહિં એટલી મિલકત હતી.... શ્યામા શરૂ શરૂમાં ઘેર બેઠા કંટાળતી હોવાથી એક ખાનગી પેઢીમાં સમય પસાર કરવા નોકરી કરતી હતી પરંતુ એ એના પતિને પસંદ નહોતું.... એનો પતિ વહેમીલો હતો અને શ્યામા તેના શેઠ સાથે આડોસંબંધ ધરાવે છે એવો એનો વહેમ હતો.... કદાચ શ્યામા એ શેઠને બધી મિલકત આપી દેશે તો પોતે ક્યાંયનો નહીં રહે.... અને વળી શ્યામા હતી સ્વચ્છંદી.... પતિને એ ગાંઠતી નહોતી. આ જ બાબતે એક દિવસ બંને પતિ-પત્ની વચ્ચે ઝઘડો થયો અને બંને અલગ થઈ ગયા.... છૂટાછેડા આપ્યા બાદ શ્યામાનો પતિ વિદેશ ચાલ્યો ગયો હતો અને અહીં શ્યામા એકલી રહેવા લાગી હતી....

સ્વતંત્ર બની ચૂકેલી શ્યામાને હવે કોઈ રોક-ટોક કરનારું રહ્યું નહોતું....એટલે ઘણી વખત શ્યામા તેના શેઠ સાથે પોતાના ફ્લેટમાં રાત ગુજારતી જો કે શેઠ દિવસના સમયે શ્યામાને ઘેર આવતા નહિં એ દરમ્યાનમાં જ શ્યામાનો ઘરઘાટીને નોકરીમાંથી કાઢી મૂકવામાં આવ્યો હતો.... કેમ કે એ એક વખત શ્યામાને શેઠની બાંહોમાં જોઈ ગયો હતો અને ત્યારથી એણે શેઠ અને શ્યામાને બ્લેકમેઈલ કરવાનું શરૂ કર્યુ હતું....

સંસ્કારી વિસ્તારમાં રહેતી શ્યામા અને સજ્જન ગણાતા શેઠે શરૂ શરૂમાં તો ઘરઘાટીનું મોઢું બંધ કરવા તેની માગણી સંતોષતા રહ્યા હતા. પરંતુ એક વખત આ ઘરઘાટીએ બ્લેકમેઈલ કરવા ચિઠ્ઠી લખી અને એ ચિઠ્ઠી શ્યામાના હાથમાં આવી ગઈ શ્યામાએ ઘરઘાટીને પોલીસને સોંપી દેવા માટે ધમકી આપી એ જ વખતે ઘરઘાટી ત્યાંથી ફરાર થઈ ગયો હતો.... આ ચિઠ્ઠી શ્યામાએ એની તિજોરીના ખાનામાં મૂકી દીધી હતી....

સવારના નવ વાગ્યા હતા.... સુનયના ચ્હા-નાસ્તો કરીને ફરીથી ફ્લેટની બહાર નીકળી.... તેણે ફરીથી શ્યામાના દરવાજાનો બેલ દબાવ્યો..... અને એવું હતું કે અત્યાર સુધી તો શ્યામા તૈયાર થઈ ગઈ હશે.... બીજલીબાઈ આવી ગઈ હશે.... સુનયનાએ ઘણી વખત સુધી બેલ વગાડ્યો.... બૂમો પાડી.... દરવાજો ખખડાવ્યો.... પણ અંદરથી કોઈ અણસાર આવ્યો નહિં....

આ બીજલીબાઈ પણ ખરી છે.... નહિં આવી હોય ? સુનયના મનોમન વિચારવા લાગી..... પણ શ્યામા અત્યાર સુધી ઉંઘે નહિં..... આટલા બધા ખખડાટમાં એની ઉંઘ પણ ઉડી જાય.... ક્યાંક બહાર તો નહીં રહી હોય પણ બહાર જાય તો બહાર દરવાજાને કેમ લોક માર્યું નહીં હોય? ના....ના.... દરવાજો તો અંદરથી જ બંધ છે.... કદાચ પાછળના દરવાજેથી ?....

સુનયનાએ દરવાજા અને ચોકઠા વચ્ચેની તિરાડમાંથી ફ્લેટમાં જોવાની કોશીષ કરી.... નીચે ક્યાંય કશું દેખાતું નહોતું.... અચાનક સુનયનાની નજર થોડે ઉંચે ગઈ અને સુનયના હબકી ગઈ.... શ્યામાના પગ લટકતા દેખાયા....શ્યામાએ છત પર લટકતા પંખાએ લટકીને આત્મહત્યા તો નહીં કરી હોય ને ?.... અરે.... એને તો હૃદય રોગ હતો.... બે વખત તો હુમલો થયો હતો.... બિચારી શ્યામા.... અચાનક સુનયના ચમકી.... વધુ કાંઈ વિચારવાનો સમય નહોતો.... એણે નજીકના પોલીસ મથકે ફોન કરીને જાણ કરી.... પોલીસ ઈન્સ્પેક્ટર નગાપાલ પોલીસ કુમક સથે આવી પહોંચ્યા.... સુનયનાની હાજરીમા ફ્લેટનો દરવાજો તોડ્યો.... તો અંદર ખરેખર શ્યામાની લાશ પંખાએ લટકતી હતી.... સાડીના છેડાથી એણે ગળે ફાંસો ખાધો હોય તેવું લાગતું હતું.....

ઈન્સ્પેક્ટર નાગપાલે શ્યામાની લાશને નીચે ઉતરાવી આખા ફ્લેટનું નીરીક્ષણ કર્યુ.... તિજોરી ખુલ્લી પડી હતી.... ફ્લેટનો પાછળનો દરવાજો બંધ હતો.... અને બહારથી તાળું મારેલું હતું. શ્યામાની લાશ બેઠક રૂમમાં જ લટકતી હતી.... પણ તેની નીચે સ્ટુલ હોવાને બદલે એકાદ ફૂટ દૂર પડ્યું હતું..... લાશને

પ્રથમ નજરે જોતાં જ ઈન્સ્પેક્ટર નાગપાલને લાગ્યું હતું કે શ્યામાએ જાતે લટકીને આત્મહત્યા કરી નથી... એને લટકાવી દેવામાં આવી છે.... પણ કોણ લટકાવે?.... કોઈ ચોર હોય તો ચોર તિજોરીમાંના રોકડા રૂપિયા.... કિંમતી ઘરેણાં જરૂર ચોરી જાય પણ તિજોરીના ખાનાઓમાં દશેક હજાર જેટલી રોકડ રકમ તથા ઘરેણાં યથાવત પડી રહ્યા હતા....લાશને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપવામાં આવી....

મરનાર શ્યામા ત્રીસેક વર્ષની ઉંમરની હતી અને રહસ્યમય રીતે તેનું મોત નીપજ્યું છે.... એટલે આ આખાયે બનાવની તપાસ એસ.પી.ચૌધરીએ સંભાળી લીધી હતી.... ઘટના સ્થળની સ્થિતિ ઈન્સ્પેક્ટર નાગપાલે વર્ણવી એ પરથી ખુદ એસ.પી.શ્રી ચૌધરી સાહેબે પણ અનુમાન કર્યુ કે શ્યામાએ આત્મહત્યા કરી નથી પણ કોઈકે એને લટકાવી દઈ હત્યા કરી નાખી છે.... તપાસ આગળ વધારતાં પહેલાં શ્યામાની લાશનું પોસ્ટમોર્ટમ રીપોર્ટ આવે એની રાહ જોવી રહી.....

ડૉક્ટરનો પી.એમ. રીપોર્ટ આવ્યો અને એ વાંચીને એસ.પી.ચૌધરી સાહેબ ચમકી ઉઠ્યા. રીપોર્ટમાં લખ્યું હતું કે મરનાર શ્યામાનું મોત હાર્ટ એટેકથી થયું છે અને મોતને ભેટ્યા પછી તેને ગળે સાડીનો છેડો બાંધી લટકાવેલ હતી....

કેસ ગુંચવાડાભર્યો બનવા લાગ્યો.... ફ્લેટમાંથી કંઈ ચોરાયું નથી.... તિજોરી ખુલ્લી છે..... શ્યામાનું મોત હાર્ટ એટેકથી થયું છે તો પછી શ્યામાને ગળે ફાંસો આપી કેમ લટકાવી દીધી હશે? અને એણે આત્મહત્યા કરી હોય તેવી સ્થિતિ કેમ સર્જી હશે?

આ તો નથી આત્મહત્યા કે હત્યા.... તો પછી આમ કરવાનું કારણ શું....?

એસ.પી.ચૌધરી સાહેબે તપાસ વધારી....બીજલીબાઈની તપાસ કરી પરંતુ તે તો એના પિતાની બિમારીની ખબર મળતાં જ તેના બાળકો સાથે વતનમાં ચાલી ગઈ હતી.... જૂનો ઘરઘાટી ઘર માલિકના ઘરમાં ચોરી કરતાં પકડાઈ ગયો હોવાથી તે જેલમાં સજા ભોગવી રહ્યો હતો.... પડોશી સુનયનાબેન પોલીસને જાણ કરી હતી.... અને એને કશી ખબર નહોતી..... સવારે સાડી જેલમાં જવાનું હતું એવું નક્કી કર્યા પછી જ બંને બહેનપણીઓ રાત્રે અગિયારેક વાગ્યે છૂટી પડી હતી.... શ્યામાનો પતિ છૂટાછેડા લઈને વિદેશ ચાલ્યો ગયો હતો.... બાકી રહ્યા શ્યામાના શેઠ.... કદાચ એણે શ્યામાની મિલકત પચાવી પાડવા કે પછી તેને રસ્તામાંથી હટાવવા કાંટો કાઢી નાંખ્યો હોય..... તપાસ કરતાં એ તો એક મહિનાથી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.....

જિંદગીમાં પ્રથમ વખત આવો ગુંચવાડાભર્યો કેસ આવ્યો હતો.... અને આવા કેસનો ભેદ ઉકેલવામાં એસ.પી.ચૌધરી અને ઈન્સ્પેક્ટર નાગપાલને રસ પડ્યો હતો. શ્યામાની પડોશી સુનયનાની પોલીસે ઝીણવટભરી પૂછપરછ આદરી અને શ્યામાનું નજીકનું કોઈ સંબંધી હોય તો બતાવવા જણાવ્યું અને ત્યારે સુનયનાએ પોલીસને જણાવ્યું કે તેનો ભાઈ છે એવું એણે એક વખત અમને કહ્યું હતું. પણ એનો ભાઈ જુગારીઓ હોવાથી શ્યામાએ તેની સાથેના સંબંધ તોડી નાખ્યો હતો.... એનું નામ અનંગ ભંડારી છે. પણ એ ક્યાં રહે છે એની ખબર નથી.....

શ્યામાના ઘરની તમામ ચીજવસ્તુ જોઈ વળ્યા હતા ઈન્સ્પેક્ટર પણ ક્યાંય કોઈ જગ્યાએ અનંગ ભંડારી વિશેની જાણકારી પ્રાપ્ત થઈ નહીં.... આખરે હારી થાકીને બંને ખૂંખાર અધિકારીઓએ આ કેસ પડતો મૂકી એને ફાઈલ કરવાની તૈયારીઓ કરવા માંડી કે એક દિવસ.....

પોતાની ઓફિસમાં બેઠેલા એસ.પી.ચૌધરી અને ઈન્સ્પેક્ટર નાગપાલ બંને કોઈ અન્ય કેસ બાબતમાં ચર્ચા કરતા હતા. ચર્ચામાં ખાસ્સો સમય પસાર થયો કે એમણે બેલ મારીને ચ્હા મંગાવવા ઓર્ડલી પોલીસ કોન્સ્ટેબલને બોલાવ્યો..... પણ તે આવ્યો નહીં. એટલે ખુદ ઈન્સ્પેક્ટર નાગપાલ ચેમ્બરમાંથી બહાર નીકળ્યા ત્યારે એસ.પી.નો ઓર્ડલી સ્ટાફના કેટલાંક માણસો સાથે બેસીને એક છાપું વાંચી રહ્યો હતો.  એ જોઈને નાગપાલ તાડુક્યા.

સાહેબ ક્યારના બેલ મારે છે. સંભળાતું નથી....? શું એટલું બધું વાંચે છે....? જા ચ્હા લઈ આવ....

ઈન્સ્પેક્ટર નાગપાલનો અવાજ સાંભળી બધા ઉભા થઈ ગયા હતા. ઓર્ડલી ચ્હા લેવા માટે જાય તે પહેલાં ઈન્સ્પેક્ટર તેની પાસેનું છાપું મંગાવી લીધું

અને બબડવા લાગ્યા : સરકારે નોકરી આપી છે તે નોકરી કરો ને? મોટો ઓફિસર થવાના કોડ જાગ્યા છે તે.... સમાચાર ફરી ના વંચાય ? બધા હરામી બની ગયા છો....

બોલતા-બબડતા ઈન્સ્પેક્ટર પાછા એસ.પી.ચૌધરી સાહેબની ચેમ્બરમાં ઘૂસ્યા.... એમના હાથમાંનું છાપું એમણે ટેબલ ઉપર નાખ્યું....

શું છે. છાપામાં.... લાવો.... ચ્હા પીધા વિના હવે આગળ કામ નહિં થાય.... એમ કહીને ચૌધરી સાહેબ છાપા ઉપર નજર મારવા લાગ્યા અને અચાનક એમની નજર એક બોક્સ બનાવીને છપાયેલા સમાચાર પર પડી....

બહેનની હત્યા કરનાર ભાઈની આત્મહત્યા સમાચારનું મથાળુ વાંચીને ચમકેલા ચૌધરી આખો સમાચાર વાંચવાની લાલચ જતી ન કરી શક્યા.... તેમના ચહેરા પર ખુશી જણાતી હતી. એમણે સમાચાર વાંચ્યા પછી નાગપાલને કહ્યું.... આપણે શ્યામાવાળો કેસ ફાઈલ કરવાનો નથી. એનો ભેદ ઉકેલાઈ ગયો. જુઓ આ સમાચાર.

શ્યામા પાસે પૈસા માંગવા આવેલા એના ભાઈ અનંગ ભંડારીએ આત્મહત્યા કરી લીધી છે. એણે મરતાં પહેલાં લખેલી ચિઠ્ઠીમાં જણાવ્યું છે કે, એ રાત્રે બાર વાગ્યે પૈસા લેવા માટે એ એની બહેનના ઘેર ગયેલ પરંતુ બંને વચ્ચે જુગાર બાબતે ચર્ચા થતાં અનંગે ચાકુ કાઢ્યું હતું અને એ જોઈને ગભરાઈ ગયેલી શ્યામા હાર્ટ એટેક આવતાં ઢળી પડી હતી.... એ જોઈને ગભરાઈ ગયેલ અનંગે શ્યામા પોલીસને જાણ કરે એ કરતાં એને પતાવી દેવી જોઈએ અને સગા ભાઈએ શ્યામાના ગળે સાડીનો છેડો વીંટીને સ્ટુલ વડે તેને પંખાએ લટકાવી દઈ પાછળના દરવાજે થઈને નાસી છૂટ્યો હતો અને પોતાના હાથે પોતાની બહેનની હત્યા થઈ ગયાનો પસ્તાવો થતાં અનંગ ભંડારીએ ઝેર પીને આત્મહત્યા કરી લીધી છે.

એનો મતલબ એ થયો કે શ્યામા ભંડારીને હાર્ટએટેક આવ્યો ત્યારે એ મૃત્યુ પામી જ હતી પરંતુ એનો ભાઈ એવું સમજ્યો હતો કે શ્યામા બેભાન થઈ ગઈ છે અને ભાનમાં આવતાં પોલીસને જાણ કરશે એવા ડરથી અનંગે મૃત શ્યામાને પંખે લટકાવી દીધી હશે. અને ડરના માર્યા તિજોરીમાંથી પૈસાયે ચોર્યા વગર નાસી છૂટ્યો હશે....

મતલબ આપણે પેલા ઓર્ડલી કોનસ્ટેબલનો આભાર માનવો પડશે.... એમ કહીને બંને અધિકારીઓ ખડખડાટ હસી પડ્યા.....

## ૮૭. સપ્તપદી ફેરાની પાંચમી પ્રતિજ્ઞા....

જયરામને પણ એવું જ હતું.... પોતાનાથી પણ વધૂ સ્વરૂપવાન અને કુળવાન કન્યા તેને મળી હતી.... લગ્ન પહેલાં જયરામ અને જયશ્રીએ એકબીજાની પસંદગીથી લગ્નના બંધનમાં બંધાવવા રાજી થયા હતાં....

ઘર સંસારનું ગાડું ગબડાવવા માટે બે મજબૂત પૈડાંની જરૂર પડે છે અને આ બે પૈડાં એટલે કે પતિ-પત્ની એકબીજાની સમજણથી આ ભવસાગર તરી જાય છે જો આ બંનેમાં કોઈ રાગ ન હોય તો ઘરસંસાર અધવચ્ચે જ ખોટકાઈ પડે છે.

જયરામ અને જયશ્રીએ પરસ્પરની સંમતિથી લગ્નગ્રંથિથી જોડાયા હતા..... પ્રથમ વખત જ્યારે બંનેને એકાંતમાં મુલાકાત કરાવી ત્યારે જરૂરી તમામ પ્રશ્નો અને જવાબો થયા હતા.... અને ત્યારબાદ જ ંબનેના વિવાહ નક્કી થયા હતાં....

જ્યારે જાન જોડીને જયરામ સાસરીમાં પહોંચ્યો ત્યારે ગામના લોકો વરરાજાનો ઠાઠ જોઈને અને વરરાજાના રૂપને મનોમન વિચારતા હતા કે આખી જિંદગીમાં આ જ પહેલું જોડું જોયું. જેમાં વર અને કન્યા પરસ્પર સરખાઈ ધરાવતા હતાં.... બંનેમાં કોઈ પણ વાત કહેવત જેવી ખામી નહોતી....

અને જ્યારે જયશ્રીની સહેલીઓએ જયરામને ગાઈ-ગાઈને ગાળો દીધી ત્યારે ખુદ જયશ્રી પણ શરમાઈને બેવડ વળી ગઈ હતી.... શરમના મારી લજ્જાથી ઝુકી જતી જયશ્રીના મનમાં ઉંડાણમાં શું હતું એની કોઈને ખબર નહોતી..... પરણવા જાણે થનગનતી આ જયશ્રીને એની સહેલીઓએ જ ઉઘડી લીધી જાણે કહેતી ન હોય કે છોરી ચે દાડાનું પૈણ પૈણ કરતી તી.... અને માંડ અને જાણે એને પરણવાનો ચાન્સ મળી ગયો હતો....

જયશ્રીના પિતાએ પૈસા ખર્ચીને ખાસ મ્હાયરૂં બનાવડાવ્યું હતું..... એકની એક વ્હાલ સોઈ દીકરીના લગ્ન એમણે ધામધૂમથી કર્યા હતા. ચોરીના ચાર ફેરા ફરવા માટે મ્હાયરામાં જ્યારે વર અને કન્યાને સુશોભિત ખુરશીઓ પર બેસાડવામાં આવ્યા ત્યારે જાણે કે દેવ સ્વરૂપ લઈ પૃથ્વી પર પધાર્યા હતાં....

કોઈકની નજર ન લાગી જાય એવો ડર રહ્યા કરતો હતો. કન્યાની સહેલી અને વરની સાથે આવેલ અણવરને.... લોકો ટીકી ટીકીને આ વર-કન્યાને જોઈ રહ્યા હતાં....

પુરોહિતો મંત્રો ભણવાની શરૂઆત કરી ત્યારે વર અને કન્યાને આખા શરીરે ઝણઝણાટી પ્રસરી ગઈ હતી. અગ્નિદેવની સાક્ષીએ શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે ચોરીના ચાર ફેરા ફર્યા બાદ પુરોહિતે સપ્તપદીની પ્રતિજ્ઞા લેવડાવી.... આ સપ્તપદીની પ્રતિજ્ઞા બંને પતિ-પત્ની ઘરસંસારમાં માંડવામાં મદદરૂપ થાય તેવી હતી..... પુરોહિતે મ્હાયરાની અંદર નાગરવેલના પાન સાત પાથરી દીધા હતા અને દરેકે દરેક પ્રતિજ્ઞા વખતે એક પછી એક પગલું ભરીને બંને પતિ-પત્ની આ પાન પર ચોખા અને કંકુની ચપટી મૂકતાં હતાં.

એક-બે-ત્રણ અને ચાર પ્રતિજ્ઞા પુરી થઈ એ ચારેચાર પ્રતિજ્ઞા પુરોહિતે જાહેરમાં બોલીને વર-કન્યાને શિખામણ આપી હતી પરંતુ....

પાંચમી પ્રતિજ્ઞા.... પાંચમા પગલે.... પાંચમા પાને.... જ્યારે પ્રતિજ્ઞા વાંચન કરવામાં આવ્યું ત્યારે પુરોહિતે એ પ્રતિજ્ઞા વાંચી સંભળાવી નહિ અને એ પ્રતિજ્ઞા પૈકીની પાંચમી પ્રતિજ્ઞા વરરાજાને પણ વાંચી ન સંભળાવી માત્ર કન્યાને એ પાંચમી પ્રતિજ્ઞા વાંચવા આપી અને કન્યા જયશ્રીએ એ પ્રતિજ્ઞારૂપે પાંચમા પાનને પણ કંકુ-ચોખાથી વધાવ્યું.

એ પાંચમી પ્રતિજ્ઞામાં શું લખ્યું હતું એ ખુદ જયરામને ખબર પડી નહોતી.... બાકીની પ્રતિજ્ઞા એણે કઈ રીતે પૂરી કરી એ પણ એને ખબર પડી નહીં કારણ કે એનું દિલ અને દિમાગ બંને પાંચમી પ્રતિજ્ઞા જાણવાની જિજ્ઞાસામાં અટવાયેલા હતાં....

શાસ્ત્રોક્ત વિધિ પૂરી થતાં બંને વર-કન્યા વડીલોના આશિર્વાદ લેવામાં પડ્યા.... અને પછી તો વિદાયની વેળાં આવતાં જયશ્રી તેની સહેલીઓ અને સંબંધીઓમાં ઘેરાઈ ગઈ.....

જયરામ અકળાઈ ઉઠ્યો હતો.... એણે પોતાની સાથેના અણવર બનેલા એના બનેવીને પૂછી જોવા પ્રયત્ન કર્યો પરંતુ એના બનેવીને પણ આ પ્રતિજ્ઞાની ખબર નહોતી.... જયરામ વધુ અકળાયો.... આખરે એણે વરઘોડિયું કે જેમાં જયશ્રી અને જયરામ એકલા જ  હશે એ વખતે પૂછી લઈશ એવું માનીને તેણે થોડી સાંત્વના મેળવી.....

પરંતુ એની એ આશા પણ ઠગારી નીવડી.... જયશ્રીને વળાવવા આવેલી તેની સહેલીઓ ગાડીમાંથી નીચે ઉતરવાનું નામ લેતી નહોતી..... ગામની ભાગોળ વટાવી જયશ્રી જ્યારે પતિગૃહે પહોંચી ત્યાં સુધી એની સહેલીઓ જયશ્રીને શીખામણ આપવા અને જયશ્રીને હેરાન ન કરવાની પણ શિખામણ આપતી રહી.

જો કે બંનેને આ શિખામણમાં કોઈ જ રસ ન હોય એ રીતે મને-કમને પણ હૂંકાર ભણતા હતા. જયરામના દિમાગમાં માત્ર પેલી અજ્ઞાત પાંચમી પ્રતિજ્ઞા જાણવાની તાલાવેલી હતી અને એ પ્રતિજ્ઞા તેને અસ્વસ્થ કરી મૂક્યો હતો..... જ્યારે જયશ્રી જાણે શા વિચારમાં હતી કે એનું પણ સહેલીઓની વાતોમાં રસ નહોતો.....

જયરામે જોયું હતું કે પુરોહિતે જયશ્રીને એ પાંચમી પ્રતીજ્ઞા વાંચવા આપી અને એ વાંચ્યા પછી જાણે કે જયશ્રી ખુદ અસ્વસ્થ બની ગયેલી જણાઈ હતી..... પણ કદાચ લજ્જાને કારણે એમ થયું હશે એમ જયરામે માન્યું હતું.

પતિગૃહે પધારેલી નવોઢા જયશ્રી વેંત એકનો એક ઘૂંઘટ તાણીને બેઠી હતી અને તેનું ઘૂંઘટમાં છુપાયેલ મુખડુ જોવા કેટલીક વડીલ મહિલાઓ લાંચરૂપે પૈસા આપતી..... જો કે એવો રિવાજ હતો..... જયશ્રીના મુખડાને જોયા પછી મહિલાઓ ઉદ્દગાર કાઢતી..... ભગવાને આનું રૂપ ઘડ્યા પછી જાણે હાથ ધોઈ નાંખ્યા હતાં.....

સાંજ ઢળી ગઈ હતી.... રાતનું જમવાનું પુરૂં થયા વર-કન્યા માટે એક અલાયદો ઓરડો ફાળવવામાં આવ્યો ઢોલીયો ઢાળવામાં આવ્યો..... ગુલાબના

ફૂલોથી ઢોલીયો સજાવવામાં આવ્યો.... આખો ઓરડો જાણે મહેંકી ઉઠ્યો.... ઢોલીયાના એક ખૂણામાં જયશ્રી ઘૂંઘટ તાણીને બેઠી હતી એને એની નણંદ આ ઓરડા સુધી મુકી આવી હતી.

ભાભી....તમે વાટ જોતા રહો.... હમણાં જયરામભાઈ આવશે....કહેતીકને ખડખડાટ હસતી બહાર નીકળી ગઈ કે જયરામ ઓરડામાં પ્રવેશ્યો.....

અત્યાર સુધી તો પોતાના મિત્રો સાથે ગપ્પાં મારી રહ્યો હતો આડા અવળા પ્રશ્નો કરીને પણ એણે સપ્તપદીના પાંચમા પદની પ્રતીજ્ઞા જાણવાની કોશિષ કરી હતી પરંતુ એમાં એ નિષ્ફળ ગયો હતો અને આખરે એ જિજ્ઞાસાવૃતિને સંતોષી શકાય એવી ઘડી આવી પહોંચી હતી..... ચાલ હવે તો ખુદ તેની પત્ની જયશ્રીને જ પૂછી લેવાશે.....

ઓરડાનો દરવાજો એણે બંધ કર્યો અને અંદરથી સ્ટોપર મારી દીધી.....ઓરડામાં મદહોશી ફેલાવે એવો પ્રકાશ ફેલાયો હતો..... જયરામ સીધો જ ફૂલોથી શણગારેલી સેજ પર પહોંચ્યો..... જયશ્રી થોડી સંકોચાઈ ગઈ.....

હવે.....શરમાવાની જરૂર નથી..... આપણે અગ્નિની સાક્ષીએ લગ્ન કર્યા છે..... કાયદેસરના પતિ-પત્ની બન્યા છીએ..... થોડી ક્ષણો પછી આપણે બંને એક થઈ જઈશું..... એમ કહીને જયરામે જયશ્રીનો ઘૂંઘટ હટાવી દીધો..... રૂપરૂપનો અંબાર જાણે..... જયશ્રી આરસની પૂતળી જેવી લાગી.....જયશ્રીને ઉસ્માભર્યુ આલિંગન આપવા જઈ રહેલો જયરામ એકદમ ડઘાઈ ગયો.... જેવો એ જયશ્રી નજીક પહોંચ્યો કે ફટાક દઈને જયશ્રી ઢોલીયા પરથી ઉભી થઈને ઉતરી ગઈ અને.....

"કેમ ઉભી થઈ ગઈ.....? હવે શાનો ડર લાગે છે....."

"ડર મને લાગે છે.... સમાજના પવિત્ર બંધનનો...."

"એટલે તું કયા બંધનની વાત કરે છે?"

"હું કહું છું.... પહેલાં તમારો જમણો હાથ આગળ ધરો....."

જયરામને કશું સમજાયું નહિ કે જયશ્રી શું કરવા માંગે છે? એણે જમણો હાથ આગળ ધર્યો.

"લે..... આ જમણો હાથ.....ધર્યો.... હવે....?"

અને જયરામના આશ્ચર્ય વચ્ચે જયશ્રીએ પોતે ઓઢેલું જયરામના નામનું પાનેતર ફાડી નાંખ્યું અને એ પાનેતરના ટુકડો જયરામના જમણા હાથે બાંધી દીધું....

આ વિચિત્ર વર્તન જોઈ જયરામ હતપ્રભ બની ગયો.... આ શું કરે છે તું....?તું જાણે છે આ કાપડનો ટુકડો બાંધવાનો અર્થ.....?

હા જાણું છું.... અને એટલે જ મેં હિંમત કરી છે.... તમે મને મારી નાંખો કે કાઢી મૂકો....એનો મને ડર નથી... મને ડર છે પવિત્ર બંધનનો.

અરે પણ આ તો એક બહેન પોતાના ભાઈને રાખડી બાંધે એવું કહેવાય.... તે શા માટે આ કાપડના ટુકડાને મારા હાથે બાંધી દીધો-ક્યાંક તારો હેતુ?

હા જયશ્રી વચ્ચે જ બોલી ઉઠી.... તમે બરાબર સમજ્યા છો.... તમારી અને મારી વચ્ચે ભાઈ-બહેનનો સંબંધ સ્થાપિત કરવા માટે જ મેં તમારા હાથમાં પવિત્ર બંધનની નિશાની બાંધી છે.....

પણ આમ કરવાનું કારણ શું? આપણે તો ચોરીના ચાર ફેરા ફરીને અગ્નિની સાક્ષીએ પતિ-પત્ની બન્યા છીએ અને હવે આ.....

આ..... આપણો સંબંધ અનોખો બની ગયો..... ચાર ફેરા ફર્યા એ બધું તો ઠીક પણ હવે મારો દેહ અભડાવી આપણા પવિત્ર બંધનને કલંક ન લાગે એટલે.....

પણ તો પછી લગ્ન શા માટે કર્યા..... જયરામ થોડું અકળાયો.... પરણ્યાની પહેલી રાતે પત્ની ઝઘડવા તૈયાર નહોતો.... પણ જયશ્રી તો મક્કમતાથી સ્વસ્થતાથી બોલી રહી હતી....

ચોરીના ચાર ફેરા ફર્યા ત્યાં સુધી તો ઠીક હતું..... આજકાલના જુવાન છોકરા-છોકરીઓના પણ આડા અવળાં પડી જતાં હોય છે અને લગ્ન બાદ એ ભૂલો પણ ભુલાઈ જતી હોય છે એટલે મેં પણ એવું માની દીધું હતું..... પરંતુ સપ્તપદીની પ્રતિજ્ઞાએ મને હચમચાવી મૂકી છે....

સપ્તપદીની પ્રતિજ્ઞા સાંભળીને જયરામ એકદમ ઉછળી જ પડ્યો હા-હા..... આ સપ્તપદીની પ્રતિજ્ઞા વિશે જાણવા હું સવારનો અકળાઉં છું.... પહેલી,બીજી,ત્રીજી,ચોથી, છઠ્ઠી અને સાતમી પ્રતિજ્ઞા તો મેં સાંભળેલી પણ પાંચમી પ્રતિજ્ઞા પુરોહિતે માત્ર તને એકલીને જ શા માટે વાંચવા દીધી.... એ પાંચમી પ્રતિજ્ઞા કઈ હતી?

આ પાંચમી પ્રતિજ્ઞાએ જ મને ડરાવી દીધી છે.... હિન્દુ નારી એક ભવમાં બીજો ભવ કરતી નથી.... જેને દેહ સોંપ્યો હોય તેના સિવાય બીજા કોઈ પરપુરૂષને દેહ સોંપતી નથી....

પણ મારે આ ભાષણ સાંભળવું નથી.... માત્ર તું એટલું કહી દે કે એ પાંચમી પ્રતિજ્ઞામાં શું હતું....?

જુઓ સાંભળો.... આમ તો મારે એ પ્રતિજ્ઞા તમને કહી સંભળાવવાની ના હોય..... માત્ર મારે જ એનું પાલન કરવાનું હોય પરંતુ રક્ષા માટે તમારા હાથે હાથે કાપડનો ટુકડો બાંધ્યા પછી તમને કહેવામાં વાંધો નથી.... પુરોહિતે મને જે પાંચમી પ્રતિજ્ઞા વાંચવા આપી હતી એમાં એવું લખ્યું હતું કે,

ઋતુકાળ બાદ સંપૂર્ણ સ્નાન કર્યા પછી પત્નીએ પતિ સાથે આનંદ માણવો જોઈએ અને પોતાના પતિ સિવાય અન્ય કોઈ પરપુરૂષ સાથે દેહસંબંધ બાંધવો ન જોઈએ.....

અને આ પ્રતિજ્ઞાએ મારી લાગણીને જગાવી છે..... જો ઉપરોક્ત પ્રતિજ્ઞાનો અમલ કરવા જાઉં તો હાલમાં તમે મારા માટે પરપુરૂષ ગણાવ..... કેમ કે મેં મારા દેહને અન્ય પુરૂષને સમર્પિત કરી દીધો હતો. એટલે એ પુરૂષ મારો ખરો પતિ ગણાય.... તમારી સાથે હું દગો રમવા માંગતી નથી એટલે જ મેં રાખડી.....

બસ.... બસ..... બસ.... તારી તમામ હકીકત મને સમજાઈ ગઈ છે.... તારી નિખાલસ ભાવનાને હું બિરદાવું છું.... અન્ય કોઈ હોત તો એ પોતાનો ભૂતકાળ પતિ આગળ કોઈ કાળે ખુલ્લો ન કરે જ્યારે તેં તારા ભૂતકાળના પાના મારી આગળ ખુલ્લા કરી દઈને મને ચેતવી દીધો છે.... તે બાંધેલી રાખડીરૂપે આ પાનેતરના ટુકડાની હું મર્યાદા રાખીશ.... તારા દેહનો સ્પર્શ કરવો મારા માટે હરામ બરાબર છે..... એ પાપમાંથી બચાવવા બદલ તારો ઘણો-ઘણો આભાર..... આજે આપણે દુનિયા સમાજને દેખાડવા માટે આ એક જ ઓરડામાં રાત વિતાવીશું પણ તું ઢોલીયા પર સૂઈ જા.... હું નીચે પથારી કરૂં છું..... આગળ કંઈ બોલીશ નહીં.....

આવતી કાલે..... તું તારા રસ્તે અને હું મારા રસ્તે.....

અને એ પછી જે બનવાનું હતું એ બન્યું..... પણ દગો રમવાને બદલે નિખાલસતાથી પોતાના મેલા ભૂતકાળને ખુલ્લો પાડનાર જયશ્રીએ ત્રણ-ત્રણ જિંદગીઓ ખરડાતી બચાવી લીધી.

## ૮૮. વીઝીટીંગ કાર્ડ પર લોહીના ડાઘ

"હેલો..... હેલો..... પોલીસ સ્ટેશન....."

"હા..... કોણ બોલો.....? કોનું કામ છે?....."

"હું કોણ બોલું છું..... એ કરતાં મારે કોનું કામ છે એ અગત્યનું છે..... અને શું કામ છે એ વધારે અગત્યનું છે...."

"અચ્છા.... તો બોલો કોનું કામ છે અને શું કામ છે ?"

"મારે ઈન્સ્પેક્ટર નાગપાલનું કામ છે અને શું કામ છે એ હું એમને જ કહીશ....."

"એક મિનીટ ચાલુ રાખજો.... હું સાહેબને આપું છું ? પોલીસ સ્ટેશન ! ઓફિસરે બાજુની ઓફિસમાં બેઠેલા ઈન્સ્પેક્ટર નાગપાલને ફોન ટ્રાન્સફર કર્યો....."

"હેલો..... ઈન્સ્પેક્ટર નાગપાલ સ્પીકીંગ....."

"હેલો.... નાગપાલ સાહેબ.... અહીં અમારા ગામની સીમમાં એક યુવતીની લાશ પડી છે..... નહેરની બાજુમાં તમે જલદી આવી જાવ..... કેમ કે લાશ પાસે ઘણું બધું લોહી પડેલું છે..... કોઈકે આ યુવતીની હત્યા કરી નાંખી છે....."

"લાશ ક્યાં પડી છે એનું ઠેકાણું ચોક્કસ જણાવો...." ઈન્સ્પેક્ટરે કાગળ પેન લઈને સામેથી જણાવેલું ઠેકાણું નોંધીને પૂછ્યું: "અચ્છા.... તમે કોણ બોલો છો?"

અને સામેથી જવાબ મળ્યો નહિ ફોન કટ કરી દીધો હતો.

ઈન્સ્પેક્ટર નાગપાલ તાબડતોડ પોતાના માણસોને લઈને નનામી ફોન કરનાર ઈસમે બતાવેલ ઠેકાણે પહોંચી ગયા.... ત્યાં ખરેખર એક યુવતીની લાશ પડી હતી લોહીથી લથબથ.

મરનાર યુવતીએ મોરપીંછ કલરની મોંઘીદાટ સાડી અને તેને મેચીંગ બ્લાઉઝ ચણિયો પહેર્યો હતો....પ્રથમ નજરે જ મરનાર યુવતી ખાનદાન ઘરની અને સુખી લાગતી હતી..... એની છાતીમાં ગળા ઉપર અને પેટના ભાગે તીક્ષ્ણ હથિયારના ઘા વાગેલા હતા..... ઈન્સ્પેક્ટર નાગપાલે સ્થળ પર જ ઈન્કવેસ્ટ રીપોર્ટ ભરીને લાશને પી.એમ. માટે મોકલી આપી અને સરકાર તરફે ફરિયાદી બનીને અજાણ્યા હત્યારા વિરૂધ્ધ ખૂનનો ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી.

પોલીસ ઈન્સ્પેક્ટર નાગપાલ માટે ઘણા બધા પ્રશ્નો હતા. મરનાર યુવતી કોણ હતી....ક્યાંની હતી....એનું ખૂન કોણે કર્યું? શા માટે કર્યું....ખૂન કરનારા ક્યાંના હતાં....?

જો કે ઈન્સ્પેક્ટર નાગપાલે ધીરજથી કામ લીધું. યુવતીની લાશ મળી ત્યારે તેની પાસે કોઈ ચીજ પડી નહોતી પરંતુ યુવતીના છાતીના ભાગે બ્લાઉઝના નાનકડા ખીસ્સામાંથી એક વીઝીટીંગ કાર્ડ મળી આવ્યું હતું..... જે કાર્ડ ઈન્સ્પેક્ટરે પોતાની પાસે રાખ્યું હતું. લાશ પી.એમ. માટે મોકલી આપી તે પહેલાં અજાણી લાશ હોવાથી તેના વાલી વારસો અને ઓળખાણ માટે જરૂરી કાર્યવાહી પ્રમાણે ફોટોગ્રાફ પણ લીધા હતાં.....

પી.એમ. રીપોર્ટ હજુ આવ્યો નહોતો એ વખતે ઈન્સ્પેક્ટર નાગપાલ પેલું વીઝીટીંગ કાર્ડ ધારી ધારીને જોતાં હતા. એમાં રેતી-કપચીના વેપારી ખુમાન સંઘવી અને નીચે એમનું સરનામુ તથા ફોન નંબર લખેલો હતો.....

ઈન્સ્પેક્ટર નાગપાલે એ નંબર ઉપર ફોન કર્યો. સામેથી ખુમાન સંઘવી બોલતાં તેમને પોતાની ઓળખાણ આપીને નાગપાલે તાત્કાલિક પોલીસ સ્ટેશને બોલાવ્યા. એકાદ કલાકમાં ખુમાન સંઘવી નાગપાલની સામે બેઠા હતા. થોડી ઔપચારિક વાતચીત બાદ ઈન્સ્પેક્ટર નાગપાલે ખુમાન સંઘવીને તેમનું કાર્ડ બતાવ્યું અને પૂછ્યું.

"આ કાર્ડ તમારૂં છે?"

"હા....કાર્ડ તો મારૂ છે....." વીઝીટીંગ કાર્ડ હાથમાં લેતાં ખુમાન સંઘવીએ હસતાં હસતાં પૂછ્યું ય ખરૂં : "સાહેબ રેતી-કપચી જોઈતી હોય તો ફોન પર જ કહી દેવું હતું ને?.....હું સાથે ટ્રક મંગાવી લેત....."

"ના....ના..... રેતી-કપચી માટે તમને નથી બોલાવ્યા પણ એક ખાસ કામ માટે બોલાવ્યા છે. તમે એક-બે દિવસમાં કોઈ સ્ત્રીને આ વીઝીટીંગ કાર્ડ આપ્યું હોય એવું તમને કાંઈ યાદ આવે છે?.... "

"એવું તો સાહેબ.... યાદ ના હોય.... કેમ કે આવા વીઝીટીંગ કાર્ડ તો મારી પાસે પણ છે અને મારી ગેરહાજરીમાં કદાચ કોઈને મારા માણસે આપ્યું પણ હોય.... " જવાબ સંતોષકારક હતો છતાં ખુમાન સંઘવીએ પૂછ્યુ: "કેમ સાહેબ.....કોઈ પ્રોબ્લેમ છે? કોઈ છોકરીનું લફરૂ છે?"

ઈન્સ્પેક્ટર નાગપાલે કોઈ જવાબ ના આપ્યો પણ ખુમાન સંઘવીના ચહેરા પરના ભાવનો અભ્યાસ કર્યા બાદ ટેબલના ડ્રોઅરમાંથી ફોટાનું આલ્બમ કાઢીને યુવતીના ચહેરો દેખાય એવો એક ફોટો બતાવતાં કહ્યું કે આ યુવતીને તમે ઓળખો છો?

ફોટો જોતાની સાથે જ ખુમાન સંઘવી બોલી ઉઠ્યો "અરે આ તો

ભાવના છે.... હમણાં બે દિવસ પહેલાં જ મને મળવા આવી હતી શું થયું છે એનું....? કદાચ મારૂં કાર્ડ પણ તમને એણે જ આપ્યું હશે....."

"તમારૂં વીઝીટીંગ કાર્ડ મને ભાવનાએ આપ્યું નથી પણ એની પાસેથી મળ્યું છે.... એ આખી વાત હું તમને પછી કહીશ પણ તમે મને એ કહો કે એ ભાવનાને તમે ક્યારથી ઓળખો છો, ક્યાંની છે.... તમારે કેવી રીતના પરિચય થયો....?"

"સાહેબ.... ખરૂં કહું તો શરમ આવે એવું છે. પણ જ્યારે તમે પૂછો છો ત્યારે આખી વાત હું તમને કહું છું.... આ ભાવના એક વિધવા યુવતી છે એના શહેરમાં પાંચેક વર્ષ પહેલાં હું રહેતો હતો એને જ ત્યાં પેઈંગ ગેસ્ટ તરીકે અને ત્યારે ભાવના વીસેક જુવાન યુવતી હતી. ભરજુવાનીમાં વિધવા થઈ હતી એટલે હું એનો પેઈંગ ગેસ્ટ હોવાથી અમારી વચ્ચે મિત્રતા બંધાઈ હતી અને પ્રેમ સંબંધ આડો સંબંધ જે ગણો એ પણ અમારી વચ્ચે એવા ગાઢ સંબંધો હતા.... ત્રણેક વર્ષ હું એની સાથે જ રહ્યો હતો પણ પછી હું પણ મારો સંસાર લઈને બેઠો એટલે હું અહીં મારા વતનમાં રહેવા આવતો રહ્યો....પણ ક્યારેક ક્યારેક આ ભાવના મને મળવા માટે આવતી હતી. આ મારૂં કાર્ડ પણ એની પાસે રહેતું હતું....ભાવના બે દિવસ પહેલાં અહીંથી એક હોટલમાં ઉતરી હતી અને ત્યારે મને એણે ફોન કરીને હોટલમાં બોલાવ્યો હતો. એ વખતે ભાવના સાથે એની ભાણી બીના પણ હતી એને પણ હું સારી રીતે ઓળખતો હતો. આ બીના પણ અઢારેક વર્ષની દેખાવડી જુવાન છોકરી છે.... મને ભાવનાએ જણાવ્યું હતું કે આ બીનાના લગ્ન અહીંના જ એક પૈસાદાર છોકરા સાથે ગોઠવ્યા છે.... બીનાની ગેરહાજરીમાં મને ભાવનાએ જણાવેલું કે બીનાની સાથે લગ્ન કરનાર છોકરાએ પચાસ હજાર રૂપિયા આપવાનું કહ્યું છે..... આ પૈસામાં બીના ઉપરાંત બે જણા ભાગીદાર હતા.... જેઓ પણ મામા-ભાણેજ હતા મનસુખ પટેલ અને અમિત પટેલ...."

આ દરમ્યાન હોટલ પર એ બંને જણા પણ આવ્યા હતા. એમનું નામ-સરનામું પણ મને ખબર છે. ભાવનાની ભાણી બીનાને તેને ખરીદનાર છોકરાને સોંપ્યા બાદ ત્રણેય જણા ભાવના, મનસુખ અને અમિત પચાસ હજાર રૂપિયા લઈને નીકળી ગયા હતા પણ પછી શું થયું એની મને ખબર નથી.... ખુમાન સંઘવીએ વાત પુરી કરતાં કહ્યું.

"પછી શું થયું એ હું કહું એમ કહીને ઈન્સ્પેક્ટર નાગપાલે પોતાની પાસેના બીજા ફોટા બતાવ્યા જેમાં ભાવનાની લાશ હતી." ખુન કોણે કર્યું તેની કોઈને ખબર નહોતી. મને ખબર છે ત્યાં સુધી રૂપિયા પડાવી લેવા ભાવનાનું ખૂન થયું છે. મનસુખ અને અમિત પટેલને ખુમાન ઈન્સ્પેક્ટર નાગપાલને લઈને તેમના ઘરમાં રૂપિયા પચાસ હજાર પડાવી લેવા માટે ભાવનાનું ખૂન થયું છે. ખુમાન અને ઈનસ્પેક્ટર નાગપાલ તેમના ઘરમાંથી રૂપિયા પચાસ હજાર મળી આવતાં પૂછ પરછ કરતાં ખબર પડી કે, ભાવનાની ભાણી તેના પતિના ઘરેથી ફરાર થયેલ ભાવના અને મનસુખ અને અમિત પટેલ ભાગવાની તૈયારીમાં હતાં. અને બંને મામા ભાણેજ ભાવના પાસેથી પૈસા પડાવી લીધા. અને નજીકની સીમમાં ભાવનાની હત્યા કરી ત્યાંજ બિનવારસી છોડીને ચાલ્યા આવ્યા હતા.

આ બંને મામા ભાણેજે  ભાવનાના તમામ ઘરેણાં પણ કાઢી લીધા હતાં. રાતનો સમય હોવાથી ભાવનાના બ્લાઉઝમાંનુ વિઝીટીંગ કાર્ડ તેઓ કાઢી શક્યાં નહતા. અંતે પકડાઈ ગયા. પોલીસે અમિત પટેલના ઘરે તલાશ લેતાં ભાવનાના ઘરેણાં પણ મળી આવ્યા હતા.

ઈન્સ્પેક્ટર નાગપાલે પૈસા અને ખાતર ભાણીને વેચનાર ભાવનાની પાસેથી પૈસા આંચકી લેવા હત્યા કરનાર હત્યારા મામા-ભાણેજની ધરપકડ કરી કોર્ટ હવાલે કરી દીધા.